# રુક્મી રાજાનું પતન અને ઉત્થાન

## ભાગ-૨

દિવ્ય દર્શન પ્રકાશન

• લેખક •

પ્રભાવક પ્રવચનકાર પરમ પૂજ્ય આચાર્ય દેવ

શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

अर्हं नमः

# રુક્મી રાજાનું પતન અને ઉત્થાન

## [ ભાગ બીજો ]

卐


પ્રવચનકાર :

સિદ્ધાંતમહોદધિ કર્મસાહિત્ય પરમ નિષ્ણાત સ્વ.
પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી
મહારાજના પટ્ટાલંકાર પ્રભાવક પ્રવચનકાર વર્ધમાન
તપોનિધિ પ. પૂ. આચાર્યદેવ
શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ


卐


પ્રકાશક :

દિવ્યદર્શન કાર્યાલય
કાળુશીની પોળ, કાલુપુર
અમદાવાદ-૧.

—: પ્રાપ્તિસ્થાન :—

દિવ્યદર્શન કાર્યાલય
કાળુશીની પોળ, કાલુપુર
અમદાવાદ-૧.

*

દિવ્યદર્શન શાસ્ત્રસંગ્રહ
પંકુબાઈ જ્ઞાનમંદિર
એડાવાલી વાસ
શિવગંજ [ રાજસ્થાન ]

*

કુમારપાળ વી. શાહ
૬૮, ગુલાલવાડી
મુંબઇ-૪.

*

જેઠાલાલ ચુનીલાલ ઘીવાલા
૩૫૫, કાલબાદેવી
મુંબઇ-૨.

*

વિ. સં. ૨૦૩૦

પ્રથમ આવૃત્તિ

卐

કિંમત : રૂા. ૫=૦૦

卐

મુદ્રક :
[ ફર્મા ૧ થી ૨૨ સુધી ]
સુરેખ મુદ્રણ
સલાપસ રોડ, અમદાવાદ.

*

[ ફર્મા ૨૩ થી ૩૦ સુધી ]
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ,
નોવેલ્ટી સિનેમાની બાજુમાં
ઘીકાંટા રોડ – અમદાવાદ.

# પ્રસ્તાવના

'રુકૂમી રાજાનું પતન અને ઉત્થાન'ના ભાગ. ૧ ના પ્રકાશન પછી આ ભા. ૨ નું પ્રકાશન કરતાં અમે આનંદ અનુભવીએ છીએ ભા. ૧ નો લાભ લેનાર વાંચકોએ અનેરી શુભ લાગણીઓનો અનુભવ કરેલો, અને જીવનમાં અનેક પ્રકારે માર્ગદર્શન મેળવેલું, જેથી મનની કેટલીય મુંઝવણોનાં સુખદ સમાધાન મળેલાં. હવે આ બીજો ભાગ પ્રકાશિત થાય છે, એ પણ ભવ્ય શુભ લાગણીઓ સાથે એવાં સુંદર માર્ગદર્શન આપનાર હોવાથી ચિત્તને વિશેષ તત્ત્વ–પ્રકાશ, સમાધાન ને સમાધિ આપનારો બનશે એવો અમને વિશ્વાસ છે.

'રુકૂમી રાજાનું પતન અને ઉત્થાન'ના ૧ લા ભાગમાં એ આવેલું કે રુકમી એક રાજપુત્રી લગ્ન પછી તરત વિધવા બનતાં, "યુવાનીના ઉન્માદમાં કુળને કલંક લાગે એવું મારાથી કદાચ કાંઈક અકાર્ય થઈ જાય તો ? એના કરતાં મરવું સારું,' એમ કહી પિતા પાસે ચિતામાં બળી મરવાની માગણી કરે છે. પણ પિતાએ સમજાવી કે 'આ જીવન તો ભરચક સુકૃતો માટેનો એક માત્ર ઉત્તમ અવસર છે. એવા અમૂલ્ય જીવનનો એમ નાશ કરવા જતાં સુકૃતોની તક ખતમ થાય. માટે આત્મહત્યા ઉચિત નથી. બાકી ત્યાગ, તપસ્યા, સંયમ સત્સંગ અને શીલવિરોધી તત્ત્વોથી દૂર રહેવું, ઇત્યાદિ દ્વારા યુવાનીને

અંકુશમાં રાખી શકાય છે. રુક્મી સમજી ગઈ, ને એ રીતે મહાન બ્રહ્મચારિણી બની. પિતા રાજાના મૃત્યુ પર એને પુત્ર ન હોઈ મંત્રીઓએ રુક્મીને એના બ્રહ્મચર્યના પ્રભાવના હિસાબે આગ્રહથી રાજા બનાવી.

હવે રુક્મી સ્ત્રી–રાજાના દરબારમાં એક વાર એનાં બ્રહ્મચર્યની ખ્યાતિ સાંભળી પરદેશી રાજકુમાર એનાં દર્શનાર્થે આવ્યો. પરંતુ રુક્મી કોઈ વખત નહિ ને આ વખતે આ રૂપવાન રાજકુમારને જોતાં મોહી જઈ રાગદૃષ્ટિથી જુએ છે. રાજકુમારે તરત એની વિકારી દૃષ્ટિ જોઈ એના પર અભાવવાળો બની ત્યાંથી ઊઠી ચાલ્યો. એના મનને થયું કે 'અહો ! ધિક્કાર છે મારા રૂપાળા શરીરને કે જેણે આ બિચારી પ્રસિદ્ધ બ્રહ્મચર્યવાળી બાઈને ભૂલાવી ! માટે એનો ત્યાગ કરું; પણ એમ તત્કાલ આત્મહત્યા કરીને નહિ, કિન્તુ વિધિ પૂર્વક સંયમ–તપ–સંલેખના દ્વારા; જેથી મૃત્યુ વખતે સમાધિ રહે, અને જીવનમાં આ શરીરથી શક્ય આત્મહિત–સાધનાનો લાભ ઉઠાવી લેવાય !'

આ વિચાર કરી બીજા રાજ્યમાં જઈ ગુરુની રાહ જોતો ત્યાંના રાજાને ત્યાં મુકામ કરે છે. રાજા પૂછતાં કે 'ક્યાંથી આવો છો ?' એ કહે છે, 'આમ તો દૂર દેશથી, પરંતુ હમણાં એક એવા રાજાના રાજ્યમાંથી કે જે રાજાનું નામ લેતાં ખાવાનું ટળે. માટે નામ જાણવા આગ્રહ ન રાખશો.' રાજાએ અખતરો કરવા ભોજન મંગાવ્યું.

હાથમાં કોળિયો લીધો, ને હવે આગ્રહ કરે છે કે 'એ રાજાનું નામ બોલો. હું જોઉં કે એથી ખાવાનું કેમ ટળે છે.' કુમાર જ્યાં

રુક્મીનું નામ બોલે છે ત્યાં જ એકાએક સિપાઈ દોડતો આવી દુશ્મનનું લશ્કર ઘુસી આવી ઠેઠ રાજમહેલ પાસે આવવાની તૈયારીના સમાચાર આપે છે. ખાવાનું ઠેકાણે પડ્યું ને રાજા ગભરાઈ જઈ ગુપ્ત સુરંગમાં ચાલ્યો ગયો.

રાજકુમારે વ્યભિચારનો પ્રભાવ જોઈ હવે બ્રહ્મચર્યનો પ્રભાવ જોવા માટે ત્યાંથી બહાર નીકળતાં સંકલ્પ કરે છે કે 'મારા બ્રહ્મ-ચર્યનો પ્રભાવ હોય તો દુશ્મનના શસ્ત્ર મને કશું ન કરો.' એ કરીને જ્યાં બહાર નીકળે છે ત્યાં જ શત્રુસુભટો 'મારો મારો' કરતાં શસ્ત્ર ઉગામી સામે આવવા ધસે છે, પણ શસ્ત્ર સાથે સ્તંભિત થઈ જાય છે. આવો બ્રહ્મચર્યનો સાક્ષાત્ પ્રભાવ જોતાં કુમારને દિલમાં એવા શુભ ભાવ ઊછળે છે કે જેથી જ્ઞાનાવરણ કર્મોનો નાશ થતાં એને દિવ્ય અવધિજ્ઞાન પ્રગટ થઈ જાય છે, અને એમાં જે નિહાળે છે એથી એ મૂર્છિત થઈ જાય છે.

હવે આ ભા. ૨ ના પુસ્તકમાં આ કથા આગળ વધે છે. એમાં રુક્મી એક વાર સહેજ પતન પામેલી આગળ પર મહાન ચારિત્ર પાલન છતાં કેવું વિશેષ પતન પામે છે, ને એ પતનનાં દુઃખદ પ્રત્યાઘાત દીર્ઘ કાળ અનુભવ્યા પછી એનું કેવું ઉત્થાન થાય છે, એનો રોચક અને બોધક અધિકાર વર્ણવવામાં આવ્યો છે.

પહેલા ભાગની જેમ આ બીજા ભાગમાં પણ સ્થાને સ્થાને વિષયને વિશદ કરવા માટે તર્ક–દલીલ–દૃષ્ટાન્ત મૂકવામાં આવ્યા છે, પ્રાસંગિક આત્મહિતકર વિષયોની પણ દૃષ્ટાન્ત સાથે ભવ્ય વિચારણા મૂકવામાં આવી છે; દા. ત.–

o શુભ અધ્યવસાયનું બળ કેવા કેવા ગુણ–વિકાસ પર કેવી રીતે વધે ?...o તપ–ક્ષમા–સહિષ્ણુતા વગેરે ગમતા કરવાના સચોટ ૪ ઉપાય. (પૃ. ૧૬)...o ગુણ વિકાસના ૪ અદ્ભુત સાધન (પૃ. ૨૨)...o સુકૃત શુદ્ધિમાં ૪ સાવધાની (પૃ. ૨૯)...o ઉચ્ચ ગુરુભક્તિ એટલે ? (પૃ. ૩૫)...o અસત્ વિચારસરણી બદલવાનાં ૫ સાધન (પૃ. ૪૦)...o વિવિધ પ્રસંગોમાં તત્ત્વવલણ માટે શું શું ચિંતવવું ? (પૃ. ૪૧)...o દિલ ઉત્તમ બનાવવા ૨ ઉપાય : (૧) આત્મા સૌથી વધુ કિંમતી'નો વિચાર (૨) મૈત્રી દયા (પૃ. ૪૫)...o કઈ દૃષ્ટિ તાત્ત્વિક,–જગતના જીવો આપણા ઉપકારી ? કે આપણા અપરાધ પામેલા ? (પૃ. ૫૨)...o ધર્મના લક્ષણમાં મૈત્રી (પૃ. ૫૭ ...o જડની મમતા કેમ છૂટે ? (પૃ. ૬૧)...o નિરાશંસ ભાવના કેવા લાભ વિચારતાં આશંસા છૂટે ? (પૃ. ૬૭).. o ભગવાન ઉપદ્રવાદિ સહવા ચાહીને અનાર્ય દેશમાં ગયા, ત્યાં અનાર્યો ઉપદ્રવ કરી પાપ બાંધે છે, તો એમાં ભગવાન કેમ દોષપાત્ર નહિ ? (પૃ. ૬૯)...o નવ વાડ અને છૂપી વ સનાઓ : **અલ્પ ધનમાં ધન્ય જીવન** (પૃ. ૭૪) ...o **વિકારોથી બચાવનાર ૧૨ ચિંતન** (પૃ. ૮૦)...o ઠગાવામાં દૈવનો નહિ પણ પોતાનો દોષ (પૃ. ૮૮)...o જીવન–ઉપયોગી ૫ તત્ત્વ (પૃ. ૯૮)...o 'સબળાના આશરે નબળો સબળો થાય' : એ સૂત્રથી અરિહંતનું શરણુ છે ? (પૃ. ૧૦૦)...o ગુણો પર મદાર (પૃ. ૧૦૩).. o શીલ માટે ભાવના અને માર્ગ (પૃ. ૧૧૦) ...o કુશીલથી બચવા ૬ ઉપાય (પૃ. ૧૧૩)...o સંસાર વિષમય–વિષમ–વિચિત્ર : મિશ્રકર્મ–કર્મહેતુ–કર્મવિપાકઃ સુખનો માર્ગ

(પૃ. ૧૨૫)...૦ વિરતાભરી ૮ દિયાગણ્ણા (પૃ. ૧૨૯)...૦ ચારિત્ર ન લેવાના ૭ બહાનાં :–૧. સંયોગો નથી, ૨. ઉંમર મોટી, ૩ મન નબળું, ૪. શક્તિ નથી, ૫. શરીર ચાલતું નથી, ૬. જ્યોતિષી ના કહે છે, ૭. વીર્યોલ્લાસ–ભાવના–હોંશ નથી થતી.'–**આવાં આવાં બહાનાનાં તર્કયુક્ત સમાધાન** (પૃ. ૧૩૫)...૦ ધર્મ–આકર્ષણના ૫ ઉપાય : શાસ્ત્ર ચક્ષુવત્ પ્રમાણ આદિ (પૃ ૧૫૦)...૦ જિનવચન વિરુદ્ધમત્તું નહિ (પૃ. ૧૬૧)...૦ મૌનના ગજબ લાભ : સારું બોલવાના લાભ (પૃ. ૧૬૫ તથા ૧૮૮)...૦ વ્યર્થ બોલવાની આતુરતા કેમ અટકે ? (પૃ. ૧૭૦)...૦ આત્મોન્નતિ અને ઉચ્ચ તત્ત્વબોધનો પાયો સ્વ–પર અહિંસા (પૃ. ૧૭૫)...૦ ભવાભિનંદી જીવ (પૃ. ૧૭૯)... ૦ જૈનપણાનો વિવેક (પૃ. ૧૮૫)...૦ સાધના ઘોર–વીર–ઉગ્ર–કષ્ટમય એટલે ? (પૃ. ૧૯૭)...૦ કર્મનો પ્રદેશોદય : પુરુષાર્થનો વિજય : સમ્યક્ત્વ પરીક્ષા (પૃ. ૨૦૩)...૦ ક્ષુદ્રતાથી ઉપકારીનો દ્રોહ: સંજ્ઞાઓ (પૃ. ૨૧૨)...૦ **પાપશલ્યોના ઉદ્ધાર માટે અમૂલ્ય વિચારણા** (પૃ. ૨૨૫–૩૦૭) ...૦ આપમતિનો કરુણ અંજામ (પૃ. ૨૩૪)... ૦ ગોશાળાને પ્રભુએ કેમ ન બચાવ્યો ? (પૃ. ૨૩૭)...૦ આલોચનાના લાભ (પૃ. ૨૪૧)...૦ માયા ભવોની માતા (પૃ. ૨૪૬)... ૦ જાતનું માપ કાઢનારા પ્રશ્નો : બીજાના સદ્ભાવ પમાડનાર ઉપાયો (પૃ. ૨૪૮)...૦ ધર્મીને કષ્ટ કેમ ? (પૃ. ૨૫૮)...૦ પાપશલ્ય–માયાશલ્યની ખરાબી (પૃ. ૨૬૦)...૦ કયા પાપમાં દિલને ડંખ નહિ ? (પૃ ૨૬૫)...૦ વક્રનો અંતકાળ ભારે (પૃ. ૨૬૮)...૦ પુણ્ય અને ધર્મનું મહત્ત્વ (પૃ. ૨૭૩)...૦ ભવાંતરે ચારિત્ર કેમ મળે ? :

મોક્ષની પૂર્વભૂમિકા (પૃ. ૨૭.)...૦ ધર્મક્રિયા છતાં આત્મ-ઓજસ, ગુણ મમત્વ ને ધર્મરસ કેમ નહિ? (પૃ. ૨૮૦)...૦ માનાકાંક્ષાથી શાસ્ત્ર વાંચનાદિ વધારનારો એ સાક્ષર નહિ પણ રાક્ષસ બને છે. (પૃ. ૨૮૫)...૦ આધુનિક વિકાસવાદનું તૂત ને પૂર્વના સાચા વિકાસ (પૃ. ૨૯૩)...૦ ચક્રીમુનિની સાધનાઓ (પૃ. ૩૦૧)...૦ માન-કષાયથી સાધના કેમ રદ? (પૃ. ૩૦૬)...૦ ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કેમ મટે? (પૃ. ૩૧૬)...૦ મૈત્રી લાલસાથી બચવા ચિંતન (પૃ. ૩૧૬)...૦ અનુકંપાના લાભ (પૃ. ૩૨૯)...૦ સદ્બુદ્ધિના ઉપાય (પૃ. ૩૩૨)...૦ આજના ખૂન-ચોરીનું મૂળ...૦ બખાળાને બદલે કર્તવ્યઃ પ્રાર્થનાનો પ્રભાવ...૦ સંસાર કેવો? (પૃ ૩૬૨)...૦ રુકમી અંતે ગોવિંદ પત્ની બ્રાહ્મણીનું અદ્‌ભુત વક્તવ્ય (પૃ. ૩૮૩)...૦ ધર્મ કેમ સગો-સ્નેહી,-શાંતિ-તુષ્ટિ-પુષ્ટિ-બલદાયી?...૦ નવકારભક્ત મિંયો (પૃ ૩૯૧)...૦ ધર્મશ્રદ્ધા કેમ થાય? (પૃ. ૪૦૦)...૦ ધર્મ-અવસર દુર્લભ (પૃ ૪૧૧)...૦ પ્રમાદ ટાળવા ૧૧ કર્તવ્ય (પૃ. ૪૨૦)...૦ દુષ્કર મહાવ્રત, (પૃ. ૪૩૧)... ૦ સત્શ્રવણની અસર ૧૦ કારણે નહિ (પૃ. ૪૫૨)...૦ ઇતર દર્શનોમાં શી ખામી? (પૃ. ૪૫૯)...૦ પુત્રોને ઉપદેશ (પૃ. ૪૬૨) ...૦ આત્મબળનાં ૩ કર્તવ્ય (પૃ. ૪૬૭)...૦ વૈરાગ્ય થતાં જ કેમ ચારિત્ર? (પૃ ૪૭૨)...૦ રુકમી-બ્રાહ્મણીની દીક્ષા-મોક્ષ : સ્ત્રીશક્તિ તારે યા મારે. (પૃ. ૪૭૬)

આ વિવિધ વિષયોને સ્પષ્ટ કરવા અનેક દૃષ્ટાન્તો પણ આ ગ્રન્થમાં આપવામાં આવ્યા છે, જેવા કે ચન્દનબાળા, ૧૫૦૦ તાપસ, સમરાદિત્ય, મરુભૂતિ, ધર્મરુચિ અણગાર, મેઘકુમાર, ધન્નો, મહાબળ,

શાલિભદ્ર, અજિતસેન, શાલ-મહાશાલ, પ્રસન્નચંદ્ર, નાગકેતુ, મહાવીર, ચિતારાની પુત્રી, ચિતારાનો પુત્ર, બ્રાહ્મી-સુંદરી, વિધવાપુત્રી, હિટલર, શય્યંભવ, રોહિણિયો ચોર, મરીચિ, નંદીષેણ, અભયકુમાર, ઝાંઝરિયા મુનિ, ભરત સેનાપતિ, સુષેણ, શ્રેણિક વગેરે. આ દૃષ્ટાન્તો સહિત આ વિષયોનું એવું સચોટ નિરૂપણ કરવામાં આવ્યું છે કે એ વિષયો રોજિંદા જીવનમાં ઉપયોગી હોવાથી, એનું વાંચન-મનન રોજના જીવનને જાગ્રતું અને સુયોગ્ય વિચાર-વાણી-વર્તાવ કરતું બનાવી દેવા સમર્થ છે.

આજનું જગત અનેકાનેક પ્રકારની જાલિમ આપદાઓથી પીડાય છે. એને જૈનધર્મનાં કાર્ય સમજાય તો એ માનસિક પીડાથી મુક્ત બને. રુક્મી રાજાની કથા અને એમાંના પ્રાસંગિક વિષયોની વિવેચના જૈનધર્મનાં અનેરા મર્મ સમજાવે છે; તેથી મન પ્રશાંત-પ્રસન્ન-પવિત્ર બને છે, ધૂળમાંથી સોનાની જેમ ખરાબમાંથી કેટલુંય સારું તારવી લેવા સમર્થ બને છે. વિશેષતઃ જીવનમાં સેવાતા કેટલાય દોષોનાં શલ્ય ઊભા રહી ભાવી અનેક દુર્ગતિના પાપિષ્ઠ ભવો ન સર્જે એની ભયાનકતા સમજાવી શલ્યોદ્ધાર કરતા રહેવા અંગે આ કથાગ્રંથ ભવ્ય સમજુતી પ્રેરણા અને માર્ગદર્શન આપે છે.

આશા છે કે ભવ્યાત્માઓ સ્વયં આ ગ્રન્થનું વાંચન-મનન કરી મહાન લાભો ઉઠાવશે, અને બીજાઓને પણ આનાં વાંચન-મનનમાં પ્રેરી લાભના ભાગી બનાવશે.

પ્રાંતે આ ગ્રન્થ પ્રકાશનમાં પ્રુફ શોધન આદિમાં સહાયક બનેલ પૂ. મુનિરાજો શ્રી રાજેન્દ્રવિજયજી મ. તથા પદ્મસેન વિજયજી મહારાજનો આભાર માનીએ છીએ.

કાળુશાની પોળ,
અમદાવાદ —ભરતકુમાર સી. શાહ
વી. સં. ૨૫૦૦, જે. વ. ૫

# રુક્મી રાજાનું પતન–ઉત્થાન ભા. ૨

## વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| શુભ અધ્યવસાયનું બળ કેમ વધે? | ૧ |
| ગુણપક્ષપાત વધવા પર | ૩ |
| ક્ષમા–સહિષ્ણુતા વધવા પર | ૫ |
| તત્ત્વ જિજ્ઞાસાદિ વધવા પર | ૬ |
| ૧૫૦૦ તાપસ | ૭ |
| ધર્મરુચિ અણગાર | ૧૪ |
| તપ-ક્ષમાદિ ગમતા કેમ બને? | ૧૭ |
| ભોગ આપો તો ધર્મ રસ વધે | ૨૧ |
| પૈસા કેમ ખરાબ | ૨૩ |
| ગુણનો જોસ કેમ વધે? | ૨૬ |
| અજિતસેનની ગુણાનુમોદના | ૨૬ |
| શુદ્ધ અનુમોદનામાં શું શું | ૨૯ |
| શાલ–મહાશાલ | ૩૦ |
| ઉચ્ચ ગુરુભક્તિ એટલે ગુરુમાર્ગ–સ્વીકાર | ૩૫ |
| વિચારસરણીનો એક બદલવાના ઉપાય | ૩૯ |
| અધ્યવસાય–શુદ્ધિ માટે તત્ત્વપ્રયોગ | ૪૧ |
| ૦ રાજકુમારને અવધિ જ્ઞાન પછી મૂર્છા | ૪૫ |
| દિલ ઉત્તમના ૨ ઉપાય | ૪૭ |
| (૧) આત્મા સૌથી વધુ કિંમતી | |
| (૨) મૈત્રી–દયા | ૪૮ |
| જીવો આપણા ઉપકારી? કે આપણા અપરાધ પામેલા? | ૫૧ |
| મૈત્રી એમાંથી કઈ દૃષ્ટિ પર? | ૫૪ |
| મૈત્રીનો પ્રભાવ | ૫૮ |
| દયાનું મહત્ત્વ | ૫૯ |
| જડની મમતા ૪ કારણે ખોટી | ૬૧ |
| ૦ દુશ્મન રાજાનો લૂંટનો આદેશ | ૬૩ |
| ૦ કુમાર પાસે શાસન-દેવતા | ૬૫ |
| સાધનાના લાભઃ આશંસા કેમ છૂટે? | ૬૭ |
| સ્વાત્મચિંતા મુખ્ય | ૬૯ |
| ૦ કુમાર મૂર્છારહિત : દીક્ષાઃ સુભટો શાંત | ૭૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| છૂપા કુસંસ્કારોથી સાવધાન | ૭૫ |
| નવ વાડ અલ્પ પરિગ્રહ કેમ ? | ૭૬ |
| શ્રીમંત–મધ્યમને તકેદારી | ૭૯ |
| વિકારોથી બચવા ૧૨ ચિંતન | ૮૧ |
| જીવનસંગ્રામ | ૮૫ |
| ૦ દેવની પુષ્પવૃષ્ટિ : દેવવાણી | ૮૭ |
| લોભમાં અંધાપો | ૮૯ |
| જીવનની કિંમત | ૯૦ |
| જીવન મસ્ત કેમ જીવાય ? | ૯૧ |
| ચિતારાની પુત્રી | ૯૧ |
| ચિતારાનો પુત્ર | ૯૩ |
| ગભીર બનવા મનને ખોટું ન લગાડો | ૯૫ |
| જીવનોપયોગી ૫ તત્ત્વ | ૯૮ |
| દેવદર્શનાદિની ખરી કદર | ૯૯ |
| ચિત્તમાં એક અરિહંત | ૧૦૦ |
| નવી રાણીની આત્મશિક્ષા | ૧૦૩ |
| ચિતારાની પુત્રીના ગુણો | ૧૦૫ |
| આવર્જન ચતુરાઈ–શ્રીમંતાઈ પર નહિ, કિન્તુ ગુણો પર | ૧૦૫ |
| ૦ લૂંટવા આવેલા નમી પડે છે | ૧૦૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૦ દુશ્મન રાજાનું સવિસ્મય આગમન : એમ નગરના રાજાનું | ૧૦૮ |
| શીલ માટે ભાવના ને ઉપાય | ૧૧૨ |
| કુશીલથી બચવા ઉપાય | ૧૧૩ |
| વિધવા દીકરીનું દૃષ્ટાન્ત | ૧૧૫ |
| હિટલરે સ્ત્રીઓનું શું કર્યું? | ૧૨૦ |
| ઉદરશૂળ કે કામશૂળ ? | ૧૨૧ |
| આજે કુશીલનો પ્લેગ | ૧૨૧ |
| શીલની મર્યાદાઓ | ૧૨૨ |
| ૦ કુમાર મહર્ષિ પાસે ઈન્દ્રાદિ અને મહર્ષિ–દેશના | ૧૨૫ |
| મિશ્ર કર્મના ઉદય: કર્મ–કર્મવિપાક–કર્મહેતુ | ૧૨૭ |
| સાચા સુખનો માર્ગ | ૧૨૮ |
| ૦ બંને રાજાની વિરાગભરી ૧૧ વિચારણા | ૧૨૯ |
| ૦ બંનેરાજાની દીક્ષા : દેવવાણી | ૧૩૨ |
| માતાનું કર્તવ્ય | ૧૩૪ |
| ચારિત્ર સામે બહાનાનાં સમાધાન | ૧૩૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧ સંયોગનાં–૨ ઉંમરનાં–૩ મનની નબળાઇનાં–૪ સાધુપણામાં કેમ ફાવે? નાં–૫ અશક્તિનાં–૬ શરીર ન ચાલવાનાં– ૭ જ્યોતિષનાં– ૮ વીર્યોલ્લાસ ન જાગવાનાં– ૯ ભાવના ને હોંશ ન હોવાનાં–બહાનાં અને એ દરેકનાં સમાધાન | ૧૩૫ |
| ૦ દીક્ષિત રાજાઓની દેવો ભક્તિ કરે છે | ૧૪૮ |
| પ્રભુને કેવા આપ્ત માનવા? | ૧૫૦ |
| કુટુંબી અને લોક ખેડૂત જેવા | ૧૫૩ |
| શય્યંભવ-રોહિણિયો | ૧૫૪ |
| ધર્મ-આકર્ષણ: ઉપાયો | ૧૫૫ |
| ૦ કુમાર મહર્ષિનું પૂર્વભવે મૌન: દયા | ૧૫૯ |
| આરાધનાના ૧–૨ અંગથી પણ ઉન્નતિ | ૧૬૦ |
| જિનવચન વિરુદ્ધ મત્તું નહિ? | ૧૬૧ |
| શ્રેણિકે અભયને દીક્ષામાં સંમતિ શું સમજીને આપી? | ૧૬૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| નાનો ય દોષ ભયંકર | ૧૬૪ |
| મૌનના ગજબ લાભ | ૧૬૫ |
| સારું બોલવાથી અશુભ ભાવ દબાય | ૧૬૬ |
| બોલવાની આતુરતા કેમ કેમ અટકે? | ૧૭૦ |
| ૦ કુમાર મહર્ષિને પૂર્વે અગ્નિ-પાણી- સ્ત્રીથી ભારે અલિપ્ત જીવન | ૧૭૩ |
| બોધિ=સમ્યક્ત્વથી માંડી વીતરાગતા સુધીનો જૈન ધર્મ | ૧૭૪ |
| સ્વ-પર અહિંસા | ૧૭૫ |
| સ્વઅહિંસા=વિષય કષાયનો નિગ્રહ, એ મુખ્ય કેમ? | ૧૭૬ |
| ભક્તની જેમ જાગૃતિનો પ્રબંધ? | ૧૭૮ |
| આથર બદલ્યાં, ગધેડાં એનાં એ જ | ૧૭૯ |
| ઇર્ષ્યા રોકવા વિચારણા | ૧૮૧ |
| અભયે દીક્ષા નિંદા ટાળી | ૧૮૨ |
| કુમાર મહર્ષિને સુલભ બોધિમાં કેટલા લાભ? | ૧૮૩ |
| સુખનો અનુભવ, દયાનો નહિ | ૧૮૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ધર્માત્માપણાનું મૂળ | ૧૮૬ |
| મૌન કેટલું જરૂરી ? ઉપાય | ૧૮૮ |
| નિંદક કૂતરાથી ભૂંડો | ૧૯૦ |
| ૦ કુમાર મહર્ષિ રુક્મીના રાજ્યમાં | ૧૯૨ |
| ૦ દેશના : રુક્મી વૈરાગ્ય | ૧૯૩ |
| ક્રોડ પૂર્વના ચારિત્રમાં શું કરે ? | ૧૯૪ |
| ધર્મ વાયદે કેમ ન મૂકાય ? | ૧૯૫ |
| ૦ રુક્મીની દીક્ષા : સાધના | ૧૯૬ |
| સાધના ઘોર–વીર–ઉગ્ર એટલે ? | ૧૯૭ |
| ૦ મહર્ષિની રુક્મીને સલાહ | ૨૦૦ |
| કર્મની વિચિત્રતા : પ્રદેશોદય: નંદીષેણ | ૨૦૨ |
| પુરુષાર્થ વિજય: ઝાંઝરિયા | ૨૦૩ |
| નિમિત્તે પતન: સિનેમા | ૨૦૪ |
| સમ્યક્ત્વ મોંઘું: દયા છે ? | ૨૦૭ |
| રુક્મીનો માયાવી બચાવ | ૨૧૧ |
| ભવાભિ. સંસારનો રસ નથી? | ૨૧૩ |
| માનસંજ્ઞા ભૂંડી: સુષેણ | ૨૧૬ |
| સ્ત્રી સ્વભાવ: વ્યક્તિપર દયા: દોષ પર દ્વેષ | ૨૨૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| શલ્યોદ્ધારની અમૂલ્ય વિચારણા | ૨૨૫ |
| ૦ મહર્ષિની રુક્મીને શિખામણ | ૨૩૧ |
| ૦ રુક્મીનો બચાવ ને મૃત્યુ | ૨૩૩ |
| આપમતિ કેવો ડૂબે ? | ૨૩૪ |
| ગોશાળો પશ્ચાત્તાપ છતાં કેમ ડૂબ્યો ? | ૨૩૬ |
| પ્રભુએ શીતલેશ્યાથી કેમ ન બચાવ્યો ? | ૨૩૭ |
| આલોચના મહાન કર્તવ્ય | ૨૪૦ |
| નિખાલસતાના મહાન લાભ | ૨૪૩ |
| માયા સંસારની માતા | ૨૪૬ |
| જાતનું માપ કાઢવા પ્રશ્નો | ૨૪૮ |
| બીજાનો સદ્ભાવ કેમ ઘટ્યો ? | ૨૪૯ |
| સ્નેહ–સદ્ભાવના ૧૨ ઉપાય | ૨૫૧ |
| કુમાર મહર્ષિના જીવનમાંથી શું શું શીખવાનું ? | ૨૫૫ |
| ૦ રુક્મીને ઉત્કૃષ્ટ સ્ત્રી વેદકર્મ: | ૨૫૬ |
| ગુનો દંડથી સુધરે : કુમારપાળ | ૨૫૮ |
| પાપશલ્ય ખતરનાક | ૨૬૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સત્યને ખોટું માને છતાં મિથ્યાત્વ | ૨૬૩ |
| કયા પાપમાં ડંખ નહિ? | ૨૬૫ |
| સરળતામાં ૩ લાભ | ૨૬૯ |
| ૦ રુક્મી ઊંચે આવી ચક્રવર્તી | ૨૭૨ |
| ધર્મ વિના સુખ નહિ | ૨૭૪ |
| રાગ-દ્વેષ-મોહથી ધર્મ સધાય એ આશંસાવાળો કહેવાય | ૨૭૬ |
| ભવાંતરે ચારિત્ર મળવાનાં લક્ષણ | ૨૭૯ |
| વિષયેચ્છાથી ધર્મબીજ શેકાય | ૨૮૦ |
| કાપનારા ૩: ભાવ જુદા | ૨૮૩ |
| ઊંટું આફનાર સાક્ષર | ૨૮૫ |
| વિકાસ તો પૂર્વ કાળમાં | ૨૮૯ |
| હિંસાના પ્લેગમાં વિકાસ | ૨૯૩ |
| ૦ રુક્મી જીવ ચક્રવર્તીની દીક્ષા | ૨૯૬ |
| ૦ ચક્રી મુનિની ભવ્ય સાધના | ૩૦૦ |
| માનકષાયથી સાધના કેમ રદ | ૩૦૬ |
| સાધુ અને બેનોનો સંબંધ? | ૩૦૮ |
| આજની સ્ત્રીઓના ફતવા | ૩૧૩ |
| પ્રમાદનાં આલંબન | ૩૧૫ |
| રતિ-અરતિ કેમ ટળે? | ૩૧૬ |
| પ્રતિમાજી પર શું વિચારવું? | ૩૨૨ |
| ૦ રુક્મી છેલ્લે બ્રાહ્મણી ગોવિંદપત્ની સૂર્ય-શિવપુત્રી સૂર્યશ્રી | ૩૨૪ |
| જનમતાં જ કેમ માતૃ-વિયોગ? | ૩૨૫ |
| મેલી લાલસાથી બચવા ચિંતન | ૩૨૬ |
| દુકાળઃ ઘોર વિચાર | ૩૨૭ |
| અનુકંપા કેમ લાભદાયી? | ૩૨૯ |
| ભારે કષ્ટમાં સદ્બુદ્ધિ કેમ રહે? | ૩૩૦ |
| દુષ્ટ બુદ્ધિનાં દારૂણ વિપાક | ૩૩૧ |
| સદ્બુદ્ધિ ઘડવાના ઉપાય | ૩૩૨ |
| વિષયોમાં સુખ કેમ નહિ? | ૩૩૫ |
| સૂર્યશિવ ગોવિંદને ત્યાં પુત્રી વેચવા | ,, |
| છોકરા હરામી કેમ થાય છે? | ૩૩૬ |
| ગોવિંદ બ્રાહ્મણને ત્યાં મહિયારી | |
| સુખનો અનુભવ કેમ ખોટો? | |
| ગોવિંદ પુત્ર ચોખા ચોરી ગણિકા સાથે | |
| આજના ખૂન-ચોરીનું મૂળ | |
| બીજાનું મોત કેમ ઈચ્છાય? | |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| આગની શિરજોરી સામે ૨ ઉપાય | |
| અખાળાની કુટેવ ટાળી... પાદરીની પ્રાર્થનાથી સુધારો | ૩૫૧ |
| પ્રાર્થનાની બીજા પર કેમ અસર ? | ૩૫૫ |
| અશુભ પ્રાર્થના કેમ ન ફળે ? | ૩૫૬ |
| અખાળા ન કાઢતાં સ્વામાનો વિચાર કરો ? | ૩૫૯ |
| **અસદ્ બોલથી બ્રાહ્મણીને આઘાત અને મૂર્ચ્છા** | ૩૬૨ |
| વિષયાવેશ–કષાયાવેશ | ૩૬૪ |
| સગાં પોતાનાં છે ? સંસાર કેવો ? | ૩૬૬ |
| શિબિરનો પ્રભાવ | ૩૭૦ |
| નાના બાળે મા-બાપને સુધાર્યો | ૩૭૨ |
| સ્વાર્થ વૃત્તિ આસુરી | ૩૭૭ |
| ગર્ભિણીના પેટમાં કોણ ? | ૩૭૮ |
| **બ્રાહ્મણીનું અદ્ભુત વક્તવ્ય** | |
| ધર્મ સગો–સ્નેહી–ઇષ્ટ–મિષ્ટ પ્રિય | ૩૮૩ |
| ધર્મ શાંતિ–તુષ્ટિ–પુષ્ટિ કર : જીવ દુઃખી કેમ ? | ૩૮૬ |
| ધર્મ જેવું બળ નહિ | ૩૮૯ |
| ધર્મનો પ્રભાવ : નવકાર : મિંયા | ૩૯૧ |
| દિશાવ્રત પર દૃષ્ટાન્ત | ૩૯૪ |
| આરાધનાનું મૂળ સમર્પિતતા | ૩૯૮ |
| ધર્મની શ્રદ્ધા કેમ થાય ? | ૪૦૦ |
| ઈંદ્રનાગ ને વીરપ્રભુ | ૪૦૨ |
| સગાં–સમૃદ્ધિનાં દુઃખદ સ્વરૂપ | ૪૦૩ |
| ધર્મ શાશ્વત | ૪૦૭ |
| ધર્મનો અવસર દુર્લભ | ૪૧૧ |
| ધર્મસામગ્રી મોંઘી | ૪૧૪ |
| પ્રમાદ : કીર્તિધર–રાણી | ૪૧૬ |
| પ્રમાદ ટાળવા ૧૧ કર્તવ્ય | ૪૨૦ |
| દીક્ષા સામે દલીલ : સાધનાઓ | ૪૨૩ |
| વાચાળતા : બેન બોલકણી | ૪૨૯ |
| મહાવ્રત પાલન કેવા દુષ્કર ? | ૪૩૧ |
| **બ્રાહ્મણીનો અંતિમ ઉપદેશ** | ૪૩૫ |
| ત્રસપણાથી માંડી જ્ઞાન–સમકિત વગેરે સુધીની દુર્લભતા | ૪૩૭ |
| અસાર સંસારમાં મોક્ષ– | |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સામગ્રી અપ્રાપ્તના ૩ સુંદર શ્લોક | ૪૪૦ |
| સાહુકાર કે મફત પડાઉ | ૪૪૪ |
| ઉપદેશની અસર કેમ નહિ ? | ૪૪૯ |
| 'સત્ શ્રવણની અસર નહિ' નાં ૧૦ કારણો | ૪૫૨ |
| ગોવિંદ બ્રાહ્મણને અસર | ૪૫૭ |
| ઈતર દર્શનોમાં શું નહિ ? | ૪૫૯ |
| બુદ્ધિ રાગ-દ્વેષથી મુડદાલ | ૪૬૦ |
| ગોવિંદનો પુત્રોને ઉપદેશ | ૪૬૨ |
| તત્ત્વ સ્વીકાર માટે પહેલું જરૂરી તત્ત્વદાતા પર અત્યંત બહુમાન | ૪૬૪ |
| પહેલું કર્તવ્ય જિનવચનની કદર : એથી માર્ગ | ૪૬૬ |
| આત્મબળથી ૩ કાર્ય | ૪૬૭ |
| લોકોને જૈનધર્મ જચ્યો | ૪૬૯ |
| વૈરાગ્ય થતાં જ ચારિત્ર કેમ ? | ૪૭૨ |
| શમાદિ ચારિત્રમાં સારા | ૪૭૪ |
| બ્રાહ્મણી આદિની દીક્ષા ને મોક્ષ | ૪૭૬ |
| સ્ત્રીશક્તિ તારે-મારે | ૪૭૭ |

# રુક્મી રાજાનું પતન અને ઉત્થાન

## (ભાગ-૨)

### પ્રકરણ ૧ : શુભ અધ્યવસાયનું બળ કેમ વધે ?

કુમારને અવધિજ્ઞાન પ્રગટયું છે એટલે એ વાત નક્કી છે કે અધ્યવસાયની ધારા ઊછળેલી. તે વિના કાંઈ તેવો ક્ષયોપશમ થાય નહિ. તો ચાલુ સ્થિતિ કરતાં એમ પ્રબળતા શી રીતે આવી હશે ? અહીં એટલું સમજી લેવા જેવું છે કે સામાન્ય રીતે અધ્યવસાય વિચારણા, લાગણી, ભાવ વગેરે આત્મપરિણામ છે. એ શુભ કોટીના રાખ્યા તો ખરા, પરંતુ એમાં ઉછાળો, પ્રબળતા, વેગ લાવવા માટે ગુણનું જોર વધારવાની જરૂર છે. ગુણ એટલે જે આપણે સમજીએ છીએ તે,

દયા, અહિંસા, સત્ય,

નીતિ-ન્યાયાનુસારિતા, શીલ-બ્રહ્મચર્ય,

ગાંભીર્ય, ઉદારતા, દાન,

દેવગુરુ-ભક્તિ, જિનવચનશ્રદ્ધા, ગુરુ-સમર્પિતતા,

ગુણાનુરાગ, વૈરાગ્ય, તૃપ્તિ, પાપભય, સૌમ્યતા, સહૃદયતા, વિનય, વિવેક, વગેરે વગેરે ગુણ ગણાય.

એમાંના એક પણ ગુણનું જોશ વધારવાથી શુભ અધ્યવસાયનું જોર વધે છે.

**દયા ગુણ વધવા પર,**–દા. ત. અહીં પ્રસ્તુતમાં જ સંભવ છે કે રાજકુમારે તો માત્ર એટલું ઇચ્છયું હતું કે જો 'મનવચન-કાયાએ મારું શુદ્ધ શીલ હોય તો મને આ સુભટોના શસ્ત્રનો ઘા ન લાગો.' પરંતુ અહીં તો એટલું જ ન બન્યું એમ નહિ, પણ ઘા ન લાગવા ઉપરાંત સુભટો આખા ને આખા શિલાની જેમ થંભી ગયા. બિચારા ન હાલી શકે ન ચાલી શકે! કોઈ કે શસ્ત્ર ઊગામવા હાથ ઊંચા કર્યા હશે તે એમ જ રહી ગયા! કુમારે આ સ્થિતિ જોઈ એના અંતરમાં દયાનો ભાવ ઊછળી આવ્યો હોય કે આ બિચારાને આ શું થઈ ગયું! અહીં પોતાને આ મારવા-મારી નાખવા માટે ધસી આવ્યા છે એ વખતે પોતાની કેવી દુઃખમય સ્થિતિ થાય, એનો વિચાર નહિ, ને ઉલ્ટું એ શત્રુઓ ઉપર દયા સહાનુભૂતિ ઊભરાઈ આવવી એ દયાનું જોર અતિશય ગણાય. એમાં ય એ લોકો થંભી જવાથી એમને દુઃખ વધી ગયું. એના અંગે કુમારને દયાભરી લાગણીનું જોસ વધી જવું, એ વળી વિશેષ અતિશયતા ગણાય. બસ આ ગુણોત્કર્ષ સાથે જે શુભ વિચારણા ચાલી કે દા. ત. 'અરે આમને બિચારાને આ સ્થિતિમાં મુકાવું પડ્યું? અને તે પણ મારા નિમિત્તે?' એ વિચારણા આ શુભ અધ્યવસાયની ધારા ઊછળતી કરે એમાં નવાઈ નથી.

દયાની આ તાકાત છે કે એ દયાને જેમ પહોળી બનાવો, સુક્ષ્મ બનાવો, વ્યાપક કરો, પોતાનાં ઘોર કષ્ટને પણ ભૂલીને દયા કરો; તેમાં પણ એ કષ્ટને દેનારા ઉપર

કરો, એ ય પાછી એવી વીકસાવો, એવી વીકસાવો, કે હૈયું ગદ્ગદ અને ભીનું લચબચ થઈ જાય, એય એટલું બધું કે કદાચ આંખમાં આંસુ ઊભરાય; જેમ મહાવીર પ્રભુને ઘોર ઉપસર્ગ કરનાર સંગમ દેવતા પર દયાના આવેગથી આંખ ભીની થઈ ગઈ;–આવું કંઈક થાય તો એ દયાગુણ ખૂબ જોરદાર બન્યો કહેવાય. એના પર શુભ અધ્યવસાયનું જોર વધતું ચાલે.

## ગુણપક્ષપાત વધવા પરઃ-

સંભવ છે કુમારના શુભ અધ્યવસાયનું જોર આ રીતે વધી ગયું હોય; અથવા ગુણાનુરાગ–ગુણપક્ષપાતમાં ઉછાળો આવવાથી પણ એમ બન્યું હોવાનો સંભવ છે. શીલગુણનો જાગતો પ્રભાવ દેખ્યો કે દુશ્મનો થંભી ગયા છે! શસ્ત્રો ઘા કરી શકતા નથી! ત્યાં એ શીલગુણ ઉપર અનુરાગ વધી ગયો હોય. 'વાહ, આવો પ્રભાવક શીલ ગુણ છે! શી શીલની બલિહારી!! અમે બીજા ફાંફા નકામા મારીએ છીએ. આટલા ઊંચા પ્રભાવવંતા શીલગુણ પર કેમ નિર્ભર ન બનીએ? ધન્ય!' એમ શીલગુણનો પ્રેમ–મમતા–આકર્ષણ વધી ગયાં હોય; તેથી શુભ અધ્યવસાયની પ્રબળતા વધી જવાનો સંભવ છે. એ ગુણનો અનુરાગ વધી જવામાં ત્યાં પછી બીજી જડ સામગ્રી, જડનું બળ, અને જડની અનુકુળતાઓ વગેરે તો તુચ્છ અતિ તુચ્છ લાગે. જડ ઉપાયોનો પુરુષાર્થ બેકાર ભાસે.

આમાં એટલું ધ્યાન રાખવાનું કે માત્ર શુદ્ધ ગુણનો જ અનુરાગ અને પક્ષપાત કરવાનો. એમાં મનમાં પોતાની જાતનો ઉત્કર્ષ નહિ લાવવાનો કે 'કેવો મારો સરસ ગુણ !' ના, મ્હારો-બારો કશું નહિ, માત્ર 'ગુણ ચીજ કેવી ઉમદા !' એવો ભાવ થવો જોઈએ. નહિતર ગુણપ્રેમ કરવા જતાં માંહી અભિમાનદોષ ઘુસી જાય. બાકી શુદ્ધ ગુણાનુરાગમાં તો બીજા આરંભ–પરિગ્રહાદિ દોષો પર અભાવ છૂટે, એટલે કે દોષની ઘૃણાનો ગુણ ખીલે.

સ્વકીય ગુણની આ વાત થઈ. એમ પરના ગુણનો અનુરાગ વધી જાય એમાં પણ શુભ અધ્યવસાયની ધારા વધે. એમાં ઉછાળો એ રીતે કે સામાના ગુણ પર પ્રેમ વધતાં એનામાં રહેલી કોઈ બીજી ત્રુટિના લીધે એ વ્યક્તિ પર જે લેશમાત્ર પણ અરુચિ–ઘૃણા થતી હોય તેને શમાવી દે. આ જરૂરી પણ છે. દોષ–દુષ્કૃત્ય પર જ ઘૃણા–તિરસ્કાર જોઇએ, પણ વ્યક્તિ પર નહિ. દોષિત માણસ તો દ્વેષનું નહિ પણ દયાનું પાત્ર છે. ગુણાનુરાગનું જોસ વધતાં વ્યક્તિ પરનો દ્વેષ ચાલી જાય છે.

વળી ગુણાનુરાગ વધતાં પોતાનો ગુણ તુચ્છ લાગે, અર્થાત્ પોતે ય ગુણસંપન્ન હોવા છતાં પોતાની જાત તુચ્છ લાગે. મનને એમ થાય કે 'મારામાં શું છે? આ ભાઈનો કેવો સચોટ ગુણ! આનો ગુણ કેટલો ઉમદા !' એમ પણ ગુણાનુરાગનું જોસ વધે. એના પર શુભ અધ્યવસાયનું જોર વધે.

**ક્ષમા-સહિષ્ણુતા ગુણ વધવા પર :-**

એમ પોતાનામાં સહિષ્ણુતા વધે, ક્ષમા-સમતા વધે, એના ઉપર પણ શુભ અધ્યવસાયની પ્રબળતા વધી શકે. તે એ રીતે કે પોતાને કંઈ વેઠવાનું આવ્યું, ત્યાં મન એટલું કાઠું અને બેપરવા કરી લેવાય કે આ સહવાનું કુછ વિસાતમાં ન લાગે. મનને એમ થાય કે 'આમાં વળી સહવા જેવું છે જ શું? શાનું કષ્ટ? મારે તો આમાં લીલાલહેર છે. કયાં નરકના ત્રાસ? કયાં આ?'

ચૌવિહાર ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમ કર્યો, પણ તરસ જોરદાર લાગી ગઈ, ત્યાં મનમાં જરાય વિકાર ન થવા દે. વિચારે કે 'આમાં શું છે? નરકના જીવ બિચારા આથી અનંત-ગુણી કેવી જાલિમ તૃષા સહે છે! આમાં કયાં મરી જઇએ છીએ? આ તો ખરેખરી તક મળી કે ઉપવાસધર્મ તો છે જ, પણ વધારામાં પરિસહધર્મ આરાધવાનો મળ્યો! અને જડ કાયાપુદ્ગલને કષ્ટ પડે એમાં મારા આત્માને શું? કાયા તો પાડોશી છે, ભાડૂતી છે. કાયા તો સુખશીલતા ભોગવી આત્માના શત્રુની ગરજ સારનારી છે! એ તો કુટાવાને જ લાયક છે. મહાપુરુષોએ એને આથી પણ કેઈ ગુણી કુટી છે. મારા મહાવીર પ્રભુએ એને છ-છ મહિનાના સળંગ ચોવિહાર ઉપવાસમાં તગેડી છે! તો મારો ઉપવાસ કે છઠ્ઠ અઠ્ઠમ શી વિસાતમાં છે? એમા તૃષાની શી તકલીફ કહેવાય?'

ચંદનબાળાએ જે અભિગ્રહ પૂર્યો તે મહાવીર ભગ-વાને શાસ્ત્રીય પોષ વદ એકમે એટલે કે ગુજરાતી માગશર

વદ એકમે શરૂ કરેલો. એ છ મહિનામાં પાંચ દિવસ ઓછે પૂરાયો. હવે મહિના ગણો. માગશરથી પોષ–માહ–ફાગણ –ચૈત્ર–વૈશાખ–જેઠ, એમ જેઠ વદ એકમ લગભગ છ મહિના પૂરા થાય, એમાં પાંચ દિવસ ઓછા એટલે માગશર વદ એકમથી જેઠ સુદ ૧૧ લગભગ ત્યાં સુધી ચોવિહાર ઉપવાસ! આમાં ગરમીના મહિના કેવા આવ્યા? આખો ફાગણ, ચૈત્ર, વૈશાખ ઋતુની ગરમી કેવી પડે? પાછું એમાં મધ્યાહ્ન કાળ પછીની ભિક્ષાનો અભિગ્રહ છે, એટલે એ વખતે કેવા તાપમાં ઘર ઘર ફરવાનું? તે ય ઉપરાપર દહાડાના દહાડા અને મહિનાના મહિના! તરસ કેવી જલદ લાગે! તોય આ સહ્યું ભગવાને, આપણે તો શું સહીએ છીએ? જરાક જરાકમાં આકુળ વ્યાકુળ થઈ જતાં શરમ ન આવે કે "કેવું સહન કરનારા ભગવાનનો સેવક થઈને આ હું શું કરી રહ્યો છું? મારે તો એ નાથને માથે ધર્યા પછી કષ્ટ સહવાનું તો 'કુછ નહિ' માનીને સહવું જોઈએ." બસ, આ અને બીજાં આલંબન પકડી સહિષ્ણુતા ગુણ જેમ વધારાય તેમ શુભ અધ્યવસાય પ્રબળ બનતો જાય.

### તત્વજિજ્ઞાસાદિ વધવા પર:–

એમ તત્ત્વની જિજ્ઞાસા–શુશ્રૂષા–અનુમોદનાનો ગુણ વધારતાં પણ શુભ અધ્યવસાય પ્રબળ બને. સામાન્ય રીતે તત્વની જિજ્ઞાસાદિ હોય એ જુદું, ને એનો જોસ વધારાય એ જુદું. તત્વજિજ્ઞાસા–શુશ્રૂષાગુણ એ રીતે

જોરદાર બનતો કહેવાય કે એની આગળ દુનિયાનું જાણેલું કે જાણવાનું કૂચા લાગે, એટલી બધી તત્વ જાણવા-સાંભળવા-સમજવાની તાલાવેલી જાગે! જીવનનું સાચું કર્તવ્ય જ આ લાગે.

તત્વબોધ વિનાની પોતાની જાત મૂઢ, મૂરખ, ઢોર જેવી ભાસે. 'કયાંથી તત્ત્વ મળે? કેમ હું ઝટ એને પામી જાઉં? એ મળે તો કેવો ન્યાલ થઇ જાઉં!' એવી તાલા-વેલી રહે. તત્વબોધ વિનાની ધર્મકરણી પણ મામુલી લાગે; ત્યાં દુન્યવી સુખ-સંપત્તિના ઢેર તો તુચ્છ દેખાય જ એમાં શી નવાઇ? તત્ત્વની, માર્ગની, માર્ગદાતાની ભારોભાર અનુમોદના થાય. મનને એમ લાગે કે 'અહો આ તત્ત્વ, આ માર્ગ, આ માર્ગદાતા ન મળ્યા હોત તો મારૂં શું થાત? હું અનાથ કેવો રખડી મરત?' આચાર્ય ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી અમથું બોલ્યા હશે, કે 'હા! અણાહા કહં હુંતા, જઈ ણ હુંતો જિણાગમો?' આ જગતમાં તારક જિનાગમ ન હોત તો અનાથ એવા અમારું શું થાત? જિનાગમનો તત્ત્વ બોધ મળ્યા પહેલાની પોતાની અવસ્થા તો એક મહાન દુર્દશારૂપ લાગે. પછી ભલે મોટી રાજ્ય-ઋદ્ધિઓ મળી હોય. એ દુર્દશા પર ઘૃણા થાય, અપરંપાર તિરસ્કાર છૂટે, તોજ બેની તુલનામાં તત્ત્વ-માર્ગ-માર્ગદાતા મળ્યાની ભારોભાર અનુમોદના થાય. એનું બળ વધતાં શુભ અધ્યવસાયની ધારા કૂદકે-ભૂસકે વધે.

**જુઓ પંદરસો તાપસ** ગૌતમ મહારાજ મળ્યા પછી કેવી તત્ત્વની જિજ્ઞાસા-શુશ્રૂષા અને અનુમોદનામાં

વધ્યા ! ઠેઠ કેવલજ્ઞાન સુધી પહોંચાડે એવા શુકલધ્યાનના શુભ અધ્યવસાય સુધી વધી ગયા ને ?

પહેલાં એટલી જ જિજ્ઞાસા હતી કે 'કૈલાસનાથને કૈલાસ–અષ્ટાપદ ઉપર ભેટીએ.' એમાં શ્રી ગૌતમસ્વામી મળ્યા; જિજ્ઞાસા વ્યક્ત કરી; અને ગૌતમ મહારાજને વિનંતિ કરી કે 'અમને ઉપર લઈ ચાલો.'

ગૌતમ મહારાજે સમજાવ્યું કે 'તમારે જીવંત કૈલાસનાથ જોવા છે કે મૂર્તિરૂપે ? ઉપર તો મૂર્તિરૂપે મળશે. બાકી જીવંત જોવાની ઈચ્છા હોય તો ચાલો મારી સાથે બતાવું એમને.'

જીવંત પરમાત્મા જોવા મળતા હોય તો કોણ ન ઈચ્છે ? માત્ર મૂર્તિથી કોણ સંતોષ માને ? તાપસો સીધા સાદા ભદ્રક પ્રકૃતિના, એટલે ઉપરની ઈચ્છા પડતી મૂકી જીવંતને જોવાની ભાવના દેખાડી.

ગૌતમસ્વામીએ કહ્યું. 'પણ તે આવા અજ્ઞાન દેદારે જોવા આવશો ? તત્ત્વવિહોણા જીવને ?' તત્ત્વશુશ્રૂષા વધી.

ગૌતમ મહારાજ સમજાવે છે 'તો આ તો તમારો દેદાર અજ્ઞાનતાભર્યો છે. પહેલું તો તમારે એકેન્દ્રિયાદિ જીવોને મન–વચન–કાયાથી ન મારવા, ન મરાવવા, અને મારનારની ન અનુમોદના કરવી, એવી પ્રતિજ્ઞા ક્યાં છે ? એમ અસત્ય વગેરેના ત્યાગની પ્રતિજ્ઞા ક્યાં છે ? આ સૂકી સેવાળ, સૂકા પાનને તમે તમારો પોતાનો પરિગ્રહ કરી રાખ્યો છે. એટલે તો જ્યારે ફાવે ત્યારે કોઇને પૂછ્યા વિના રજા

વિના પોતાની ચીજની જેમ એનો ભોગવટો કરી રહ્યા છો. આમાં કયાં તત્ત્વ છે તમારી પાસે ? તત્ત્વ તો ત્યારે *પમાય કે પહેલાં આ હિંસાદિ પાપોને જીવનમાંથી મહા-*પ્રતિજ્ઞા સાથે દેશવટો દઈ દો. પહેલું તત્ત્વ આ કે ત્રિવિધ ત્રિવિધે પાપનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ.'

તરત તૈયાર! સર્વવિરતિ સામાયિક ઉચ્ચરી સાધુ-પણું લઈ લીધું, ગૌતમસ્વામીએ એમને એકેન્દ્રિયાદિ જીવોની ઓળખ કરાવી, સામાયિક–મહાવ્રતનો પરિચય આપ્યો. ત્યારે હવે પરમાત્મા તત્ત્વ કેવું હશે એ જાણવા-સાંભળવાની તાલાવેલી જિજ્ઞાસા–શુશ્રૂષા વિશેષ વધી ! મૂળ પાયો સમજાયા વિના તો તત્વજિજ્ઞાસા–શુશ્રૂષા કેટલી હોય ? હજી એકડા–બગડાનું અંકજ્ઞાન ન હોય એને મેટ્રિક અને બી. એ., એમ. એ. ના ગણિતની જિજ્ઞાસા--શુશ્રૂષા શાની થાય ? નજર જ ન પહોંચે ને ? એ તો ઊંચા ક્લાસમાં જાય ત્યારે એની કંઈક કલ્પના આવે. તાપસોને પહેલાં પરમાત્મતત્ત્વની જિજ્ઞાસા ઓછી હતી, પરમાત્માના સામાન્ય નામ પૂરતી. હવે સર્વવિરતિ સામાયિકે પહોંચ્યા ત્યારે કંઈક ખ્યાલમાં આવવા લાગ્યું, વિશેષ સમજાયું, ને પરમાત્મતત્ત્વની સાચી જિજ્ઞાસા–શુશ્રૂષા જાગી, એટલે હવે ખરૂં સમજીને પૂછે છે, 'ત્યારે પરમાત્મા કેવાક હશે ?'

ગૌતમ મહારાજ કહે છે, 'અરે ! એ કાંઈ એમ આપણી સમજમાં આવે ? એ તો કેવળજ્ઞાનથી સમજાય. શબ્દમાં એ શે' ઊતરે ? અને કેવળજ્ઞાન પામવા માટે

વીતરાગ બનવું પડે. હવે આપણે સર્વ સંગના ત્યાગી કહેવાવા છતાં હજી મોક્ષમાર્ગ સાધક આ કાયા અને એની આવશ્યકતાઓના સંગમાં બેઠેલા છીએ. વીતરાગ બનવા માટે તો અંતરથી એ સંગનો પણ ત્યાગ જોઈએ; અસંગદશાએ પહોંચવું પડે. કાયા પર પણ કોઈ લેશમાત્ર રાગ નહિ, તો બીજા પર રાગની તો શી વાત ? એ માટે કોઇ દ્વેષ, હર્ષ, આનંદ, ખેદ-ઉદ્વેગ, વગેરેનો અંશમાત્ર નહિ જોઈએ.

'અભ્યન્તર સમસ્ત ગ્રંથીઓના સંગનો ત્યાગ કરાય ત્યારે વીતરાગ દશા આવે. પછી લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન મળે. એમાં સમસ્ત રૂપી-અરૂપી પદાર્થોના ત્રણે કાળના સઘળાય ભાવો સાક્ષાત્ દેખાય. એટલે અરૂપી નિરંજન નિર્વિકાર પરમાત્માનું સ્વરૂપ ખરેખરૂં સમજી શકે.'

તાપસોના અજ્ઞાન અંધકારને ગૌતમ મહારાજે ઊલેચી નાખ્યો ! પરમાત્મતત્ત્વને પામવા કયાં સુધી જવાનું છે, શું શું કરવાનું છે વગેરેની સમજ આપી, પ્રકાશ કર્યો, તાપસમુનિઓએ એ ઝીલ્યો, એટલે હવે સળગતી સાચી પરમાત્મ-તત્ત્વની જિજ્ઞાસા જાગી. મનને થયું 'અહો ! જે પરમાત્માનું સ્વરૂપ અગમ અગોચર છે, શબ્દથી સમજી શકાય નહિ, અને વીતરાગ સર્વજ્ઞ બન્યા પછી જ અનુભવી શકાય, એ પરમાત્મા કેવાક હશે !'

**ગુરુ છદ્મસ્થ, શિષ્યો કેવળજ્ઞાની !** :—

બસ, જિજ્ઞાસા હવે વધતી ચાલી. સાથે અનુમોદના તો લાગેલી જ છે, કેવા સુંદર લોકોત્તર પરમાત્મા મળશે! પરમાત્મતત્ત્વ ખરેખર કેટલું ઉમદા હાથમાં આવશે! એના તરફ દૃષ્ટિ પડી 'ધન્ય જીવન! ધન્ય તત્ત્વ બતાવનાર ગુરુ!' જિજ્ઞાસા અને અનુમોદના બંને વધતી ચાલી. એ ગુણ વિકસતો રહેવા ઉપર શુભ અધ્યવસાય પ્રબળ પ્રબળતર બનતા ચાલ્યા! એવા કે ક્રમશઃ ચડતાં કાયા સુદ્ધાં પર પણ અનાસકતભાવ ઊભો થઈ ગયો. તે એટલો જોરદાર બની ગયો, કે (૧) પાંચસો ને પારણું કરતાં કરતાં, (૨) પાંચસોને દૂરથી દેવદુંદુભિનાદ સાંભળતાં અને સમવસરણ જોતાં, તથા (૩) પાંચસોને સમવસરણના પગથિયે પ્રભુની મધુર વાણીનો રણકાર સાંભળતાં સીધો શુક્લધ્યાનનો અધ્યવસાય અને કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું! એ વીતરાગ સર્વજ્ઞ બની ગયા! ગુરુ ગૌતમસ્વામી હજી એમજ છદ્મસ્થ અવસ્થામાં રહ્યા છે, અને આ નૂતન શિષ્યો કેવળજ્ઞાની બની ગયા! કેમ? કારણ આ જ, કે શિષ્યોને તત્ત્વની જિજ્ઞાસા અને તત્ત્વ–માર્ગની અનુમોદનાનો ગુણ જ્વલંત વિકસિત થવાથી શુભ અધ્યવસાય શુક્લધ્યાને પહોંચાડે એવો પ્રબળ બની ગયો.

**સમરાદિત્ય મહાત્માને** સમતા–સહિષ્ણુતાના ગુણ–વિકાસ દ્વારા શુભ અધ્યવસાય એવો જ પ્રબળ બની ગયો. દુશ્મન અગ્નિશર્માનો જીવ અહીં ગિરિસેન ચંડાળ થયો

છે, અને પૂર્વ નિકાચેલ વૈરનાં નિયાણાની અસરને લીધે મહાત્માના વાંક વિના જ અમથો અમથો ગુસ્સે ભરાયો. મહાત્માને મારી નાખવા ધ્યાનમાં ઉભેલા એમના શરીર પર એણે ચિંથરા લપેટચા! અને પછી એ સળગાવ્યા! આગની ગરમી વધી, પણ એ જેમ વધતી ચાલી, તેમ તેમ મહાત્માની સહિષ્ણુતા અને સમતા પણ વધતી ચાલી. કઠિન મનથી વેદનાને જરાય ન ગણુકારતાં સમભાવે સહન કરવાનો પાવર (જોસ) વધાર્યે ગયા. બસ, એની સાથે જ અધ્યવસાયનું જોસ પણ વધતું ચાલ્યું, તે શુક્લધ્યાન અને પછી કેવળજ્ઞાને જઈ ઊભા! ક્ષેત્રદેવતા દોડી આવ્યો, ચિંથરા કાઢી નાખ્યા, અને કેવળજ્ઞાનનો ઉત્સવ કર્યો. છે ને કમાલ?

આપણે જરા સહન કરવાનું આવે ત્યાં આકુળ વ્યાકુળ થઈ જઇએ છીએ. કેમ જાણે કેવળજ્ઞાન લેવાનો અવસર આવશે ત્યારે સામટું સહન કરવાનું કરીશું! પણ ખબર નથી કે ગુણો તો 'ટીપે ટીપે સરોવર ભરાય' ની જેમ થોડો થોડો પણ કેળવતા આવવું પડે; તેથી એ પુષ્ટ થાય. બાકી તો,

**જેવી રીતે ગુણના વિકાસથી શુભ અધ્યવસાય વિકસતો આવે, એમ દોષના વિકાસથી અશુભ અધ્યવસાય વિકસતો જવાનો.**

એટલે સહન કરવાનું આવ્યું ત્યાં હાયવોય, દ્વેષ વગેરે ધરાવતા ચાલીએ, એનું પરિણામ વિચારી લેજો.

અશુભ અધ્યવસાય વધુ જોરદાર જ બને ને? એના પર કેવાં ચિકણાં અશુભ કર્મ બંધાય? કઈ ગતિ અને કયાં દુઃખ મળે? ખબર છે ખરી કે પાર્શ્વનાથ ભગવાનનો જીવ પહેલા ભવમાં સારો વ્રતનિયમાદિ સદાચારોવાળો શ્રદ્ધાળુ શ્રાવક પણ મરીને જંગલમાં હાથીનો અવતાર પામ્યો! કેમ આવો હલકો તિર્યંચનો ભવ? એટલા જ માટે કે એ ગયો'તો તો પોતાના દુરાચારી ભાઈને ખમાવવા. પરંતુ પેલાએ આના નમેલા મસ્તક પર શિલા મારી, જીવલેણ પીડા આવી એમાં સમતા-સહિષ્ણુતાનો ગુણ વિકસાવવાનું ગુમાવ્યું; હાયવોય થઈ; તો મનના અધ્યવસાય બગાડયા. તે સીધા તિર્યંચના અવતારમાં ઉતરી ગયા, કમઠના ગુન્હે સજા મરુભૂતિને,! કર્મનો અટલ કાયદો છે કે,

**ભલે સામાનો ગુન્હો હોય, પણ તમે મન બગાડો, હાયવોયના દુર્ગુણ અધ્યવસાય બગાડો, તો એ હવે તમારો ગુન્હો બન્યો, એની સજા ભોગવવા તૈયાર રહેજો.** બીજું તમારું ગુણિયલપણું અને ધર્મ હશે એનું ઇનામ મળશે ખરું, પણ મલિન અધ્યવસાયના ગુન્હાની સજા તો ભોગવવી જ પડશે. એનો અર્થ એ કે મહાન ગુણિયલ અને ધર્માત્માની પણ કર્મને શરમ નથી, જો એ કયાંક કયારેય મન બગાડે તો અહીં તો ગુન્હો ય કેટલો? હાયવોય આર્તધ્યાન કર્યું એટલો જ! એમાં ય તિર્યંચગતિના સ્ટેશને ઊતરવું પડયું! રૌદ્રધ્યાન આવે તો તો નરક જ દેખાડે.

એથી ઉલ્ટું હાથીના ભવે એ જ મરુભૂતિને એ જ કમઠ સર્પ થઈને મર્મસ્થાને ડસે છે. ત્યાં કારમી પીડા છતાં હાથીએ સહિષ્ણુતા રાખી, તો શુભ અધ્યવસાયને અવકાશ મળ્યો, ને મરીને દેવલોકમાં ઉત્પન્ન થયો.

સમભાવે સહન કરવામાં ને નહિ કરવામાં કેટલું અંતર ? બંને સ્થિતિમાં આવેલું દુઃખ તો ભોગવવું જ પડે છે, પણ સમતા-સહિષ્ણુતા ગુમાવવાથી તિર્યંચ યોગ્ય કર્મોત્પાદન ! અને સહિષ્ણુતા કેળવવાથી શુભ અધ્યવસાય અને દેવગતિનાં પુણ્ય ! એમાં ય સહિષ્ણુતાગુણ જેટલો જોરદાર બનાવો, એટલા જોરવાળા શુભ અધ્યવસાય બને છે, એટલું પ્રબળ પુણ્યોપાર્જન અને પાપક્ષય થાય છે.

## ધર્મરુચિ અણગારઃ—

દયાગુણના વિકાસ ઉપર ધર્મરુચિ અણગારના શુભ અધ્યવસાયનું જોર એવું વધી ગયું કે અનુત્તર વિમાનમાં અવતાર પામ્યા ! કડવી તુંબડીનું શાક પરઠવવા ચાલ્યા હતા. જંગલમાં એક બિંદુ પરઠવતાં કીડી ખેંચાઈ આવી, મરતી દીઠી, મહાત્માને દયા ઊભરાઈ,–'અરે ! તો તો પછી આટલું બધું પરઠવ્યે કેટલા બધા જીવોનો કચ્ચરઘાણ નીકળે ? એના કરતાં મારા પેટમાં જ પધરાવી દઉં,–'એમ વિચારીને એ વાપરી ગયા. લાય ઊઠી ! તરત સંથારો કરી દીધો. જોજો માસ-ખમણનો તપ થયો છે, એમાં ઝેરની પીડા ! ભારે સહવાનું આવ્યું, પરંતુ સમભાવે સહતાં અનુમોદના કરે છે કે 'ચાલો મારું ગમે તેમ, પણ બિચારા નિર્દોષ નિર-

પરાધી જીવો મરતા બચ્યા !' દયાગુણનો વિકાસ વધ્યો, એમ શુભ અધ્યવસાયની માત્રા વધી, અનુત્તર વિમાને દેવ થયા!

**મેઘકુમારને** શું હતું ? એજ; પૂર્વના હાથીના ભવે સસલાની દયા કરી પગ ઊંચો રાખ્યો, પણ એમાં ભૂખે-તરસે મરવાનું આવ્યું. છતાં દયાનો વિકાસ કર્યો તો શુભ અધ્યવસાયે મેઘકુમાર બન્યા. ત્યાં પણ રાજ્યસમૃદ્ધિના સુખો છોડી દીક્ષા લીધી, અને તપગુણ વધાર્યો. તો એથી અધ્યવસાય એવા વિકસ્વર બન્યા કે જેણે એમને અનુત્તર વિમાનમાં અવતાર અપાવ્યો !

**મહાવીર પ્રભુએ** પૂર્વના નંદનરાજર્ષિના ભવમાં તપગુણ એવો વિકસાવ્યો કે લાખ વરસ માસખમણને પારણે માસખમણ કર્યાં. સાથે વીસ-સ્થાનકની જબરદસ્ત આરાધના કરી. એ ગુણ વિકસવા ઉપર શુભ અધ્યવસાય એવા મહેકયા, એવા મહેકયા, કે તીર્થંકર નામકર્મનું ઉત્કૃષ્ટ પુણ્ય ઊભું કરી દીધું !

**ધન્ના અણગારે** માત્ર નવ મહિનાના ચારિત્રમાં તપગુણનો એટલો બધો જબરદસ્ત વિકાસ સાધ્યો કે એના બળ ઉપર અતિ પ્રબળ બની ગયેલા શુભ અધ્યવસાયે એમને સર્વાર્થસિદ્ધ વિમાનમાં મૂકયા ! પછી એકાવતારીપણું, મહાવિદેહમાં જન્મીને ચારિત્ર લઈ મોક્ષે જવાના !

એવું જ **મલ્લિનાથ ભગવાનના** પૂર્વભવમાં પોતે મહાબળ રાજા ચારિત્ર લઈ ઘોર તપ પર ચડયા. એ તપગુણના વધતા જવા સાથે શુભ અધ્યવસાય એવા પ્રબળ બન્યા કે

એક બાજુ તીર્થંકર નામ કર્મ ઉપાર્જ્યું ! અને અનુત્તર વિમાનમાં જવાનું પુણ્ય ઊભુ કર્યું ! તેમજ બીજી તરફ સિલિકના ઘાતી કર્મ એવા જર્જરિત કરી મૂકયા કે ૫૫૦૦૦ વર્ષના મલ્લિનાથ પ્રભુના અવતારે માત્ર સો વર્ષે અને તે પણ દીક્ષાના દિવસે જ બાકીના બધાય જર્જરિત ઘાતી કર્મ તૂટી ગયાં ને કેવળજ્ઞાન પામી તીર્થંકર બન્યા. ત્યારે ક્ષમાગુણના વિકાસ પર ખંધકમુનિ, ખંધકસુરિના ૫૦૦ શિષ્યો, ગજસુકુમાળ, ઝાંઝરિયા મુનિ, મેતારજ મુનિ, વગેરે એ શુભ અધ્યવસાય એવા મહેકાવ્યા કે ઠેઠ શુકલધ્યાન અને મોક્ષ પામ્યા! વાત આ છે ગુણવિકાસ કરો એટલે શુભ અધ્યવસાય વિકસવા માંડે.

પ્ર૦–સહિષ્ણુતા, તપ, ક્ષમા વગેરે ગુણમાં વિકાસ થતો હશે એટલે શું થતું હશે ?

ઉ૦ આવું કાંક, કે ગુણ પહેલપહેલાં તો મન મારીને મન પર પાકો અંકુશ મૂકીને ઊભો કરવો પડે. પરંતુ પછી આગળ વધતાં એ મનને જ અનુકૂળ બનાવતું જવાય. અર્થાત્ મનને જે સહેજે સહેજે પહેલાં અસહિષ્ણુ, ખાવકલું અને ગુસ્સાખોર બનવાનું ગમતું, તે હવે મનને સહિષ્ણુતા, તપ, ક્ષમા વગેરે ગમતું બને, સહેજે ગમતું થાય. પૂછો,

**પ્ર૦–મનને સહિષ્ણુતા–તપ–ક્ષમા, વગેરે સહેજે ગમતું કેવી રીતે બને ?**

ઉ૦–આ રીતે,–

(૧) જિનાજ્ઞાનો પ્રેમ ધરાવવાથી, જિનાજ્ઞાનો ભાર હૈયે વહેવાથી. ‘અહો ! જિનાજ્ઞા આ સહિષ્ણુતા, તપ,

ક્ષમા વગેરેની જ છે; ને એ બધા તારક છે, ભવોદધિ પાર કરનાર છે. કેવી સુંદર જિનાજ્ઞા! બસ, મેં જિનને નાથ તરીકે માથે ધર્યા છે તો મારે એની આજ્ઞાનું પાલન કરવાનું જ હોય. અહાહા, મારા જિન! મારા જિનની આજ્ઞા! એતો મારા પ્રાણ!" આમ જિનાજ્ઞાનો પ્રેમ અને ભાર હૃદય પર રાખવાથી સહિષ્ણુતા વગેરે મનને સહેજે ગમતા થાય.

(૨) એમ, સહિષ્ણુતા–આહારગૃદ્ધિ–ક્રોધ વગેરેનાં ભયંકર કટુ વિપાક નજર સામે તરવરતા રાખવાથી પણ સહિષ્ણુતાદિ મનને સહેજે ગમતા થાય. વિપાકમાં અહીં નુકશાન ને પરલોકે ભારે દુઃખ તો ખરૂં જ, પરંતુ વિશેષ મહત્ત્વનું નુકશાન એ કે એ અસહિષ્ણુતાદિના કુસંસ્કારના, કદાચ ગુણાકાર થઈને, પછીના ભવોમાં આવૃત્તિ ચાલે. પાછું ત્યાં કોઇ રોકનાર નહિ, કે જાતે પાછા વળવાની સમજ નહિ; એટલે ભયંકર પાપી જીવન જ જીવવાનું થાય. આ વિપાક નજર સામે રખાય તો અસહિષ્ણુતા–આહારગૃદ્ધિ–ગુસ્સો વગેરે અકારા લાગે, અને સહિષ્ણુતાદિ સહેજે ગમતા થાય.

(૩) વળી, એક ઉપાય આ છે, કે પૂર્વજોનું ગૌરવ માથે ધરવાથી પણ એ સહેજે ગમતા થાય. ગૌરવ આ રીતે માથે ધરવાનું કે 'વાહ! મારા પૂર્વપુરુષો કેવા વિવેકી કે એમણે સ્વેચ્છાએ ભારે સહ્યું, ઘોર તપ આચર્યાં, જબ્બર ક્ષમા રાખી! તે પણ છતી જબરદસ્ત તાકાત અને પુણ્યાઇ પર! તો મારે બીજો શો વિચાર કરવાનો હોય? 'મહા-

જનો યેન ગતઃ સ પન્થાઃ’ એક સુપુત્ર તરીકે મારે એમના ચીલે જ ચાલવાનું હોય, તેથી મારે તો સહિષ્ણુતા-તપ-ક્ષમાદિ જ મુબારક હો, પણ અસહિષ્ણુતાદિ દુર્ગુણ નહિ.’

(૪) એક ઉપાય એ પણ છે કે પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ વિચારવું, હૃદયમાં એની ભૂખ-મમતા આકર્ષણ ઊભાં કરવાં. મનને જો એમ થાય કે ‘હાહા ! કેવું સુંદર મારું અનાહારી-નિર્વિકાર-નિષ્ક્રિય સ્વરૂપ! એમાં લેશમાત્ર પણ આહારની ગુલામી નહિ. આહાર પર જીવવાનું નહિ, કોઈ પણ પ્રકારની જડમુખી ક્રિયાની વેઠ નહિ, કોઇ પણ જાતના ઉકળાટ વગેરે વિકાર નહિ! ક્યારે આવું સ્વરૂપ મારું પ્રગટ થાય! ક્યારે જડ પુદ્ગલના સંગ માત્રથી છૂટી જવાય! ક્યારે જડના ભાવોમાં નાચવાનું-રાચવાનું મટી જાય !’ જો મનને સ્વાત્માના શુદ્ધ સ્વરૂપની આવી માયા લાગે, એમાં જ સાચા સુખ, સૌંદર્ય, અને સુવિકાસ દેખાય, તો પછી એ સ્થિતિએ પહોંચવા માટેનું જ જીવન બનાવાય, એ જ રીતે જીવાય એટલે સહેજે સહેજે ખાવાનું છોડી છોડી તપમાં અવાય, ઉકળાટ વગેરે વિકાર છોડી સહિષ્ણુતા કેળવાય, ક્ષમા પકડી રખાય, અને પાપક્રિયાઓથી બને તેટલા નિવૃત્ત બની વીતરાગ દેવની ભક્તિ સામાયિક શાસ્ત્રસ્વાધ્યાય વગેરેમાં આનંદપૂર્વક જઇ બેસાય; દેવ-ગુરુ-ધર્મની સેવાભક્તિમાં આડે આવતો ધનતૃષ્ણાનો વિકાર દબી ઉદારતાથી ધનવ્યય થાય, યાને દાનગુણ, ઔદાર્યગુણ ને કૃતજ્ઞતાગુણ વિકસાવાય. પોતાના વર્તમાન કૃત્રિમ, મેલા,

અને વિટંબણાભર્યા સ્વરૂપની શરમ–નાલેશી લાગી, એના પર તિરસ્કાર છૂટે; અને શુદ્ધ સ્વરૂપની માયા–મમતા જાગે તો આ સહેજે ગુણવિકાસ થવાનું સંભવિત છે.

ખાનપાન અને એમાંય મેવા–મિઠાઈ વગેરેનાં ખાન-પાન ખુશમિશાલ કેમ કરી શકો છો ? કહો મૂળમાં જ ખાનપાનની વેઠ જ લાગતી નથી, એમાં કોઈ નાલેશી જ લાગતી નથી. કેમ જાણે આ એક લહાવો હોય, અગર શોભા ભર્યું કાર્ય હોય એવો એની સાથેનો વ્યવહાર દેખાય છે ! આ હોય ત્યાં પછી ત્યાગ, તપ સહેલાં સ્વા-ભાવિક ક્યાંથી બને ? હોંશપૂર્વક ક્યાંથી સેવાય ? તેમ એની લાલસા છે એટલે એમાં આઘુપાછું થતાં ક્ષમા–સહિષ્ણુતા ક્યાંથી રહેવાના ? એ ગુણ સુલભ કરવા હોય તો શુદ્ધ આત્મસ્વરૂપ અનાહારિપણું–નિર્વિકારતા–નિષ્ક્રિયતાની માયા લગાડો. એમાં જ શાબાશી જુઓ, એટલે પેલી આહારવેઠ વગે-રેમાં નાલેશી લાગી, શરમ લાગી, એની મમતા–લાલસા મિટે.

આમ ગુણોને મન મારીને કેળવવામાંથી સહેજે સહેજે પળાવામાં લઈ આવવા માટેના ઉપાય આ, કે

(૧) હૈયે જિનાજ્ઞાનો પ્રેમ અને ભાર,
(૨) દોષ–દુર્ગુણના કટુ વિપાકનો જાગતો ખ્યાલ,
(૩)મહાપુરુષોની માર્ગસાધનાનું અનુકરણ, અને
(૪) સ્વાત્માના શુદ્ધ સ્વરૂપની માયા–લાલસા રહે.

આમાંથી એક યા અનેક ઉપાય યોજ્યા રાખવા જોઈએ. આ ઉપાયોને મામુલી ગણતા નહિ. મહાન ઉપાયો

છે. જિનાજ્ઞાનો પ્રેમ તો એવો લગાડી દઈએ કે મારે તો આ જીવનમાં એંજિન એ, હું ડબ્બો; એની પાછળ ચાલ્યો જાઉં. દોષત્યાગ–ગુણગ્રહણની જિનાજ્ઞા જ મારા પ્રાણ.' એનો હૈયે ભાર એવો રહે કે 'બસ, એને અનુસરવું જ જોઈએ. જગતમાં જિનાજ્ઞા કયાં મળે ?........ત્યારે દોષ–દુર્ગુણના કટુ વિપાકમાં જો એની અહીં કુટેવ પડી ગઈ, યા એમાં રસ રહી ગયો, ગ્લાની ન લાગી, તો ભવાંતરે ચંડકોશિયાના ક્રોધની જેમ એ દોષની જે પરંપરા ચાલશે, ફાલવા-ફુલવાપણું થશે, એ જીવન બેફામ બનાવશે.' ચંડ-કોશિયો નાગ ગુસ્સામાં તીર્થંકર ભગવાનને બચકું ભરવા સુધી પહોંચી ગયો ને ? શું ભવાંતરે એવું પાપિષ્ઠ જીવન ઇચ્છો છો ? ના, તો પછી આ કટુ વિપાક દૃષ્ટિ સામે તરવરતો રાખી દોષથી બચવામાં અને સહિષ્ણુતા કેળવવામાં શું કઠિનાઈ લાગે ?... ત્યારે મહાપુરુષનાં અનુકરણ પણ કયાં કમ આલંબન છે ? 'એવા મહાવીર પ્રભુ શાલિભદ્ર–ધનાજી –સનતકુમાર ચક્રવર્તી જેવાએ કર્યું, સહ્યું, આદર્યું, એ મારે પણ મુબારક હો.' આ ઓથ પકડીને ચલાય, તો ય ગુણપાલન સહજ બનતું જાય....એમ આત્માના શુદ્ધ સ્વ-રૂપની માયા–મમતા–લાલસા જગાડી દેવાથી પણ સહજ ગુણપાલન શકય છે. દોષ દુર્ગુણમાં નાલેશી–નાલેશી જ જોયા કરવાની. આહાર–વિષય–પરિગ્રહાદિમાં નાલેશી–નાલેશી જ જોવાની.

એના એજ ગુણમાં વધારો, ઉંડાણ, વિશાળતા વ્યાપકતા લાવવા,

(૧) આ એક કાર્ય કે, ગુણને સહેજે આદરાતો કરી દઈએ.

(૨) બીજું એ કરવાનું કે એમાં રસ, હોંસ, પૂર્વે ધગશ, પછી અનુમોદના ઇત્યાદિ વધારતા જઈએ, ભોગ આપીને ય એ સાચવીએ.

**જે કાર્ય ભોગ આપીને કરીએ છીએ એની કિંમત લાગે છે.** મફતિયા પુસ્તક લઈ આવ્યા તો એનું મહત્ત્વ એવું જ લાગવાનું. જરા આડુઅવળું ઉથલાવી ઘરમાં ક્યાંય રખડતું મૂકી દેવાશે. કિંમત ખરચીને લાવવા પાછળ એને ઊંચું ઠેકાણે મૂકાશે. માણસ ઘેર જમવામાં એટલું નહિ છાંડે, પણ મફતિયા જમણમાં જમવા ગયો તો વિના સંકોચ છાંડશે! મહેનત કરીને બનાવેલી ચીજનો સ્વાદ લાગે છે; ને એમ જ મફતમાં મળી ગયેલી વસ્તુનો એવો સ્વાદ નથી લાગતો. પોતાના દૂધ કેશર-સુખડથી ભગવાનની પૂજાભક્તિ કરવામાં જે ભાવોલ્લાસ જાગે છે, એ મફતિયાથી પતાવવામાં નથી જાગતો. આ બધો અનુભવ છે ને? એ શું કહી રહ્યો છે?

**ભોગ આપીને જે ગુણ કે ધર્મ સચવાશે એનો રસ, એની હોંશ, ને એની અનુમોદના ઉમદા થશે.**

**શાલિભદ્રના** જીવે પૂર્વભવમાં માત્ર થાળી ખીર પણ ખરેખરો ભોગ આપીને દાનમાં દીધી તો એની ભારોભાર અનુમોદના થઈ. એમાં એ દાનના ફળ રૂપે પુણ્ય અને સંસ્કારના ગુણાકાર થયા. ત્યાગનો ગુણ વિકસ્વર થઈ ઠેઠ

દેવતાઈ રોજની નવાણું પેટી મળવાની ભવ્ય સમૃદ્ધિ વગેરેનો પણ ત્યાગ પળવારમાં કરીન ાંખવા સુધી પહોંચ્યો.

ગુણવિકાસ કરવો છે ? ભોગ આપીને પણ એ કેળવવાની હોંશ રાખો. સામાને દબાવવા–દબડાવવાના સંયોગ છે, શક્તિ છે. પણ એ જતું કરી જો ક્ષમા રાખી, તો એ ક્ષમાનો પાવર વધી ગયો સમજો: કેમકે ભોગ આપ્યો.

**સુદર્શન શેઠે** જાતનો ને જાતની આબરૂનો ભોગ આપીને પણ બ્રહ્મચર્ય ઉપરાંત અહિંસા–દયાનો ખપ રાખ્યો તો એ ગુણના ગુણાંક વધી ગયા.

**ધન્ના અણગારે** માત્ર નવ મહિનાના તપમાં છઠ્ઠ–છઠ્ઠને પારણે સુક્કા–લુખ્ખા આંબેલમાં ભારે ભોગ આપ્યો, તો એનો રસ–હોંશ–અનુમોદના એવા વધી ગયા, ગુણની માત્રા એવી વધતી ચાલી કે મહાવીર પ્રભુએ ચૌદ હજાર મુનિઓમાં નિત્ય ચઢતે પરિણામે એમને એકને જ આગળ કરી દેખાડ્યા.

ગુણવિકાસ માટે ગુણનો રસ, હોંશ, અનુમોદના, કદર, ખૂબ ખૂબ વધારતા ચાલો.

**ગુણની કદર વધતી એનું નામ કે તે તે ગુણની આગળ એની સામેના દોષ દુર્ગુણ કે જડ ચેષ્ટા અને એનાથી થતા અર્થ–કામના લાભ તુચ્છ લાગે.**

'પંચસૂત્ર' શાસ્ત્રના બીજા સૂત્રમાં કહ્યું છે કે શ્રાવક પાંચ અણુવ્રત લે, અહિંસા–સત્ય વગેરેનો સ્વીકાર કરે, પછી એની સુંદરતા, હિતકારિતા, ને સુખદ પરંપરાનુબંધિતા

વગેરેની ભાવનાથી આત્માને ભાવિત કરતો ચાલે, અને એની સામેના હિંસા-અસત્ય વગેરે દોષોની ગલીચતા-અપકારકતા-મહાદુઃખ-પરંપરાનુબંધિતા વગેરેની ભાવના વધારતો જાય. એને અને એનાથી થતા પૈસા-પ્રતિષ્ઠાદિના લાભને તુચ્છ અતિ તુચ્છ લેખતો જાય. આ તો તમે પૈસાને બહુ કિંમતના અને મહત્ત્વવાળા માનો છો એટલે એની પાછળના આરંભ-કષાય -પરિગ્રહના દોષની ઘૃણા નથી થતી, અથવા આરંભ આદિ દોષોની કટુતા નથી લાગતી; એટલે એ સેવી કમાયેલા પૈસા પર તિરસ્કાર નથી છૂટતો.

દોષનો દ્વેષ નથી, પૈસા-બંગલો-મોટર સારા લાગે છે. પછી, એની પાછળના આરંભ--સમારંભ અને લોભ-માનાદિ કષાયો ભૂંડા કયાંથી લાગે? અથવા આ આરંભાદિ ભૂંડા નથી લાગતા તો એના લાભ પણ કડવા શી રીતે લાગવાના? કસાઈપણું ભૂંડું લાગે છે તો કસાઈના બંગલા પર રાજીપો નથી થતો, એ મીઠો નથી લાગતો. એમ, આરંભાદિ ભૂંડા લાગે, તો એના પર કમાયેલ પૈસા પાપ કડવાજ લાગે. એમ આરંભાદિ ભૂંડા લાગે, તો એના પર કમાયેલ પૈસા પણ કડવા લાગે.

જૈનધર્મ હૈયે ફરસ્યાનું આ લક્ષણ છે કે દોષ-દુર્ગુણ ને પાપના પાયા પર ઊભનારા વૈભવવિલાસ મીઠા નહિ, કડવા લાગે. કોઈ પૂછે,

**પ્ર૦-પૈસા કેમ ખરાબ? ભોગ-વૈભવ કેમ ભૂંડા?**

**ઉ૦-'તો એનો તરત આ ઉત્તર કરવાનો કે એ હિંસા પરિગ્રહ અને કષાયાદિ દોષો પર ઊભા છે માટે.**

બસ, ગુણનો વિકાસ કરવા આ ઉપાય છે કે એની કદર કરો, એનું મૂલ્યાંકન ઊંચું ઊંચું આંકતાં જાઓ. એમ એનો રસ, ધગશ, આનંદ વધારતા ચાલો.

આજના અજ્ઞાન માણસો ચિત્રપટ-સિનેમા જોઈને ખૂશ થાય છે ને? એક જુએ છે, પછી વળી બીજો જુએ છે, એમ કરતાં કરતાં એનો રસ વધતો જાય છે. એમ બીડી-સિગારેટ વગેરે વ્યસનની આદત પડતાં એનો રસ વધતો જાય છે. એમ પૈસાની કમાઈ થતાં એનો રસ વધે છે. વેશ્યાગામીને એનો રસ વધતો જાય છે. નવા ગામમાં જશે તો પહેલું પ્રિય શોધશે! દુનિયામાં ભિન્ન ભિન્ન વિષયોમાં આવું થાય, તો ગુણ અંગે કેમ એવું ન બને? કેમ ન બનાવી શકાય? સહિષ્ણુતાદિ ગુણના પોષક પ્રસં-ગોમાં એ ગુણનો રસ વધારતા રહેવું જોઈએ. એક ધર્મ શ્રવણનો ગુણ, એમાં સમ્યગ્દૃષ્ટિ આત્માને રસ કેટલો? ઉપાધ્યાયજી મહારાજ કહે છે,-

"તરુણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુરગીત;
તેહથી રાગે અતિ ઘણો રે, ધર્મ સુણ્યાની રીત."

યુવાન માણસ, પાછો સુખી, સમૃદ્ધિ-વૈભવવાળો વળી પત્નીથી પરિવરેલો, અને ચતુર સમજદાર, એ દિવ્ય ગાંધર્વગીત કેવા રસથી સાંભળે? એના કરતાં પણ અતિ

ઘણા રસથી ધર્મશ્રવણ કરવાની સમકિતી આત્માને પ્રીતિ હોય. મનમાં સજ્જડ બેસાડી દીધું છે કે 'જીવનમાં ધર્મ એ જ ચીજ છે, સાર છે, માલ છે, આત્માની સાચી કમાઈ છે, સાથે થનારી કમાઈમાં અંકે થનારી વસ્તુ છે. બાકી બધું તો ખોવાઈ જવાનું! તુચ્છ, અસાર, અને અપકારક! માટે એની વાતોમાં શું બહુ પડવું હતું? તારણહાર ધર્મની વાતો જ સાંભળું, બહુ બહુ સાંભળ્યા કરું, જેથી આગળ ને આગળ ધર્મમાર્ગે મારા આત્માની પ્રગતિ રહ્યા કરે.'–આમ ભારે રસ ધર્મશ્રવણનો હોય. એમાંય નવું નવું સાંભળતો જાય, તેમ તેમ રસ વધતો જાય. આવા રસને લીધે ધર્મશ્રવણનો ગુણ કેવો વિકસે? કેવો યોગીના ધ્યાનની જેમ આ શ્રવણગુણમાં તન્મય બને? એ ગુણ ખીલે એટલે ચિત્તના શુભ અધ્યવસાય એની સાથે વિકસતા જાય.

આપણી વાત આ જ ચાલે છે ને? કે પેલા રાજકુમારને દુશ્મન સુભટોના હલ્લા સામે પોતાના શુભ અધ્યવસાય અને શીલથી રક્ષા કરવાનું મન થયું અને દુશ્મનોના થંભી જવા પર વળી અધ્યવસાયનું જોસ એવું વધી ગયું કે ત્યાં જ એને અવધિજ્ઞાન પ્રગટ થઈ ગયું. ત્યારે એ જોસ કેવુંક આવ્યું હશે 'શુભ' અધ્યવસાયમાં વેગ શક્તિ કેવી રીતે વધતી આવે?, એની વિચારણા ચાલે છે. એમાં આ વાત છે કે 'કોઈ એક પણ ગુણમાં જોસ લાવવાથી અધ્યવસાયમાં જોસ આવે છે.'

એટલે આ પ્રશ્ન ચાલ્યો કે 'ગુણનો જોસ કેમ વધારવો?'

આના એક ઉપાય તરીકે જિનાજ્ઞાની મમતા, દોષની પરલોક–નુકસાન–વિચારણા વગેરે વિકસાવવાં.

બીજા ઉપાયની વાત ચાલે છે કે ગુણનું મૂલ્યાંકન અને રસ વધારવા, જેથી ગુણપાલન એનું એ દેખાય છતાં અંદરના દોષ કપાતા રહી શુભ ભાવની તાકાત–વેગ જોરદાર હોય.

ત્રીજો ઉપાય આ છે કે ગુણની મમતા–ધગશ અને અનુમોદના એવી વધારવી કે દુશ્મનના પણ ગુણ ઉપર હૈયું ઓવારી જાય! ગુણ છે ને? ભલે વિરોધીનો હોય, એ જિનભક્તિ, સાધુસેવા કરે છે ને? બસ, એની અનુ-મોદના થાય, મમતા એવી થાય 'કે આ મારા જિને આદરણીય-અનુમોદનીય કહેલ ગુણ છે, અને ગુણ તો મારો તારણહાર છે. તો એ ગમે ત્યાં હોય તોય મારી ઉપાસ્ય ચીજ. એના તો હું ગુણ જ ગાઉં; આવી મંમતા –અનુમોદનાથી પણ આમાં જોસ આવે છે.

## અજિતસેનની ગુણાનુમોદના :—

શ્રીપાલકુંવરના કાકા અજિતસેન શ્રીપાલ સાથેના યુદ્ધમાં હાર્યા. ત્યાં જુએ કે શ્રીપાલને દુશ્મન માનીને સામે લડેલા છતાં હવે એના ગુણની અનુમોદના કરતાં શુભ અધ્યવસાય કેટલા ઊંચા વિકસાવી રહ્યા છે? એ વિચારે છે કે,

"અહો! આ બાળક કેવો ગુણિયલ! અને હું મોટો કેવો અધમ! એણે એની ભુજાબળે ન્યાય પુરસ્સર આટલી મોટી રાજેશ્વરી સંપત્તિ મેળવી, ને મેં દગો કરી એનું રાજ્ય પડાવી લીધેલું! છતાં વિવેકથી મને કહેવરાવે છે કે "કાકા! તમે અત્યારસુધી રાજ્ય સાચવ્યું એ તમારો મોટો ઉપકાર! હવે હું રાજ્ય ચલાવવા લાયક થઈ ગયો છું, તો તમે રાજ્ય સોંપી નિરાંતે નિવૃત્તિ ભોગવો.' ત્યારે હું અધમ કેવો કે ચોરી પર શિરજોરી રૂપે એની સાથે લડવા આવ્યો! કેવી સુંદર એની ગુણિયલતા! ને મારી કેવી જઘન્ય દુષ્ટતા! ખેર, હવે તો આ સામાના ગુણ વિસરાવનાર અને જાતની દુષ્ટતા પોષનાર માટીની માયાથી સર્યું! જડસંસાર ઊભો રાખું તો બુદ્ધિ ભ્રષ્ટ થાય ને? જોઇએ નહિ એ. શ્રીપાળના ગુણની કદરરૂપે પણ હવે ગુણનું જ જીવન-ધર્મમય જીવન મુબારક હો."

બસ, ત્યાં ને ત્યાં જ સંસાર ત્યજી અણગાર થયા. ત્યાં શ્રીપાલે એમની ખૂબ ખૂબ ગુણસ્તુતિ કરી. ત્યારે હવે આ મહાત્મા તો શુભ અધ્યવસાયનું બળ વધારતાં વધારતાં આગળ ઉપર અવધિજ્ઞાન પામ્યા! વધતી ગુણાનુમોદના શુભ અધ્યવસાયને કેટલે ઊંચે લઈ જાય?

અરે! પોતાના પણ કોઈ ખાસ ભોગ આપીને સાચવેલા ગુણ કે સુકૃતની જ શુદ્ધ અનુમોદના પણ શુભ અધ્યવસાયનું બળ વધારી મૂકે છે.

જુઓ, શાલિભદ્રના જીવ આહીરપુત્ર સંગમે મુનિને ખીર વહોરાવી ભારે આનંદ–ઉલ્લાસ સાથે! ખીર કેવી? જીવનમાં પહેલી જ વાર દેખવા પામેલ તથા જેને ખાવાની તૈયારીમાં છે એવી ખીર! છતાં પોતાનો તુચ્છ રસાસ્વાદ જતો કર્યો! પોતાની કપરી સ્થિતિની દૃષ્ટિએ એ પણ કિંમતી ગણાય. ગુરુ મહારાજનો ઉપકાર માન્યો કે 'એમણે મને કેવા સુંદર દાનના સુકૃતનો લાભ કરાવ્યો!' પછી આ ત્યાગધર્મ અને ગુરુઉપકાર પર એટલી બધી ભારોભાર અનુમોદના કરી, અનુમોદના વધારી, કે એમાં શુભ અધ્યવસાયનું બળ અદ્‌ભુત વધી ગયું! એણે માત્ર શાલિભદ્રનો અવતાર, અને રોજની દેવતાઈ નવી નવાણું પેટી જ નહિ, પણ "શ્રેણિક માથે માલિક? માલિક તો એક જ **મહાવીર**' માટે આ શ્રેણિકની માલિકી શિરે લદાય એવું એનું પ્રજાપણું જ ન જોઈએ, પ્રજાપણું રખાવનાર સંસાર જ ન જોઈએ. હવે તો સંસાર છોડી સાધુપણું જ ખપે," એવા પરાક્રમી શુભ અધ્યવસાયમાં એવો ચડાવ્યો, કે સંયમ–તપનાં પરાક્રમ અને ઠેઠ અનુત્તર વિમાનનાં પુણ્ય ઊભાં કરી આપ્યાં! આ જ સુકૃતાનુમોદનના ગુણને વિકસાવવાનો પ્રભાવ! એ વિકસાવવાનું એવું ચાલ્યું, એવું ચાલ્યું, કે એના વધતા જતા આનંદમાં, પછી ખીર ખાવાનો આનંદ તુચ્છ બની ગયો. ખીર ખાતાં ખાતાં મનમાં રટણા પેલા દાન અને ગુરુની જ ચાલી, પછી પણ એજ ચાલ્યું. એ જ રાતે અજીર્ણ ઉપર શૂળ અને મરણાંત દશા આવી. એમાંય દુઃખ મનને મુંઝવી શકયા નહિ,

સુકૃતનો આનંદ વિસરાવી શકયા નહિ, અને વહાલસોયી માતાનો પ્રેમ પણ એવા અવસરે ય નહિવત્ લાગ્યો, એટલો ગુરુ પ્રત્યેનો પ્રેમ, ગુરુએ કરેલા ઉપકારનો આનંદ ઝણઝણી રહ્યો!

શુભ અધ્યવસાયનું બળ આવા ગુણ અને ધર્મનું બળ વધવા ઉપર વધે છે; ને એ બળ એની શુદ્ધ અનુમોદના પુષ્ટ થવા પર વધતું જાય છે.

**શુદ્ધ અનુમોદના એટલે કે જેમાં,**

(૧) જાતની વડાઈનો ઘમંડ ન હોય,

(૨) 'બીજાઓને આ શું આવડે?' એવો તુચ્છકાર ન હોય,

(૩) દુન્યવી સુખ—સમૃદ્ધિની આશંસા, કે બહાર વાહવાહ કીર્તિ લેવાની કામના ન હોય,

(૪) બીજાની ઈર્ષ્યા કે દ્વેષ ન હોય કે 'એને બતાવી આપું, એને હેઠો પાડું.'

આવી આવી કોઈ પણ જાતની અશુદ્ધિ-કચરાથી લેશમાત્ર ખરડાવાપણું ન હોય. લખી રાખજો,

**આ જાતવડાઇનો ઘમંડ વગેરે એકેકી અશુદ્ધિ સુકૃતમાં ઝેર ભેળવે છે. સુકૃતને નિસ્સાર નિઃસત્ત્વ બનાવે છે.**

ભરવાડણનો છોકરો અભણ અબુઝ ગમાર પણ આ અશુદ્ધિથી બચવામાં મહા વિદ્વાન હતો.

સગી માતાને પણ પોતાના દાનની હોશિયારી ન કહી. એવી વાહવાહ લેવાનું ન ઇચ્છયું.

'નગરના મોટા શેઠિયાને શું વહોરાવતાં આવડે? મહારાજને મેં વહોરાવ્યું' આવો કોઈ તુચ્છકાર, ઈર્ષ્યા મનમાં ય ન ફરકી,

જાત ઘમંડની તો વાતેય શી? જ્યાં 'મહારાજને આપ્યું' એમ માનવાને બદલે 'મહારાજે મને રાંકડાને સુકૃતની તક આપી' એ જ કૃતજ્ઞભાવ-નમ્રભાવ યાદ કર્યા-કરવાનો હોય, ત્યાં જાત ઘમંડ ઊભો જ શાનો રહે?

ત્યારે દાનનાં ફળરૂપે પુણ્યના લોચાની કે દુન્યવી વૈભવની તો ઇચ્છા ય થઈ નહિ.

દાન તો એટલા માટે કર્યું કે 'સામે મહાત્મા છે, આ ઉત્તમ ખીર છે, પાસે પેટ છે, ઉત્તમ પણ ખીર મારા પાપી પેટમાં ગયે અધમ માટી થશે, અને મહાત્માના પાત્રે ચડયે પરમાન્ન થશે.' વસ્તુનો સદુપયોગ, સદ્ વિનિયોગ કરવો એજ બુદ્ધિમાનનું જીવન, બુદ્ધિની બલિહારી! બસ, મહાત્મા તરફના આકર્ષણથી વસ્તુના સદુપયોગ અર્થે એણે દાન કર્યું; અને એમાં રાચ્યો--માચ્યો--નાચ્યો, એવો કે એની અનુમોદના--ગુણનો પાવર વધારતો જ ગયો, વધારતો જ ગયો.

**શાલ મહાશાલ** અને એમના નૂતનદીક્ષિત બે ભાણેજ, ચારે જણા ગુરુ ગૌતમસ્વામીજી સાથે મહાવીર પ્રભુની પાસે આવી રહ્યા છે. ચારે ય ને મનમાં ગુરુની અનુમોદના

ગુરુના ઉપકારની અનુમોદના એવી વિકસતી ચાલી છે, ‘અહો, સદ્‌ભાગ્યે અમને કેવા ઉત્તમ ગુરુ મેળવી આપ્યા! કેવા અમને સંસાર-કારાગારમાંથી છોડાવ્યા! કેટલો એમનો નિઃસ્વાર્થ ઉપકાર! ઉપકાર પણ ગજબ કોટિનો! ક્યાં એ સંસારની વિટંબણા, દુર્દશા અને ક્યાં આ લોકોત્તર બાદશાહી? આ પમાડનાર ગુરુના ઉપકારનો બદલો ક્યાં વળે? જે આ ઉપકાર ઉપર તો આગામી જન્મ-પરંપરા મટે અને ભાવી અનંત કાળ ઉજ્જવળ થઈ જાય, એનું માપ શું કઢાય? તેમ આવા ગુરુ મળ્યા પછી તો નવો જન્મ જ શાનો લેવો પડે? આત્માને અસંગ-અકષાયી નિર્વિકાર-વીતરાગ બનાવી દે એવા ગુરુનો અમને રાંક પામરને ભેટો? બસ, શું ત્યારે આવા ગુરુ મળ્યા પછી હવે અમે કાયાની, ઇન્દ્રિયવિષયોની, કે કષાય-રાગદ્વેષની માયામાં પડશું? હરગીઝ નહિ. અમારે ને એને શું લાગેવળગે? હવે તો ગુરુની જ એકસેવા-એકધ્યાન-એકતાનમાં કાયા-વિષય-કષાય સર્વના સંગ-આસક્તિ ભાવથી પર મુક્ત થઈ જઈશું....’ એ આવા કોઈ, ગુરુપ્રાપ્તિની કદર-અનુમોદના-ગુણનું અને શુભ મનોરથગુણનું બળ વધારનાર વિચારમાં ચડ્યા તો શુભ અધ્યવસાયનું બળ એટલું બધું વધી ગયું, એટલું બધું વધી ગયું, કે રસ્તામાં ને રસ્તામાં જ ઊંચા શુક્લધ્યાનની ધારામાં ચઢયા! ક્ષપકશ્રેણી લગાવી! ઘાતી કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા! વીતરાગ સર્વજ્ઞ બન્યા!

જેનો જેવો ગુણવિકાસનો ને ધર્મવિકાસનો પુરુષાર્થ, તેવી તેના અધ્યવસાયની પ્રબળતા બને. ગુરૂ ગૌતમમહારાજ હજી છદ્મસ્થ છે ને ચેલા શાલ–મહાશાલ વગેરે સર્વજ્ઞ બની બેઠા!

શુભ અધ્યવસાયનું બળ વધારવા ગુણનું બળ વધારાય; અને જેમ ગુણનું બળ વધારવા

(૧) એની ભારે કદર ઊભી કરાય,

(૨) એનો રસ ભારે વધારાય,

(૩) એની અનુમોદના તીવ્ર બનાવાય, એમ

(૪) **એની સામેના અવગુણ અને એથી થતાં દેખીતા ધનાદિ લાભ વગેરેને તુચ્છ માનતાં ચાલવું પડે, તો જ ગુણની કિંમત લાગે, ગુણનું બળ વધે.**

અહિંસા એ ગુણ છે, એની સામે હિંસા–આરંભ સમારંભો, એ અવગુણ છે. તો હિંસાદિને અને એનાથી દેખાતા લક્ષ્મી આદિના લાભને અતિ તુચ્છ માનવા પડે. જેમ જેમ આ હિંસા અને લક્ષ્મી આદિ પ્રત્યે તુચ્છ ભાવ વધતો જાય, તેમ તેમ અહિંસાનું બળ વધતું જાય. એવું જ ક્ષમા, સહિષ્ણુતા, ગાંભીર્ય, ઔદાર્ય, દેવગુરુભક્તિ સાધર્મિકપ્રેમ વગેરે ગુણોમાં એની સામેના અવગુણો ગુસ્સો, સામનો, છીછરાપણું, કૃપણતા, ધનમૂર્ચ્છા, કુટુંબપ્રેમ વગેરેને તુચ્છ લેખવા જોઇએ. એનાથી લાભ થતા દેખાય એ પણ તુચ્છ. આપણી અજ્ઞાનતાના કારણે લાભ એ દુર્ગુણોથી થવાનું દેખીએ છીએ. ખરી રીતે તો લાભ

પૂર્વના પુણ્યના ઉદયે થાય છે. બાકી એ દોષો તો (૧) પાપની જ કમાઇ આપે છે; (૨) ચિત્તને મલિન બનાવે છે; (૩) સરવાળે દુઃખની જ પોક મુકાવે છે. એ દોષોની સામે પ્રશસ્ત ભાવ ઊભા કરવાથી દોષ દબાય છે.

**પ્રસન્નચંદ્ર રાજર્ષિને** પુત્રમોહ જાગ્યો, મન ચકડોળે ચડ્યું, વિચારમાં ને વિચારમાં ખૂનખાર લડાઈ લડ્યા ! પણ ક્ષણવાર પછી મનને થયું કે 'અરે ! હું મહાવીરનો શિષ્ય, ને મેં આ શું કર્યું ? પુત્ર કોણ અને રાજ્ય શું ? પરમાત્મપ્રેમ–ગુરુપ્રેમની આગળ પુત્રપ્રેમ ને રાજ્યલાભ તુચ્છ અતિતુચ્છ બની ગયો. એનું અને સંયમનું બળ વધતું ચાલ્યું. એના પર શુભ અધ્યવસાયધારા વધી, તે ઠેઠ કેવળજ્ઞાન સુધી લઈ ગઈ ! પ્રભુપ્રેમ–ગુરુપ્રેમનો ગુણ વિકસી ઊઠવો જોઈએ, તો સાંસારિક પ્રેમનો દોષ ઘટી જાય. અથવા સાંસારિક નાશવંત ધન માલ–પરિવાર તુચ્છ લાગી જવા જોઈએ. તો દેવગુરુ કિંમતી માલદાર લાગે ને એમનો પ્રેમ વધી જાય.

એમ જીવો પર દ્વેષ ઊઠી આવે એ ખોટું છે. એની સામે જીવોને અપરાધમાં કારણભૂત બનતા મોહ અને કર્મ સામે દ્વેષ ઊભો કરવો જોઇએ. અપરાધ-પાપ કોણ કરાવે છે ? પોતાનો મોહ, ને કર્મ. વારંવાર એ ભાવના કરાય કે 'આ જગતમાં કષાયો–અજ્ઞાનતા–મૂઢતા અને પૂર્વ કર્મ જીવ પાસે કેટલી કારમી પ્રવૃત્તિ કરાવે છે ! બિચારા જીવોને કેવા ફસાવે છે ! મને પણ કેવા એ કનડી રહ્યા છે ! મારી શક્તિ દ્વારા કેમ હું એ ખરા શત્રુઓને મહાત કરું, દબાવું, નષ્ટ

કરતો ચાલું! એમાં જ શક્તિ ખરચું! અવશ્ય ખરચું!'

આવું આવું કાંક કરતા રહીએ તો શુભ અધ્યવસાયને હૈયે જગા મળે, અને એનું બળ વધતું રહે.

**તન્મયતા વધારવા પર શુભ અધ્યવસાય પ્રબળ બને :**

આત્માના ગુણો અને ધર્મપ્રવૃત્તિમાં તન્મયતા વધારવા ઉપર શુભ અધ્યવસાયનું જોસ વધે છે. આ એક માનવ જીવનની અતિ દુર્લભ વિશેષતા છે, અને તે માર્ગે પુરૂષાર્થ ખાસ રાખવો જોઈએ. કોઈપણ ગુણ કે કોઈપણ ધર્મપ્રવૃત્તિમાં ય આ તન્મયતા વધારી શકાય છે, અને એનું ફળ મળે છે.

**નાગકેતુએ** ભગવાનની પૂષ્પ પૂજા વખતે તન્મયતા વધારી, તે એટલી બધી કે સર્પદંશની પીડામાં મન લેશ પણ વિહ્વળ થવા ન દીધું! તો એથી અધ્યવસાયની ધારા વિકસતા શુકલધ્યાન અને કેવળજ્ઞાન લાધ્યું! પૂજામાં લીનતા કેવી વિકસ્વર થઈ હશે! જિન સાથે એકરસતા ગાઢ અતિ ગાઢ બનતી ચાલી. જીવન જિનની સાથેની એકરસતાનું જ લાગેલું.

**રાજા હરિશ્ચંદ્રે** સત્ત્વગુણ એટલો અસ્થિમજ્જા કરવા માંડયો કે ઘોર કષ્ટમાં લેશમાત્ર પણ દીનતા–કાયરતા–થકાવટ ન આવવા દીધી. દેવતાઈ પરીક્ષા–વિધિમાં ઠેઠ સુધી અડીખમ રહ્યા. આમાં શુભ અધ્યવસાય પ્રબળ થતા જાય અને અપૂર્વ અપૂર્વ કર્મક્ષય નીપજતો જાય એ મહાન લાભ છે.

# પ્રકરણ ૨ ગુરુભક્તિ એટલે ગુરુમાર્ગ–સ્વીકાર

આ માનવ જીવનમાં કોઇ નક્કર વિશિષ્ટ કમાઈ કરી જવી છે? તો એકાદ પણ ધર્મપ્રવૃત્તિ જોસિલી બનાવતા જાઓ.

**ગૌતમ મહારાજે** ગુરુભક્તિગુણને એટલો બધો વિકસ્વર કર્યો કે ભગવાનનું નિર્વાણ સાંભળીને હવે ગુરુ-આગળ પોતાના એ બાલભાવના ગુણની સામે પોતે આખા સંઘમાં સૌથી ઊંચા વડેરા બન્યાનો લેશ માત્ર આનંદ કે ઉત્કર્ષ અનુભવ્યો નહિ. પણ ઉલટું ગુરુવિરહનું અપરંપાર દુઃખ અનુભવ્યું! એમાં ગુરુભક્તિ વધતાં વધતાં શુભ અધ્યવસાય ધારા વધી, ને એ દ્વારા ભક્તિ ગુરુએ અપનાવેલી વીતરાગતાને અપાવનારા અનાસક્ત યોગમાં પહોંચી ગઈ! રાગ–મમતા છૂટી ગયા! અધ્યવસાય વિકસ્વર થતાં થતાં શુકલધ્યાનમાં પહોંચી ગયા! ગુરુ પ્રત્યેની ઊંચી ભક્તિ શી? આ જ, કે ગુરુએ અપનાવેલ શુભ માર્ગ અપનાવી લેવાય; એ માટે એની આડે નડતા તુચ્છ પદાર્થોના સ્વાર્થ જતા કરાય.

દેવાધિદેવની ભક્તિનો જોસ વધારવો હોય તો એની આડે નડતા તુચ્છ પદાર્થોના સ્વાર્થની લાગણી કપાતી આવવી જોઈએ. મહારાજા શ્રેણિકને એક રત્નકાંબળ ખરીદવા મન માન્યું નહિ; પરંતુ ભગવાનની ભક્તિના જોશમાં ભગવાનની સુખશાતાના સમાચાર લાવનારને મોટા ઇનામથી

એ નવાજી લેતા! વીતરાગની ભક્તિ માટે ધન પરિવારના રાગ કાપવા પડે, ધનપરિવારને જતા કરવા પડે.

**જો ભક્તિ પાછળ કાંઈ જોખવાનું ન હોય,** ભોગ આપવાનો હોય નહિ તો એ ભક્તિમાં જોસ શી રીતે આવે? બોલો, ભગવાનની રોજની ભક્તિ પાછળ જાતનું કાંઈ ખર્ચવાનું રાખ્યું છે? એક રૂપિયાની–વરખ થોકડીના પાનાં સોળ, એમાંથી રોજ કદાચ એક આખું પાનું નહીં સહી, પણ અડધું ય પાનું પ્રભુને છાપો, તો ય મહિને માત્ર એક રૂપિયાનો ખર્ચ લાગે. આટલો ય ભોગ આપવાનો નિયમ છે? ભોગ આપ્યા વિના લુખ્ખો ભક્તિગુણ બળવાન શી રીતે બનતો જતો હશે? એના પર અધ્યવસાયનું જોસ કેમ વધે? પૂર્વ પુરૂષોના ચરિત્રોમાં માત્ર એક કમળપૂજા, અક્ષતપૂજા, ફળપૂજા વગેરે પર જિનભક્તિગુણ પ્રબળ થઈ અધ્યવસાયધારા વધવામાં સ્વર્ગનાં પુણ્ય ઊભા કરી દીધાનું આવે છે, તે આ ભોગ દેવા પર.

**કુમારપાળના જીવે** પૂર્વ ભવમાં અત્યંત ગરીબીમાં પાંચ કોડીનાં ફૂલથી પૂજા કરવામાં જિનભક્તિ ગુણ અને અધ્યવસાય એવા પુષ્ટ કર્યા કે એના પર અહીં અઢાર દેશનું રાજ્ય એ તો મામુલી વસ્તુ, પણ ગણધરપણાનું પુણ્ય ઊભું કરી દીધું! પાંચ કોડીની સર્વસ્વ મૂડી લગાવી દેવાનો ભોગ આપ્યો ત્યારે ભક્તિ થઈ, શુભ અધ્યવસાયધારા વધી, એથી પુણ્ય અને સંસ્કાર જમા થયા. શું સમજીને? 'આ જ કે વાહ! કેવા મારા તરણતારણ જિન!

મારા નાથ ! પ્રભુ આપની આગળ કશું ય શી વિસાતમાં છે ? ક્યાં આપનો અથાગ અમૂલ્ય ઉપકાર ? ને ક્યાં સો-હજાર-લાખમા ભાગે પણ આભાર વાળવાની ય અમારી ત્રેવડ નહિ ? પછી એની લાખમા કરોડમા ભાગની પણ કૃતજ્ઞતા અદા કરવાની વાત ક્યાં ? જો એ હોત, તો મળેલી તન-મન-ધન-ઇન્દ્રિયોની વિપુલ શક્તિઓમાંથી, પ્રભુ ! તમારી સેવામાં ને તમારી આજ્ઞાની આરાધનામાં કેટલીય લગાડયે જતા હોત ?'

## નિશ્ચિન્તતા-નિર્ભયતા કેમ નથી:—

જીવનમાં દિલનો મુખ્ય સંબંધ આત્મગુણોનો વિકાસ કરવાની અને શુભ અધ્યવસાયનું બળ વધારવાની સાથે રહે તો જ સતત જાગૃતિ રાખીને આ કાર્ય થવાનાં. નહિતર તો જડ પદાર્થો અને કાયાની સુખશીલતા-સન્માનનો ધસારો એવો છે કે એ જીવને તાણ્યા જ રહેવાના. મન એમાં ને એમાં વ્યગ્ર રહેવાનું. દિવસ અને રાત એ જ ગડમથલ. સાર શો નીકળવાનો ? હૃદય પર હાથ મૂકી ને કહો, શું એવા જડ જીવનમાં હૈયાને નિશ્ચિન્તતા-નિર્ભયતા છે ? કોઈના અકાળ મૃત્યુને જોતાં દિલમાં આંચકો આવે છે ને કે 'કદાચ આપણું ય કાંક આવું થાય તો ?'

અથવા કોઈ એવો રોગ ઊભો થતાં ડાકટર વૈદ કોઈ એવી ભયંકર આગાહીની સંભાવના કરે તો હૃદયના ઊંડાણમાં આઘાત લાગે છે ને ? અથવા વિશ્વયુદ્ધ, પાકીસ્તાની

બળવો, કે ચીનનાં આક્રમણ જેવી વસ્તુ ઊભી થાય તો હૈયે ધ્રાસકો પડે ને ? વિચારવા જેવું છે કે આ આંચકો, આઘાત, ધ્રાસકો પડવામાં શું કારણ છે ? જડ જીવન કે બીજું કાંઈ ? જડ જીવનમાં હૃદય એવું દુર્બળ બની જાય છે કે અનિષ્ટ સંયોગોનો વિચાર માત્ર પણ અસહ્ય બને છે. ત્યારે,

**જો જડ જીવનથી જ ધ્રાસકા પડે છે, તો નિશ્ચિન્તતા–નિર્ભયતા કેમ આવે, એ વિચારો.**

પરમાત્માની ભક્તિ, એમનું શ્રદ્ધા–ભરપૂર શરણ, ધર્મવૃદ્ધિ–ગુણવૃદ્ધિ અને શુભ અધ્યવસાય મુખ્ય કરેલા હોય એવા જીવનની બલિહારી છે કે દિલને સુંદર કોટિની નિર્ભયતા નિશ્ચિન્તતા આપે છે ! એથી એવા ધ્રાસકા આઘાત–આંચકાના ભોગ નથી બનવું પડતું. સ્વસ્થ જીવન-ધારા વહ્યે જાય છે. દુનિયા પાસે આ નથી; પણ જો આપણને વીતરાગ અરિહંત પરમાત્મા અને એમનું શાસન તથા એને સચોટ રીતે અનુસરનારા મહાપુરૂષોનાં આદર્શ-–જીવનનાં આલંબન મળ્યાં છે, તો આપણે તો એવી સ્વસ્થતા જીવનધારા બનાવીએ ને ?

**જીવનની બધી પ્રવૃત્તિનો સારો સરવાળો શુભ અધ્યવસાયની રક્ષા તથા વૃદ્ધિ છે.**

આ સતત લક્ષમાં રહે ને ? અને એ માટેના મુખ્ય પ્રયત્નમાં રહ્યા કરીએ ને ?

**મનના ઉઠાવાને વશ ન થાઓ :—**

ધ્યાન રાખજો, મન કદાચ કહેશે કે 'પણ સંયોગો અનુકૂળ જોઈએ ને ? શરીર સારૂં ચાલવું અને નિશ્ચિન્તતા હોવી જોઈએ ને ? પરંતુ મનના આ ઉઠાવાને મહત્વ આપતા નહિ, નહિતર ખરૂં કરવાનું રહી જશે. સંયોગો શરીર, ઉપાધિઓ તો કર્મના અનુસારે એની એ જ ઊભી રહેવાની, અને જીવનું પોતાનું હિત દૂર જ રહ્યા કરશે !

**ખરી રીતે એના એ જ સંયોગોમાં મનના ઉઠાવા રોકી વિચારસરણીનો ઝોક બદલવાથી શુભ અધ્યવસાય ઊભા કરી શકાય છે.**

**વિચારસરણીનો ઝોક બદલવા માટે:—**

(૧) નેગેટીવમાંથી પોઝીટીવમાં, નિષેધાત્મક નિરાશાત્મક વિચાર પદ્ધત્તિમાંથી વિધેયાત્મક અનુકૂળાત્મક વિચાર પદ્ધત્તિમાં ચાલ્યા જવું. તાવ આવ્યો, 'હાય ! હવે બધાં કામ અટકશે. કેટલું બધું બગડશે !' એમ નહિ પણ 'ઠીક છે, ( i ) આશ્રવોમાંથી આરામ મળ્યો, (ii) આત્મ–વિચાર કરવાની તક મળી. (iii) થોડું સહન કરવાની શક્તિ અને સત્ત્વ પણ ખીલવી શકાશે.'... આવી આવી લાઈનની વિચારપદ્ધત્તિ અજમાવવાની. જે સંયોગોને આપણે અટકાવી શકતા નથી, એના પર રોવાથી શું ? મન બગાડવાથી શો લાભ ? એ સંયોગોમાં અનુકૂળ જ વિચાર બનાવી લેવા.

(૨) વિચાર કોઈ બીજા જ ચાલુ કરવા કે જેમાં મનને સ્ફૂર્તિ મળે. દા. ત. મહાપુરુષોના પરાક્રમોના, જીવાજીવાદિ તત્ત્વના, રળિયામણાં તીર્થસ્થાનોના, વાંચેલા

સાંભળેલા ઉપદેશના, વગેરે વગેરે વિચાર ચાલુ કરી દેવા.

(૩) સંકલ્પ કરવો કે 'મારે આ વાત વગેરેમાં આટલા નવકાર યા એના પહેલા પદનો જાપ કરવો છે.' પછી તે જાપ ચાલુ કરી દેવાનો સંકલ્પ છે એટલે એનું કાર્ય ચીવટ અને ગણતરી પૂર્વક ચાલશે.

(૪) 'અરિહંતાદિ ચારનાં શરણ સ્વીકારી અરિહંતની પ્રાર્થનામાં મન લગાડી દેવું. એ પ્રાર્થના પણ ઉમદા વસ્તુની. દા. ત. પ્રભુ! મને શુભ અધ્યવસાયની બક્ષીસ કરો, મારે સદ્બુદ્ધિ અને સમાધિ સુરક્ષિત રાખો. 'સમાહિવરમુત્તમં દિંતુ.' હું તમારા શરણે છું. મને તમારા અચિંત્ય પ્રભાવે જરૂર આ મને પ્રાપ્ત થશે.' વારંવાર આ પ્રાર્થના કરવી.

(૫) ગુણવિકાસ અને સુયોગ્ય વિચારસરણીની જેમ એવું સુંદર તાત્ત્વિક આધ્યાત્મિક વાંચન તથા કોઈ એવી ઉલ્લાસપ્રેરક ધર્મપ્રવૃત્તિ પણ શુભ અધ્યવસાયની જાગૃતિ અને પુષ્ટિ કરે છે.

મુખ્ય કામ આ છે, શુભ અધ્યવસાય સદા રમતા વિકસતા રાખવાની ખાસ તમન્ના જોઈએ; અને જ્યારે, બહુ સૂક્ષ્મ સમયે સમયે આત્મા પર કર્મનો બંધ ચાલુ છે, તેમ જ એ કર્મબંધ શુભ થાય કે અશુભ, એનો મુખ્ય આધાર અધ્યવસાય પર છે, શુભ અધ્યવસાયે શુભ અને અશુભે અશુભ કર્મબંધ એ સ્થિતિ છે, તો પછી શુભ અધ્યવસાય જાગતા રાખવાની તમન્ના કેમ ન થાય? સહેજ પ્રમાદમાં–ગફલતમાં–ઘેલછામાં અશુભ અધ્યવસાય

કરી અશુભ કર્મ ઊભાં કર્યાં તો એ પછીથી વેઠવા કોને પડવાનાં? આપણને પોતાને જ. એમા ય અહીં અધ્યવસાય બગાડવાનો કાળ મામુલી, પણ એનાં ફળ રૂપ અશુભ ભાવ અને અશુભ કર્મના ઉદય ભોગવવાનો કાળ જંગી! તેમ જ પ્રમાદ વખતે જીવને મઝા-અનુકૂળતા જેવું લાગે તો તે મામુલી, પણ એના અશુભ કર્મના ઉદય વખતની દુઃખદ સ્થિતિ ભારે! તાત્પર્ય, અશુભ કર્મબંધ અને અશુભ સંસ્કાર તરફ આંખ મિચામણા કરવા જેવા નથી. એને વધાવી લેવાય કે 'શું કરીએ? સંયોગ એવા છે, પુણ્ય કાચાં છે, અશુભ કર્મ બંધાઈ જાય છે, એમાં શી રીતે બચાય?' આવી બેપરવાઈ નહિ કરવાની. અશુભ ન બંધાવા દેવાની અર્થાત્ અધ્યવસાય ન બગાડવાની પાકી ગરજ અને ચીવટ રાખવાની; અને એ અઘરૂં નથી કે ચિત્તના અધ્યવસાય મેલા ન થવા દેતાં, નિર્મળ રાખીએ. કેમકે એ આપણા વિવેક અને પુરુષાર્થને આધીન છે.

## અધ્યવસાય-શુદ્ધિ માટે તત્વ-પ્રયોગઃ-

અધ્યવસાય, એના એ જ નબળા સંયોગ ને નબળી પુણ્યાઈમાં પણ, ઊજળા નિર્મળ રાખવા માટે આ એક ખાસ કરવા જેવું છે કે, મનનું વલણ તત્ત્વ તરફ ઝુકતું-ઢળતું રાખવું. જીવ-અજીવ, પુણ્ય પાપ, આશ્રવ-સંવર, બંધ-નિર્જરા અને મોક્ષ, આ મુખ્ય તત્ત્વ છે. જીવનમાં બનતા બનાવ વખતે આ નવમાંથી જે તત્ત્વ લાગુ થતું હોય એને અનુરૂપ વલણ ચિત્તનું રાખવાનું. દા. ત. આરંભ

–સમારંભનો પ્રસંગ છે તો એ આશ્રવ તત્ત્વ છે, એને અનુરૂપ મનોવલણ હેયતા–ત્યાજ્યતા–ભય–અરુચિનું હોય, એમ

## બીજાની બૂરાઈ પ્રત્યે ઉદાસીનતા–કરુણા:–

પ્રસંગ કોઈ માણસની બૂરાઈ જોવા–સાંભળવાનો આવ્યો ત્યાં પહેલો તો ઉદાસીન ભાવ કેળવવો કે 'જીવો કર્મ-વશ છે. આપણે સામાની બૂરાઈ તરફ ઉદાસીન રહો.' કદાચ મગજમાંથી એનો વિચાર ન જ ખસતો હોય તો દયા ભાવ લાવો. 'બિચારો જીવ કર્મ–પીડિત ! તેવા મોહનીય કર્મના ઉદયે ખોટું કરી રહ્યો છે. એને સદબુદ્ધિ મળો, સદ્ભાવના જાગો અને એની બૂરાઈ દૂર થઈ જાઓ !' દિલના પીગળવા સાથે એની દયા ઉભરાવવાની. આ દ્વેષ અટકાવી કષાય–નિગ્રહરૂપ સંવર–તત્ત્વનું આલંબન કર્યું કહેવાય.

## બિમારીમાં નિર્જરા તત્વ :–

એમ આપણી બિમારીનો પ્રસંગ આવ્યો, ત્યાં નિર્જરા તત્ત્વ ખોલવાનું. મનનું વલણ આ અશુભ કર્મના ઉદયમાં અશુભ ખપી જવાથી અને કાયક્લેશ સમભાવે સહવાથી કર્મની નિર્જરા થવાના હિસાબે પ્રસન્નતાનું રાખવાનું. વળી સ્વેચ્છાએ સહી લઇએ, દિલમાં ધીરજ, હિંમત ધરી અને આપણે કરેલાં આપણે ભોગવવાં જોઇએ એવી શાહુકારી રાખી ભોગવી લેવાય, તો વિશેષ કર્મ–નિર્જરાનો લાભ થાય છે. એના તરફ ઉદ્વેગ શા માટે ?

## જડ પ્રત્યે વિચારણા :–

એમ જગતના સારા-નરસા જડ પદાર્થો નજરે ચઢવાના પ્રસંગ ઘણા આવે છે. ત્યાં 'એ અજીવ તત્ત્વ છે, માત્ર જ્ઞેય તત્ત્વ છે. ઉદાસીન ભાવે જોવાનું-નવાજવાનું તત્ત્વ છે.' એમ વિચારી મનનું વલણ ઉદાસીન રહે, ઉપેક્ષાવાળું રહે, કોઇ રાગ નહિ, કોઈ દ્વેષ નહિ. તે એમ વિચારીને કે 'આ બધું અનિત્ય છે, પરિવર્તનશીલ છે; શુભ અશુભ થાય, ને અશુભ શુભ થાય. મારે કાંઇ આની સાથે કાયમના મેળ નથી. તો એમાં શું અટકી પડવું હતું? શા રાગ કે દ્વેષ કરવા? શા વાતવાતમાં મારા આત્માને વિકાર જગાડવા? જડ એનું કામ કરે, મારે મારું કામ કરવાનું. મારું કામ મારા આત્માના જિનભક્તિ જીવદયા વૈરાગ્ય, ક્ષમા, નિસ્પૃહતા વગેરે ગુણો પુષ્ટ કર્યે જવાનું. જગત એની રાહે ચાલે એમાં મારે હરખાવા-કરમાવાની જરૂર નહિ. જડની પાછળ એમ નાચ્યા કરવામાં હું કેટલે પહોંચીશ? જડના વિચિત્ર પર્યાયોના ઢંગ તો પાર વિનાના છે. એની પાછળ મારે રાગ-દ્વેષથી વિકૃત થવાની જરૂર નથી. અવધુ સદા મગન મેં રહના. પોતાના વૈરાગ્ય, સમતાના પર્યાય ન બગડે એ જોવાનું.'

તત્ત્વચિંતન, તત્ત્વપરિણતિ, તત્ત્વમુખું દર્શન એ શુભ અધ્યવસાયની રક્ષા માટે અદ્ભુત ઉપાય છે. એ ઉપાય જો ખરેખર દિલથી સેવવામાં આવે, તો આત્માના અધમ દોષો,-અહંત્વ, મદ, માયા, ઇર્ષ્યા, જૂઠ, અનીતિ વગેરે પર અંકુશ આવી જાય છે. હૃદયથી તત્ત્વની પિછાણ

કરી હૈયે તત્ત્વ પરિણમાવ્યું, પછી ત્યાં અહંત્વ વગેરેને શું કામ પોષવા પડે? ગમે તેવી કરોડો રૂપિયાની પણ સંપત્તિ જો અનિત્ય તરીકે લેખી, કર્મના ઉદય તરીકે જોઈ, મહા આશ્રવના અંગ રૂપે નિહાળી, પછી એના પર શું અહંત્વ કરાય? એમ બીજા જીવોમાં એવા કર્મના ચમકારા દેખ્યા, ત્યાં એ જીવ ઉપર શી ઈર્ષ્યા કરાય? અથવા જો એ આત્મગુણમાં આગળ વધે છે તો એ એનું પરાક્રમ છે. એની અનુમોદનાને બદલે ઈર્ષ્યા કરી એવાં સારા નિમિત્તે પોતાના આત્મામાં શુભ કમાઈ મૂકી બગાડો કોણ ઘાલે? સામો સારૂં જીવન જીવીને સંવરતત્ત્વની પોતે ઉપાસના કરવા દ્વારા આપણને પણ શુભ ભાવને અનુમોદનાનું સંવર તત્ત્વ પૂરૂં પાડે છે. તો એને તે જ રીતે અપનાવવામાં ડહાપણ થાય. ગુણની ઈર્ષ્યા કરવામાં તો ઉલટું સામાના સંવરે આપણે આશ્રવમાં પડવાનું થાય. એવી મૂર્ખાઈ કોણ કરે? તત્ત્વધારાએ ચાલી આ જીવનમાં બને તેટલી સંવર-નિર્જરાની કમાઈ કરી લેવા જેવી છે; આત્મદોષોનો હ્રાસ અને આત્મગુણોની ઉપાસના કરવા જેવી છે, અશુભ અધ્યવસાય અટકાવી શુભ અધ્યવસાય દિલમાં રમતા રાખવા જેવા છે.

# પ્રકરણ ૩ આત્મા-સૌથી વધુ કિંમતી

પેલો રાજકુમાર પોતાના શીલ બળ ઉપર દુશ્મન સુભટોને સ્થંભિત થઈ ગયેલા જુએ છે, પરંતુ એના પર અભિમાને નથી ચડતો, યા સામા પર દ્વેષભાવમાં નથી પડતો, કે 'કેવો મારો પ્રભાવ ! કેવા આ લુચ્ચાઓને થંભી જવું પડયું !' ના, કોઈ અશુભ ભાવ નહિ. એ તો શીલનો પ્રભાવ જોઈ શીલ પર ઓવારી જાય છે. અરિહંત પ્રભુની દયા પર ઓવારી જાય છે. 'ભગવાનની કેવી કૃપા કે એના પ્રભાવે આવા શીલનું બળ મળ્યું !' બસ, આવી કોઈ શીલની અનુમોદના, કોઈ અરિહંત પ્રત્યેની કૃતજ્ઞતા વગેરે મુદ્દા પર નિર્મળ અધ્યવસાયની ધારાએ ચઢયો, તે એને ત્યાંજ અવધિજ્ઞાન પ્રગટયું ! અસંખ્ય ભવ નજરે નિહાળ્યા ! એની વિકરાળ દુઃખદ સ્થિતિ જોતા ક્ષણભર મૂચ્છિંત થઇ ગયો.

અહીં બીજી બાજુ એવું બને છે કે આ હિરણ્ય-કરટી નગરી પર ધાડ પાડનાર રાજાએ પહેલાં તો સુભટોને મારફાડ કરી નગરનો કબ્જો લેવા મોકલ્યા છે; હવે એ કિંમતી માલ હસ્તગત કરવા બીજા માણસોને મોકલવાનું કરે છે. રાજા અધમ છે, માયાવી છે, નિષ્ઠુર છે, અનીતિ-ખોર છે, એટલે જીવનમાં આવા ધંધા ન કરે તો બીજું શું સારૂં કરે ?

**દિલના ભાવનું પ્રતિબિંબ પ્રવૃત્તિમાં પડે છે.** દિલ જો મલિન ભાવમાં રમતું હશે તો સહેજે પ્રવૃત્તિ

અધમ થવાની. એ જ કાળ અને એ જ દેશમાં જ્યારે પેલો રાજકુમાર ઉત્તમ પવિત્ર ભાવમાં રમતો ઉત્તમ પ્રવૃત્તિ આચરી રહ્યો છે, ત્યારે તેજ કાળ-ક્ષેત્રમાં આ રાજા હલકટ ભાવમાં તણાયો દગો-પ્રપંચ-મારફાડ-લૂંટ કરવાની અધમ પ્રવૃત્તિ આચરી રહ્યો છે. જીવોની કેવી વિચિત્રતા છે! જગતમાં સારા નરસાં બે ય જાતના તત્ત્વ મળે; ઉત્તમ અધમ બંને ભાતના માણસો હોય. એમાં સારા ઉત્તમ બનવાની પોતાની ધગશ હોય, તો કોઈ અટકાવતું નથી, ને અધમ થવું હોય, તો ય કોઈ અટકાવતું નથી, અંતરમાં પૂછી લો કે, **આપણે સારા ઉત્તમ દિલના બનવાની, બન્યા રહેવાની ધગશ કાયમ રહ્યા કરે છે ને?** આ ધગશ હોય, એની પાકી ગરજ હોય, પછી દિલ ઉત્તમ રાખવામાં શી વાર લાગવાની?

### દિલ ઉત્તમ રાખવાના ૨ ઉપાય :—

### (૧) આત્માને કિંમતી સમજવો :—

દિલ ઉત્તમ બન્યું રાખવાની ભૂમિકામાં પહેલા નંબરમાં જગતના ગમે તેટલા કિંમતી જડ પદાર્થોની પણ કિંમત મામુલી, અને પોતાની, પોતાના ઉત્તમ દિલની કિંમત એના કરતાં લાખો-ક્રોડોગુણી ઊંચી હૈયે અંકિત કરી રાખવી પડે. આનું કારણ સ્પષ્ટ છે કે એ કિંમતી પણ જડ પદાર્થો જો દિલ શાંત ને સ્વસ્થ હોય તો જ સુખકારી લાગે છે. ગમે તે કલ્પનાથી એ દિલ બળતું હોય તો એ જડ પદાર્થ સુખકર નથી લાગતા. વળી જીવ

મોટા ભાગે દિલ અધમ બનાવે છે તે જડવસ્તુના કારણે; પછી ભલે એ દુન્યવી માન-સન્માન-સત્તાના કારણે હોય, તોય તે જડ વસ્તુ જ છે. દિલ 'અધમ' એટલે ક્રોધ-અભિમાન-માયાપ્રપંચ-આસક્તિ-લંપટતા-ઇર્ષ્યા - વેરઝેર-નિંદા વગેરેમાંના કોઇથી રંગાયેલું રહે છે. આ જડના કારણે થાય છે, માટે જડને જ કિંમત વિનાનું ગણી પોતાના ઉત્તમ દિલને મહાકિંમતી ગણવું.

### આત્મા સૌથી વધુ કિંમતી શાથી :—

ખરેખર જુઓ તો દેખાશે કે બંગલા-બગીચા-માલ-મિલ્કત-ખાનપાન વગેરે બધું જ કામનું શાના ઉપર ? અહીં આત્મા હયાત હોય એના પર ને ? આત્મા જો પરલોક ચાલી ગયો, તો પછી એના માટે પેલા શા કિંમતી ? કશા નહિ. કોહિનૂર હીરો ગમે તેટલો અઢળક કિંમતવાળો હોય; પણ એ જોનાર-ભોગવનાર આત્મા હયાત હોય તો એને એ કામનો ? કે મરી ગયો હોય તો પણ ? તાત્પર્ય, બધું ય આત્માની પાછળ છે.

### હવે જ્યારે આત્મા કિંમતી છે, તો તે અધમ દિલવાળો કિંમતી કે ઉત્તમ દિલવાળો ?

અધમ દિલવાળો હશે તો તે જાતે પોતે જ પોતાની કિંમત, પોતાનું વર્ચસ્વ, પોતાનો મોભો-ગૌરવ હલકું પાડશે, અને જડ પદાર્થ-પ્રતિષ્ટા-સત્તા-શેઠાઇને કિંમતી ગણી એનું વર્ચસ્વ પોતાના ઉપર સ્થાપશે, જાણે પોતે એનો ગુલામ! એના નાચે નાચનારો! એની વાંકાશમાં

રાંકડો બની રોવા બેસનારો! વેશ્યા વાંકી થાય ત્યારે એનો યાર રોવા બેસે ને? શા માટે? દિલ વાસનાના કીચડથી ખદબદતું છે, અધમ છે, તેથી. જો નિસ્પૃહતાદિ ગુણોથી દિલ ઉત્તમ હોય તો લાત મારીને ઊભો રહે; 'ચાલ, તારા ઊંચાનીચા થવામાં હું આ ઉત્તમતા ન છોડું; તારે બગડવું હોય તો બગડ-મારે શું?' આમ જુઓ કે આ લોકની દૃષ્ટિએ ઉત્તમ દિલવાળો આત્મા જ કિંમતી છે. દિલ ઉત્તમ છે તો મહા સુખશાંતિ છે.

પરલોકની દૃષ્ટિએ પણ ઉત્તમ દિલવાળો આત્મા જ કિંમતી છે એમાં પૂછવું જ શું? કેમકે એવા દિલ પર જ મહાન પુણ્યાઇ, સદ્ગતિ, સંક્લેશ વિનાના ભોગ વૈભવ, અને ઉત્તમ ધર્મસાધના પ્રાપ્ત થઈ શકે છે.

સારાંશ, જડસામગ્રી-સત્તા-સન્માન કરતાં ઉત્તમ દિલને, ઉત્તમ દિલવાળા-પોતાના આત્માને, ઘણો વધુ કિંમતી માનવો, એ દિલ ઉત્તમ રાખવાનો પહેલો ઉપાય છે.

## (૨) મૈત્રી-દયા-રાખો :-

દિલ ઉત્તમ બનાવવા બીજો ઉપાય (૧) સર્વ જીવો પર નીતરતો મૈત્રીભાવ-સ્નેહભાવ, અને (૨) દુઃખી જીવો પર વિશેષ કરીને દયાભાવ રાખવો એ છે. ધ્યાનમાં રહે કે **જીવ ભૂખ-તરસ-અપમાન-મારપીટ વગેરે દુઃખના જેમ અજ્ઞાન-કષાય-હિંસાદિ પાપોથી પણ દુઃખી જ છે;** કેમકે ભયંકર દુઃખો એને નજીક આકર્ષી રહ્યા છે. હવે જેમ જડ પદાર્થોના મોહ ખાતર દિલ

અધમ બનાવાય છે, એમ જે જીવો અજ્ઞાનાદિવશ આપણું બગાડતા લાગે એના પર જો દ્વેષ ઊભરાય, દયાભાવ નહિ, તો તેથી પણ દિલ અધમ બને છે. ત્યારે જો મન પર સતત ચોકી પહેરો રાખી જીવો પર નીતરતો વાત્સલ્યભાવ, ને દયાભાવ બરાબર જીવંત રાખીએ, 'બિચારો જીવ કર્મપીડિત છે, કર્મવશ છે, કર્મનો હાલ માર ખાઈ રહેલા અને ભવિષ્યમાં માર ખાનારા એવા એના પર મારે દ્વેષ શો કરવો? દયા જ રહો, પ્રેમ જ રહો, બિચારાને સન્મતિ મળો,'– આ ભાવના મનમાં રમતી રાખીએ, તો દિલને અધમ બનવાનું કારણ નથી.

કહો જો, દ્વેષને બદલે દયાભાવની લાગણી રાખો તો શું એમાં આત્માનું ગૌરવ હણાય છે? આત્મા મુફ-લીસ લાગે છે? દ્વેષ કરે તો આત્મા પરાક્રમી? ભૂલા ન પડતા, ખરૂં પરાક્રમ જ વિકટ સંયોગોમાં પણ દયાભાવ જાળવવામાં છે; ગૌરવ એમાં છે. સત્ત્વ એમાં છે. દ્વેષ કર-વામાં તો નિઃસત્વતા છે, કાયરતા છે, પુરુષાર્થહીનતા છે.

એટલે (૧) જીવો પર દયાભાવ, અને (૨) જડ કરતાં સ્વાત્માની કિંમત કેઈગુણી ઊંચી હોવાનો ખ્યાલ, આ બે ઉપાયથી દિલ ઉત્તમ રાખી શકાય છે.

જડની કિંમત નીચી તે નીચી જ. જડ વિષયો આદિથી ગમે તેવું સુખ લાગતું હોય, પણ જડની એવી કિંમત-આંકણી અને મમતા નહિ કે સ્વાત્માને એની આગળ નિમૂર્લ્ય

ગણવો. ઉત્તમ દિલવાળો આત્મા કિંમતી છે, જડસુખો અને પદાર્થો તુચ્છ છે. એમાં તણાઈ જવું ખોટું છે. એથી દયા ઘવાય છે.

**અસંખ્યના સંહાર પરનાં સુખ અને પૈસા કેવા લાગે :—**

જીવ મહાઆરંભ સમારંભ કરવામાં અસંખ્ય સ્થાવર જીવોની દયા ભૂલે છે, તે આરંભાદિ કોની ખાતર ? (૧) જડ પદાર્થોના ક્ષણિક સુખ, અને (૨) જડ લક્ષ્મીની મમતા ખાતર જ ને ? પણ એ ખબર છે કે એ તુચ્છ સુખની ભૂખ અને જડની મમતા મટે છે ? ના, રોજ ને રોજ એની ખણુજ ચાલુ છે ! એટલે પછી એના માટેની વેઠ પણ હંમેશની માથે લાગી જ છે ! શું કરવાનું આ સુખને ? આ મમતાને ?

**જડના સુખ અંગે વિચારઃ—**

આવા સુખની પાછળ પાગલતામાં અસંખ્ય જીવોની દયાનો વિચાર જ નહિ કરવાનો ? આજ ને આજ એવા સુખની લાલસા ન મૂકાય એ બને, પણ એ સુખ કેટલી હિંસાના ઉપર ઊભું થાય છે એનો વિચાર પણ ન કરી શકાય ? વિચાર તો લાવવો ને ? એ લાવો એટલે એ જીવોની દયા તો ઉભરાય ને ? પોતાની એ જીવો પ્રત્યેની અપરાધિતા તો મનમાં આવે ને ? શું આપણે એ જીવોના અપરાધી નથી ? એવા અપરાધ કરીને મળેલા સુખ ઉપર નિર્ભયતા રહે કે ભય લાગે ? ખુશીનો પોટલો થવાય કે ખેદ થાય ?

**લોઢીના બંગલા પર ખુશી :—**

રસ્તે ચાલતાં કોઇ સુંદર બંગલો દેખાયો, ને કોઇને

પૂછ્યું કે આ કોનો બંગલો છે ? ત્યાં એણે કહ્યું કે 'આ તો પેલા રોજના સેંકડો પશુ મારનાર કસાઇનો.' તો એ સાંભળ્યા પછી એ બંગલા પર રાગ થાય ? હરખ થાય ખરો કે 'વાહ ! કસાઈ ભાગ્યશાળી કે એને આવો બંગલો છે ?' ના, રાગે ય નહિ ને હરખે ય નહિ. કેમ ? એટલા માટે, કે જીવોની ઘોર હિંસામાંથી આ બંગલો ઊભો થયો છે. 'લોહીનો બંગલો છે એ,' એમ લાગે છે. બંગલાવાળો જીવોનો ભારે અપરાધી છે.

બસ, તો એવી રીતે આપણા ધર્મે સમજાવ્યું કે પૃથ્વીકાય–અપકાય વગેરે અસંખ્ય જીવો છે. એના સંહાર ઉપર વેપાર–ધંધા ચાલે છે, અને વિષયસુખો ઊભા થાય છે. તો એવા હિંસા પર ઊભા થયેલા પૈસા–ટકા, મકાન–વાડી અને ઇન્દ્રિય–સુખો પર રાગ થાય ? હરખ થાય ? એની ખાતર દિલ અધમ કરીએ ? એ જીવોના અપરાધી એવા આપણે ગુમાનથી ઊંચે મોઢે ફરી શકીએ ?

**જીવો આપણા ઉપકારી ? કે આપણે જીવોના અપકારી ? :—**

અહીં એક પ્રાસંગિક વિચાર છે. એ પૃથ્વીકાયાદિ જીવોના કલેવર પર આપણે માલ–મિલ્કતવાળા અને ઇન્દ્રિયસુખના ભોક્તા બનીએ છીએ. તો પ્રશ્ન છે કે

(૧) એ જીવોને આપણા ઉપકારી માની એની પ્રત્યે કૃતજ્ઞતા દાખવવાની ? કે

(૨) એ જીવોના આપણે ઘોર અપરાધી હોવાનું

માની વારંવાર એની ક્ષમા માગવાની ?

**દૃષ્ટિ બે છે,–**

એકમાં જગતના જીવો આપણાં સુખનાં સાધન બનવાથી એને ઉપકારી માનવાની વાત છે.

બીજી દૃષ્ટિએ જગતના જીવોના આપણે ઘાતક હોઈ આપણે એના અપરાધી હોવાની વાત છે.

બેમાં તાત્ત્વિક દૃષ્ટિ કઈ ? જૈન શાસ્ત્રને અનુકૂળ દૃષ્ટિ કઈ ?

**સર્વ જીવો આપણા ઉપકારી ? કે આપણા અપરાધ પામેલા ? :—**

જૈન શાસ્ત્રો તો કહે છે કે જગતના જડ પદાર્થોએ જીવને ઘેલો બનાવી રાગ કરાવી કરાવી અનેકાનેક દુષ્કૃત્ય કરતો અને ભવોભવ ભટકતો રાખ્યો છે. ઉપદેશ–માલામાં શ્રી ધર્મદાસગણી મહારાજ કહે છે કે 'અહો ! આ જગતમાં વિષયો ન હોત તો જીવો કેટલા બધા સુખી અને દુઃખરહિત હોત ?' તાત્પર્ય, વિષયોએ જીવને ભયંકર અનર્થ કર્યો છે, અને કરે છે, માટે જીવના એ ભારે અપકારી છે. હવે વિચારો કે પૃથ્વીકાયાદિ જીવો આ મોહક વિષયભૂત જડ શરીર ધારણ કરી શું જગતના જીવોને ઉપકારનું સાધન આપી રહ્યા છે કે અપકારનું ?

**તાત્ત્વિક દૃષ્ટિએ શું ? :—**

અલબત્ અપકારી તો જીવની વિષય–વાસના છે. વાસના ન હોય તો વિષયો શું કરી શકે ? માટે વિષયો કે એનાં

શરીર ધારણ કરનાર જીવો તત્ત્વથી અપકારી નથી, પણ એ રીતે વિચારતાં તો એ જીવો તો પછી ઉપકારી પણ શાના? એ જ સુખ પૂરું પાડે છે એમ દેખાય છે, એ પણ જીવના કર્મના ઉદયનાં ઘરનું છે. તો કર્મોદય ઉપકારી બન્યો; જીવ નહિ. વળી એ સુખ જીવનું ઉપકારક પણ નથી. ઉલ્ટું એવા સુખની લાલસા-લંપટતામાં જ જીવો આ ભવચક્રમાં ભટકે છે. એટલે,

**તાત્ત્વિક દૃષ્ટિએ એ જીવો નથી તો અપકારી, કે નથી તો ઉપકારી.**

**તો પછી માનવું શું?:-**

આમ હોવા છતાં જેણે મોહ ઓછો કરવો હોય, એણે માનવું તો આ જ જોઈએ કે 'આ પૃથ્વીકાયાદિના બનેલા બંગલા-હીરામાણેક-સોનું ચાંદી મેવા-પકવાન્ન વગેરે તો જીવને મહા મોહાંધ અને રાગમૂઢ કરનાર હોવાથી અનર્થકારી છે, અપકારક છે.' એમ માનતો રહે તો ક્રમે ક્રમે એનો ત્યાગ કરવાની ધગશ રહે. નહિતર તો તે માત્ર પોતાની અંદરની વાસનાને જ અનર્થકારી માને, અને બાહ્ય વિષયને અનર્થકારી ન માને, તો ભુલાવામાં પડી જાય. ત્યાં તો મન કહેશે 'હું વાસના નહિ રાખું, વિષયો ભલે મારી પાસે રહે.' પણ વિષયો જો પાસે રાખવામાં વાંધો ન હોત, વિષયો અનર્થકારી હોઈને ત્યાજ્ય ન હોત, તો તીર્થંકર ચક્રવર્તી જેવાઓએ એના ત્યાગ શું કામ કર્યા હોત? એને પાસે જ રાખતા ને? પાસે રાખીને

પણ એ વાસના રહિત હોત ને ?

**જીવોને ઉપકારી માનવાનું કેટલું વ્યાજબી ? :—**

એટલે વાત આ આવીને ઊભી રહે છે કે અલબત્ વિષયો અને વિષયમય પૃથ્વીકાયાદિ જીવો તાત્ત્વિક દૃષ્ટિએ ઉપકારી ય નહિ, ને અપકારી ય નહિ; છતાં વૈરાગ્ય અર્થે માનવાનું આ રહે છે કે 'આ ભારે અનર્થકારક છે, અપકારક છે; માટે એનો સંગ છોડવા જેવો છે.' હવે વિચારો કે વિષયસુખ પૂરા પાડવામાં નિમિત્ત થનારા જીવોને ઉપકારી માનવાનું કેટલું વ્યાજબી છે ? તાત્ત્વિક દૃષ્ટિ અને વૈરાગ્યની દૃષ્ટિ, એમાંથી એકે દૃષ્ટિએ ઉપકારી માનવાનું ઉચિત ખરૂં ? તાત્ત્વિક દૃષ્ટિએ ઉપકારી નથી, તેમ વૈરાગ્ય દૃષ્ટિએ ઉપકારી માનવામાં તો ઉલ્ટું વિષયરાગ પોષાતો રહેવાનો.

માટે ખરી રીતે તાત્ત્વિક દૃષ્ટિ તો આ રાખવાની છે કે 'આપણા તુચ્છ સ્વાર્થમાં એ પૃથ્વીકાયાદિ જીવોનો આપણે નાશ કરતા આવ્યા છીએ, એટલે આપણે એમના ઘોર અપરાધી છીએ,' આ નક્કર હકીકત છે. જરા પેલા કસાઈનો દાખલો વિચારો.

**કસાઈ બકરાને ઉપકારી માને તો ? :—**

કસાઈ એમ કહે કે 'આ બકરા-ઘેટા વગેરે મારા બહુ ઉપકારી છે. એ મને આજીવિકા રળાવે છે, સુખ આપે છે,'—તો એ કેટલું વ્યાજબી છે ? જો એમ એ ઉપકારી માનતો રહે તો શું કદીય એને એમની હિંસા મૂકવાનું મન થાય ? હિંસા પર ઘૃણા-દુઃખ-ખેદ થાય ? કે એ

તો હિંસા કરતો રહેવાનો, ને ઉપકારે ય માનતો રહેવાનો ?

પ્ર૦—પણ જો એ જીવનો એ સાચો ઉપકાર માને તો એની કૃતજ્ઞતા રૂપે હિંસા ન છોડે ?

ઉ૦—ના, શું કામ છોડે ? કૃતજ્ઞતા એટલે કે ઉપકારના બદલામાં અવસરે પોતાનો જીવ આપવાની વાત આવે, અને એ બનવાનું નથી. બાકી એની હિંસા પોતાના જીવનનિર્વાહ માટે અનિવાર્ય સમજી ઉપકારના બદલા તરીકે એ આ મૈત્રી ભાવના ભાવી શકશે કે "સૌ જીવો ભેગું આનું ય ભલું થાઓ, સૌ ભેગાં આ પણ સુખી થાઓ !" એ ચિંતવવાનું કાંઈ કઠિન નથી. એ તો સહેલું ને સટ ! તો પૃથ્વીકાયાદિ જીવો માટે પણ એમ જ વિચારવાનું થવાનું. કહેવાય છે ને કે બધા જીવો આપણા ઉપકારી છે માટે મૈત્રી ભાવના કરો કે 'સૌનું ભલું થાઓ ?' શું ત્યાં જાતે એની હિંસા છોડવાનું ભાવવામાં આવે છે ખરું ?

## કસાઈ હિંસા ક્યારે છોડે ?

એટલે ખરી વાત એ છે કે કસાઈ જો માને કે 'હું આ બધા મારાથી મરાતા જીવોનો ઘોર અપરાધી છું, બિચારાને મહા ભયંકર મોતનું ને જીવતા કપાવાનુ દુઃખ આપી અહીં પણ એમની કરુણ દશા કરી રહ્યો છું ! અને એ રીતે કપાતા એ જીવને ભારે ચિત્તસંક્લેશ તથા આર્ત–રૌદ્ર ધ્યાન થવાથી એ ભવાંતરે દુઃખદ દુર્ગતિ પામે એ પણ એમની કરુણ દશા કરી રહ્યો છું ! બંને સ્થળે

બિચારા એ જીવોને અહીં અને ભવાંતરે કેટલો ત્રાસ!' એમ એ જીવોની ભારોભાર દયા ઊભરાય, અને પોતાનો એમાં ઘોર અપરાધ જણાય, એ અપરાધનાં દારુણ વિપાક સમજાય, તો એ જીવોની ક્ષમા માગવાનું અને એવાં અપરાધ ઓછા કરવાનું મન થાય.

**આપણે અપરાધી હોવાની માન્યતામાં મૈત્રી:-**

બસ એજ રીતે અહીં વિચારવાનું છે. માટે જ 'પૃથ્વીકાયાદિ જીવો આપણને સુખ આપે છે માટે આપણા ઉપકારી છે,' એ માનવાને બદલે 'આપણી વાસના પોષવા પૃથ્વીકાયાદિ જીવોને આપણે ખોટા મારીએ છીએ તેથી આપણે એ જીવોના અપરાધી છીએ', એ ભાન વારંવાર જાગ્રત્ રાખવા જેવું છે. એમાં ખરેખરી મૈત્રી ભાવના આવે છે.

પ્ર૦– આપણી જાતને અપરાધી માનવામાં મૈત્રી કયાં આવી?

ઉ૦–મૈત્રી આ રીતે કે મનને એમ થાય છે કે 'હું જેમ જીવ છું અને સુખનો અર્થી છું, એમ એ પણ જીવ છે, ને સુખના જ અભિલાષી છે. તો જેમ મને કોઈ દુઃખ આપે એ ન ગમે, તેમ એને હું દુઃખ આપું એ એને બિચારાને કેમ ગમે? જીવત્વની દૃષ્ટિએ એ જીવો મારા બંધુ છે. બંધુને દુઃખી કેમ કરાય?' એ રીતે એ જીવો પર પ્રેમની લાગણી થાય એ મિત્રભાવ છે, મૈત્રી છે.

**મત્રી ઉપર ઉત્તમ ભાવો:—**

એના પર પછી દુઃખ આપવા બદલ દયા ઊભરાય,

પોતાનો અપરાધ દેખાય, અને પહેલે પગથિયે અપરાધીની ક્ષમા માગવાનું કરાય. હૃદયના કકળાટ સાથે એમ લાગે કે 'આ મેં બહુ ખોટું કર્યું છે. મારે એ જીવોને શા માટે મારવા જોઈએ ?' 'વારા પછી વારો, મારા પછી તારો,' એ ન્યાયે કુદરત કર્મ મને પણ એવી સ્થિતિમાં મૂકશે કે જેથી બીજા જીવો મારી દારુણ હિંસા કરતા રહે. માટે ક્યારે એવો ધન્ય દિવસ આવે કે આ પૃથ્વી-કાયાદિ એક પણ જીવની મારે હિંસા ન કરવી પડે એવું સુંદર ચારિત્રજીવન હું પામું! એ પામવા માટે તુચ્છ વિષયસુખો અને માનેલી સગવડ ઓછી કરી એ જીવોની વિરાધના ઘટાડતો આવું.'

આમ જીવોને ક્ષમાપના કરવાનું, પોતાના દુષ્કૃત્યનો પશ્ચાત્તાપ અનુભવવાનું, અને જીવોની વિરાધના ઓછી ઓછી કરવાનું તો જ લાધે, કે જો પોતે જીવોનો અપરાધી છે એ ભાવ વારંવાર નજર સામે લાવ્યા કરે, ને કકળતા દિલે એનો ખેદ અનુભવ્યા કરે.

**ત્યારે શાસ્ત્રકારોએ ધર્મનાં લક્ષણમાં મૈત્રી જોડી છે તે શા માટે?** જિનેશ્વર દેવની આજ્ઞાને અનુસારે (૧) દાન-શીલ-તપ-ભાવના રૂપ ધર્મ કહો, કે (૨) અહિંસા-સંયમ-તપરૂપી ધર્મ કહો, યા (૩) સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ કહો, એ ધર્મ બીજા જીવોનો વિચાર રાખીને અર્થાત્ બીજાને દુઃખ ન થાય એ રીતે કરવાનો છે. કેમકે ધર્મના પાયામાં દયા છે. દયા જોડી

તો ધર્મ ઊડયો. આ દયા રાખવાનું તો જ બને, કે જો જીવો ઉપર સ્નેહ હોય, મૈત્રીભાવ હોય. માટે મૈત્રી સાથે જરૂરી છે.

**મૈત્રીનો પ્રભાવ :**

જીવો પ્રત્યે મૈત્રીભાવ હોય, સ્નેહ હોય, તો પોતાનો એવો સ્વાર્થ સાધવાનું મન ન થાય કે જેમાં જીવોનો કચ્ચરઘાણ થાય, જીવોને જીવલેણ દુઃખ થાય.

**'શાસ્ત્રવાર્તા-સમુચ્ચય'** નામના શાસ્ત્રમાં ધર્મહેતુ સિદ્ધ કરવાના ત્રણ સાધન બતાવ્યાં–

**(१) साधुसेवा सदा भक्त्या,**

**(२) मत्री सत्वेषु भावतः**

**(३) आत्मीयग्रहमोक्षश्च**

–અર્થાત (૧) સદા ભક્તિપૂર્વક સાધુસેવા, (૨) જીવો પર હૃદયથી મૈત્રીભાવ, અને (૩) મમતાની પકડના અંધ આવેશનો ત્યાગ,–આ ત્રણથી ધર્મહેતુ સિદ્ધ થાય.

હવે આમાં જુઓ કે મમત્વ યાને સ્વાર્થનો અંધ આવેશ ક્યારે ઓછો થાય ? કે જીવોના દુઃખનો વિચાર રાખે તો. એ લાવવા માટે જીવો પ્રત્યે સ્નેહ મૈત્રીભાવ જોઈએ. મનને થાય કે 'જીવમાત્ર મારા બંધુ છે. એને દુઃખી કરીને મારો સ્વાર્થ કેમ સધાય કે જડ પદાર્થોની મમતા કેમ કરાય ?'

**મૈત્રીમાં દયા સામેલ જ હોય :-**

એટલે તાત્પર્ય આ આવીને ઊભું રહે છે કે જીવોને દુઃખ દેવું એ ધર્મવિરુદ્ધ છે; માટે પહેલા પાયામાં આ ભાવ

જાગવો જોઈએ કે 'મારા તુચ્છ સ્વાર્થ કે આવેશમાં મારા બંધુતુલ્ય જીવોને દુઃખ દેવું એ અધમ કૃત્ય છે. હું તો દુઃખ ન આપું, પણ બીજાથી કે બીજી રીતે જીવો દુઃખ ભોગવતા હોય એની મને દયા આવે.'

**દયાનું મહત્ત્વ ઠામ ઠામ :-**

અષ્ટકજી શાસ્ત્રમાં પણ આ આવે છે કે,

**दया भूतेषु वैराग्यं, विधिवद् गुरुपूजनम् ।**
**विशुद्धा शीलवृत्तिश्च पुण्यं पुण्यानुबन्ध्यदः ॥**

(૧) જીવો પર દયા,

(૨) વૈરાગ્ય,

(૩) વિધિપૂર્વક ગુરુભક્તિ-પૂજા, (ગુરુમાં પરમ ગુરુ પરમાત્મા પણ આવી જાય.) અને

(૪) વિશુદ્ધ શીલવૃત્તિ;

-આ ચાર પુણ્યાનુબંધી પુણ્યને સૂચવે છે. અહીં પુણ્યનો ભોગવટો કરતાં આ ચારને આદરવાનું કરાય તો નવું પુણ્ય ઊભું થાય. એટલે આ ધર્મરૂપ પણ છે. આમાં પણ જીવો પર દયા પહેલી બતાવી.

ત્યારે યોગદૃષ્ટિ શાસ્ત્ર શું કહે છે?

**અનાદિનો સહજ મળ ક્ષય પામે એનાં ત્રણ લક્ષણ બતાવ્યા,**

(૧) દુઃખિત જીવો પર અત્યન્ત દયા,

(૨) ગુણવાન પર અ-દ્વેષ

(૩) સર્વત્ર ઔચિત્ય.

આમાં પણ જીવો પર દયાની પહેલી વાત છે, દુઃખી પર દયા ન આવે એ તીવ્ર સહજ મળનો પ્રભાવ છે, તીવ્ર રાગ-દ્વેષનો પરિણામ છે. પોતાના તુચ્છ સ્વાર્થની લંપટતામાં ને રાગાન્ધ દશામાં હૈયું એટલું કઠોર રહે છે કે જીવો પર દયાની સ્ફુરણા જ ન થાય. અથવા કહો, જીવોનાં દુઃખનો વિચાર જ ન હોય ત્યાં સ્વાર્થની કાળી રમત અંધ બનીને ચાલ્યા કરે એ સહજ છે.

## દયામાં પશ્ચાતાપ પહેલો કેમ ?

ત્યારે જીવોના દુઃખનો વિચાર આવે ત્યાં સ્વાભાવિક છે કે પહેલાં તો પોતે જે જીવોને દુઃખ આપ્યાં છે, ને આપી રહ્યો છે, એનો વિચાર, એનો પશ્ચાતાપ જરૂર થાય. મનને એમ થાય કે 'જીવોને સુખી કરવાનું તો બાજુએ રહ્યું, પણ ઉલ્ટું દુઃખ અને તે મરણાન્ત કષ્ટ આપવાનું કરાય, એ મારી કેવી અધમ દશા ! એ જીવોએ બિચારાએ મારૂં શું બગાડયું છે ? એવા નિરપરાધી જીવોને હું જે સ્વાર્થના કારણે રેંસી રહ્યો છું એ સ્વાર્થ ઓઝારો છે. દુઃખીકરેલા એ જીવોનો હું અપરાધી છું. જીવો મારા એ અપરાધની ક્ષમા કરો.'

આમ જીવો પ્રત્યે પોતાની અપરાધી દશા માટે ભારોભાર દુઃખ-સંતાપ થાય અને એ જીવોની દયા આવે, એ તાત્વિક દૃષ્ટિ છે. એના પર પોતાને તમન્ના રહે કે 'ક્યારે સર્વથા અહિંસક જીવન પામું ! કોઈને મારે દુઃખ વું ન પડે, કોઈની ય મારે હિંસા ન કરવી પડે, ન

કરાવવી પડે કે બીજા કરતા હોય એમાં સંમતિ ન દેવી પડે, એવું જીવન ક્યારે બનાવું!'

જીવનનું ઉત્થાન સાચી મૈત્રી પર અને જો જીવ-દયા અને જીવ-ક્ષમાપના પર પ્રગટ થાય છે, પણ નહિ કે પોતાનાથી કરાતી હિંસાના ખેદ-ક્ષમાપના વિનાની લુખ્ખી 'સૌનું ભલું થાઓ,, સૌ સુખી થાઓ' એવી મૈત્રી ભાવના પર. પેલો રાજકુમાર આ દયા અને હિંસાના ભાવ ઉપર આગળ વધી રહ્યો છે.

તુચ્છ ક્ષણિક ઇન્દ્રિય સુખોની પાછળ આંધળી દોટમાં આ જીવદયાનો વિચાર આવતો નથી, એ વાત થઈ.

(૨) જડ પદાર્થોના મમત્વનો વિચાર :-

એવી બીજી વાત લક્ષ્મી વગેરે જડ પદાર્થોના લોભ મમત્વ ખાતર પણ જીવદયા કોરાણે મૂકી ભરપૂરજીવ-હિંસાના આરંભ સમારંભ કરે છે એ છે. ત્યાં એ જોતો નથી કે આ જેની ખાતર કરું છું એ જડ પદાર્થોમાંનો એક પણ મૃત્યુને રોકનાર નથી કે મૃત્યુ પછી સાથે ચાલનાર નથી. અરે! મૃત્યુ તો પછી, પણ તેવા રોગ અકસ્માત થાય, ત્યાં પણ લક્ષ્મી અને વાડી બંગલા એક બાજુ ઊભા રહે છે, અને વેદના જીવને એકલાને જાલિમ ભોગવવી પડે છે. એમાંનું કાંઈ પણ જીવના દુઃખને ઓછું કરે? ના,

તો વેદનામાં જે સંપત્તિ ન બચાવે,
ઘડપણને ન રોકે,
મૃત્યુને જે ન અટકાવે, તેમ

**મૃત્યુ બાદ જે સાથે ન આવે,**

**એની એટલી બધી મમતા શી કે એની પાછળ પાપ-સેવનથી ખુવાર થઈ જવું ? ને જીવ-દયાનો વિચાર જ ન રાખવો ? પરલોકનાં ભાતા રૂપે કશી દાન-શીલ-તપ-ભાવનાની કરણી ન કરવી ?** કહો છો,

પ્ર૦-બધું જાણીએ છીએ પણ કેમ આરંભ ને સમા-રંભનો ડર નથી લાગતો ? કેમ એનાથી ઊભી થતી લક્ષ્મી તરફ અરુચિ નથી થતી ? કેમ દાનાદિમાં પ્રમાદ થાય છે ?

ઉ૦-જો ડર અરુચિ નથી થતી અને પ્રમાદ થાય છે તો પછીજા ણવાનું શેને કહેવાતું હશે ? જેને હૈયે કોઈ અસર નહિ એને જાણ્યું કહેવાય ? જેના પર શ્રદ્ધા નહિ એને ? શ્રદ્ધા હોય, હૈયામાં અસર થતી હોય, તો હિંસાના ફળનો ડર અને હિંસાજન્ય લક્ષ્મી તરફ અરુચિ જરૂર થાય. દાનાદિમાં એટલો બધો પ્રમાદ ન રખાય, રાખવાનું મન જ નહિ થાય. માટે આ કરો, જડ સુખોની ભૂખ અને જડ-મમતા પાછળ જે અસંખ્ય જીવોનો કચ્ચરઘાણ નીકળે છે એનો હૈયે આંચકો લગાડો. જડસુખોની ભૂખ કારમી છે, એમ જ જડ પદાર્થો રોગ-મૃત્યુ-પરલોક ક્યાંય બચાવ નથી આપતા. એનો આંચકો લગાડો કે 'આ શું ? ક્યાં સુધી ?' આંચકો લાગશે તો આંખ ઊઘડી જશે. પછી તો વીર્યોલ્લાસ એ માર્ગે ઊછળશે.

વાત આ હતી કે દિલ અધમ બને છે તે જડસુખોની

તૃષ્ણા અને જડની મમતા તથા જીવ પરના દ્વેષ ઉપર. પણ આપણે જો દિલ ઉત્તમ બન્યું રાખવાની ધગશ અને ગરજવાળા હોઈએ, તો ઉત્તમ દિલનું સર્વોચ્ચ મૂલ્યાંકન કરવા અને જીવદયા કેળવવા કેમ ખડે પગે ન હોઈએ ? એ હોઈએ પછી દિલ ઉત્તમ બનાવતાં શી વાર લાગે ?

**જીવનની કોઇ પળ એવી નથી કે જ્યારથી સારા ઉત્તમ દિલવાળા બનવું હોય ત્યારથી ન બની શકાય.** માત્ર ભાન આવવું જોઈએ, અનાદિનો મોહનો કેફ ઊતરવો જોઈએ, સારૂં ઉત્તમ પવિત્ર દિલ બનાવવાની લગની લાગવી જોઈએ, ગરજ જોઈએ, પછી દિલને તરત ફેરવી શકાય છે. ખૂનખાર યુદ્ધ કરનાર રાજાઓના પણ દિલ ક્ષણવારમાં પલટાઈ ગયાના દાખલા મળે છે.

**દ્રાવિડ અને વારિખિલ્લ** વિશાળ લશ્કર સાથે યુદ્ધમાં ઊતરી વર્ષો સુધી એવા લડયા, એવા લડયા, કે એકેક પક્ષના પાંચ-પાંચ કરોડ માનવીનો કચ્ચરઘાણ નીકળી ગયો. પરંતુ મહાત્માના યોગે દિલ પલટાતાં યુદ્ધ તરત બંધ કર્યું, અને બાકીના ૫-૫ કરોડના લશ્કર સાથે ચારિત્રમાર્ગે ચઢી ગયા ! તે ઠેઠ સિદ્ધગિરિ ઉપર અનશન ઝુકાવી દીધું ! કેવળજ્ઞાન અને મોક્ષ પામી ગયા !

### દુશ્મન રાજાની લૂંટની તૈયારીઃ-

આ રાજા અધમ છે; એટલે કુમારની મૂર્છિત સ્થિતિ જાણી હશે તેથી લાગ જોઈ પોતાના પ્રપંચી વિચક્ષણ ગુપ્ત પુરુષોને કહે છે, કે 'તમે જાઓ રાજધાનીમાં, અને

જુઓ હવે એનો રાજા અને પરિવાર ભાગી ગયા હશે, તેથી તમે એના ખજાના કબ્જે કરો. જે કાંઈ હીરા–માણેક –મોતી, સોનું–રૂપું, જર–ઝવેરાત હાથમાં આવે તે બધું કબ્જે કરો. વળી એનું લશ્કર પણ હતપ્રહત, નિરાશ, નિઃસત્ત્વ બન્યું હશે, એને ય તાબે કરો. સાથે એટલું જો જો કે પેલા રાજકુમારની ભારે શીલશુદ્ધિનો બહુ પ્રભાવ છે, એવા એ સુગૃહીત–નામધેય પુરુષસિંહના પણ શા સમાચાર છે ય જાણી લાવજો, જેથી મારા મનને શાંત થાય;

## અતીન્દ્રિય તત્ત્વ તરફ જુઓ :–

માણસ કેવળ બહારના સંયોગો પર માપ કાઢી ધારણા સફળ કરવા દોડે છે, પરંતુ એને ભાન નથી હોતું કે ત્યાં કોઈ અતીન્દ્રિય તત્ત્વ એવું કામ કરતું હોય છે કે એના વર્ચસ્વ આગળ માણસનું કશું નથી ચાલતું. રાજાએ બહારથી એટલું જ જોયું કે રાજકુમાર મૂચ્છિંત થઈ ગયો છે તેથી હવે કોઈની રોકટોક નથી; પછી લૂંટ ચલાવવામાં ક્યાં વાંધો આવવાનો છે?’ મૂર્ખ છે, એમ જો પ્રપંચી-ઓની ધારણાઓ સફળ થતી હોય તો સજ્જનોને જીવવું જ ભારે પડે. પણ સજ્જનો સારી રીતે જીવી શકે છે, અને પ્રપંચીઓની જાળ સફળ થતી નથી, એ સૂચવે છે કે સજ્જ-નોનું રક્ષક કોઈ મજબૂત અતીન્દ્રિય તત્ત્વ કામ કરી રહ્યું છે. એ આત્મતત્ત્વની મહાન સાબિત છે. એકલી જડસૃષ્ટિમાં અતી-ન્દ્રિય શું? અને રક્ષા શી? સજ્જન કોણ ને દુર્જન કોણ?

**લૂંટવા આવેલા સ્તબ્ધ :-**

રાજાએ પોતાના ગુપ્તચરોને દોડાવ્યા તો ખરા, પેલાઓ પણ જાતિમાન ઘોડા પર ચઢી ઘોડા દોડાવતા પર્વત કોતરો નિકુંજો ઓળંગી ઝટ આ રાજધાનીમાં આવી ય પહોંચ્યા. એમને તો રાજ્યના ખજાના લૂંટવા છે. એટલે સીધા પહોંચ્યા રાજવાડા તરફ. પરંતુ ત્યાં જોઈને સ્તબ્ધ ! ત્યાં બહાર શું જુએ છે ?

**કુમાર આગળ શાસનદેવતા :-**

પેલો રાજકુમાર હજી મૂચ્છિર્ત દશામાં છે. ડાબા જમણા હાથ બે બાજુ વળીને જાણે બે પાંદડા હોય અને વચમાં મસ્તક સહિત મુખ જાણે કમળ પડ્યું હોય એમ શોભે છે ! આટલું જ હોત તો તો પેલા ઝટ આગળ વધ્યા હોત, પરંતુ અહીં તો આશ્ચર્ય મોટું બન્યું છે. કુમારની આગળ શાસનદેવતા ઊભા છે ! એ દેવતાઈ સુંદરવર્ણના સુશોભિત મહાકિંમતી વસ્ત્ર-અલંકારથી સજ્જ છે, દશે દિશામાં એનો પ્રકાશકુંજ પથરાઈ રહ્યો છે. એના મુખમાંથી 'જય જય કુમાર' એવા મંગળશબ્દ નીકળી રહ્યા છે. વળી એના હાથમાં રજોહરણ-મુનિપણા માટેનું મુખ્યઓઘિક લિંગ ઓઘો, છે. અને એણે કુમારને હાથના અંજલિ જોડેલી છે.

રાજપુરુષો આ જોતાં જ આભા બની જાય છે. 'અરે ! આવા દેવતા જ્યાં ખડા હોય ત્યાં લૂંટ ચલાવી શકવાની વાત કેવી !' આશ્ચર્યચકિત થઈ જાણે પાષાણની મૂર્તિ રૂપ ન બની ગયા હોય એવા સ્થિર થઈ ઊભા ! એમને શી

ખબર કે આધ્યાત્મિક શક્તિ શું કામ કરે છે!

**શીલવાન પુરુષને દેવતાઓ વશ થઈજાય છે!** વગર બોલાવ્યે આવી દેવતા દાસની જેમ આદેશ માગે છે, શીલવાનનો જયજયકાર વર્તાવે છે!

**આજના કાળે કેમ કોઈ દેવતા દેખાતા નથી?** એવી કોઈ શંકાકુશંકા કરવા જેવી નથી. મન–વચન-કાયાથી ત્રિકરણશુદ્ધ શીલના ખપી બનવાની જરૂર છે. આજે દેવતાઓ આપણી તેવી શુદ્ધિ ન દેખતા હોય, ભય કે પ્રલોભનમાં અણીશુદ્ધ ટકવાનું તેવું આપણું સત્ત્વ એમને ન દેખાતું હોય, તો આજ હાજરાહજુર ન થાય. અગર તેવી આવશ્યક્તા કે યોગ્યતા ન જણાતી હોય તો ય હાજર ન થાય. એટલા માત્રથી કાંઈ શંકા કરવાની જરૂર નહિ.

## શીલ પાલન શા માટે?

આપણે દેવતાને હાજર કરવા માટે શીલપાલન કરવાનું નથી. રાજકુમારે એવી કોઈ અપેક્ષા રાખી નહોતી. એને તો માનવજીવન જ ત્રિકરણશુદ્ધ શીલ માટે લાગતું હતું. એનું પાલન થઈ ગયું એટલે જીવનની સફળતા થઈ, એમ એનું સચોટ માનવું હતું. તપાસો, જીવીએ છીએ તે કેવું? 'શીલપાલનથી સુશોભિત જ જીવવાનું; નહિતર તો કુશીલભર્યું જીવવા કરતાં મરવું સારૂં,' એ મત કુમારનો હતો. એટલે તો શીલપાલનમાં એ ખૂબ ખબરદાર હતો. બાકી દેવ તો કુમારની લેશમાત્ર ધારણા વિના એમજ આકર્ષાઈ હાજર થયેલ છે. એટલે આપણું કર્તવ્ય શું એ

જ ધ્યાનમાં રાખો. દેવ હાજર નહિ થાય તો ય એ કર્તવ્યપાલન આપણને જવાબ દેવાનું જ છે; અને દેવાગમન વગેરેની અપેક્ષા—આશંસા વિના કર્તવ્ય બજાવ્યું, તો તો એ ઉત્તમ સાધના થઈ.

**નિરાશંસભાવની સાધના ઉત્તમ કોટિની છે.** એનાથી અવશ્ય આત્માને લાભ થાય જ છે. એ લાભમાં

(૧) અંતરાયક્ષય, જ્ઞાનાવરણીયાદિ કર્મક્ષય,

(૨) પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન,

(૩) સુસંસ્કારોપાર્જન,

(૪) પૂર્વબદ્ધ અશુભ કર્મોનું શુભ કર્મમાં સંક્રમણ, વગેરે બને છે.

(૫) જિનની આજ્ઞાનું પાલન થાય એ પણ મોટો લાભ છે.

**દૈવી ચમત્કાર કે લોકવાહવાહની આશંસા કેમ છૂટે ? :–**

આવા ઉત્તમ આત્મિક લાભના તરફ દૃષ્ટિ રાખીએ તો પછી બીજા દૈવી ચમત્કાર કે લોકવાહવાહ થયા ન થયાની શી પરવા રહે ? મૂળ વાંધો અહીં આ જ નડે છે કે આપણને આત્મલાભ તરફ દૃષ્ટિ નથી રહેતી, એની ગરજ હોતી નથી, એટલે જ આડાઅવળા ફાંફા મારવાનું મન થાય છે. સાધનાની સફળતા, એવો કોઈ ચમત્કાર વગેરે બાહ્ય લાભ થાય, એમાં દેખાય છે. એક નવકારમંત્રની સાધના કરતાં કરતાં જો કોઈ એવું દર્શન થયું. સ્વપ્ન

આવ્યું; બાહ્ય ચમત્કારિક લાભ થયો, તો લાગે છે કે સાધના ફળી. સફળ થઈ.' ત્યારે શું સાધનાનું આ જ ફળ છે ને? શું આવું કાંઈ ન બન્યું તો સાધના નિષ્ફળ ગઈ ને? કેટલી બધી અજ્ઞાન દશા! આવી અજ્ઞાનતામાં પછી તેવું ન બનતાં સાધના મોળી પડી જાય, નિરાશ થાય, ઉત્સાહ વધે નહિ, એમાં શી નવાઈ?

સાધનામાં સાચો ઉત્સાહ અને જોમ તો જ રહે, કે માત્ર આત્મિક લાભો જે પૂર્વે કહ્યા તેના પર દૃઢ વિશ્વાસ રહે, એની જ તમન્ના રહે. જો સાધનાકાળમાં પ્રતિસમય એ શ્રદ્ધા ચાલુ છે, પછી આડાઅવળા ફાંફા મારવાની શી જરૂર?

**માણસ અંદરનું મૂકી બહારમાં ભટકે છે માટે જ ભૂલો પડે છે.** બીજાએ મારી વાહવાહ કરી કે નહિ, મને સારો માન્યો કે નહિ, કોઈ ચમત્કાર થયો કે નહિ, આવું આવું જોવામાં ખરી વસ્તુ ચૂકી જાય છે. એને કોઈ કહે 'અલ્યા ભાઈ! આ ગડમથલ, આ બાહ્ય કીર્તિની ભૂખ કે ચમત્કારના આકર્ષણ તો તેં અનંતી વાર રાખ્યા, એમાં તારા આત્મા માટે શો ભલીવાર આવ્યો? હજી ભવમાં ભટકતો રહ્યો છે! હવે આ લપ મૂકી એમાં આત્મા કાંઈ ઊંચો નહિ આવે. પૂર્વોક્ત નક્કર આત્મિક લાભ થઈ રહ્યા છે એનો દૃઢ વિશ્વાસ રાખી નિરાશંસભાવે આરાધના કર્યે જા. એટલું જ તારૂં કામ છે.'

નડતર આ જ છે કે બહારમાં મન ફર્યા કરે છે. 'બીજા શું કરે છે, કેમ એમ કરે છે; એ કેમ ચલાવી

હોવાય,' વગેરે વગેરે ચિંતા કર્યા કરાય છે એટલે પોતાની આત્માની ચિંતા દુર્લભ બની જાય છે. ત્યારે, શું તમને લાગે છે કે સ્વાત્મચિંતા વિના પોનાનો ઉદ્ધાર થાય? જૈનશાસન ના પાડે છે.

**સ્વાત્મ-ચિંતા મુખ્ય જોઈએ એમ જૈન શાસન કહે છે.** માટે તો 'તિત્થયરા મે પસીયંતુ' 'સમાહિવરમુત્તમં દિંતુ, 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' 'ધમ્મો વડ્ઢઉ'....તીર્થંકરો મારા પર પ્રસાદ કરો, ઉત્તમ ભાવસમાધિ મને આપો. મને મોક્ષ આપો. શ્રુત-ધર્મ મારો વૃદ્ધિ પામો.'-વગેરે અનેક માગણીઓ રોજ સ્વાત્મહિતાર્થે કરવામાં આવે છે. 'જયવીયરાય' સૂત્રમાં એવી અનેક માગણી કરીએ છીએ. એમ પાપથી પાછા હટવાના અને મિચ્છામિ દુક્કડં દેવાના અનેક સૂત્રો પણ સ્વાત્મશુદ્ધિ અર્થે બોલાય છે. એ બધું શું સૂચવે છે? સ્વાત્મ-ચિંતાની પ્રધાનતા. ત્યાં કાંઇ એ પાઠ ન આવ્યા કે 'તીર્થંકરો સૌના પર પ્રસાદ કરો, સૌને સમાધિ આપો, સૌને મોક્ષ આપો...' આમ નથી ઈચ્છવાનું એમ નહિ, પણ પોતાના આત્માના ચિંતા મુખ્ય કરવાની છે, એમ સૂત્રપાઠો કહે છે.

**મહાવીર ભગવાન** જેવાએ આ વિચાર્યું કે 'મારા કર્મો ઘણાં બાકી છે, તો અનાર્ય દેશમાં જાઉં. ત્યાં સહન કરવાનું સારૂં મળશે તેથી બહુ કર્મક્ષયનો લાભ થશે.' આ શું? સ્વાત્મચિંતાની મુખ્યતા. જો પરની ચિંતા મુખ્ય હોત તો તો ઉલ્ટો એમ વિચાર આવત કે 'અનાર્ય દેશમાં

જઈશ તો ત્યાં બિચારા અજ્ઞાન લોક મારી આશાતના કરી ઘોર પાપ બાંધશે.'

પ્ર૦– આવો વિચાર કેમ ન કર્યો ? તો શું ભગવાન નિમિત્ત પામી એ લોકો પાપ બાંધે એમાં ભગવાન દોષ માત્ર નહિ ?

ઉ૦– ના, કારણ એ છે કે અનાર્ય જીવોના પોતાના અધ્યવસાય જ એવા મલિન છે કે ભગવાન ન જાય તો પણ એવાં ક્રૂર કર્મમાં એમને એ લીન રાખે છે. એટલે ભગવાન કાંઈ એમને શુભ અધ્યવસાયમાંથી અશુભ અધ્યવસાયમાં જવાની ઉદીરણા કરતા નથી. ચારિત્ર લેનાર પાછળ સ્નેહીઓ મોહવશ રુએ એમાં ચારિત્ર લેનારો દોષપાત્ર નથી, કેમકે પેલા રુએ છે તે પોતાના મોહના કારણે. આવું જો ન માનીએ તો તો પછી સારી પ્રવૃત્તિ કરનારા પણ દોષપાત્ર ઠરશે. કેમકે એમની સારી પ્રવૃત્તિ દુર્જનોને નથી ગમતી અને તેથી દ્વેષ કરે છે, દ્વેષ કરી કર્મ બાંધે છે. આમાં જો સારી પ્રવૃત્તિ કરનાર દોષપાત્ર હોય તો તો પછી સારી પ્રવૃત્તિ ન કરવી એવો અર્થ થાય ! પણ વસ્તુસ્થિતિ એમ નથી; દુર્જનો નિંદે તોય સજ્જનોએ સારી પ્રવૃત્તિ છોડવાની નથી. નહિતર તો જગતમાં સત્યપ્રવૃત્તિ રહે જ નહિ, કેમકે કોઈ દુર્જનને એની નિંદાથી પાપ થવા સંભવ છે. પણ દુર્જન નિંદે એમાં એના દિલનો મોહ જ દોષપાત્ર છે, નહિ કે સજ્જન યા એની સત્યપ્રવૃત્તિ. એ જ રીતે મહાવીર ભગવાનની

અનાર્ય દેશમાં સંયમની વિચારવાની સત્ પ્રવૃત્તિ અનાર્યોના પાપબંધમાં જરાય દોષપાત્ર નહિ. અશુભનો બંધ તો એ અનાર્યો પોતાના મોહને લીધે કરે છે. પોતાના અધ્યવસાય સહેજે સહેજે એવા મલિન છે કે એના લીધે કરે છે. એમાં ભગવાન મહાવીર ભેટી, ગયા, અને ભગવાન એમનું કશું બગાડતા નથી, કશું પ્રતિકૂળ કરતા નથી દ્વેષનું કોઈ કારણ આપતા નથી, છતાં એ લોકોની પોતાની જ અયોગ્યતા એવી છે કે પોતાના અધ્યવસાયને પોતે જ મલિન કરી રહ્યા છે. એમાં ભગવાન કે જે બીજાનું મનથી પણ લેશમાત્ર બુરું ચિંતવતા નથી એ દોષપાત્ર કેમ જ ગણાય ?

ભગવાન સ્વાત્મહિતાર્થે અનાર્ય દેશમાં વિચર્યા, એ વાત છે. સ્વાત્મચિંતા જરાય ભૂલવાની નથી. એ હોય પછી નિરાશંસભાવે સાધના કરતાં આત્મહિત તો અચૂક થાય છે; તો દેવતાએ દર્શન દીધું કે નહિ એ ચિંતા કરવાની શી જરૂર ?

કુમારની મૂર્ચ્છા ઉતરી :–

રાજકુમારની શીલસાધના, જીવદયાની સાધના અને શુભ અધ્યવસાયની સાધના એવી જ હતી. શાસનદેવ આપમેળે આવી ગયા અને મૂર્ચ્છિત કુમારની આગળ ઊભા છે. રાજકુમારને મૂર્ચ્છા ઊતરી; જાગ્રત થાય છે. અને હવે તો ચારિત્રના જ પરિણામ છે, એમાં દેવતાને

રજોહરણ સાથે જુએ છે, 'હે દેવ ! આવ્યા ?' એવું કોઈ આશ્ચર્ય નથી.

**વિશ્વના તત્ત્વ જોનાર-વિચારનારને એક દેવતા આવે એમાં** શું **આશ્ચર્ય લાગે** ? ઇંદ્રની સેવામાં હજારો દેવો ખડે પગે રહે છે, એની અપેક્ષાએ અહીં એક દેવ હાજર થાય એ કઈ મોટી વસ્તુ છે કે એના પર ખુશીખુશી થઇ ફુલીને ફાળો થઇ જવું ? કુછ નહિ, પુણ્યની ચિઠ્ઠિ પ્રમાણે બન્યા કરે એમાં જરાય ફુલાવાની જરુર નથી.

**કુમાર દીક્ષા લે છે.**

રાજકુમાર દેવસંનિધાન પર મલકાયા વિના એની પાસેથી રજોહરણ લે છે, ને મુનિપણું અંગીકાર કરી લે છે. સિદ્ધ ભગવાનની સાક્ષીએ પોતે સર્વવિરતિ ચારિત્ર ઉચ્ચરી લે છે. એજ વખતે શાસનદેવતા અતિ હર્ષથી રોમાંચ પુલકિત બની 'નમો-અરિહંતાણું' કહેતાંક આકાશમાં રહી આ પ્રમાણે ઘોષિત કરે છે,—

**દેવવાણી :-**

'જે મેરુ પર્વતને પણ મુઠ્ઠિથી ચૂરી નાખે, જે આખી પૃથ્વીને હથેલીમાં ધારણ કરે, જે સર્વ સમુદ્રોનું જળ એક જ ઘુંટડાથી પી જાય છે, જે સ્વર્ગમાંથી મોટા ઈન્દ્રને પણ નીચે ઊતારી દે અને ત્રણે ભુવનને ક્ષણ-વારમાં નિરુપદ્રવ કરી મૂકે, એ બધામાંથી કોઈ પણ અખંડિત શીલવાળા પુરુષ રત્નને કેમે ય પહોંચી શકતું

નથી. અથવા એજ પુરુષ કે સ્ત્રી જન્મ્યા ગણાય, એજ ત્રિભુવનને વંદ્ય છે, જે શીલાંગનું ખંડન નથી કરતાં પરમ પવિત્ર, સત્પુરુષોએ સેવેલ, સકલ પાપનું નાશક, અને સર્વોત્તમ સુખનિધિ એવું સત્તર પ્રકારનું સંયમશીલ વિજયવંત છે.’

દેવતાએ આમ કહીને તરત આકાશમાંથી નીચે પુષ્પની વૃષ્ટિ કરી !

## દુશ્મન સુભટો શાંત ! :–

આવેલા સુભટો અને નવા આવેલ ગુપ્તચરો તથા નગરવાસીઓ બધા જ સ્તબ્ધ બનીને જોઈ રહ્યા છે કે આ શું થઇ રહ્યું છે ! સુભટોના ઉન્માદ શાંત થઈ ગયા છે. જ્યાં દેવતા શીલનો પ્રભાવ દેખાડીને જાહેર કરે કે મોટા મેરુને મૂઠીથી ચૂરવાથી કે પૃથ્વીને હથેલીમાં તોલવાનું પરાક્રમ ગમે તેવું, પણ શીલનાં પરાક્રમ આગળ વિસાતમાં નથી, તો ત્યાં શસ્ત્ર લઇને ‘મારો મારો;’ કરવાનું પરાક્રમ શી વિસાતમાં લાગે ? કાંઇજ ન લાગે. તો પછી એના ઉન્માદ શાનાં ઊભા રહે ? કાંઈ જ વિસાતમાં બિચારા ઠંડાગાર થઈ ગયા !

## પ્રલોભનમાં પારખું :–

વાત પણ સાચી કે માણસ પોતાના અંતમાં જુએ તો દેખાય કે રંગરાગની સામગ્રી હાજર છે, ત્યાં શીલનું પાલન ભલભલા સુભટને પણ કેટલું કઠિન છે ! કદાચ

સામગ્રીનો યોગ ન હોય અને વાસનાની વૃત્તિઓ એટલી પ્રવર્તતી ન દેખાય, એના પર તો પોતે ડંફાસ હાંકવા જાય કે શીલ પાળવું એમાં શું છે ? પરંતુ એનો એ જ માણુસ પ્રલોભનોમાં મૂકાઇ જાય, ત્યારે ઢીલો ઘેંસ બની જાય છે. એટલે અંદરની છૂપી વૃત્તિઓની પારખ નથી તેથી ગુમાન યા અતિવિશ્વાસ કરાય છે કે શીલ પાળવું એમાં શી મોટી વાત ?

**અંતરની છૂપી વાસનાઓથી સાવધાન રહો :–**

પરંતુ આ ગુમાન કે અતિ વિશ્વાસ ખોટો છે. માણુસ ગરીબમાંથી શ્રીમંત થાય ત્યારે એનામાં પૂર્વે નહિ દેખાતા કોઈ દોષ–દુર્ગુણો ઊભા થતા દેખાય છે. ક્યાંથી આવ્યા એ ! બહારથી ? ના, અંદરમાં છૂપા બેઠા જ હતા., છૂપી વાસના રૂપે હતા જ, સામગ્રી મળતાં એ પ્રગટ થયા. એમ સત્તાનો હોદ્દો મળતાં પણ આમ બનતું કુસંસ્કાર છૂપા પડેલા જ હતા. અનંત કાળથી ભિન્ન ભિન્ન યોનિયોમાં ભટકાતા અને તે તે ભવની લીલાને ખેલતા જીવમાં તેવા તેવાં સંસ્કાર–વૃત્તિ વાસનાઓ દૃઢ થયેલી હોય એ સ્વાભાવિક છે. વાઘ બન્યા તો ચૂપકીથી હરિયાણા પર ત્રાટક્યા, બિલાડી થયા તો ચૂપકીથી ઉંદર ઝડપમાં લઈ આરોગ્યા જીવનભરના આ ધંધા શું આત્મામાં માયા, રતા, લોભ અને હિંસાના કુસંસ્કાર ન નાખે ? એમ કૂતરા ગધેડા થઈ કૂતરી–ગધેડી પાછળ પાગલ થઈ કામાંધતા પોષી એમાં શરીર સુકાઈ

દુબળા પડી જવા છતાં પણ એ લત ચાલુ રાખી, પછી શું એ કામવાસનાના કુસંસ્કાર આત્મામાં દૃઢ ન થયા ? સિંહ જેવા ભવમાં વનરાજ બની મહા અભિમાન કરવાના, એવું જ મદોન્મત્ત હાથીના ભવે એજ કરવાના ખેલ ખેલ્યા હોય, એટલે મદગુમાનનાં કુસંસ્કાર આત્મામાં સહેજે દૃઢ બન્યા હોય. ત્યારે ખાનપાન, ઇન્દ્રિયવિષયો અને પરિગ્રહની ધૂમ પ્રવૃત્તિઓ ઠેઠ કીડી કે વનસ્પતિ જેવા ભવમાં કરી હોય; ઠામ ઠામ ભવોભવ એની રામાયણ સેવી હોય એના કુસંસ્કારોના પોટલાં આત્મામાં પડેલાનું પૂછવું શું ?

**આત્મા કુસંસ્કારોનું સંગ્રહસ્થાન :—**

હવે વિચારો કે મનુષ્ય અવતારમાં આવ્યા અને જાતને શાણી ડાહી સમજી બેઠા, પણ આત્મા જુગજુગના રીઢ કરેલા કેવા કેવા કુસંસ્કારોનું સંગ્રહસ્થાન છે ! સંયોગ સામગ્રી, પરિસ્થિતિ, વાતાવરણ યાને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના અનુસારે એ પ્રગટ રૂપે અમુક પ્રમાણમાં દેખાય એ જુદી વાત, બાકી અંદર ખજાનામાં શું બાકી છે? નહિતર સારા આર્યકુળમાં જન્મેલાને ભલે ઉંદર મારવાની ક્રૂરતા કે રસ નથી. કિંતુ એ જ જીવ તેવી માયા–ફૂટ–કપટ કે ટેસથી રાત્રિભોજન આદિ પાપ કરવાના યોગે કદાચ બિલાડો થયો, તો કેમ સહજભાવે એ ક્રૂરતા અને રસ રાખે છે? અંદરમાં એના કુસંસ્કાર માણસના અવતારે પણ પડેલા જ હતા, તેવા દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ અને ભવના અભાવે એ પ્રગટ નહોતા થતા, એટલું જ આ હિસાબે

બીજા અનેકાનેક જાતના કુસંસ્કારો–કુવાસનાઓ–કુવૃત્તિઓ અંદર ભરી પડી છે, જાણે આત્મા એનું એક સંગ્રહસ્થાન !

## નવ વાડ શા માટે?

કુવાસનાઓના સંગ્રહસ્થાનના હિસાબે જ જ્ઞાની ભગવંતો એને પ્રગટ કરનારા સંયોગો અને નિમિત્તોથી આપણને દૂર રહેવાનો ઉપદેશ કરે છે. શીલવાનને નવ વાડ શા માટે પાળવાની? આજ કારણે, કે જો એ વાડનો ભંગ કર્યો, તો અંદરની પિશાચી વાસના ઉત્તેજિત થતાં વાર નહિ લાગે. આજનાં સહશિક્ષણ, આજની સ્ત્રીઓની વેશભૂષા, આજના બિભત્સ ચિત્રો અને ચિત્રપટો વગેરેના અનર્થ કેટલા બધા વધી ગયા છે! હજીય સારૂં છે કે સુશીલ બાઈઓ એના ભોભા–મર્યાદામાં રહે છે; બાકી એ જો ભાન ભૂલી કુશીલ થાય, તો આદમીના શા ગજા હતા કે બચી શકે? શે શીલ પાળી શકે? સંયોગો સારા હોય, નિમિત્ત ઉમદા હોય વાતાવરણ પવિત્ર હોય, ત્યાં અંદરની પાશવી વાસનાઓ દબેલી રહે છે. એ સંયોગાદિ નરસા થતાં ભલભલા માણસ સારામાંથી ખરાબ થતાં વાર નહિ.

આજ એક વખતના દેશસેવક ગણાતા સત્તાની ખુરશીનું નિમિત્ત મળતાં કેવા અર્થલાલચુ, લાંચિયા, નિષ્ઠુર અને ચોર બન્યા છે! શું એમ જ એવા બની ગયા? ના, અંતરમાં એની છૂપી વાસનાઓ પડેલી જ હતી તે સંયોગ મળતાં પ્રગટ થઈ ગઈ.

બોધપાઠ :—

આ ઉપરથી આ બોધપાઠ લેવાનો છે કે નિરંતર આ જાગૃતિ રાખવી કે 'મારા આત્મામાં બધી જાતની કુવાસનાઓ ભરી પડી છે. એને જાગવા ન દેવી હોય, કુકૃત્યમાં ઊતરવા ને બેફામ મહાલવા ન દેવી હોય, તો એને ઉત્તેજિત કરનારાં નિમિત્તથી દૂર રહેવું. કુશીલની વાસના નથી જાગવા દેવી, તો પરસ્ત્રી સામે દૃષ્ટિ નાખવાનો પણ પ્રસંગ નહિ બનવા દેવો. મન પર પાકા બળાત્કાર સાથે એ વૃત્તિને એ લાલચને રોકવી.

## પૂર્વકાળે પરિગ્રહ અલ્પ કેમ રાખતા ? :

પ્રાચીન કાળમાં સુશ્રાવકો અલ્પ પરિગ્રહથી કેમ જીવન જીવતા ? સમજતા હતા કે 'આરંભ–સમારંભનું મૂળ પરિગ્રહ છે, પરિગ્રહનું નિમિત્ત મળતાં આરંભ–સંમારંભની વાસના જાગ્રત્ થવાની; એના પર આરંભ–સમારંભ અને ષટ્કાયજીવોના સંહાર કરનારાં જરૂરી બિનજરૂરી કાર્યો ઊભા થવાનાં. માટે નિમિત્તભૂત પરિગ્રહથી આઘા રહો' એકલા આરંભ–સમારંભના જ શું બીજા પણ લાલસા, લંપટતા, વિષયગૃદ્ધિ, અભિમાન, પ્રપંચ વગેરે કેટલાક પાપોની બલા પરિગ્રહના ઉપર વળગે છે ! એના છૂપા કુસંસ્કારો પરિગ્રહનું નિમિત્ત મળતા જાગ્રત થઈ જાય છે. માટે એનાથી બચવું હોય તો નિમિત્તભૂત પરિગ્રહથી જ દૂર રહેવું.

### અલ્પ ધનમાં ધન્ય જીવન કેમ ? :—

કર્મસંજોગે કુદરતી અલ્પપરિગ્રહ આવ્યો હોય તો જાતને ધન્ય માનવી કે પેલી પિશાચી વાસનાઓ નહિ ઊઠે ! એ પાપો જીવનમાં નહિ મહાલે ! આ રીતે જો જાતને ધન્ય માનવામાં આવે તો પછી શ્રીમંતોને દેખી એને ભાગ્યશાળી માનવાનું, શ્રીમંતાઈના લારા કરવાનું, અને જાતને દીનદુખિયારી માની, રોદણાં રોવાનું નહિ થાય, ઉલ્ટું એ ભારે મૂર્છા અભિમાન વગેરે ગોઝારા પાપોથી બચી જવામાં માનવજીવનની એક પ્રકારની સુંદર સફળતા દેખાશે.

વિચાર તો કરો કે લાખો-કરોડોની લક્ષ્મીના ઢેર હોય, તોય અંતે તો બધું એ પડતું મૂકીને જ મરી જવાનું ને ? પછી એની બહુ મમતા શી ?

પ્ર૦-પણ અહીં તો લહેર ખરી ?

ઉ૦-અરે ? એનાં નિમિત્તે જીવનભર સેવાયેલ મદ-મૂર્છા-લાલસા, આરંભ-સમારંભ વગેરે પાપો પરભવે ડૂચા કાઢી નાખશે એનું શું ? આત્મા સાથે જડબેસલાક ચોટેલા એના સંસ્કાર પર સંસ્કાર એમ ઉખડી જશે ? કે એ જાગ્યા રહેશે ? ભવાંતરે હલકા અવતારે એ જીવનભર અતિકાળાં કર્મ કરાવશે ! એવું એક જ ભવમાં નહિ, પણ એવા ભવોની પરંપરા ચાલશે.

## શ્રીમંત-મધ્યમનાં કર્તવ્ય :—

માટે કર્મસંજોગે શ્રીમંતાઈ મળી હોય તો આ વાતનો ખાસ વિચાર રાખી એ પરિગ્રહનાં નિમિત્ત પર છૂપી હિંસા-મૂર્ચ્છા-અભિમાન-વિષયવૃદ્ધિ વગેરેની વાસનાઓને ન ઊઠવા દેવાની અને શ્રીમંતાઈ ન હોય તો એની લેશ પણ લાલસા કર્યા વિના મહાપાપો ને કૂડા સંસ્કાર-પોષણથી બચી જવાની પૂરી તકેદારી રાખવી જરૂરી છે.

ધનના ઢગલા પર અને વિષયોની અનુકૂળતા પર કાંઈ નાચવા-રાચવા જેવું નથી. એના પર જુગજૂની કુવાસનાઓ પુષ્ટ થઈ ભવોમાં જીવનનું ભ્રમણ વધારે છે. જીવને વિકરાળ વાસનાની દૃષ્ટિએ વાઘવરુ-શિયાળ-કૂતરાની લેવલમાં મૂકે છે. એમાં શું ખુશી થવાનું ?

વાત આ ચાલે છે કે મલીન વાસનાઓને સ્ટોક ખજાને પડેલા છે. નિમિત્ત ન મળતું હોય એટલે પ્રગટ ન દેખાય; એમ કુશીલની વાસના તેવા સંયોગોના અભાવે પ્રગટ ન દેખાય; એટલા માત્રથી અતિવિશ્વાસ કે ગુમાન નહિ રાખવાનું કે શીલ પાળવું એમાં શી મોટી વાત છે ? પ્રલોભક સંયોગો આવી મળતાં ગુમાન ડૂલ થઈ જાય છે, જીવ રાંક બની જાય છે ! એવા અવસરે બચવા માટેનું ભારે પરાક્રમ પહેલાં કેળવેલું જોઈએ છે માટે તો કહ્યું છે—

**ધીરતા ક્યાં :—**

**विकारहेतौ सति विक्रियन्ते**
**चेतांसि येषां न, त एव धीरा !'**

—અર્થાત્ કામ–ક્રોધાદિ–રાગાદિ વિકારના કારણ મોજુદ હોય અને ચિત્તમાં વિકાસ ન જાગે એ જ માણસો ધીર છે, પરાક્રમી છે.

પણ આ પરથી નિરાશ થવાની ને માંડવાળ કરવાની જરૂર નથી કે 'ત્યારે આપણું શું ગજું કે કામ...ક્રોધાદિ વિકાસનાં નિમિત્ત મળે ત્યાં વિકાસથી બચી શકીએ ?' ના, જો એવી માંડવાળ કરીને ખોટાં નિમિત્તો વધાર્યે ગયા, ને આવી પડેલા નિમિત્તને વશ થયે જ ગયા, અને વિકાર સેવ્યે જ ગયા, તો તો કોઈ દી' ઉદ્ધાર જ નહિ થાય; ને વિકારો શમાવવા એને અંકુશમાં લેવા માટે મળેલું આ ખાસ જીવન એળે જશે. આપણે જો સતત શુભ ભાવના રાખીએ કે,

**વિકારોથી બચવાની જ્વલંત ભાવના :—**

**(૧) જગતનું બધું ક્યાં જોવા જઈએ છીએ ?–**

માની લઉં કે સામે એવાં નિમિત્ત ઊભાં થયાં છે, છતાં આ કામ, ક્રોધ વગેરે ચંડાળોથી મારા પવિત્ર મનને અભડાવવાની કોઈ જરૂર નથી. બાહ્ય જગતના ભાવો અને પ્રસંગો તો કોઈ બન્યા કરે છે. એ બધા જો મારી

નજર સામે નથી તો હું ક્યાં એથી બગડું છું ? તો આ નજર સામે છે એને પણ જાણે હું જોતો નથી એમ એને ઉવેખીને ચાલુ,

બહારના પ્રસંગ તો એનાં કારણોએ બનવાના જ છે, તેથી મારે વિકૃત થવાની બગડવાની શી જરૂર ? હું શા માટે બગડું ?

**(૨) નિમિત્ત મને શું એવું સારૂં પરખાવી દે છે કે એની ખાતર હું મારૂં અતિ કિંમતી મન બગાડું ?** સારૂં ગણાતું નિમિત્ત સુખ દેખાડે યા પ્રતિકૂલ કોઇ દુઃખ ઊભું કરે, એની એવી બહુ કિંમત નથી કે એ માટે આ વિકાર સેવવાનું અને તેથી જુની-ખંધી-દુષ્ટ વાસનાને જાગ્રત્ કરી કરી પુષ્ટ બનાવવાનું મહાનુકશાન વહોરૂં ?

(૩) જગતને એનો સ્વતંત્ર રાહ છે, તો મારે મારા આત્માનો પણ સ્વતંત્ર રાહ છે. જગતની ચીજના રાહ ઉપર મારા આત્માનો વિષયવૈરાગ્ય અને ક્ષયોપશમનો પવિત્ર મહાતારક રાહ પલટવાની જરૂર નથી.

**(૪) લોકોત્તર માર્ગદર્શન અને મહાપુરૂષનાં આલંબન મળ્યાનો ભાર :-**

જિનેશ્વર ભગવંતનું કેટલું સુંદર ધર્મશાસન મળ્યું છે ! મારા પૂર્વ મહાપુરુષોના કેવા અદ્ભુત જીવન ચરિત્ર

અને સુકૃત-પરાક્રમોનાં ભવ્ય આલંબન મળ્યાં છે! આ લોકોત્તર શાસનમાં માર્ગદર્શન અને પૂર્વનાં દૃષ્ટાંતનાં આલંબન મળવા છતાં જો હું એના માથે ભાર ન રાખું, ઉપયોગ ન કરૂં, અને મૂઢ બની નિમિત્ત વશ થાઉં, તો મારા જેવો કંગાળ, મૂઢ, રાંકડો બીજો કોણ? જો હું વિકાર સેવું, કુવાસનાઓને દૃઢ કરૂં, તો મારા જેવો સ્વાત્મઘાતક અને માનવભવવિડંબક બીજો કોણ?

**(૫) જાતકાળજી વિના સ્વાત્માની દયા કોણ કરશે :-**

બસ, મારે તો પ્રભુનાં શાસનનાં તત્ત્વ,-આત્મા, કર્મ, આશ્રવ, સંવર વગેરેને મનમાં રટાવવાના, અને માર્ગની જિનાજ્ઞાને જ ખરેખર મહાસારભૂત માનવાની; તથા સર્વશક્તિ ખર્ચીને એનું પાલન જ જીવનમાં મૂખ્ય રાખવાનું. એની આગળ તુચ્છ ઇન્દ્રિયસુખ જતા કરવાનાં, અને મામુલી કષ્ટ દુઃખ વધાવી લેવાનાં; પણ મારા પ્યારા આત્માને કર્મ અને કષાય-સંસ્કારથી નહિ લપેટવાનો.

**(૬) વિકારો એ મહારોગ:**

**(૭) કિંમતી આત્મવીર્ય :-**

'આત્મામાં ઊઠતા કામ ક્રોધાદિ વિકાર ને રાગદ્વેષ અહંત્વ આદિ વિકાર એ તો મહા રોગ છે. રોગને મારે હાથે કરીને ઉઠાડવાની અને પોષવાની શી જરૂર છે? હું એને ઊભા કરૂં તો ઊભા થાય.- ન કરૂં તો નહિ. મારા પુરુષાર્થ પર આધાર છે. મારૂં કિંમતી આત્મવીર્ય ખરચવા

પર આધાર છે. મારે એ ન ખરચવું હોય તો કોણ મને ફોર્સ પાડે છે ? કોણ બળાત્કાર કરે છે ? મારૂં કિંમતી આત્મવીર્ય એ વિકારચંડાળને આપવાની જરૂર નથી.

(૮) મદિરાપાનની કુટેવઃ—

વળી વિકારો સેવ્યે જવાથી એ કાંઇ મટતા નથી, ઉલ્ટાં વધે છે. કામ, ક્રોધ, મદ, તૃષ્ણા વગેરે એકેક વિકાર જેમ જેમ સેવાય તેમ તેમ એની કુટેવ પડે છે, અને પછી મદિરાપાનની કુટેવની માફક એ કોટે વળગે છે. પછી સહેજ સહેજ વાતમાં એ જાગી પડે છે, અને મોટા રૂપમાં ઊઠી આવે છે. તો મહાકલ્યાણકર ક્ષમાદિગુણો માટે કામે લગાડવા મળેલું મહાકિંમતી મારૂં આત્મવીર્ય શા માટે મારે હાથે કરીને આ ક્રોધાદિ કષાયો, કામિક વૃત્તિ, હાસ્ય–મજાક હર્ષ–ખેદ વગેરેમાં વેડફી નાખું ?

(૯) દારૂણ વિપાકનો વિચાર–

ક્રોધાદિ કષાય કરાય, કે ક્ષમાદિ ધર્મ સચવાય, બંનેમાં આત્માએ પુરુષાર્થ તો કરવો જ પડે છે. વીર્યનો ઉપયોગ કરતાં તાત્કાલીક લાભ અગર તુચ્છ અલ્પકાલીન કષ્ટનિવારણ દેખાય, પરંતુ તેથી શું ? દીર્ઘ ભવિષ્યકાળ માટે શી સલામતી ? કશી જ નહિ. ઉલ્ટું એથી ભવિષ્ય-કાળ માટે તો ભય, નિરાધારતા, પરાધીનતા, નીચી હલકી સ્થિતિમાં ભ્રષ્ટતા વગેરે દુર્દશા જ ઉભી થાય. તો એવા તાત્કાલિક લાભ કે અલ્પકાલીન કષ્ટનિવારણમાં શું મોહવું હતું કે એની લાલચથી આત્મવીર્યને વેડફી નાખવાનું થાય ?

મારા પોતાના જ હાથે ભવ ભારે કરાય ? આવો દુઃખમય બનાવાય ? વર્તમાનમાં પણ એવા આત્મવીર્યના ઉપયોગથી જીવને નિઃસત્ત્વ, તામસી, વિહ્વળ, અસહિષ્ણુ અને પશુવત્ બનાવાય ? કોણ હું ? ભગવાન મહાવીરદેવનો સંતાન ! એ દુનિયાના પામર પ્રાકૃત જનની જેમ જ આત્મવીર્ય વેડફી નાખનારો અને મૂર્ખ ઠરનારો બનું ?

વળી એ પણ મોટી વિવેકની વસ્તુ છે કે

**(૧૦) ક્ષમાદિ આત્મવીર્ય ઊગી નીકળે :–**

" આત્મવીર્યનો ઉપયોગ તો કરવો જ છે તો કષાયથી તથા તાત્કાલિક વિષયસુખ–સન્માનના લાભની કે અલ્પકાલીન કષ્ટ–નિવારણની પરવા કર્યા વિના દીર્ઘકાલીન લાભ અને દુઃખનિવારણ કરાવે એવા ક્ષમાદિ ગુણો કેળવવામાં જ મારું આત્મવીર્ય ખરચું એ બહુ ઊગી નીકળશે ! એ કરવા હંમેશા તૈયાર રહું. ભવસાગર તરવો છે તો એનાથી જ તરાશે. ભગવાન જેવાએ પણ એ જ કર્યું છે. જ્યારે જ્યારે કામ–ક્રોધાદિના પ્રસંગ ઊભા થાય ત્યારે ત્યારે ઝટ સાવધાન થઈ આત્મવીર્ય એ દુર્ગુણો પોષવામાં ન જાય એ બરાબર ધ્યાન રાખું, અને પ્રતિપક્ષી ગુણોમાં વીર્યને ફેરવું.

**(૧૧) વાસના ભૂંસવાના ભવમાં પુષ્ટ કરાય ?.-**

આ પણ એક મોટી નુકશાની છે કે આત્માનું વીર્ય વિકારોને ઝગમગતા રાખવામાં વપરાય એથી વિકરાળ વાસનાઓ તગડી થાય છે, દૃઢ થતી જાય છે. વાસનાઓ

જાગ્રત્ થાય છે, એટલે તો વિકારો ઊઠે છે; અને વિકારો આત્મવીર્ય દ્વારા ખુશમિશાલ સેવાયે જવાથી એ વાસનાઓ લષ્ટપુષ્ટ થાય એમાં નવાઈ નથી. આ કેટલી મોટી કમનસીબી કે વાસનાઓને ભૂંસવા માટે જ ખરચવાનાં આત્મવીર્યવાળા આ ભવમાં એને લષ્ટપુષ્ટ કરવામાં જ આત્મવીર્યનો ઉપયોગ કરાય ? આવા ઉત્તમ ભવમાં જો એ વાસનાઓને ઘસારે પાડવાનું ન બને, તો પછી મનુષ્ય સિવાયના કયા બીજા ભવમાં એ કામ થઇ શકશે ? પવિત્ર સમર્થ જિનશાસનનો સહારો મળ્યો છે, ત્યારે જો એ કામ નહિ થાય તો પછી એના અભાવે શી રીતે કરી શકાવાનું ?

**(૧૨) ભવ અને શાસનની કદરથી વિકારો પર સંતાપ—**

એ તો આ ભવ અને આ શાસનની ઊંચી કદર કરી પ્રસંગે પ્રસંગે ઊઠવા જતા વિકારોની સામે એના પ્રતિપક્ષી ગુણ અને ધર્મમાં આત્મવીર્ય જોડયા કરૂં તો જ એ છૂપી વાસનાઓ પર કુઠારાઘાત લાગે. પામરતાવશ જ્યાં કામક્રોધાદિ વિકાર સેવાઈ જાય ત્યાં પણ ખુશાખુશાલી નહિ, કિન્તુ હૈયે પારાવાર દુઃખ થાય કે આ ઉત્તમ માનવક્ષણની અને અદ્ભુત આત્મવીર્યની કેવી રાખ થઇ રહી છે ! જો ખરેખર હૃદયસંતાપ થાય તો પણ વાસનાને એવી પુષ્ટિ ન મળે.”

**જીવન-સંગ્રામ—**

બસ, આવી આવી રીતે જો વારંવાર ભાવના કરતા રહેવાય તો અવસરે અવસરે વિકારો સેવી સેવી વાસનાને

પગભર રાખવાનું ન કરાય. આત્મવીર્ય એમાં ખરચવા પર અંકુશ મૂકાય. આપણા વીર્યના આપણે માલિક છીએ, તેથી એનો ધાર્યો સદુપયોગ જ કરીએ. અનાદિનો અભ્યાસ છે એટલે એકદમ એ વીર્યનો દુરુપયોગ ન રોકાય અને વાસના તદ્દન ન દબાય એ બને; પરંતુ સાચો પ્રયત્ન હોય એ એમાં મંદતા જરૂર લાવે. જીવનભર આ જ કામ કરવાનું છે, વિકારો સામે લડવાનું છે, જીવનસંગ્રામ ખેલવાના છે.

આત્મવીર્યને બને ત્યાં સુધી રાગાદિ વિકાર પોષણના માર્ગે ન ખરચવા દઇએ. એ માટે કહેલી ભાવના, અને ભાવના માટેના આલંબન ભૂલશો નહિ. આલંબન પણ ભારે સહાયક બને છે. એવું એકાદ સૂત્ર પણ પકડી રાખ્યું હોય છે અને અવરનવર એને મનમાં લાવીએ છીએ તો એ મનને બળ આપે છે. દા. ત. આ જ સૂત્ર કે ' શું મારૂં કિંમતી આત્મવીર્ય, મહાવીર પ્રભુ જેવાને માથે નાથ કર્યા પછી, ક્રોધલોભાદિ–રાગદ્વેષ હાસ્યમદ વગેરેમાં વેડફી નાખું ?'–આ સૂત્રને મન પર લીધાથી મન સશક્ત બની એ વિકારો સેવવા પર અંકુશ મૂકે છે, વિકારને દબાવી એથી પ્રતિપક્ષી ક્ષમા–નિર્લોભતા–વિરાગ–ઉપશમ–ગાંભીર્ય–નમ્રતા વગેરેને કેળવવાનું કરે છે.

## સારાં નિમિત્ત સારા સંયોગાદિને જ સેવવા-

વાત એ ચાલતી હતી કે દેવતાએ જે આકાશમાં જઈ વાણી ઉચ્ચારી કે મોટા મેરુને ચૂર્ણ કરી નાખે એના કરતાં શીલને અખંડ ધારણ કરે એ પરાક્રમ મોટું

છે. આપણે પ્રલોભક સંયોગના અભાવમાં શીલનું પાલન સહેલું માનતા હોઇએ, પરંતુ અંદરની છૂપી વાસનાઓ જોતાં એ ગુમાન રાખવા જેવું નથી. તેવા સંયોગ ઊભા થતાં અંદરની વાસના જોર કરી આત્મવીર્યને વિણસાડી જાય છે. માટે જ મુખ્ય કામ આ કરવાનું છે કે,

સારાં નિમિત્ત સારા સંયોગનો જ સહવાસ રાખી ઉત્તમ ભાવના, અર્હદ્ભક્તિ, ગુરુસેવા, શાસ્ત્ર-વ્યવસાય, અને ત્યાગ-તપસ્યાદિમાં આત્મવીર્ય કામ કરતું રાખવા દ્વારા એ કુટિલ વાસનાઓ સામે વૈરાગ્ય-ક્ષમાદિ ગુણોનું સુસંસ્કરણ જોરદાર બનાવતા જઈએ.

એટલે પછી સહેજે સહેજે એના વધતા જતા બળ ઉપર કુવાસનાઓનું જોર કમી થઈ જવાનું. સવાલ આટલો કે આપણા આત્માનું વીર્ય ખોટે રસ્તે, અસત્ અશુભ કાયયોગ-વચનયોગ-મનોયોગમાં જતું અટકાવવા ધરખમ જાગૃતિ અને ચીવટ રાખવી અતિ જરૂરી છે. કોઈ જ અનુચિત અસભ્ય વર્તાવ, અસૌમ્ય અનુચિત વાણી કે કામ-ક્રોધાદિ વિકારવાળો વિચાર કરવામાં આત્મવીર્ય જોડવું નહિ.

**દેવની પુષ્પવૃષ્ટિ ને આકાશવાણી :—**

દેવતાએ સત્તર પ્રકારના શીલ-સંયમનો વિજય પોકાર્યો, અને આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ કરી ! વળી પણ ઘોષિત કર્યું કે,–

**देव्वस्स दें ति दोसं पवंचिया अत्तणो सकम्मेहिं ।**
**न य गुणेसु ठवेंतऽप्पं सुहाइ मुहाए जोएँति ॥**

**જાતે જ આત્મવંચના–ગુણાપેક્ષા :—**

અર્થાત્ અજ્ઞાન લોકો પોતાના અસત્ આચરણથી પોતાની જાતે જ ઠગાયા છતાં દૈવને દોષ દે છે! પણ પોતાના આત્માને ગુણોને વિષે સ્થાપિત કરતા નથી! એ બિચારા સુખની સામે ફોગટ જુએ છે, સુખની નિષ્ફળ ઇચ્છા કરે છે.”

કેવું સરસ સત્ય ઉચ્ચાર્યું! દુશ્મનના સુભટો કદાચ એમ વિચારતા હોય કે ‘ શું કરીએ, આપણું ભાગ્ય વાંકું કે અહીં ફાવટ તો ન આવી પણ ઉલ્ટું માર પડ્યો, સ્તંભિત થઈ જવું પડ્યું, નાલેશી મળી.’ આવું વિચારતા હોય એને દેવવચનથી સમજવા મળે એવું છે કે ‘ આ અમે ઠગાયા, નાલેશી મળી, તે અમારા પાપાચરણથી બન્યું છે. એમાં ભાગ્યને શાનો દોષ આપવો? ખોટી રીતે લૂંટવા ન આવ્યા હોત તો આ કાંઈ ન બનત’ આના ઉપરથી તો ધડો લેવો જોઈએ કે જો ખોટું આચરણ ન કરીએ અને ગુણથી મઘમઘતા માર્ગે ચાલીએ તો કોઈ ઠગામણ થાય નહિ, ઠગાવાનું બને નહિ. અર્થાત્ પોતાના આત્માને ગુણને વિષે સ્થાપિત કરવો જોઈએ; આત્માએ સદ્ગુણોનો જ ખપ રાખી એવી ગુણભરી પ્રવૃત્તિ જ કરવી જોઈએ, નહિતર દુર્ગુણના ભરેલા બન્યા રહી દુર્ગુણભરી પ્રવૃત્તિ કરવામાં આવે પછી

એનાથી ગમે તેટલી સુખની કામના રખાય, પણ તે ફોગટ છે. એવી ઈચ્છા સફળ થાય નહિ.

**લોભમાં અંધાપો :—**

માણસ લોભવશ વેપારમાં સાહસ કરવા જાય, અને પૈસા ગુમાવે તો ભાગ્યને દોષ દે છે કે, 'આ ભાગ્ય બરાબર સીધું નહિ, તે પૈસા ગુમાવ્યા.' પહેલાં લોભ કરી કામ કરતો હતો અને કમાણી થતી હતી તેથી માનતો હતો કે 'આ હિંમત કરી કામ કરીએ તો પૈસા મળે' એને ભાન નથી કે 'પૂર્વ જીવનમાં કોક ગુણ કોઈક ધર્મ કરેલો, તેથી આ પૈસા મળે છે,' એટલે એમ જ માની બેસે છે કે 'ઈચ્છા રાખી હિંમત કરીએ તો પૈસા મળે.' પણ હવે એ જ હિંમતથી કામ કરવા છતાં લપડાક ખાય છે એટલે ભાગ્યના માથે ઓઢાડે છે! એ જોવું નથી કે 'અતિ લોભ તે પાપનું મૂળ. મર્યાદા બહાર વેતરવા જાય છે, ને પુણ્ય માપતો નથી, તેથી લેવાના દેવા થાય છે.' હા, લોભ ન કર્યો હોત, જંપીને બેઠો હોત, તો ગુમાવવાનું ન થાત.

**જે લોભાદિ-દુર્ગુણની સડકે દોડતાં આગળ પટકાવાનું છે, એ લોભ દુર્ગુણને લાભ કરનારો કેમ કહેવાય ?**

એથી ઉલ્ટું, જે ગુણના માર્ગે ચાલ્યા જતાં ખરેખરી સુખશાન્તિ રહે છે, એને લાભકારી કેમ ન કહેવાય ?

લોભ કરે ને પૈસા જાય; રોફ કર્યે સામેથી લપડાક પડે; જુઠ બોલ્યે પકડાઈ જઈ ફજેત થાય; અનીતિ કર્યે સરકારી ચુંગાલમાં ફસાય; આવા કેટલાય દાખલા છે કે

અવગુણની સડકે દોડતાં જીવ માર ખાય છે. છતાં મોહમૂઢ દશા એવી છે કે એ મારના કારણભૂત અવગુણને જ ખોટો –ખરાબ નુકશાનકારી માનવા તૈયાર નથી. નહિતર માર પડયાને રોતે, એના કરતાં વધુ પોતાના અવગુણને રોવત; અને અવગુણને રુએ તો કયારેક એનાથી પાછો વળવાનું થાય. પણ અંધાપો હટે તો એ બને ને ? રોવાની ચીજ કઇ ? માર કે અવગુણ ? મોહમૂઢ માર પડે એને રુએ છે, પોતાના દોષને–ભૂલને નહિ.

**જીવન જીવવાની કિંમત** :—પોતાના ગુણ–અવગુણ પર દષ્ટિ રાખી ગુણના માર્ગે ચાલવામાં અને અવગુણને બને ત્યાં સુધી અમલમાં નહિ આવવા દેવામાં છે.

બસ, આ રાહે ચાલ્યા જાઓ, બાકી

**બહારની–અનુકૂળ પ્રતિકૂળ પ્રાપ્તિને લલાટ પર છોડતા ચાલો; કદીય પ્રતિકૂળ બન્યાને ગુણ સાથે સાંકળો નહિ કે ગુણ રાખ્યો માટે દુઃખ આવ્યું.**

દા. ત. આ સાચું બોલ્યા કે ક્ષમા રાખી એટલે નુકશાન થયું,' ના, "નુકશાન તો લલાટ વાંકાના હિસાબે થયું છે; છતાં મારે ગુણ સચવાઈ ગયો એ સારૂં થયું. નહિતર વક્ર વિધિના લીધે નુકશાન તો થાત જ, અને ઉપરથી જૂઠ બોલ્યાનું કે ગુસ્સો કર્યાનું પાપ માથે પડત. આ તો ટૂંકે પત્યું.

(૧) નુકશાન વેઠયું એટલો પાપકચરો આત્મામાંથી ઓછો થયો,

(૨) સત્ય કે ક્ષમાની અમૂલ્ય કમાઈ પરલોકના ચોપડે જમે થઈ એ ફાવ્યા."

**જીવન મસ્ત કેમ જીવાય :—**

(૧)**અવગુણ** પ્રગટ નહિ થવા દેવામાં, અને

(૨) ગુણુના રાહે મક્કમ મને ચાલ્યા જવામાં, તથા

(૩) ઈષ્ટ અનિષ્ટ બને ત્યાં ભાગ્ય પર અટલ ભરોસો રાખવામાં, તેમજ,

(૪) સકલ વિઘ્નનિવારક અને પરમ સંપત્તિદાયક પરમાત્માનું એકાંત મંગળમય શરણુ વારંવાર સ્વીકારવામાં,

જીવન ખૂબ શાન્તભર્યું મસ્ત જીવાય છે, શાસ્ત્રમાં આના પર એક સુંદર દૃષ્ટાન્ત આવે છે, ચિતારાની પુત્રીનું—

## ચિતારાની પુત્રીનું દૃષ્ટાન્ત

ઉત્તરાધ્યયન સૂત્રની ટીકામાં આ દૃષ્ટાન્ત મુકયું છે, એક વૃદ્ધ ચિતારો હતો, એને રાજસભામાં ચિતરવાનું કાર્ય મળ્યું. તે બીજા ચિતારાઓ સાથે એને સોંપેલા ભાગનાં ચિત્રામણુ કરતો હતો, બપોરે ભોજનના અવસરે એની દીકરી એને ભોજન આપી જતી.

એકવાર એવું બન્યું કે છોકરી ખાવાનું લઇ આવી છે, એનો બાપ એ વખતે જંગલ જવા ગયો, છોકરી બેઠી છે, એટલામાં રાજા ત્યાં સભા કેવી ચિતરાઇ રહી છે, તે જોવા આવ્યો.

**માણસો પાસે કામ કેમ લેવાય ? :—**

માણસો પાસે કામ લેતા હોઇએ ત્યારે વચમાં વચમાં ઓચિંતી મુલાકાત લઈ તપાસ રાખ્યા કરવી જોઈએ છે કે કામ કેમ ચાલી રહ્યું છે. તો જ માણસો જાગતા રહે, સાવધાન રહી કામ કરે, તેમજ કંઈ વાંકુચૂકું થતું હોય તો તત્કાલ સુધરાવી દેવાય, અને યોગ્ય ભલામણ કરી શકાય. નહિતર તપાસ વિના તો માણસો બેપરવા બને, સરખું કામ કરે નહિ, ને રોજી મફતમાં ખાય, વળી વાંકુંચૂકું થયેલું તત્કાલ ન સુધાર્યું તો પછી સુધરવું મુશ્કેલ બને. એવું ચલાવી લેવું પડે, અને તે જિંદગીનું સાલ બની સંતાપ્યા કરે. અડધું કામ જોતાં કોઇ નવી ભલામણ સ્ફુરી તો તે પ્રમાણે કરાવવામાં કામ દીપી ય ઊઠે, તે પણ મુલાકાત ન લેવામાં બને નહિ. આમ (૧) કારીગરોની બેપરવાઈ, (૨) મફતિયા ખરચનો વધારો, (૩) નુકશાની પર જિંદગીનું સાલ, (૪) નવી રોનકનો અભાવ, વગેરે નુકશાનો વેઠવા કરતાં અવરનવર ઓચિંતી મુલાકાતનો મામુલી શ્રમ અને સમય વ્યય કરવો શું ખોટો ? ધર્મનાં કામ કરાવતાં આ ખાસ ધ્યાન રાખવાનું છે.

**રાજાની મૂર્ખાઇ પર હાસ્યઃ—**

રાજા ત્યાં સભા જોવા આવ્યો. એમાં એક દિવાલ પર મોર એવો ચિતરેલો કે એના પર Shade light છાયા –પ્રકાશના રંગ અપાયેલ હોવાથી જાણે ખરેખર મોર ઊભો દેખાય. રાજા કંઇક ભુલાવામાં પડી મોરનું પીંછું પકડવા

ગયો, પણ હાથ ભીંત સાથે ટકરાયો ! એ જોઇને ચિતારાની દીકરી એકાએક હસતાં બોલી ઊઠી કે ' વાહ ! ચોથો પાયો મળી ગયો ! '

રાજા એ સાંભળીને પૂછે છે ' શાનો ચોથો પાયો ?'

આ કુમારી રાજાને ઓળખતી નથી, કેમકે રાજા એકલો સાદા કપડામાં આવ્યો છે. એટલે નિર્ભીકપણે એ રાજાને કહે છે કે ચોથો પાયો તો મૂર્ખાના ખાટલાનો. પાયા તરીકે ત્રણ મૂર્ખ તો મળ્યા હતા, પણ ચોથો ખૂટતો હતો તે હવે મળી આવ્યો. '

રાજાને કૌતુક થયું કે ' વળી ત્રણ મૂરખા કેવાક હશે ! અને હું મૂરખ શી રીતે ? ' જાણવાની ઇંતેજારી થઈ, મનમાં રીસ ન લગાડી કે ' હેં મને મૂરખ કહે છે ? '

**મોટા માણસોના મન મોટા હોય છે.** તો જ વસ્તુ પામી શકે છે. વાતવાતમાં સાંકડા મનથી ખોટું લગાડે, એને નવું જાણવા સમજવા ઓછું મળે છે; કેમકે એવાને બહુ કહેવાનું બીજાને મન થતું નથી. તેમ કદાચ કોઇ કહે તો પોતાના સાંકડા મનને લીધે ને પોતાની રીસાળ પ્રકૃતિને લીધે સાંભળ્યા પર ઊંધી ખતવણી કરે છે. એવા માણસ નવું શું પામી શકે ? આગળ શું વધી શકે ? કહે છે ને,

'રીસ કરે દેતાં શિખામણ ભાગ્યદશા પરવારી !

એક ચિતારાનો છોકરો બાપ પાસે ચિત્રકળા શીખતો હતો. બાપ રોજ ૪–૪ ભૂલ કાઢી આપે તે સુધારે

જતો હતો. છ મહિને સુંદર ચિત્ર દોરતો થઈ ગયો. પણ હવે ગુમાન આવ્યું કે આ બાપ રોજને રોજ ભૂલો કેમ કાઢે છે? આજ જોઉં છું કેવી ભૂલ કાઢે છે?' તે આજે બાપાને ચિત્ર બતાવવા ગયો તે પગલાં જ ભારે! શબ્દ પણ એવા બોલ્યો કે 'લ્યો આજે ભૂલ કાઢો જોઉં.'

બાપ સમજી ગયો કે મામલો ફરી ગયો છે. તે જોઈને કહે છે 'વાહ! કેવુંક સરસ ચિત્ર!'

છોકરો કહે 'પણ કાઢોને ભૂલ કાઢોને? રોજ ભૂલ જ ભૂલ બતાવતા હતા તે આજ કાઢો જો ભૂલ?'

બાપ કહે 'તારે ભૂલ જાણવી છે? પણ હવે ભૂલ ન બતાવાય. હવે એ દહાડા ગયા. છ મહિના પહેલાનું ચિત્ર લઇ આવ, અને મેળવ આની સાથે.'

છોકરો લઈ આવ્યો. ચિત્ર મેળવે છે. શું રાખ મેળવે? કોઇ મેળ જ નથી. એને આશ્ચર્ય થાય છે કે

'અરે! આ પહેલાનું ચિત્ર મારું!' પિતાને કહે છે કે આ તો કાંઇ મેળ ખાતો નથી.

બાપ કહે છે 'તે કયાંથી ખાય? એના પર તો ૭૦૦ ભુલો સુધરી ગઇ!'

'તો બાપુજી! શું હજી પણ આમાં ભૂલો છે? જો હોય, ને તે સુધરે તો આનાથી ય વળી કેવું સુંદર ચિત્ર બને! તો કૃપા કરી બતાવો ભૂલ, સુધારી લઇશ.'

બાપ કહે 'હવે બસ તારું ગજું આટલું જ છે. મારા મનને હતું કે તને દુનિયાનો નામી ચિત્રકાર બનાવું.

ચિત્ર એવું ચિતરે કે જાણે હુબહુ વસ્તુ જ લાગે. પણ હવે તને રીસ ચડી, ગુમાન આવ્યું, એટલે આગળ વધવાની લાયકાત ગઇ.'

છોકરો રીસ કરતાં શું પામ્યો! પ્રગતિ અટકી ગઇ. પછી ઘણું ય પસ્તાયો, શું કરે! મયણાસુંદરીના બોલથી આપને રીસ ચઢી, તો એને પસ્તાવો કરવાનો અવસર આવ્યો ને?

**બ્રાહ્મી સુંદરીના જીવ** પીઠ–મહાપીઠને પૂર્વ ભવમાં ગુરુએ ભરત–બાહુબલીના જીવ બાહુ–સુબાહુ મુનિના સેવા –વૈયાવચ્ચ–ગુણની કરેલી પ્રશંસા પર રીસ ચઢી, તો સ્ત્રીપણે અહીં જન્મ લેવો પડયો. કર્મને શરમ કયાં છે? જેવા ભાવમાં વર્તો, એવું ફળ આવીને ચોંટે છે. પછી એના દારુણ વિપાક ભોગવતાં રોતા બેસી રહો, હવે એમાંથી ઝટ શે છૂટાય!

વાલી રાજાના મિત્રાચારીના સીધા વચન પર રાવણને રીસ ચઢી ગુમાન આવ્યું, લડાઇમાં ઊતર્યો, તો ફજેતો થયો ને?

### ગંભીર બનવા ખોટું ન લગાડો

વડીલોની કે નાનાની વાત પર શું જોઇને રીસ ચઢતી હશે? હૃદય પહોળું રાખો. આગળ વધવું છે? ધીર ગંભીરમાં ખપવું છે? જે વાત આવે એને વિશાળ દિલમાં ઊતારો, એના પર વિચાર કરો. રીસ કરવાનું શું કામ છે! માનો ને કે એ ખોટું કહે છે, પછી એ ખોટું લાગે

તોય શાંત ઠંડા ચિત્તે એને ઠંડા શબ્દમાં કહો કે 'ભાઇ ! વસ્તુ આમની આમ છે' તો પેલાને ય વિચાર કરવો પડશે. બાકી બધી ય વાત ખોટી થોડી જ હોય છે ! ઘણીય સાચી ને સારી વાત પણ હોય છે. પહેલેથી રીસ ન કરતાં રહસ્ય જાણવાની આતુરતા રાખવી જોઇએ. એ મોટું મન કહેવાય. રીસ ચડે એ ક્ષુદ્ર મન.

## ચાર મૂરખાનો ખાટલો

રાજા ચિતારાની કન્યાને આસ્તેથી પૂછે છે 'તે બેન ! ચાર મૂરખાના ખાટલામાં મૂરખા કયા કયા ! અને મારી મૂર્ખાઇ શી !

કન્યા કહે છે, ' જુઓ,

(૧) આ પહેલો મૂરખ મારો બાપ કે હું એના માટે ઉનું ભોજન લઈ આવું છું ત્યારે એને આ જ વખતે જંગલ જવાનું સૂઝે છે. અક્કરમીના પડિયા કાણાં, તે ઉનાનું ટાઢું ગોતા જેવું કરીને ખાય છે. માણસે પ્રસ્તાવને યોગ્ય વર્તવું જોઇએ. વળી 'આવડી મોટી ઉમરલાયક હું મારો કોઈ વિચાર ન કરતાં મને એકલી ઘરે રાખી એ અહીં કામ કરવા આવે છે. એકલી જુવાન છોકરીનો શો ભરોસો ? સારી હોય છતાં એકલાપણામાં નિમિત્ત એવું મળતાં પતનનો સંભવ છે.'

રાજા સાંભળીને તાજુબ થઈ જાય છે કે શો કન્યાનો વિવેક છે ? પણ કાંઈ બોલ્યા વિના બીજા ઉત્તર સાંભળે છે.

(૨) કન્યા ચલાવે છે કે 'બીજો મૂરખો આ ગામનો રાજા કે જેટલું કામ ખખડધખ નવજુવાન ચિતારાઓને

ઈન્દ્રિયો ઠંડગાર બની ગયા પછી એને બાહ્ય ચામડાના રૂપ-સ્પર્શની ભૂખ જ નહિ રહે, ખણુજ જ નહિ રહે. શા સારૂ એ રોગ નોંતરૂં ? શીલનું મહા આરોગ્ય જ ન ભોગવું ? '

આવી ભાવના-વિચારણા અને એનો અમલ વારંવાર કરી કરીને મનને શાન્ત, વિવેકસંપન્ન અને ગુણના વીર્યથી ભર્યું બનાવી દેવું જોઇએ. એ બન્યું, પછી શીલપાલનમાં શી મોટી વાત હતી ? સહેલું, સરળ, મનગમતું.

**કુશીલમાં કેટલું ગુમાવવાનું :—**

ભૂલતા નહિ કે કુશીલ એટલું ખતરનાક છે કે દિવસરાત એના વિચાર અને ચામડાના રૂપ-સ્પર્શના વિચાર ઊભરાવે છે. ત્યાં પછી સારી ભાવના મરી પરવારી ! તત્ત્વનું ચિંતન રીસાઈ ગયું ! ધર્મક્રિયામાં મન લાગવાનું અલોપ ! શા સારૂ એક આંખ કે ચામડીની ખણુજ પાછળ આ ભયંકર નુકશાન વહોરવા ?

**યાદ રાખ્યા કરવું જોઈએ કે ;—**

**જે મનમાં કુશીલ વસ્યું, ત્યાં પરમાત્મા ન વસી શકે.** પરમાત્મા અનંત શીલભર્યા છે. એ કુશીલ મનમાં શે આવે ?

બસ, કુશીલથી બચવા આ કામ કરો,-

(૧) ઇન્દ્રિયોને ઠંડગાર શાંત અને અતિ ધરાયેલી કરી દો. હૈયાની તીવ્ર ઉત્કંઠાથી અને ઈષ્ટ તરીકેના વિચારથી આ બની શકશે. મન પછી ઘણું સ્વસ્થ બનશે. એ

માટે સામે વર્તમાનના ૨૦ અરિહંત, ૨ ક્રોડ કેવળજ્ઞાની અને ૨૦૦૦ ક્રોડ મહાવૈરાગી મુનિઓને જુઓ. આ સાથે એમને નિસ્બત નથી તો મારે પણ જગતના વિષયો સાથે શી નિસ્બત હોય ?

(૨) પૂર્વે કરેલી ભાવના વારંવાર ભાવો. સમજી રાખો, વારંવારની શુભ ભાવના વિના તો ઉદ્ધાર જ નથી. આટલું જ પુનઃ પુનઃ ચિંતવ્યા કરો ને કે 'હરામખોર રૂપ-સ્પર્શ ! દુષ્ટ ગલીચ ગંદા રૂપ–સ્પર્શ ! જાઓ સર્યું મારે તમારાથી, પછી જુઓ એનો કેવો પ્રભાવ પડે છે.

(૩) મનને કોઈ સારી વિચારધારામાં સતત જોડી રાખો, જેથી એને આ કુશીલ તરફ જવાની ફુરસદ કે અવકાશ જ ન મળે. 'વિચારધારા' એટલે ગમે તે આડા ને અવળા વિચારો નહિ, પણ એક સારા ચોક્કસ વિષય પર સળંગ વિચારની ધારા, વચમાં બીજા હાલતુ-ફાલતુ કોઈ વિચાર નહિ. તેથી મનની શક્તિ વધે છે. અભ્યાસની જ જરૂર છે. ટેવ પડ્યા પછી સરળ બની જશે.

**સારી વિચારધારાના અભાવે મન નિઃસત્વ :–**

ધ્યાન રાખજો, જીવનમાં આ નથી એટલે જ મન આહટ્ટદોહટ્ટ અને કચરાપટ્ટી વિચાર્યા કરે છે, ને નિઃસત્ત્વ બને છે, તથા ઝટ કામ–કષાયનો ભોગ બને છે. સારા સારા વિષયની સળંગ ધારાબદ્ધ વિચારણા કરવા માંડો તો એ મહારોગ ઓછો થશે. નહિતર એ મહારોગથી તો મહા-મૃત્યુઓ છે. બાકી સારા સારા વિષયો ઘણા છે. બાર

ભાવના, મૈત્રી આદિ ચાર ભાવના, નવપદ, નવતત્ત્વ, આઠ કર્મ અને એના પ્રકૃતિ–સ્થિતિ–રસ–પ્રદેશ બંધ–ઉદય, ચૌદ ગુણસ્થાનક, બાર વ્રત, સાધુને ચરણસિત્તરી, કરણસિત્તરી, મહાપુરુષોનાં ચરિત્ર, અનેકાનેક તીર્થયાત્રા, આવશ્યક ક્રિયાનાં સૂત્રોનાં પદ, કેઈ સ્તવન સજ્ઝાય, વગેરે વગેરેમાંથી ગમે તે વિષય લઇ એના પર સળંગ વિચારધારા ચલાવી શકાય છે. મન એમાં પરોવાયેલું રહે પછી કુશીલની વિચારણાજ શાની સ્ફુરે ?

(૪) ઘણું કામ, ચોવીસ કલાકનો દહાડો ને અઠ્ઠાવીસ કલાકના કાર્યનો માથે ભાર, અને એમાં વ્યગ્રતા, એ પણ કુશીલના વિચારને અટકાવે છે; કેમકે એની ફુરસદ જ નથી.

## વિધવા દીકરીનું દૃષ્ટાન્ત :—

શાસ્ત્રમાં શેઠની વિધવા દિકરીનો પ્રસંગ આવે છે. યુવાનીના પ્રારંભે જ વિધવા બની હોવાથી માબાપે એનાં મનને ઓછું ન આવે માટે એને બહુ ઉદારતાથી રાખવાનું કર્યું છે. ઘરમાં કામકાજ તો કાંઈ એને કરવું હોય તો કરે, નહિતર નહિ. માબાપનો કોઈ આગ્રહ નથી. પણ આનું પરિણામ એ આવ્યું કે નવરી પડી કેઈ જાતના વિચારો કરે છે, ઝરુખે બેસી નીચેના માર્ગ પર દૃષ્ટિ નાખ્યા કરે છે. ત્યારે એ જોવામાં તો જુવાન જોડલાં દેખાય અને એના પર વિચારો કરવાને ફુરસદ હોય પછી મન બગડયા વિના કેમ રહે ? એનું મન બગડયું; બગડયું તે એવું બગડયું કે એક દિવસ દાસીને કહે છે કે ‘ કોઈ યુવાનને પકડી લાવ.’

દાસી ડાહી હતી એટલે એને તો એણે કહ્યું કે ‘સારૂં, હું તપાસ કરીશ,’ પણ પછી એણે એની માતાને આ વાત કરી. માતા ભડકી ! એણે પતિને વાત કરી. પતિ સમજી ગયો કે શું કારણ છે. તેથી પત્નીને આશ્વાસન આપ્યું કે ‘તું ચિંતા ન કરીશ, હું એનું મન સુધારી દઈશ.’

### બાપ સુધારવાનો રસ્તો કાઢે છે:—

એક બે દિવસ બાદ બાપે સાંજે બજારમાંથી આવી બહુ ચિંતાતુર હોવાનો દેખાવ કર્યો. છોકરીને બાપ પર બહુ પ્રેમ છે, તેથી પૂછે છે ‘કેમ બાપુજી ! આટલા બધા આજે ઉદાસ ?’

બાપ કહે, ‘બેન ! તને શું કહું ? કહીને વળી તને દુઃખમાં કાં પાડું ?’

છોકરીને વધુ ઇંતેજારી થઈ, કહે છે, ‘અરે ! આ શું કહો છો ? મારે વળી શાનું દુઃખમાં પડવાનું ? ઉલ્ટું આપ કારણ કહો અને એમાં મારાથી કંઈ બને એવું હોય ને તેથી આપની ચિંતા દૂર થતી હોય તો હું જરૂર એ કરીશ.’

બાપ કહે, ‘વાત તો બીજી કાંઈ નથી, પણ આ દુકાન અને ઘરના નોકર, બંને ઉપર મારૂં ધ્યાન શી રીતે રહે ? ને ધ્યાન ન રાખીએ એટલે એ ચોરી કરે, કામ બગાડે, માલ બગાડે. એ સહજ છે.’

છોકરી કહે છે, ‘તો બાપુજી જો આપને ઠીક લાગતું

હોય તો ઘરનું મને સોંપો, ઘરના નોકરોની દેખરેખ હું સંભાળીશ.'

'અરે બેન! તારાથી એટલી મોટી જંજાળ શે બને? ઠેઠ સવારના પાંચ વાગ્યાથી રાતના ૧૦–૧૧ વાગ્યા સુધી ખબર રાખવી પડે. એ તારા માટે કષ્ટ ભર્યું છે.'

છોકરી કહે છે, 'આપ જરાય ફિકર ન કરો, એમાં કોઈ કષ્ટ નથી. આપ મારૂં કેટલું બધું કરો છો! તો હું આટલું ન બજાવું? સારી રીતે હું સંભાળી લઇશ, માત્ર આપ નોકરોને ભલામણ કરી દો.'

બસ, બાપને એટલું જ જોઇતું હતું. તરત દાસ-દાસીઓને બોલાવીને તાકીદ આપી દીધી કે હવેથી બેન બધું સંભાળવાના છે, માટે દરેકે એમની પાસેથી જરૂરી ચીજવસ્તુ લેવાની, વપરાયાનો હિસાબ આપવાનો, કામકાજ એમની સૂચનાઓ મુજબ બજાવવાનું, એમાં જો ફેર પડયો છે અને ફરિયાદ આવી છે તો હું દંડ કરીશ.'

બેનને કોઠારો વગેરીની ચાવીઓનો ઝુડો સોંપાયો. હવે શું પૂછવું? બેન તો એક મોટા સત્તાધીશ શેઠાણી જેવા બન્યા. ચાવીઓનો ઝુડો કેડે લટકાવી ઠમક ઠમક ચાલે છે! પછી ભલેને વહેલી પ્રભાતે ૪-૫ વાગ્યાથી ઊઠવું પડતું હોય દાસ–દાસીઓ બેનને ઊઠાડી એમની પાસેથી ચીજવસ્તુ ભર-ભલામણ લે છે. તે જંજાળ ઠેઠ રાતે ૧૦–૧૧ વાગ્યા સુધી ચાલે છે! આખા દિવસની એમ થાકેલી રાતના ઘસઘસાટ ઊંઘી જાય છે. પાછું સવારે ૪–૫ વાગ્યાથી ચાલુ! આટલું

છતાં મનને કોઈ કંટાળો નથી, કેમકે માન મળે છે ને? સત્તા ચાલે છે ને?

શું માણસ કામથી કંટાળે છે? ના, એમાં એને ધાર્યો સ્વાર્થ નથી સધાતો, કદર નથી થતી, માન નથી મળતું એટલે કંટાળે છે. બાકી જો એ બધું સચવાતું હોય તો મજૂર જેવો બની ભારે વૈતરૂં હોંશે હોંશે કરે છે! પૂછો આ બાઈઓને કે પોતાના પિયરના સગાના ૫–૨૫ મેમાન ઊતરી પડે તો સ્ફુર્તિબંધ મોટી રસોઈ વગેરે કરી કાઢે છે ને? એમાં સૂવા જતા રાતના અગિયાર વાગે તો ય ચિંતા નહિ, કંટાળો નહિ. કેમ? એને રસ છે, સ્વાર્થ લાગે છે. પણ જો પતિના પાંચ સગાં કે સાધર્મિક ઊતરી પડ્યા હોય તો? ભારે કંટાળો અનુભવશે! કેમકે એમાં સ્વાર્થ દેખાતો નથી. સંસ્થાઓના સેક્રેટરી પણ ભારે મજુરી ય હોંશથી કરે છે, કેમકે માન મળે છે. અહીં બાપ પણ દિકરીની અવરનવર ચારની વચમાં કદર કરે છે, 'એને બધું તંત્ર હાથમાં લીધું તો કેટલી સરસ વ્યવસ્થા ચાલે છે! ને માલનો બગાડો ય થતો નથી.' આ કદરથી દીકરીના મનને હોંશ રહે છે.

બાકી આખા દિવસની આ ધાંધલમાં બીજો વિચાર કરવાને ફુરસદ નથી, તેમ રાત્રે તો પથારીમાં પડ્યા ભેગા ગાઢ નિદ્રા આવી જાય છે, એટલે બીજા વિચારને અવકાશ જ નથી, પછી કુશીલનો વિચાર ક્યાંથી ઊઠે?

હવે શેઠાણીના કહેવાથી પેલી દાસી એકવાર બેનને

પૂછે છે, ' કેમ બેન ! લઈ આવું જુવાનિયો ? '

ત્યારે આ એને ધુત્કારી કાઢે છે, ' જા રે જા મૂરખી ! શી આવી વાત કરે ? '

' ના, આ તો તમે તે દિવસે કહેતા હતા ને, એટલે મેં પૂછયું.'

' અરે ઘેલી ! ગયા એ દહાડા. એ તો નવરા પડયાના ધંધા હતા. હવે તો કામકાજમાં બીજો વિચાર જ નથી આવતો, પછી શી એની વાત ? '

દાસીએ એની માતાને અને માતાએ પતિને વાત કરી. બંનેના મનને શાંતિ થઈ ગઇ.

વાત આ છે કે કામોમાં ભારે વ્યગ્રતા એ પણ કુશીલના વિચારને અટકાવવાનો ઉપાય છે.

(૫) બાકી તો ઉપાયમાં, બને તેટલો વિગઇઓ, રસકસ વગેરેનો ત્યાગ કરતા રહેવાનું; કેમકે એ વિકારને પોષે છે, વાસના જગાડે છે.

(૬) આ એક ખાસ ધ્યાન રાખવાનું કે અનાયતન-ત્યાગ બરાબર પળાય. અર્થાત્ કામોત્તેજક વાંચન, ચિત્રદર્શન અને કથાશ્રવણ યા વાતોચીતોમાં કે કુસંગમાં જરાય નહિ પડવાનું. બને ત્યાં સુધી વિજાતીય સાથેના સીધા વ્યવહારમાં ય નહિ આવવું. એવા વાસનોત્તેજક સ્થાનોમાં નહિ જવું.

સુશીલ બન્યા રહેવું છે ? તો આ ઉપાયો જરૂર સેવો. બાકી તો જેમણે ઊછળતી તોફાની વયમાં કુશીલા-

ચરણ કે અતિવિષયાસક્તિ કરી હોય છે, તે જિંદગીના પાછલા ભાગમાં ભારે પસ્તાય છે. આંખના તેજ, ઇન્દ્રિયોની તાકાત, સ્મરણ–શક્તિ, શરીર–શક્તિ વગેરે કેટલુંય કુશીલ કે અતિ વિષયાંધતાથી નષ્ટ થાય છે. કસ વિનાના બનેલા શરીરમાં રોગો ય જલ્દી થાય છે.

**હિટલરે શું કર્યું ?: સ્ત્રીઓને જોઇ જોઈ પુરુષો મુડદાલ બને છે :–**

આજની નવી પ્રજાએ આ બહુ સમજવા જેવું છે; નહિતર એ પ્રજા મુડદાલ પાકશે. હિટલર સત્તા પર આવ્યો કે જોયું કે જર્મન પ્રજા મુડદાલ કેમ બની રહી છે? મોટું કારણ એ નિહાળ્યું કે યુવાન સ્ત્રીઓ પુરુષોની સાથે નોકરીમાં રહે છે, એને જોઈ જોઈ પુરુષો મુડદાલ બને છે, ને સત્ત્વહીન બની પછી એવી જ મુડદાલ પ્રજાને જન્મ આપે એમા નવાઈ નથી. તરત એણે બધી સ્ત્રીઓને નોકરીમાંથી ઊતારી ઘેર બેસાડી દીધી. એમને એણે કહ્યું 'જાઓ તમારૂં કામ સાત્ત્વિક પ્રજાને જન્મ આપવાનું અને કેળવવાનું છે. તમારા પર દેશનો મોટો આધાર છે. માટે તમારે પુરુષો સાથે ભળવાનું નહિ.'

**ભારતની આયાત :—**

વિલાયત–અમેરિકામાં પહેલાં કોલેજિયન વગેરેમાં વેશ્યાગામિતા ચાલવાની ફરિયાદ હતી, આજે કન્યાગામિતાની જોરદાર ફરિયાદ ચાલે છે. ભારતને પણ જાણે એની આયાત કરવી છે તે આજે સહશિક્ષણ, બિભત્સ ચિત્રપટને

મંજુરી, કામોત્તેજક રેડીયો ગીત, સંતતિનિયમનનાં સાધન, અને આજે વળી ગર્ભપાતને ગુનો નહિ ગણવાની વિચારણા ચાલી રહી છે! આ મામલો ક્યાં જઈને અટકશે?

**ઉદરશૂળ કે કામશળ :—**

એક ભાઇ વાત કરે કે 'અમુક સુખી ઘરની વિધવા યુવાન પુત્રવધુને કેટલાય વખતથી પેટમાં બહુ દુખ્યા કરે છે તે હવે એનો ગર્ભાશય કાઢી નાખવાનું ઓપરેશન કરવાનું છે.' અલ્યા ભાઇ! આ ખરેખર ઉદરશૂળ છે? કે કામશૂળથી વ્યભિચારનો માર્ગ ખુલ્લો કરવાનો કિમિયો છે? શા સારૂ ભોળા થાઓ? સંતતિ-નિયમનનાં સાધન વેચનાર વેપારીને પૂછો કે એ ખરીદનાર વધારે કોણ છે? આજના સહશિક્ષણે દાટ વાળ્યો છે.

**કુશીલનો આજે પ્લેગ ફાટી નીકળ્યો છે.**

એનાં કારણ સ્પષ્ટ છે. પણ બુઝર્ગોને ય એ ધ્યાનમાં નથી આવતું, અને ઉલ્ટું એ કારણોનું સમર્થન એ કરે છે! ત્યારે આપણને પારાવાર દુઃખ થાય છે. મન એમ પણ માનવા જાય કે શું એ બુઝર્ગોને જ વાસના પીડતી હશે તે આવું ચલાવ્યે રાખે છે? જાહેર કોન્સર્ટોમાં મોટી ઉંમરની છોકરીઓને નચાવવી, એથી જોનારાની સુંવાળી લાગણીઓ ઉત્તેજિત થાય, ગિલગિલિયાં થાય, અને પછી શાળાના ફંડમાં ભરણું ભરી દે, કે શાળાની વાહવાહ પોકારે, આ તાયફો આર્યો કરે કે અનાર્યો? શાસ્ત્રો એને તો શું પણ પુરુષના ... શ- સજાવટ, અરે!

એ હાથ ઊંચા કરી સીફત પૂર્વક માથે કપડું લેવું, એને પણ કામક્રીડાનો એક પ્રકાર કહે છે. ત્યારે આજની ફેશન એમાં કાંઈ વાંધો નથી જોતી ! કેટલી દુર્દશા ?

**ઘરમાં રોજ સુશીલતાના પાઠ :—**

બધું બગડી રહ્યું છે, આભ ફાટ્યું છે એને થિગડું નહિ દેવાય. પણ પોતાની જાતમાં અને પોતાના આશ્રિત કે આજ્ઞાધીનમાં કુશીલના માર્ગો રોકવા અને કુશીલનિવારણના ઉપાયો ખાસ સેવવાની જરૂર છે. ઉંમરમાં આવતા છોકરા–છોકરીઓને રોજ સાંજ પડચે બેસાડી સુશીલતાના પાકા પાઠ ભણાવવા જેવા છે. સારી ધાર્મિક કથા વગેરે સંભળાવવા દ્વારા એ હિતશિક્ષા દેવાનું થઈ શકે. શીલ હશે તો બધું છે. શીલ ગયે સર્વ નષ્ટમ્

**શીલની મર્યાદાઓ :—**

શીલ સાચવવું હોય તો મર્યાદાનું કડક પાલન કરવું જોઈએ. ગૃહસ્થ મિત્ર–સ્નેહી–સંબંધીના ઘેર જાય પણ જુએ કે એ ઘેર નથી, ઘરમાં તો એકલી બાઈ છે, તો ત્યાં ઊભો ન રહે; આ છે મર્યાદા. યુવાન ભોજાઈ કે કાકી–મામી યુવાન દિયરિયા–ભત્રીજા–ભાણુજા સાથે હાહા–હીહી ને એવાં ટાયલાં ન કરે; આ છે મર્યાદા. પિયરથી સાસરે કે સાસરેથી પિયર યુવાન બાઈ એકલી ન જાય, આ મર્યાદા. નહિતર પત્તો નહિ ક્યારે નીકળી, ક્યારે પહોંચી, ને વચમાં ક્યાં રોકાઈ ? બાઈઓ–ભાઇઓ ભેગા મળી ધર્મક્રિયા ન કરે, આ મર્યાદા. નહિતર નવપદ ઓળી

કે સ્નાત્રમહોત્સવ યા કોઈ તપનાં અનુષ્ટાન વગેરેમાં ક્યારેક ભવાડા શાના સાંભળવા મળે ?

સાધુ મહારાજને વહોરાવતાં જરાય ટાયલાપટ્ટી, હાસ્ય, ચાપલુસી વગેરે ન કરાય, એ છે મર્યાદા. સુશીલ બાઇઓ સાધુમહારાજાને ગંભીર મોઢું રાખી વિનંતિ પૂરી કરે છે, 'સાહેબ! સારી રીતે લાભ આપો. અમારે વાંધો નથી આવવાનો, અમને લાભ આપી અમારો ઉદ્ધાર કરો' પણ જરાય ટાયલું નહિ. આંખનું નખરું નહિ, હસીને બોલવાનું નહિ. શબ્દથી દિલનો ભાવ અને આગ્રહ દેખાડી દીધો, પછી બીજી શી જરૂર છે? હૈયામાં વિકાર સ્ફુરે છે એના જ બધાં ટાયલાં છે. ભાન નથી કે આમ જયાં ને ત્યાં, તે યાવત્ સાધુમહારાજ સુધી આ તારી ગણિકાગિરી અજમાવીશ તો પોતાની પાશવી વાસનાઓ કેવી મહેકાયમાન થશે ? વંઠેલ વિકારોને મિટાવવાનું કયાં થશે ?

સ્ત્રીનાં ઉદ્ભટ વેશ-ઠઠારા ટાયલા નખરાં એ-

(૧) ભવાંતરે દારુણ વિપાકો ભોગવવાની તૈયારી છે.

(૨) અહીં પણ ઉમદા શુભ ભાવ હાથવેંતમાં છતાં ગુમાવવાની ધિઠ્ઠાઈ છે.

(૩) સામાને પણ, જો એ સાવધાન ન હોય તો, પાપની લાણી આપવાનો ખેલ છે;

(૪) એનેય દુર્ગતિમાં રેંસાઇ જતો કરવાની ક્રૂરતા છે.

### ભવભ્રમણથી થાકેલાને અતિ જરૂરી :-

કુશીલના ભયંકર પરિણામનો અને ઉત્તમ ભાવો તથા ગુણોની ઘાતકતાનો વિચાર રાખી કુશીલ અને કુશીલના માર્ગથી દોઢસો ગાઉ દૂર રહેવું જોઇએ. ઉત્તમ પ્રકારની શુભ ભાવ-ભાવના અને ગુણો એ તો જુગજુના મલિન હૃદયને પ્રક્ષાલવાના સુંદર ઉપાય છે. એ અહીં સુલભ છે, અને ભવભ્રમણથી થાકેલા જીવમાત્રને એની આવશ્યકતા છે. એ મહાન પ્રક્રિયાને એક કુટિલ ગંદા કુશીલના નાદ પાછળ ગુમાવવા જેવી બીજી મૂર્ખાઈ કઈ હોય ?

### નગરીના રાજા પ્રગટ થાય છે :—

કુશીલને ટાળી સુશીલ બન્યા રહેનારની બલિહારી છે.રાજકુમારે એનો જીવનભર ખપ કર્યો છે.એનો પ્રભાવ આ, કે પેલો હિરણ્યકરટી નગરીનો રાજા શરમનો માર્યો કંપી ઊઠે છે કે મોઢું શું બતાવવું ? પણ પાછું કૌતુક છે કે જોઉં તો ખરો કે 'ઉપર શું ચાલી રહ્યું છે ? સમાચાર સાંભળવા અને નજરે જોવામાં ઘણો ફેર, આ રાંકડી શરમમાં આવો અતિ દુર્લભ પ્રસંગ જોવાનો ગુમાવીશ તો ગયો વખત એ ફરી નહિ મળે.' એમ હિંમત કરીને એ ઉપર આવ્યો.

### અદ્દભુત દર્શન :—

બંને રાજા કુમારમહર્ષિ પાસે આવે છે. ત્યાં શું અદ્‌ભુત દેખે છે ? કલ્પનામાં ન આવે એવું મનોરમ દૃશ્ય ! કે જે જોતાં પત્થર–શા હૈયા પણ પીગળી જાય. અને કાયરને ય પાણી ચઢી જાય.

કહો જો શી અદ્ભુતતા હતી એ?

શાસનદેવતા તો સાધુવેશ આપી ગુણગાન કરી અને પુષ્પવૃષ્ટિ કરીને ગયેલ છે. હવે તો ત્યાં સૌધર્મ દેવલોકના ઈન્દ્ર આવ્યા છે, અને સુગૃહીતનામધેય, મહાસત્ત્વશીલ મહાયશસ્વી મહાનુભાવ મહર્ષિના માથે છત્ર ધરીને ઊભા છે. મહર્ષિ પોતે પ્રાપ્ત અપ્રતિપાતી અવધિજ્ઞાનથી જે અસંખ્ય ભવોની દુર્દશા જોઈ રહ્યા છે. એનું ત્યાં વ્યાખ્યાન કરી રહ્યા છે.

**મહર્ષિની દેશના : દુઃખનો કરુણ ઇતિહાસ :–**

અસંખ્ય ભવોમાં કેવા કેવા સુખદુઃખ અનુભવ્યા, એમાં ય વિશેષ તો દુઃખની જ રામાયણ! તે નરક-નિગોદ-તિર્યંચગતિના ભયંકર ત્રાસ-વિટંબણા-રીબામણનું અવધિજ્ઞાનથી જે નજરે દેખ્યાનું હુબહુ વર્ણન કરે છે ત્યારે સભા સહિત આ બંને રાજા થરથરી ઉઠે છે! કલેજું કંપી ઊઠે છે કે અરે! આ ભયંકર દુઃખ જીવને આ સંસારમાં જોવાં પડે છે? નથી ને આપણે આ ઉત્તમ ભવમાંથી ભ્રષ્ટ થઇ એવા સ્થાને પટકાયા તો કઈ દશા? શે સહન થાય? ત્યાં પછી દેવતાઇ સુખનાં વર્ણન તો કશી જ લલચામણ કરી શકતા નથી. જેની પાછળ દીર્ઘાતિદીર્ઘ કાળનો દુઃખમય કરુણ ઇતિહાસ હોય એમાં શું સુખપણું લાગે?

**સંસાર વિષમય-વિષમ-વિચિત્ર :—**

વળી મહર્ષિએ, આ સુખ દુઃખની ઘટમાળમાં કેવી રીતે સમ્યગ્દર્શન પામ્યા, કેવા શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા

અને આસ્તિકયરૂપી સમ્યક્ત્વનાં લક્ષણુની સ્પર્શના કરી, એનું પણ રોચક વર્ણન કર્યું. એ વર્ણન કરતાં, નિર્વેદ થવાના કારણભૂત સંસારના વિચિત્ર વિષમ વિષમય સ્વરૂપને દર્શાવ્યું. તટસ્થ રીતે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોના આ સંસારમાં દુર્દશાભર્યા હાલહવાલ જોતાં સંસાર કેવો લાગે? વિષકુંડ કે અમૃતકુંડ? વિલક્ષણ પુણ્ય–પાપના મિશ્રિત ઉદય જોતાં શું લાગે? વિચિત્ર કે એક સરખો? જીવો મોટા દેવપણામાંથી એકાએક વિષ્ઠા ચૂંથતા ભૂંડનો અવતાર પામતા જણાય, સુખના ક્ષણિક ઝબૂકા બાદ દુઃખની ભારે ખીણમાં પટકાતા દેખાય, ત્યારે સંસાર કેવો લાગે? વિષમ કે સમસ્થિતિવાળો? ઝેર ચઢયાના ત્રાસની જેમ જીવોની ત્રાસભરી અવદશા નજર સામે કયાં જોવા નથી મળતી?

**વિચિત્ર શુભાશુભ મિશ્ર કર્મના ઉદય** તે કેવા, દા. ત. પુણ્યને રૂપ–રસ–ગંધ–સ્પર્શ કેટલા સુંદર મળ્યા છે! જ્યારે, એકેન્દ્રિયપણાના સ્થાવર નામકર્મ, ગાઢ જ્ઞાનાવરણાદિ, મહાન અશાતા વેદનીય વગેરે અશુભ કર્મ-વિપાક પણ કેવા દારુણ છે! માણસ જેવા માણસને પણ એક વાતની સરખાઈ, તો બીજી વાતની વિષમતા! રૂપ સારું, તો અવાજ ભેંસાસૂર! પૈસા બહુ તો છોકરો નહિ! છોકરા બહુ, તો ખાવાના ફાંફા! આજનો કરોડ-પતિ કાલે ભિખારી! આજનો લઠબાજ કાલે કેન્સરમાં!

## માણસનાં ગુમાન ક્યાં ટકી શકે ?

કવિ કહે છે ને, 'દશ શિર રાવણ રડવડયાં, ચાંચ દીએ શિર કાગ રે,' ઘોર ઉધમાત મચાવનાર રાવણનું માથું યુદ્ધભૂમિ પર જ્યારે લક્ષ્મણે ફેંકેલા ચક્રથી ખટાક છેદાઈ ગયું હશે ત્યારે એ દૃશ્ય કેટલું કરુણ હશે ? કુદરત જ જાણે ક્રુરપણે હસી ન રહી હોય ! રાવણની આખી સેના અને મદોન્મત્ત સેનાપતિ–સુભટોનાં કાળજાં કેવાં કંપી ઊઠયાં હશે ? આ વિચિત્રતા સર્જનાર સંસારની કેવી દુઃખમયતા !

## કર્મ–કર્મહેતુ–કર્મવિપાક :—

મહર્ષિ સંસારના વિચિત્ર–વિષમ–વિષમય સ્વરૂપને બતાવવા સાથે એની પાછળ કામ કરી રહેલ જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ અને એના ભેદ–પ્રભેદનું વર્ણન કરે છે, કેવી કેવી રીતે એનો બંધ પડે છે, કેટકેટલી દીર્ઘ કાળ-સ્થિતિ હોય છે, કેવા મંદ–તીક્ષ્ણ રસ બંધાય છે, એ એ બધું થવામાં નિમિત્તભૂત મિથ્યાત્વ–અવિરતિ–કષાય–યોગના વિવિધ પ્રકાર કેવા કેવા સ્વરૂપનાં હોય છે ! જીવોના પ્રમાદ, વિષયલંપટતા, સ્વાર્થસાધુતા, રાગ-દ્વેષના આવેશ, અજ્ઞાન–મૂઢ દશા, આપમતિ, અહંત્વ વગેરે કરી ભયંકર કર્મ ઉપાર્જવાની મહા મુર્ખાઇ, કર્મના દારુણ વિપાક, દુર્ગતિઓમાં દુઃખની ભઠ્ઠીઓમાં શેકાવાનું, વગેરે વગેરે એવું વર્ણવ્યું કે સાંભળતાં કમકમી થાય !

## સાચા સુખનો માર્ગ :—

ત્યારે શું જીવને સનાતન શાશ્વત કાળ આ પાપમય અને દુઃખમય સ્થિતિ જ રહે છે? ના, મહર્ષિએ એ બતાવ્યું કે સમ્યગ્દર્શન સહિત સમ્યક્ચારિત્ર, અહિંસાદિ મહાવ્રતો, ક્ષમાદિસ્વરૂપ દશવિધ યતિધર્મ વગેરે એ જીવનો દુઃખના ગર્તામાંથી અને પાપના કૂવામાંથી ઉદ્ધાર કરવા કેવો સમર્થ છે! જે કારણોએ સંસાર છે એનાથી વિપરીત કારણ સેવતાં સંસારનો અંત, દુઃખનો અંત ને પાપનો અંત કેમ ન આવે? એ બનતાં પહેલાં એ અહિંસાદિધર્મ સંસારમાં ઉચ્ચ પુણ્યના આશીર્વાદ કેવા ઊતારે છે, એવા મહાન પુણ્યોદયમાં પણ કરાતા ભવ્ય ત્યાગ, સ્વીકારાતું અણગારપણું અને કરાતું અમૃતમય જિનાગમનું સેવન, તથા બાહ્ય-આભ્યંતર તપ એ, જીવ ધારે તો કેટલું સરળ છે! કેવું અહીં પણ સુખદ છે! કેવું બીજા જીવોને પણ અભયદાયી અને કલ્યાણકર બને છે! ઈત્યાદિનું પણ અતિ મનોરમ વર્ણન કર્યું.

અવધિજ્ઞાની કુમારમહર્ષિની આ દિવ્ય વાણી વરસી જવા પર કેવાં હૃદયપરિવર્તન અને આત્મપરાક્રમ જાગ્યાં તેનો ખ્યાલ આપતાં જ સદ્ગુરુ મહાવીર પરમાત્મા કહે છે—

'હે ગૌતમ! ઇન્દ્રથી પૂજાતા મહર્ષિનો દેખાવ અને ચારે નિકાયના દેવો સહિત મનુષ્યોની સભાનો દેખાવ જોતાં અને મહર્ષિની અમૃતવાણીનું શ્રવણ કરતાં, તે હિરણ્યકરટી નગરીનો રાજા અને પરરાજ્યનો રાજા બંને આ અદૃષ્ટ-પૂર્વ પ્રસંગ પર પ્રતિબોધ પામી ગયા!'

ઈન્દ્રિયો ઠંડગાર બની ગયા પછી એને બાહ્ય ચામડાના રૂપ-સ્પર્શની ભૂખ જ નહિ રહે, ખણુજ જ નહિ રહે. શા સારૂ એ રોગ નોંતરૂં ? શીલનું મહા આરોગ્ય જ ન ભોગવું ? '

આવી ભાવના–વિચારણા અને એનો અમલ વારંવાર કરી કરીને મનને શાન્ત, વિવેકસંપન્ન અને ગુણના વીર્યથી ભર્યું બનાવી દેવું જોઈએ. એ બન્યું, પછી શીલપાલનમાં શી મોટી વાત હતી ? સહેલું, સરળ, મનગમતું.

## કુશીલમાં કેટલું ગુમાવવાનું :—

ભૂલતા નહિ કે કુશીલ એટલું ખતરનાક છે કે દિવસ-રાત એના વિચાર અને ચામડાના રૂપ-સ્પર્શના વિચાર ઊભરાવે છે. ત્યાં પછી સારી ભાવના મરી પરવારી ! તત્ત્વનું ચિંતન રીસાઈ ગયું ! ધર્મક્રિયામાં મન લાગવાનું અલોપ ! શા સારૂ એક આંખ કે ચામડીની ખણુજ પાછળ આ ભયંકર નુકશાન વહોરવા ?

## યાદ રાખ્યા કરવું જોઈએ કે ;—

**જે મનમાં કુશીલ વસ્યું, ત્યાં પરમાત્મા ન વસી શકે.**
પરમાત્મા અનંત શીલભર્યા છે. એ કુશીલ મનમાં શે આવે ?

બસ, કુશીલથી બચવા આ કામ કરો,–

(૧) ઇન્દ્રિયોને ઠંડગાર શાંત અને અતિ ધરાયેલી કરી દો. હૈયાની તીવ્ર ઉત્કંઠાથી અને ઈષ્ટ તરીકેના વિચારથી આ બની શકશે. મન પછી ઘણું સ્વસ્થ બનશે. એ

માટે સામે વર્તમાનના ૨૦ અરિહંત, ૨ ક્રોડ કેવળજ્ઞાની અને ૨૦૦૦ ક્રોડ મહાવૈરાગી મુનિઓને જુઓ. આ સાથે એમને નિસ્બત નથી તો મારે પણ જગતના વિષયો સાથે શી નિસ્બત હોય ?

(૨) પૂર્વે કરેલી ભાવના વારંવાર ભાવો. સમજી રાખો, વારંવારની શુભ ભાવના વિના તો ઉદ્ધાર જ નથી. આટલું જ પુનઃ પુનઃ ચિંતવ્યા કરો ને કે 'હરામખોર રૂપ-સ્પર્શ ! દુષ્ટ ગલીચ ગંદા રૂપ-સ્પર્શ ! જાઓ સર્યું મારે તમારાથી, પછી જુઓ એનો કેવો પ્રભાવ પડે છે.

(૩) મનને કોઈ સારી વિચારધારામાં સતત જોડી રાખો, જેથી એને આ કુશીલ તરફ જવાની ફુરસદ કે અવકાશ જ ન મળે. 'વિચારધારા' એટલે ગમે તે આડા ને અવળા વિચારો નહિ, પણ એક સારા ચોક્કસ વિષય પર સળંગ વિચારની ધારા, વચમાં બીજા હાલતુ-ફાલતુ કોઈ વિચાર નહિ. તેથી મનની શક્તિ વધે છે. અભ્યાસની જ જરૂર છે. ટેવ પડયા પછી સરળ બની જશે.

**સારી વિચારધારાના અભાવે મન નિઃસત્વ :-**

ધ્યાન રાખજો, જીવનમાં આ નથી એટલે જ મન આહટ્ટદોહટ્ટ અને કચરાપટ્ટી વિચાર્યા કરે છે, ને નિઃસત્ત્વ બને છે, તથા ઝટ કામ-કષાયનો ભોગ બને છે. સારા સારા વિષયની સળંગ ધારાબદ્ધ વિચારણા કરવા માંડો તો એ મહારોગ ઓછો થશે. નહિતર એ મહારોગથી તો મહા-મૃત્યુઓ છે. બાકી સારા સારા વિષયો ઘણા છે. બાર

ભાવના, મૈત્રી આદિ ચાર ભાવના, નવપદ, નવતત્ત્વ, આઠ કર્મ અને એના પ્રકૃતિ–સ્થિતિ–રસ–પ્રદેશ બંધ–ઉદય, ચૌદ ગુણસ્થાનક, બાર વ્રત, સાધુને ચરણસિત્તરી, કરણસિત્તરી, મહાપુરુષોનાં ચરિત્ર, અનેકાનેક તીર્થયાત્રા, આવશ્યક ક્રિયાનાં સૂત્રોનાં પદ, કેઈ સ્તવન સજ્ઝાય, વગેરે વગેરેમાંથી ગમે તે વિષય લઇ એના પર સળંગ વિચારધારા ચલાવી શકાય છે. મન એમાં પરોવાયેલું રહે પછી કુશીલની વિચારણાજ શાની સ્ફુરે ?

(૪) ઘણું કામ, ચોવીસ કલાકનો દહાડો ને અઠ્ઠાવીસ કલાકના કાર્યનો માથે ભાર, અને એમાં વ્યગ્રતા, એ પણ કુશીલના વિચારને અટકાવે છે; કેમકે એની ફુરસદ જ નથી.

## વિધવા દીકરીનું દૃષ્ટાન્ત :—

શાસ્ત્રમાં શેઠની વિધવા દિકરીનો પ્રસંગ આવે છે. યુવાનીના પ્રારંભે જ વિધવા બની હોવાથી માબાપે એનાં મનને ઓછું ન આવે માટે એને બહુ ઉદારતાથી રાખવાનું કર્યું છે. ઘરમાં કામકાજ તો કાંઈ એને કરવું હોય તો કરે, નહિતર નહિ. માબાપનો કોઈ આગ્રહ નથી. પણ આનું પરિણામ એ આવ્યું કે નવરી પડી કેઈ જાતના વિચારો કરે છે, ઝરુખે બેસી નીચેના માર્ગ પર દૃષ્ટિ નાખ્યા કરે છે. ત્યારે એ જોવામાં તો જુવાન જોડલાં દેખાય અને એના પર વિચારો કરવાને ફુરસદ હોય પછી મન બગડ્યા વિના કેમ રહે ? એનું મન બગડ્યું; બગડ્યું તે એવું બગડ્યું કે એક દિવસ દાસીને કહે છે કે ‘ કોઈ યુવાનને પકડી લાવ.’

દાસી ડાહી હતી એટલે એને તો એણે કહ્યું કે ‘સારૂં, હું તપાસ કરીશ,’ પણ પછી એણે એની માતાને આ વાત કરી. માતા ભડકી! એણે પતિને વાત કરી. પતિ સમજી ગયો કે શું કારણ છે. તેથી પત્નીને આશ્વાસન આપ્યું કે ‘તું ચિંતા ન કરીશ, હું એનું મન સુધારી દઇશ.’

### બાપ સુધારવાનો રસ્તો કાઢે છે:—

એક બે દિવસ બાદ બાપે સાંજે બજારમાંથી આવી બહુ ચિંતાતુર હોવાનો દેખાવ કર્યો. છોકરીને બાપ પર બહુ પ્રેમ છે, તેથી પૂછે છે ‘કેમ બાપુજી! આટલા બધા આજે ઉદાસ?’

બાપ કહે, ‘બેન! તને શું કહું? કહીને વળી તને દુઃખમાં કાં પાડું?’

છોકરીને વધુ ઇંતેજારી થઈ, કહે છે, ‘અરે! આ શું કહો છો? મારે વળી શાનું દુઃખમાં પડવાનું? ઉલ્ટું આપ કારણ કહો અને એમાં મારાથી કંઈ બને એવું હોય ને તેથી આપની ચિંતા દૂર થતી હોય તો હું જરૂર એ કરીશ.’

બાપ કહે, ‘વાત તો બીજી કાંઈ નથી, પણ આ દુકાન અને ઘરના નોકર, બંને ઉપર મારૂં ધ્યાન શી રીતે રહે? ને ધ્યાન ન રાખીએ એટલે એ ચોરી કરે, કામ બગાડે, માલ બગાડે. એ સહજ છે.’

છોકરી કહે છે, ‘તો બાપુજી જો આપને ઠીક લાગતું

હોય તો ઘરનું મને સોંપો, ઘરના નોકરોની દેખરેખ હું સંભાળીશ.'

'અરે બેન ! તારાથી એટલી મોટી જંજાળ શે બને ? ઠેઠ સવારના પાંચ વાગ્યાથી રાતના ૧૦–૧૧ વાગ્યા સુધી ખબર રાખવી પડે. એ તારા માટે કષ્ટ ભર્યું છે.'

છોકરી કહે છે, 'આપ જરાય ફિકર ન કરો, એમાં કોઈ કષ્ટ નથી. આપ મારૂં કેટલું બધું કરો છો ! તો હું આટલું ન બજાવું ? સારી રીતે હું સંભાળી લઈશ, માત્ર આપ નોકરોને ભલામણ કરી દો.'

બસ, બાપને એટલું જ જોઈતું હતું. તરત દાસ-દાસીઓને બોલાવીને તાકીદ આપી દીધી કે હવેથી બેન બધું સંભાળવાના છે, માટે દરેકે એમની પાસેથી જરૂરી ચીજવસ્તુ લેવાની, વપરાયાનો હિસાબ આપવાનો. કામકાજ એમની સૂચનાઓ મુજબ બજાવવાનું, એમાં જો ફેર પડયો છે અને ફરિયાદ આવી છે તો હું દંડ કરીશ.'

બેનને કોઠારો વગેરીની ચાવીઓનો ઝુડો સોંપાયો. હવે શું પૂછવું ? બેન તો એક મોટા સત્તાધીશ શેઠાણી જેવા બન્યા. ચાવીઓનો ઝુડો કેડે લટકાવી ઠમક ઠમક ચાલે છે ! પછી ભલેને વહેલી પ્રભાતે ૪.૫ વાગ્યાથી ઊઠવું પડતું હોય દાસ–દાસીઓ બેનને ઊઠાડી એમની પાસેથી ચીજવસ્તુ ભર-ભલામણ લે છે. તે જંજાળ ઠેઠ રાતે ૧૦–૧૧ વાગ્યા સુધી ચાલે છે ! આખા દિવસની એમ થાકેલી રાતના ઘસઘસાટ ઊંઘી જાય છે. પાછું સવારે ૪–૫ વાગ્યાથી ચાલુ ! આટલું

છતાં મનને કોઈ કંટાળો નથી, કેમકે માન મળે છે ને? સત્તા ચાલે છે ને?

શું માણસ કામથી કંટાળે છે? ના, એમાં એને ધાર્યો સ્વાર્થ નથી સધાતો, કદર નથી થતી, માન નથી મળતું એટલે કંટાળે છે. બાકી જો એ બધું સચવાતું હોય તો મજૂર જેવો બની ભારે વૈતરૂં હોંશે હોંશે કરે છે! પૂછો આ બાઈઓને કે પોતાના પિયરના સગાના ૫–૨૫ મેમાન ઊતરી પડે તો સ્ફુર્તિબંધ મોટી રસોઈ વગેરે કરી કાઢે છે ને? એમાં સૂવા જતા રાતના અગિયાર વાગે તો ય ચિંતા નહિ, કંટાળો નહિ. કેમ? એને રસ છે, સ્વાર્થ લાગે છે. પણ જો પતિના પાંચ સગાં કે સાધર્મિક ઊતરી પડ્યા હોય તો? ભારે કંટાળો અનુભવશે! કેમકે એમાં સ્વાર્થ દેખાતો નથી. સંસ્થાઓના સેક્રેટરી પણ ભારે મજુરી ય હોંશથી કરે છે, કેમકે માન મળે છે. અહીં બાપ પણ દિકરીની અવરનવર ચારની વચમાં કદર કરે છે, 'બેને બધું તંત્ર હાથમાં લીધું તો કેટલી સરસ વ્યવસ્થા ચાલે છે! ને માલનો બગાડો ય થતો નથી.' આ કદરથી દીકરીના મનને હોંશ રહે છે.

બાકી આખા દિવસની આ ધાંધલમાં બીજો વિચાર કરવાને ફુરસદ નથી, તેમ રાત્રે તો પથારીમાં પડ્યા ભેગા ગાઢ નિદ્રા આવી જાય છે, એટલે બીજા વિચારને અવકાશ જ નથી, પછી કુશીલનો વિચાર ક્યાંથી ઊઠે?

હવે શેઠાણીના કહેવાથી પેલી દાસી એકવાર બેનને

પૂછે છે, ‘ કેમ બેન ! લઈ આવું જુવાનિયો ? ’

ત્યારે આ એને ધુત્કારી કાઢે છે, ‘ જા રે જા મૂરખી ! શી આવી વાત કરે ? ’

‘ ના, આ તો તમે તે દિવસે કહેતા હતા ને, એટલે મેં પૂછ્યું.’

‘ અરે ઘેલી ! ગયા એ દહાડા. એ તો નવરા પડ્યાના ધંધા હતા. હવે તો કામકાજમાં બીજો વિચાર જ નથી આવતો, પછી શી એની વાત ? ’

દાસીએ એની માતાને અને માતાએ પતિને વાત કરી. બંનેના મનને શાંતિ થઈ ગઇ.

વાત આ છે કે કામોમાં ભારે વ્યગ્રતા એ પણ કુશીલના વિચારને અટકાવવાનો ઉપાય છે.

(૫) બાકી તો ઉપાયમાં, બને તેટલો વિગઇઓ, રસકસ વગેરેનો ત્યાગ કરતા રહેવાનું; કેમકે એ વિકારને પોષે છે, વાસના જગાડે છે.

(૬) આ એક ખાસ ધ્યાન રાખવાનું કે અનાયતન-ત્યાગ બરાબર પળાય. અર્થાત્ કામોત્તોજક વાંચન, ચિત્રદર્શન અને કથાશ્રવણ યા વાતોચીતોમાં કે કુસંગમાં જરાય નહિ પડવાનું. બને ત્યાં સુધી વિજાતીય સાથેના સીધા વ્યવહારમાં ય નહિ આવવું. એવા વાસનોત્તેજક સ્થાનોમાં નહિ જવું.

સુશીલ બન્યા રહેવું છે ? તો આ ઉપાયો જરૂર સેવો. બાકી તો જેમણે ઉછળતી લોકુની વયમાં કુશીલા-

ચરણ કે અતિવિષયાસક્તિ કરી હોય છે, તે જિંદગીના પાછલા ભાગમાં ભારે પસ્તાય છે. આંખના તેજ, ઇન્દ્રિયોની તાકાત, સ્મરણ–શક્તિ, શરીર–શક્તિ વગેરે કેટલુંય કુશીલ કે અતિ વિષયાંધતાથી નષ્ટ થાય છે. કસ વિનાના બનેલા શરીરમાં રોગો ય જલ્દી થાય છે.

**હિટલરે શું કર્યું ? : સ્ત્રીઓને જોઇ જોઈ પુરુષો મુડદાલ બને છે :–**

આજની નવી પ્રજાએ આ બહુ સમજવા જેવું છે; નહિતર એ પ્રજા મુડદાલ પાકશે. હિટલર સત્તા પર આવ્યો કે જોયું કે જર્મન પ્રજા મુડદાલ કેમ બની રહી છે ? મોટું કારણ એ નિહાળ્યું કે યુવાન સ્ત્રીઓ પુરુષોની સાથે નોકરીમાં રહે છે, એને જોઈ જોઈ પુરુષો મુડદાલ બને છે, ને સત્ત્વહીન બની પછી એવી જ મુડદાલ પ્રજાને જન્મ આપે એમા નવાઈ નથી. તરત એણે બધી સ્ત્રીઓને નોકરીમાંથી ઊતારી ઘેર બેસાડી દીધી. એમને એણે કહ્યું ‘જાઓ તમારૂં કામ સાત્ત્વિક પ્રજાને જન્મ આપવાનું અને કેળવવાનું છે. તમારા પર દેશનો મોટો આધાર છે. માટે તમારે પુરુષો સાથે ભળવાનું નહિ.’

**ભારતની આયાત :—**

વિલાયત–અમેરિકામાં પહેલાં કોલેજિયન વગેરેમાં વેશ્યાગામિતા ચાલવાની ફરિયાદ હતી, આજે કન્યાગામિતાની જોરદાર ફરિયાદ ચાલે છે. ભારતને પણ જાણે એની આયાત કરવી છે તે આજે સહશિક્ષણ, બિભત્સ ચિત્રપટને

મંજુરી, કામોત્તેજક રેડીયો ગીત, સંતતિનિયમનનાં સાધન, અને આજે વળી ગર્ભપાતને ગુનો નહિ ગણવાની વિચારણા ચાલી રહી છે ! આ મામલો ક્યાં જઈને અટકશે ?

ઉદરશૂળ કે કામશૂળ :—

એક ભાઇ વાત કરે કે 'અમુક સુખી ઘરની વિધવા યુવાન પુત્રવધુને કેટલાય વખતથી પેટમાં બહુ દુખ્યા કરે છે તે હવે એનો ગર્ભાશય કાઢી નાખવાનું ઓપરેશન કરવાનું છે.' અલ્યા ભાઇ ! આ ખરેખર ઉદરશૂળ છે ? કે કામશૂળથી વ્યભિચારનો માર્ગ ખુલ્લો કરવાનો કિમિયો છે ? શા સારૂ ભોળા થાઓ ? સંતતિ–નિયમનનાં સાધન વેચનાર વેપારીને પૂછો કે એ ખરીદનાર વધારે કોણ છે ? આજના સહશિક્ષણે દાટ વાળ્યો છે.

## કુશીલનો આજે પ્લેગ ફાટી નીકળ્યો છે.

એનાં કારણ સ્પષ્ટ છે. પણ બુઝર્ગોને ય એ ધ્યાનમાં નથી આવતું, અને ઉલ્ટું એ કારણોનું સમર્થન એ કરે છે ! ત્યારે આપણને પારાવાર દુઃખ થાય છે. મન એમ પણ માનવા જાય કે શું એ બુઝર્ગોને જ વાસના પીડતી હશે તે આવું ચલાવ્યે રાખે છે ? જાહેર કોન્સર્ટોમાં મોટી ઉંમરની છોકરીઓને નચાવવી, એથી જોનારાની સુંવાળી લાગણીઓ ઉત્તેજિત થાય, ગિલગિલિયાં થાય, અને પછી શાળાના ફંડમાં ભરણું ભરી દે, કે શાળાની વાહવાહ પોકારે, આ તાયફો આર્યો કરે કે અનાર્યો ? શાસ્ત્રો એને તો શું પણ પુરુષના દેખતાં નો શા– સજાવટ, અરે !

બે હાથ ઊંચા કરી સીફ્ત પૂર્વક માથે કપડું લેવું, એને પણ કામક્રીડાનો એક પ્રકાર કહે છે. ત્યારે આજની ફેશન એમાં કાંઈ વાંધો નથી જોતી! કેટલી દુર્દશા?

### ઘરમાં રોજ સુશીલતાના પાઠ :—

બધું બગડી રહ્યું છે, આભ ફાટ્યું છે એને થિગડું નહિ દેવાય. પણ પોતાની જાતમાં અને પોતાના આશ્રિત કે આજ્ઞાધીનમાં કુશીલના માર્ગો રોકવા અને કુશીલનિવારણના ઉપાયો ખાસ સેવવાની જરૂર છે. ઉંમરમાં આવતા છોકરા–છોકરીઓને રોજ સાંજ પડચે બેસાડી સુશીલતાના પાકા પાઠ ભણાવવા જેવા છે. સારી ધાર્મિક કથા વગેરે સંભળાવવા દ્વારા એ હિતશિક્ષા દેવાનું થઈ શકે. શીલ હશે તો બધું છે. શીલ ગયે સર્વ નષ્ટમ્

### શીલની મર્યાદાઓ :—

શીલ સાચવવું હોય તો મર્યાદાનું કડક પાલન કરવું જોઈએ. ગૃહસ્થ મિત્ર–સ્નેહી–સંબંધીના ઘેર જાય પણ જુએ કે એ ઘેર નથી, ઘરમાં તો એકલી બાઈ છે, તો ત્યાં ઊભો ન રહે; આ છે મર્યાદા. યુવાન ભોજાઈ કે કાકી–મામી યુવાન દિયરિયા–ભત્રીજા–ભાણુજા સાથે હાહા–હીહી ને એવાં ટાયલાં ન કરે; આ છે મર્યાદા. પિયરથી સાસરે કે સાસરેથી પિયર યુવાન બાઈ એકલી ન જાય, આ મર્યાદા. નહિતર પત્તો નહિ ક્યારે નીકળી, ક્યારે પહોંચી, ને વચમાં ક્યાં રોકાઈ? બાઈઓ–ભાઈઓ ભેગા મળી ધર્મક્રિયા ન કરે, આ મર્યાદા. નહિતર નવપદ ઓળી

કે સ્નાત્રમહોત્સવ યા કોઈ તપનાં અનુષ્ઠાન વગેરેમાં ક્યારેક ભવાડા શાના સાંભળવા મળે ?

સાધુ મહારાજને વહોરાવતાં જરાય ટાયલાપટ્ટી, હાસ્ય, ચાપલુસી વગેરે ન કરાય, એ છે મર્યાદા. સુશીલ બાઇઓ સાધુમહારાજાને ગંભીર મોઢું રાખી વિનંતિ પૂરી કરે છે, 'સાહેબ! સારી રીતે લાભ આપો. અમારે વાંધો નથી આવવાનો, અમને લાભ આપી અમારો ઉદ્ધાર કરો' પણ જરાય ટાયલું નહિ. આંખનું નખરું નહિ, હસીને બોલવાનું નહિ. શબ્દથી દિલનો ભાવ અને આગ્રહ દેખાડી દીધો, પછી બીજી શી જરૂર છે? હૈયામાં વિકાર સ્ફુરે છે એના જ બધાં ટાયલાં છે. ભાન નથી કે આમ જ્યાં ને ત્યાં, તે યાવત્ સાધુમહારાજ સુધી આ તારી ગણિકાગિરી અજમાવીશ તો પોતાની પાશવી વાસનાઓ કેવી મહેકાયમાન થશે ? વંઠેલ વિકારોને મિટાવવાનું ક્યાં થશે ?

**સ્ત્રીનાં ઉદ્‌ભટ વેશ-ઠઠારા ટાયલા નખરાં એ-**

(૧) ભવાંતરે દારુણ વિપાકો ભોગવવાની તૈયારી છે.

(૨) અહીં પણ ઉમદા શુભ ભાવ હાથવેંતમાં છતાં ગુમાવવાની ધિઠ્ઠાઈ છે.

(૩) સામાને પણ, જો એ સાવધાન ન હોય તો, પાપની લાણી આપવાનો ખેલ છે;

(૪) એનેય દુર્ગતિમાં રેંસાઇ જતો કરવાની ક્રૂરતા છે.

### ભવભ્રમણથી થાકેલાને અતિ જરૂરી :-

કુશીલના ભયંકર પરિણામનો અને ઉત્તમ ભાવો તથા ગુણોની ઘાતકતાનો વિચાર રાખી કુશીલ અને કુશીલના માર્ગથી દોઢસો ગાઉ દૂર રહેવું જોઇએ. ઉત્તમ પ્રકારની શુભ ભાવ-ભાવના અને ગુણો એ તો જુગજુના મલિન હૃદયને પ્રક્ષાલવાના સુંદર ઉપાય છે. એ અહીં સુલભ છે, અને ભવભ્રમણથી થાકેલા જીવમાત્રને એની આવશ્યકતા છે. એ મહાન પ્રક્રિયાને એક કુટિલ ગંદા કુશીલના નાદ પાછળ ગુમાવવા જેવી બીજી મૂર્ખાઈ કઈ હોય ?

### નગરીના રાજા પ્રગટ થાય છે :—

કુશીલને ટાળી સુશીલ બન્યા રહેનારની બલિહારી છે.રાજકુમારે એનો જીવનભર ખપ કર્યો છે.એનો પ્રભાવ આ, કે પેલો હિરણ્યકરટી નગરીનો રાજા શરમનો માર્યો કંપી ઊઠે છે કે મોઢું શું બતાવવું ? પણ પાછું કૌતુક છે કે જોઉં તો ખરો કે ' ઉપર શું ચાલી રહ્યું છે ? સમાચાર સાંભળવા અને નજરે જોવામાં ઘણો ફેર, આ રાંકડી શરમમાં આવો અતિ દુર્લભ પ્રસંગ જોવાનો ગુમાવીશ તો ગયો વખત એ ફરી નહિ મળે.' એમ હિંમત કરીને એ ઉપર આવ્યો. '

### અદ્ભુત દર્શન :—

બંને રાજા કુમારમહર્ષિ પાસે આવે છે. ત્યાં શું અદ્ભુત દેખે છે ? કલ્પનામાં ન આવે એવું મનોરમ દશ્ય ! કે જે જોતાં પત્થર-શા હૈયા પણ પીગળી જાય. અને કાયરને ય પાણી ચઢી જાય.

કહો જો શી અદ્દ્ભુતતા હતી એ?

શાસનદેવતા તો સાધુવેશ આપી ગુણગાન કરી અને પુષ્પવૃષ્ટિ કરીને ગયેલ છે. હવે તો ત્યાં સૌધર્મ દેવલોકના ઈન્દ્ર આવ્યા છે, અને સુગૃહીતનામધેય, મહાસત્ત્વશીલ મહાયશસ્વી મહાનુભાવ મહર્ષિના માથે છત્ર ધરીને ઊભા છે. મહર્ષિ પોતે પ્રાપ્ત અપ્રતિપાતી અવધિજ્ઞાનથી જે અસંખ્ય ભવોની દુર્દશા જોઈ રહ્યા છે. એનું ત્યાં વ્યાખ્યાન કરી રહ્યા છે.

**મહર્ષિની દેશના : દુઃખનો કરુણ ઈતિહાસ :–**

અસંખ્ય ભવોમાં કેવા કેવા સુખદુઃખ અનુભવ્યા, એમાં ય વિશેષ તો દુઃખની જ રામાયણ ! તે નરક–નિગોદ–તિર્યંચગતિના ભયંકર ત્રાસ–વિટંબણા–રીબામણનું અવધિજ્ઞાનથી જે નજરે દેખ્યાનું હુબહુ વર્ણન કરે છે ત્યારે સભા સહિત આ બંને રાજા થરથરી ઉઠે છે ! કલેજું કંપી ઊઠે છે કે અરે ! આ ભયંકર દુઃખ જીવને આ સંસારમાં જોવાં પડે છે ? નથી ને આપણે આ ઉત્તમ ભવમાંથી ભ્રષ્ટ થઇ એવા સ્થાને પટકાયા તો કઈ દશા ? શે સહન થાય ? ત્યાં પછી દેવતાઇ સુખનાં વર્ણન તો કશી જ લલચામણ કરી શકતા નથી. જેની પાછળ દીર્ઘાતિદીર્ઘ કાળનો દુઃખમય કરુણ ઇતિહાસ હોય એમાં શું સુખપણું લાગે?

**સંસાર વિષમય–વિષમ–વિચિત્ર :—**

વળી મહર્ષિએ, આ સુખ દુઃખની ઘટમાળમાં કેવી રીતે સમ્યગ્દર્શન પામ્યા, કેવા શમ–સંવેગ–નિર્વેદ–અનુકંપા

અને આસ્તિક્યરૂપી સમ્યક્ત્વનાં લક્ષણની સ્પર્શના કરી, એનું પણ રોચક વર્ણન કર્યું. એ વર્ણન કરતાં, નિર્વેદ થવાના કારણભૂત સંસારના વિચિત્ર વિષમ વિષમય સ્વરૂપને દર્શાવ્યું. તટસ્થ રીતે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોના આ સંસારમાં દુર્દશાભર્યા હાલહવાલ જોતાં સંસાર કેવો લાગે? વિષકુંડ કે અમૃતકુંડ? વિલક્ષણ પુણ્ય-પાપના મિશ્રિત ઉદય જોતાં શું લાગે? વિચિત્ર કે એક સરખો? જીવો મોટા દેવપણામાંથી એકાએક વિષ્ઠા ચૂંથતા ભૂંડનો અવતાર પામતા જણાય, સુખના ક્ષણિક ઝબૂકા બાદ દુઃખની ભારે ખીણમાં પટકાતા દેખાય, ત્યારે સંસાર કેવો લાગે? વિષમ કે સમસ્થિતિવાળો? ઝેર ચઢયાના ત્રાસની જેમ જીવોની ત્રાસભરી અવદશા નજર સામે કયાં જોવા નથી મળતી?

**વિચિત્ર શુભાશુભ મિશ્ર કર્મના ઉદય** તે કેવા, દા. ત. પુણ્યને રૂપ-રસ-ગંધ-સ્પર્શ કેટલા સુંદર મળ્યા છે! જ્યારે, એકેન્દ્રિયપણાના સ્થાવર નામકર્મ, ગાઢ જ્ઞાનાવરણાદિ, મહાન અશાતા વેદનીય વગેરે અશુભ કર્મ-વિપાક પણ કેવા દારુણ છે! માણસ જેવા માણસને પણ એક વાતની સરખાઈ, તો બીજી વાતની વિષમતા! રૂપ સારૂં, તો અવાજ ભેંસાસૂર! પૈસા બહુ તો છોકરો નહિ! છોકરા બહુ, તો ખાવાના ફાંફા! આજનો કરોડ-પતિ કાલે ભિખારી! આજનો લઠબાજ કાલે કેન્સરમાં!

## માણુસનાં ગુમાન ક્યાં ટકી શકે ?

કવિ કહે છે ને, ' દશ શિર રાવણ રડવડયાં, ચાંચ દીએ શિર કાગ રે,' ઘોર ઉધમાત મચાવનાર રાવણનું માથું યુદ્ધભૂમિ પર જ્યારે લક્ષ્મણે ફેંકેલા ચક્રથી ખટાક છેદાઈ ગયું હશે ત્યારે એ દૃશ્ય કેટલું કરુણ હશે ? કુદરત જ જાણે ક્રુરપણે હસી ન રહી હોય ! રાવણની આખી સેના અને મદોન્મત્ત સેનાપતિ-સુભટોનાં કાળજાં કેવાં કંપી ઊઠયાં હશે ? આ વિચિત્રતા સર્જનાર સંસારની કેવી દુઃખમયતા !

## કર્મ-કર્મહેતુ-કર્મવિપાક :—

મહર્ષિ સંસારના વિચિત્ર-વિષમ-વિષમય સ્વરૂપને બતાવવા સાથે એની પાછળ કામ કરી રહેલ જ્ઞાનાવરણી-યાદિ આઠ કર્મ અને એના ભેદ-પ્રભેદનું વર્ણન કરે છે, કેવી કેવી રીતે એનો બંધ પડે છે, કેટકેટલી દીર્ઘ કાળ-સ્થિતિ હોય છે, કેવા મંદ-તીક્ષ્ણ રસ બંધાય છે, એ એ બધું થવામાં નિમિત્તભૂત મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગના વિવિધ પ્રકાર કેવા કેવા સ્વરૂપનાં હોય છે ! જીવોના પ્રમાદ, વિષયલંપટતા, સ્વાર્થસાધુતા, રાગ-દ્વેષના આવેશ, અજ્ઞાન-મૂઢ દશા, આપમતિ, અહંત્વ વગેરે કરી ભયંકર કર્મ ઉપાર્જવાની મહા મુર્ખાઇ, કર્મના દારુણ વિપાક, દુર્ગતિઓમાં દુઃખની ભઠ્ઠીઓમાં શેકાવાનું, વગેરે વગેરે એવું વર્ણવ્યું કે સાંભળતાં કમકમી થાય !

**સાચા સુખનો માર્ગ :—**

ત્યારે શું જીવને સનાતન શાશ્વત કાળ આ પાપમય અને દુઃખમય સ્થિતિ જ રહે છે? ના, મહર્ષિએ એ બતાવ્યું કે સમ્યગ્દર્શન સહિત સમ્યક્ચારિત્ર, અહિંસાદિ મહાવ્રતો, ક્ષમાદિસ્વરૂપ દશવિધ યતિધર્મ વગેરે એ જીવ-નો દુઃખના ગર્તામાંથી અને પાપના કૂવામાંથી ઉદ્ધાર કરવા કેવો સમર્થ છે! જે કારણોએ સંસાર છે એનાથી વિપરીત કારણ સેવતાં સંસારનો અંત, દુઃખનો અંત ને પાપનો અંત કેમ ન આવે? એ બનતાં પહેલાં એ અહિંસાદિધર્મ સંસારમાં ઉચ્ચ પુણ્યના આશીર્વાદ કેવા ઊતારે છે, એવા મહાન પુણ્યોદયમાં પણ કરાતા ભવ્ય ત્યાગ, સ્વીકારાતું અણગારપણું અને કરાતું અમૃતમય જિનાગમનું સેવન, તથા બાહ્ય-આભ્યંતર તપ એ, જીવ ધારે તો કેટલું સરળ છે! કેવું અહીં પણ સુખદ છે! કેવું બીજા જીવોને પણ અભયદાયી અને કલ્યાણકર બને છે! ઈત્યાદિનું પણ અતિ મનોરમ વર્ણન કર્યું.

અવધિજ્ઞાની કુમારમહર્ષિની આ દિવ્ય વાણી વરસી જવા પર કેવાં હૃદયપરિવર્તન અને આત્મપરાક્રમ જાગ્યાં તેનો ખ્યાલ આપતાં જ સદ્ગુરુ મહાવીર પરમાત્મા કહે છે–

‘હે ગૌતમ! ઇન્દ્રથી પૂજાતા મહર્ષિનો દેખાવ અને ચારે નિકાયના દેવો સહિત મનુષ્યોની સભાનો દેખાવ જોતાં અને મહર્ષિની અમૃતવાણીનું શ્રવણ કરતાં, તે હિરણ્યકરટી નગરીનો રાજા અને પરરાજ્યનો રાજા બંને આ અદૃષ્ટ-પૂર્વ પ્રસંગ પર પ્રતિબોધ પામી ગયા!’

**રાજાઓની વિરાગભરી વિચારણા :—**

રાજાઓએ શું વિચાર્યું હશે! આવું જ કાંઇક કે,

(૧) અહો રાજ્યસંપત્તિ પણ મહર્ષિએ વર્ણવેલા સંસાર કર્મ, ભવભ્રમણ વગેરે જોતાં કેવી અત્યંત અસાર, તુચ્છ અને તત્કાલ ત્યાજ્ય છે!'

(૨) વળી જીવન જેટલું ઊંચું છે, એટલું જ એને આજ સુધી જીવવાની રમત અમારી કેવી અધમાધમ! કઈ વિશિષ્ટ બુદ્ધિએ કઈ બાલિશ ચેષ્ટા ?'

**(૩) આત્માનું કેવું વિસ્મરણ :—**

જગતની બધી ખબર ખરી, માત્ર અમારા પોતાના આત્માની જ ખબર નહિ ? જીવ ગાંડો તે સ્વાત્માનું બાળી પરની દિવાળી ઉજવે !

(૪) વળી પાણીના રેલાની જેમ સરકી રહેલા કિંમતી માનવકાળપ્રવાહની ચિંતા નહિ ? અને તે સરકવા દેવાનું પણ માત્ર નિષ્ફળ નહિ કિન્તુ ભયંકર નુકશાનકારક સ્થિતિ ઊભી કરવા સાથે ! હાથવેંતમાં રહેલી ઉત્તમોત્તમ કલ્યાણ-સાધનાઓ તરફ મૂઢતાભરી સરાસર બેપરવાઈ ?'

**(૫) આત્માપરના ભાર કયાં ઓછા છે ? :—**

'વળી જીવનનો શો ભરોશો છે ? અને થોડું પણ જીવવાનું હોય તોય જીવનના માથે ખડકાયેલી એ બધી વિષયલંપટતા, કષાયાવેશ, રાગાદિમૂઢતા, અનંત વાસનાઓ

વગેરેના ઉતારવાના ભાર ક્યાં ઓછા છે, તે હવે વિલંબ કરવાનો હોય ? એક ક્ષણનો પણ હવે વિલંબ કરવા જેવો નથી.'

**(૬) બાહ્ય પદાર્થ વિશ્વાસઘાતી :—**

અહો ! અમે બાહ્ય લશ્કર અને શસ્ત્રસરંજામ પર ઝઝુમનારા પણ પાછા પડ્યા ત્યારે આ ભાગ્યશાળી નરરત્ન એકલા પંડે પોતાના શીલના પ્રભાવે વિજયવંતા બન્યા ! તો જીવનમાં કોના પર આધાર રાખવા જેવો ? બાહ્ય જડસામગ્રીના ઢેર પર ? કે અંતરઆત્માના ગુણ પર ? શા સારૂ બહારના ફાંફા મારીએ છીએ જો એ અમને દગો દે છે ?

(૭) વિવેકપણું ક્યાં ? :—

**'શું આ વિશિષ્ટ બુદ્ધિશક્તિવાળું જીવન નિર્બુદ્ધિ પશુજીવનની જેમ જ બાહ્યપદાર્થ પર વિશ્વાસઘાતી આધાર રાખી ચલાવવાનું ?**

વિવેકીપણા અને અવિવેકીપણામાં ફરક જ આ હોય કે વિવેકી પરખી શકે કે કોનો આધાર રાખેલો વિશ્વસનીય ઠરશે અને કોનો વિશ્વાસઘાતી ? પછી વિશ્વાસઘાતી આધાર મૂકી દે અને વિશ્વાસપાત્ર આધારને પકડે તો અમારે હવે આ જરાય વિશ્વાસપાત્ર નહિ એવા બાહ્ય જડ-સરંજામના આધાર પર રહેવા જેવું નથી.

**(૮) બાહ્ય સામગ્રીથી શાંતિને ઓથ નહિ :-**

'વળી એ તો સ્પષ્ટ જ છે કે બાહ્ય સામગ્રી કદાચ

અહીં જીવનના છેડા સુધી કદાચ પોતાની લીલા દેખાડે. પણ શાંતિ નથી દેખાડતી; તેમજ પરલોકમાં સાથે તો નથી જ ચાલતી ! જ્યારે એથી ઉલ્ટું, આવા શીલગુણ, શુભ અધ્યવસાય વગેરે અહીં પણ અદ્ભુત શાંતિ દેખાડે છે અને પરલોકમાં સાથે ચાલે છે. તે પણ જીવને મહા ઉન્નત કરતા કરતા ! તો પછી એને છોડી બહારમાં શા માલ દેખવા હતા ?

## મહાપુણ્યવંતાનું આલંબન :–

'વળી આ મહાનુભાવ જ્યારે આટલી શક્તિ આટલો પ્રભાવ ધરાવે છે કે મોટા દેવો અને ઇંદ્ર પણ એમની સેવામાં આવે છે છતાં એમને આ જગતના વૈભવવિલાસ ખપતા નથી, સત્તાઠકુરાઇ જોઈતી નથી ! નહિતર સુભટો જ્યારે સ્તંભિત થઇ ગયાં, ત્યારે પોતાનો વિજયધ્વજ લહેરાવી આ બધાને કબજે કરી મહાન રાજ્યસંપત્તિના અધિપતિ બનવાનું શું કઠિન હતું ? પણ એમને એ જો ન ખપ્યું તો અમે કંગાળ હારેલા શક્તિહીન શું જોઇને વિવેકીને ફગાવી દેવા જેવી અસાર તુચ્છ જડસંપત્તિને વળગી બેઠા રહીએ ?

## પૂર્વભવોનો કરુણ ઇતિહાસ :–

ત્યારે, આ કુમારમહર્ષિએ જે પૂર્વભવોનો ઇતિહાસ કહ્યો, એ પણ એ જ સૂચવે છે કે આ જીવ આ સંસારમાં કાયા અને જડ માયાની આંધળી આસક્તિમાં જ ભટકે

છે, કર્મને પરાધીન નિરાધાર–અશરણ દીન–દુખિયારાપણે ભ્રમણ પર ભ્રમણ કરી રહ્યો છે ! ભલે કદાચ અજ્ઞાનવશ પૂર્વે એમ બન્યું, પણ હવે અહીં સમજવા મળ્યા પછી એ ગોઝારી કાયા-માયાની આસક્તિમાં શા સારૂ તણાવું? જેના સરવાળે મીડું, એમાં તરબોળ તલ્લીન થવું એ શ્લેષ્મમાં ઝંપલાવવાનું સાહસ કરતી માખીના જેવી મહા-મૂર્ખાઈ છે ?'

....બસ, આવા આવા વિચારે એ રાજાઓનું મન રાજ્યસંપત્તિ અને આખા સંસાર પરથી ઉઠી ગયું, ઊભગી ગયું, વૈરાગ્ય જ્વલંત ઝળહળી ઊઠ્યો !

કાળ કર્મનો અણભરોસો :–

'કોણ જાણે ઘડી પછી કાળ કેવો આવે, એમાં કર્મ કોથળામાંથી બિલાડીની જેમ કેવા બહાર ઉદયમાં આવે! ત્યાં પછી મનના મનોરથ મનમાં જ રહી જાય. માટે, 'હાથે તે સાથે:' કર્યું, એ કામ; શુભે શીઘ્રમ્ યતનીયમ્, જાગ્યા ત્યારથી સવાર.' એમ કરીને આ બંને રાજા તરત જ ત્યાગી બની ગયા! દીક્ષા લઈ અવધિજ્ઞાની મહર્ષિ પાસે અણગાર બન્યા.

વિશ્વસત્સલ શ્રી મહાવીર પ્રભુ ફરમાવે છે કે,–

'હે ગૌતમ ! એ વખતે આકાશમાં સુંદર ગંભીર ધ્વનિએ દુંદુભિ વગાડી. ભવનપતિ – વ્યંતર–જ્યોતિષ્ક–વૈમાનિક એ ચારે નિકાયના દેવતાઓએ ત્યાં આ પ્રમાણે ઉદ્ઘોષણા કરી કે,–

દેવવાણી :-

कम्मट्ठगंठिमुसुमूरण ! जय परमेट्ठी महासय ।
जय जय जयाहि चारित्त–दंसण–णाण–समण्णिय ! ॥१॥
सच्चिय जणणी जगे एक्का वंदणीया खणे खणे
जीसे मंदरगिरि गरुओ उयरे वुच्छो तुमं महामुणी ॥२॥

—અર્થાત્ 'અષ્ટવિધ કર્મની ગાંઠ તોડી નાખનાર હે મહાયશસ્વી પરમેષ્ઠી ! તમે જયવંતા વર્તો. હે ચારિત્ર–દર્શન–જ્ઞાનથી સંપન્ન! તમે જય પામો, જયવંતા વર્તો, ચિરંજીવો.'

ખરેખર ! જગતમાં તે જ એક માતા ક્ષણે ક્ષણે વંદનીય છે કે જેના ઉદરમાં હે મહામુનિ ! મેરુ પર્વત જેવા મહાન તમે તપસ્વી વસી આવ્યા છો.

આટલુ કહીને દેવો અદૃશ્ય થઈ ગયા.

કેવા ચમત્કારિક ધન્ય પ્રસંગ ઉજવાઇ ગયા ! રાજકુમારની શીલ પ્રભાવે શત્રુના સુભટોનું થંભી જવું, કુમારને અવધિજ્ઞાન, દેવાગમન, મુનિવેશ સમર્પણ, ઇન્દ્રનું આગમન કુમારમહર્ષિની દેશના, બંને રાજાઓને તત્કાલ વૈરાગ્ય અને સંસારત્યાગપૂર્વક ચારિત્ર દિક્ષા !

દેવતાઓની ઘોષણા શું કહી રહી છે? પહેલાં તો કર્મગ્રન્થિને તોડી નાખનાર અને જ્ઞાન–દર્શન–ચારિત્રને ધરનારનો જયકાર પોકારે છે. એ સૂચવે છે કે ખરેખર કોઈનાય વિજયના અભિનંદન કરવા જેવા હોય તો તે

કર્મક્ષય કરનારના અને જ્ઞાનાદિ રત્નયત્રીના સ્વામીના. વાત એ છે કે બીજી ત્રીજી દુન્યવી વસ્તુ–પરાક્રમવાળાના અભિનંદન સ્પુરે છે તેનું કારણ પોતાને એનો રસ છે, એનું આકર્ષણ છે, એનું મહત્ત્વ સમજાય છે. પછી કર્મક્ષય અને રત્નયત્રીના તેવાં અભિનંદન ક્યાંથી ઊઠે? કદાચ ક્યારેક એનાં અભિનંદન માટે સભામાં કે એમજ કોઈની આગળ બોલવાનું આવ્યું હોયતો વાણી પ્રવાહ જ નહિ છુટે. ક્યાંથી છુટે? પહેલું પોતાના હૃદયમાં એ ખૂબ ખૂબ વારંવાર ઊભરાવ્યું હોય તો ને? માટે આ કરવા જેવું છે કે રત્નયત્રી વગેરેની માનસિક પ્રશંસા વિવિધ શબ્દોથી જુદી જુદી દૃષ્ટિથી, અનેકવિધ રીતે કરતા રહીએ.

દેવોએ! બીજી વાત આ મહર્ષિની માતાને ક્ષણે ક્ષણે વંદના કરવાની કરી. જેના ઉદરમાં મેરુગિરિ જેવા મહાન મહર્ષિ વસ્યા હતા તે માતાને ધન્ય છે, તે એક જ વારંવાર વંદનીય છે. વાત પણ સાચી છે કે પુત્રની માતા તો કુતરી–ગધેડી પણ હોય છે, ચોરડાકુની ય હોય છે. પણ તેથી શું? અનાદિના ચાલતા આ વિશ્વક્રમમાં માતાપિતા પુત્ર, પિતા માતા –પુત્ર, પુત્ર માતા–પિતા થવાનું તે સહજ છે. પણ થઇને શું? પુત્રની જિંદગી તો ઠેઠ ગર્ભમાંથી માતાના હાથમાં માંડીને છે, એને જેવો ઘડવો હોય તેવો ઘડી શકાય છે. પરંતું ઘડતર જેવો એ પુત્રનો જીવ પૂર્વ જીવનોમાં ઘડાયો અને વર્ત્યો હતો તેવું જ હોય તો આ માતાએ પુત્રને વિશેષ શું આપ્યું? પૂર્વ જીવનોનાં તેવાં

ઘડતર–વર્તનના હિસાબે તો બિચારાને અહીં ફેર જન્મ જન્મ્યા બરાબર ખાઉં–ખાઉં, સારા રમકડાં, માનપાન વગેરેની સંજ્ઞાઓ સહજ જેવી વળગી છે. હવે અહીં માતા ફેર એવું જ ઘડતર કરે એ શું આપી રહી છે. પુનરપિ જનનં ને ભવના ફેરા જ કે બીજુ કાંઇ ? આહારાદિ સંજ્ઞાઓની જ ગુલામી કે કાંઇ બીજું ? મહર્ષિની માતા ક્ષણે ક્ષણે વંદનીય છે એમ દેવતાઓ એ માતા પર ઓવારી જાય છે ! શ્રાવિકા માતાએ આ ધ્યાન રાખવા જેવું છે કે પુત્રનું ઘડતર તો એવું કરૂં કે એ શેતાન નહિ સંત પાકે, અધમાત્મા નહિ, મહાત્મા બને, દોષોનું પૂતળું નહિ, ગુણોનું પૂતળું ગુણોનો ભંડાર થાય !

ચારિત્ર ન લેવાના વિવિધ બહાના ત્યજી રાજાઓએ પણ તુરત દીક્ષા લીધી, બંને રાજાને આવુ કશું બહાનું નડ્યું નહિ કે 'સંયોગ અનુકૂળ નથી.' 'હવે મોટી ઉંમરે શું થાય?' 'શક્તિ નથી,' 'મન નબળું છે,' 'ગ્રહો અનુકૂળ નથી, વીર્યોલ્લાસ જાગતો નથી,' ભાવના નથી થતી, ?'.... વગેરે; કારણ કે મનમાં વૈરાગ્ય સતેજ ઝળકી ઊઠ્યો હતો. એ વૈરાગ્યે આ બહાનાનાં સમાધાન કરી લીધાં. પૂછો શા સમાધાન કર્યા હશે ?

**બહાનાનાં સમાધાન :— સંયોગના બહાના સામે :—**

'સંયોગ અનુકૂળ નથી' એ બહાના સામે એ વિચારવું કે સંસાર વસ્તુ જ એવી છે કે એમાં વિચિત્ર–વિષમ

સંયોગો રહેવાના જ. પછી એના સામે જ જોયા કરવું હોય તો સાધના ક્યારે કરવાની ? ખરી રીતે તો સંયોગ કરતાં આપણું મન જ સાધનાને અનુકુળ નથી, તેથી જ સંયોગોને પ્રતિકુળ માની લે છે, જો સંસાર છોડવો જ છે. તો દુનિયાનો કયો સંયોગ એનું સમર્થન નથી કરતો ?

સંપત્તિ-ઠકુરાઈ હોય તો ય તે કહે છે કે 'અમે તો અનુકૂળતા દેખાડીને સંસારમાં ફસાવી રાખનારા છીએ, માટે સાધના કરવી હોય તો અમારા સામે ન જો, અમારામાં ન લોભાઈશ. ધરખમ પાપનાં નિમિત્ત અમે છીએ. શું ખાટીશ અમારામાં ફસીને ?'

આમ એ સંયોગ સાધના માટે અનુકુળ ભાવ આપે છે. ત્યારે જો ગરિબી–કષ્ટ–તકલીફ હોય તો ય તે એમ કહે છે કે 'સંસાર આવો દુઃખમય છે, માટે ત્યાજ્ય છે' એટલે એ પણ સંસારત્યાગને અનુકુળ સંયોગ કહેવાય. ફાંફા નકામા છે.

સંયોગનું બહાનું ધરવું હોત તો મોટા ચક્રવર્તીઓ સંસારથી છૂટ્યા જ ન હોત ! છ ખંડ સાચવવાની ને ૩૨ હજાર દેશના રાજા પર શાસન ચલાવવાની તાકાત ચક્રવર્તી સિવાય બીજા કોનામાં ? ૧ લાખ ૯૨ હજાર સ્ત્રીઓને કોણ સંભાળે ? બહાનું કાઢવું હોય તો કહી શકે 'શી રીતે છોડું ? આ રાજાઓ બળવો જ કરે ને પ્રજા બિચારી રખડી પડે ! છોકરા કેટલાય નાના ! છ ખંડની પ્રજાને કોણ

સાચવે ?....'તાત્પર્ય, સૌને ભાગ્ય હોય છે કે નહિ? સંયોગનું બહાનું નકામું છે, દિલમાં જ્વલંત વૈરાગ્યના વાંધા એટલે બહાનું ઓઠું ધરાય છે.

ઉંમરના બહાના સામે –

'ઉંમર મોટી'નું પણ માલ વિનાનું. વૈરાગ્ય જોરદાર હોય તો એ શીખવે કે 'ભલે ઉંમર મોટી, પણ ચારિત્ર ન લેવાય તો જે ભવભ્રમણના ભય માથે રહેશે, તે પાલવશે ? અહીં તો ઉંમર પર ગલ્લાં તલ્લાં કરે છે. પણ પરલોકમાં ગમે ત્યાં મૂકાયો, ત્યાંની વિટંબણમાં શું કરીશ ?

વળી આ ઉંમરે ય સંસારના વૈતરાં ક્યાં ઓછાં કરે છે? તો આજના ચારિત્રમાં શું બહુ તૂટી મરવાનું છે ? કયા એવા ઉપસર્ગ–પરિષહ છે ? કહે છે. 'મનની મોટાઈ નડે છે હું અહીં મોટા વડીલ તરીકે પૂજાતો, ત્યાં સાધુઓમાં મારું શું સ્થાન ? ગુરુમહારાજની આજ્ઞા કેવી ઉઠાવવી પડે ?–' આ માનની લાગણી નડે છે. ઉંમરનું બહાનું તો એક ઓઠું છે. માન છોડી મોટા મોટા રાજાઓ પણ મોટી ઉંમરે દીક્ષિત બન્યા છે ! ઘોર તપસ્યા અને ઉગ્ર વિહાર પણ કર્યા છે ! સંસાર રહેવા જેવો નથી તે નાની કે મોટી બધી ઉંમર માટે. મોટી ઉંમરે પાકીસ્તાન થાય તો શું કરે ? નસીબ વાંકું થયું ને નોકરી કરવાનો અવસર આવ્યો તો શું કરે ? કઠિનાઈ કેટલીય ઉપાડાય ને ? ત્યારે 'માનની લાગણી, જ્યારે ભવાંતરે કર્મને પનારે પડીશ ત્યારે ક્યાં ઊભી રાખી શકીશ ? ઉલ્ટું અહીં સાધુપણામાં

તો પહેલાં જેને શેઠ સાહેબ કહેવા પડતા હતા એવા મોટા શેઠિયા ય હવે તને 'મહારાજ સાહેબ' કહેશે! અને સંયમી સાધુઓ થોડા જ તરછોડ તરછોડ કરે છે? મહાનુભાવ! ભાગ્યશાળી! એવા સંબોધનથી વાત કરે છે, ત્યાં માન શું ઘવાઈ જવાનું હતું?

'મનની નબળાઈ'નું બહાનું પણ વૈરાગ્ય દુબળો એટલે આગળ ધરાય છે. માનો કોઈ નગરમાં ધાડ પડવાની છે, લડાઈ વખતે મુંબઈ પર ધીખતી ધરાનો ભય હતો ને? એવા અવસેરે કે કોઈ સજ્જડ પાકી આગાહી હોય કે નગરનો આગથી સર્વનાશ થવાનો છે, તો શું નગર છોડી જવામાં મનની નબળાઇ નડે કે સુકાઇ જાય? તો સંસાર–ઘરવાસ એવો આગ જેવો કે જુલ્મગાર લાગ્યો માટે જ મનની નબળાઈને? કહો તો ખરા કે મનની નબળાઈ એટલે શું? આવું જ કાંક ને કે—

**સાધુપણામાં કેમ ફાવે?**

**અરે ભલામાણસ ફાવવા માટે ત્યાં જવાનું છે? કે સંસાર ભયંકર દાવાનળ છે એથી છૂટવા માટે?**

**ઘરવાસમાં** રોજનો ષટ્કાય જીવોનો કુટો છે, જીવમારનો ધંધો છે. ચૂલો સળગાવ એટલે શું? જીવોને માર પાણિયારૂં કર એટલે? એ જ, ધંધો–ધાપો, સ્નાન–ધોવણ–શાકભાજી સુધાર, વગેરે વગેરે એટલે શું?' 'જીવ માર' કે બીજું કાંઇ? ખરી રીતે આ અસંખ્ય જીવો પર હજી

બંધુભાવ નથી આવ્યો, સાચી જીવદયા નથી સ્ફુરી, અરે ! જિને કહેલા જીવો દેખાતા નથી ! એથી જ એ તરફ લક્ષ ન લઇ જતાં, મનની નબળાઇ વગેરે ઓઠાં આગળ ધરાય છે.

**દયાથી વૈરાગ્ય જો ઝળહળી ઊઠે તો એ શીખવે કે 'ઊઠ ઊભો થા, જીવદયા માટેના આ એક જ ભવમાં એને કેમ ભૂલે ?'**

મનને થાય કે 'બધું સહન કરીશ પણ આ મારા જેવા જ સુખના પ્રેમી અને દુઃખ માત્રના દ્વેષી નિરપરાધી સ્થાવર જીવોનો રોજીંદો કચ્ચરઘાણ નહિ કાઢું ? ઘર છોડીને સાધુપણું લઇશ.'

**મનની નબળાઈનું બીજું કારણ :—**

મનની નબળાઈનું એક કારણ જેમ જીવો પર તેવી દયા નહિ અગર સ્થાવર અસંખ્ય જીવો જ છે એવાં જિન-વચન પર ટંકશાળી શ્રદ્ધા નહિ; તેમ બીજું કારણ સંસારમાં સેવવા પડતા અઢાર પાપસ્થાનકના ભવાંતરે નીપજનારા દારૂણ વિપાકનો ભય નહિ ! એનાથી ઢગલાબંધ અશુભ કર્મ બંધાયા. તેનો ઉદય કેમ ભોગવાશે ? મન ત્યાં બચાવ આપશે ? કર્મ શું, પણ એથી વધુ ભયંકર તો અહીં સેવેલા પાપસ્થાનકોની કુવાસનાઓના ગુણાકાર થઈને લાંબી પરંપરા ચાલી તો પરલોકના એના પર જીવન કેવા ? કરણી કેવી ? એની અફસોસી નહિ, યા અહીંની વીતરાગનાં સેવક થઈને પાપસ્થાનકની રમતની

શરમ નહિ, એટલે જ મનની નબળાઈનું બહાનું ને? વૈરાગ્ય થયો હોય તો આ મોટી શરમ લાગે કે 'અરે હિંસાદિ પાપો, ક્રોધાદિ કષાયો અને રાગાદિ વિકારોમાં શું મહાલવું?

**'શક્તિ નથી, વીર્યોલ્લાસ નથી, ભાવના નથી', એ બધાં બહાનાં પણ એવાંજ રેઢિયાળ છે.**

માનવ જીવનની મહાન શકિતઓ મળી છતાં શકિત ન હોવાનું બહાનું ધરવું એ અત્યંત શકિતહીન ભવને આમંત્રણ છે.

પાપમય સંસાર પર મન ઊકળી ઊઠવું જોઇએ કે તોડી નાખું આ પાપોને? કાળા માથાનો માનવી શું ન કરી શકે?

માસખમણ ન કરી શકું પણ માસખમણ તપસ્યાથી થતી કર્મનિર્જરા જ્વલંત એકાગ્ર-મને સ્વાધ્યાય—ધ્યાન કરીને કરી શકું છું.

છ વિગઇના ત્યાગ ન કરી શકું પણ એ ત્યાગથી થતી મનની વિશુદ્ધિને, ભોગવાતી વિગઇઓને ધૂળ જેમ માની અને વિગઇઓના સેવન પર ગુરુસેવા અને ક્ષમાદિ ધર્મ વિકસાવીને, કરી શકું છું.

સર્વ પાપોથી વિરતિ, એકાગ્ર મનથી સ્વાધ્યાયલીનતા ગુરુસેવા, ક્ષમાદિ મનોવિશુદ્ધિ ઇત્યાદિ વસ્તુ ઘરવાસમાં બેઠે શું કરી શકવાના? મહાન ચિત્તવિશુદ્ધિ, શુભ અધ્યવસાયોની રેલંછેલ, અખંડ ગુરુસેવા, દિવસરાત શ્રુતોપાસના

ક્ષમાદિધર્મ, વગેરે વગેરેની ઉત્તમોત્તમ કમાઈ સાધુજીવનમાં જ થાય. એની જો કડકડતી ભૂખ લાગી હોય તો મનની નબળાઈ, અશક્તિ વગેરે બહાનાં ક્યાંય સુકાઈ જાય.

'શરીર ચાલતું નથી, નબળું છે, એ બહાનું પણ મંદ વૈરાગ્યના ઘરનું. વૈરાગ્ય સતેજ હોય તો તો એમ વિચાર આવે કે 'હું તે આ ઘોર સંસારમાં અનંત અનંત પુદ્ગલ પરાવર્ત જેવા જંગી કાળથી ભટકી રહેલો, અને હજી પણ નહિ ચેતું તો ભાવી દીર્ઘાતિદીર્ઘ કાળ ભટકી મરનારો, મારા આત્માની મુખ્ય ચિંતા કરૂં કે એક ભવની કુટિલ કાયાની? પાપમાં ચોંટયો રહી શરીરને સાચવ્યા કરીશ તેથી એ શરીર શું અમર થઇ જશે? મને કંઇ પરખાવશે? અને આગામી ભવે શરીર નબળું મળ્યું તો શું, પણ પરાધીનતાના ત્રાસ કેમ વેઠાશે? ચારિત્રમાં શરીરને શા ઘા પડી જાય છે તે આત્માનું સુધારી લેવા મળેલી માનવ કાયાને બાહ્ય પુદ્ગલ સમાલવામાં જ રોકી રહ્યો છું? મૂરખના ગામ જુદા ન વસે, મૂર્ખા ગામમાં જ રહે, એમ હું મૂર્ખ, જિનશાસન જેવું ઉત્તમોત્તમ સાધન મળ્યા પછી ય અને મહા જવલંત પૂર્વ પુરુષોના જીવન આલંબન પામ્યા છતાં ય મૂર્ખ બન્યો રહ્યો છું. આ દિવ્ય સાધન અને આલંબનની કદર નથી! કિંમત—આંકણી નથી! નહીતર બજારમાં લાખો કમાવવાની તક વખતે જો શરીર નબળું નડતું નથી, તો અહીં કેમ નડે? ક્રુર કર્મ કરનાર મ્લેચ્છ–અનાર્ય–કસાઇ–માછીમાર વગેરે, અગર

વાઘ—વરુ—ગિરોલી બિલાડી વગેરેના અવતારમાં મુકાયો હોત તો સબળા કે નબળા શરીરે પણ શા શા ધંધા કરત? અહીં ઉત્તમ સાધના કરવા માટે મળેલા અને એવા ક્રુર કર્મથી સહેજે સહેજે બચી ગયેલા શરીરે એ સાધના સૂઝતી નથી? ને જાતની સુંવાળાશ—સુખશીલતા સૂઝે છે? કેવો અભાગિયો? આ શરીર તો અરિહંત ભગવાનની દયાની બક્ષીસ છે; માટે એ નાથની સેવામાં જ એ મુકાવી જોઇએ, નહિતર હું કૃતઘ્ન નિમકહરામી બનું!'

જ્યોતિષનું જાલિમ બહાનું –

કેટલાક વળી જ્યોતિષનું બહાનું આગળ કરી કહે છે 'શું કરૂ દીક્ષાનું મન તો છે, પણ જન્મ કુંડલી પરથી જોષી કહે છે કે દીક્ષા લેશો તો આઘા જઈને પાછા પડશો! અહીં પણ વૈરાગ્યની ખામીએ મન કહેતું નથી કે 'અલ્યા પણ ઘરવાસમાં કયો આગળ વધી રહ્યો છું? પાછો તો પડી જ રહ્યો છું. જેમ જેમ સમજ્યા પછી અહીં કાળ જાય છે તેમ તેમ ષટ્કાય હિંસા, પરિગ્રહ, વિષયો અને રાગાદિ દોષોમા ધિટ્ઠો બનતો જાઉં છું.

હિંસા અને દોષોમાં ધિટ્ઠાઈ :—

હવે જ્યોતિષના બહાને એ હિંસાને એ દોષો મને રોવરાવતાં નથી. આ વધતી ધિટ્ઠાઈ એ પાછા પડવાનું નહિ તો બીજું શું છે? એની વાતો આવે ત્યાં ભરપૂર રસ લેવા જોઇએ એ પણ પાછા પડવાનું કે નહિ તો બીજું શું છે? આનો શું કોઇ અફસોસ નથી કે જોષને આગળ કરી

રહ્યો છે? આમને આમ ધિટ્ટહું જીવન ચલાવ્યે રાખવામાં જે કુસંસ્કારો અને રાગાદિ વિચારો આત્મા પર જડબેસલાક મજબૂત થશે, વજ્રબંધે બંધાશે, એથી જે ભાવિ દુઃખ ભવ જ નહિ પણ પાપ ભવ ખડા થશે, આ શું તને પાલવશે? કેમ એનો ડર નહિ? શું જ્યોતિષ બચાવ આપશે? ભાન નથી કે, જૈનશાસનની અવિચ્છિન્ન ચાલી આવતી પવિત્ર પુરુષાર્થ પ્રણાલિકાને ગૌણ બનાવતાં પોતાની મોહમૂઢતા ન દેખાય? પણ ખરી વાત વૈરાગ્યના વાંધા છે, અનંતા જીવોની દયા અને સંસારની હળાહળ નિર્ગુણતા હૈયે વસી નથી એટલે આ ફાંફાં મારવાનું કરાય છે.

પાછું પોતાની જાતને બુદ્ધિમાન, અક્કલવાન અને સમજીને કામ કરનાર માને છે! આ બુદ્ધિ–અક્કલ–સમજણ એટલે કિંમતી પુરુષાર્થકાળના ધનને વેડફી નાખવાનું? એમાં બુદ્ધિમત્તા છે કે ગમારપણું? અક્કલ છે કે બેવકૂફી? સમજણ કહેવાય કે મૂઢતા?

**ગ્રહો સામે વિચારણાઃ—**

મનનો પાવર તો એ જોઈએ કે ગ્રહો મને આંતરિક શુભભાવના પુરુષાર્થમાં શું આડે આવતા હતા? તોડી નાખું એના પાવરને. ગણધર ભગવાનના આગમ એટલા બધા પાવરફુલ છે કે એની ચોવીસે કલાકની રટણાથી હૃદયમાં શુભભાવની પ્રબળ છોળો ઊછળે છે! ત્યાં ગ્રહોની કરેલ ગડમથલ બિચારી રાંકડી ભાસે છે! અને આજના જોષીઓ ય કયા સર્વજ્ઞ કે સર્વજ્ઞના દીકરા હતા

તે અનંતજ્ઞાનીના વચનને ઠોકરે મારું ? અનંત આત્માઓ ભવસાગર તરી જવાની ભગીરથ સાધનાઓ કરી ગયા, તે કુંડલી જોતાં બેસી રહેવા પર નહિ, કિન્તુ પ્રખર પુરૂષાર્થના બળ ઉપર. હું પણ એમનો જ વારસદાર છું, એમના પગલે ચાલીશ, કંગાળ જોષીઓના વચન પર નહિ.'

**પ્ર૦ પણ કદાચ જોષીનું વચન સાચું પડે તો ?**

ઉ૦—અરે ! સંસાર ચાલું રાખવામાં કોઈ જોષીનું વચન આડે નથી આવતું. ને અહીં પોતાને અનંતકાળે મળેલી આત્મ-કલ્યાણની સાધનાની મહાદુર્લભ તક વખતે આડે આવે છે ? શું સંસાર ચાલુ રાખવામાં જોવા ગયા ખરા કે કુંડલી શું કહે છે ? ખાઇશ તો પચશે કે નહિ ? ધંધો કરીશ માર તો નહિ ખાવો પડે? નોકરીમાં અપજશ તો નહિ મળે ને ? બાયડી પરણીશ એ ખરાબ તો નહિ નીકળે ને ! લગ્ન પછી વિટંબણા નહિ આવે ને ? ન પરણું તોય બીજે કયાંક કયારેક ફસાવાનું તો નહિ બને ને ? આ કશું જોવાનું નહિ, માત્ર આત્મહિતની વાત આવે ત્યાં કુંડલી જોવાની ને ગ્રહો જોવાના કે એ શું કહે છે. અજ્ઞાન મૂઢ જીવની આ કેવી વિટંબણા છે ! આમ જ આત્મહિતના પુરુષાર્થની મળેલી અણમોલ તક બિચારો હારી જાય છે. ખબર નથી કે અસંખ્ય જન્મનાં પાપ અને અંનત જન્મની વાસનાઓનો નાશ કરવા માટે આત્મહિત પ્રવૃત્તિના દીર્ઘ કાળના અભ્યાસ અતિ આવશ્યક છે; તે કુંડલી ને ગ્રહો જોતો બેસી સમય ગુમાવવામાં શી રીતે સિદ્ધ કરાશે ?

પેલા રાજાઓને જ્યોતિષ-ગ્રહ-કુંડલીનું પણ બહાનું નડયું નહિ; 'ક્ષણ લાખેણી જાય' એ સૂત્ર પકડી સીધા કુમારમહર્ષિના ચરણે ચારિત્ર લઈ બેસી ગયા.

## 'અકાલો નાસ્તિ ધર્મસ્ય'

શાસ્ત્ર કહે છે, જયારે જમરાજને આક્રમણ કરવાનો કોઇ અ-કાળ નથી, પછી ધર્મ સાધી લેવા માટે શાનો અ-કાળ હોય? જાગ્યા ત્યારથી સવાર માની કામે લાગી જવું જોઈએ. ધર્મ સમજાયો, ધર્મનું સર્વ મૂલ્ય સમજાયું પછી વિના વિલંબે ધર્મસાધનામાં સર્વ શક્તિઓ ખર્ચી પુરુષાર્થ લગાવી દેવો જોઇએ.

**વિર્યોલ્લાસનો ઉપાય :—**

**ત્યાં વિર્યોલ્લાસ નથી જાગતો, ભાવના નથી થતી'** એ બહાનાં નકામાં છે, આત્માની ધિટ્ટાઈનાં છે. વિચારવું તો એ જોઇએ કે 'પાપ-સ્થાનકોનો ખરેખરો તિરસ્કાર તથા ભય અને શ્રેષ્ઠ આત્મહિત સાધી લેવાની કકડીને ભૂખ ગરજ જાગી છે? જો એ નથી, તો પહેલાં એ જગાડ. સમજ કે પાપ-સ્થાન કોનો અભ્યાસ ભાવી ભયંકર પાપી ભવો સરજશે! પછી ત્યાં શે બચીશ? ત્યાં તો પાપ સમજાવનાર પણ નહિ મળે, અને જાતે સમજવાને અવકાશ જ નહિ હોય તેમ અહીં રુડા જિનશાસનનો યોગ છતે આત્મહિતનો બેપરવા રહે છે, અને 'ભાવના નથી, વીર્યોલ્લાસ નથી' એવું બહાનું કાઢે છે, પણ કુટિલ

સંસાર ચલાવવામાં ભારે પરવા-ચિંતા-કાળજી રાખે છે, તેમ ત્યાં બધી ભાવના થાય છે, અને ભારે વીર્ય ખરચી રહ્યો છે, તેની તને શરમ નથી આવતી? ધર્મની ભાવના નથી ? તારે કેવી ભાવના જોઈએ છે ? શું ધર્મ કરવો જરૂરી નથી લાગતો ? લાગે છે તો પછી એની ભાવના કેમ ન થાય ! ખાવું જરૂરી લાગ્યા પછી શું ખાવાની ભાવના નથી થતી? ઘર દુકાન જરૂરી લાગ્યા પછી શું એ ખરીદવા કે ભાડે લેવાની ભાવના ન હોય ?

પ્ર૦-ખાવાની રુચિ ન જાગતી હોય તો ખાવાની ભાવના ન થાય ને ? એમ નાણાં ન પહોંચતા હોય તો ઘર-દુકાન ખરીદવા ભાડે લેવાની ભાવના ન થાય ને ?

ઉ૦-અરે ! ખાવાની રુચિ ન થતી હોય તો રુચિ જગાડવા દવા; હવા ખાવા જવાનું, વગેરે કેટકેટલા પ્રયત્ન થાય છે ? એવા પ્રયત્ન ધર્મરુચિ જગાડવા કર્યા ? નાણાં ન પહોંચે તો શું ઘર વિના ચલાવો છો ? ધંધા વિના બેસી રહો છો ? કે ઓઠકોઠ કરીને કાંઈ ને કાંઇ ઊભું કરો છો ? તો ધર્મ માટે એવો કોઈ પ્રયત્ન કેમ નહિ ?

'જીવનમાં ધર્મ વિના ન જ ચાલે. ધર્મ તો ખાસ જરૂરી;' એવું પહેલું હૈયે ગાજતું કરો. એની તીવ્ર રુચિ -ભૂખ લગાડો. રુચિ ન થતી હોય તો એ રુચિ માટે ખૂબ સત્સંગ-ધર્મશ્રવણ વાંચન વગેરે કર્યા કરો.

ખાવાની રુચિ-ભાવના ન હોય તો ય મનને વિચાર થાય છે કે 'આ ખાઈશ નહિ તો શરીર કેમ ચાલશે ?

માટે લાવ રુચિ નથી તો ય ખાઉં; ખાતાં ખાતાં રુચિ ખૂલશે.' એમ કરીને ખવાય છે. તો શું અહીં મનને થતું નથી કે,—

'આ ધર્મ નહિ કરૂં તો પુણ્ય વિહોણા આત્માનું શું થશે ? કેમ ચાલશે ? માટે લાવ, ભાવના નથી દેખાતી તો ય ધર્મ સેવું, ચારિત્ર લઉં , પછી ક્રિયાભ્યાસ, મહાત્માઓનો સંસર્ગ, અને શાસ્ત્રનાં અધ્યયનથી રુચિ ખૂલી જશે,'–કેમ આવું નથી થતું ? ખરૂં તો એ સમજો કે સંસારના મોહક કૂડા સંયોગોમાં જ બેઠા રહ્યા છો એટલે સાધુ મહાત્માઓના સહવાસ અને જિનાગમના અમીપાનના શા ચમત્કાર છે એનું ભાન નથી; ને તેથી માની રહ્યા છો કે 'ભાવના નથી થતી.' તો શું સંસારમાં બેસી રહ્યા છો તે સંસારની ભાવના થાય છે માટે ? જો 'ના' એ તો ભાવના વિના ગાડું ગબડે છે,' તો તો પછી અહીં ચારિત્રમાં પણ એમ ગાડું ગબડાવજો ને !

### વિના હોંસે સંસારના કામ કેમ પતે છે ? :—

'વીર્યોલ્લાસ નથી થતો' એવું બહાનું કાઢતાં શું મન એનો અર્થ સમજે છે ? દિલમાં હોંશ ન હોય કે આળસ હોય તો શું વીર્યોલ્લાસ જાગે ? ન જાગે તો કામ થાય ? છતાં જુઓ, તમારા સંસારમાં આજ સુધી તો તમે હોંશ નહિ છતાં કે આળસ છતાં કેટલાંય કામ પતાવ્યા છે કે નહિ ? હજી ય પતાવો છો ને ? ક્યાંથી વીર્યોલ્લાસ આવ્યો ? જરૂરી અનિવાર્ય' માનવામાંથી. બસ ધર્મને,

ચારિત્રને એવું જરૂરી અનિવાર્ય માનો, —'આ કામતો મારે પતાવવું જ છે' એવો નિર્ધાર કરો, પછી જુઓ ધર્મ માટે કેવા ઊભા થવાય છે!

બંને રાજાઓ કંઇ પણ બહાનું ન કાઢતા ચારિત્ર માટે ઊભા થઈ ગયા, ને સીધા કુમાર મહર્ષિ પાસે દીક્ષા લઈ લે છે. એટલે બીજા તો કેટલાય નીકળે ને? જોતજોતામાં કુમાર મહર્ષિ અનેક શિષ્યોના પરિવારવાળા એક મહાન ધર્મગુરુ બની ગયા!

**રાજાઓની દીક્ષા બાદ દેવભક્તિ : સુખ મૂકી દેવો કેમ આવે ? :—**

મહાવીર ભગવાન ફરમાવે છે, 'હે ગૌતમ! દેવોએ ત્યાં સુગંધિદાર પુષ્પોની વૃષ્ટિ કરી! એમનાં હૈયે ભક્તિના પૂર ઊછળ્યા! મસ્તકે હાથની અંજલિ જોડી એમણે મહર્ષિને પ્રણામ કર્યો! ત્યારે દેવીઓ બાકી રહે? દેવાંગનાઓએ ત્યાં અત્યંત હર્ષના નૃત્ય કર્યાં, દેવ-દેવીઓએ મહર્ષિની સ્તવના કરી, નમસ્કાર કર્યો! અને લાંબો કાળ ઉપાસના કરી પછી સૌ સૌના સ્થાને ચાલ્યા ગયા.'

દેવતાઓની કેવી ભક્તિ! સ્વર્ગમાં સુખની શી કમીના હતી તે આ બધું કરવા આવે? એમાં મોટા ઈન્દ્ર જેવાને વળી કેટકેટલી સુખ-સાહ્યબી! કેટલી સન્માન-ઠકુરાઈ! કેવાં રત્ને ઝગમગતાં વિમાન! કેવાં વસ્ત્ર-અલંકાર મનોરમ નંદનવન! રત્ને ઝગમગતી જળવાવડીઓ! કેવી લાવણ્ય-લચબચતી ઈન્દ્રાણીઓ-દેવાંગનાઓ! કેવાં એનાં

નૃત્ય-ગીત-હાવભાવ ! કેવો વિનીત આજ્ઞાંકિત વિશાળ દેવ પરિવાર ! આ બધાના ભોગવિલાસ મૂકી અહીં ગંદકીની ખાડમાં શું કામ ઊતરી આવે ? નથી એથી અધિક વિષયસુખ કે એનાં સાધન અહીં મળવાની આશા; કે નથી કોઈનો બળાત્કાર. પણ કહો, ધર્મભાવિત અંતરાત્માને ધર્મનું મોટું આકર્ષણ છે; તે આવી કુમાર મહર્ષિ જેવી ધર્મવિભૂતિનાં અતુલ પરાક્રમ દેખી દેવોનું ધર્મભાવિત દિલ એમને અહીં ખેંચી લાવે છે. પૂછો.—

પ્ર૦-અમને કેમ એવું ખેંચાણ નહિ થતું હોય ?

ઉ૦-પણ પહેલા એ જોવાં જેવું છે કે એવી ધર્મભાવિતતા છે ? તો હવે એમ પૂછો કે એ કેમ નહિ ? આટલા બધા સુખી દેવોને એ હોય અને દુઃખની રોજ પોક મુકનારને નહિ ? હા, એનું કારણ આ છે,—

## દેવોને ધર્મ-આકર્ષણનું કારણ :—

દેવતાઓને અવધિજ્ઞાન હોય છે, તેથી જુએ કે પોતે પૂર્વભવમાં કઈ સ્થિતિમાં હતા, એમાં કેવી ધર્મ-સાધના કરી કે એના પ્રતાપે અહીં સ્વર્ગમાં અવતાર થયો આ જોવાથી એમને લાગે છે કે 'સ્વર્ગસુખો એ તો માત્ર ફળ છે, કાર્ય છે. પણ મૂળ કારણભૂત ધર્મ છે. ધર્મ જ આવા સ્વર્ગ-અપવર્ગનાં સુખ દેખાડે છે. તો એવા મહા પ્રભાવી મહાદાતાર ધર્મને કેમ ભૂલાય ? કેમ સુખ કરતાં એનું આકર્ષણ ઓછું રખાય ? દિવ્ય સુખ મળવા પાછળ

મૂળ પ્રભાવ જેનો છે એવા ધર્મની પ્રત્યે તો મુખ્ય આકર્ષણ રહે જ, રાખવું જ જોઈએ.' પૂર્વ ભવનો ધર્મ અને અહીં એનું ફળ પ્રત્યક્ષ દેખવાથી આ સમજ પાકી હોઇને એમને ધર્મ તરફ આકર્ષણ થાય એમાં નવાઈ નથી.

## શ્રદ્ધાળુને શાસ્ત્ર એ ચક્ષુ બરાબરઃ—

ત્યારે તમારે હવે ધર્મના આકર્ષણ માટે આટલી જ રાહ જોવાની હશે કેમ? કે પૂર્વભવ દેખાઇ જાય અને ત્યાંના ધર્મનું અહીં ફળ મળ્યું છે, એમ જણાઈ જાય એટલે એવું ધર્મ પ્રત્યે આકર્ષણ થઈ જાય? કેમ આટલી જ રાહ જોવાની ને? એનો તો અર્થ એ, કે જ્ઞાની ભગવંતો ધર્મના એવા સ્વર્ગ–મોક્ષ સુધીના ફળ કહે છે તેના પર એટલી શ્રદ્ધા નથી! માટે મનને પ્રત્યક્ષ અનુભવની ખાતરી જોઈએ છે. ધન્ય તમારા જૈનપણાને, જિનના ભક્તપણાને સર્વજ્ઞ–વચનથી ખાતરી નથી થતી, હુબહુ નથી જણાતું, તે પ્રત્યક્ષ દેખવાની અપેક્ષા રહે છે?'

સાધુ પુરુષોને, સમ્યગ્દષ્ટિ સજ્જન આત્માઓને શાસ્ત્ર એ ચક્ષુ છે; શાસ્ત્રે કહેલું જાણ્યું તે પ્રત્યક્ષ અનુભવ્યું.

## ભગવાન બાપ કરતાં ય મોટા આપ્ત હિતૈષીઃ—

છોકરો મા-બાપને આપ્ત–વિશ્વસનીય પુરુષ સમજે છે, તો મા-બાપનાં વચન પર કેટલી બધી શ્રદ્ધા કરે છે મા બાપે કહેલું બધું જ કયાં પ્રત્યક્ષ અનુભવે છે? કે દલીલથી પણ સમજવાનું કયાં એનું ગજું છે? છતાં

આપ્ત તરીકે અને પોતાના હિતૈષી તરીકેની શ્રદ્ધા એમનાં વચન પર પણ આબેહુબ શ્રદ્ધા કરાવે છે. તમને મહાવીર પરમાત્મા એવા શું એથી ય લાખો કરોડોગુણા ઊંચા આપ્ત હિતૈષી નથી મળ્યા ? કે પછી શું હજી એમાં ય શંકા છે કે 'ભગવાન એવા આપ્ત એવા હિતેચ્છુ હશે કે નહિ ?' જો જો એવી શંકા કરતા, નહિતર રખડી જાશો. મોટા ઇન્દ્રો અને ગણધર મહારાજ જેવા હૃદયથી જેમને મહા આપ્ત મહા હિતૈષી માને, જેમનાં વચન પર આફરીન થઈ જાય, એમનામાં આપ્તપણાની શંકા કરવા જેવું બીજુ પાતક કયું હોય ? બીજી મહા મોહાંધતા કઈ કહેવી ?

**ગણધરોએ સપરિવાર કેમ એકાએક ઝુકાવ્યું? :—**

જરાક વિચારો તો ખરા કે ૪૪૦૦ વિદ્યાર્થીના પરિવારવાળા મહા વિદ્વાન અને બુદ્ધિનિધાન ઇન્દ્રભૂતિજી ગૌતમ વગેરે અગિયાર બ્રાહ્મણો શું જોઈને, પ્રભુ પાસે માત્ર વાદ કરવા આવેલા છતાં, ત્યાં ને ત્યાં પ્રભુનાં ચરણે લોટી પડયા હશે ? આખાં ને આખાં જીવન સોંપી દઈ શિષ્ય બની ગયા હશે ? થોડી ય અક્કલ હશે કે બધાય મૂરખ હશે ? કહેતા નહિ કે 'એમને તો દેવતાઓ પ્રત્યક્ષ જોવા મળ્યા ને ?' મળ્યા તેથી શું ? એથી કાંઇ 'ધર્મનું આ ફળ છે, આ લોકો આ ધર્મ કરવાથી આવું દેવપણું પામ્યા,' એમ પ્રત્યક્ષ થોડું જ દેખાય ? અને

શય્યંભવ, હરિભદ્ર વગેરે બ્રાહ્મણોને તો એ ય જોવા નથી મળ્યા, છતાં કેમ બ્રાહ્મણપણામાંથી સીધું જ જિનેશ્વર દેવના

ચારિત્ર-માર્ગે ઝુકાવી દીધું હશે ? પ્રભુને કેવા આપ્ત અને હિતૈષી માનીને ? જન્મે જૈન નહિ, જૈનના સમાગમમાં ઉછેર નહિ, મુનિઓનાં ધર્મવ્યાખ્યાનો વર્ષો સુધી સાંભળેલ નહિ, છતાં એવો કોઈ પ્રસંગ મળ્યો કે તરત એના પર બુદ્ધિ ચલાવી તાર કાઢી લીધો કે—

'આ જગતમાં વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન જેવા પરમ આપ્ત અને સર્વ જીવોના હિતૈષી પુરુષ બીજા કોઈ જ છે નહિ. માટે એમણે કહ્યું તે જાણે આપણે પ્રત્યક્ષ જોયું માની એના પર અખૂટ શ્રદ્ધા રેલાવવાની. એમણે પ્રત્યક્ષ જોઇને કહ્યું છે. હતું—છે—બનશે તેવું કહ્યું છે. હવે એના પર પ્રત્યક્ષવત્ શ્રદ્ધા કેમ નહિ કરવી ? એમણે કહ્યું છે કે આ જગતમાં રુડા પ્રતાપ શુદ્ધ ધર્મના છે કે એથી જીવને ઠેઠ દેવલોક અને મોક્ષ સુધીનાં સુખ દેખવા મળે છે ! એક શુદ્ધ ધર્મ જ તારણહાર છે, શરણ છે, ઓથ છે પરલોક સુધારનાર અને ભાવી અનંત કાળ અજવાળનાર છે. માટે હવે એને જ પકડો.' આમ ચારિત્ર ધર્મમાં ઝુકાવ્યું. શા સારૂ ધર્મને છોડી બીજા ફાંફા મારો ? એમાં તમારૂં કશુ ઉપજવાનું નથી. ધર્મથી વિરુદ્ધ ચાલનારની તો કર્મ પાકી જડતી લઇ નાંખે છે, રેવડી દાણાદાર કરે છે !

**શાસ્ત્ર પર શ્રદ્ધા પછી કેમ મહાપાપ સેવવાનું ?:-**

. આ જિનવચન પર પ્રત્યક્ષ જેવી શ્રદ્ધા, જો એ જિનને પરમ આપ્ત અને પરમ હિતૈષી માન્યા હોય, તો શું થાય

નહિ ? જિનેશ્વર ભગવંતોએ શ્રાવકને માટે કહ્યું છે કે 'રાત્રિભોજન અને કર્માદાન એ મોટા પાપ છે, એનાથી ભવોની સીરિયલ (પરંપરા) બગડે છે.' જો આ વચન પર પ્રત્યક્ષ જેવી શ્રદ્ધા હોય તો કેમ ધનની ખોટી લાલચે કે શરીર-મંદવાડ વગેરેનાં બહાને કેમ એ મહાપાપ સેવાય છે

## પૂજેલો લોક ક્યાં સુધી :-

પ્ર૦-પણ એમ પૈસા કમાયાથી લોકમા ઊજળા દેખાઈએ છીએ ને ?

ઉ૦-એટલે લોકના જ પૂજારી છો ને, તે લોકને રીઝવવા તરફ જ દૃષ્ટિ અને પ્રયત્ન ? પણ લોક સામે કાં જુઓ ? લોક તો તમારી સાથે અંતે મસાણથી જરાય આગળ નહિ આવે. આ ખેડૂતો હોય છે ને ? સ્વાર્થી ખેડૂતો કેવા ? બળદ પાસેથી કામ લેવાય એટલું લીધું, હવે જુએ કે એ કામનો નથી રહ્યો તો જઈને બજારમાં કસાઈને વેચી દે છે ! બળદને વહાલો કરનાર ક્યાં સુધી મમતા રાખે ? કામ આપે ત્યાં સુધી. પછી કેમ ? તો કે કસાઈના હવાલે ! એમ આ જીવને વહાલા કરનારા કુટુંબી અને લોકો સ્નેહી ક્યાં સુધી ? મસાણ સુધી ! પછી ? કર્મ કસાઈના હવાલે ! એવાઓને વહાલા થવું છે ? એમના સર્ટિફિકેટ પર નાચવું છે ?

શય્યંભવ બ્રાહ્મણે વીતરાગ આપ્ત મળ્યા પછી બીજું કાંઈ જોયું નહિ કે 'લોક શું કહેશે ? બાઇડીને શું લાગશે?

સગાં સ્નેહીઓ શું બોલશે ! ના, આપ્ત હિતૈષી મળી ગયા પછી કશું જોવાનું નહિ. તત્ત્વની જિજ્ઞાસા જાગી એટલે એ મોટો યજ્ઞ કરાવતા હતા તે ઊભો મૂકીને પ્રભવસ્વામીજી પાસે તત્ત્વ જાણવા પહોંચી ગયા. એમાં વીતરાગના વચન મળ્યાં, સંસારની કુટિલતા ઓળખાઈ, સાચું તત્ત્વ અને સાચો આત્મહિતનો માર્ગ સમજાયો, પછી ત્યાં ને ત્યાં મુનિજીવન સ્વીકારી લીધું !

**રોહિણિયા ચોરને** અંતે સમજાયું કે વીતરાગ વીર ભગવાન જ સાચા આપ્ત હિતૈષી પુરુષ છે; એટલે બાપે કરાવેલ કબુલાત કોરાણે મૂકી પ્રભુનાં ચરણે ચારિત્ર લઈ તન-મન સોંપી દીધા !

આ બધું કેમ બની શક્યું ?

(૧) આપ્તનાં વચનથી જણાયેલું જાણે પ્રત્યક્ષ દેખ્યા બરાબર અણીશુદ્ધ યથાર્થ લાગ્યું.

(૨) એમાં સંસારવાસમાં કરાતા ષટ્કાય જીવોના રોજીંદા ઘોર સંહાર અને અઢાર પાપસ્થાનકોનાં હાલતાં ને ચાલતાં થતાં સેવનથી આત્માની થતી ભવચક્રમાં ફસામણી સમજાઈ.

(૩) ઠેઠ એકેન્દ્રિયપણાથી ચડતાં ચડતાં ઊંચા મનુષ્ય ભવના થાળે આવવાની મળેલી મહાન સિદ્ધિ વિષયકષાયની ગુલામીમાં સાવ ખૂંચવાઈ જતી દેખાઈ.

(૪) માનવ ભવમાંની આત્માનાં અનેક વિષયમાં

ઊર્ધ્વીકરણ કરવાની મળેલી અતિ દુર્લભ તક વિણસાઇ જતી લાગી.

એટલે બંધુ ઊભુ મૂકીને વિષયોની ભયંકર જાળ, પરિવારનાં કારમાં બંધન તથા ષટ્કાય જીવહિંસાની કૂડી રમતમાંથી એકદમ જ બહાર નીકળી ગયા.

**જ્ઞાનીઓનાં વચનને આપણી આંખ્યો બનાવ્યા વિના ઊંચા આત્મહિતનાં પરાક્રમ ન બની શકે.**

## ધર્મનું મુખ્ય આકર્ષણ

દેવતાઓ ભલે અવધિજ્ઞાનથી પૂર્વભવનો ધર્મ અને વર્તમાન ભવની સમૃદ્ધિ એ બેનો કાર્યકારણભાવ પ્રત્યક્ષ દેખીને ધર્મ તરફ મુખ્ય આકર્ષણવાળા બને; પણ આપણે એના ઓરતા નહિ કરવાના. આપણે તો તીર્થંકર ભગવાન અને એમને સમર્પિત રહેનારા ગણધરાદિ આચાર્ય ભગવંતોને પરમ આપ્ત–વિશ્વસનીય અને હિતૈષી માનીને એમનાં વચને કહેલું પ્રત્યક્ષવત્ સાચું લેખીને ધર્મનું મુખ્ય આકર્ષણ રાખવાનું.

### લાડવાનું આકર્ષણ, ધર્મનું નહિ —

ધર્મનું મુખ્ય આકર્ષણ રહે તો પછી કમમાં કમ તેવા તેવા પ્રસંગે તો સંસારના સો કામ અને ગમે તેવા સુખ–આનંદ પડતા મૂકી ધર્મ તરફ દોડી જવાય, ધર્મ સાધી લેવાય. જો આ નથી, તો આજે જુઓ છો ને

મંદિર વર્ષગાંઠમાં કે નજીકના તીર્થે પૂજા-જમણ વખતે પૂજામાં કેટલા દોડી આવે? અને લાડવા જમવામાં? કેમ એમ? લાડવાનું આકર્ષણ છે, ધર્મનું નહિ. તીર્થયાત્રા-સંઘમાં ચાલ્યા, હવે તો ઘરકામની જંજાળ નથી ને? અને ધર્મ સાધવા માટે નીકળ્યા છે, છતાં વ્યાખ્યાનમાં કેટલા હાજર? અને બહાર હરવા ફરવા ગપ્પા મારવામાં કેટલા?

**ધર્મશિક્ષણ જરૂરી નહિઃ-**

ધર્મનું મુખ્ય આકર્ષણ નહિ એટલે છોકરાને ધર્મમાં પ્રવીણ કરવા માટે કેટલો ખરચ અને કાળજી રખાય છે? કાંઈ નહિ. અને નિશાળનું ભણાવવા માટે કેમ વારુ? શું આપણા કે સંતાનના જીવનમાં પૈસા જ કમાવવાનું જરૂરી છે ને ધર્મ નહિ?

**શરીરનું એવું ધર્મનું આકર્ષણ નહિ! :-**

શરીર જરાક બિમાર પડે તો આરામ, ઔષધ વગેરે માટે ખબરદાર! ને આત્મા આજના જડવાદ, વિલાસવાદ, નાસ્તિકવાદ વગેરેથી મિથ્યાત્વ-કષાયો, અસત્ય-અનીતિ, રોગોથી માંદો પડે ત્યાં કોઈ જ ખબરદારી નહિ! ધર્મનું મુખ્ય આકર્ષણ નહિ એટલે જ આ ને?

**સાચી શ્રીમંતાઈ કઈ :—**

શા સારૂ આજના પાપયુગમાં ઘસડાઓ છો? આખી આજની દુનિયાને નથી મળ્યું એવા અનુપમ તીર્થંકર પરમાત્મા, ટંકશાળી નરતત્ત્વ, મોક્ષમાર્ગમય જિનશાસન,

ત્યાગી ગુરુઓ, શ્રેષ્ઠ અહિંસાદિ ધર્મ અને સ્યાદ્વાદાદિ સિદ્ધાન્ત બતાવનારા શાસ્ત્રો, અનુપમ તીર્થો તથા માર્ગાનુસારીથી માંડી સર્વવિરતિ ચારિત્ર સુધીની અતિ સુંદર સાધનાઓ વગેરે તમને મળ્યું છે, એની કદર તો કરો. એનું ગૌરવ તો હૈયે વસાવો. એના પર દિલને થશે કે 'એનાથી હું ખરો શ્રીમંત બન્યો છું. એ જ સાચી શ્રીમંતાઇ છે. એનું તો મને મુખ્ય આકર્ષણ રહેવાનું. એની ઉપાસના મારા અને કુટુંબનાં જીવનમાં પ્રધાન રહેવાની. એથી મારી છોકરીઓ પણ પારકે ઘેર ગયા પછી એની સુંદર હવા ફેલાવવાની, અને એના સંતાનોને એ એ મુખ્ય પણે પાવાની.'

## ધર્મ આકર્ષણના ઉપાયો :—

(૧) પૂર્વે કહેલ દેવાધિદેવાદિની પ્રાપ્તિની કદર,

(૨) પરલોકનો વિચાર,

(૩) જીવનમાં સાચી શાંતિ લાવનાર ધર્મ જ હોવાની દૃઢ શ્રદ્ધા,

(૪) શાસ્ત્રે કહેલ વસ્તુ પર પ્રત્યક્ષ દેખ્યા જેવી પ્રતીતિ,

(૫) મન માને કે ન માને પણ જીવનના પ્રસંગ–પ્રસંગમાં ધર્મને આગળ કરવાનો, ધર્મસુકૃત પહેલું બજાવવાનું, દુન્યવી બાબતની પણ વાતચીતને ધર્મની વાતમાં ઉતારવા પ્રયત્નશીલ રહેવાનું.

વાત આ છે કે ધર્મનું મુખ્ય આકર્ષણ ઉભું કરવું હોય તો જાત માટે અને કુટુંબ માટે આ ચૈતન્ય જગાડનાર ઉપાયો અને એની ચિંતા રાખવી જ જોઈશે. એમાંની આ એક વસ્તુ છે કે જ્ઞાનીઓએ ભાખેલું પ્રત્યક્ષવત્ માનવું જોઈએ. દેવતાઓ અવધિજ્ઞાનથી પ્રત્યક્ષ દેખે છે કે ધર્મના જ પ્રભાવે આ દેવતાઈ ભવ; એટલે એમને ધર્મ તરફ આકર્ષણ સારૂં થાય છે જ. એથી અહીં કુમાર મહર્ષિના અવધિજ્ઞાન પર આકર્ષાઈને દેવો દોડી આવ્યા, અને પ્રભાવના કરી! છેડે છેડે મહર્ષિના આઠ કર્મગાંઠ તોડનાર યશસ્વી પરમેષ્ઠી અને દર્શન–જ્ઞાન–ચારિત્રધર તરીકે ગુણ ગાયા. તેમજ મોટા મેરુ જેવા મહાન વર્ણવી જેની કુક્ષીમાં આવી વસી જન્મ પામ્યા તે માતાને પણ ક્ષણે ક્ષણે વંદનીય જાહેર કરી.

**જૈનધર્મ માતપિતાનું કેટલું બધું મહત્વ આંકે છે :–** એ આવા આવાં પ્રતિપાદનથી સ્પષ્ટ થાય છે, તેમજ,—

**માતાપિતાની ય વિશેષતા ક્યાં ઝળકે :–** એ પણ આ પરથી જણાય છે. એમ તો કૂતરા–કૂતરી કે ગધેડા કે ગધેડી ય ક્યાં સંતાનને જન્મ નથી આપતા ? અને ક્યાં એનો ઉછેર નથી કરતા ? પરંતુ સંતાનના આત્માનો કોઈ વિચાર અને આત્મહિતનો કોઈ પ્રયત્ન નથી, એ એની પશુગીરીને આભારી છે. માણસને પણ જો એ વિચાર પ્રયત્ન ન હોય તો માનવતા શી ? પણ વાત એ છે કે

પોતાના જ આત્માની જેને ચિંતા-વિચાર ન હોય, એ સંતાનના આત્માનું શું વિચારે ?

દેવોએ કુમાર મહર્ષિના દર્શન-જ્ઞાન-ચારિત્ર પર સિક્કો માર્યો. દેવોનો સિક્કો એમ ને એમ મળે ? ના, સદ્ધર માલ હોય તો જ મળે. એ હતો માટે તો દેવો દોડી આવ્યા ! મહાન જાહોજલાલી કરી દેવીઓ નાચી ઉઠી ! આ બધું બનવા પર બંને શત્ર રાજાઓ અને બીજા કેટલાય સંસારત્યાગી બની એમના શિષ્ય બની ગયા.

બસ, દેવો-દેવીઓ રવાના થયા, આ અધિકાર ત્રિભુવન ગુરુ મહાવીર પ્રભુએ કહેતાં ગણધર ગૌતમ સ્વામીજી પ્રભુને નમસ્કાર કરી હાથ જોડીને પૂછે છે,-

'હે ભગવાન ! એ મહાયશસ્વી સુગૃહીત નામધેય કુમાર મહર્ષિ આટલા બધા સુલભ બોધિ શે થઇ શકયા ?'

ગૌતમ મહારાજનો પ્રશ્ન વ્યાજબી છે. અહીં બોધિ એટલે માત્ર સમ્યગ્દર્શન નહિ કિન્તુ એ સહિત ઉચ્ચ ચારિત્ર સુધીનો ધર્મ 'બોધિ' તરીકે સમજવાનો છે. 'આ વસ્તુ એમને આટલી બધી સુલભ કેમ બની ? એની પાછળ પૂર્વભવની કઇ એવી સાધના કામ કરી રહી છે ?' આ પ્રશ્ન છે.

## મૌન અને દયાથી સુલભ બોધિ :—

ભગવાન કહે છે, 'ગૌતમ ! એ પૂર્વ જન્મમાં શ્રમણ મુનિ હતા ત્યારે એકવાર એમનાથી વચનદંડ સેવાઈ

ગયો, એનો એમને એટલો બધો પશ્ચાત્તાપ થયો કે ગુરુના ઉપદેશથી એમણે જીવનભરનું મૌનવ્રત ધારણ કર્યું, તેમજ આ મન-વચન-કાયાના દંડ સેવાવામાં નિમિત્તભૂત બનતા પાણી-અગ્નિ-મૈથુન, એ ત્રણ પાપસ્થાનક મુનિપણાને આઘાત પહોંચાડે છે એનો એમણે સર્વ ઉપાયોથી ત્યાગ જીવનભર સાચવ્યો. આ કારણે એ આટલા બધા સુલભ બોધિ બન્યા !'

## એક બે અંગોની આરાધનાથી પણ ઉન્નતિ :—

જૈનશાસનમાં આરાધનાનાં અનેક અંગો છે, એમાંનાં એક બે અંગની પણ જોરદાર આરાધના થઈ જાય તો એ કેવું ઊંચું ફળ દેખાડે છે એ આપણને આના પરથી સમજવા મળે છે. એનો અર્થ એ નથી કે 'બીજા અંગોની ઉપેક્ષા કરીએ તો ચાલે,' ના, એની પણ અપેક્ષા તો રાખવાની પણ દરેક આરાધક બધા જ મોક્ષસાધક અંગોમાં જોરદાર પુરુષાર્થ કરી શકે એવું ન બને, તો પણ શકય કોઇ પણ એક બે અંગમાં પ્રબળ પુરુષાર્થ અજમાવે અને બાકીના અંગોને સાપેક્ષ રહે, એટલે કે એની વિરાધનામાં ન પડે, તો એ આત્મા ઉંચે આવી શકે છે.

બોલો, જીવનમાં એવું કોઈ એક પણ મોક્ષસાધક અંગ ચાહ્ય તે અનુષ્ઠાનરૂપ, યા ગુણરૂપ પકડયું છે ખરૂં કે જેમાં પાકી દૃઢતા સાથે પ્રબળ પુરુષાર્થ જાગતો રાખ્યો હોય ? કોઈ દેવદર્શન-દેવપૂજા, કોઇ સાધુસેવા, કોઈ સામાયિક અરે એક નવકારવાળી, યા પર્વતિથિની કોઇ

આરાધના, તપ, ત્યાગ, શાસ્ત્રસ્વાધ્યાય, વગેરે કોઈ એક પણ ધર્માનુષ્ઠાન એવું સર કર્યું છે ખરૂં કે દુન્યવી કોઇ લાલચ યા ભય એમાંથી ડગાવી શકે નહિ ? યાવત્ પ્રાણ જાય તો પણ શું ? એમ મન સાક્ષી પૂરે છે ? એ અનુ-ષ્ઠાનની અણીશુદ્ધ આરાધના થાય છે ખરી ?

### જિનવચન વિરુદ્ધમાં મત્તું નહિ ને ? :—

અથવા શ્રાવક હો તો શ્રાવકપણાના અને સાધુ હો તો સાધુપણાના કોઇ પણ એક આચારનેય મજબૂત રીતે પકડયો છે ? દા. ત. જિનાજ્ઞા પ્રતિબદ્ધતાનો એક આચાર એવો મજબૂત ધરી રાખ્યો હોય કે જિનવચન વિરુદ્ધ કોઈ વાતમાં કયાંય મત્તું નહિ મારવાનું.. પછી ભલેને એમાં પોતાનો સ્વાર્થ પણ ઘવાતો હોય, દા. ત. બહુ મહેનતે ઉછેરી મોટો કરેલો છોકરો પરણાવ્યો, સારો કમાઉ બનાવ્યો, હવે એ પુણ્યયોગે વૈરાગ્ય પામી ચારિત્ર લેવાની વાત કરે છે, અને એની મા કે બીજા કોઇ જિનોક્ત માર્ગની વિરુદ્ધ બોલે છે, તો એમાં મત્તં નહિ ને ? મૂંગી પણ સંમતિ નહિ ને એવાને કહી દો ખરા ને કે 'બોલશો નહિ, પ્રભુએ બતાવેલો માર્ગ તે માર્ગ; આપણા સ્વાર્થે એની વિરુદ્ધ ન બોલાય, ન ચિંતવાય, ખરી રીતે તો આપણે આપણા આત્માનો વિચાર કરવા જેવો છે કે આપણે કેમ હજી સુધી ડૂબી રહ્યા છીએ ? આપણને ચાલુ આરંભ–પરિગ્રહભર્યા અને વિષયલુબ્ધ જીવનથી પરલોકની કઇ સલામતી રહેવાની છે ? ખરૂં તો આપણે

જ આત્મહિતના માર્ગે આગળ થવા જેવું છે.

પ્ર૦–પણ મોટો છોકરો આપણા માથે જ બધી લોથ મૂકીને જતો હોય, પછી આપણે શું આરાધીએ?

ઉ૦–લોથ કોની? તમારી કે છોકરાની? તમારા મોહની લોથ એને માથે ઓઢાડવી છે? છતાં છોકરાને કહો ને કે, 'ભાઈ! આ બધી જંજાળ તું સંભાળી લે અને અમને જ ચારિત્રની આરાધનામાં જવા દે.' ના, જાતે એ કરવું નથી, જાતે જિનવચનની આરાધનાને બદલે જગતની જંજાળ વહાલી કરવી છે એ જાતે ય ચારિત્ર-જીવનમાં જવું નથી, અને જિનોક્ત ચારિત્રમાર્ગે જવા ઇચ્છનાર બીજાને પણ જવા દેવો નથી, આ ક્યાંનો ન્યાય? આમાં જિનનું સેવકપણું ક્યાં રહે? રાજા શ્રેણિક વીર પ્રભુના કેવા સેવક હતા એ જાણો છો?

**મગધાધિપ શ્રેણિક રાજાને** અભયકુમાર જેવો સુયોગ્ય અને સમર્થ પુત્ર રાજ્યધુરા ઉપાડી લેવાની ના પાડે છે. અને પોતે ચારિત્ર માર્ગે જવાનું કહે છે, ત્યારે પરિસ્થિતિ કેવી છે? પુત્ર કોણિકની નાલાયકતા ભારે છે, જન્મનો પિતૃવૈરી હોય એવાં લક્ષણ કોણિક ગર્ભમાં આવતાં થયા છે. બીજા પુત્રો એની આગળ એવા સમર્થ નથી; કેટલાક પુત્રોએ દીક્ષા લીધેલી છે; હવે સૌથી સમર્થ અને મહાબુદ્ધિવાન પાટવી કુમાર અભય ચારિત્ર લેવાનું કહે છે. શું કર્યું રાજાએ? વિરોધ? અંતરાય? દીનતા કે 'મારા ભોગ લાગ્યા કે આ મોટો દીકરો થઇને

ય મને આ અવસ્થાએ રખડતો મૂકે છે ?' ના, આમાંનું કશું નહિ. ખુશીથી ચારિત્રની સંમતિ આપે છે. કેમ વારુ ? કહો શ્રેણિક રાજા જિનના અને જિનવચનના મહાન પૂજારી છે, અને પુત્ર અભયના આત્મહિતના ખાસ પ્રેમી છે.

ભૌતિક બાબતો તો કર્માધીન છે. એમાં આત્મહિત ન ચૂકાય. આત્માનું હિત પુરુષાર્થને આધીન છે, અને એ માટેનો તો ખાસ આ મનુષ્ય-ભવ છે. એમાં જ એ ચૂકવા જેવી બીજી મૂર્ખાઇ-મૂઢતા નથી. જે કોઇ એમાં પુરુષાર્થ કરતો હોય એને અનુકૂળ થવું એમાં માનવભવની વિશેષતા સમજ્યાં ગણાય નહિતર તો માનવભવને સામાન્ય-ભવ, સંજ્ઞાઓ પોષવાનો ભવ સમજતાં ચિંતામણીરત્નને સામાન્ય કાચનો ટૂકડો લેખનાર ભીલની હરોળમાં ઊભા રહેવું પડે. ભગવાનનાં વચન પર મહારાજા શ્રેણિકને અટલ શ્રદ્ધા છે અને ભગવાન કર્મના અટલ હિસાબ બતાવે છે, આત્મહિતના પુરુષાર્થના કર્તવ્યનાદ સુણાવે છે.

ઠેઠ એકેન્દ્રિય-નિગોદપણાથી છૂટી આટલે ઊંચે માનવભવ સુધી આવેલા જીવ બિચારાને જો ભાવના અને પુરુષાર્થથી ઊંચે ચઢવાની તૈયારી વાળાને આપણા સ્વાર્થે, મોહે કે અજ્ઞાનતાથી આરંભ-પરિગ્રહ-વિષયાદિમાં જોડી નીચી યોનિયોમાં સબડતો કરી દેવા જેવી ક્રૂરતા બીજી કઇ હોય ?

શ્રાવકપણાનો અને જિનવચન-પ્રતિબદ્ધતાનો આચાર મક્કમ રીતે પાળવાનો રાખ્યો હોય તો 'જિનવચન તે જિનવચન' સમજી એનાથી વિરુદ્ધ ન બોલાય, કે કોઇના

બોલવામાં ન સંમત થવાય,

એમ માતાપિતાદિના વિનયનો આચાર, દાનનો આચાર, અનુકંપાનો આચાર, પરનિંદા ત્યાગનો આચાર, વિશિષ્ટાચાર–પ્રશંસાનો આચાર, વગેરે કોઈ એક પણ આચારને મજબૂતપણે પકડી રખાય તો ય તે આત્માને ઊંચો લાવે.

એવું જ કોઈ પણ ગુણ અંગે છે. સૌમ્યતા, પરોપકાર, દયા, ઉદારતા, ગંભીરતા, સહિષ્ણુતા વગેરેમાંનો એકાદ ગુણ પણ દૃઢપણે પકડો ને! દૃઢ એટલે બસ દૃઢ, પછી કોઈ પણ સંયોગમાં એ ગુણ મૂકવાનો નહિ, પ્રગટ જ કરવાનો, આટલું કરી જુઓ, પછી જુઓ તમને પોતાને લાગશે કે 'હું પશુજીવનથી કાંક ઊંચે આવી રહ્યો છું.'

### બોલવા, ન બોલવાના લાભ :—

ગૌતમ મહારાજના પ્રશ્ન પર કુમારમહર્ષિ માટે શ્રી મહાવીર પ્રભુ કહે છે કે પૂર્વભવમાં એમનાથી સાધુ-જીવનમાં એક જરાક વચનદંડ સેવાઇ ગયો તેથી એમણે જીવનભરનું મૌન લીધું કેટલો બધો હૃદયસંતાપ થયો હશે કે એક નાનકડા દેખાતા ગુનાની સજા મોટી સ્વીકારી લીધી?

### નાનો પણ દોષ કેમ ભયંકર ?:—

વાત એ છે કે આત્માનો નાનો દેખાતો પણ દોષ

ઊખેડી નાખવાની તમન્ના છે? કે આટલામાં શું થઈ ગયું એવી ઉપેક્ષા માંડવાળ છે? માંડવાળ કરવી એ અજ્ઞાન દશા છે; કેમકે એ ભાન નથી કે આ ભલે દેખાય નાનકડો, પણ બીજ રૂપ છે, માટે ભયંકર છે; કેમકે બીજમાંથી મોટું ઝાડ ઊગશે. એવા સંયોગ–નિમિત્ત મળતાં મોટા રૂપમાં એ ફાલી ફૂલી નીકળશે. નાનોય વચનદંડ વાણીનો અસત્ પ્રયોગ કેમ થયો? એના મૂળમાં શું છે? કોઈ પ્રમાદ, કોઇ રાગ યા દ્વેષ, કોઇ ભય કે એવું જ કાંઈ ને? એને નિમિત્ત મળ્યું એટલે વચનદંડ રૂપે એણે કામ કર્યું. એનો નિગ્રહ-નિયંત્રણ કરવું છે તો એ માટે એવી કોઇ ભારે ચોકી મૂકી દેવી જોઇએ, ભારે દિવાલ ખડી કરી દેવી જોઈએ. કુમાર-મહર્ષિએ પૂર્વજીવનમાં એ માટે જીવનભરનું મૌન નક્કી કરી દીધું.

**મૌનના ગજબ લાભ :–**

ખૂબી જુઓ કે મૌનથી શું એટલું બધું કામ થાય? જરૂર થાય. મૌનથી અનેક પ્રકારના રાગ–દ્વેષ–મૂર્ચ્છા–ઇર્ષ્યા–ભય વગેરે દોષોને દબાવવાનું બને છે; કારણ કે માણસ કેટલું તો બોલી બોલીને જ એ દોષોને પોષે છે. બજારમાં એક મનગમતી ચીજ જોઈ આવ્યા. ભલે દિલમાં એનો રાગ ઊભો થયો, પરંતુ પછી જે બીજાઓ આગળ એની પ્રશંસા, એના વખાણ, એના ગુણગાન થાય છે. એથી વસ્તુદર્શને ઊભા થયેલા પેલા રાગને

સારી રીતે પોષવાનું મળે છે. કાંઈ ઊછળતા રાગ વિના મોંમાંથી વખાણના શબ્દ નીકળે નહિ. અને રાગ ઊછળતો રહે તેમ તેમ તે દૃઢ થતો જાય, એ કુદરતી છે. ત્યાં જો મન મારીને એનું બોલવાનું જ અટકાવ્યું તો રાગને એ રસ્તે સક્રિય બનવાનું ને દોડવાનું ન મળ્યું; એથી એના પગ એટલા મજબૂત ન થાય; બલ્કે બોલવા પરના અંકુશે રાગનું મહત્ત્વ, રાગનું જોર ઓછું કર્યું. ગુસ્સામાં ય શું છે? ગુસ્સાનાં વચન બોલો એટલે ગુસ્સો સતેજ થાય છે; ન બોલો તો અટકે. એવું ઈર્ષ્યાનાં વચનમાં બને છે, ભયના ઉદ્‌ગારમાં થાય છે, હાસ્ય મજાકના શબ્દમાં ય એવું. દોષના આવેશમાં મૂંગા તો રહેવાતું નથી, અને આવેશમાં બોલો એટલે સહેજે એ દોષને પોષણ મળ્યું, પછી એ દોષ કેમ મજબૂત ન થાય?

છદ્મસ્થ અવસ્થામાં, અ-વીતરાગ અ-સર્વજ્ઞદશામાં બોલવાનું થાય છે તે મોટા ભાગે હૈયાના ભાવ અને મનના વિચારથીજ કાંઇ ને કાંઈ કહેવાનું થાય છે. ત્યાં સહેજે સારા કે નરસા ભાવને પોષણ મળવાનું, થોડા ભાવથી ભગવાનનું સ્તવન બોલવાનું શરૂ કર્યું, પણ બોલતાં ભાવ વધે છે એ અનુભવ છે. જેવું આ સારા ભાવમાં, તેવું નરસા ભાવમાં કેમ ન બને?

### સારૂં બોલવાથી અશુભ ભાવ દબાય:-

આ પરથી એ પણ શીખવા મળે છે કે ખરાબ

ભાવથી કાંઇક બોલવાની ઇંતેજારી થઈ, પણ એ જ વખતે સાવધાન બની જઈ સહેજે કોઈ સારો ભાવ ઊભો કરી સારૂ બોલવાનું કર્યું, તો પહેલો હલકો ભાવ પડ્યો રહેવાનો, અને સારા ભાવને પુષ્ટિ મળવાની. દા. ત. ગમે તે લોભ–લાલચથી શેઠની ખોટી ખુશામતનું કાંક બોલવા મન કર્યું, પણ તરત એને અટકાવી શેઠનો કોઈ ખરેખર સદ્‌ગુણ શોધી કાઢી એની સદ્‌ભૂત પ્રશંસા કરવાનું કર્યું, તો દિલમાં ગુણાનુરાગનો શુભ ભાવ પોષાવાનો.

જમવા બેઠા છો, રાગથી કોઇ ચીજની પ્રશંસા કરવાનું મન થઇ આવ્યું, પણ એજ વખતે એમ ન કરતા વરાગ્ય ભાવને અનુસરતું બોલો, જેમ કે, 'આ સારી દેખાતી વસ્તુ પણ શરીરમાં જઇ કેવી વિકૃત થાય છે! જીવને આવી વસ્તુ વગેરેના નિમિત્તે કેવા મલિન ભાવ પોષાય છે!....' આવું કાંક બોલવાનું કર્યું તો શુભ ભાવ પોષાય છે.

ગુસ્સાના ભાવથી દુશ્મનનું વિરોધીનું કાંક ઘસાતું બોલવાનું મન થયું, પણ એ અટકાવી બોલવાનો વળાંક પોતાની અલ્પ પુણ્યાઇ અને તેનાં કારણભૂત પૂર્વના પોતાના અલ્પ ધર્મ તરફ વાળ્યો, કર્મવિપાક અને ધર્મમહિમાનું બોલ્યા, તો પેલા ગુસ્સાને વધારવાને બદલે કર્મવિપાકનો ને ધર્મ–પ્રધાનતાનો શુભ ભાવ ઊભો થાય છે.

ત્યારે, સહેજ એક બોલવાની કુશળતાથી જો બૂરા ભાવનાં પોષણ અટકાવી શુભ ભાવની પુષ્ટિ કરી શકાતી હોય તો કોણ વિવેકી એ ન કરે ? વિવેક જોઇએ કે–

આ ચંચળ અને ટૂંકા જીવનમાં મળેલી સુંદર વચન-લબ્ધિને દીર્ઘાતિદીર્ઘ કાળ સારો જવાબ આપે એવા શુભ ભાવના પોષણમાં જ કેમ ન ખરચવી ? એમાં કયો પૈસાનો ખરચ થઈ જાય છે ? કે કયો કાયાને શ્રમ લાગી જાય છે ? માત્ર દિલને એમ થવું જોઈએ કે :—

'અનુપમ વચન-શક્તિ દ્વારા દોષોના આવેશ પોષી પોષીને ભાવી અતિદીર્ઘ કાળ દુષ્કૃત્યની પરંપરા ચાલે એવા કુસંસ્કાર ઊભા કરવાની અને પુષ્ટ કરવાની મહા મૂર્ખાઈ શા સારૂ કરવી ? 'હું દોષોમાં ગમે તેટલો ધમધમું, પણ દુનિયા તો એના રાહે જ ચાલવાની છે, મારા ઓછા વધુ પુણ્યાનુસાર જ મારી સાથે વર્તવાની છે, તો ફોગટ ઊંધો વેપલો શા માટે કરવો ? ઉલ્ટું શુભ ભાવને વારંવાર પોષવામાં જ એ અનુપમ માનવીય વચન લબ્ધિનો ઉપયોગ ન કરૂં ?

પ્ર૦–તો પછી કુમાર મહર્ષિના જીવે સર્વથા મૌન કેમ લીધું. ? સારૂં બોલવાનું ય કેમ અટકાવી દીધુ. ?

ઉ૦–જુઓ આ મૌનની વસ્તુ ઓછા પરાક્રમની સમજતા નહિ. એ તો ભારે પરાક્રમ હોય તો જ આવું જીવનભર મૌન પાળી શકે. બાકી બોલવાનું રોકી શકાતું નથી. બોલવું જ છે, તો પછી કેવું બોલવું એની આ

વાત છે કે સારા ભાવને પોષણ મળે એવો વાણીનો ઉપયોગ કરવો. પરંતુ બોલવામાં જોખમ તો છે જ. ક્યારેક અશુભ ભાવનું પોષણ વચન બોલાઈ જવા સંભવ છે, માટે બોલ બોલ કરવાની આદત પર અંકુશ મૂકવાની પહેલી જરૂર છે.

**દેશનિકાલની સજામાં મૌન :—**

આપણી સ્થિતિ વિચારો કે બોલવા કેટલું જોઈએ છે ? કલાકો સુધી મૂંગા રહેવું પડે, વાત કરનાર ન મળે, તો જીવને મુંઝવણ થાય છે, ચેન નથી પડતું. માટે તો દેશનિકાલની સજા થતી અને આંદામાનના ટાપુમાં કેદીને મોકલવામાં આવતા. ત્યાં દિવસોના દિવસો મહિનાના મહિના એક કેદી બીજા કેદી સાથે પણ સહેજ પણ વાત ન કરી શકે એવી રીતે સજા ભોગવવી પડતી. જોયું કે માણસને વાતથી ભારે વીસામો મળે છે, માટે મોટામાં મોટી સજામાં આ પણ દાખલ કરો કે એને વાત કરવાની જ ન મળે; જેથી એ ભારે દુઃખ, ભારે હૃદયભાર ભોગવ્યા કરે.

**ગપસપ કરવાની કુટેવ :—**

તમારી જાતનું જ વિચારો ને કે ઘરનું માણસ બહુ જ ગંભીર મળ્યું હોય યા પુત્ર-મરણાદિ કારણે પાછળથી ગંભીર બન્યું હોય, ને ઘણું જ ઓછું બોલે, તો તમને કેમ લાગે છે ? મન મુંઝાય છે ને ? પેલા બહુ સેવાભાવી હોય છતાં બહુ ઓછું બોલનારા હોય તો અતડા લાગે છે ને ? આનંદવર્ધક નથી લાગતા ને ? કેમ એમ ? બોલીને વાતો-ગપસપ કરીને હૃદય હળવું અને આનંદિત

કરવાની કુટેવ છે માટે. કુટેવ ? હા, કેમકે એમાં પછી બોલવામાં આચડ કુચડ ભરડવાનું અને બીજાનું ઘસાતું બોલવાનું બહુ થાય છે. ખોટી ખુશામત, દીનતા કે જાતનો ઉત્કર્ષ, વડાઈ યા પરનિંદા, જૂઠ, વિકથા, કુથલી, વગેરે કેટલાય અસત્‌ ભાષણ એ વાતો-ગપ્પામાં ચાલ્યા કરે છે. આની આદત એ કુટેવ નહિ તો શું સારી ટેવ ગણાય ? માટે પહેલો ઉપાય આ છે કે મૌન રાખતાં શીખો, એનો અભ્યાસ કેળવતા ચાલો. કેટલીય બોલ્યા વિના ચાલે એવી વાતો-બાબતો બોલવાની આતુરતા જાગે ખરી, પણ એને દબાવવાની કિન્તુ અમલમાં નહિ મુકવાની.

**બોલવાની આતુરતા અટકાવવા માટે :—**

મન મોટું બનાવવાનું, એમાં એ વિચારીને આતુરતા એમ જ શમાવી દેવાની કે

'હવે મફતિયું શું બોલવું હતું ?

(૧) જીવનધન કિંમતી છે, એને આમાં વેડફી નાખું ?

(૨) વાણી તો માતા સરસ્વતી છે, એની પાસે આવા તુચ્છ અસાર કામ કરાવું ?

(૩) આવો હલકામાં રાચીશ તો પતી ગયું, ઊંચા કાર્યનું જ ભવ્ય જીવન જીવી રહ્યો ! ઉચ્ચની લાયકાત માટે હલકાનો રસ છોડવો પડે.

(૪) વળી મનથી સારા ઘણાં કામ લેવાં છે, એ મનની શક્તિ તુચ્છ બોલના વિચારને આતુરતા પાછળ

વેડફી નાખવાથી મન નિસ્સાર કમજોર બની જાય છે, પછી એ ઉમદા એકધારા ચિંતન શું કરી શકે ?'

આમ ખોટી આતુરતા પોષવામાં મન સારૂં ચિંતન ગુમાવે છે, અને આત્માની નિર્બળતાને પોષણ મળે છે. એથી ઉલ્ટું,

### આતુરતાને રોકવામાં લાભ

(૧) સદ્‌વિચારોને અવકાશ મળે છે.

(૨) મનોબળ વધે છે,

(૩) સત્ત્વ વિકસે છે, અને

(૪) કેટલાય કર્મબંધનથી બચી જવાય છે.

મફતિયું બિનજરૂરી બોલવામાં તો શું નું શું ય બોલી જવાય ! એમાં કોક એવાં ચિકણા કર્મ બંધાઈ ગયા, તો પછી બાર વાગ્યા ? એના વિપાક બાપ રે બાપ પોકરાવે એવી જ દશા સમજી રાખવી.

### બોલવામાં મરીચિની દુર્દશા :—

મરીચિનું દષ્ટાન્ત ક્યાં અજાણ્યું છે ? કપિલ અભાગિયો એવો મળ્યો કે એની સાથે નકામી ચર્ચામાં ચઢયા, એમાં બોલી નાખ્યું કે 'ધર્મ તો ત્યાં મુનિઓ પાસે પણ છે, અને અહીં પણ છે.' બસ આટલા ઉત્સૂત્ર ભાષણ પર કોડાકોડી સાગરોપમ-પ્રમાણ સંસાર વધાર્યો. પછી કેટલી દુર્દશા ! કેવા દુઃખદ ભવો ! ભવોના ભવો

સુધી કેવો જૈન ધર્મથી દેશવટો ! વાતોના તડાકા ઠોકતાં કે ગપાટાં મારતાં આનો કોઈ વિચાર ? શા સારૂ જીભડીના ચટકાં પોષી રહ્યા છો ?

મહાત્મા નંદીષેણ મુનિ અજાણપણે વેશ્યાને ત્યાં ગોચરી જઈ ચડયા ? 'ધર્મલાભ' કહીને ઉભા. ત્યાં પેલી કહે છે 'મહારાજ ! અહીં તો અર્થલાભનું કામ છે. ધર્મલાભને શું કરીએ ?'

હવે મહાત્માએ આગળ બોલવા પર અંકુશ મૂકવાનો હતો, પણ ના, જીભ મમરી, બોલ્યા 'એટલે તું શું એમ સમજે છે કે અમે અર્થલાભ નથી કરાવી શકતા એટલે ધર્મલાભ આપીએ છીએ ?' બસ, આ બોલવા પાછળ હવે મન પર ભાર આવી ગયો કે હવે એને સાચું કરી બતાવવું જોઈએ.

## બોલી નાખ્યાનો માથે ભારઃ—

આવું તો કેટલીય વાર બને છે કે બોલતાં બોલાઈ જાય પછી એ ગમે તેવું અજુગતું હોય, જૂઠું હોય, આક્ષેપકારી હોય, પણ પછી એને સિદ્ધ કરવા, જુગતું ઠરાવવા અને અસત્ય ન હોવાનું સાબિત કરવા કેટલું મથાય છે ? વિચારો આમાં પરિણામ ? વેશ્યા સાથે લાંબી વાતોચીતો નહોતી, તો પણ બિનજરૂરી એક વાક્ય પણ કાઢવામાં અનર્થ ક્યાં સુધીનો ઊભો થયો કે પર્વત પરથી ઝંપાપાત કરૂં, ગળે ફાંસો ખાઉં, પણ વ્રત ન ભાંગુ એ

મક્કમતાવાળા એ અહીં વેશ્યાને ત્યાં બેસી પડયા ! તે ખાસા બાર વરસ ! એક બોલવા માત્ર પર આ બન્યું ને ! બોલ્યું ને બોળ્યું. ન બોલતાં બહાર નીકળી ગયા હોત તો રામાયણ થાત !

આ વિચારવા જેવું છે કે જીવનના વર્ષોના વર્ષો સારી વાણી રાખવા છતાં એક વાર પણ અસત્ વચન-પ્રયોગ થઈ જાય તો એનાં માઠાં ફળ આવે છે, તો ફાવે ત્યારે બોલ્યા કરવાની આદતમાં અનેકાનેક પાપવચનો અનુચિત બોલ અને પરના દિલને દુભાવનારાં વેણ કાઢવામાં કેટકેટલાં અનર્થ ઊભા થવાના !

કુમાર મહર્ષિએ પૂર્વ ભવમાં આ સમજીને જ એનાં મૂળ પર અંકુશ મૂકી દીધો, અને જીવનભરનું મૌન સ્વીકારી લીધું. મૌન જીવનમાં કેટલી અગવડ વેઠવી પડતી હશે ! પણ એની ચિંતા ન રાખી. **બાકી તો અગવડ કેટલીય આપણી માની લીધેલી હોય છે.** જીવન બહુ છુટથી બોલવાનું રાખ્યું છે એટલે એમ લાગ્યા કરે છે કે ‘ આ જગાએ નહિ બોલું તો અગવડ થશે, કિન્તુ ખરેખર તો બહુ ઓછું બોલવાની આદત પાડયા પછી જીવન એવું ટેવાઈ જાય છે કે એમાં કશી અગવડ લાગતી નથી. મોટું મૌન હોય તો પછી એમ ટેવાઈ જવાય છે.

**અગ્નિ-પાણી-સ્ત્રી-ઇર્ષ્યા ત્યાગ :—**

મહાવીર પરમાત્મા ગૌતમસ્વામી આગળ કુમાર મહર્ષિને સુલભબોધિ થવામાં આ મૌનને કારણ તરીકે

બતાવી રહ્યા છે. સાથે એ બતાવ્યું કે એમણે અગ્નિ, પાણી અને સ્ત્રી, ત્રણેયથી ભારે અલિપ્ત જીવન રાખ્યું, એનાથી પણ એમને ભવાંતરે આટલા ઉચ્ચ ધર્મરૂપ બોધિ સુધીની સારી સરળતા થઈ.

આનો અર્થ એ છે કે; :—

અગ્નિ–પાણી–સ્ત્રીના ગાઢ સંબંધ બોધિને સુલભ ન થવા દેવામાં નિમિત્તભૂત છે.

બોધિ એટલે શું ? કેટલાકની સમજ એવી હોય છે કે બોધિ એટલે માત્ર સમ્યગ્દર્શન, પણ એટલું જ બોધિ નથી; બોધિ તો સમ્યક્ત્વથી માંડી ઠેઠ વીતરાગતા સુધીના ધર્મરૂપ છે. શાસ્ત્ર 'બોધિનો અર્થ જિનધર્મની પ્રાપ્તિ કરે છે. એનો એજ ભાવ છે કે સમ્યક્ત્વ પણ ખરૂં અને ઉપરના દેશવિરતિ-સર્વવિરતી વગેરે ધર્મ પણ બોધિ જ છે. માટે તો એક પ્રશ્ન આવ્યો,

પ્ર૦–ક્ષાયિક સમ્યગ્દષ્ટિ આત્મા અરિહંત ચેઇયાણં' સૂત્રમાં 'બોહિલાભવત્તિયાએ' પદ શા માટે બોલે ? કેમકે એને તો હવે શાશ્વતકાળ માટેનું સમ્યગ્દર્શન પ્રાપ્ત થયેલું છે. પછી એના નિમિત્તે કાઉસ્સગ્ગ શો !

ઉ૦–આનું સમાધાન આજ છે, કે બોધિલાભ માત્ર સમ્યગ્દર્શનરૂપ નથી, કિન્તુ એથી ઉપરના ઠેઠ વીતરાગતા સુધીના બધા જ ગુણસ્થાનક–ધર્મસ્થાનક છે. સમસ્ત આત્મ-ધર્મકક્ષાઓ એ પણ બોધિલાભ છે. એ બધો જ

જિનધર્મ છે. જિને કહેલ ધર્મ છે. એની પ્રાપ્તિ અર્થાત્ અંતરાત્મામાં એની સ્પર્શના એ જિનધર્મ–પ્રાપ્તિ; એ બોધિ છે. એટલે ક્ષાયિક સમકિતીને પણ ધર્મો હજી પ્રાપ્ત કરવાના ઊભા છે, તેથી એ નિમિત્તે કાઉસ્સગ્ગ જરૂર કરે; માટે બોહિલાભવત્તિયાએ પદ એણે પણ બોલવું સાર્થક છે, નિરર્થક નહિ.

પ્રમત્ત–અપ્રમત્ત સંયમ સુધીની આ બોધિ કુમાર મહર્ષિને સુલભ થઈ જવામાં ભગવાને આ કારણ બતાવ્યું કે એમણે પૂર્વે અગ્નિ–પાણીથી અને સ્ત્રીથી તદ્દન અલિપ્ત-પણું રાખેલું.

**આત્મોન્નતિ અને ઉચ્ચ તત્ત્વજ્ઞાનનો પાયો, સ્વ–પર–અહિંસાઃ—**

જિનેશ્વર ભગવાનનો ધર્મ સ્વ–પરની અહિંસાને મુખ્ય કરે છે. પરની અહિંસામાં ઠેઠ પૃથ્વીકાય, અપકાય આદિ સુધીના જીવોની અહિંસા અને સ્વાત્માની અહિંસા-માં કષાયો અને સ્ત્રી આદિ વિષયોના સંગથી થતી પોતાના આત્માની ભાવ–હિંસાના ત્યાગરૂપ અહિંસા બતાવી. દ્વાદશાંગી જિનાગમમાં પહેલું અંગ આચારાંગ સૂત્ર, એમાં પહેલા બે અધ્યયનમાં આ જ બે વસ્તુ બતાવી છે; પહેલામાં શસ્ત્રપરિજ્ઞા એટલે કે ઠેઠ સ્થાવરકાય સુધીના જીવોને સહેજ પણ દુઃખ થાય એવા શસ્ત્રપ્રયોગનો પ્રતિજ્ઞા પૂર્વક ત્યાગ કરો, અને બીજામાં 'લોકવિજય' કષાયલોક અને વિષયલોક પર વિજય મેળવો. આ બંને વસ્તુ પાયો છે,

એના પર આત્માની ઉન્નતિની, અને મોક્ષમાર્ગની સાધનાઓની ઈમારત રચાય છે. ઉંચુ તત્ત્વજ્ઞાન પણ આ પાયા પર મંડાય અને લેખે લાગે.

**સ્વ અહિંસા વિના પર અહિંસા વ્યર્થ :—**

અભવી ભવાભિનંદી જીવો ય ચારિત્ર લે છે, પણ માત્ર પર અહિંસા પાળવા સુધી પહોંચે છે, સ્વ-અહિંસા નહિ કેમકે એને હૈયાનાં ઉંડાણમાં ઇન્દ્રિયના વિષય-સુખોનો રંગ છે, રાગ છે. તેથી એ બિચારાને ચારિત્રે જીવનમાં મેળવેલું તત્ત્વજ્ઞાન લેખે લાગતું નથી; એ આત્માની ઉન્નતિ સધાવી શકતું નથી.

**સ્વાત્માની અહિંસા પ્રધાન છે;—**

અલબત્ પર-અહિંસાથી સ્વની અહિંસા થાય, સ્વાત્માને અશાતાવેદનીય આદિ પાપ કર્મના ભારથી બચાવી શકાય, પરંતુ પોતાના વિષય-કષાયોની આસક્તિથી થતી સ્વહિંસાના પાપભારમાંથી શે બચાય? એ તો સર્વ ઉપાયોથી અહિંસાનો ત્યાગ કરે તો જ બચી શકે. આ સૂચવે છે કે જિનશાસનમાં એકલી પર-અહિંસાની મુખ્યતા નથી, પણ સ્વ-અહિંસા સાથે પર-અહિંસાની મુખ્યતા છે. એમાંય ઊંડા ઊતરીને જોઇએ તો દેખાશે કે જો સ્વ-અહિંસા કરી અર્થાત્ વિષયો અને કષાયોનો સર્વથા ત્યાગ ઊભો કર્યો, તો પછી બીજા જીવોની હિંસા કરાવનારાં કારણ જ અટકી ગયા, પ્રયોજન જ ન રહ્યું, પછી

પર-હિંસા શાની થાય ? એટલે મુખ્ય આ આવીને ઊભું રહે છે કે સ્વાત્માની હિંસા ન કરીએ. કેમકે વિષયકષાયો દ્વારા પર હિંસાદિ પાપ થઇને ઊભા થતાં કર્મથી આત્માની હિંસા થાય એવી સ્થિતિ સર્જાય છે. કર્મ જીવને દુર્ગતિઓમાં એવો ફસાવે છે કે ત્યાં બીજાઓ એની હિંસા કર્યા જ કરે.

## સ્વાત્માની દ્રવ્યહિંસા ને પાપહિંસા :-

(૧) આ તો દ્રવ્યપ્રાણના નાશની દૃષ્ટિએ સ્વાત્માની હિંસાને વિષય-કષાયો ઊભી કરે છે, એ વાત થઈ.

(૨) પણ આત્માના ભાવપ્રાણની દૃષ્ટિએ પણ એનો નાશ થવાની હિંસારૂપ સ્વ-હિંસા વિષય-કષાય દ્વારા થાય છે એ વિશેષ ભયંકર છે. આત્માના ભાવપ્રાણ છે જ્ઞાન દર્શન-ચારિત્ર-ક્ષમાદિ ગુણો. ચિત્તમાં ઇંદ્રિય વિષયોનાં આકર્ષણ અને કષાયની લાગણીના આવેશ ઊઠવાથી ભાવ-પ્રાણરૂપ જ્ઞાનાદિ ગુણોનો નાશ થાય છે. આ મોટી સ્વાત્મ-હિંસા છે. કેમકે એમાં પછી આત્મા પાપદોષ-દુષ્કૃત્યોથી ઘણો વિડંબાય છે, જેથી ઘોર દુઃખમય દુર્ગતિની પરંપરા સર્જાય છે.

ભરત ચક્રવર્તીએ આ સમજીને જ સાધર્મિકોને આ કામ સોંપ્યું હતું કે રોજ રાજસભામાં આવીને સુણાવે ‘મા હણ, મા હણ’ અર્થાત્ ‘તમારા આત્માની હિંસા

ન કરો, હિંસા ન કરો.'

પોતે પોતાની શી હિંસા કરે?

આ જ કે વિષય-કષાયોના આવેશ દ્વારા પોતે જ પોતાના ભાવ પ્રાણ જ્ઞાન-ક્ષમાદિ ગુણોનો નાશ કરે એ સ્વકૃત સ્વહિંસા.

**જાગૃતિ અને એનો પ્રબંધ જોઇએ છે!:—**

વિચારવા જેવું છે મનહીમેં વૈરાગી ભરતજીને આનાથી અચવા રોજ જાગૃતિ જોઇતી હતી અને એ મળ્યા કરે એવો પ્રબંધ પણ એમણે કર્યો હતો. તમારે જાગૃતિની કેટલી જરૂર? ને તમે શો પ્રબંધ રાખ્યો છે? સ્વયં સદા વિરક્તને જાગૃતિના નિત્ય સંદેશની જરૂર લાગે છે, અને વિષયોમાં ગળાબૂડ ખૂંચેલા તમને જરૂર નથી લાગતી! આશ્ચર્ય છે ને? પેલા તો સમજે છે કે 'ભલે આપણે વિરક્ત હોઇએ છતાં મોહના સંરજામનો ઘેરાવો એવો છે કે ઊંઘાઈ જવાય. માટે 'જાગતા રહેજો'ની ટહેલ તો આપણા કાન પર પડયા જ કરવી જોઇએ.'

જાગતો નર સદા સુખી. બીજા કોઇને નહિ તો જરા ઘરના માણસને તો આ કામ સોંપી રાખો કે રોજ તમને ટહેલ પાડે 'મા હણ, મા હણ' આવું કાંઈ નથી રાખવું તો શું ધાર્યું છે? ક્યાંની ટિકિટ કઢાવવી છે? મોક્ષનો ખપ છે કે નહિ? કે પછી સંસાર ચાલે છે એ બરાબર લાગે છે? એ તો ભવાભિનંદિતાના લક્ષણ છે.

ભવાભિનંદીપણા પર પરિવર્તન નહિ :–

ભવાભિનંદીપણું સારૂં નથી. ભવાભિનંદી જીવ ચાહ્ય કીડો હોય, પશુ હોય, કે મનુષ્ય હોય. કલેવર જુદી જાતનાં અને ઇન્દ્રિય શક્તિઓ ઓછી વધુ એટલું જ, બાકી આત્મા એવો ને એવો! નીચેથી ઉપરની યોનિમાં આવવા છતાં કોઈ પરિવર્તન નહિ! સંસારનો રસિયો એટલે માત્ર ઈન્દ્રિયોનાં સુખ જોયા કરે, ને એ માટે ભરચક કષાયો કરે. આહાર–વિષય–પરિગ્રહ–નિદ્રા અને કષાયોની પરવશતા એવી ને એવી. ભવાભિનંદીપણાની આ સ્થિતિ છે. ભવ માનવનો છતાં ખેલ પશુના.

આથર બદલ્યાં, ગધેડાં એના એજ :—

કુંભાર ગધેડા હંકારી જતો હતો. કોઈ માણુસ એને કહે છે ' ભાઇ! આજ તારાં ગધેડાં સારા લાગે છે.' કુંભાર કહે છે ' ભાઈ સાહેબ! રહેવા દો. આ તો ઉપર નાખવાના આથર બદલ્યાં છે, બાકી ગધેડાં તો એના એ જ છે.' ભવાભિનંદી જીવનું આના જેવું છે. ઠેઠ મનુષ્ય ભવ મળ્યો, પણ તેથી શું? કલેવર બદલ્યું બાકી આત્મા તો એવો ને એવો જ.

આત્માની ગ્રેડ–પાયરી શું જાતે જ નીચે ઉતારવી? :—

સંસારના રસમાં મ્હાલીને પોતાના આત્માની ગ્રેડ-પાયરી નીચીની નીચી રાખો છો એનું ભાન છે? ગ્રેડ

વધારી શકવાના આ ઊંચા ભવમાં રુડું જિનશાસન સમજાવનારૂં મળ્યા પછી પણ શું એ કોડ નથી થતા કે 'હું હાથે કરીને શા સારૂં નીચી પાયરીમાં ભટકું છું ? અરે ! શા માટે જાતે જ મારી ગ્રેડ ઉતારી રહ્યો છું ? પશુ જેવાં આચરણથી પાયરી નીચી રહે છે. કદાચ સારાં આચરણ મુશ્કેલ પડે તો ય કમમાં કમ વિચારણા તો સુધારાય ને ? મનને એટલું ય ન થાય કે ' આ વિષયકષાયની રમત તો પશુભવે ય કરી હતી, હવે મનુષ્ય ભવ પામ્યાથી શી વિશેષતા ? ધિક્કાર પડો મારા આત્માને કે એ અબુઝ વિષય–કષાયોમાં રાચે છે, આહારાદિ સંજ્ઞાઓમાં રાચે છે ! આમ ને આમ આ ઘોર સંસારમાંથી શે ઊંચો આવીશ ? માટે કંઈક ને કંઈક પણ પશુ–પાયરીથી ઊંચી પાયરીએ આવવા પહેલું તો આ વિષય–કષાય, આ આહારાદિની લત, આ અર્થ અને કામને ઝેરરૂપ દેખું.' આટલી વિચારણા ય મોંઘી પડે છે ? તો પછી ભવાભિનંદિતા શે ટળશે ?

## યોગદૃષ્ટિમાં પ્રવેશ ક્યારે ? :—

શાસ્ત્ર કહે છે ભવાભિનંદિતા ટળ્યા વિના જીવ યોગદૃષ્ટિ પામી શકતો નથી. યોગની ઉત્તરોત્તર ચડતી આઠ દૃષ્ટિ છે. એમાંની પહેલી દૃષ્ટિમાં પણ પ્રવેશ તેને જ મળે કે જેણે ભવાભિનંદિતા યાને સંસારનો રસ હેઠો મૂક્યો હોય. કૂતરા જેવાના જીવનમાં સેવેલી ઈર્ષ્યા, સિંહ જેવાના અવતારે રાખેલા અભિમાન અને નિર્દયતાના, કાગડો–શિયાળ જેવા અવતારમાં પાળેલી પોષેલી માયા, કીડી જેવા ક્ષુદ્ર

અવતારે સેવેલો લોભ–તૃષ્ણા આ બધા કષાયોનું જીવન એ સંસાર છે. એનો રસ એ ભવાભિનંદિતાને પોષે છે.

માનવ તરીકેનો ભવ એ માત્ર કલેવર પલટો નહિ, પણ આત્માને ઊંચી પાયરીએ મુકવો એ છે. એ કરવું હોય તો આ ઈર્ષ્યાદિનો રસ સુકાવી નાખવો જોઈએ.

ઈર્ષ્યા રોકવા વિચારણા :—

દિલમાં ઈર્ષ્યા ઊઠે કે તરત આ વિચારવું કે 'શા સારૂ તારા જ હાથે તારી પોતાની ગ્રેડ નીચી ઉતારી રહ્યો છે? ગ્રેડ–પાયરી ઊંચી લાવવી હોય તો સામા પર ઈર્ષ્યાને બદલે પ્રમોદભાવ કરે, 'સારૂં છે એ અધિક પામ્યો તો જીવનબંધુ જ છે ને? એનાં પુણ્યે એને રુડુ થયું તો ભલે, શા સારૂ ફોગટ બળવું? જો એનું પુણ્ય જોરદાર છે, તો તો મારા બળવાથી કશું વળવાનું નથી; ઉલ્ટું મારી પાયરી નીચી ઉતરે છે, ને જીવ કર્મથી ભારે થાય છે. માટે મેલ ઈર્ષ્યાની લપ. સુખી થાવ, અને ભલું થાઓ!' આ વિચારણા જ જોઈએ, ઈર્ષ્યાદિ દોષ મંદ થાય તો ભવાભિનંદિતાનું પાપ ટળે; અને યોગની પહેલી દૃષ્ટિમાં પ્રવેશ મળે; આત્માની પાયરી વધે.

વિચારશુદ્ધિ પહેલી જરૂરી છે. પ્રશંસનીય અપુનર્બન્ધક અવસ્થા અને એની ઉપર સમ્યગ્દર્શન વિચારશુદ્ધિના બળ પર પ્રાપ્ત થાય છે. વિચારશુદ્ધિ આ, કે સ્વહિંસા-વિષય–કષાયના આવેશ તરફ અ–બહુમાન, નફરત જુગુપ્સા, ભય, સચિંતતા. જો આ નથી તો જીવન એ દોષોનો એક

ઢેડવાડો, એક ઉકરડો બની જાય છે. જીવનને સુંદર ઉદ્યાન બનાવવા માટે પહેલી આટલી વિચારશુદ્ધિ જોઇએ. પછી શક્તિ ફોરવી ફોરવી મન મારીને પણ આચારશુદ્ધિ કેળવતા જવી.

કુમાર મહર્ષિના જીવે પૂર્વ ભવમાં આ આચાર શુદ્ધિની ઊંચી કક્ષા જાળવી રાખવા માટે, ભગવાન કહે છે કે, એ સર્વ ઉપાયોથી અગ્નિ, પાણી અને મૈથુનથી સર્વથા આઘા રહ્યા; એનો ઊંચો ત્યાગ પાળ્યો ! આ ત્રણે ચીજ એવી છે કે અખંડ સુવિશુદ્ધ સાધુપણું પાળવું હોય તો ત્રણેયથી દૂર દૂર રહેવું જોઇએ.

અભયકુમારે દીક્ષિત ભિખારીની નિંદા કરતા લોકને ઉદ્યાનમાં ભેગા કરી આજ કહ્યું કે 'ભાઈઓ ! આવો, લઈ જાઓ મફત અહીં આ સોનામહોરના ત્રણ ઢગલા કર્યા છે તે ભેટ આપવાના છે. જેને જોઇએ તે લઈ જાઓ. પણ શરત એક કે જે જિંદગીભર અગ્નિ, કાચું પાણી અને સ્ત્રીને અડવાનો ત્યાગ કરે એજ આ લઇ જાય.'

બસ, સોનૈયા મફત મળવાના જોઇને તો મોંમાં પાણી પાણી આવી ગયેલ ! પણ આ શરત સાંભળતાં સૌ ઠંડા પડી ગયા ! એક બચ્ચો આગળ આવ્યો નહિ. ત્યારે અભયકુમારે કહ્યું કે 'કેમ ઊભા રહી ગયા ? આવોને, લઈ જાઓ આ મોટા સુવર્ણ ઢગ મફતમાં, પણ પેલાં ત્રણનો ત્યાગ અઘરો લાગે છે કેમ ? તો એ ત્યાગ કરવા તૈયાર થાય એ બહાદુર ખરો ને ? તો પછી પેલા ભિખારીએ

તો મુનિપણું સ્વીકારી જીવનભર માટે આ ત્રણ ઉપરાંત બીજાએ કેટલાક ભીષ્મત્યાગ કર્યા છે, છતાં જુઓ જો, એ આ ઢગલા લેવા આવ્યા છે? જુઓ ટોળામાં એ દેખાય છે? ના, તો પછી એ કેટલા બધા પરાક્રમી ગણાય એમની તમે નિંદા કરો છો? નિન્દા કરતાં શરમ નથી આવતી? ભગવાન! ઉત્તમોત્તમ સુકૃતની અનુમોદનાનો મહાલાભ ગુમાવી નિંદાનું જઘન્ય પાપ શા સારૂ કરવું?' બસ બધા સમજી ગયા કે અગ્નિ, પાણી અને સ્ત્રીને અડવાનો પણ ત્યાગ કરનારે કેવું મહાપરાક્રમ કર્યું છે!

## કુમારે શું શું મેળવ્યું?:–સુલભબોધિતા એટલે?

કુમાર મહર્ષિના જીવે સર્વ ઉપાય યોજી અર્થાત્ મન–વચન–કાયાની બરાબર ગુપ્તિ જાળવી, પડવાનાં સ્થાન અને નિમિત્તોનો ત્યાગ કરી, શ્રુતોપયોગની ધારા, આગમ-પદાર્થચિંતનની ધારા વહેતી રાખી, બાહ્ય તપને ખૂબ જ વિકસ્વર બનાવી અગ્નિ–પાણી–મૈથુનનો સર્વથા ત્યાગ અદ્ભુત પાળ્યો. આની સાથે મૌન તો હતું જ. એણે એમને, ભગવાન કહે છે કે,—

### આટલા બધા સુલભ બોધિ કરી દીધા કે :—

(૧) એક રુકમીના દૃષ્ટિદોષ પર પોતે સંસારત્યાગનો નિર્ધાર,

(૨) પોતાની ઉપર તલવાર સાથે દુશ્મનોના હલ્લા વખતે ય અહિંસાની ઉજ્જવળ વૃત્તિ,

(૩) સહજ કરી દીધેલ શુભ અધ્યવસાય અને

(૪) શીલ, તેથી

(૫) શીલના પ્રભાવ પરના ચિંતને અવધિજ્ઞાન,

(૬) ત્યાંજ સંયમ–સ્વીકાર,

વગેરેને અતિ સહેલાઇથી પ્રાપ્ત કરી લીધા.

**ગૃહસ્થપણે પણ કર્તવ્ય :–**

મૌન અને અગ્નિ–પાણી–સ્ત્રીના ત્યાગનો કેવો પ્રભાવ! એમ માનતા નહિ કે 'એ તો ચારિત્ર લીધું હોય તો બને; ગૃહસ્થજીવનમાં શું બને?' એમ તદ્દન માંડવાળ જ કરશો તો શક્ય પણ ગુમાવશો. ઘરવાસ છે તેથી શું? ધર્મની સરાસર અશક્યતા? અલબત્ સંપૂર્ણ મૌન, સંપૂર્ણ ત્યાગ ન બને, પરંતુ શક્ય એટલો ત્યાગ તો થઈ શકે ને? શક્ય એટલું મૌન તો પાળી શકાય ને? વાત આટલી જ છે કે અગ્નિ અને પાણીના આરંભમાં એના અસંખ્ય જીવોની હિંસા નજર સામે રહી હૈયે એ જીવોની દયા ઉભરાય; તેમજ 'સ્ત્રીસંબંધ એટલે પશુતામાં પાછું વળવાનું! નીતરતા બાહ્ય ભાવમાં ફસાવાનું! ઉત્તમોત્તમ દેવ–ગુરુને પણ સ્ત્રી કરતા નીચેની પાયરીએ રાખવાના! નરકાદિ દુર્ગતિને આમંત્રણ દેવાનું!....'વગેરે વગેરે સ્ત્રીસંબંધનાં પરિણામ નજર સામે રહે તો એના શક્ય ત્યાગ માટે પ્રયત્ન થાય.

**સુખનો અનુભવ પણ દયાનો નહી :—**

સર્વજ્ઞ ભગવાનનું શાસન મળ્યું એની વિશેષતા શી? એમણે જ પૃથ્વી-પાણી—અગ્નિ વગેરેમાં કણે કણે અને ટીંપે ટીંપે અસંખ્ય જીવ બતાવ્યા છે. એ જો આપણને માન્ય છે તો પછી એ જીવોની દયાનો વિચાર જાગતો રહવો જોઇએ કે નહિ? રાખો છો? એ જાગતો હોય તો એના આરંભ- સમારંભના કાર્યોમાં એ અસંખ્ય જીવોની કત્લ થઈ રહી છે એ શું વિસરાય? આ તો આરંભ—સમારંભમાં સુખ - સગવડનો જ અનુભવ કરવો છે પણ અસંખ્ય જીવોની કત્લનો વિચાર અરેરાટી અને એ જીવોની દયાની લાગણી નથી અનુભવવી, એ કયાંનો ન્યાય?

**જનપણાનો વિવેક :—**

'વાહ બંગલો સરસ બંધાયો!' એ ખુશી અનુભવવી છે,—પણ 'અરે! આની પાછળ અસંખ્ય જીવોનો સંહાર થયો! કેવી મારી નિર્ઘૃણતા! એ બળાપો નથી અનુભવવો! માથે શાસન શું ધર્યુ? એમ, 'રૂપાળી પત્ની મળી, રૂપાળાં સંસાર-સુખ ભોગવાય છે,—સરસ!, એ આનંદ મહાણવો છે, પણ એકેક પ્રસંગમાં બેથી ૯-૯ લાખ ગર્ભજ મનુષ્યોની હત્યા કરી, ગલીચ પશુક્રિયા અને કામાદિ વિકાર રોગો પોષ્યા, એની અરેરાટી, ઘૃણા અને શરમ નથી અનુભવવી, ત્યાં જૈન માનવપણાનો વિવેક કયાં રહ્યો? જીવન આવું ને આવું જ ચલાવવું છે તો બહારનું કોણ એમાં રોકવાનું છે? એ તો જાતે જ આત્મા સાથે વિચાર

કરી પાછા હટાશે તો જ બચી શકાશે.

**ધર્માત્માપણાનું મૂળ :—**

અગ્નિ–પાણીના જીવોની દયાનો વિચાર ભરપૂર વહેતો રાખો, તો જીવન જીવવામાં તદ્દન બિનજરૂરી એવા આરંભ–સમારંભ પડતા મૂકવાનું મન રહેશે. તેમ જરૂરી સમારંભોમાં પણ બને તેટલા ઓછા જીવોની વિ-રાધનાનું લક્ષ રહેશે. પાશેર પાણીથી કામ પતે તો અડધો શેર નહિ ઢોળવાનું. ૦ા કલાકના અગ્નિથી કામ પતે તો પોણો કલાક ચૂલો સળગતો નહિ રાખવાનો. એવુ જ પશુક્રિયાની જુગુપ્સા – ઘૃણા – શરમ અને કામરાગાદિ વિકાર–રોગોના પોષણનો ખેદ જાગતા રખાય, તો એમાં શક્ય વધારે સંયમ કેળવવાનું મન અને અમલ ચાલુ રહે.

**ધર્માત્મા બનવાનું મૂળ આ છે કે જીવદયા પાપ–ઘૃણા અને વિકારખેદ જોરદાર રહે.**

ગૃહસ્થવાસનું જીવન છે એનો એ અર્થ નથી કે, 'વિના કામ પાપ આચર્યે જવાનાં! સ્થાવર જીવોની દયા નહિ વિચારવાની! વિષયવાસના ગધેડાની માફક પોષવાની!, ના, જૈન ગૃહસ્થપણાનો આ અર્થ નથી.

**'શું કરીએ પાપમાં પડ્યા છીએ;'—એમ કરી પાપની મર્યાદા ન રાખવી, પાપમાં ભય નહિ રાખવો, એ તો જૈનપણાનું લિલામ છે.**

જૈન ગૃહસ્થ તો શ્રમણોપાસક હોય, શ્રમણપણાનો અભિલાષી

હોય, એટલે એના હૈયે સ્થાવર જીવોની પણ દયા બેઠેલી હોય. જો ખરેખર આ દયા તરવરે છે, તો જીવોની જતના કેમ ન કરે? પૂર્ણ બ્રહ્મચર્યને માનનારો હોય અને એ પામવાની અભિલાષા ધરાવતો હોય, એ થોડા સંયમમાં કેમ ન આવે ?

## નરકદ્વારની પ્રશંસા ? :–

જીવદયા અને દોષઘૃણા ભરપૂર જાગતા જોઇએ. એટલા માટે તો પૂર્વ કાળે અલ્પ પરિગ્રહ, અલ્પ આરંભ અને ભારે સંયમ જ મહાન ગુણરૂપ મનાઈ એનાથી ગૃહસ્થ જીવન શોભતા હતા. આજની તો ગતિ જ ન્યારી છે. મહા આરંભીને ઉદ્યોગપતિ તરીકે પ્રશંસવામાં આવે છે! જ્યાં શાસ્ત્ર મહા આરંભ, મહા પરિગ્રહને નરકના દ્વાર કહે છે, ત્યાં એની પ્રશંસા હોય કે એની ઘૃણા અને મહા-આરંભી–મહાપરિગ્રહીની દયા હોય ! મહાપરિગ્રહની આજે હરિફાઇઓ ચાલી છે! એ તો ઈન્કમટેક્ષ વગેરે સરકારી નિયમન નડે છે એટલે ચાલતું નથી, છતાં છાનું છૂપું કેટલું કરાય છે? એમાંય મનમાન્યો પરિગ્રહ ન કરી શક્યાનો ખેદ કેટલો કરાય છે? ત્યાં નરકના દ્વાર તરીકેનું ભાન જ ક્યાં ?

## ગળથુથી કેવી ? જૈનત્વ એના પર ? :—

આજનું શિક્ષણ પણ શાનું ? મહા આરંભ, મહા પરિગ્રહ અને ઉદ્ભટ ભોગવિલાસોની લાલસા પોષનારૂં

જ ને ? એની ભરચક અનુમોદના જ કરનારૂં ને ? ગળથુથી જ આવી પોષાય એ પ્રજા ભવિષ્યમાં જૈનત્વ સાચવશે ? જૈનત્વ દીપાવશે ? આનો તમને વિચાર કેમ નથી આવતો ? એ ગળથુથી બચાવવા શું કરો છો ?

## મૌન કેટલું જરૂરી ?

કુમારમહર્ષિના જીવે અગ્નિ, પાણી, અને મૈથુનનો સર્વથા ઉત્કૃષ્ટ ત્યાગ પાળેલો, તેમ જીવનભર મૌન રાખેલું, તેથી અહીં એમને ઉચ્ચ ધર્મરૂપ 'બોધિ' સુલભ થઈ ગઈ. ગૃહસ્થ જીવનમાં પણ શકય એટલું મૌન રાખવાનું કાંઇ અઘરું નથી, હૈયે વસી જાય કે 'ધર્મ સિવાયનું બોલવામાં મજા નથી. એમાં ય બહુ બોલ બોલ કરવામાં તો પુણ્ય અને સંસ્કાર બોળવાના થશે, રદ્દી કરવાના થશે,' આવું લાગી જાય તો સહેજે એવું બોલવા પર અંકુશ મુકાય. અનુભવ જુઓ કે સારું વ્યાખ્યાન સાંભળીને ઊઠયા પછી દુનિયાદારીનું બહુ બોલવા માંડો, ગપ્પાં-સપ્પાં લગાડવામાં પડો, એટલે પેલા ઉત્તમ શ્રવણથી મળેલા સંસ્કારો પાણીમાં જાય છે કે નહિ ?

(૧) જીભ પર તાળું લગાવો.

(૨) અંદરની ઊઠતી બોલવાની ખણજને દાબો.

(૩) જરૂરી બોલવાનું ત્યાં ય જોખી જોખીને બોલો.

(૪) ઈશારાથી પતે તો અક્ષર ઉચ્ચારવાનું માંડી વાળો.

વચનયોગ બહુ કિંમતી છે, એને વેડફાય નહિ, એ

વાક્યથી પતે ત્યાં બાર વાક્યો નહિ બોલવાના. આવું કાંઈક કરો તો મૌન તરફ પગલાં મંડાશે. **મૌનથી ઘણાં ઘણાં પાપથી બચી જવાય છે.**

**બોલવા પાછળ ભાવ કામ કરે છે :—**

આ એક ધ્યાનમાં લેવા જેવું છે કે આપણે કાંઈ ને કાંઈ બોલીએ એની પાછળ આત્મામાં પ્રાયઃ કોઈ ને કોઈ ભાવ કામ કરતો હોય છે, તેમ સામાને પણ એ સાંભળીને સામાન્ય રીતે તેવા તેવા ભાવ જાગે છે. હવે જો ભૌતિક પૌદ્ગલિક જ બાબતો અંગે બોલાયા કરે, અગર પરનિંદા, સ્વવડાઈ, ઈર્ષ્યા, વગેરેનું બોલાય, તો સહેજે એની પાછળ ચિત્તમાં વિષયાસક્તિ, કષાયાવેશ વગેરે મલિન ભાવ પોષાવાના; ને શ્રોતામાં પણ એવા મલિન ભાવનું પોષણ થવાનું.

**મૌનના વિશિષ્ટ લાભ :—**

પ્ર૦–તો ન બોલીએ તો શું એ ભાવો મટી ગયા છે ?

ઉ૦–ભલે એ ભાવો મટી ન ગયા હોય, પણ બોલવાનું કરતી વખતે એની ઉત્તેજના થાય છે. એવું જ શ્રવણથી. ત્યારે જો 'બોલવાથી દુષ્ટ ભાવનું વધારે પોષણ ન થાઓ,' એવી સમજથી મૌન રાખીએ કે તેવું સાંભળવાનું ન કરીએ તો,

(૧) એમાં મલિન ખણજ પર અંકુશ મૂકાવામાં આત્માનું સત્ત્વ વિકસે છે,

(૨) દુષ્ટ ભાવની ખરાબીની જાગૃતિ રહે છે,

(૩) એનું વધુ પોષણ અટકે છે,

(૪) રદ્દી બોલવા–સાંભળવા પર થતા બીજા ય અનર્થ મૌનથી રોકાય છે,

....ઇત્યાદિ સુંદર લાભો મળે છે.

મલિન ભાવોના સંસ્કાર અનંત કાળના છે, પરંતુ આવી આવી રીતે મૌન દ્વારા એનું પોષણ અટકાવવાથી એ ઘસારે પડે છે, અલબત્, એ તો સમજી જ રાખવાનું છે કે મૌન રાખીને પણ દિલની અંદર એ મલિન ભાવો રમાડ્યા કરવાના નથી, કિંતુ એના પ્રતિપક્ષી શુભ ભાવ ભાવવાનો ઉદ્યમ ચાલુ રાખવાનો છે. એમાં મૌન પણ એવા ભૌતિક ભાવને રોકનારો એક પુરુષાર્થ બની શકે છે.

## કૂતરાથી ભૂંડી દશા નિંદા–કુથલીમા :—

વિચારવા જેવું છે કે બીજી તો કેટલીય રીતે અશુભ ભાવોનું પોષણ કરી રહ્યા છીએ. એમાં બિનજરૂરી બોલવાનું કરીને મલિન ભાવોનું વિશેષ પોષણ શા સારૂ કરીએ ?

માનવજીવન ભાવની વિશુદ્ધિ કરવા માટેનો ઉત્તમ અવસર છે. એમાં કમમાં કમ અજ્ઞાન ઢોરની જેમ અશુભ ભાવનું નિરર્થક પોષણ તો ન કરીએ. કૂતરા રાતના સામસામા ભસ્યા કરે છે. ભસીને શું કરે છે ? ઇર્ષ્યાના મલિન ભાવનું પોષણ. બસ એથી ય ભૂંડી દશા શક્ય સુલભ પણ મૌન ન રાખનાર અને વિકથા–કુથલી–નિંદા

વગેરેનું બોલનારા માણસની છે. એવી પ્રવૃત્તિથી એ એક યા બીજા મલિન ભાવનું પોષણ કરે છે. મનુષ્યભવની આ કેવી વિટંબણા ! એમાં ય થયેલી જિનશાસનની પ્રાપ્તિની કેવી અવગણના !

**વાતવડાઈથી યશ કે મૌનથી ? :—**

બસ, વાત આ છે કે 'મૌનં સર્વાર્થ સાધનમ્' મૌનથી સર્વ પ્રયોજન સિદ્ધ થશે, આપવડાઈ કે નિંદાનું બોલીને પણ જાતનો યશ થાય એ ઈચ્છા છે ને ? મૌન રાખો, એથી પુણ્ય વધી જશે, મૌન રાખવા પાછળના શુભ ભાવથી શુભ કર્મ, યશનામકર્મ, શાતા વેદનીય, સૌભાગ્ય-નામકર્મ વગેરેની કમાઈ થશે. એના ઉદયે અવશ્ય જશ વગેરે મળશે. ત્યારે પેલું બોલવામાં તો યશ મળવાની શંકા, યશ મળે કે ન ય મળે.

**તત્કાળની ભૂખ ખોટી :—**

પ્ર૦—પણ મૌનથી તત્કાળ તો યશ ન મળે ને ?

ઉ૦—આ તત્કાલની જ ભૂખમાં મરો છો. તત્કાળ તો આપવડાઇ કે નિંદા દ્વારા કદાચ યશ મળશે તો ય તે તુચ્છ ! ત્યારે મૌનથી ઊભા થયેલ પુણ્ય દ્વારા ભલે ભવિષ્યમાં, પણ મહાન યશ મળશે. તત્કાળની દૃષ્ટિમાં તો પછી એકે ય સુકૃત નહિ કરી શકો; અને સાંસારિક જીવન-માંય આવકમાંથી ઘડપણ માટે બચાવી રાખવાનું ય શું કામ ? તત્કાલના આનંદમાં બધું જ ઉડાવી નાખોને !

ભગવાનનાં આલંબને પુણ્ય દ્વારા મજેની દીર્ઘદૃષ્ટિ મળી છે, તો એનો આત્મહિતાર્થે ઉપયોગ ન કરતા તાત્કાલિક લાભમાં ઘસડાઇ ભાવી દીર્ઘકાળ બરબાદ કરવો એ સરાસર મૂર્ખાઈ અને ધિટ્ટાઈ છે. બાકી મૌનથી તત્કાળ પણ ગંભીર તરીકેનો યશ મળે છે.

પ્ર૦–અરે ! ગંભીર નહિ, પણ ગૂઢ માયાવી તરીકે લોક ઓળખે છે, તેનું કેમ ?

ઉ૦–ભૂલો છો, માયાવી તો તે કે જે મૂંગો રહી પેંતરા રચે છે, અગર બોલવા જેવી બાબતમાં માયાભર્યું બોલે છે, તેમ અવસરે પ્રગટ કરવી જરૂરી પોતાની ક્ષતિને છૂપાવે છે. પોતાનું સારૂં જ ગાયા કરે, બીજાની ખોટી ખુશામતે ય કરે, અને આમ પાછો મૌન રાખે, એ માયાવીમાં ખપે છે. બાકી એવું પોષે નહિ અને નિરર્થક બાબતમાં મૌન રાખે એ તો ગંભીર તરીકે લેખાય છે.

કુમાર મહર્ષિએ પૂર્વભવમાં વચનદંડ સેવ્યા પછી જીવનભર મૌન પાળેલું અને અગ્નિ–પાણી–મૈથુનનો સર્વેસર્વા ત્યાગ રાખેલો, તેથી અહીં એ એટલા બધા સુલભબોધિ થયા ! એમ મહાવીર પ્રભુ ગૌતમસ્વામીને ખુલાશો કરે છે. પછી શું થયું એ ફરમાવતાં ભગવાન કહે છે,–

## રુકમીના રાજ્યમાં કુમાર મહર્ષિ :—

એ કુમારમહર્ષિ પરિવાર સાથે આ પૃથ્વીને પાવન કરતા કરતા ઉત્તમ સંયમ જીવન સાથે ભવ્યાત્માઓ પર પણ ઉપકારને કરતા ગામ–નગર પાવન કરી રહ્યા છે. અંતે

શ્રી સમ્મેતશિખર તીર્થ પર અનશન કરી ધાર્યા મુજબ વિધિ-પૂર્વક દેહત્યાગ કરવો છે. વિહાર કરતાં એકવાર પેલા ચક્ષુકુશીલ રુક્મી સ્ત્રીરાજાની નગરીમાં પધારે છે. ત્યાં પ્રજા અને રાજા સુદ્ધાં દર્શન-વંદન અને દેશના-શ્રવણ અર્થે એમની પાસે આવે છે.

**મહર્ષિની દેશના :—**

આવા અવધિજ્ઞાની મહર્ષિ પરિવાર સાથે પધારે એટલે લોક-આકર્ષણનું પૂછવું જ શું ? પેલા બે દુશ્મન રાજાઓએ પણ આમની પાસે મુનિ-દીક્ષા લીધી છે. એટલે પણ મહર્ષિનો યશવાદ તો પૃથ્વી પર ફેલાઈ ગયો હોય. વળી એ અવધિજ્ઞાની છે. એ બધા હિસાબે અહીં રાજા અને પ્રજા આકર્ષાઈ આવેલ છે. મહર્ષિએ ભવ્ય ધર્મદેશના આપી. દેશનામાં શું પૂછવાનું ? અવધિજ્ઞાનથી પોતાના જીવનમાં જ અસંખ્ય ભવોમાં ઇન્દ્રિય-વિષયાસક્તિ, કષાય-સેવન, પ્રમાદ, હિંસાદિ દુષ્કૃત્યો, રાગ-દ્વેષ-મોહ-મિથ્યાત્વ વગેરેથી કેટકેટલા ભયંકર અનર્થ નીપજ્યા, તે નજરો-નજર નિહાળી રહ્યા છે. તેમ મૌન, વળી અગ્નિ-પાણી-મૈથુનનો ત્યાગ, શીલ અને શુભ અધ્યવસાય વગેરેના કેવા મહા ચમત્કારિક લાભ છે એ પણ અનુભવ્યું છે, એટલે શુભાશુભ ભાવના લાભાલાભ પર અતિ રોમાંચક ભવ્ય ઉપદેશ કરે એમાં નવાઈ નથી.

**રુક્મી વૈરાગ્ય :—**

આવી હૃદયવેધી દેશના સાંભળીને રુક્મી રાજાને

**વૈરાગ્ય વધી** ગયો, સંસારવાસ ઝેરરૂપ લાગ્યો; એમાં માનવ જીવનની ઉત્તમ સાધનાને યોગ્ય લાખેણી ક્ષણો વેડફાઈ જતી લાગી ! એના મનને થયું કે,—

'મૃત્યુનો ભરોસો નથી કે ક્યારે આવી પડે ને અણમોલ તક ઝુંટવાઇ જાય ! કદાચ મૃત્યુને વાર પણ હોય તો ય કાળ થોડો છે, અને સાધવાનું કામ ઘણું છે!'

**ક્રોડપૂર્વ એટલે :—**

મહાવિદેહ ક્ષેત્ર જેવામાં ક્રોડ પૂર્વનું આયુષ્ય છતાં ત્યાં જન્મેલાને એ કાર્યસિદ્ધિ માટે એ કાળ ઓછો લાગે છે; માટે તો નાની ઉંમરમાં ચારિત્ર લઈ લે છે. ક્રોડ પૂર્વ એટલે શું ? નાનો સૂનો કાળ છે ? એક પૂર્વ ક્યારે થાય ? ૭૦,૫૬૦ અબજ વર્ષ વીતે ત્યારે એક 'પૂર્વ' થાય. એવું એક વાર, બે વાર નહિ, અરે ! સો-બસો, હજાર-બેહજાર વાર નહિ, લાખ—બે લાખ વાર પણ નહિ કિન્તુ સો લાખ વાર એવા જંગીકાળ પસાર થાય ત્યારે એક ક્રોડ પૂર્વનો કાળ થાય ! કેટલો બધો મોટો કાળ ? છતાં એ પણ ઓછો લાગે છે. તેથી નાની નાની ઉંમરમાં ચારિત્ર લઈ એટલો દીર્ઘ કાળ ચારિત્ર પાળે છે ! બોલો છો ને,

**'જ્ઞાન-ધ્યાન-કિરિયા સાધંતા**
**કાઢે પૂરવના કાળ**
**ભવિયા મુનિવર પરમ દયાળ.'**

કેમ વારૂ ? એટલા જ માટે, કે આવો ય કાળ ગમે

તેટલો, પણ અસંખ્ય જનમનાં કર્મ તોડવા અને અનંતા-અનંત કાળની સુ-અભ્યસ્ત સંજ્ઞા-વાસનાઓ નિર્મૂળ કરવા માટે ઓછો લાગે છે. પછી ભલે પ્રખર પુરુષાર્થ વધી જાય, અને વચમાં જ કેવળજ્ઞાન મળી જાય; પણ એવા વિશ્વાસે ન રહેવાય કે 'હમણાં તો ઘરવાસ રાખો પાછળથી ચારિત્ર લઈ પ્રખર પુરુષાર્થ કરી કર્મવાસનાનો ભૂક્કો કરી નાખીશું.' ધર્મને વાયદે ન મૂકાય.

**ધર્મ વાયદે કેમ ન મૂકાય? :—**

(૧) એક તો જીવનકાળની ચોક્કસ ખબર નથી,

(૨) બીજું એ, કે એમ જાણી જોઇને ઘરવાસમાં રહ્યા તો પાપની ધિટ્ઠાઈ થશે, તેથી ભવિષ્યમાં એવો પ્રખર ચારિત્રનો વિર્યોલ્લાસ જ નહિ જાગે.

(૩) વળી, પાપભર્યા ઘરવાસમાં રહેવા જેવું છે પણ શું? ષટ્કાય જીવોના સંહારભરી અને રાગાદિ કષાયોથી ખદબદતી તુચ્છ વિષયસુખો અને વિનશ્વર મોહમાયાની ગુલામી જ કે બીજું કાંઇ? બધું જ ઇન્દ્રિયો અને જડ કાયાની મોજમજાહ અને કુલેફા ને? આત્મા મૂળ માલિક છે, ધણી છે, કાયા તો પાડોશી છે. ધણીને મૂકી પાડોશીની સહેલ સરભરા એજ ઘરવાસ ને?

આ કાયા પાડોશીનું કરતાં કરતાં તો જન્મારા ગુમાવી નાખ્યા! મૂળ ધણી આત્માનું કશું હિત જોયું નહિ, એટલે તો કર્મની પાકી કેદ, ક્રૂર વિટંબણા, અને સરાસર વેઠ-પરાધીનતામાં હજી સુધી જીવ વિડંબાતો આવ્યો છે.

હવે અહીં વીતરાગ ભગવાનના શાસનથી સારી સમજ મળ્યા પછી પણ એ ? ધણીને ભૂલી પાડોશીને તાગડધિન્ના કરાવવાનું ચાલુ ?

### રુક્મીની દીક્ષા :—

રાજા રુકમીનો આત્મા સંસારવાસ પર કકળી ઊઠ્યો! કુમારમહર્ષિની હૃદયવેધી વાણી પર અંતરાત્માના અનેરા વિર્યોલ્લાસ ઝળહળી ઊઠયા ! રાજ્ય બીજાને ભળાવી દઈ મહર્ષિ પાસે એને ઘરવાસ ત્યજી ચારિત્ર લીધું, અને સાંધ્વીસંઘમાં જોડાઇ ગઇ. આવી મોટી સ્રીરાજા સંસાર છોડે એની અસર બીજાઓ પર પણ કેમ ન પડે? એના પરિવારે પણ સંસારનો ત્યાગ કરી મુનિ દીક્ષા સ્વીકારી લીધી

### એક દીવો અનેક દીવા કરે :—

જુઓ એક જ અવધિજ્ઞાની મહર્ષિ કેટલાને અને કેવા કેવાને તારે છે! પૂર્વેય બે રાજાઓને ભવકૂપમાંથી ઉદ્ધર્યા છે! અહીં પણ રુક્મી રાજાને ઉદ્ધરે છે! ગામે ગામ વિચરતાં બીજા વળી કેટલાય સુખી–સમૃદ્ધોને ઘર-કેદની બહાર કાઢ્યા હશે. એક દીવો કેટલાય દીવા પ્રગટાવે છે. આ બધો પ્રતાપ કોનો ? રાજકુમાર ઘરવાસમાં પડી રહ્યા હોત તો આમાંનું કેટલું કરી શક્ત ? પણ પ્રતાપ ચારિત્ર-જીવનનો, એમાંય મૂળ પૂર્વ ભવે સાધેલ મૌનવ્રત તથા અગ્નિ–પાણી–સ્રીનો સર્વથા કડક ત્યાગ કરેલો, એનો આ પ્રભાવ વિકસી ઊઠ્યો છે કે મોટા

રાજાઓ જેવા પાસે પણ સંસાર ફગાવી ફગાવી એમને ચારિત્રમાર્ગે ચઢાવી દે છે! તેમ પોતાને પણ આ જન્મ પવિત્ર ત્રિકરણશુદ્ધ શીલ, શુભ અધ્યવસાયમાં રમણતા, ઉપરાંત ગૃહસ્થ કુમારપણામાં જ નિર્મળ અવધિજ્ઞાનની પ્રાપ્તિ! લાવો લાવો જીવનમાં કાંક નક્કર સાધના લાવો જેથી આત્મા ઊંચો આવે. કાયા-માયાની આળપંપાળ કર્યે શું વળવાનું છે?

## રુક્મીની સાધના :-

જગદ્ગુરુ મહાવીર પરમાત્મા ફરમાવે છે કે 'હે ગૌતમ! તે નરેન્દ્રશ્રમણી રુક્મીએ ચારિત્ર સમજીને લીધું છે એટલે દીક્ષાથી માંડીને એણે ઘોર, વીર, ઉગ્ર, કષ્ટમય તપ, સંયમ અને અનુષ્ઠાન આચરવા માંડયા! સાથે શરીર સારવારની દરકાર જ મૂકી દીધી; એ સગવડ અનુકૂળતા તરફ નિસ્પૃહ બની ગઈ.

## તપ-સંયમ-ક્રિયાની ત્રિપુટી :-

તપમાં આંબેલ-ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમ વગેરે, સંયમમાં મહાવ્રતો અને સમિતિ-ગુપ્તિનું અણીશુદ્ધ પાલન, અને અનુષ્ઠાનમાં આવશ્યક ક્રિયા, શાસ્ત્રસ્વાધ્યાય, ગુરુસેવા વગેરે. તપ-સંયમ-ક્રિયાની આ ત્રિપુટીની સાધના પણ કાચીપોચી મુડદાલ નહિ, કિન્તુ જોમવાળી! ઘોર!

## સાધના 'ઘોર' એટલે ?

એવી કે બીજાને આ જોઇને હૈયુ ફફડે. કે 'હાય!

આ શે બને ? સુખશીલિયાઓને ભય લાગી જાય કે આ તપસ્યા ને આ સંયમ-અનુષ્ઠાન કરતા આપણા તો બાર વાગી જાય ! એવી ઘોર સાધના આ રાજવી અને સુકુમાર શરીરે રુકમી સાધ્વી કરી રહી છે.

### સાધના 'વીર' એટલે?

વળી એ સાધનાને ભગવાન વીર સાધના કહે છે. 'વીર' એટલે વીર્યવાળી, પરાક્રમી, સાત્ત્વિક; અર્થાત્ અનાદિ કાળથી તેમ આ જીવનના જન્મકાળથી સુંવાળા ટેવાયેલા તન-મનને કષ્ટમય તપસ્યા વગેરેની સાધના પસંદ ન પડે, પણ અંતરાત્માનું ખમીર પ્રગટ કરીને, સત્ત્વ વિકસાવીને મજબૂત મને અને આનંદભેર એ કષ્ટમય સાધનાઓ આચર્યે જવાની ! દિનરાત જરાય થાકયા કંટાળ્યા વિના ખડતલ બની ધપાવ્યે રાખવાની. જેમ જેમ એ સાધના થયે જાય તેમ તેમ આત્માનું ઓજસ અને આનંદ ઓર વિકસતું જાય એ વીર સાધના.

### સાધના 'ઉગ્ર' એટલે ? :-

વળી સાધના પણ મામુલી નહિ કિન્તુ ઉગ્ર ! ઉગ્ર એટલે શરીર-સુકોમળતા ના પાડે છે, વળી શાસ્ત્ર બળાત્કાર કરતું નથી, છતાં ઉચ્ચ કોટિની સાધના કરવાની. તે પણ મનની હોંશ વિના નહિ, હોંશ સાથે મનના પ્રણિધાન-વાળી અને તનને ઘસારો પમાડે એવી ! સુખશીલતાનો-ભુક્કો બોલાવે, ને સુંવાળાશને દેશવટો દે એવી !

## સાધના કષ્ટમય એટલે ?

એ વળી કષ્ટમય સાધના એટલે કે બાવીસ પરીસહ ક્ષુધા, પિપાસા, ટાઢ, ગરમી વગેરેને સ્વેચ્છાએ સહન કરવા સાથેની સાધના.

## શું મન માને એ કષ્ટમાં ?

હા, સંસારની કારમી વિટંબણાઓ બરાબર નજર સામે તરવર્યા કરે, જીવથી અર્થ–કામ પાછળ સહાતી ઘોર યાતનાઓ દૃષ્ટિસન્મુખ રહ્યા કરે, અને સાધનાની તક સરકી જતી દેખાય, તો મન આ આત્મકલ્યાણ-સાધક પરી-સહાદિ કષ્ટમય સાધના કરવાનું ખુશમિશાલ માને. એ તો આત્મહિતની વાતમાં રસ નથી. એટલે જરાક શું કષ્ટ વેઠવા તૈયારી નથી.

પણ અનંતાકાળની તન–મનની સુંવાળાશ ધર્મના કષ્ટ સહ્યા વિના શે જવાની હતી ?

રાજશ્રમણી રુક્મી ઘોર–વીર–ઉગ્ર–કષ્ટમય તપમાં લીન બની છે, પરંતુ તે અત્યંત નિસ્પૃહભાવે. કોઇ મોટા ચક્રવર્તી–દેવ–દેવેન્દ્રની ઋદ્ધિ-સમૃદ્ધિ આશંસા નથી; તેમ અહીંના ય માનસન્માનની આકાંક્ષા નથી. બસ એ રીતે કેટલોક કાળ પસાર થઈ ગયો.

## રુક્મી અંતે પણ નથી આલોચતી :–

હવે એ કુમારમહર્ષિ સમ્મેતશૈલ–શિખરની નજીકમાં આવી પહોંચે છે. પોતાને હવે અનશન નજીકમાં છે. સાધુ-

સાધ્વી પરિવાર સાથે છે. એય અંતિમ આરાધના કરવા ચાહે છે. મહર્ષિને જેના નિમિત્તે શીઘ્ર વૈરાગ્ય-વૃદ્ધિ અને અને ચારિત્ર પ્રાપ્ત કરવાનું બન્યું છે, એવી એ રુકમી સાધ્વીની આત્મશુદ્ધિ માટે લાગણી થઈ આવે છે, એટલે એને બોલાવીને આ પ્રમાણે કહે છે,—

## મહર્ષિની રુકમીસાધ્વીને સલાહ :—

'હે દુષ્કરકારિ શ્રમણી! હવે આપણે અનશન માટે જ્ઞાનીઓએ ભાખેલી સંલેખના શરૂ કરવાની છે, કેમકે હવે આ દેહનો વિધિપૂર્વક ત્યાગ કરવાના પાકા લક્ષ્યને અમલમાં મૂકવાનો અવસર આવી લાગ્યો છે. તો પહેલું તો હૃદયને સર્વ શલ્યથી મુક્ત બનાવી દેવું જોઇએ. એ માટે કાંઈ પણ માયાશલ્ય રાખ્યા વિના વિશુદ્ધ દિલે જીવનની સ્ખલનાઓનું આલોચન-નિંદા-ગર્હા કરવા પૂર્વક શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી વહન કરવું જોઇએ. તો તમે જેવી રીતે ભારે પુરુષાર્થ પરાક્રમથી ઘોર-વીર-ઉગ્ર કષ્ટમય તપ, ઉગ્ર વિહાર તથા સંયમ અને અનુષ્ઠાનની આરાધના કરી છે, તેવી રીતે હવે શીઘ્ર સ્થિર વિનમ્ર-નિર્મળ મનથી નિઃશલ્યપણે બધી આલોચના કરો.

મહર્ષિએ ઉલ્લાસ વધે એ રીતે પ્રેરણા કરી' અને રુક્મીસાધ્વીએ યથોક્ત વિધિએ સર્વ આલોચના કરી પણ ખરી; અર્થાત્ જીવનની બધી સ્ખલનાઓ, વ્રતભંગ, વ્રતને દૂષણ લાગ્યા હોય તે....વગેરે તે બધું કહ્યું, પરંતુ પેલા દૃષ્ટિ-દોષની આલોચના ન કરી.

હવે સામાન્ય નિયમથી તો આચાર્ય સામો જેટલું સ્પષ્ટપણે આલોચે, પોતાના દોષ-અતિચાર કહે એ સાંભળી લે, પણ સામે પ્રશ્ન કરીને દોષ પ્રગટ કહેવરાવે નહિ; કિન્તુ પ્રસંગવિશેષમાં પૂછવું ય પડે. અહીં કુમારમહર્ષિને રુકમીની દયા થઈ આવે છે, તેમજ એના એ દોષને પોતે જાણે પણ છે, તેથી સામે ઊઠીને એને યાદ દેવરાવતાં કહે છે,—

'હે નરેન્દ્રશ્રમણી ! તે વખતે રાજસભામાં બેઠેલા ઋદ્ધિ-શાતા ગારવમાં રહ્યા સરાગ અભિલાષાથી મારા પર દૃષ્ટિ નાખેલી, તેની પણ આલોચના કરી લો, જેથી હે દુષ્કરકારિણી ! તમારે સર્વોત્તમ વિશુદ્ધિ પ્રાપ્ત થાય.'

**રુકમી દૃષ્ટિદોષ આલોચવા તૈયાર નથી :—**

મોટા અવધિજ્ઞાની મહર્ષિ કહે છે છતાં હજી રુકમીની એ દોષ કબૂલવાની તૈયારી નથી; કેમકે એને એમ ભય લાગે છે કે 'એમ કબુલી લઉં તો સાધ્વીઓની સાથે રહેતાં કેવી કહેવાઉં? 'અરે ! આ અમુક રાજાની પુત્રી ચક્ષુકુશીલ હતી ?' એમાં તો મારી નાલેશી થાય.'

માનહાનિનો ભય લાગ્યો, પાછું મહર્ષિને જૂઠા પડાય એમ નથી કે 'ના, મેં તો તમારા સામે એમ જોયું જ નથી.' એમાં તો વળી સાધ્વીઓની વચમાં વિશેષ માનહાનિ થાય. પેલી તો કદાચ ન થાય કેમ કે સાધ્વીઓ ગંભીર હોય, પણ ધર્માચાર્યને ખોટા પાડવામાં તો જરૂર માનહાનિ થાય. એટલે ઈન્કાર કરી શકાય એમ નથી.

તેથી હવે જવાબ દેવા માટે મન સંતાપ અનુભવી રહ્યું છે. ત્યાં પોતાના માથેથી કલંક ટાળી દેવા સિફતનો ઉત્તર કરવા માટે એનો અતિ ચપલ અને માયાશીલ પાપી સ્ત્રી સ્વભાવ આગળ આવ્યો, અને એને વશ થઈ ઉત્તર શોધી કાઢ્યો.

કર્મની કેવી વિચિત્રતા છે! આત્માની સિલિકમાં રહેલ તેવાં કોઈ મોહનીયકર્મ એવું નિમિત્ત મળતાં જ્યારે ઉદયમાં આવે છે ત્યારે એ કર્મવાળા જીવની બીજી ગુણ-સંપન્નતા અને પૂર્વની સારી કારકીર્દીને એ કર્મ ગણકારતા નથી. શ્રેણિકપુત્ર નંદીષેણ મુનિ બનેલ! અલૌકિક લબ્ધિ ઉત્પન્ન કરે એવી ઘોર તપસ્યા અને રસત્યાગ વગેરે કરેલ સંયમનો જબરજસ્ત પ્રેમ! વિષયભોગની અત્યંત તીવ્ર ઘૃણા! આવા, ગુણિયલ અને ઉત્તમ કારકીર્દીવાળા છતાં વેશ્યાના હાવભાવ અને આગ્રહનું નિમિત્ત મળી આવ્યું તો મોહનીયકર્મ જોર કરી ગયું! મુનિના પુરુષાર્થને આંબી ગયું! સત્પુરુષાર્થને મોળો પાડી નાખ્યો.

**પ્રદેશોદય : સ્તિબુક–સંક્રમ :—**

નંદીષેણે એવું નિમિત્ત નહોતું સેવ્યું ત્યાંસુધી ભોગ-કર્મ દબાયું રહેતું, અર્થાત્ એનો ક્ષયોપશમ પ્રવર્તતો હતો. કર્મની નિષેક–રચના મુજબ સમયે સમયે કર્મદળિયાં ઉદયમાં તો આવે, પરંતુ જીવના શુભ ભાવ–ભાવનારૂપી જાગતા પુરુષાર્થને લીધે માત્ર પ્રદેશથી ઉદયમાં આવે, પૂર્વ સમયે બીજા હળવાં કર્મમાં સંક્રમિત થઈને ઉદયમાં આવે,

પણ એનો પોતાનો રસ ઉદયમાં ન આવે, રસ સંક્રમથી સ્થગિત થઈ જાય, એને શાસ્ત્રમાં સ્તિબુક સંક્રમ કહે છે.:એટલે કર્મપ્રદેશ–કર્માણુ કોરેકોરા ઉદયમાં આવી રસ દેખાડયા વિના આત્મા પરથી ખરી જાય. આને રસોદય–વિપાકોદયનો અભાવ અને પ્રદેશોદય કહેવાય, તે કર્મનો ક્ષયોપશમ કહેવાય. ખરાબ નિમિત્તોથી આઘા રહી શુભ ભાવ યા ભાવનાનો પુરુષાર્થ ચાલુ રાખો ત્યાં સુધી આ સ્થિતિ ચાલ્યા કરે, અને તેથી આત્મામાં ગુણ પ્રગટ રહે.

## નિમિત્તની જોહુકમી :—

પરંતુ જો ખરાબ નિમિત્ત સેવો, અને સહેજે જો એથી શુભભાવ–અધ્યવસાય–ગુણસ્થાનકપરિણતિ મોળી પાડો, સુંદર ભાવનાનું જોર મંદ કરો, એટલે પેલા પ્રદેશોદયમાં ચાલુ કર્મ ચડી બેસે. સંક્રમણ અટકી જાય, બીજા મંદમાં સંક્રમિત થઈને ઉદયમાં આવવાનું બંધ, અને પોતે સ્વતંત્ર ઉદયમાં આવે. એટલે સ્વાભાવિક છે એનો રસોદય ઝળહળે! એ પૂર્વે ચાલી આવતા ગુણોનો ઘાત કરે! નિમિત્તની આ જોહુકમી છે.

## પુરુષાર્થનો વિજય : ઝાંઝરિયામુનિ :—

હાં, નિમિત્ત અણધાર્યું આવી ગયું અને શુભભાવનાનો પુરુષાર્થ મોળો ન પડવા દેતાં ઉલ્ટો સતેજ કર્યો, તો બચી જવાય. ઝાંઝરિયા મુનિ અણધાર્યા એક કુશીલ સ્ત્રીના ઘરે જઈ ઉભા હતા. પેલીએ હાવભાવ, કોમળ કામવચન, ઉપ-

રાંત ઠેઠ સાધુને વળગવા સુધી પહોંચી જવાનું કર્યું ! પરંતુ મુનિ અતિ તેજસ્વી સંયમભાવ રાખવાનો પુરુષાર્થ અને એ નિમિત્તથી બચવા ત્યાંથી બળાત્કારે ભાગી છુટવાનો પુરુષાર્થ કરનાર બન્યા, તો મોહનીય કર્મનું ચાલ્યું નહિ, ગુણ ગુમાવ્યો નહિ, પુરૂષાર્થનો વિજય થયો. નંદીષેણ મુનિને પણ અણધાર્યો વેશ્યાયોગ થયેલો, કિન્તુ લબ્ધિથી ૧૨ા ક્રોડ સોનયા વરસાવવા અને હાવભાવ-નખરાં કરતી પેલીની સાથે સવાલ જવાબ કરવા ઊભા, એ અસત્ પુરુ-ષાર્થ કર્યો. ત્યાં નિમિત્ત જોર કરી ગયું, કર્મને રસોદયમાં તાણી લાવ્યું, ગુણ ગયો, મુનિપણું ત્યજી વેશ્યા સાથે બેસી ગયા !

એટલે વાત આ છે કે—

ખોટાં નિમિત્ત ધારીને સેવવાનાં નહિ; ને અણધાર્યાં આવી પડે તો શુભ ભાવનો પુરુષાર્થ જ્વલંત રાખી ત્યાંથી ખસી જવાનું. તો પુરુષાર્થનો વિજય થાય.

**શુભ-ભાવ-ભાવના શે ટકે ? :—**

આ જો ન આવડે, અણધાર્યાં આવી પડેલ નિમિત્ત માં ઊભા રહેવાય, તો સત્ પુરુષાર્થ મોળો પડ્યો સમજો; અને ધારીને જ અસત્ નિમિત્ત સેવવા ગયા તો તો પડવાનું પૂછવું જ શું ? આજે ધારીને સેવાતાં બિભત્સ સિનેમા-દર્શન અને નવલિકા-વાંચન તથા કુમારિકા સાથેના સહવાસે સારા સદાચારી કુળના પણ છોકરાઓને કેવા

બનાવ્યા છે, એ ક્યાં અજાણ્યું છે? છોકરાં શું, મોટાઓ પણ જો એમાં પડે ખત્મ! સામૂહિક નવપદ ઓળી–આરાધના, ઉપધાન, તીર્થયાત્રા સંઘ વગેરેમાં જો પરસ્ત્રી સાથે લપેડાવેડા કરવા ગયા તો એની ય દુર્દશા થાય છે. કદાચ સમૂહ–શરમે કાયિક પતન કરવાનો જોગ ન મળ્યો તો પણ માનસિક પતન અને દૃષ્ટિદોષમાં પતન તો થયું જ સમજો. ત્યાં શુભ ભાવ–ભાવનાના પુરુષાર્થ શે ટકે!

## સિનેમાની વિચિત્રતા :—

કેટલું વિચિત્ર છે કે રસ્તે જતી બાઈના સામે આંખ માંડીને જોવાય નહિ, પરંતુ સિનેમામાં ચિત્રપટ પરની હાલતી–ચાલતી–બોલતી પરસ્ત્રી સામે ડોળા ફાડી ધારી ધારીને જોવાનું કરાય! એ ક્રમમાં કમ માનસિક પતન કેમ ન કરાવે? આ જ તમારો સિનેમા ને? આર્યને તદ્દન અનુચિત પરસ્ત્રીદર્શન કોઈની ટીકા–ટિપ્પણ વિના ખુશમિશાલ ધારી ધારીને કરાવે એ આજના સિનેમા! એમાં ય પાછી ભાગ ભજવતી સ્ત્રી–એકટ્રેસો હાવભાવ–કટાક્ષ અને ઉદ્ભટ વેશમાં કાંઈ બાકી રાખે? સદાચારના હિમાયતી છો? જાતમાં અને આશ્રિતને કુટુમ્બમાં વિજાતીયનાં દર્શનનો દૃષ્ટિદોષનો પણ દુરાચાર ન પેસે એ ઈચ્છો છો? એના હિમાયતી છો તો સિનેમાના મહાપાપની જાતને આશ્રિતને પહેલેથી જ એની ભયાનકતા સમજાવી દૂર રાખવા જોઈએ. એવું જ છાપાં માસિકો વગેરેની નવલિકા–નોવેલોના વાંચનથી આઘા રહેવા–રાખવા જેવું છે. એમાં તો સાધુ ય જો પડ્યા ને,

તો એ ય ખતરામાં સમજો.

**શીલની પવિત્ર ભાવના નાજુક છે.** સહેજ ખરાબ નિમત્તનો ટકોરો લાગતાં એના તાર તુટ્યા સમજો. અંતરથી એ તુટ્યા એટલે કદાચ બહારનાં વ્યવહારનાં બંધને બહુ આડુઅવળું નહિ થાય, તોય મન ભૂંડ-ગદ્ધાની કોટિમાં જવાનું, ને છાનાં છૂપકાં પાપ આચરાશે એ જૂદું. કાળા ચશ્માં શાના પહેરાય છે ? શું એ પહેરનાર બધાને આંખો એટલી બધી નબળી ને રોગિષ્ઠ થઈ ગઇ છે કે સૂર્યનું તેજ ખમાય જ નહિ ? આંખ બગડી જ જાય ? પણ આડીઅવળી દૃષ્ટિ ફેરવવી હોય તે, વગર તેવા ચશ્મે, શી રીતે ફેરવી શકાય ! આ બધા ચક્ષુકુશીલ વગેરે પાપ શેમાંથી ઊઠે છે ? ખરાબ નિમિત્તોનાં સેવનથી પવિત્ર ભાવનો પુરુષાર્થ ખત્મ કરી નાખ્યા પર જ તો. સાર આ છે કે ખરાબ નિમિત્ત અણધાર્યા આવી પડે તો એનાથી ઝટ દુર ભાગો, પછી જાણી જોઇને તો એનો પડછાયો પણ નહિ લેવાનો એમાં પૂછવું શું ? માટે તો સ્થૂલભદ્રજીને એકલાને અપવાદમાં મૂકયા. ખુદ એમના ગુરુ શ્રુતકેવળી ભગવાન સંભૂતિવિજય અણગાર એવો અખતરો કરવા ન ગયા, કે સિંહની બોડ આગળ ૪-૪ માસ સુધી ચોમાસું રહી આવનાર મહામુનિને પણ એ અખતરો કરવા જવાની આજ્ઞા ન આપી. કેમ વારૂ ? બ્રહ્મચારી સદાચારીએ એવા એકાંત પરસ્ત્રી-સહવાસનાં નિમિત્તથી આઘા જ રહેવાનું એ કાયદો, તીર્થંકર

ભગવાનની આજ્ઞા. એ ઊથાપે એના બાર વાગી જાય ! નંદીષેણ ખરાબ નિમિત્ત જાણવા છતાં ઉભા રહ્યા. દર્શ-નાદિ નિમિત્ત સેવ્યું, તો પડ્યા ને !

પ્ર૦–પણ એમને તો નિકાચીત કર્મ હતું એટલે પડ્યા ને ?

ઉ૦–તો વહેલા કેમ ન પડ્યા ? અને ખરૂં તો તમારે પણ ખરાબ નિમિત્ત સ્થૂલભદ્રજીના પવિત્ર ભાવથી સેવવા છતાં શું નિકાચિત કર્મ છે માટે પડવાનું થાય છે ? ભૂલા પડતા નહિ, ખોટાં વિશ્વાસે ખોટા બહાને તણાતા નહિ, ઉપાધ્યાયજી મહારાજ કહે છે,—

'શ્રેણિક સરખા રે અવિરતિ થોડલા,
જેહને નિકાચિત કર્મ !,
તાણી આણે રે સમકિત વિરતિને,
એહી જ પ્રવચન—મર્મ
શ્રી જિનભાષિત વચન વિચારીએ.'

–અર્થાત્ 'શ્રેણિક અને કૃષ્ણ મહારાજા જેવા આત્મા થોડા કે જેમને નિકાચિત કર્મ નડતાં હોય અને તેથી 'સમકિત' –સમ્યગ્દર્શન છતાં 'વિરતિ'–હિંસાદિ—વિરમણ ન આવતું હોય. બાકી તો ઘણાયને ભોગાવલી કર્મ અનિકાચિત, એટલે ખરેખર સમ્યગ્દર્શનનો પુરુષાર્થ હોય તો તે સહેજે એ અનિકાચિત ભોગ-કર્મનો ક્ષયો-પશમ ઉભો કરી વિરતિને તાણી લાવે. જિનપ્રવચનનું આ

રહસ્ય છે માટે શ્રી જિનેશ્વરદેવે ભાખેલ વાણીનો ઊંડો વિચાર કરીએ."

શુ કહ્યું ? સમ્યક્ત્વનું પડિકું ખીસામાં લઇને એવા ચિંથરેહાલ ભોગલંપટ અને ઘરવાસના કીડા બન્યા રહ્યે સમકિતનો દાવો રખાય એમ નથી. ચકાસવાની જરૂર છે કે,—

**ખરેખર સમ્યક્ત્વ સ્પર્શ્યું છે ?** સમ્યક્ત્વનું પાયાનું લક્ષણ આ, કે જિનોક્ત તત્ત્વ પર અખૂટ અનન્ય શ્રદ્ધા. જિને શું કહ્યું છે ? જીવતત્ત્વ કેવું બતાવ્યું છે ? પૃથ્વીકાય, અપૂકાય, વગેરે ષટ્કાયનાં અસંખ્ય અનંત જીવો 'એક પાણીના ટીપે ટીપે અસંખ્ય જીવ, માટી–અગ્નિ વાયુના કણે કણે અંસખ્ય જીવ,એ બધા જીવો સુખના અભિલાષી છે, દુઃખથી ત્રાસે છે. **'સવ્વેપાણા પરમા-હમ્મિયા'** પરમાહમ્મિયા એટલે 'પરમ ધર્મવાળા, સુખની અભિલાષાવાળા સર્વે પ્રાણીઓ છે. હવે વિચારો,:—

**આ જીવો પર દયા છે ?**

ઘરવાસ સેવતાં સુંદર મકાન, રાચરચીલું ભોજનના થાળ, કરન્સી નોટોના કોકડાં, વગેરે તૈયાર થવામાં જે એ અસંખ્ય જીવોનો કચ્ચરઘાણ નીકળ્યો એની અફસોસ અરેરાટી થાય છે ?

સ્થાવરકાય જીવોના જાણી જોઇને અને ત્રસકાય જીવોના અજાણ્યે સંહાર કરતાં કાળજું કંપે છે ?

'અરે ! આ કેવો ગોઝારો ઘરવાસ કે મારે આ નિર્દોષ નિરપરાધી અસંખ્ય જીવોનો કચ્ચરઘાણ કરવો પડે છે! કરાવવો પડે છે ! એ જીવોએ મારું શું બગાડયું છે તે હું એના પ્રાણ લઉ છું ? કેવી મારી નિર્ઘૃણતા નિર્દયતા ! આવો જાતફિટકાર છૂટે છે ?

દયા ઊભરાય છે ?– 'બિચારા આ જીવોને કેવું જીવતા રેંસાઇ જવાનું કારમું દુઃખ ! મૂંગા બોલી ન શકે પણ એને કેટલી વેદના થતી હશે ?' ભય લાગે છે, 'મારૂં શું થશે ?' વૈરાગ્ય ઊછળે છે' કયારે આ જીવમારના ઘરવાસના ફંદામાંથી છૂટીશ ?'

વિચારો, કંપ, દયા નથી, ભય નથી, સંસારત્યાગની ભાવના નથી, તો એ જીવોની ઓળખાણ અને એની અહિંસાનો ઉપદેશ કરનાર જિનવચન પર શ્રદ્ધા કેવી? સંસારનું બધુ નિષ્કંપ–નિર્વિચારપણે હોંશે હોંશે કરવું છે, જીવબંધુના દુઃખની દયા ચિંતવવી નથી, જૈન થઈ આ સંહારમય કરણીની શરમ–નાલેશી અનુભવવી નથી, તો શું જિનવચન પર, જિનોક્ત જીવતત્ત્વ પર, હેય હિંસાદિ આશ્રવતત્ત્વ ઉપર શ્રદ્ધા છે ?

ત્યારે જો એ કંપ, એ દયા, એ ભય, એ શરમ અને એ ઘરવાસ-ત્યાગની ભાવના ઝળહળતી હોય, તો એ બધા વિરતિને તાણી લાવ્યા વિના રહે ? ત્યાં પછી સંયોગોના ખોટાં બહાનાં કે નિકાચિત ભોગાવલી કર્મના ઓઠાં ધરાય ? જો જિનવચન પર શ્રદ્ધા છે તો જિનવચનનું

મર્મ તો આ કહે છે કે 'નિકાચિત કર્મના ઉદયવાળા શ્રેણિક-કૃષ્ણજી જેવા જીવો થોડાં.' તો એ વચન પર શ્રદ્ધા નહિ કરવાની, તે જાતને નિકાચિત ભોગાવલી કર્મવાળી માની સંસારમાં ઠંડકથી બેસવાનું ?

ત્યારે, શરીર અને સંયોગોનું બહાનું પણ કેટલું વાસ્તવિક છે? એ જરા ઠરીને હૃદયની સાક્ષીએ વિચારવા જેવું છે, પક્ષાઘાત થઈ જાય, અકસ્માત્ થાય, ઇત્યાદિ પ્રસંગે સંયોગોનું શું ? વળી આ જ સંયોગોમાં કપરા પણ સાંસારિક કાર્યો થાય છે ને ? તો શરીર પણ દુનિયાદારી કેટલીય સંભાળે છે ને ? પણ કહો, મૂળમાં ખરેખરી જિનવચન–શ્રદ્ધા અને એને અનુસારે ષટ્કાય જીવબંધુ ઉપર દયાભાવ નથી, એ જ મોટો વાંધો છે. નહિતર ગમે તેવી ઋદ્ધિસંપત્તિ અને ભોગવિલાસ મળ્યા હોય છતાં, ષટ્કાયજીવ–સંહાર આદિ અઢાર પાપસ્થાનકના કથલાં સમા ઘરવાસમાં અને સંસારકરણીમાં ચેન શાનું પડે? શાનું લાલ મોં રાખીને ફરવાનું હોય ?

આરંભ–પરિગ્રહ અને વિષયભોગમાં નિશ્ચિન્તતા—નિર્ભયતા શાની હોય ?

વાત એ હતી કે નિકાચિત કર્મનું મોટું ઓઠું ખરાબ નિમિત્તો સેવવા જેવા નથી. એનાથી દૂર ને દૂર રહો, શુભ ભાવ, શુભ અધ્યવસાય અને શુભ ભાવનાનો જ્વલંત પુરુષાર્થ આદર્યે રાખો, પછી જુઓ કે કર્મ બિચારા કેવા રાંકડા બની એનો પ્રભાવ દેખાડ્યા વિના

વહ્યાં જાય છે ? એ ભલે આંખે દેખાશે નહિ. પણ દિલની જે પવિત્રતા રહેશે, દોષ–દુરાચારની ઘૃણા રહેશે, એ પરથી સમજી શકાય કે દુષ્ટકર્મના રસોદય નથી વર્તતા, એનો ક્ષયોપશમ ચાલી રહ્યો છે.

## રુકમી સાધ્વી આચાર્યને બનાવવા ધારે છે :–

વાત આ છે કે નિમિત્તને ન સેવો, તો કેટલાય કર્મ એમ જ વિપાક દેખાડયા વિના વહી જવાનાં. નિમિત્ત મળતાં ઝટ એ ઉદયમાં આવતા તૈયાર ! સાધ્વી રુકમીને બીજી સાધ્વીઓની વચ્ચે માનહાનિ થવાનો ભય લાગ્યો, એ ભયનું નિમિત્ત મળતાં મોહનીય કર્મ એવું ઉદયમાં આવ્યું કે માયામૃષાવાદ કરવાની ધિઠ્ઠાઇ ઊભી થઇ; તેમ શુદ્ધ આલોચના પૂરેપૂરી કરી રહી છે એવો ડોળ કર્યો; 'એક પણ પાપનું શલ્ય રહી જશે તો ભવ ભારે થશે, ભાવી ભવોની વૃદ્ધિ થશે,' વગેરે જોવા તરફ હૃદય નિષ્ઠુર બની ગયું. હવે તો મહા અવધિજ્ઞાની મહર્ષિને બનાવવા સુધીની સિફત વાપરવાનું મન થયું.

મહર્ષિએ તો જાતે અનુભવેલું યાદ દેવડાવ્યું છે કે 'તમે મારા તરફ સરાગ અભિલાષાએ દૃષ્ટિ નાખેલી એની આલોચના કરો.'

## રુકમીનો મહામાયાવી બચાવ :—

ત્યારે આ રુકમી સાધ્વી સિફતથી મહામાયાવી ઉત્તર કરે છે, કે–

'ભગવન્ ! મેં કાંઇ એવા હેતુથી આપના તરફ સરાગ દૃષ્ટિએ જોયું નહોતુ કે જેમાં હું તમારી અભિલાષા ધરાવું; કિન્તુ એ હેતુથી કે આપ આવા સર્વોત્તમ રૂપ, તારુણ્ય, લાવણ્ય, કાન્તિ, સૌભાગ્ય, કળાસમુહ, વિશિષ્ટ જ્ઞાન-વિજ્ઞાનાદિ ગુણગણુથી અલંકૃત છો અને છતાં વિષયોના અત્યંત નિઃસ્પૃહ છો એ વસ્તુ ખરેખર એમ જ છે કે નહિ, એ ચકાસવું, અર્થાત્ આપનું સત્ત્વ તોળવા માટે મે આપની તરફ એવી દૃષ્ટિ નાખેલી; કિન્તુ આપની અભિલાષાથી નહિ. અથવા આ પરિક્ષા કરવાનું કદાચ દોષરૂપ હોય તો એની આલોચનામાં શો વાંધો છે ? મને તો એ ગુણકારી છે. તીર્થ પાસે ગયા પછી ભલેને કોઇ સેંકડો સોનૈયા દે, તો ય શા સારૂ માયાકપટ કરવું ?'

સાધ્વીએ પોતાના માથે જરાય ચક્ષુકુશીલતા ને વાસનાવશતાનું કલંક ન ચડે એ માટે બહુ ચાલાકી ભર્યો ઉત્તર કર્યો. તદ્દન બનાવટી અને કપટપૂર્ણ ઉત્તર કરતાં એના દિલને આંચકો આવ્યો નહિ. એ પણ વિચાર ન રહ્યો કે આ સંસાર કૂવામાંથી ઉદ્ધરવાનો મહાન ઉપકાર કરનાર અને પાછા વિશિષ્ટ અવધિજ્ઞાની એવા ધર્મગુરુની આગળ માયાચાર ન સેવાય બસ એક જ વાત, 'પોતાની માનહાનિ ન થાઓ.' એ સ્વાર્થાંધતામાં તણાઇ.

**ક્ષુદ્રતાથી સ્વાર્થાંધતા : એથી ઉપકારી-દ્રોહઃ—**

સ્વાર્થની અંધતા યાને સ્વાર્થબુદ્ધિનો આવેશ કેટલો બધો ભયંકર છે કે પોતાના અતિશય મહાન ઉપકારીને

પણ અવગણે અને માયાચાર સેવડાવે! મન જ્યારે ભવાભિનંદીપણાના પહેલા દુર્ગુણ ક્ષુદ્રતાથી છવાઇ જાય છે ત્યારે એ ક્ષુદ્રતા, એ છીછરી–તુચ્છ–ઉત્તાન–ઉપલક્રિયા સ્વભાવને લીધે કશું ઊંડાણથી ગંભીરતાથી વિચારવા તૈયાર નથી હોતું. વિચાર જ નહિ કે 'એમ કરીને જ અહીં સ્વાર્થ પોષ્યો પણ તે કેટલા કાળ માટે ટકવાનો? એક દિ' મરીને તો ચાલી જ જવું છે અને અહીંની બધી સ્વાર્થમાયા ભેગી કરેલી અહીં જ રહેવાની, સાથે ચાલવાની નહિ. પછી આગળ તો અહીં સેવેલા ભયંકર માયાચારાદિ પાપોના અત્યંત દારુણ પરિણામ ભોગવવા પડવાના. એમાં ય વળી દુર્ગતિનાં દુઃખ ઉપરાંત આ માયાચારાદિના કુસંસ્કારની ગાંઠો પછીથી વજ્રલેપ જેવી બંધાઈ ગયેલી, તે કાંઇ છૂટવાની નહિ, અને એવા ભયંકર કુકર્મો કરાવવાની કે જેથી આગળ ભયંકર નરકાદિ દુઃખમય જન્મોની પરંપરા ચાલવાની!' આવો કોઈ વિશાળ વિચાર જ ન કરવા દે એવી ક્ષુદ્રતા યાને તુચ્છ મતિ રખાવનારી સ્વાર્થ પટુતા હોય તો કેમ સંસારરસ અર્થાત્ ભવાભિનંદિતાને ન પોષે? માટે સ્વાર્થાંધતા બાજુએ મૂકી ક્ષુદ્રતા છોડો. ક્ષુદ્રતા ભવાભિનંદીનો દુર્ગુણ છે.

એમને એમ જ માની બેસતા નહિ કે 'ન મારામાં ભવાભિનંદિતા અર્થાત્ સંસારનો રસ નથી.' માણસ પોતાના મનથી માની લે કે 'ના, મને સંસારનો રસ નથી. મને તો મોક્ષની અભિલાષા છે.' પરંતુ શાસ્ત્રકારોએ બતાવેલા

સંસારરસિયાના ક્ષુદ્રતા-લાભરતિ-દીનતા વગેરે દોષો પડતા ન મૂકવા હોય, તો એ સંસારરસિકતા યાને ભવાભિનંદિતાના કલંકથી શી રીતે બચી શકે? સત્પુરુષતા કે અસત્પુરુષતા કાંઈ માની લેવા માત્ર પર યા બીજાના સર્ટિફિકેટ પર નક્કી નથી થતી, એ તો એનાં લક્ષણ પર ગુણ-અવગુણ ઉપર નિશ્ચિત થાય. તેવી વિદ્વત્તા નહિ, અને સૂંઠને ગાંઠીયે ગાંધીની જેમ મનથી માની લીધું કે હું ગ્રેજ્યુએટ જેટલો વિદ્વાન છું, અગર ગમે તે ઘાલમેલ કરીને યુનીવર્સિટિ પાસેથી ગ્રેજ્યુએટનું સર્ટિફિકેટ લઈ લીધું , પણ તેવો બોધ છે નહિ, તો એ માની લીધેલી ગ્રેજ્યુએટગીરી કાર્યસાધક શી બની શકે? એને વાસ્તવિક ગ્રેજ્યુએટગીરી કહેવાય પણ કેમ? કયાંય ગ્રેજ્યુએટનો દાવો રાખી નોકરીએ બેસે ત્યાં એક કાગળ લખવાનું કહેવામાં આવે તો લખી શકે નહિ, કે આવેલ તેવા કાગળ વાંચવા-સમજવા જેટલી ગુંજાયશ ન હોય, પછી ગ્રેજ્યુએટપણાનું ભોપાળું જ ખુલ્લુ થાય ને? અપમાનભેર રુખસદ જ મળે ને? ગુણ વિનાનો મોટાઈનો દાવો કેટલો ચાલે?

એમ આત્મામાં ભવાભિનંદિતાનાં લક્ષણો બેઠા હોય, એથી ઉલ્ટા મોક્ષરસિકતાના ગુણો જો ન હોય, તો વસ્તુસ્થિતિએ એનામાં ભવાભિનંદીપણું નથી પણ મોક્ષ-રસિકતા છે એમ કેમ કહેવાય? તેમ એવી માની લીધેલી મોક્ષરસિકતા શી કાર્યસાધક બને? ભલેને કોઈ ધર્માનુ-ષ્ઠાનમાં જોડાયો હોય, પણ ત્યાંય એ ક્ષુદ્રતા-મત્સર આદિ

દોષો ઝળકતા રહેવાના. તેથી વાસ્તવમાં હૈયે ધર્મસ્પર્શનાનું કાર્ય નહિ થવાનું; ભવાભિનંદિતા જ કોટે વળગી રહેવાની.

**ભવાભિનંદિતાથી ક્રિયા નિષ્ફળ :—**

અનંતી દ્રવ્યક્રિયાઓ તે ઠેઠ ચારિત્ર સુધીનાં ધર્માનુષ્ઠાન ભવાભિનંદિતાના કારણે નિષ્ફળ ગયા છે. તો એ રીતની અહીંની મામુલી ધર્મક્રિયા કારગત થશે ? કયા વિશ્વાસે તણાવાનું ? ધર્મ કરવા માટે તૂટી મરવું છે, ધર્મનાં કષ્ટ સહવાં છે, પણ ભવાભિનંદિતાના પોષક ક્ષુદ્રતા–માત્સર-ઈર્ષ્યા વગેરે નથી છોડવા, તો કેમ ઊંચે અવાશે ? એ જ સૂચવે છે કે,—

**ધર્મક્રિયા સહેલી છે, ધર્મકષ્ટ સહેવું સરળ છે, પણ આ ક્ષુદ્રતાદિ દુર્ગુણ ત્યજવા મુશ્કેલ છે;**

કેમકે એ નાના સ્વાર્થ સાધવા માટે ય જરૂરી લાગે છે, અને એવા મામુલી સ્વાર્થનો રસ–અંધાપો છોડાતો નથી ! મામુલી સ્વાર્થનો આંધળો રસ એ સંસારનો રસ નહિ તો બીજું શું છે ? એ ભવાભિનંદિતા જ છે.

રુક્મી સાધ્વીને બીજી સાધ્વીઓ વચ્ચે જરા માન-હાનિ થવાનો ભય લાગ્યો, એને એવા અલ્પ માનરૂપી સ્વાર્થની ડાકણી–ભૂખ રહી, એમાં એવી ક્ષુદ્ર બને છે કે મોટા અવધિજ્ઞાની ઉપકારી ધર્માચાર્યને બનાવવાની કૂડી રમત રમે છે ! કષ્ટ–તપ–જપ કેટલા કર્યા છે ? પણ તેથી શું ? તુચ્છ સ્વાર્થના રસ મૂકાય નહિ ત્યાં સુધી ઊંચા ગુણ-સ્થાનકને યોગ્ય હૈયું બનાવે ક્યાંથી ? આત્મપરિણતિ ઊંચી

બનાવે શી રીતે ?

**ઊંચા ગુણસ્થાનકની આત્મપરિણતિ ઘડવા માટે આ પહેલું જરૂરી છે કે તુચ્છ સ્વાર્થનો રસ મિટાવી જ દેવો જોઇએ.** ગુણસ્થાનક બાબતમાં કોઇની શેહ સિફારસ લાગે એવી નથી, યા દુનિયાની વાહવાહ કામ લાગે તેમ નથી.

**એ તો વિશુદ્ધ આત્મપરિણતિ ઘડો, ઘડીને ય સાચવી-ટકાવી રાખો, તો જ ઉપરનાં ગુણસ્થાનક સંઘરે એમ છે.** નહિતર તો નીચે પડયા રહો. મોટા તીર્થંકરદેવના જીવ મરીચિ જેવાને ય ગુણસ્થાનકમાં નીચે ઊતરી જવું પડયું ને ? તો પછી શા તુચ્છ સ્વાર્થના મોહ રાખવા'તા ? શી એવી ચારની વચમાં માન જળવાય એ બલા વહોરવી'તી ?

**માનસંજ્ઞાની બલા ભૂંડી છે.** ભવની અભિનંદિતાને એ પોષે છે. એની પકડમાં પકડાયા પછી જીવન કોઈ અનુચિત વાણી વિચાર વર્તાવથી ખરડાય છે. માનસંજ્ઞા જીવની કાનપટ્ટી ઝાલીને એની પાસે જરૂર પડયે ઠેઠ દેવાધિદેવ સુધીનાની ય અવગણના કરાવે છે ! આ બલા નહિ તો બીજુ શું ?

શા માટે એ બલા વહોરવી ?

**ચાર જણ અમને સારા માનો કે ન માનો અમારે તો કેવળજ્ઞાની ભગવાનની દષ્ટિના સારા બનવું છે, બન્યા રહેવું છે.** એ અમારો ઉદ્ધાર કરશે, પરલોકે

બોથ આપશે અને અહીં પણ શાંતિભર્યું જીવન જીવવા દેશે.' આ માન્યતા હૈયે સચોટ અંકિત રહેવી જોઇએ, જેથી એ બલાથી બચી શકીએ. વાત પણ સાચી છે કે,

**માનસંજ્ઞાની બલા જીવને અશાંત અશાંત અને સચિંત રાખ્યા કરે છે.** વાત વાતમાં જોયા કરશે કે 'બહારમાં હલકો તો નહિ પડું ને ? આજુબાજુ વાળા મને સારો માનશે ને ?' એ માટે પછી ગમે તેવાં પાપ આચરવાં પડે તો એની ચિંતા નહિ, પણ માનરક્ષાની ચિંતા મોટી.

**માનસંજ્ઞાના કુકર્મ :—**

એટલે એમાં નથી ને ક્યાંક ખોટું પણ જાણ્યું કે મારૂં હલકું બોલાય છે, અગર કોઈ મને ઠીક નથી માનતો તો હવે ચિંતામાં પડશે કે એ ટાળવા શું શું કરૂં ? એ માટે ચાપલુસી કરવા જશે ! જરૂર લાગી તો ગુણિયલનું -ઉપકારીનું ઘસાતું બોલશે ! બીજાઓથી બોલાતામાં ટાપસી પૂરશે ! પાપમય વાતો કરશે ! ક્યાં શાંતિ છે ? એ બલા જપવા દે નહિ. જુઓને આવી મોટી રાજવીપણું છોડી સાધ્વી બનેલી રુક્મીના દોષને કુમારમહર્ષિ ચોક્કસ મુદ્દા સાથે પકડે છે, ત્યારે રુક્મી માનબલાથી ચિંતામાં પડે છે.

**માનબલાની ચિંતા ભૂંડી;** એની પાછળ એ મલિન વિચારો જ ઊભરાવે, મેલા ઉપાયો જ પકડાવે, એની સામે જીવનું પોતાનું કોઈ વર્ચસ્વ નહિ ! શાસ્ત્રવચનના માર્ગદર્શન મુજબ સ્વહિતાર્થમાંજ,-પવિત્ર ભાવના અને ઉત્તમ

ઉપાયોમાં જ,–પ્રવર્તવાની કોઈ ગુંજાયશ નહિ ! એને તો આ માનસંજ્ઞા ઘસડે એમ ઘસાવું રહ્યું ! કેટલી દુર્દશા ? એ પાકી બલા જ યાને વળગાડ જ છે ને ?

**કષાયોની સંજ્ઞાઓ ભૂતના વળગાડની જેમ** શાણા પણ જીવને અનુચિત વિચારોમાં નાખી અકાર્યમાં ઘસડી જાય છે. ભરત ચક્રવર્તી છ ખંડનો દિગ્વિજય કરીને આવ્યા, પણ ચક્રરત્ન હજુ આયુધશાળામાં પ્રવેશ કરતું નથી. કેમ એમ ?

સુષેણ સેનાપતિ કહે છે, 'મહારાજ ! બધે વિજય મેળવી આવ્યા ખરા, પણ આપના નવાણું ભાઈઓ ઉપર વિજય ક્યાં મેળવ્યો છે ? છ ખંડમાંની એમના રાજ્યની ભૂમિ પર હજી આપનું શાસન નથી.'

ભરત કહે, 'તો શું મારે એમની સાથે લડાઈ કરવી ?

સેનાપતિ કહે, 'પણ છ ખંડ પરનું વર્ચસ્વ પૂર્ણ કરવા એ કરવું જ પડે ને ?'

## લોભ પર વિવેકનો અંકુશ :—

ચક્રવર્તીના હૃદયમાંનો વિવેકદીપક પ્રકાશી ઊઠે છે. એ કહે છે, 'રહેવા દો. ભાઈઓ સાથે લડવાનો મારો મોખ નથી. ચક્રરત્ન ભલે બહાર જ ઊભું રહે.' ચિત્તમાં શાણપણ છે. એ છ ખંડના પૂર્ણ વર્ચસ્વના લોભને દબાવે છે. લોભસંજ્ઞા શાણપણને ન ભૂલાવે, ન દબાવે, એમ નહિ. કોઈ સટોરિયા લોભસંજ્ઞાની બલાના વળગાડ-

માં શાણપણ ગુમાવી બેઠા અને અવળા ધંધા કરી તારાજ થઇ ગયા ! પણ અહીં ભરત ચક્રીએ કુટુંબી ભાઇ તરીકેનો વિવેક જાગતો રાખ્યો છે તેથી લોભને દબાવું પડે છે. વિવેકનો લોભપર અંકુશ છે. છતાં જુઓ માનસંજ્ઞા એ વિવેકને ય કેવો ભૂલાવે છે!

## સુષેણની ભરતને ચાલાકીભરી ચડવણી :—

સુષેણ કહે છે, 'મહારાજ ! આમાં છ ખંડ પૂરા કરવાનો કે ચક્રરત્ન અંદર દાખલ કરવાનો પ્રશ્ન નથી. પરંતુ મને તો એ વિચાર આવે છે કે આ આપના ભાઇઓ કેટલા વિવેકી ? આપ આટલું મહાન ભગીરથ પરાક્રમ કરીને આવો છો, વળી વડિલ ભાઈ છો, છતાં શું આ નવાણું નાના ભાઇઓને એટલો વિવેક આવડે છે કે ચાલો આપણે મોટા ભાઇના પરાક્રમનું અભિનંદન કરવા જઇએ ? ખરેખર તો ભાઇને વિજયયાત્રામાં સહકાર આપવો જોઇતો હતો; ખેર! તે તો ન આવડ્યું, પણ આપના એકલાના પરાક્રમથી આટલો મહાન વિજય આપે પ્રાપ્ત કર્યો એનું અભિનંદન પણ નહિ ? દુનિયાના માંધાતા રાજાઓ અને દિવ્ય શક્તિવાળા દેવતાઓ પણ આપનું અભિનંદન કરવા આવે છે. અને આ ઘરના જ નાના ભાઈઓને એ વિવેક આવડતો નથી ! પણ શાનો આવડે ? ઈર્ષ્યા અને અભિમાનના શિખરે ચડેલાને એ ના આવડે. આપ તો મોટા તરીકે ઘણું ય વાત્સલ્ય રાખો છો, પણ આ નવાણુંને નાના તરીકેનો વિનયભાવ

ક્યાં છે ? પછી અભિનંદનની શી વાત ? શું એક હિતૈષી વડિલ તરીકે આપની ફરજ નથી કે નાના ભૂલતા હોય તો એને સમજાવીને ન સમજે તો દંડ કરીને માર્ગે લાવવા ? આપને મારા નિદાન પર વિશ્વાસ ન બેસતો હોય તો દૂતને મોકલી જુઓ ખબર પડશે કે એ ખરેખર અભિમાનમાં ચડ્યા છે કે નહિ. બાકી આમ નાના સાથે કેમ લડાય, એવા માયકાંગલા વિચારથી તો એમની ઉદ્ધતાઈ પોષાય છે, અને આપનું વડિલ તરીકેનું ગૌરવ હણાય છે. દુનિયા કહેશે ' જોયું ? નાના ભાઈ પર કાંઈ ચાલતું નથી.

ચબરાક સેનાપતિએ સ્વામીની માનસંજ્ઞાને ઉશ્કેરી વિવેક–ઔદાર્ય ભૂલાવ્યાં. ક્યારેક લોભસંજ્ઞા કરતા પણ માનસંજ્ઞા બળવાન બની જાય છે. એમ તો વાણિયો સારૂ ખટાવનાર ઘરાકના ગમે તેવા બોલનાં અપમાન એની પાસેથી કમાવાના લોભથી ગળી જાય છે; પરંતુ એજ પાછો ક્યાંક નોખનો આંટનો સવાલ આવી લાગે તો પૈસે ખુવાર થવા તૈયાર !' જુઓ છો ને કે ૨૦૦–૫૦૦રૂ.ની જમીનના ટૂકડા કે એવી તુચ્છ વસ્તુ ખાતર ઠેઠ હાઇકોર્ટ સુધી ચડી કેવા હજારો રૂપિયાના આંધણ મૂકાય છે ! ચૂંટણીમાં આગળ આવવા કેવા લાખો રૂપિયા પણ ખર્ચાય છે ?

**માનસંજ્ઞા એ માણસની મોટી નબળી કડી છે.** આ નબળી કડીનો લાભ ઊઠાવી હોશિયાર માણસો માનીની

માનસંજ્ઞાને પોષી એની પાસેથી હજારો રૂપિયા કઢાવી જાય છે! યા વૈતરૂં કરાવે છે! લડાઈઓ લડાવે છે! ઘરના માણસના જરા ગુણ ગાયા, 'આ અમે તો દુકાને જઈ નિરાંતે ગાદી પર બેઠા બેઠા ધંધો કરીએ છીએ, અને તમે તો આખા ઘરનું તંત્ર ચલાવવા, ચાર આવ્યા-ગયા એનુંય સાચવવા, સવારથી રાત સુધી કેટકેટલો પરિશ્રમ કરો છો!' બસ, પછી દસ દોસ્તદારને લાવી ઊભા રાખો ને, વળી એમની આગળ ઘરવાળાના ગુણ ગાઓ ને, ચડયા ઘરવાળા માનસંજ્ઞામાં! પછી દસેયની સારી સરભરા થાય એ ખાતર તૂટી મરશે તૂટી! આખો દિવસ ભારે વેઠ કરી રાતના ઠેઠ અગિયાર વાગે સુતાં પણ એમને થાક કંટાળો કેમ નહિ? માનસંજ્ઞાની બલાની બોલબાલા છે માટે. નહિતર કહો જોઉં ઉપાશ્રયના માણસને એમ કહી મૂકતાં કેમ નથી આવડતું કે 'ભાઈ! મહારાજ સાહેબને વાંદવા કરવા કોઈ બહારથી સાધર્મિક આવે તો આપણા ઘેર જમવા લઈ આવજે?' ના, ત્યાં કાંઈ માન પોષાતું નથી લાગતું એટલે શાના કહી મૂકે? કહો ધર્મસંજ્ઞા નથી એવી માનસંજ્ઞા જોરદાર છે.

માનસંજ્ઞા હજારો રૂપિયા ખરચાવી સંઘ કઢાવે, નવકારશી જમાડાવે, ઉત્સવ કરાવે. મન કહે છે, 'કર, કર કાંઈક આવું ખરચ તો લોકને ખબર પડે કે આ ભારે ઉદાર છે, આની પાસે સારૂ પહોંચતુ લાગે છે.' પણ એનો

એ ખરચનારો કોઈ સીદાતા સાધર્મિકને સો રૂપિયા ગુપ્ત પણે આપવા તૈયાર નથી; કેમકે એમાં માન ક્યાં પોષાય?

## માનવશ સુકૃતનો નાશઃ—

વિચારો માનવની દુર્દશા. માનકષાયની એ જે સેવા કરવા તૈયાર, તે પોતાના જ આત્મહિતકર ધર્મની નહિ! અરે! ધર્મ કર્યા પછી પણ જો માન ન મળ્યું, અપમાન થયું, તો કરેલા મહાન સુકૃતને 'આ મારા કયા ભોગ લાગ્યા કે મેં આ કર્યું!' એમ નિંદાથી બાળી નાખવા તૈયાર! સુકૃત કરીને ખજાને નાખેલા પુણ્યસંચયને પાછો નિંદાથી બળાપાથી પોતાની જાતે જ ઉલેચી નાખશે! કેટલી મૂર્ખાઈ કે બીજાના વાંક પર પોતાની પુણ્ય મૂડીને જ સફાચટ કરાય! ત્યાં જો એટલું જ વિચારે કે 'જીવ! ભૂલો પડતો ના, તને શુભ ભાવે કરેલા સુકૃતની પુણ્ય-કમાઇ તો મળી જ ગઇ છે. હવે આ સામા કદર ન કરે તેથી માનમાં અને રીસમાં ન ચડીશ, કેમકે પૂર્વ પુરુષો વગર-કદરે તારા કરતાં કેટલા ઊંચા સુકૃત કરી ગયા છે! તું તારે તારી નમ્રતા-લઘુતા સંભાળજે;' આ વિચારે તો આત્મામાંથી પાપ ઉલેચાય. સુકૃતપુણ્ય-લાભ અને પાપક્ષય-લાભ એમ બેવડો લાભ!

સુષેણ સેનાપતિની ચબરાક વાણી પર ભરત ચક્રવર્તીને માનસંજ્ઞા સળવળી-'હેં ભાઈઓની આ ઉદ્ધતાઇ? આ

અભિમાન ?' બસ, ભાઇઓ પર ચાલાક દૂત મોકલ્યો.

માનસંજ્ઞા ભૂંડી ! રુકમી સાધ્વી આમ રાજ્યપાટ છોડી ઘોર–વીર–ઉગ્ર કષ્ટમય તપ–સંયમ સાધવાના પરાક્રમ-વાળી, પણ માનસંજ્ઞાની બલાએ એને કાયર બનાવી દીધી. અવધિજ્ઞાની મહર્ષિની આગળ પોતાના પાપની આલોચના કરવાના મહત્ત્વને અવગણી માનમાં તણાઇને સાધ્વીઓમાં હલકાઇ ન થવાને મહત્ત્વ આપ્યું ! તે એટલે સુધી કે હવે માયામૃષાવાદ સુધી પહોંચી કે 'મેં તો તમારી પરીક્ષા કરવા જ તમારા સામે રાગવાળી દૃષ્ટિથી જોયેલું, કામની સંજ્ઞાથી નહિ.'

મહર્ષિને એ સાંભળી બહુ દુઃખ થયું, રુકમીની ભારે દયા આવી કે આ બિચારી કેટલે ઉંચે ચડેલી કેવી ડૂબી રહી છે ! પોતાનો સંવેગ યાને સંસાર પરની ઉદ્વિગ્નતા વધી કે અરે ! સંસારમાં સ્ત્રી જાતિનો કેવો ચંચળ સ્વભાવ પ્રસંગ એનો એ, પણ વિવેક અને ધર્મપરિણતિ હોય તો એના પર દયા, સંવેગ વગેરે ગુણકમાઈ કરવાનું થાય, અને વિવેક ન હોય તો દ્વેષ તિરસ્કાર વગેરે પાપસ્થાનક સેવવાનું બને.

મહાવીર પ્રભુ કહે છે, 'હે ગૌતમ !

**સ્ત્રી-સ્વભાવની વિષમતાઃ—**

"એ કુમારમહર્ષિને વિચાર આવ્યો કે 'અરે ! આ સ્ત્રી-સ્વભાવને ધિક્કાર છે ! કેટલા ઉંચા શુભ ભાવમાંથી એકા-

એક કેટલે નીચે અશુભ ભાવમાં પટકાય છે ! જુઓ તો ખરા કે આટલા એક થોડા કાળના અપયશના ભયથી કેવી માયા વાપરી ! અહો ચપળ–ચંચળ–અનવસ્થિત મનવાળી સ્ત્રીજાત ! અહો એક ક્ષણમાં જન્મને બગાડનારી ! અહો સકલ અકાર્યનું ભાજન ! સકલ અપયશ–અપકીર્તિની વૃદ્ધિ કરનારી ! અહો પાપકર્મમાં અભિનિવેશ–દુરાગ્રહના અધ્યવસાયવાળી ! અહો ભય વિનાની ! અહો પરલોકગમનમાં ઘોર અંધકાર અને દારૂણ દુઃખ, તથા શાલ્મલીવૃક્ષ કુંભીપાકના ત્રાસને પમાડનારા દુષ્ટ ચિંતનવાળી !........ઇત્યાદિ રુકમી સાધ્વીના સ્ત્રીસ્વભાવ પર મનમાં બહુ સંતાપ કરીને, પછી એની ઉપેક્ષા ન કરતાં અથવા 'ભલે એને ગમ્યું તે' એમ અનુવર્તન ન કરતાં, ધર્મૈકરસિક કુમાર મહર્ષિએ અત્યંત પ્રશાંત શબ્દોમાં પ્રશાંત મુખે એને ધર્મદેશના આપી"

### વ્યક્તિ પર દયા, દોષ પર દ્વેષઃ—

અહીં ધ્યાનમાં રાખવાનું છે કે કુમારમહર્ષિના દિલમાં રુકમીના આત્મા પ્રત્યે ભારોભાર દયા ભરી છે; કોઇ દ્વેષ અરૂચિ નહિ. દ્વેષ, અરુચિ, ફિટકાર તો સ્ત્રી જાતમાં રહેલા એટલે કે લગભગ મોટા ભાગની સ્ત્રીઓમાં રહેલા ચંચળ સ્વભાવ, એની માયાવિતા, પાપમાં નિભીકતા, મિથ્યા અભિનિવેશ દુરાગ્રહ વગેરે પર આવે છે. વ્યક્તિ પ્રત્યે તો દયા જ છે. એટલા માટે તો હજી પણ એની રક્ષા થાય એ શુભ હેતુથી સમજાવટ કરે છે. દ્વેષ હોત તો એને બીજા આગળ

હલકી પાડી તુચ્છકારવાનું મન થાત. પણ એ નથી, દયા છે એટલે હજી પણ એને ધર્મદેશના આપે છે. શું કહ્યું હશે એમાં? એવું જ કાંઈક કે-

## શલ્યોદ્ધાર માટે અમૂલ્ય વિચારણા

'હે ભાગ્યવતી! જુઓ કે આ સંસાર કેવો અસ્થિર! છે! કેવા અસ્થિર ભાવોથી ભરેલો છે! બહારના ભાવ પણ અસ્થિર અને આત્માની અંદરના ભાવ પણ અસ્થિર!

મોટી ધન-સંપત્તિ રાજ્ય સિંહાસનો, મહેલાતો વાડી-બગીચા બધું જ અસ્થિર! કશું જ સ્થિર કાયમ માટે ટકવાનું નહિ. અરે! આપણાં માન-સન્માન, કીર્તિ-આબરૂ, સત્તા-ઠકુરાઈ વગેરે પણ અસ્થિર! મોટા ઈન્દ્રોને પણ એ અંતે ગુમાવવું જ પડે છે ને? જેમ આ જડ પદાર્થો અસ્થિર, એમ એના રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દ બધું જ અસ્થિર! આપણી કાયા અને એના રૂપ-રંગ-વય તથા સન્માન આદિ સુદ્ધાં સઘળું ય અસ્થિર! શું આ અસ્થિર ખાતર દીર્ઘ કાળનાં દુઃખ ઉભાં કરે એવું શલ્ય રાખવું?

હે શિષ્ટ આચારવતી! એવું જ આપણા અંતરના ભાવો પણ એવા જ! ઘડીમાં રાગ, ઘડીમાં દ્વેષ, ઘડીમાં ગુસ્સો ને ઘડીમાં ખામોશ! હમણાં ક્ષુધા ને પછી તૃપ્તિ! હમણાં માન-અભિમાન-અહંત્વ, ને પછી નરમ ઘેંશપણું! કયો કષાય એક સરખો ટકે છે? એવા જ હાસ્ય, રતિ, અરતિ, વગેરે ભાવો ય અસ્થિર છે. એમજ જીવના મનુષ્યત્વ-તિર્યક્ત્વ ભાવો પણ ક્યાં સ્થિર છે?

## અહીંનું મળેલું માન જીવને પરભવે ન બચાવે-

હે બુદ્ધિમતી! આ પરિસ્થિતિમાં આપણું માન ગૌરવ વગેરે પણ કેટલા ટકવાના હતા કે એની ખાતર તણાઈ પાપનું એક પણ શલ્ય દિલમાં રાખી મૂકવું? એક દિ આપણે જ ઊડી જવાનું છે, પછી જો અહીં આપણે જ નથી, તો અહીં મળેલ માન ને ગૌરવથી આપણને શું તેમ એ ય શાશ્વત કોણ ગાતું બેસે છે? જ્યારે, એ શલ્ય તો ભવાંતરે સાથે આવ્યા બાદ જીવની દીર્ઘ કાળ સુધી અત્યંત ઘોર દુર્દશા કરે છે. ત્યાં અહીં ગવાતું માન જરાય બચાવવા નથી આવતું.

## શલ્યથી પરભવે ભારે દુર્દશા કેમ?

અહીં હજી ખોળિયામાં પ્રાણ છે, શુધબુધ છે, ત્યાં સુધી તો શલ્યનો ખ્યાલ છે એટલે એનો ઉદ્ધાર કરવાનું હાથમાં છે. પણ ભવ પલ્ટાયા બાદ તો એનો ખ્યાલ ગયો, પછી ઉદ્ધારની શી વાત? અહીં જ અનુભવાતી ખંધી કામ-ક્રોધાદિની લાગણી શું સૂચવે છે? દાબી કેમ દબાતી નથી? આજ કે પૂર્વ કોઈ ભવે એનાં શલ્ય આત્મામાં રાખી મૂકેલા! હવે કેમે ય વાળ્યા વળે જ નહિં! સેવ્યા પછી કદી ય એના પસ્તાવા-પ્રાયશ્ચિત્ત કર્યા નહિ, તે અંકે થઈ પછીના ભવે શે કડવા લાગે?

શલ્ય ચીજ એવી ભૂંડી છે કે આત્મામાં અંકે થઈ ગયા પછી જાણે જીવનો એ સ્વભાવ બની જાય છે! તેથી પાપ

સહજ ભાવે સેવાતું ચાલે! તેમ ભલું હોય તો ગુણાકાર થઈને વધતાં ચાલે! ચંડકોશિયાનું ક્રોધશલ્ય કેવું વધતું ચાલ્યું? ત્યારે અહીં હજી ખબર છે કે અમુક પાપ સેવાઈ ગયું છે, એસી શુદ્ધિ બતાવનાર મોજુદ છે. શુદ્ધિ કરી આપનાર ગુરુ મળે છે, પછી એનો ઉદ્ધાર કેમ ન કરી લેવો?

છતે શાસને અને ગુરુએ જો શલ્યોદ્ધાર ન કરાય તો એ ઇરાદાપૂર્વક દિલમાં ગોપવવાનું થાય છે, અને તેથી તો આત્મામાં અંકે થઈ સીલપેક થઈ એની મૃત્યુબાદ દારુણ ચિકણી ખંધી વાસના જામી ચાલી આવે છે! એના યોગે ભવ પણ હલકા દુર્ગતિના મળે છે. અને ત્યાં એ કુટિલ દૃઢ વાસના રકમબંધ પાપ કરાવ્યે જાય છે! એમાં જીવને કોઈ રંજ નહિ! અફસોસ નહિ! અરેકારો નહિ! ને પાપનાં આંધળા ભરપૂર સેવનથી વળી એ વાસના વધારે પુષ્ટ બનતી જાય છે! તેથી આગળ આગળ અધિક હલકા ભવો! અધમ પાપાચરણ! અને દુઃખ ત્રાસ-વિટંબણાનો બાર નહિ! શો સાર કાઢવાનો આવી શલ્ય-રક્ષાથી, આવાં શલ્યપોષણથી?

### એક શલ્યપોષણમાં બીજી કુવાસના પુષ્ટ :—

શલ્યપોષણમાં વળી છૂપી રીતે બીજી કુવાસનાઓને ફાલવા-ફુલવાનું બને છે!

દા. ત. મેતારજ મુનિએ પૂર્વભવમાં સુંદર ચારિત્ર

હોંશથી પાળવા છતાં એક કુવિચાર કર્યો કે 'આ ચારિત્ર તો ઉત્તમ, પરંતુ ગુરુએ એ પરાણે આપ્યું એ ઠીક ન કર્યું. કાંઈ મારીને મુસલમાન કરાય? બસ પછી આનું આલોચન પ્રાયશ્ચિત કર્યું નહિ, એ શલ્યરૂપ બની ગયું! હવે જુઓ આમાં ગર્ભિત રીતે વિષયવાસના કેવી દૃઢ કરી! કેમકે ચારિત્રને સંયમને ઊંચું મહત્ત્વ આપવાને બદલે 'પરાણે ન અપાય' એ વૃત્તિને મહત્ત્વ વધુ આપ્યું. તો પછી એમાં અંતર્ગત આ ભાવ યોજાયો કે.—

**'ધર્મ પરાણે ન અપાય' એમાં ગુપ્ત ખરાબી:—**

'સંયમ–ચારિત્ર પરાણે ન અપાય એટલે પરાણે ન આપવામાં જીવ ભલે અસંયમમાં પડ્યો રહે, એ સારૂં. પણ પરાણે સંયમ અપાય એ સારૂં નહિ,' આ ભાવમાં અસંયમનો પક્ષપાત, અસંયમમાં નિર્ભયતા, અસંયમની રુચિ જાગતી રહી! એ ભાવ પછી અસંયમમાં એટલે કે જીવ–ઘાતક આરંભ–સમારંભ અને ઇન્દ્રિય–વિષયોમાં ઓછી ખરાબીનો ખ્યાલ પોષી સહેજે એનો છૂપો રસ છૂપી કુવાસનાને પુષ્ટ કરે એમાં નવાઈ નથી. ધ્યાનમાં રહે કે આ બીજાને ધર્મપરાણે ન આપવા માટેની વાત નથી. ત્યાં તો એથી એને ધર્મ પર તિરસ્કાર ન થઈ જાય એ જોવાનું. અહીં પોતાના અંગેની વાત છે. ધર્મ મને પરાણે મલ્યો ઠીક નહિ એમ પોતે અરુચિ નહિ કરવાની, એ અરુચિમાં પાપરસ પોષાઈ જાય. મેતારજને પૂર્વભવે એવું બન્યું તથા એ પાપરસમાં મેતારજના ભવમાં રાજકન્યા

અને બીજી શ્રીમંત-કન્યાઓના વિષયભોગમાં લંપટ બન્યા ! દેવતા પ્રતિબોધ કરવા આવે છે, પૂર્વભવનો ખ્યાલ પણ આપે છે, પોતે પણ પૂર્વના દેવ ભવમાં સંયમની ઈંતેજારી સેવી દેવતા પાસે કોલ કરાવી આવ્યા છે કે મને તું ગમેતેમ કરી પ્રતિબોધ કરવા આવજે. આ બધું ખરૂં પરંતુ 'પરાણે ચારિત્ર ન અપાય' એ એક કુવિચારમાં પોષેલ ગર્ભિત અસંયમની ઇન્દ્રિય-વિષયસંગની વાસના અહીં જોર કરી જાય છે. નહિતર પેલા શલ્યમાં તો ફળ-રૂપે માત્ર ચારિત્ર આઘું રહે એટલું જ થાય, કિન્તુ આટલી બધી કામગૃદ્ધિ કેમ થાય ?

**મરીચિએ ઉત્સૂત્રનું શલ્ય નાખ્યું** તો આગળ પર જૈનધર્મ ઝટ ન મળે તો પણ વિષયગૃદ્ધિ વગેરે થવાનું શું કારણ ? આજ કે અહીં ઉત્સૂત્રમાં મિથ્યા ધર્મને મહત્ત્વ આપ્યું એમ ગર્ભિત રીતે વિષયસંગને મહત્ત્વ મળી ગયું, તેથી એની ય કુવાસના દૃઢ થઈ ગઈ. તે ભવોભવ નડી !

અવધિજ્ઞાની મહર્ષિનું કહેવું આ છે કે 'હે ભાગ્ય-વતી ! શલ્યનો ઉદ્ધાર ન કરવો એ આ ભયાનકતા સર્જે છે. તો પછી એનો આગ્રહ શા સારૂ રાખવો ! સદ્ગુરુ આગળ દિલ ખોલીને એ પ્રગટ કરી એનું પ્રાયશ્ચિત્ત કેમ ન માગી લેવું ?'

'હે સુભગે ! જીવને પાપ અને પાપની વાસનાઓ તથા એને લગતા કષાયો પુષ્ટ રાખવાના ભવ ઘણા મળે

છે, પણ અનેકાનેક પ્રકારના જન્મોની વચમાં એવા જન્મ કેટલાં કે જ્યાં પાપશલ્યોના ઉદ્ધાર થાય? જ્યાં કુટિલ કુવાસનાઓને સુંદર આલોચના–પ્રાયશ્ચિત્ત–તપ વગેરેથી નામશેષ કરી શકાય?'

'**શલ્ય કેવું ખતરનાક છે!** પાપને છૂપાવીને એની વાસના દૃઢ કરે છે, પણ સાથે એનો ઉદ્ધાર કરવાનું કહેનાર જિનવચનની પણ અવગણના કરાવે છે! અને તમે સમજો છે કે જિનવચનની કરેલી અવગણના કેવી ભયંકર નીવડે? ભવિષ્યમાં કદાચ ભવો સુધી જિનધર્મનું મુખ દેખવા ન દે! તેથી ઉલ્ટું મિથ્યા ધર્મમાં કે ધર્મહીન દશામાં સપડાયા જિનમાર્ગ તરફ ઘૃણા ય કરાવે! એમાં જીવની કેવી જાલિમ પાપચકચૂરતા થાય? કેવી ખતરનાક વિષય–કષાય–લુબ્ધતા થાય? એ નહિ, તો જીવના માથે ભવાભિનંદિતા કેવી ઠોકાઈ જાય?

**વીતરાગ પરમાત્માના ભાખેલા ધર્મ વિના રાગાદિનું ઉન્મૂલન,** અને વિષય–કષાયોની પરિણતિનો વિધ્વંસ કોણ કરી શકે? એ જો નહિ, તો તો પછી એ વિષય અને કષાયરૂપી બે થાંભલા મજબૂત રહ્યે સંસારરૂપી ઈમારત અડીખમ જ ઉભી રહે ને? એ બે મૂળ પર ચતુર્ગતિમય સંસારવૃક્ષ ફાલેફૂલે જ ને?'

—આવી કોઈક ધર્મદેશના કુમારમહર્ષિએ રુક્મી સાધ્વીને આપી.

ત્રિભુવનગુરુ મહાવીર પરમાત્મા ફરમાવે છે, "હે ગૌતમ ! એ કુમારમહર્ષિએ ધર્મદેશના આપવા પૂર્વક એ નરેન્દ્ર શ્રમણીને કહ્યું; 'હે દુષ્કરકારિકે ! તમે તો અત્યંત ઘોર-વીર-ઉગ્ર કષ્ટ-તપ, સંયમ-અનુષ્ઠાન સાથે શાસ્ત્ર-સ્વાધ્યાય-ધ્યાન વગેરેની સુંદર આરાધના કરી છે, તો એને માયા દંભમાં હવે નિષ્ફળ ન કરો. એક પાપશલ્ય છૂપાવવા ખાતર અને તુચ્છ અતિતુચ્છ માન સંજ્ઞા પોષવા પાછળ આટલી જોરદાર સાધનાને રદબાતલ ન કરો. અનંત સંસાર આપે એવો માયાદંભ સેવવાનું શું પ્રયોજન છે? શલ્ય છૂપું રાખ્યું અને સારામાં ખપ્યા એ ચીજ એવી છે કે બીજી બાજુ ઘોર-વીર-ઉગ્ર કષ્ટ-તપ-સંયમ-સ્વાધ્યાય સેવેલા એ બધાની આત્મા પરની સારી અસરના આનંદ-પ્રમોદને ઝાંખો પાડી દે છે, અને પરિચિત મંડળમાં માન સચવાયું તથા એ માટે પોતાનો દોષ ગુપ્ત રાખી શકાયો અને આનંદ પ્રમોદને મુખ્ય બનાવી દે છે, તેથી સહજ છે કે એ માયાથી છૂપાવેલ દોષનો વળ હૈયામાં પાકો બેસી જાય છે. પછી એ વળને અનુસારે પછીના અજ્ઞાન ભવોમાં ખુશમિશાલ એ દોષ અને એમાં સાથે સંકળાયેલ બીજા અનેક દોષ નિસ્સંકોચ નિર્ભયપણે સેવાયે જાય છે. જરૂર પડચે ભલે અનંત ભવો વીતે, પણ દોષોનું અને એના હિંસાદિ પાપોનું જીવન બન્યું રહે છે! ત્યાં સુધી આત્મા પરથી એનો વળ ઊકલતો નથી! એ પ્રતાપ અહીં સજ્ઞાન અવસ્થામાં માયાદંભ કરી હૈયામાં છૂપાવી રાખેલા દોષનો છે, છૂપા સાચવી રાખેલ શલ્યનો છે.

'માટે હે તપસ્વિની! શુદ્ધ નિર્મળ ચિત્તે નિઃશંકપણે આલોચના કરી દોષોનો ઉદ્ધાર કરી દો, અને આત્માને નિઃશલ્ય બનાવી લો. અહીં ખોળિયામાં પ્રાણ છે, શુધબુધ હજી ઊભી છે, ત્યાં સુધી જ નિર્મળ ચિત્તે દોષની આલોચના કરવાને અવકાશ છે, તક છે. એ તક ગુમાવી નાખ્યા પછી તો અવસર આલોચના–ઉદ્ધારનો ગયો, પછી તો અનંત સંસારભ્રમણનો અવસર આવીને ઊભો રહે છે. એ પરિણામ લાવનારી શલ્યપકડ ઊભી રહે ત્યાં, પછી ઘોર પરીષહ, ઘોર તપ અને ઘોરસંયમ–કષ્ટ સહ્યાં એ બધું અંધકાર–નર્તિકાના નૃત્ય જેવું થશે. અંધારે નાચ્યા, કોઈએ જોયું નહિ, ઈનામ–ફળ મળ્યું નહિ, એમ આ ઉગ્ર પરીસહ-સહનાદિ કરવાની બધી કષ્ટમય સાધના કરી પણ એનું ફળ કર્મક્ષય અને ભવના ફેરાનો અંત આવ્યો નહિ, એવું થાય. શા સારુ એ ભારે કષ્ટવાળી તપસ્યાઓ, નિર્દોષ ભિક્ષાચર્યા, લુખ્ખા આહાર, બાવીસ પરીષહસહન, ઉપસર્ગાધ્યાસ, વગેરે કષ્ટ અને ઉગ્ર વિહારનાં કષ્ટ, એક નજીવા સલ્યની રક્ષા કરવા માટે નિષ્ફળ કરો? શુદ્ધ દિલથી એની યથાસ્થિત આલોચના કરી લો.'

અવધિજ્ઞાની મહર્ષિએ તો દયાભરપૂર હૃદયે શલ્યની છેલ્લામાં છેલ્લી ભયાનક્તા બતાવી દીધી, અને શુદ્ધ આલોચના કરી હૃદય સાફ અરીસા જેવું કરવા માટે ભારપૂર્વક ભલામણ કરી દીધી. શલ્યથી કેમ અનંત સંસાર વધે છે એ ય સમજાવી દીધું.

'શલ્યરક્ષા અને માનરક્ષાને મહત્ત્વ આપવાથી બીજી બધી ઉગ્ર કષ્ટમય પણ સાધનાઓની અસર નહિવત્ થઈ જાય છે, અને તેથી ભવોના ભવો માટે સદ્ધર્મથી આતલ થઈ જવાય છે' એ વગેરે સમજાવવાનો મહાન અનુગ્રહ કર્યો પણ છાર પર લીંપણ! પાણીનું વલોણું!

## રુકમીનું મૃત્યુ: આલોચનાનું મહત્ત્વ

મહાવીર પરમાત્મા ફરમાવે છે, 'હે ગૌતમ! તે ભગ્નભાગ્ય નરેન્દ્રશ્રમણીએ પોતાના શલ્યનો વળ મૂક્યો નહિ. એ તો કહે છે,—હે ભગવન્! શું આપ જેવા મહર્ષિની સાથે કપટ રમાય? અને તે પણ વિશેષ આલોચના કરતી વખતે? હું સાચું કહું છું કે એ વખતે મેં આપના પર દૃષ્ટિ નાખેલી તે ખરેખર કોઈ કામવાસનાની અભિલાષાથી નહિ, કિન્તુ આપની પરીક્ષા કરવા, આપનું માપ તોળવા માટે નાખેલ.

### રુકમીનો કરુણ અંત:—

બસ આટલું બોલતાં તો ત્યાં ને ત્યાં જ કર્મ પરિણતિવશ ધસ કરતીક ધરણી પર પડી ગઈ! દેહમાંથી પ્રાણ પંખેરૂ ઊડી ગયું! આયુષ્ય પૂર્ણ થઈ ગયું.

કર્મ અને ભવિતવ્યતાની કેવી અગમ વિચિત્રતા! ચાહ્ય આયુષ્ય સહજભાવે પૂરું થવાનું હોય, કે એના પર ઉપક્રમ લાગીને એ તૂટવાનું બન્યું હોય, પરંતુ રુકમી

સાધ્વીનું આ છેલ્લા માયાવચન સાથે જ મૃત્યુ થઈ ગયું ! શું ખબર હશે એને કે આ બચાવ પછી ખત્મ છું ?

## આપમતિ કેટલું બચાવે ? :—

માણુસ ગમે તેટલો પોતાના ડહાપણુમાં અને આપમતિમાં ચાલ્યો જાય, પણુ કર્મસત્તા આગળ એ રાંક છે, અસમર્થ છે, કેમકે અજ્ઞાન–મૂઢ છે, કર્મસત્તાથી એ રોળાઈ જાય છે, એક મચ્છરની જેમ ચોળાઈ મરે છે ! એને ખબર નથી કે એકલું સર્વજ્ઞ જ્ઞાની ભગવંતોનું જ ડહાપણુ એમની જે સાક્ષાત્ દૃષ્ટ હકીકતની વાણી જ એવી સમર્થ છે કે જે કર્મસત્તાને પડકારી શકે છે, મહાત કરી શકે છે. બાકી આપમતિમાં તો પોતે કરી રાખેલ ધનરક્ષાની માનરક્ષાની, દેહરક્ષાની, કુટુંબ પર વર્ચસ્વ વગેરેની ધારણા બધી જ કર્મસત્તા દ્વારા નિષ્ફળ કરાય છે. જગતમાં આના દાખલા દીવો લઈ શોધવા નીકળવું પડે એમ નથી; ઠામ ઠામ દેખાય છે. જીવતા જીવે કોઈની આબરૂ ખત્મ ! કોઈનું ધન ખલાસ ! કોઈનું કુટુંબ વાંકું ! કોઈને એકાએક ટી.બી.–કેન્સર–લકવો વગેરે જોવા મળે છે ને ? ત્યારે મુઆ પછી તો કાયા–કંચન–કીર્તિ કુટુંબ બધું જ અહીં પડ્યું રહી ભાઈ પોતે જ ઊડ્યા ! ક્યાં ? કોઈ અગમ–નિગમ પ્રદેશમાં કે જેનું એડ્રેસ સગા છોકરાઓને ય ન જડે !

## જ્ઞાનીના જીવન-મૃત્યુમાં શી વિશેષતા? :—

પ્ર૦-પણ એમ તો જ્ઞાનીના વચન અનુસાર ચાલનારને ય આપત્તિ અને મૃત્યુ ક્યાં નથી આવતાં?

ઉ૦-એને આપત્તિ અને મૃત્યુ આવે છે, પણ એની પેલી કાયા-કંચન-કુટુંબ-કીર્તિની રક્ષા કરવાની ધારણા નથી, આવેશ નથી, આંધળિયા નથી, એટલે એને રોકવાનું નથી; હાયવોય નથી, ચિંતા નથી; તેમ મર્યા પછી દુર્દશા-અધઃપતન-અધોગતિમાં ફસાવાનું નથી. પેલા તો અહીં ય રુએ! ને પરલોકમાં ય રુએ! આને અહીં પણ નિશ્ચિન્તતા અને આગળ પણ નિશ્ચિન્તતા!

## ઊંચા આલંબન પર બીજા તરે પણ આપમતિ ડૂબે! :—

રુક્મીએ જ્ઞાનીના વચનનો અનાદર કર્યો અને આપમતિએ ચાલી, તો શો સાર કાઢ્યો? બધા ચકિત થઈ જાય એવું એનું અનુચિત બોલવા સાથે જ મૃત્યુ થઈ ગયું! માન ક્યાં રહ્યું? શી આબરૂ સચવાઈ? અવધિજ્ઞાની મહર્ષિના મળેલા આલંબન પર જ્યારે બીજાઓ આરાધકભાવ અને આરાધનામાં આગળ વધી રહ્યા છે, ત્યારે આ નાદાન આપમતિ રુકમી વિરાધકભાવ અને વિરાધનામાં દોડી! માનસંજ્ઞાને પરવશ પડી તેણે આરાધનાને મહત્ત્વ ન આપ્યું, પણ માનરક્ષાને આપ્યું! પરંતુ માને ય રહ્યું નહિ, ને આરાધનાય ગુમાવી! એટલું જ નહિ પણ મહાવિરાધનામાં પડી! યેનકેન માયા, મૃષા, મહ-

ર્ષિને ખોટા પાડવા, વગેરે ચલાવી પોતાનો કક્કો ઊભો રાખવા મથી! શું પરિણામ? દુઃખદ દુર્ગતિના ભવોના ઘોર ત્રાસ-યાતના-વિટંબણાઓ શરૂ થઈ ગઈ.

## જ્ઞાનીના વચનની બહાર કે અંદર:—

કહો જો, મહત્ત્વ કોને આપવાનું છે? આરાધનાને કે આપમતિની કાયા-કંચન કીર્તિ-કુટુંબની રક્ષાને? જ્ઞાનીના વચનમાં રહીને એની રક્ષા કરો એનો એટલો વાંધો નથી, પરંતુ વચનને અવગણી એ કરવા જાઓ એનો મોટો વાંધો છે. એ બધાની માવજત-સરભરા કરતાં કરતાં શું ક્યાંક ભૂલ નથી થતી? દિલ નથી બગડતું? ગુપ્ત પાપ નથી સેવાઈ જતું? ભલે એ જ્ઞાનીના વચનની બહાર છે. છતાંય ભૂલ કબૂલ કરી લો. પશ્ચાત્તાપ કરો. દિલના ખોટા વિચાર અને ગુપ્ત પાપોનો પણ સદ્ગુરુ આગળ ઈકરાર કરી પ્રાયશ્ચિત્ત લો, તો જ્ઞાનીના વચનની અંદર અવાય છે.

## ભવ આલોચના કરી?:—

બોલો જો, જીવનમાં એવા માનસિક ક્રૂર, કઠોર, ગલીચ વિચાર શું નથી આવ્યા? તેમ પ્રગટ ને છૂપા કાયા-ઈન્દ્રિયો-વાણીથી પાપો નથી સેવાયા? જો હા. તો શું જ્ઞાની ગંભીર સદ્ગુરુ પાસે એની આલોચના ઈકરાર કરી પ્રાયશ્ચિત્ત લીધા છે? ભવ-આલોચના કરી છે? કર્યા પછી પણ એવું ને એવું પાપ સેવાઈ ગયું તો એ જ ગુરુ પાસે શરમાયા-સંકોચાયા વિના પશ્ચાત્તાપભર્યા હૃદયે આલોચના

કરી છે? જો નહિ, તો પરલોકમાં એનાં કારમાં શલ્ય લઈને ગયે શું થશે? જો એક પાપ એક શલ્યમાં રુકૂમીની ભારોભાર દુર્દશા, તો ઢગલાબંધ પાપો અને શલ્યોની કેટલી ભારી દુર્દશા? ચેતવા જેવું છે. બાજી હજી હાથમાં છે. ધ્યાન રાખો, જીવનનો ભરોસો નથી, રોગ-અકસ્માતનું કાંઈ કહેવાય નહિ ક્યારે આવી લાગે. એ વખતે સદ્ગુરુનો યોગ કે એમની આગળ ઈકરાર કરવા જેટલો અવકાશ નહિ હોય, પછી શું થશે?

ગોશાળાને અંતકાળે પશ્ચાત્તાપ થયો, ભૂલ સમજાણી, પોતાના શિષ્યો આગળ કહી પણ ખરી, એમને સાવધાન રહેવા સલાહ પણ આપી, કિન્તુ ગુરુ આગળ આલોચના કરી પ્રાયશ્ચિત્ત માગવાનું ન બન્યું. ત્યારે હવે કેટલી ભયંકર દુર્દશા થવાની છે એ જાણો છો ને? પશ્ચાત્તાપ ક્યારે થયો? મહાવીર ભગવાનની સામે યોજેલી તેજોલેશ્યા પોતાને જ વળગી અને બળુ બળુ થઈ ગયો. ત્યાં પશ્ચાત્તાપ થયો.

## વીતરાગ સર્વજ્ઞ લબ્ધિનો ઉપયોગ ન કરેઃ—

પ્ર૦-પ્રભુએ એને શીતલેશ્યાથી કેમ બચાવ્યો નહિ?

ઉ૦-એમ તો પ્રભુએ એજ ગોશાળાના તેજોલેશ્યાના પહેલા પ્રયોગથી બળતા સુનક્ષત્ર-સર્વાનુભૂતિ મુનિએ ક્યાં બચાવ્યા છે? પ્રભુ કેવળજ્ઞાની વીતરાગ સર્વત્ર છે. એમની પાસે અંતરાયક્ષયથી અનંત લબ્ધિઓ પ્રગટ છે છતાં

વીતરાગ હોઈ એનો ઉપયોગ ન કરે; કેમકે એ સરાગ અવસ્થાનું કાર્ય છે. વીતરાગને રાગદ્વેષ નથી એટલે એવા રાગદ્વેષાધીન અનુગ્રહ–નિગ્રહ અને લબ્ધિના ઉપયોગ કરવાના હોય નહિ. માટે તો કોઈ પૂર્વ કે એ ભવનો વૈરી દેવતા ઉપાડી લવણસમુદ્રમાં ફેંકી આવવાની દુષ્ટતા કરે અને ત્યાં એ મહાત્માને ભાવના ચડતાં કેવળજ્ઞાન થાય, અનંતલબ્ધિધર બને, તો ખુદ પોતે કે બીજા વીતરાગ એનો પ્રતિકાર કરતા નથી. સામે કોઈ લબ્ધિપ્રયોગ કરી બચાવ કરતા નથી. ત્યારે લવણસમુદ્રની ઇંચે ઇંચ જગા પર આત્મા મોક્ષ પામ્યા છે ને? નહિતર ત્યાં કોણ મહાત્મા અનશન કરવા જાય છે? એ તો કોઈ છદ્મસ્થને દુષ્ટ દેવતા ત્યાં ડૂબાડે; એ વખતે એ છદ્મસ્થના ભાવની શુદ્ધિ થઈ પરિણામની ધારા વધે, કેવળજ્ઞાન પામે, અને ત્યાં સર્વ કર્મનો અંત કરી મોક્ષ પામે, એ રીતે લવણ સમુદ્ર પરથી પણ સિદ્ધ થાય. શાશ્વતી પ્રતિમા પરથી પણ દેવવડે સંહરણ કરાઈ લઈ જવાતા આત્માને ભાવના વધતા કેવળજ્ઞાન થઈ બરાબર પ્રતિમા ઉપરના આકાશ પ્રદેશમાં હોયે મોક્ષ થાય! એ રીતે શાશ્વતી પ્રતિમા પરથી પણ મોક્ષ ગયા છે, વીતરાગ જાણે છે પણ લબ્ધિપ્રયોગ કરે નહિ, અને આપત્તિ ભોગવનારાના કર્મની વિચિત્રતાએ બીજા અવધિજ્ઞાની દેવતા વગેરેનો ખ્યાલ જાય નહિ, એટલે દુષ્ટને હટાવવાનું થાય નહિ, તેમ આયુષ્ય આવી રહ્યું હોય એટલે પણ એમ બને.

પ્રભુના ઉપર ગોશાળો તેજોલેશ્યા મૂકે છે, બીજા કેવળજ્ઞાની એ પહેલેથી જાણે છે, છતાં એ કાંઈ કહેતા ફરતા નથી, અને બીજા છદ્મસ્થ લબ્ધિધરોનો ખ્યાલ જતો નથી, પછી ગોશાળાને કોણ અટકાવે ? કર્મની આજ જોહુકમી છે કે જેમ બિલાડી ગમે તે રીતે ઉંદરને સપડાવી દે, એમ કર્મ જીવને ફસાવી દે છે, બચાવનાં સાધનોને સ્થગિત કરી દે છે.

વાત આ હતી કે ગોશાળો પોતે જ મૂકેલી તેજોલેશ્યાથી બળુબળુ થઈ ગયો, પણ પ્રભુ પાસે હવે ઇકરાર કરી પશ્ચાત્તાપ પૂર્વક પ્રાયશ્ચિત્ત માગતો નથી. અને પોતાના મુકામે દોડી જઈ ભયંકર ત્રાસ ભોગવી રહ્યો છે. સાત દિવસમાં ખત્મ થનાર છે. અંતે શિષ્યો આગળ ઇકરાર કરે છે કે 'હું બનાવટી જિન છું, મૂળ એ જ ગોશાળો છું અને ધર્માચાર્યનો દ્રોહી છું. ધર્મગુરુનો દ્રોહ કરશે એના મારા જેવા હાલ થશે.' એમ પણ કહે છે કે 'મારા મર્યા પછી મારા મડદાને કૂતરાના મડદાની જેમ દોરીએ બાંધી શ્રાવસ્તિ નગરીની શેરીઓમાં ઘસતા ચાલજો અને જાહેર કરજો કે ઉપકારી ધર્મગુરુનો જે દ્રોહ કરે, એના અહીં પણ આવા બૂરા હાલ થાય.' ગોશાળે બધું કહ્યું, દિલના પશ્ચાત્તાપથી કહ્યું, પણ ગુરુ પાસે આલોચના—ઇકરાર ન કર્યો, પ્રાયશ્ચિત્ત ન માગ્યું, તો શુદ્ધિ શી રીતે થાય?

### જીવન-કર્તવ્ય :—

માટે મનના એકલા પશ્ચાત્તાપના ભરોસે રહેતા નહિ, ગુરુ આગળ સમસ્ત જીવનના પ્રગટ અને છૂપા વાણી–વિચાર–વર્તાવના પાપોની આલોચના કરી લેવા જેવી છે. એ કર્યા બાદ પ્રાયશ્ચિત્ત આપે તે વહન કરવાનું, અને નવી ભૂલ થાય એનું આલોચન કરી પ્રાયશ્ચિત્ત લેતા જવાનું.

મનને કોઈ શંકા રાખતા નહિ કે આપણાં છૂપાં પાપ ગુરુ બીજાને કહી દે તો? ના, ગુરુઓ ગંભીર હોય છે, પોતાના અંગતમાં અંગત શિષ્યને ય ન કહે, પછી બીજાને કહેવાની વાતે ય શી! એ તો એમના પેટમાં પડ્યું એટલે જાણે દરિયામાં પડ્યું.

### મહાનિશીથ વાચનાનો અનુભવ :—

અમે અહમદનગર ચોમાસું હતા, ત્યાં પચીસેક મુનિઓને મહાનિશીથ સૂત્રનાં પહેલાં બે અધ્યયનની વાચના ચાલી. એમાં આ જ અધિકાર હતો કે બાળભાવે પોતાના પાપોની ગુરુ આગળ આલોચના કરી આત્માને શલ્ય રહિત કરવો. એ સૂત્રમાં સાધ્વીના પ્રસંગમાં કોઈને એવો આલોચનાનો ભાવ થતાં, કોઈને ગુરુ પાસે આલો-ચના કરતાં, કોઈને વળી પ્રાયશ્ચિત્ત લેતાં એમ સાધ્વીઓના પરિણામની શુદ્ધિ થતાં એ કેવળજ્ઞાન પામી; એનો પણ એ સૂત્રમાં અધિકાર છે. પાપશુદ્ધિ, નિઃશલ્યતા, નિખા-લસ પવિત્ર વિશાલ હૃદય વગેરે કરીને શલ્યોદ્ધારની

ગંભીરતા, જીવનમાં એની અતિ આવશ્યકતા, તથા એથી આત્માને કેટકેટલા મહાન લાભ અને ઉન્નતિ પ્રાપ્ત થાય, એ સમજાવાતાં મુનિઓને શૂરાતન ચઢી ગયું; અને ગુરુદેવ તો પરમ કારૂણિક પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ મળેલા હતા; એ પૂરા ગંભીર ! એટલે એકેક મુનિએ જઇને એમની પાસે ઠેઠ બાલ્યકાળથી માંડીને અત્યારસુધીનું પોતાનું જીવન ખોલી નાખ્યું ! રજે રજ છૂપા પણ પાપોને પ્રગટ કરી દીધાં, પ્રાયશ્ચિત્ત લીધાં! એનો અજબ પ્રતાપ કે આજ સુધી વિચારમાં પણ પોતાનાથી દુષ્કૃત્ય ચિંતવાયું હોય એની આલોચના કરે છે. આનું કારણ (૧) હૃદયમાં કોઈ પાપનું શલ્ય રહી જાય એનો ભય હતો, (૨) નિખાલસતા હતી અને (૩) ગુરુ ગંભીર પેટના હતા; ગંભીર એવા કે ન તો આલોચિત પાપની વાત બીજા કોઈને કહેવાનીઃ કે ન આલોચના કરનાર પ્રત્યે પછીથી લેશ પણ સૂગ કે અરૂચિ દાખવવાની.

## આલોચનાના લાભ :—

જીવનમાં બીજાં વિશિષ્ટ ધર્મ પરાક્રમ કદાચ ઓછાં થાય, પણ સાફ દિલે પાપશુદ્ધિ થાય, ગુરુ આગળ નિઃશંક આલોચના અને શલ્યરહિતતા થાય એ અત્યંત આવશ્યક છે. એથી વિરાધકભાવથી બચી જવાય છે! દોષ દુષ્કૃત્યનાં ઊંડા અનુબંધ પડતા અટકી જાય છે! અને ભવની

દુઃખદ પરંપરાના ભોગ નથી બનવું પડતું ! એટલા જ માટે શ્રાવકોને માટે વાર્ષિક ૧૧ કર્તવ્યો બતાવ્યાં એમાં શિખર પર અગિયારમું કર્તવ્ય શુદ્ધિ આલોચનાનું બતાવ્યું. એટલે યોગ્ય ગુરુ પાસે ભવ–આલોચના અને પછી બની જતા દરેક પાપની આલોચનાનું કાર્ય અવશ્ય કરવા જેવું છે.

**ત્યાં ધ્યાન આટલું રાખવાનું** કે 'છાશ લેવા જાય ને દોણી સંતાડે એવું ન થાય. આલોચના કરવાના એ પાપ પ્રકાશન કરવાનું એટલે દિલના વિશુદ્ધભાવે કોઈ જાતની માયા ન સેવતાં, માનાકાંક્ષા ન રાખતાં, માન-હાનિનો ભય બાજુએ મૂકી સ્પષ્ટ સાફ જે ભાવે પાપસેવન કર્યું હોય, જેવું કર્યું હોય, તે પ્રમાણે બધું ખુલ્લંખુલ્લું કરીને રહેવાનું. સંવેગની વૃદ્ધિ કરી સંતાપ–પશ્ચાત્તાપ ભર્યા દિલે ગદ્ગદ શબ્દમાં કહેવાનું.

## શલ્યોદ્ધાર માટે ભયઃ—

હૈયામાં શલ્યનો ભારે ભય અને નિખાલસ ભાવ રહેશે તો જ આ શક્ય થશે. મનને એમ થવું જોઈએ કે 'બીજી બધી મારી ભરપૂર ધર્મ સાધનાઓ અને સુકૃતો, પાપનું એક પણ શલ્ય દિલમાં જ પડી રહીને, નિષ્ફળ ન થાઓ. શલ્યના યોગે મારા ભવના ફેરા ન વધી જાઓ. દુર્ગતિની પરંપરામાં હું ઝડપાઈ ન જાઉં.' શલ્ય ચીજ બહુ ભયંકર ! શરીરમાં રોગનું એક શલ્ય રહી જાય તો

તે આગળ જતાં ખાનાખરાબી કરે છે. મંદિર કે ઘરની નીચે પાયામાં શલ્ય રહ્યા હોય તો મહા અપમંગળ કરે છે. તો પછી આત્મામાં રહેલ છૂપાવેલાં શલ્ય ઘોર અશુભની પરંપરા ચલાવે એમાં નવાઈ શી ? માટે પહેલું તો શલ્ય રહી ગયાનો ભારે ભય જોઈએ.

**બીજું; નિખાલસતા જોઈએઃ—** દિલ માયાવી હશે તો, માનહાનિના ભયથી કાં તો આલોચના થશે નહિ, અગર થશે તો મિથ્યાભાવે થશે, પાપસેવનને હળવું દેખાડીને અગર સંયોગવશ કરવું પડયું એવું ખોટું બહાનું કાઢીને. આ ખોટું છે. આલોચના કરવી તો બહુ નિખાલસ પ્રામાણિક સ્પષ્ટ દિલથી કરવી, આ નિખાલસતાનો ગુણ બીજે પણ કામ લાગશે; કેમકે એનો અહીં ઉપયોગ કર્યો, અભ્યાસ પાડયો.

# નિખાલસતાના મહાન લાભ

## નિખાલસતામાં માનહાની ન થાય ?

પ્ર૦–ગુરુ તો ગંભીર છે એટલે એમની સાથે તો નિખાલસતા આવે. પણ દુનિયા થોડી એવી જ છે ? એની સાથે નિખાલસતા કેમ આવે ?

ઉ૦–એક વાત સમજી રાખો કે નિખાલસતા નિષ્કપટતા શા માટે કેળવવાની છે ? શું આપણી માનહાનિ ન થાય, માન જળવાઇ રહે, એ માટે ? તો તો નિખાલસતાથી એક માયાકષાય દાબ્યો, પણ બીજો માનકષાય પોષ્યો એવું થશે ! ખરી રીતે નિખાલસ વર્તવાનું, નિષ્કપટ વર્તાવ

પ્રામાણિક-સ્પષ્ટ-સાફ-પવિત્ર દિલનો વ્યવહાર કરવાનો તે આપણાં આત્મામાંથી શિયાળ-કાગડા-બિલાડા વગેરેના અવતારમાં પોષેલી માયાવૃત્તિના સંસ્કાર નાબૂદ કરવા માટે છે.

**આ ઉત્તમ મનુષ્યભવ તો જુગજુના તિર્યંચાદિભવ-સુલભ દુર્ગુણોની કુવાસનાઓ તોડવા માટે છે.**

એમાં વળી આ લોથ ક્યાં ઊંચકવી કે 'મારૂં માન જળવાય ત્યાં તો ગુણ દાખવું, પણ માન હાનિ થતી હોય ત્યાં દુર્ગુણ ભલે સેવાય ?' દુનિયાના સર્ટિફિકેટ પાછળ મરીએ છીએ એટલે જ દુર્ગુણ સેવતાં, દુર્ગુણોના પક્ષમાં રહેતાં, આંચકો નથી આવતો. ગુરુ ગંભીર છે એમ આખી દુનિયા ભલે ગંભીર ન હોય, પરંતુ આપણે નિખાલસ-સાફ-સરળ વ્યવહાર રાખી દિલને પવિત્ર રાખવાનું છે તે આપણી જુગજૂની કુવાસનાઓ તોડી ગુણસ્થાનકમાં આગળ વધવા માટેની ભૂમિકા સર્જવા માટે. પછી ત્યાં આપણું માન જળવાયા ન જળવાયાનો વિચાર શા માટે કરવો ? ભૂલતા નહિ,

ગુણસ્થાનક પર ચઢવા માટેની ભૂમિકા માયાવી-કપટી મુત્સદ્દી દિલ અને વર્તાવ ઉપર નથી સર્જી શકાતી. એ માયા-કપટ-મુત્સદ્દીગીરી તો ઉલ્ટું ગુણસ્થાનકની પાયરીએ નીચા ઉતારે છે. ખુદ મોટા મલ્લિનાથ ભગવાનના જીવ જેવાએ પૂર્વ ભવમાં એક બાજુ તો તીર્થંકર નામકર્મ ઉપાર્જે એવી કઠોર તપ વગેરે વીસ સ્થાનકની જબરદસ્ત

આરાધના કરી રહ્યા છે, પણ બીજી બાજુ મિત્રમુનિઓ સાથે જરા મુત્સદ્દીગીરી રમ્યા તો ગુણસ્થાનક ઘવાયું! સ્ત્રીવેદ ઉપાર્જ્યો. સ્ત્રીપણે તીર્થંકર બનવુ પડ્યું! એમ પીઠ–મહાપીઠ એકાવતારી ઊંચા અનુત્તર વિમાનમાં જાય એવી ભગીરથ સંયમ સાધના કરનારા છતાં દિલના જરાક માયાવી ભાવને લીધે બ્રાહ્મી–સુંદરીરૂપે સ્ત્રી તરીકે અવતરવું પડ્યું! જ્યાં જરાક માયા સેવાઇ છતાં બીજી બાજુ તીર્થંકર કે એકાવતારી અનુત્તરવાસી દેવ બનાવે. જબરદસ્ત સાધના અહિંસા–સંયમ–તપની હોવા છતાં પણ આ સ્થિતિ! તો પછી એવી સાધનાનું બળ નથી, અરે! એના દશમા સોમા ભાગની સાધનાનું બળ નથી, અને માયા મુત્સદ્દીગીરી, તે પણ જરાક નહિ, કિન્તુ ભરપૂર સેવાય છે,! ત્યાં કેવા ભયંકર દુઃખદાયી તિર્યંચના ધારાબદ્ધ અવતાર વગેરે પરિણામ નીપજે! એ વિચારવા જેવું છે. એવું ધર્મબળ નહિ એટલે એવી પ્રબળ પુણ્યાઈનું ઉપાર્જન નહિ, અને માયા–મુત્સદ્દીગીરી અને અભિમાન આદિના દોષ ભરપૂર એટલે આકરા અશુભ કર્મનું થોકબંધ ઉપાર્જન! પછી ભવ પરંપરા કેટલી દુઃખ–ત્રાસ–વિટંબણામય અને પાપની આવૃત્તિભરી નીપજવાની?

## આત્માને ચીમકીઃ—

જીવને ખૂણે એકાંતમાં બેસાડી કહો,–'નાદાન! જાગ જાગ, ઉઠ ઉઠ, આ મોહની રમતની ઘોર નિદ્રા મૂક, ગુણની આળસ–બેપરવાઇ છોડ; દુનિયામાં જશ લીધા

અને રોફ માર્યા એ તો વિજળીના ક્ષણિક ઝબૂકા જેવું છે. પછી દુઃખ અને પાપાચરણની ઘોર અંધારી રાત માથે પડશે! અહીં નિખાલસ દિલ, પવિત્રતા, પ્રામાણિકતા, ન્યાયી વ્યવહાર, નમ્રતા–લઘુતા, ક્ષમા–સમતા, તૃપ્તિ–સંયમ વગેરેનો અતિ દુર્લભ સાધનાકાળ એળે ચાલ્યો જાય છે! એની સામે જો. ધ્યાન રાખ, નિખાલસતાદિ ગુણની સાધના એક બે પ્રસંગથી સિદ્ધ નહિ થાય, એનો વારંવાર અભ્યાસ જોઈશે, તો જ સિદ્ધ થશે. શા માટે સોનેરી તક ગુમાવે ?'

## માયા સંસારની માતાઃ—

નિખાલસતા તો બધા ગુણો અને ધર્મની સાધના કરવાનો પાયો છે. પાયામાં માયાવી પણું હશે તો એ સાધવાનું મુશ્કેલ છે. શાસ્ત્રો માયાને માતૃસ્થાન કહે છે. માતૃસ્થાન એટલે માતાનું સ્થાન; માયા એ સંસાર–ભવ-પરંપરાની માતા છે, જનેતા છે. બીજાઓ એટલા ગંભીર નથી એમ કરી એમની સાથે માયા–મુત્સદ્દીગીરીથી વર્તી જશ તો લીધો, સારા તો દેખાયા, પણ એ માયા યાને સંસારમાતાનાં દુઃખદ દીર્ઘ પરિણામ કોણે ભોગવવાના ? ત્રાસમય હલકા તિર્યંચના ભવોની પરંપરા કોણે દેખવાની ? આપણે જ ને ?

## માયામાં બીજાની સહાનુભૂતિ–સહકાર ગયા:—

ત્યારે માયાથી સગાસ્નેહીઓ જોડે વર્ત્યાં એમાં અહીં પણ કઇ મોટી ધન કમાઇ થઇ જાય છે? કઈ રોગ–અટકાયત, જરા–અટકાયત અને મૃત્યુ–અટકાયત થાય છે? જેની સાથે માયા રમી એને સારા દેખાયા, એ કયાં આપણી સેવામાં તૂટી મરે છે? ખરેખર તો માયા–મુત્સદ્દીગીરી આગળ જતાં ઉઘાડી પડી જાય છે. બીજાઓ જાણી જાય છે, અરસ પરસ કહે છે કે 'આ ભારે મુત્સદ્દી છે, માયાવી છે, પછી આપણો કોક સરળ પણ વ્યવહાર મુત્સદ્દીમાં ખપે છે.બીજાઓ સાવધાન રહે છે, અને સરળતાથી આપણે સાધવા ધારેલાં કાર્યમાં એમનો તેવો સહકાર નથી મળતો.

## માયાથી દૌર્ભાગ્ય બન્ને ભવમાં:—

માયાવી–મુત્સદ્દી તરીકે ઓળખાઈ ગયેલો તો જાણે દુઃખદ દૌર્ભાગ્ય નામકર્મ ભોગવતો બની જાય છે. બીજાઓને એનાં પગલાં ગમતા નથી, એ પાસે આવે એ ગમતું નથી. વિચારો, અહીં પણ દૌર્ભાગ્ય ભોગવવું પડે અને ભવિષ્ય માટે કારમા દૌર્ભાગ્યાદિ અશુભ કર્મ ઉપાર્જવા પડે એવી સ્થિતિમાં મૂકનારી માયાભરી મેલી રમત શું કામની? કેવી ખતરનાકએ? માયાવીના સંપર્કમાં જેટલા જેટલા આવતા જાય, એ બધાયને વિશ્વાસ ઊડી જતો હોય છે, એનાથી આઘા ને આઘા રહેવા ઇચ્છે છે, છતા માયાના અંધાપામાં એ વસ્તુ દેખાતી નથી! એને

વિચાર જ નથી આવતો કે 'આ એક પછી એક પરિચયમાં આવનારા મારાથી કેમ આઘાને આઘા રહે છે ?' ઉલ્ટું એમ કલ્પી લે છે કે 'બધી સ્વાર્થની દુનિયા છે ! કેવો ન્યાય ! પોતે માયામાં પોતાનો નીતરતો સ્વાર્થ રમી રહ્યો છે એ જોવું નથી, ને બીજા સારા પરગજુ પણ આત્માઓ પર સ્વાર્થીપણાનો આરોપ ચઢાવવો છે ? એ કેવી અંધતા અને અભ્યાખ્યાન ?

**જાતનું માપ કાઢનારા પ્રશ્નોઃ—**

**જરા વિચારો,**

**(૧) બીજા તમારા સારા પરિચયમાં આવેલા તમારો નિકટ સહવાસ ઈચ્છે છે ખરા ? કે આઘા રહેવાનું ને ઓછા મળવાનું ચાહે ?**

(૨) તમારા પરિચયમાં આવ્યા પછી તમારા પર સ્નેહ–સદ્ભાવ ટકાવી–વધારી રહ્યા છે ? કે ઘટાડી રહ્યા છે ?

(૩) પરિચય સારો થયા પછી બહાર તમારો જશ-વાદ કરી રહ્યા છે ? કે નિંદા ?

(૪) પરિચયમાં આવ્યા પછી પોતાના દિલની વાત તમને કહેવા ઇચ્છે છે ? કે છૂપાવવા ઈચ્છે છે ?

તમારો પરિચય સાધ્યા પછી તમારી સલાહ વાત-વાતમાં લેવા ચાહે ખરા ? જાતનું માપ કાઢો.

(૫) અપરિચિતની વાત જવા દો. પરિચયમાં નહિ

આવેલા તો દૂર દૂરથી તમારૂં કોઇ સુકૃત, કોઈ પરાક્રમ કોઈ યશસ્વી કારકીર્દી સાંભળીને તમારી તરફ આકર્ષાશે, ગુણાનુવાદ કરશે, કદાચ પત્રથી કે કોઈ એકાદા પ્રત્યક્ષ મિલનમાં સ્નેહ–સદ્ભાવ વગેરે દાખવશે. એથી કાંઇ તમારા અંતરાત્માની સ્થિતિનું માપ ન નીકળે. એ તો તમારા સારા પરિચયમાં આવેલાઓ તમારા માટે શું માને છે, ને તમારી સાથે કેમ વર્તે છે, એ પરથી જાતનું માપ નીકળે કે કઈ સ્થિતિ છે. પછી લાંબા નિકટ પરિચય વિનાના માણસોના અભિપ્રાયને આગળ કરી ગાઢ સારા પરિચયમાં આવેલાના અભિપ્રાયને ખોટા પાડવા મથવું, ને 'એ તો તેઓદ્વેષથી એમ વર્તે છે,' એવું કહેવું એ આત્મ–વંચના અને પર–વંચના છે.

## બીજાના સ્નેહ–સદ્ભાવ કેમ ઘટ્યા એના

**પ્રશ્ન :—**

માટે, ખરું વિચારવાનું આ જ છે કે આપણા સારા પરિચયમાં આવેલાઓનો આપણા પર સ્નેહ–સદ્ભાવ, આપણું મૂલ્યાંકન–કદર, આપણું ગૌરવ, આપણી સાથે અંગત દિલનો વ્યવહાર, આપણી સલાહસૂચન લીધા કરવાનું....વગેરે કેવું કરે છે? જો એ વાતમાં ભલીવાર નથી, સ્નેહ–સદ્ભાવ આદિ ઘટ્યા છે તો તે શા કારણે?

(૧) આપણામાં નિખાલસતાની ખામી છે? મુત્સદ્દી-ગીરી છે?

(૨) શું આપણો સ્વભાવ તોછડો–તામસી છે ?

(૩) શું આપણે વાતવાતમાં આપણો જ સ્વાર્થ અને આપણી જ બડાઇ ગાઇએ છીએ ?

(૪) શું આપણા આચારમાં ખામી છે ?

(૫) શું આપણે વાતવાતમાં સામાનું મોઢું તોડી નાખીએ છીએ ?

(૬) શું આપણે રોફ જ બતાવ્યે જઇએ છીએ ?

(૭) શું આપણે હુકમ જ કર્યે જઇએ છીએ ?

(૮) શું આપણે સામાની જરૂર વખતે કામ નથી લાગતા ?

(૯) શું આપણે સામાની કૃતજ્ઞતા દાખવવાનું ભૂલીએ છીએ ?

........આવું આવું કાંઈક વિચારીને શોધી કાઢવું જોઇએ. પરિચિતોના સ્નેહ–સદ્ભાવ આદિ ગુમાવવામાં પ્રાયઃ આવું કોઈ ને કોઈ કારણ હોય છે. કોઇ ગાઢ અશુભ કર્મના ઉદયે એમ બને એ તો ક્વચિતનો પ્રસંગ; બાકી મોટાભાગે પૂર્વે કહેલ કોઇ ને કોઇ ખાસ ખામીના લીધે સ્નેહાદિ ગુમાવવાનું થાય છે.

માટે આ પહેલું જરૂરી છે કે,

**બીજાના સ્નેહ–સદ્ભાવ યશ–સૌભાગ્ય મેળવવાના ઉપાય :—**

(૧) નિખાલસ બનો, સાફ નિષ્કપટ અને વિના ચાલાકી મુત્સદ્દીગીરીનો અંતરાત્મા બનાવી એવો વ્યવહાર રાખો.

(૨) સ્વભાવ ક્ષુદ્ર–તોછડો નહિ પણ ઉદાર અને ગંભીર તથા મળતાવડો સહાનુભૂતિભર્યો બનાવો.

(૩) મુખમુદ્રા, વાણી અને વર્તાવમાં દૃઢપણે સૌમ્યતા રાખ્યા કરી સ્વભાવ સૌમ્ય ઘડો.

(૪) સ્વાર્થને ગૌણ રાખી પરાર્થને આગળ કરો. વાતચીતમાં આપણું ગાણું કે રોદણું ગાવા–રોવાને બદલે સામાનાં રસનું અને ભલાઇનું ગાઓ.

(૫) જાતની બડાઈ કદી ન ગાતા; સામાના સદ્ભૂત ગુણ–સુકૃતની ગુણાનુરાગથી પ્રશંસા કરો.

(૬) કોઈનીય નિંદા ન કરો, ન સાંભળો એનો રસ જ કાઢી નાખો. કોઇનુંય ઘસાતું શા માટે બોલવું? નિંદાની વાત કોઇ કરે તો એ વાતને પલ્ટો મારી સારી ગુણાનુવાદની, તત્ત્વની, કે ધર્મની વાતમાં ચઢાવી દો.

(૭) આપણો આચાર, આપણી આંખ અને આપણું હૃદય પવિત્ર રાખવા ખૂબ ધ્યાન રાખો.

(૮) સામાની ભૂલ હોય તો પણ એને ઉતારી ન પાડતાં એની બીજી સારી વિશેષતા આગળ કરી પ્રોત્સાહન આપો, જેથી એ ભૂલ સુધારવા ઉત્સાહિત થાય.

(૯) બીજાના ઉપર રોફ, સત્તા બજાવવાનું ન કરો, એ કુદરતી આપણું વર્ચસ્વ માથે ધરતો થાય એવા વાત્સલ્ય સંવેદન અને ગંભીરતાથી વર્તો.

(૧૦) બીજાના ઉપર સીધા હુકમ છોડવાને બદલે એની ઈચ્છા પૂછો કે ભાઇ કેમ આ બની શકશે ? એની ઈચ્છા જાગ્રત કરો.

(૧૧) બીજાની જરૂર વખતે અવશ્ય એને ઉપયોગી થાઓ, સહાયક થાઓ.

(૧૨) કોઈની ય કૃતજ્ઞતા માનવા-અદા કરવાનું કદી ન ભૂલો.

જગતમાં સ્નેહ-સદ્ભાવ-સહાનુભૂતિ મેળવવા નિર્મળ યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા, બીજાઓને આદેય અને સોભાગી બનવા, આ બધી વિશેષતાઓની જરૂર છે. એટલું જ નહિ, પણ રુડી ધર્મસાધના કરવા અને સાચા ધર્માત્મા બનવા માટે પણ આ ખૂબ જરૂરી છે.

## નિખાલસતાના અભાવે અનર્થ

ધર્મના પાયામાં જો એ નિખાલસતા વગેરે નહિ હોય તો દેવાધિદેવ અને ગુરુઓ સાથે પણ રમત રમવાનું

મન થશે, સંઘ-સાધર્મિક સાથે પણ માયાવી વ્યવહાર રહેશે, જાતબડાઇ જ ગાવાનું અને ગુરુઓ તથા સાધર્મિકનું અવસરે ઘસાતું બોલવાનું કરાશે. દેવ-ગુરુ સાધર્મિક પાસેથી આપણો જ સ્વાર્થ આંચકી લેવાનું અને એમની તકલીફની પરવા નહિ કરવાનું બનશે! પ્રસંગે એમની પ્રત્યે પણ અ-સૌમ્ય ઉગ્ર મુદ્રા-વાણી વર્તાવ કરાશે! એમના અથાગ ઉપકારની કૃતજ્ઞતા અદા કરવા કશો તન-મન-ધનનો ભોગ આપવાની તૈયારી નહિ હોય!"

કૃતજ્ઞતા તો ઉપકારી આત્માઓ પ્રત્યે જ શું, પણ ધર્મસ્થાનો કે જે આપણને અથાગ પુણ્ય કમાવવામાં આલંબનભૂત સહાયક થઇ રહ્યા છે, એની પ્રત્યે પણ બજાવવાની છે. તે પણ ખાસો ધનનો ભોગ આપીને. આ જો થતું હોય તો શું સાધારણ ખાતામાં તોટાની બૂમ રહે? પણ કહો કે ધર્મ કરનારાઓના જીવનમાં બહાર પણ કૃતજ્ઞતા બજાવવાનું એવું છે નહિ, તેથી અહીં વાંધો પડે છે.

**ત્યારે, કૃતજ્ઞતા વિના ધર્મ કેવો?**
**પરાર્થ હૃદય વિના ધર્મ કેવો?**
**નિખાલસતા-નિષ્કપટતા વિના ધર્મ કેવો?**

રુકમી સાધ્વી નિખાલસતા ભૂલી, કપટ રમી તો જે તુચ્છ માનરક્ષાની આકાંક્ષા રાખીને એ કર્યું હતું તે ય

ક્યાં રહી ? અને જીવન પણ ક્યાં ઉભુ રહ્યું ? તત્કાળ મરણને શરણ થઈ !

મહાવીર ભગવાન આ કહીને ફરમાવે છે, 'હે ગૌતમ આ પ્રસંગથી સૌ સ્તબ્ધ થઇ ગયા. પછી એ અવધિજ્ઞાની સ્વયંબુદ્ધ કુમાર મહર્ષિએ વિધિપૂર્વક સંલેખના કરી પછી પરિવાર સાથે સમ્મેતશૈલગિરિના શિખર પર ગયા. ત્યાં જઇને પાદપોપગમન અનશન કર્યું. અંતે એક માસ અનશન પાળીને શુક્લ ધ્યાનમાં ચઢી કેવળજ્ઞાન પામી મોક્ષે સિધાવ્યા.

રુકમી રાજાના ચરિત્રમાં પ્રાસંગિક ચરિત્ર રાજકુમારનું આવ્યું. પૂર્વ ભવના મૌન સાથે ઉચ્ચ ચારિત્રના પાલને એમને અહીં અત્યંત સુલભબોધિ બનાવ્યા ! એના પ્રભાવે શીલ-બ્રહ્મચર્યના કેટલા બધા ઊંચા પાલક કે સ્ત્રી રાજા રુકમી એમની તરફ રાગદૃષ્ટિથી જુએ છે છતાં એની સામે એવી રાગ ભરી દૃષ્ટિ નાખવાની વાત તો નહિ, પણ ઉપરથી સંસારની વિટંબણા નિહાળી પોતાનું રૂપાળું શરીર બીજાને કામવાસનાની ઉદીરણામાં નિમિત્ત બને છે માટે એવા શરીરનો વિધિપૂર્વક ત્યાગ કરવાના અર્થાત્ સંયમ જીવન લઈ સંલેખના કરીને દેહ-ત્યાગ કરવાના નિર્ણય પર પહોંચી ગયા ! વિશુદ્ધ અધ્યવસાયની ધારા કેવી વધી રહી છે કે એમાં ચારિત્ર લેતા પહેલા વચમાં આશ્રયદાતા રાજાના દુશ્મન રાજાના સુભટો એમના

શીલના પ્રભાવે સ્તંભિત થઇ ગયા ! અને કુમાર પોતે અવધિજ્ઞાન પામી ગયા ! દેવનું મુનિવેશ–પ્રદાન અને આમનો ઝટ ચારિત્ર સ્વીકાર ! અંતે અનશન કરી સર્વ કર્મનો અંત કરીને નિર્વાણપદ પામી ગયા છે.

કુમાર મહર્ષિના જીવનમાંથી શું શીખવાનું ?

સ્વયંબુદ્ધ કુમાર મહર્ષિનું જીવન ઘણું ઘણું શિખવી જાય છે. મૌનનો મહાન પ્રભાવ, પાણી–અગ્નિ વગેરે સ્થાવરકાય જીવોની પણ દયાનો અદ્ભુત પ્રભાવ, શીલનો જબરદસ્ત મહિમા, શુભ અધ્યવસાયની શ્રેષ્ઠ તાકાત, વગેરે વગેરે જોઈ એનો ખપ કરવામાં બધી શક્તિઓ ખરચવી જરૂરી છે, અને તે અત્યંત લાભદાયી છે. પ્રારંભમાં ભલે સર્વાંશે ન પાળી શકીએ, તો પણ જેટલું શક્ય હોય એટલું એ મૌન વગેરે પાળવામાં આત્માનું મહાન ઉત્થાન થાય છે. મનુષ્યજીવનમાં જ આ બધું પાળવાની અનુપમ તક મળે. એ મળ્યા પછી કોણ સુજ્ઞ એ પાળવામાં પ્રમાદ કરે ?

સમજી રાખવાનું છે કે જે જડમાયાની ખાતર આ બધું ગુમાવી એનાથી વિરુદ્ધ આચરણ કરીએ છીએ, એ જડમાયા પડતી મૂકીને જ ચાલવાનું છે. તો શા સારૂ એવી કામચલાઉ માયા ખાતર કાયમી લાભદાયી વસ્તુ ગુમાવવી ? પાછો હિસાબ એવો છે કે એ મૌન, એ સ્થાવર જીવોની પણ દયા, સર્વાંશે નહિ સહી, પણ શક્ય

એટલા અંશે અંશે આચરતા અવાશે તો એના સંસ્કાર જામીને આગળ જતાં સર્વાંશ પાલનમાં પરિણમશે. એકા-એક ઠેકડો મારવાની ગુંજાયશ નથી.

**ગુણોનું કામ જ એવું છે કે એનો થોડે થોડે અભ્યાસ થતાં થતાં મહાસ્વરૂપમાં ખીલી ઉઠે.**

માણસ વિદ્વાન શી રીતે થાય છે ? ક્રમશઃ અભ્યાસ કરતાં કરતાં જ ને ? પંદર વર્ષની ઉંમર સુધી અક્ષરેય ન ભણે તો શું સોળમા વર્ષે એકદમ જ મેટ્રિકનો અભ્યાસ કરી શકે ? પરીક્ષા પાસ કરી શકશે ? છોકરી રસોઈમાં પારંગત શી રીતે થાય છે ? કડિયા–સુથારના છોકરા તૈયાર કેમ થાય છે ? તો ગુણોનું પણ એમ જ સમજો. બાકી કોક વિરલા થોડા અભ્યાસમાં એકદમ જ આગળ આવી જાય એ બને. પણ આપણે આપણી સ્થિતિ તો જોવીને કે આપણામાં એ ગુંજાયશ છે ? કુમાર મહ-ર્ષિએ પૂર્વભવમાં જે સાધ્યું એની પાછળ કેટલોય આરા-ધનાનો અભ્યાસ હશે. હવે ચઢચા ચઢચા તો અલ્પ કાળમાં ગૃહસ્થપણે અવધિજ્ઞાન થયું ! અને એ જ ભવમાં સુકો-મળતા ફગાવી દઈ કડક ચારિત્ર, સંલેખના અને અનશન દ્વારા મોક્ષે પધારી ગયા !

## રુકમીને ઉત્કૃષ્ટ સ્થિતિનું સ્ત્રી–વેદ કર્મ

પેલી રુકમી સાધ્વી બિચારી મહા બ્રહ્મચારી છતાં એક જ વાર દૃષ્ટિ દોષમાં પડી તથા ઘોર–વીર–ઉગ્ર કષ્ટમય તપ

સંયમ–પરીસહસહન છતાં એ એક પાપની આલોચના કરવી ચૂકી અને ઉપરથી માયા શલ્ય રાખી ઢાંકપિછોડો કર્યો, તો મહાવીર પ્રભુ કહે છે કે એણે ઉત્કૃષ્ટ સ્થિતિનું સ્રી વેદ કર્મ ઉપાર્જ્યું ! એટલે ? પંદર કોડાકોડી સાગરોપમ વર્ષને‌ા એ કર્મનો સ્થિતિ કાળ ! બસ, ત્યાં સુધી એવા હલકા સ્રીપણાના મનુષ્યતિર્યંચપણાના અવતાર પામ્યે જા ! એ કર્મપર સંક્રમણ અપવર્તના વગેરે કરણ લાગીને એમાંથી ઓછું થાય એટલું બાદ . મહાવીર પ્રભુના જીવે ઠેઠ મરીચિના ભવમાં બાંધેલ નીચગોત્ર કર્મના છેલ્લા બાકી દળિયાં એક કોડાકોડી સાગરોપમના અંતે ભોગવવા પડચા ને ? એટલે ? તીર્થંકરના ભવે પણ દેવાનંદાની કુક્ષીમાં અવતરવુ પડયું !

દોષ સેવવાનો આપણે અધિકાર બજાવીએ એના પછી કર્મ આપણા પર કેવો દારુણ અધિકાર બજાવે છે ?

રુકમી સાધ્વીએ આ સ્રીવેદ કર્મ ઉપરાંત બીજા તો કેટલાંય અશુભ કર્મ ઉપાર્જ્યાં ! ચારિત્ર ઉગ્ર પાળ્યું હતું એટલે કાળ કરીને તરત તો ભવનપતિ દેવલોકમાં વિદ્યુત્ કુમારી દેવીની નોકરડી નોળિયાનું રૂપ લેવું પડે એવી વાહન-દેવી તરીકે ઉત્પન્ન થઈ ! કયાં ઊંચો વમાનિક દેવલોક કે મોક્ષ પમાડેએવું કષ્ટમય ચારિત્ર–પાલન ? અને કયાં એને રદ કરે એવું આવી હલકી વાહનદેવી તરીકે જન્મ આપનાર પાપશલ્યનું છૂપાવવું ?

## કર્મના સૂક્ષ્મ હિસાબના ચોપડાં અબાધ્ય છે !

એ ધ્યાનમાં રાખીને એક પણ પ્રચ્છન્ન–છૂપું નાનું પણ પાપ, નાનો પણ કુવિકલ્પ કરતાં વિચાર કરવો જોઇએ છે. આંખ–મિંચામણાં કરી ગોટા વાળ્યે જઈએ, છૂપા અને પ્રગટ પાપો સેંચે રાખીએ, કુવિચાર–વિકલ્પોનો હિસાબ નહિ એટલા કર્યે જવાય, પણ આત્મા પર એની રજેરજ નોંધ થાય છે, એ ભૂલવા જેવું નથી.

## ધર્મીને કષ્ટઆપત્તિ કેમ ? :–

કેટલાય માણસો ફરિયાદ કરે છે અગર મનમાં મુંઝાય છે કે અમે આટઆટલો ધર્મ કરીએ છીએ છતાં કષ્ટ–દુઃખ–મુશીબતીઓ કેમ આવે છે ? પણ એમણે ક્યાં જોવું છે કે અહીં પુણ્યાઇ ઉદય આવી એ તો પૂર્વના ધર્મથી, પણ સાથે પાપાચરણ–પાપવિચાર–પાપભાષણ કર્યા હશે એનું શું ? મન બગાડવા પર કોઈ અંકુશ નહિ, અરે ! ધર્મના સ્થાનમાં આવ્યા–બેઠા પછી પણ એ કરતાં સંકોચ કે ભય નહિ, તેમ કર્યાની એવી ભારોભાર અફસોસી અને દંડ નહિ કે ફરીથી એના પર અંકુશ આવી જાય ! પછી સૂક્ષ્મહિસાબી કર્મના ચોપડે કેમ એ અણ–નોંધાયાં જાય ? ગુના ખટકે છે ?

**જે ગુનાની પાછળ કઠોર દંડ નહિ એ ગુનો શે સુધરે ?**

કુમારપાળ મહારાજાએ ચોમાસાના નિયમોમાં બ્રહ્મચર્ય અંગે એવી ધારણા રાખી હતી કે મનથી એનો ભંગ થાય તો ઉપવાસ કરવો. કદાચ આવા બે-ચાર ઉપવાસનો દંડ ભોગવ્યો, પછી મનની મંજાલ છે કે ભંગનો વિચાર કરે? અને મન કાબૂમાં આવ્યું તો વાણી અને કાયા તો સીધાદોર ચાલવાના. કુવિકલ્પ રોકવા માટે આવી કોઈ સજા રાખો છો? અરે! નાની ય સજા રાખી છે કે ખોટો વિચાર આવે તો ૧૨ નવકાર ગણી લેવા? એક નવકાર વાળી ગણતાંય આટલી જ ટેક રાખોને કે 'વચમાં બીજો વિચાર પેસે તો ત્યાં ફરીથી નવકારવાળી શરૂ કરવી.' ભલે શરૂ શરૂમાં બે-ચાર-પાંચ વાર ફરી ફરી શરૂ કરવી પડે, પણ પછી જોજો મન કેવું પાધરૂં દોર થતું આવે છે.

મૂળ, અશુભ ભાવનો અને અથાગ કર્મબંધનો ભારે ભય લાગવો જોઈએ, 'આ ઉત્તમ ભવમાં અધમ ધંધા કરીશ, પાપમય વાણી-વિચાર-વર્તાવ આચરીશ, તો કેવાં કર્મના થોક ઉપાર્જાઈ કેવા દુઃખદ ભવોની રામાયણ સર્જાશે! એનો પાકો ભય-ફફડાટ-ચિંતા રહેવી જોઇએ. પછી એ પાપમય પ્રવૃત્તિ પર અંકુશ મૂકવાનો ઉપાય આપમેળે યોજવાનું કરાય; બરાબર જાગતા રહીને સર્વ શકિતએ પાપથી આઘા રહેવાનું કરાય ભવ અને પાપને ગાઢ સંબંધ છે. પાપાચરણથી ભવવૃદ્ધિ થાય છે. માનવજીવન એ મૂળ બોમ્બે સેન્ટ્રલ સ્ટેશન જેવું છે. ત્યાંથી ઉપડેલી ગાડી દૂર દૂર પહોંચતી જાય છે, પાપનું એન્જિન

જોડ્યું કે આત્માની ગાડી કેટલાય દુર્ગતિનાં સ્ટેશનો કરતી કરતી લાંબે જવાની !

રુકમી સાધ્વી ભૂલી પડી તે હલકા દેવજન્મ પછી જાણે ભવસાગરમા ખોવાઈ ગઇ ! મહાવીર પ્રભુ કહે છે, 'હે ગૌતમ ! એ નરેન્દ્રશ્રમણી સમસ્ત દુઃખ–દૌર્ભાગ્ય-દુઃખને અનુભવતી સકલ લોકોથી અપમાન તિરસ્કાર પામતી હલકા મનુષ્ય-તિર્યંચના અનેકાનેક ભવોમાં ભટકતી થઈ ગઇ ! પોતાનાં ફળ ભોગવવામાં દુઃખમય હલકા જન્મોનો હિસાબ ન રહ્યો !'

પાપશલ્યથી ખાસ બચો:–

મૃત્યુ પર્યંત શલ્ય રાખી મૂકવાથી પછી એ આત્મામાં એક ભયંકર ગુમડાની જેમ કેવું પાક પર અને ચેપ પર ચઢે છે ! ડાહ્યા હો તો બધું જાતડહાપણ બાજુએ મૂકી, 'ગુરુ ગંભીર નથી,' 'મારી માનહાની થાય,' 'હવે આટલું પાપ ગુરુની આગળ ન આલોચ્યું તો શું થઈ ગયું ? મનથી પશ્ચાત્તાપ કરી લઇશું'.......વગેરે વગેરે આપમતિ કોરાણે મૂકી આ પહેલું કરજો કે પ્રગટ કે છૂપાં વિચાર–વાણી–વર્તાવનાં પાપ ગુરુ આગળ પશ્ચાત્તાપભર્યા દિલે અને બાળભાવે પ્રગટ કરી યાને આલોચના કરી નિઃશલ્ય બનજો અને એનો દંડ માગી લેજો અને તે ભરી આપજો.

મહાનિશીથ સૂત્રમાં આ રુકમીનો અધિકાર આવે છે. ત્યાં આની પૂર્વના અધિકારથી જાણવા મળે છે કે રુકમીએ શલ્ય રાખવા પર એક લાખ ભવ સંસારમાં કર્યા! કેટલા? ૫-૧૫ નહિ, ૧૦૦-૨૦૦ કે ૧૦૦૦-૨૦૦૦ નહિ, એક લાખ ભવ! કેવા? દેવ-મનુષ્યના સુખ-વૈભવ ભર્યા? ના, દુઃખ-દારિદ્ર-દૌર્ભાગ્ય અને પરાભવ-અપમાન-ભર્યા મનુષ્ય-તિર્યંચના ભવ! લક્ષ્મણા સાધ્વી પણ આવા શલ્યના યોગે ૮૦ ચોવીસી યાને લગભગ ૮૦૦ કોડાકોડી સાગરોપમ એટલે કે ૮૦૦૦ કોડાકોડી પલ્યોપમ કાળ સંસારમાં ભમી ને? એક પલ્યોપમમાં અસંખ્ય વર્ષ જાય! વિચારજો ગુરુ પાસે આલોચના ન કરતાં હૃદયમાં છૂપા શલ્ય રાખવાનો નતીજો કેટલો બધો ભયંકર?

આટલે સુધી રુકમીનાં પતનનો ઇતિહાસ આવ્યો, હવે એનાં ઉત્થાનનો અધિકાર આવે છે, પરંતુ છેલ્લાં બે ભવનો અહીં વિચારવાનો છે. એક જ જીવનમાં વિરાધના અને આરાધના કેવું કામ કરી જાય છે એનો આ પરથી ખ્યાલ આવશે.

### માયાશલ્યથી લાખ ભવ!:—

સુરાસુરેન્દ્ર-પૂજિત ત્રિભુવન ગુરુ શ્રી મહાવીર પરમાત્માએ નરેન્દ્ર શ્રમણી રુકમીના સશલ્ય મૃત્યુ બાદ અનેકાનેક દુઃખ મનુષ્ય-તિર્યંચના અવતાર થયાનું કહ્યું. એક વારના દૃષ્ટિદોષને બાદ કરતાં રુકમીની ગૃહસ્થવાસમાં

પણ બ્રહ્મચર્યની સાધના એટલી જોરદાર સાધના હતી, અને ચારિત્ર જીવન સ્વીકાર્યા પછી એટલી બધી ઘોર–વીર –ઉગ્ર કષ્ટમય તપસ્યા, રસત્યાગ, વિવિધ અભિગ્રહ, સંયમ તથા પરીષહસહનની સાધના હતી, કે અલ્પ ભવમાં મોક્ષ થઇ જાય. છતાં એના મૂળમાં જરૂરી દિલની સરળતા રાખી માયા–શલ્યનો જે ઉદ્ધાર કરવો જોઇએ એ એણે ન કર્યો, તો એક લાખ ભવ સંસાર-ભ્રમણ ઊભું થયું.

**સરળતાને બદલે દંભ અને વક્રતા એ પ્રખર સાધનાને પણ કેવી ફોક કરી શકે છે!** માટે તો મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે અધ્યાત્મસાર નામના શાસ્ત્રમાં અધ્યાત્મની પ્રગતિનો માર્ગ દેખાડતાં ભવવૈરાગ્ય સાથે દંભત્યાગને પણ પાયામાં આવશ્યક બતાવ્યો. દંભ–માયાનું શલ્ય ખતરનાક છે. ગમે તેટલા ઉગ્રસહો, ધર્મકષ્ટ તપસ્યા કરો, પ્રખર શાસ્ત્રાભ્યાસ કરો, લોકમાં મહાન વ્યાખ્યાતા કે વિદ્વાન આચાર્ય તરીકેની ખ્યાતિ પણ પામો, કિન્તુ દિલમાં જો માયાશલ્ય રાખ્યું, તો એ મોહરાજાનો એક જ સુભટ પેલું બધું અસમર્થ કરવાની શક્તિ ધરાવે છે!

**ચિરકાળના મોહરાજા અને ધર્મરાજાના વિગ્રહમાં** મોહરાજાનો આમ જ વિજય-ધ્વજ ફરકે છે! જીવ બધું સહવા–કરવા તૈયાર છે, પણ મોહનો આટલો પક્ષ છોડવા, માયાની પકડ છોડવા તૈયાર નથી. એટલે ધર્મરાજાનો ત્યાં પરાજય થાય છે. ત્યાં આપણે વિચાર કરવા જેવો છે કે :–

**એક માયાશલ્યથી ઘણો પણ ધર્મ કેમ બગડે છે ? :—**

જીવની આ કેવી ઘેલછા કે 'એક તુચ્છ મીઠા (લૂણ) ખાતર ખીચડી બગાડવા' ની જેમ પોતાની તુચ્છ માનાકાંક્ષા ખાતર માયાસેવી સાધનાનો આખો ઘાણ ખરાબ કરે છે ! પાછો વિશ્વાસમાં તણાય છે કે મારે આટલી બધી સાધના છે, એથી હું ઘણો ઊંચો આવવાનો પછી જરા સિફતથી સારા દેખાવાનું કર્યું, દિલની કોઈ વાત ગુપ્ત રાખી, તેથી શું એટલું બગડી જવાનું છે ? પણ એને ભાન નથી કે એટલું એક માયાશલ્ય હૃદયના ભાવને મહામલિન, ધિટ્ટા અને જ્ઞાનીઓના વચનની ઉપેક્ષા અવગણના કરાવવા સુધી લઈ જનારૂં બને છે ! જુઠ્ઠી રીતે બહાર જશ લેવાની લુચ્ચાઇ કરાવે છે ! આમાં પાયાના સમ્યગ્દર્શનના પરિણામ પણ જોખમાય છે. જાણી જોઇને જ્ઞાનીના વચનનો અનાદર થયો એટલે તત્ત્વશ્રદ્ધા ગઈ ! ને એમ તુચ્છ માનને માયાથી પોષ્યું એટલે સ્વચ્છ શુદ્ધ આત્મદશારૂપ મોક્ષની રુચિ ઉડી !

પ્ર૦—પણ દિલમાં એ બદલનું દુઃખ રાખે તો ? એને ખોટું માને તો સમક્તિ રહે કે નહિ ?

ઉ૦—એમ તો પછી ભગવાનની જાણીબુઝીને આશાતના કરે, યા ઉત્સૂત્ર–ભાષણ કરે, યા જાણી જોઈને દેવદ્રવ્ય ખાય, કે સતી કે સાધ્વીનું શીલ ભાંગે, પ્રવચનનો ઉડ્ડાહ કરે, અને સાથે 'આ ખોટું થાય છે' એમ માનતો

રહે તો શું સમકિત રહે ? છેદ–સૂત્રો શું કહે છે એની તમને ક્યાંખબર છે ? એ સાધ્વાચારના જાણી જોઇને એક, બે અને ત્રીજી વારના ભંગે આજ્ઞાભંગ, અનવસ્થા મિથ્યાત્વ અને વિરાધના, એમ ચાર મહાદોષની આપત્તિ આપે છે !

### મિથ્યાત્વનું રહસ્યઃ—

રહસ્ય એ છે કે એવાં જ્ઞાનીના વચનની અવગણના કરી પોષેલ મહાશલ્ય વગેરે દોષ અનંતાનુબંધી કષાયના ઉદયને આભારી છે, અને એ કષાય સમ્યક્ત્વગુણના ઘાતક છે. બંધી કોટિના રાગ કરાય, દ્વેષ કરાય, એ અનંતાનુબંધી કષાયના ઉદયને સૂચવે છે. કુમાર મહર્ષિએ કેટકેટલી સમજાવટ કરી છતાં રુકમીએ જે માનાકાંક્ષાથી માયા પોષી એ માન–માયા બંધા નહિં તો બીજું શું ? ત્યાં પછી એ મનથી માને કે આ ખોટું થાય છે, તો એ માન્યતા કેવી ? પોકળ જ ને ? ઉત્કટ રાગ એમ જ કરે. જીવને ભુલાવામાં નાખીને પોતાનું કામ કર્યે જાય !

માટે કહેવાનો સાર આ છે કે કદી માયાશલ્યને અને તુચ્છ માનાકાંક્ષાને મનમાં ઘાલતા નહિ. બધો વ્યવહાર સરળ સ્પષ્ટ શુદ્ધ દિલનો રાખજો.

**શાસ્ત્રના દાખલાઃ**–માયામાં સ્ત્રીવેદ બંધાયાનું બતાવે છે. સ્ત્રીવેદ ચોથા ગુણઠાણે સમ્યક્ત્વ દશામાં બંધાય જ

નહિ; એ તો પહેલા અને બીજા ગુણુ ઠાણે જ બંધાય. ત્યાં ક્રમશઃ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય ઉદયમાં હોય છે. શું એ જીવોને સંયમ પણુ પામેલા છતાં ખોટું માનવાની માનસિક કલ્પના રાખતાં નહોતી આવડતી ? પણુ આંતર પરિણુતિના ઘરમાં ચોરી ચાલે એમ નથી. એટલે, મનની આવી ચોરીમાં ફસાતા નહિ.

### દિલડંખનો ભ્રમ :–

'અમે માયાદિ પાપ કરીએ છીએ પણુ અમારા દિલમાં એનો ડંખ છે. એને અમે ખોટું માનીએ છીએ. તેથી અમારા સમ્યકત્વને વાંધો નથી. ભલે સંયમ હણાયું, પણુ સમકિતથી અમારો આરાધક ભાવ ઊભો છે, અને વૈમાનિક દેવલોક તો મળશે.' એવા ભ્રમમાં તણાતા નહિ. આરાધક ભાવ અને સમ્યક્ત્વ માયાશલ્યથી ક્યાંય ઊડી જશે ! મિથ્યાત્વમાં ઘસડાઇ જવું પડશે ! મરિચિએ 'મારે શિષ્ય કરવો છે, માટે 'કપિલા ! ઇત્થં પિ, ઇહયં,–કપિલ ધર્મ ત્યાં પણુ છે અને અહીં પણુ છે, આટલું બોલવા દે' એમ કરી એ બોલ્યા ત્યાં ઝટ પટકાયા મિથ્યાત્વમાં ! એક કોડાકોડી સાગરોપમ કાળ જેટલો સંસાર વધારી મૂક્યો !

### કયા પાપમાં સાચો ડંખ નહિ ? :—

આ શાસ્ત્ર ક્યાંથી લાવ્યા કે ગમે તેવાં પાપ અને ગમે તેટલાં પાપ કરો છતાં જો મનને એ ખોટાં લાગે તો

સમકિત કાયમ? હા, ચાલુ ઘરવાસના જરૂરી આરંભપરિ-ગ્રહનાં પાપ સેવવાં છતાં એનો સાચો ડંખ રહી શકે અને તેથી સમકિત ટકી શકે એ વાત સાચી, પણ આંખ મીચીને સેવાતા બિનજરૂરી હદ બહારનાં આરંભ અને પરિગ્રહનાં પાપ, જ્યાં ને ત્યાં ભારે રોફ અને રોષના પાપ, માયા-શલ્યનું પાપ, જાણી જોઇને સતી-સંયમીના શીલભંગ, બાળ જીવને ઉન્માર્ગે ચઢાવવા, દેવદ્રવ્ય ભક્ષણ, મુનિઘાત શાસનહીલના. ઉત્સૂત્રભાષણ, અસત્ આરોપ, વગેરે વગેરે કોઇ પાપ સેવવું છે, ને દિલને ડંખ? ભગવાનનું નામ લો, એમ કાંઈ પાપના સાચા ડંખ રસ્તામાં નથી પડ્યાં, દેવદ્રવ્ય નાશ આદિ અંગે શાસ્ત્ર સાફ કહે છે 'મૂલગ્ગી બોહિલાભસ્સ' બોધિલાભ-સમ્યક્ત્વના મૂળમાં અગ્નિ છે! એવો કે ભવાંતરે ભવો સુધી જૈન ધર્મનું મોઢું જોવા ન મળે! મુનિપણાના આચારના ભંગ માટે ધર્મદાસગણિ મહારાજે ઉપદેશમાળામાં કહી દીધું કે આચાર પાળવાની પ્રતિજ્ઞા લઇને હવે એનો ભંગ કરનારો, એના જેવો મિથ્યાવાદી બીજો કોણ છે? તે વળી માયાથી ગુપ્તપણે ભંગ કરવાનું અને લોકમાં સારા મનાવવાનું ઉભું રાખવું એ કેટલી દુર્દશા?

પ્ર૦-પણ બીજા અધર્મ ન પામે માટે ગુપ્તતાથી કરીએ તો તો સારૂં ને?

ઉ૦-મનનો આ ઉઠાવો છે. હૃદય તપાસવાની જરૂર છે કે શું બીજા અધર્મ પામે ખરેખર એ ભય છે? કે

પોતાની લઘુતા—હલકાઇ થાય એ ડર છે? તમને તો આત્મનિરીક્ષણ કરતાં ય નથી આવડતું! એટલે જાતના દોષને ઢાંકીને એના પર જાતે જ ગુણનો સિક્કો લગાવવો છે? એને ગુણનો વાઘો પહેરાવવો છે! એથી શું વળશે? ઠીક છે ભોળી અજ્ઞાન દુનિયાને આંખમાં ધૂળ નાખી સારા દેખાયા—મનાયા—પૂજાયા, પણ અહીં અમરવાસ તો નથી ને? હૃદયના વાંકા વળ જિંદગી પૂરી થયા પછી આત્મા સાથે જડબેસલાક સીલપેક થઇ સાથે ચાલશે એનું કેમ? પછી તો એની ત્યાં પરભવે ગમ જ નહિ હોય કે જેથી આલોચના પ્રાયશ્ચિત્ત કરી શકાય; એ તો ભવોના ભવો સુધી અકબંધ ચાલવાના અને દુઃખદ દુર્ગતિઓના ભયંકર ત્રાસ દેખાડવાના! દુનિયાને અવળા પાટા શા સારુ બંધાવવા? એમાં કર્મ આપણને જ અવળા પાટા બંધાવે છે!

ખરી વાત આ છે કે દિલની સરળતાનો પાયો પહેલો રચો. એના પર, ભૂલ થઈ જવા છતાં, ઘણો ઘણો બચાવ મળવાના ઉપાય યોજી શકાશે.

**સરળતા છે ત્યાં બચવાના ઉપાય છે, વક્રતા છે ત્યાં નહિ,** એવો વક્ર આત્મા વિશિષ્ટજ્ઞાની પાસે પાપનું પ્રાયશ્ચિત્ત લેવા જાય છે ત્યાં વિશિષ્ટજ્ઞાની ના પાડી દે છે કે તારા માટે ખરેખર પ્રાયશ્ચિત્ત નથી. આલોચના કરવી ને વક્રતા રાખવી એ ક્યાંનો ન્યાય? એ કેવી મૂર્ખાઈ? પણ ગુરુ આગળ ખરાબ છતાં થોડા સારા દેખાવાની

મૂઢતા એ વક્રતા કરાવે છે: ત્યાં હૃદયશુદ્ધિ ન થાય, નિઃશલ્યતા ન આવે, સરળતા એટલે ચોકૂખી સરળતા જોઇએ. થોડી વક્રતા એ ખરેખર સરળતા જ નથી, માણસ જ્યારે એમ કહે છે કે 'હા મારી ભૂલ થઈ છે, પણ અમુક અમુક સંયોગને લઇને ભૂલ થઈ કિન્તુ ખાસ ચાહીને નહિ.' ત્યારે આ બચાવ શાના ઘરનો છે? પોતાનું માન ઊભુ રાખવું છે એના ઘરનો. એમાં છૂપી વક્રતા પોષાય છે, એનું એને ભાન નથી. સરળ હૃદય તો માની લે કે 'સંયોગ બંયોગના બહાનાં નકામાં છે. ભૂલ જાણતા જ કરી છે. પછી ભૂલ એટલે ભૂલ. સીધી કબૂલ જ કરી દેવાની.'

## વક્રનો અંતકાળ ભારેખમ :—

સરળ માણસ આ જીવનમાં પણ સ્વસ્થતા ભોગવી શકે છે, પછી ભલે ક્યારેક સરળ ઇકરારને લીધે થોડું વેઠવું ય પડે. પણ દિલ–કોચામણ નહિ રહે. વક્રતા-માયાવીને અંદરમાં દિલ કોચાયા કરશે એટલે શાંતિ–સ્વસ્થતા નહિ રહે. અને ખરૂં તો અંતકાળે ભારે થઈ પડે છે! નજર સામે જીંદગીના કરેલાં એ કાવાદાવા–પ્રપંચ–કૂડકપટ ભૂતાવળની જેમ ખડી થાય છે! જેની જેની સાથે વક્રતા કરી માયા રમ્યો, એ બધા કાંઈ એ વખતે હાજર નથી. તેમ જે હાજર છે એની સાથે રમેલી માયાના બધા પ્રસંગો યાદ પણ નથી. તેથી હવે શી રીતે એ બધા આગળ સાચો

ઈકરાર કરી એ માયાના વળ ઉકેલી શકે? એટલે એના વળ એમ જ પોતાના આત્મામાં જામ પડયા રહેતા દેખી હૈયા પર અપરંપાર ભાર લાગે!

**(૧) ત્યારે સરળ જીવને જીવન પણ ફોરૂં અને મૃત્યુ** પણ ફોરૂં. એ સમજે છે કે 'પાપ કર્યા છે, પણ માયાથી નહિ; ને ઉપરાંત ગુરુ પાસે આલોચના કરી કરી પ્રાયશ્ચિત્ત પણ લીધાં છે; એટલે હૃદય ફોરૂં છે. હવે સરળ હૃદયે એ પાપોની ફરીથી ગર્હા–નિંદા કરવા દે. શાસ્ત્ર દુષ્કૃતગર્હા વારંવાર કરવાનું કહે છે. કેમ વારૂ? કારણ કે એથી દુષ્કૃતની હેયતા–ત્યાજ્યતાનું ભાન જીવતું જાગતું રહે; અને એ ભવસ્થિતિ પકવવાનો એક મહાન ઉપાય છે એમ પંચસૂત્ર શાસ્ત્ર કહે છે.

**(૨) સરળતા ગુણને લીધે બીજાનો વિશ્વાસ** પણ સંપાદન કરી શકાય છે. માયાવીનો કોઈ ભરોસો કરતું નથી. સગી બાયડી પણ વિશ્વાસ નહિ મૂકે, છોકરો ય નહિ મૂકે. ત્યારે જેની સાથે વર્ષો રહેવું છે, જેની સાથે વારંવાર કામ પડે છે એનો વિશ્વાસ ગુમાવવો, પછી એ લોકો શંકાની દૃષ્ટિએ વ્યવહાર રાખ્યા કરે, એમાં શી મજા આવે? ધણીએ રૂ.૫૦૦ લાવીને પત્નીને આપ્યા અને કહે 'લ્યો આ રાખજો,' ત્યાં પત્નીને શંકા રહ્યા કરે કે 'કેમ આપતા હશે? કોણ જાણે એમના મનમાં શોય ભેદ હોય?' તો શું થવાનું? રૂપિયા આપવા છતાં પત્નીનો સદ્ભાવ મેળવી શકાવાનો નહિ. ત્યારે પતિ જો રૂપિયા આપવાને

બદલે ઉલ્ટું માગશે તો વળી વિશેષ શંકા પડવાની કે 'કેમ માગતા હશે ? માગીને લઇ જઇ પાછા લાવશે યા નહિ ?' એમાં નથી ને પાછી રકમ લાવવામાં ઢીલ થઇ, તો પત્નીના મનમાં કંઈ ને કંઈ ગોટા વળશે !

### પૈસાના લોભમાં અનર્થ :—

માણસને આજે પૈસા કેવા વહાલા છે એ તો કાંઇ તમારાથી અજાણ્યું નથી ને ? પૈસાના લોભમાં નિકટના સગા સાથે પણ વૈર-વિરોધ થાય છે. પૈસાના લોભમાં માણસ કાળાં કામ અને દુષ્ટ હૃદય કરે છે. અરે ! પૈસાના લોભમાં ભોળી બાઇઓ આખા શીલભંગ સુધી પહોંચી જાય છે ! લોભની ભયાનકતા ભારે.

એટલે વાત આ છે કે પત્નીને ય પોતાના વહાલા રૂપિયા ધણી લઈ જાય છે, એમાં એનું દિલ કચવાય છે. એમાં વળી ધણી માયાવી છે, તેણે પત્નીનો વિશ્વાસ ગુમાવ્યો છે, એટલે પત્નીનો હૃદય-કચવાટ વધારે થાય એમાં શી નવાઈ ? સારાંશ, એ શું કે બીજા સગા-સ્નેહી, શેઠ-ગ્રાહક, ઓળખીતા-પારખીતા વગેરે શું એમની સાથે માયાભર્યો વ્યવહાર એમનો વિશ્વાસ ઉઠાડી મૂકે છે. પછી એમાં કેટલીકવાર સાચી વાત મારી જાય છે, યા બીજા રૂપે ખતવાય છે. એથી કેટલાય નુકસાન વહોરવા પડે છે. માટે **માયા-પોલિસી મૂકી સરળતા જ અપનાવવા જેવી છે.**

**(૩) સરળતા દાખવવામાં આત્માનું સત્ત્વ ખીલે છે.** સાત્ત્વિક વૃત્તિ વિકસે છે. માયાભાવમાં તો તામસભાવ પોષાય છે, નિઃસત્ત્વતા પોષાય છે. જાણી જોઈને હૃદયમાં જુદું ને બહાર દેખાડવું જુદું, એ તામસ–અંધકારમાં રાચવા જેવું, તામસભાવમાં રમવા જેવું નથી તો બીજું શું છે? બહારના કોઈ નુકસાન–ઠપકો–હલકાઈ પણ વહોરીને દિલ સાફ રાખી સરળ–નિખાલસ વાણી–વર્તાવ રાખવા એ સાત્ત્વિકતા છે, આત્મ–સત્ત્વનો વિકાસ છે. માયાવી સાથેના વ્યવહારમાં આપણે સરળ વર્તવામાં કદાચ બહારનું કોઈ નુકસાન દેખાય તોય તે સરળભાવના અતિ ઉચ્ચ આભ્યન્તર લાભની આગળ તુચ્છ છે.

### કર્મવશ વેઠવાનું પણ સરળતા લાભમાંઃ–

ગુણસેન–અગ્નિશર્મામાં શું બને છે? અગ્નિશર્માનો જીવ ભવે ભવે માયા પ્રપંચ રમે છે, ત્યારે ગુણસેનનો જીવ એક સરખી સરળતા રાખ્યે જાય છે, ભલે ગુણસેનને સ્વકીય કર્મવશ વેઠવું પડે છે, અને કર્મ તો કોને છોડે છે?, પણ સરળતાના યોગે એમનો આત્મા ઊંચે ઊંચે ચડતો જાય છે, તે યાવત્ અંતે સમરાદિત્ય કેવળી મહર્ષિ બની અનંત કાળના સુખના ધામ મોક્ષમાં સિધાવે છે. ત્યારે પેલો જીવ માયા પ્રપંચના યોગે અનંત સંસાર–ભ્રમણ વધારી મુકે છે. માયા ભયંકર છે. સરળતા મહા કલ્યાણકારી છે, અધ્યાત્મ–વિકાસનો મૂળ પાયો છે.

રુકમી–સાધ્વી માયાશલ્યમાં મરી. એક લાખ ભવ સંસારમાં ભમી ! આ લાખ ભવ પણ સ્થૂલ ભવો હશે; કેમકે પ્રભુના કહેલા હિસાબે એણે સ્ત્રીવેદ ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર કોડાકોડી સાગરોપમની બાંધી હતી. એ કાળ કાંઇ સંખ્યાતા ભવે, લાખ શું, કરોડ–અબજ ભવોએ પણ પૂરો થાય નહિ. વળી ત્રસની કાયસ્થિતિ ૨૦૦૦ સાગરોપમ માત્ર. એટલો જ કાળ જીવ સતત બે ઇંદ્રિયથી પંચેન્દ્રિય સુધીના ભવો કરે, પછી કાં મોક્ષે જાય, કાં એકેન્દ્રિયપણામાં જાય. ત્યારે બે હજાર સાગરોપમમાં તો કેટલાય ભવો થાય. પણ ૧૫ કોડાકોડી સાગરોપમની આગળ એ કાળ શી વિસાતમાં ? તાત્પર્ય પ્રાયઃ એકેન્દ્રિયના અસંખ્ય ભવો કરી એ કાળ પસાર થાય. માયાનો કેટલો કેટલો બધો કરુણ અંજામ !

## રુક્મી ક્યારે ઊંચે આવી ? :—

આમ ચિરકાળ દુઃખદ ભવોમાં પસાર કરતાં કરતાં પહેલાં તો એ માયાશલ્ય અને માનાકાંક્ષાના સંસ્કાર નવા નવા ભવોમાં જાગ્રત્ થઇ અધમ આચરણ કરાવે છે; તેથી ભવની પરંપરા ચાલે છે. જૈનધર્મનું મોં જોવા ન મળે ? પણ અતિ દીર્ઘ કાળે અસંખ્ય કાળે એ ઘસારે પડતાં એ રુકમીનો જીવ ધર્મસ્પર્શના ને શુભ કરણીમાં આવે છે. એમાં પ્રગતિ કરતાં કરતાં લાખ ભવના છેવટના ભાગમાં ચક્રવર્તી-પણાનું પુણ્ય ઉપાર્જી પછી ચક્રવર્તીનો ભવ પામે છે.

## રુક્મી ચક્રવર્તી

ચક્રવર્તીના અવતારમાં વૈભવનું પૂછવાનું શું ? છ ખંડના ૩૨ હજાર દેશો અને ૯૬ ક્રોડ ગામનું અધિપતિપણું મળે છે. ૩૨ હજાર મોટા મુગટબદ્ધ રાજાઓ ચક્રવર્તીની આજ્ઞા સ્વીકારી લે છે ? ૧૪ રત્ન, ૯ નિધિ, ૮૪–૮૪ લાખનું અશ્વદળ, ગજદળ, રથદળ, ૯૬ ક્રોડનું પાયદળ વગેરેની માલિકી છે ! એમ અંતઃપુરમાં ૬૪ હજાર તો રાણીઓ છે, અને એ દરેકની સેવામાં બબ્બે સખીઓ, એમ કુલ ૧ લાખ ૯૨ હજાર સ્ત્રીઓનો એ પતિ છે. એક દેવેન્દ્રની જેમ છ ખંડમય ભરતક્ષેત્રની રાજ્યલક્ષ્મીને એ ભોગવે છે.

આ બધો પ્રતાપ પૂર્વના પુણ્યનો છે, અહીંની બુદ્ધિ હોશિયારી કે પુરુષાર્થનો નહિ. ભલે છ ખંડ સર કરવામાં બુદ્ધિ પુરુષાર્થ ઉપયોગી બને, પણ મુખ્ય પ્રતાપ તો પૂર્વના પુણ્યનો જ. દહીંનું વલોણું કરી માખણ કાઢવા માટે ભલે એમાં પાણી ઉમેરવું પડે, પણ માખણ નીકળે તે પ્રતાપ તો દહીંનો જ ગણાય; કેમકે દહીં જેવા સત્ત્વવાળું હશે તે જ પ્રમાણે માખણ નીકળવાનું એજ પ્રમાણે ઠેઠ ચક્રવર્તી કે ઈંદ્ર સુધીના વૈભવ મળે તે પૂર્વના પુણ્યના પ્રતાપે જ. દહીં વિના પાણી ગમે તેટલું વલોવે પણ માખણ લેશ પણ ન નીકળે. તેમ પૂર્વના પુણ્યના ઉદય વિના પણ વૈભવ માટે બુદ્ધિ ગમે તેટલી લડાવે અને પુરુષાર્થ લાખ કરે, છતાં સમૃદ્ધિ સન્માન

વગેરે ન મળે. દુનિયામાં આ બનતું દેખાય જ છે ને? એદી જેવા માણસો મોટા વૈભવી છે, અને પુરુષાર્થી એની નોકરી ભરે છે? કારણ એકને ઊંચાં પૂર્વ પુણ્યનો ઉદય છે, બીજાને એવા નથી. વૈભવાદિમાં પુણ્ય સિવાય બીજું શું નક્કર કારણ છે? કશું નહિ.

સુરસુંદરી માટે બાપે અને પોતે મનમાન્યો પુરુષાર્થ તો કર્યો અને એ રાજકુમારને પરણી, પરંતુ પુણ્ય કાચું તે બિચારી સાસરે પહોંચતા પહેલાં જ વગડામાં લૂંટાણી? ધાડપાડુઓ એને ઉપાડી ગયા અને દૂર દેશમાં જઈ વેચી મારી તે એને એક નટડી બનવું પડ્યું! ત્યારે મયણાસુંદરીનો કે એના બાપનો સારો પતિ મેળવવાનો ચાહીને ખાસ પુરુષાર્થ નહોતો, છતાં પુણ્ય જોરદાર હતું તે મળેલો કોઢિયો પતિ દેવકુમાર જેવો રાજપુત્ર શ્રીપાળ નીકળ્યો! આની પાછળ પુણ્ય વિના બીજુ કોણ કામ કરી રહ્યું છે?

પુણ્યના ઉદય પ્રમાણે જ વૈભવાદિ મળે છે, છતાં માણસને પુણ્યના માર્ગ સૂઝતા નથી ને પાપાચરણ જ સૂઝે છે કે જેનાથી નક્કી દુઃખ આવવાનાં. કવિ કહે છે.

धर्मस्य फलमिच्छन्ति, धर्मं नेच्छन्ति मानवाः।
फलं पापस्य नेच्छन्ति, पापं कुर्वन्ति सादराः॥

—અર્થાત્ મૂઢ મનુષ્યો ધર્મ (પુણ્ય)નું ફળ સુખ સંપત્તિ મળે એમ ઇચ્છે છે, પણ ધર્મ કરવાનું ઈચ્છતા નથી. તેમ, પાપનું ફળ દુઃખ દૌર્ભાગ્યાદિ ઈચ્છતા નથી. છતાં પાપ આદરપૂર્વક હોંશે હોંશે કરે છે.

કેટલું વિચિત્ર! શરદી મિટાવવી છે, પણ હવા ખાવાનું નથી છોડવું! આરોગ્ય જોઈએ છે, પણ પથ્ય નથી સાચવવું! દુઃખ મિટાવવું છે, કિન્તુ પાપ નથી છોડવા! સુખની ઇચ્છા છે, પણ ધર્મ નથી જોઈતો. કારણ વિના કાર્ય કેમ બને? મૂળ સિંચ્યા વિના છોડ કેમ વધે? પાક ક્યાંથી થાય? ધર્મ એ મૂળ છે, સુખ એ ફળ છે. નાના વૈભવથી માંડી મોટા ચક્રવર્તીના વૈભવ પણ ધર્મજનિત પુણ્યથી જ પ્રાપ્ત થાય છે. નહિતર તેવાં ઉચ્ચ કોટિના પુણ્ય વિના જેને તેને ચક્રવર્તીપણું કેમ ન મળે? દુનિયામાં દેખાય છે કે મોટી સૈન્ય-શસ્ત્રાદિની સામગ્રીથી ધાંધલ મચાવનારા અને એક વખત દુનિયાને ગભરાવી મૂકનારા પણ ચક્રવર્તી નથી બની શક્યાં. નેપોલિયન-હિટલર-મુસોલિનીએ ધમાચકડી ક્યાં ઓછી કરી હતી? પણ મનની મનમાં રહી ગઈ, ને એ ઊડી ગયા ને? રુકમીના જીવે દીર્ઘકાળ દુઃખમય ભવો કર્યા બાદ ધર્મનું શરણું લીધું, આગળ વધતાં વધતાં એટલો બધો કષ્ટમય ધર્મ સાધ્યો, કે એણે ઠેઠ ચક્રવર્તીપણાનું પુણ્ય ઊભું કરી દીધું, અને ચક્રવર્તી બન્યા.

હવે અહીં ખૂબી એ હતી કે ધર્મ પણ નિરાશંસ ભાવે કેવળ આત્મકલ્યાણ-આત્મશુદ્ધિ અર્થે સાધ્યો હતો; તેથી ચક્રવર્તીપણાના વૈભવમાં એ જીવ મોહમૂઢ ન બની ગયો.

પ્ર૦-ધર્મ આત્માના કલ્યાણની ઇચ્છાથી કર્યો એ પણ ઈચ્છા આશંસા તો થઈ ને? નિરાશંસપણું ક્યાં રહ્યું?

૭૦–આશંસા પાપ ઇચ્છાને કહે છે.

**૧. રાગ ૨. દ્વેષ કે ૩. મોહથી ધર્મ સધાય એ આશંસાવાળો ધર્મ કહેવાય.**

(૧) બ્રહ્મદત્ત ચક્રીએ પૂર્વભવે ધર્મ સાધતાં મોટા ચક્રવર્તીપણાના વૈભવની કામના કરી, નિયાણું કર્યું, એ રાગથી ધર્મ થયો. એને આશંસાવાળો ધર્મ કહેવાય.

(૨) અગ્નિશર્માએ લાખો પૂર્વ સુધી માસખમણને પારણે માસખમણ કરવા ઉપર ગુણસેન રાજાને ભવોભવ મારવાનું નિયાણું કર્યું, તીવ્ર આશંસા કરી એ દ્વેષથી ધર્મ થયો.

(૩) એમ ધર્મ કરી કોઇ ઇચ્છે કે મને ભવાંતરે ધર્મ મળે માટે દરિદ્રપણું–દાસપણું મળો. એ મોહથી ધર્મ સાધ્યો કહેવાય. મોહ એટલે મૂઢતા. અજ્ઞાન દશા. શેઠાઈ–શ્રીમંતાઇમાં ધર્મનું મન નથી થતું, દાસપણું દરિદ્રપણું હોય તો થાય, એમ માની લેવું એ મૂઢતા છે. ધર્મનું કારણ દાસપણું ય નથી, ને શેઠાઇ પણ નથી. ધર્મનું કારણ તો પાપબુદ્ધિનો હ્રાસ, રાગાદિનો હ્રાસ, આત્મકલ્યાણની જ વિશુદ્ધ કામના, અને અરિહંતનો પ્રભાવ છે. એમની અને એમના શાસનની નિર્મળ પૌદ્ગલિકઆશંસા વિનાની, આરાધના આંતરિક ધર્મનું કારણ છે. એ અહીં કર્યે જાઓ, વચમાં બીજી કોઇ ઘેલછા ન ઘાલો, પરભવે અચૂક ધર્મ મળશે.

વિષયસુખના રાગ ન જોઇએ.

જીવો પર દ્વેષ ન જોઇએ.

અકારણભૂત પૈસા-પ્રતિષ્ઠા વગેરેને કારણ માની લઈ એની આશંસા રાખવાની મૂઢતા ન જોઇએ.

બાકી રાગાદિ વિકારો શમાવવાની ઈચ્છા,

કષાય-મુક્ત થવાની તાલાવેલી,

કર્મ-નિર્જરા કરવાની કામના,

ગુણસ્થાનકમાં આગળ વધવાની અપેક્ષા,

જિનશાસનની જિનચરણની સેવાની અભિલાષા, એ કોઇ પાપ આશંસા નથી, પાપ ઇચ્છારૂપ નથી.

ઉલ્ટું, એમાં તો નિરિચ્છ-નિરીહ નિઃસ્પૃહ બનવાની ઇચ્છા છે, ઈચ્છામાત્રનો અભાવ થાય એવી કામના છે. એટલે એ અનિચ્છાની ઇચ્છા એ શુદ્ધ નિરાશંસભાવ છે. એમાં આગળ વધતાં વધતાં એવી દશા આવીને ઊભી રહે છે કે પછી કોઈ જ ઈચ્છા નહિ, મોક્ષની પણ ઇચ્છા નહિ ને સંસારની પણ ઈચ્છા નહિ. પણ તે આ વિશુદ્ધ કામનાથી ધર્મમાં આગળ વધતાં બને; પણ પાપઇચ્છાથી ધર્મ કરતાં નહિ કે આ આત્મકલ્યાણના લક્ષ વિનાની ગતાનુગતિક ધર્મપ્રવૃત્તિથી ન બને.

## જે અંતે જોઇએ છે તેનો અંશ હાલ નથી જોઇતો ?

આત્મ કલ્યાણ, કર્મ નિર્જરા, રાગાદિ વિકાર-શમન, કષાય-ઉપશમ, જિનચરણ સેવા, વગેરેનું લક્ષ, વગેરેની

તીવ્ર ઇચ્છા તો રાખવી જ જોઇએ. તો જ, ભવિષ્યમાં તો પછી, પણ અહીં અત્યારે જ ધર્મ સાધવાના ફળ રૂપે એમાંનું અંશે અંશેય નિપજાવવાની તમન્ના રહે અને ચાહીને નિપજાવાય.

અંતે વીતરાગ થવું છે, મોક્ષ એવો જ વીતરાગતામય જોઇએ છે, અને અહીં થોડા પણ રાગાદિ વિકારો ઓછાં નથી કરવા, એ મોક્ષની ઈચ્છા કેવી પોકળ !

અંતે સર્વકર્મ ક્ષય જોઇએ છે, ને અહીં થોડો પણ કર્મક્ષય થાય એ માટે ધર્મકષ્ટી નથી કરવી, એ સર્વ કર્મક્ષયની ઈચ્છા કેવી મુડદાલ !

શાસ્ત્ર તો કહે છે કે પરભવ માટે બોધિલાભ યાને જિન ધર્મની પ્રાપ્તિ માગે છે ને અહીં મળેલ જિનધર્મરૂપ બોધિને સક્રિય સાધવા દ્વારા સફળ કરતો નથી, તો તને કયા મૂલ્ય પર પરભવે બોધિનો માલ મળશે ? તને માગવાનો અધિકાર શો છે ? અધિકારી તો અહીં જ પ્રાપ્ત જિનધર્મને જીવનમાં યથાશક્તિ ઉતારનારો છે.

વિશુદ્ધ દિલે કરાતી યથાશક્તિ ધર્મની સાધના એ ભવાંતરે ધર્મ પ્રાપ્ત કરવાનું નાણું છે. અહીં ઉંમર વહી ગઇ, ચારિત્ર પાળવાની સ્થિતિ રહી નથી, પણ ભવાંતરે ચારિત્ર જરૂર મળે એવી ઈચ્છા છે; તો એનાં કોઇ લક્ષણ તો અહીં જાઇશે ને ?

**ભવાંતરે ચારિત્રના લક્ષણઃ—**

(૧) કદાચ જાતે ચારિત્ર અશક્ય છે, પણ કુટુંબને

ધર્મ સિંચી સિંચીને એ પમાડવું તો શક્ય છે ને?

(૨) અરે! એ ય પામે ન પામે એ જુદી વાત, પણ પોતે એની હિતશિક્ષા દેવાનું તો શક્ય ને?

(૩) એમ કોઇ નાનપણમાં યા પરણીને તરત ચારિત્ર લેવા નીકળે એની પણ અનુમોદના તો બની શકે ને? પરંતુ એના બદલે જો અહીં કુટુંબીને સંસાર જ શિખવાતો હોય, ચારિત્ર તરફ જતાં નાના કે નવ પરિણીતને નીંદવાનો હોય ત્યાં ભવાંતરમાં ચારિત્ર મળવાની અહીં ભૂમિકા શી રચાય? કયા નાણાં પર પરભવે ચારિત્ર મળે?

(૪) એમ સંપૂર્ણ ચારિત્ર નહિ, થોડા થોડા ય વ્રત નિયમ અને પાપસંકોચ કરવાની તમન્ના ન હોય તો ભવાંતર માટે પણ ચારિત્ર મળવાની ઇચ્છા જ કેવી?

ક્ષાયિક સમકિતના ધણી પણ નિકાચિત ચારિત્ર મોહનીય કર્મના ઉદયવાળા કૃષ્ણ અને શ્રેણિકે શું કર્યું? ચારિત્ર કે શ્રાવકના વ્રત પણ લઈ ન શક્યા છતાં કૃષ્ણે પોતાની દીકરીઓને ચારિત્ર માર્ગે ચઢાવવાનું કર્યું, રાણીઓને ચારિત્ર લેવામાં સંમતિ આપી દીધી! યાવત્ પટ્ટરાણીને પણ!

શ્રેણિક રાજાને એક જ યોગ્ય સમર્થ દેખાતા પુત્ર અભયકુમારને રાજ્યગાદી સોંપવી છે, પણ અભયકુમાર ચારિત્ર લેવાનું કહે છે, તો સંમતિ આપી દીધી! પછી ભલે નાલાયક કોણિકના ત્રાસ ભોગવવા પડ્યા, પણ અભયકુમાર માટે કે એના ચારિત્ર માટે અફસોસી ન કરી.

આ સિવાય પણ કૃષ્ણ અને શ્રેણિકનાં જીવનમાં અર્હદ્ભક્તિ, સાધુ ભક્તિ, અને ધર્મીનાં સન્માન પણ એવા કરવાનું રાખ્યું હતું કે જેના ઉપર કહી શકાય કે ભવાંતરે ચારિત્ર મળે એનું મૂલ્યભૂત નાણું અહીં ઊભું કરી રહ્યા છે.

સારાંશ, ભવાંતરે જે ધર્મ જોઈએ છે, કે જે મોક્ષ જોઇએ છે, એની કોરી ઇચ્છામાત્રથી નહિ ચાલે, પણ એના માર્ગે કંઈક ને કંઇક પ્રયાણ જોઈશે; તે ય એની શુદ્ધ ઇચ્છા અને સચોટ લક્ષથી. આ રીતે ધર્મ સધાય, તો તે નિરાશંસભાવે ધર્મ સાધ્યો ગણાય.

**રુકમીના જીવે** એ રીતે હવે ધર્મસાધના કરવા માંડી છે તે ક્રમશઃ ચક્રવર્તી થયો, ત્યાં પણ જુઓ કેવા ઉચ્ચ ધર્મ પર ચડી જાય છે! એ પ્રતાપ પૂર્વની ધર્મ-સાધનાનો તો ખરો જ, પણ નિરાશંસભાવનો, કેવળ આત્મહિતની બુદ્ધિનો.

## વિષયેચ્છાથી ધર્મબીજ શેકાઇ જાયઃ—

ધર્મ કરવો કરવો ને વચમાં તુચ્છ વિષય સુખની ઇચ્છા ને લફરાં ઘાલવા, તુચ્છકીર્તિ વાહવાહની કામનાના કલંક ઘાલવા એ ધર્મબીજને શેકી નાખવાનો ધંધો છે. પછી એના પર ધર્મના અંકુર ન ફૂટે.

કેમકે અહીં જ ધર્મનાં ફળરૂપે અધિક ધર્મ નહિ, પણ ધર્મઘાતક વિષય સુખેચ્છા કે કીર્તિ–વાહવાહની ઈચ્છા કરી. પછી જે ઈચ્છયું તેની જ મમતા આગળ

થવાની. એ ન્યાયે ઈન્દ્રિયના વિષયો ઈચ્છ્યા તો વિષયોની જ મમતા આગળ થાય ને? ધર્મની મમતા જ ક્યાં રહે? એનો અર્થ ધર્મબીજ નષ્ટ ?

**સવારથી તપાસો -**

આ બધું બહુ તપાસતા રહેવા જેવું છે કે આપણા દિલમાં કઈ વાસના મુખ્ય બની જાય છે, ધર્મની ? કે દુન્યવી કોઈ ચીજના રાગની, દ્વેષની કે મૂઢતાની ? હૈયાનો ઝોક કઈ બાજુ જાય છે એ તપાસતા રહેવા જેવું છે, જેથી જ્યાં ધર્મ ગૌણ યા લક્ષ-બહાર થતો દેખાયો ને રાગ-દ્વેષ -મૂઢતા મુખ્ય થતા જણાયા કે તરત વિવેક કરી એ ઝોક ફેરવીને ધર્મનો મુખ્ય ઝોક કરી શકીએ. સવારે ઉઠ્યા બરાબર ધ્યાન રાખવા જેવું છે કે મનમાં વિચાર કયા શરૂ થઇ જાય છે ? અને પછી પણ બહુધા વિચારો શાના આવે છે ? ધર્મના ? કે દુન્યવી ચીજ જંજાળના ?

પ્ર૦-આત્મામાં ઓજસ ન પ્રગટતું હોય, ગુણોની મમતા ન જામતી હોય, ધર્મક્રિયામાં તરબોળ રસ ન જામતો હોય, વારંવાર દેવ-ગુરુનાં ઉપકાર યાદ ન આવતા હોય, ....આવું બધું કેમ ?

ઉ૦-તપાસશો તો દેખાશે કે મગજ રાગ-દ્વેષ મોહની આશંસાઓ અપેક્ષાઓ અને વિચારણાઓથી ઘેરાયેલું રહે છે. તેથી આવા મગજે પછી વરસોના વરસો ભલેને ધર્મક્રિયા નિયમિત કર્યે જવાતી હોય, છતાં મિંયા ઠેરના ઠેર,

હૃદયનાં પરિવર્તન –પરિશોધનની દૃષ્ટિએ કશું નોંધપાત્ર પગલું આગળ નહિ ?

આવું ચલાવવું ગમે છે તમને ?

ભવાંતરે ક્રિયાના અભ્યાસ કરતાં વિશેષ તો દિલ લઈ જવાનું છે, એ ભૂલશો નહિ. અલબત્ત એથી કાંઈ સારી કે નરસી ક્રિયા કામ નથી કરતી એમ નહિં, પણ ક્રિયામાં જેવું દિલ હશે એ પ્રમાણે કામ થશે. ક્રિયા સાંસારિક છે અને એમાં દિલ પણ એવું મોહમય ભાવથી ભરેલું છે, તો એ ક્રિયાના વધુ ને વધુ અભ્યાસને લીધે દિલ ગાઢ મોહમય ભાવભર્યું લઇ જવાનું.

ભાવને અનુકૂલ ક્રિયાભાવનું પોષણ કરે છે, ભાવને દૃઢ કરતી જાય છે. જેમકે, હૈયામાં ભાવ જાતવડાઈનો છે, અભિમાનનો છે, અને ક્રિયા પણ બીજાને તુંકાર-તોછડાઇથી બોલાવવા–કરવાનો છે, તો દિલનો સ્વોત્કર્ષ–અભિમાનનો ભાવ પુષ્ટ થતો જવાનો. એથી ઉલ્ટું, ભાવ વાત્સલ્યનો છે, નાનાઓ કે સમાનનું કરી છૂટવાનો સ્વાર્થરહિત ભાવ છે, એ તુંકારથી બોલાવવાનું કરશે છતાં દિલમાં વાત્સલ્ય વધતું જશે. બુઢ્ઢી માતાઓ મોટા આધેડ ઉંમરના પણ દીકરા દીકરીઓને તુંકારથી બોલાવે છે ને ? પણ એની પાછળ એના દિલમાં વાત્સલ્ય કેટલું બધું ઉભરાતું રહે છે ! એની એજ મોટી શેઠાણી તરીકેના અભિમાનથી એમ કર્યે જતી હશે તો એથી અભિમાનનો ભાવ જોરદાર બનતો જવાનો.

**કાપનારા ત્રણ, પણ ભાવ જુદા—**

કસાઈ ધંધો જેમ આગળ આગળ કર્યે જાય છે તેમ તેમ એના દિલની કઠોરતા વધતી જાય છે. શું ક્રિયા નકામી ગઈ? ના, ભાવને વધુ જમાવવામાં કારણભૂત બનતી ચાલી. અહીં ભાવ અશુભ છે, નિર્દયતાના છે, તો ક્રિયા એને મજબૂત કરી રહી છે. એથી ઉલ્ટું કોઈ સેવાભાવી ડાકટર મફત યા બહુ અલ્પ મહેનતાણાથી સાર્વજનિક હોસ્પિટલમાં સેવાના ભાવથી ઓપરેશન પર ઓપરેશનની ક્રિયા કર્યે જાય છે, તો એ ક્રિયા એના સેવાભાવને વધુ ને વધુ પુષ્ટ કરતી ચાલે છે. ત્યારે જો પોતાની ખાનગી હોસ્પિટલમાં રીતસર પૈસા પડાવીને ઓપરેશનો કર્યા જાય છે, તો એનો લક્ષ્મીનો મોહ વધુ ને વધુ સતેજ પુષ્ટ બનતો આવે છે. ક્રિયા અંગ કાપવાની ત્રણેયની છે, ભાવનું પોષણ જે મૂળ દિલ છે એના આધારે થઈ રહ્યું છે,—એકને નિર્દયતાનું, બીજાને સેવાભાવ-પરાર્થવૃત્તિનું અને ત્રીજાને ધન-તૃષ્ણાનું. આમાં ભાવને અનુકૂળ ક્રિયાના ભાવને અભ્યાસે દૃઢ વધુ દૃઢ કરવાનું કર્યું, એ સૂચવે છે કે ક્રિયા નિરર્થક નથી.

**એવું જ ધર્મક્રિયામાં છે.** મૂળ કેવા ભાવના દિલથી ક્રિયા આરંભો છો એ જોજો. જો લોકમાં ધર્મી ગણાઇએ એવી માનાકાંક્ષાથી યાને સારા દેખાવાની આશંસાથી ધર્મક્રિયા કરવા માંડી, દાન દેવા માંડયું, અગર વ્રત-નિયમ-પૂજા-સામાયિક કરવા માડયું, કે તપસ્યા

શરૂ કરી, યા શાસ્ત્ર ભણવા માંડ્યાં, તો પછી એ દાનાદિ જેમ જેમ કરાતા જશે, તેમ તેમ માનાકાંક્ષાનો ભાવ વધતો જશે.

અપવાદ :–

અલબત એક જિનાગમની એ તાકાત છે કે એનુ અવગાહન વધતું જાય ત્યાં ક્યારેક શાસ્ત્રના ગંભીર તત્ત્વ જોતાં માનાકાંક્ષાને ઠોકર લાગી જાય, ને એ નષ્ટપ્રાય પણ થઇ જાય. જેમકે, ગોવિંદ બ્રાહ્મણે સારા વાદી બનવાની કળામાં પારંગત થવા માટે એ વૃત્તિ હૈયામાં છૂપી રાખી જૈનાચાર્યને બહારથી વૈરાગ્ય દેખાડી દીક્ષા લીધી, અને જૈન શાસ્ત્રો ભણવા માંડ્યા પણ ભણતાં ભણતાં જિનાગમની અગાધ વાતો જોઇ મન પીગળી ગયું, જાતની માનાકાંક્ષા પર ઘૃણા થઈ! તિરસ્કાર છૂટ્યો !

આજ જિનાગમનાં જ્ઞાન અને ચારિત્રના ઉચ્ચ ફળ-રૂપે સ્વ–પરના ઉત્કૃષ્ટ આત્મોત્થાન દેખ્યા ! ત્યારે એ છોડી માનપોષણમાં અતિ તુચ્છ અને આત્મઘાતક ફળ દેખાયું. ત્યાં માનાકાંક્ષા ઉડી ! ગુરુ પાસે યથાર્થ નિવેદન કરી શુદ્ધિ કરી, ફરીથી વિશુદ્ધ સંયમમાં લીન થયા અને મહાન પ્રભાવક વ્યાખ્યાતા ગોવિંદાચાર્ય બન્યા, પરંતુ આ ક્યારે ? કે કંઈક પદાર્થ દૃષ્ટિ અંતરમા રમતી હતી, તેમજ મિથ્યામતનાં તુચ્છ તત્ત્વ અને જિનાગમનાં અતિ મહાન તત્ત્વની તુલના તથા બન્ને વચ્ચે આકાશ–પાતાળનાં અંતર મગજમાં રમતાં બન્યા તો જ એ કાર્ય થયું. પણ

આ તો અપવાદ હોં, કે જે બહુ ઓછાને લાધે. મોટા ભાગે તો એ પદાર્થદૃષ્ટિ અને તુલના સાથે મહાન અંતરનું ભાન બહુ ઓછાને રહે. એ નહિ અને કેવળ માનાકાંક્ષાથી ભણાતુ–વંચાતું રહે. ત્યાં એ પઠન–વાંચનની ક્રિયા વધતી તેમ તેમ દિલનો માન અને લોભ કષાયનો ભાવ વધુ ને વધુ પુષ્ટ થતો રહેવાનો. એમાં પછી આગળ વધતાં લોકવાહવાહાર્થે લોકરંજનાર્થે ગમે તેમ ભરડવાનું બને એમાં નવાઈ નથી. આજના અમુક સાક્ષરોમાં આ દેખાય છે ને ? એમના જેવી મંડળી અને ભોળા જીવોમાં પોતાની સારી વિદ્વત્તા દેખાય એ માટે જિનાગમવિરુદ્ધ બોલતાં–લખતાં, જૈન તત્ત્વોને ઉંધા મરડતાં, જૈન ઇતિહાસને કદ્રુપો બનાવતાં, કોઈ આંચ કો છે ? મનઘડંત કલ્પના અને કુત્સિત તર્ક આગળ કરીને બાફે છે ને ?

### ઉલ્ટું બાફનાર આધુનિક સાક્ષર—

એક સાક્ષરે એવા ભાવનું લખ્યું કે, 'પાર્શ્વનાથ ભગવાનના વખતમાં ચાર મહાવ્રત હતા, પછી મહાવીર પ્રભુએ પાંચ મહાવ્રત કર્યા, કેમ ? એટલો બુદ્ધિનો વિકાસ વધ્યો એથી. પૂર્વ કરતાં હવે વધુ સંસ્કારિતા આવી એટલે બ્રહ્મચર્યને જુદુ મહત્ત્વ આપી આચારના પાંચ મહાવ્રત કર્યા.' જુઓ આ મારક વિદ્વત્તા ! આ કુટિલ તર્ક અને કપોલ કલ્પના ! હકીકતમાં શાસ્ત્ર એથી ઉલ્ટું જ કહે છે. મધ્યમ બાવીસ જિનના કાળમાં લોક ઋજુ અને પ્રાજ્ઞ તેથી વધુ સંસ્કારિત હતા, એટલે પરિગ્રહ

વ્રતમાં જ ભેગું બ્રહ્મચર્ય સમજી શકતા હતા. અબ્રહ્મસેવન પહેલા સ્ત્રીને પોતાની તરીકે કર્યા વિના, યાને એના પર પરિગ્રહ બુદ્ધિ-મમતા કર્યા વિના બની શકે નહિ, એટલે પરિગ્રહ-ત્યાગમાં સ્ત્રીનો ત્યાગ સરળ અને પ્રાજ્ઞ ભાવે સમજી શકતા હતા. પહેલા જિનેશ્વરના વારામાં પ્રજા ઋજુ-સરળ ખરી, પણ જડ, કિન્તુ પ્રાજ્ઞ નહિ તેથી આ સમજ આ વિવેક કરી શકે નહિ. તેમજ છેલ્લા જિનેશ્વરના સમયમાં પ્રજા પ્રાજ્ઞ પણ નહિ અને સરળ પણ નહિ, કિન્તુ જડ અને વક્ર તેથી કોઈ સમજાવે તો ય સમજે નહિ, ઉલ્ટું સામી દલીલ કરી સિદ્ધ કરવા મથે કે 'અમે સ્ત્રીને પરણીશું નહિ, પોતાની નહિ કરીએ, કોઇની સ્ત્રી પકડશુ, પછી એ શાની પરિગ્રહ રૂપ કહેવાય?' -આમ પ્રજાની ઋજુ-જડતા, અને વક્ર-જડતાને લક્ષમાં રાખી પહેલા અને છેલ્લા જિનેશ્વર ભગવંતોએ બ્રહ્મચર્ય વ્રત અલગ પાડી પાંચ મહાવ્રત પ્રરૂપ્યાં.

## કોણ વધુ સંસ્કારી, વધુ બુદ્ધિમાન ? :-

હવે વિચાર કરી જુઓ કે શ્રી પાર્શ્વનાથ ભગવાનના વખતમાં પ્રજા વધુ સંસ્કારી ? કે શ્રી મહાવીર સ્વામીના વખતમાં પ્રજા વધુ સંસ્કારી ? પરિગ્રહ પાપમાં જ અબ્રહ્મપાપ સમાવિષ્ટ ન સમજી શકવું એ બુદ્ધિવિકાસ ? કે સમજી શકવું એ બુદ્ધિવિકાસ ? વધારે બુદ્ધિમાન તો એ, કે જે વસ્તુને વધુ ઉંડાણથી જોઈ શકે. કાબેલ ઝવેરી કોણ કહેવાય છે ? હીરાને ઉપર ઉપરથી જુએ એ

કે ઝીણવટથી જુએ એ ? પરિગ્રહ પાપને ઝીણવટથી જુએ તો દેખાય કે સ્ત્રીનો ભોગ એનો પરિગ્રહ કર્યા પછી જ થાય છે, તેથી પરિગ્રહનો ત્યાગ કર્યો એટલે અબ્રહ્મપાપનો ત્યાગ સાથે જ સમજી લેવાનો થઈ ગયો. શું આ સમજી શકે એનો ઓછો બુદ્ધિવિકાસ અને ન સમજે એનો વધુ બુદ્ધિવિકાસ ?

## ત્યારે સંસ્કારિતા પણ અધિક કઈ ?

થોડા વ્રત–નિયમનમાં અધિક પાપ છોડે એ ? કે અધિક ન છોડવાનું બહાનું કાઢે એ ? બાપે માનો બે દિકરાને શીખવ્યું કે 'ભાઈ! જુઓ, વડિલોની અદબ ચૂકવી નહિ' હવે એક દીકરો તો એના વ્યાપક સ્વરૂપને વિચારી એ નક્કી કરે છે કે 'તો પછી વડિલને પૂછયા વિના કાંઈ કામ કરવું નહિ.' બીજો વિચારે છે કે અદબમાં તો એમનો વિનય સાચવવાનું ને સામે નહિ બોલવાનું આવે, પણ વગર પૂછયે કંઇ કરવામાં કયાં અદબભંગ થયો ? બોલો બેમાં વધુ સંસ્કારી કયો દીકરો ? માનો કે તમે જ આવા બે દીકરાના બાપ છો, તો કોને વધુ સંસ્કારી ગણુશો ? વધુ ડાહ્યો ગણુશો ? કોઇ પણ કામ વડિલને પૂછીને કરવું એ પણ વડિલની અદબ જાળવી કહેવાય. સ્વતંત્રપણે પોતાના મનને પૂછીને કરવાનું હોય તો વડિલ કરતાં પોતાનામાં નાનાપણું શું આવ્યું ? વડિલે ય સ્વતંત્ર અને નાનો ય સ્વતંત્ર, પછી આજ્ઞાકારક–આજ્ઞાપાલકનો ભેદ કયાં રહ્યો ? વડિલની અદબ એટલે તો વડિલનું

વડિલપણું આજ્ઞાકારકપણું અને પોતાનું આજ્ઞાધીનપણું, આશ્રિતપણું માથે ધરવાનું. એમાં પછી પૂછવાપણું તો આવી જ જાય. તો જ અદબ જાળવી કહેવાય. આટલું ન સમજી શકે, એ વધુ સંસ્કારી છે? કે સમજી શકે એ વધુ સંસ્કારી?

### આજની ઉંધી સાક્ષરતા—

મહાવીર પ્રભુનાં શાસન વખતની પ્રજા પરિગ્રહત્યાગમાં બ્રહ્મચર્ય સમજી શકતી નથી, એને પૂર્વે સમજી શકનારી પ્રજા કરતાં વધુ સંસ્કારી શાની કહેવાય? પણ આધુનિક સાક્ષર બિચારા કોઇ જે સ્વાત્મ–કલ્યાણના ઉદ્દેશથી નહિ, કિંતુ લોકમાં સારા વિદ્વાન તરીકેની ખ્યાતિની આકાંક્ષાથી એટલે કે માનાકાંક્ષાથી શાસ્ત્રો વાંચે –ભણે છે, એ આધુનિક જમાનાના હવામાં ફસાઈ એમ સિદ્ધ કરવા મથે છે કે 'પૂર્વનો કાળ અલ્પ બુદ્ધિ–વિકાસ અને અલ્પ સંસ્કારિતાનો હતો. તે ક્રમશઃ એમાં પ્રગતિ થતી આવી, એથી પૂર્વ કરતા આજના કાળે વધુ બુદ્ધિ–વિકાસ અને વધુ સંસ્કારિતા પ્રગટી છે.' કેટલી અજ્ઞાન દશા! કેટલી મૂઢતા! કેવો મતિવિપર્યાસ! પરંતુ માનાકાંક્ષાના દિલથી સમ્યક્ શાસ્ત્રોનું ય વાંચન કરાય, તો ય તે માનાકાંક્ષાને વધુ પુષ્ટ કરે એમા નવાઈ નથી. આજનો જમાનો આ માનવાનો ચાલી પડ્યો છે કે 'પૂર્વ કરતાં બુદ્ધિ–વિકાસ અને સંસ્કારિતા વધતી આવી છે!' ડારવીનની થિયરીના આ પૂજારીઓની વચમાં માન મેળવવું

હોય તો કેમ મળે ? એમનું ગાણું ગાય તો જ ને ? એ ગાણું શાસ્ત્રમાંથી યેનકેન પ્રકારે ઉપજાવી કાઢવાનું ! એટલે એ આધુનિક વિચારધારાવાળાઓમાં શાસ્ત્રોના સૂક્ષ્મ ચિંતક તરીકે ખ્યાતિ મળે !

## ભૂલા પડતાં નહિ જમાનાના તૂતમાં

આજે સ્કૂલ–કોલેજોમાં અને છાપા–મેગેઝીનોના લેખોમાં આ મનઘડંત વિકાસવાદના સિદ્ધાન્તનું જ સમર્થન થઇ રહ્યું છે કે આજે વિકાસયુગ આવ્યો છે. ડારવીનની થીયરી મુજબ ‘ શૂન્યમાંથી પૃથ્વી પાણી વગેરે, એમાંથી જંતુસૃષ્ટિ, એમાંથી પશુ, એમાંથી વાનર, એમાંથી માનવ, ....એમ ક્રમશઃ વિકાસ થતો આવ્યો છે! પહેલાં લોકો જડ ને નાગા ફરતા, પત્થરના શસ્ત્ર વાપરતા, પછી ઝાડની છાલ પહેરવા લાગ્યા, લાકડાના શસ્ત્ર બનાવવા માંડ્યા, પછી ઊનના પછી સુતરના વસ્ત્ર અને લોખંડના શસ્ત્ર બનાવતા થયા.....વગેરે. આ બધો ગણતરીના છેલ્લા હજારો વર્ષમાં વિકાસ થતો આવ્યો, એમાં આજે અણું, રોકેટ વગેરે સુધી વિકાસ થયો ’ એવો વિકાસવાદ આજે ચાલી રહ્યો છે.

આ આધુનિક વિકાસવાદ એક તૂત છે; કારણ કે,—

**પૂર્વના વિકાસ જુઓઃ—**

(૧) આજે તો શું છે, પણ ચૌદ પૂર્વ, અને બીજા જૈન શાસ્ત્રોમાં અપૂર્વ વિદ્યાઓ, મંત્રો, તંત્રો, યંત્રો, ચૂર્ણયોગો વગેરેનાં અદ્‌ભૂત વર્ણનો હતાં ! ઉત્થાન શ્રુત, સમુત્થાન-

શ્રુત વગેરે ભણે એટલે એકાએક ગામ ઊઠી જાય! લશ્કર ઊભુ થઇ જાય,

જંઘાચરણ–વિદ્યાચરણ લબ્ધિવાળા પળવારમાં હજારો યોજન આકાશમાં ઊડીને જાય, વિદ્યાધરો વિદ્યાથી વિમાન વિકુર્વી દે!

અમુક અમુક વસ્તુઓનું ચૂર્ણ સમુદ્ર–સરોવરમાં નાંખે ત્યાં હજારો માછલાં એકાએક ઉત્પન્ન થઈ જાય!

અમુક વનસ્પતિ–રસાયણોથી સુવર્ણરસ બને તેના એકેક ટીંપાથી તાંબુ સોનું બની જાય!

વેદ, મહાભારત વગેરે શાસ્ત્રોમાં પણ તેવા મંત્રો, અગ્નિઅસ્ત્ર વગેરેના શસ્ત્રપ્રયોગોની વાતો આવે છે.

કળામાં કુશળ કારીગરો કાષ્ઠના એવા ઘોડા વગેરે બનાવે કે જે યાન્ત્રિક રચનાથી આકાશમાં ઊડીને જાય! એવા તો મોટા કાષ્ઠમય કમળ બનાવે કે જેમાં વચ્ચે મકાન હોય અને સહેજ એક ચાંપ દબાવતાં કમળની વિકસિત પાંખડીઓ આંખના પલકારામાં બંધ થઇ જાય!

કહેવાય છે કે રાજા શ્રેણિક ધનાઢય શાલિભદ્રના મહેલ પર ગયા, ત્યાં સ્નાનાગારમાં સ્નાન કરતાં આંગળી પરથી વીંટી ખસી ગઈ તે પાણી સાથે તણાતી ગઈ કૂવામાં! રાજા! વ્યાકૂળ થઈ વીંટી માટે દૃષ્ટિ ફેરવવા મંડ્યા એટલે તરત શાલિભદ્રના સેવકોએ મેલા પાણીના કૂવામાંથી યાન્ત્રિક પ્રયોગે પાણી ખાલી કરી નાંખી રાજાને કહ્યું.

'આમાં જોઈ બતાવો આપની વીંટી', અમે કાઢી આપીએ' રાજા જોઈ ચકિત થઈ જાય છે, શરમાઈ જાય છે કે 'શું બતાવું ?' કેમકે એમાં તો શાલિભદ્રના એંઠવાડરૂપે કાઢી નાખેલા ઝગમગ–ચકમક ચળકતા દેવતાઈ ઝવેરાતની વચ્ચે પોતાનું મુદ્રારત્ન એક ઝાંખા પત્થર જેવું લાગતું હતું ! આમાં કૂવાનું પાણી ક્ષણવારમાં યાન્ત્રિક રચનાથી ઉલેચી નાખવાનું કર્યું ! ત્યારે એ કાળે યંત્રકળા કેવી પ્રવર્તતી હશે !

એ વખતે રત્નકંબળો કેવી આવતી ? ભઠ્ઠીના સફેદ ઉંદરના રૂંવાડાની બનેલી એટલે એને સાફ કરવી હોય તો અગ્નિમાં નાખવી પડે ! એ બળે–કરે નહિ, માત્ર મેલ બળીને ખાખ થઇ જાય, ને કાંબળ ઉજ્જવળ થઈ નીકળે. શિયાળામાં એ ઓઢવાથી ગરમી મળે ! ને ઉનાળે ઓઢવાથી શીતળ ઠંડક મળે !

કહે છે ને ૨૦૦ વર્ષ પૂર્વે ઢાકાના કારીગર અંગૂઠાની કારીગરીથી એવી બારિક મલમલ વણતા, કે એનો તાકો મૂઠીમાં સમાઇ જાય !

ત્યારે ઔષધ પણ કેવા કેવા ચમત્કારીક હતા એના 'સાપ ગયા ને લીસોટા રહ્યા' ની જેમ આધુનિક કાળે પણ કયાંક ખૂણે ખાંચરે એના જાણકાર અને સફળ પ્રયોગ કરનાર સાંભળવા મળે છે.

હમણાં હમણાં થઇ ગયેલ મહમ્મદ છેલની વાતો સાંભળી છે ને ? ટ્રેનમાં વગર ટિકિટે બેસે, ટિકિટ ચેકર આવે અને ટિકિટ માગે તો ખીસામાંથી ઢગલો ટિકિટો

કાઢી બતાવે! કોઈને મિઠાઇ ખાવી હોય તો એમજ કહે 'લે ધર થાળી' પેલો થાળી ધરે એટલે અદૃશ્ય પણે મિઠાઈ એમાં આવી પડે! તે નજરબંધીની નહિ. સાચેસાચ પેલો મિઠાઈ ખાય અને પેટ ધરાય! એક વાર ભિક્ષા લઈ જતાં એક ગોરજીની મહમ્મદે મશ્કરી કરી 'મહારાજ! આ ઝોળીમાં શું લઈ જાઓ છો? માંસ? જુઓ જુઓ!' ગોરજી અંદર જુએ તો માંસ દેખ્યું! પેલાને કહે છે 'અલ્યા સાધુની ય મશ્કરી? લે ત્યારે ઉભો રહે તું' બસ ગોરજી કહીને ગયા, મહમ્મદ ત્યાંથી ન હાલી શકે ન ચાલી શકે શું કરે હવે? ગોરજીને વિનંતિ કરી બોલાવવા પડ્યા, બજાર વચ્ચે માફી માગવી પડી ત્યારે છૂટ્યો! શું આ? અતિ પ્રાચીન કાળથી ચાલી આવતી વિદ્યા-મંત્ર વગેરેનો પ્રભાવ! એ બધા પ્રાચીન વિદ્યામંત્રાદિસિદ્ધ વિકાસની આગળ આજનો વિકાસ કાંઈ વિસાતમાં નથી. છતાં એને જ વિકાસ કહી ખરેખર-પ્રાચીન વિકાસ પર અંધેર પિછોડો કરવો એ વિકાસવાદ તૂત નહિ તો બીજું શું?

(૨) શાસ્ત્રોમાં વિકસિત વિદ્યાઓ ભરી પડી છતાં ઋષિ મહર્ષિઓ જગતમાં એના પ્રચાર-પ્રકાશન નહોતા કરતા, તે એક જ શુભ ઉદ્દેશથી કે માનવ અને ઇતર પ્રાણીઓનું નિકંદન ન નીકળે. આજે અણુશસ્ત્રોનો ભય વ્યાપક બન્યો છે ને?

**નિર્દોષ માનવપ્રજા ભયભીત થાય એ વિકાસ કે પીછેહઠ?** આજની આ અણુબોંબ, હાઇડ્રોજન બોંબ

અને કોબાલ્ટ વગેરેની શોધોના લીધે તો પરસ્પર રાષ્ટ્રો વચ્ચેનો ભય વધ્યો ! એથી પાર વિનાનો લશ્કરી ખર્ચ પણ વેડફાઇ રહ્યો છે ? એ ભય ન હોય તો એટલો ખર્ચ કેટલીય માનવ રાહત અને માનવ ઉદ્ધારમાં કામ લાગત, !–એમ આજના જ શાંતિપ્રિય લોકો કહે છે !

### હિંસાના પ્લેગમાં વિકાસ કે વિનાશ ? :–

આજે આ શોધો–આવિષ્કારો અને કહેવાતા વિજ્ઞાન-વિકાસમાં હિંસા કેટલી ભયંકર વધી ગઇ છે ! એમાં ય ભારત જેવા ઉચ્ચ સંસ્કૃતિવાળા દેશમાં પણ કેવો હિંસાનો પ્લેગ ફાટી નીકળ્યો છે ? ભયંકર કત્લખાના, ઉંદર–માકણ મચ્છર–વાંદરા–દેડકા–ઘેટાં–બકરાં–વગેરેની જાલિમ હિંસા કેવી નિર્ઘૃણ નિર્દય અને ક્રૂર હૃદયે થઇ રહી છે ! ઉંદર માર, માખીમાર વગેરેના વ્યાપક સપ્તાહ ઊજવાય એ કેટલી નિષ્ઠુર પિશાચી લીલા ? જંતુમારની દવાઓનો ધૂમ પ્રચાર ! જીવતા ઢોરોને ઊકળતા પાણી નાખી અને ધોકેથી કૂટી જીવતા જીવે એ બિચારાના ઉઝરડેલા ચામડાના ક્રોમ લેધરના બૂટ–ચંપલ પાકીટ વગેરેનો ધૂમ પ્રચાર ! હિંસાભરી દવાઓનો અઢળક પ્રચાર ! ઇંડાં–મચ્છી–માંસ વગેરેનાં ભક્ષણ તો જાણે સામાન્ય થઇ ગયા ! આ બધો વિકાસપંથ કે વિનાશપંથ ?

### ઈર્ષ્યા–ચોરી–ખૂન વગેરેમાં વિકાસ :–

કહો જોઉં, આ વિકાસયુગ આવ્યો કે વિનાશયુગ ? લોકોમાં દયા–પરોપકાર–સહિષ્ણુતા–તૃપ્તિ વગેરે સાત્ત્વિક

ભાવ વધ્યા ? કે નિર્દયતા–સ્વાર્થાંધતા–ઇર્ષ્યા–તૃષ્ણાદિ તામસ ભાવ ફાલ્યા ફૂલ્યા ? ચોરી–લૂંટફાટ, ખૂન, વ્યભિચાર અને બદમાશી કેટકેટલા વધી ગયા છે ? લાંચરુશ્વત અનીતિ અપ્રામાણિકતા કેવી જાલિમ વધી ગઈ છે ? નાની પ્રજામાં પણ કેટકેટલી બદીઓ ઊભી થઈ ગઈ છે ? સ્વચ્છંદવાદ, ઉદ્ધતાઈ, હડતાલો, હુલ્લડ, વગેરે કેવા સહજ જેવા બની ગયા છે ?

**પ્રગતિ કે અવનતિ ? :-**

આ બધું શું કહેશો ? માણસ પ્રગતિના પંથે કે અવનતિના ? પહેલાં રૂપિયાનું ચાર શેર ઘી મળતું, આજે બાર રૂપિયે શેર મળે, એમાં કયો વખત વિકાસનો ? ને કયો પીછેહટનો ? પહેલાં માણસનાં જીવનમાં બાહ્ય પ્રવૃત્તિ મર્યાદિત અને આધ્યાત્મિક પ્રવૃત્તિ ભરપૂર ! આજે બાહ્ય ભૌતિક ધાંધલે જ જીવનને ઘેરી લીધું છે. કયાં માનવી યુગ ને કયાં પાશવી યુગ ?

હવે એમ કહેવું કે ‘ પ્રાચીન કાળ અલ્પ વિકાસનો હતો પછાત હતો, અને આજે ખૂબ વિકાસ થઇ રહ્યો છે,’ એ કહેવું કેવું આંખ મીંચીને વિચારશૂન્ય કથન છે ? એક આંધળો કૂવામાં પડયો, પાછળ બીજો આંધળો પડયો ત્રીજો પડયો. ચોથો, પાંચમો....ચાલ્યું ! એમ એક બોલ્યો વિકાસયુગ, બીજો બોલ્યો, ત્રીજો બોલ્યો ...ચાલી પડયું ! એમાંના કોઇને જરા ઊભા રહી, ઠરીને વિચાર કરવાની ઊંડી બુદ્ધિ લગાવવાની ફુરસદ નથી કે ‘ અલ્યા ભાઈ !

જુઓ તો ખરા કે પ્રગતિમાંથી અવનતિમાં છીએ કે અવનતિમાંથી પ્રગતિમાં? આમાં આજના કહેવાતા સાક્ષરોય બિચારા ફસી પડયા છે! એટલે પાર્શ્વનાથ ભગવાન કરતાં મહાવીર ભગવાનના યુગને વધારે વિકાસવાળો અને પેલો અલ્પ વિકાસવાળો યુગ કહે છે! સ્વર્ગને, દેવતાઓને, સર્વજ્ઞતાને હંબગ ગપોડું માને છે! આચાર્યોના શાસ્ત્રોને કલ્પનાથી ઉપજાવી કાઢેલા અગર ઇતરોનું અનુકરણ કરનારા કહે છે! સ્ત્રીઓની સ્વચ્છંદતા મર્યાદાહીનતાને સ્વતંત્રતા અને વિકાસ કહે છે! ઘુંઘટ વગેરેની સ્વ-પર શીલના રક્ષાબુદ્ધિના પ્રાચીન રિવાજોને કુરૂઢિઓ ગણે છે! પાપપ્રવૃત્તિ ઓછી કરી સ્વ–પર આત્મહિતકર ધાર્મિક પ્રવૃત્તિ પુષ્કળ કરવાનું શીખવનાર જૈન ધર્મને નિવૃત્તિ પ્રધાન એટલે કે નિષ્ક્રિય–જેવો કહે છે! અને બૌદ્ધ ધર્મે પ્રવૃત્તિ મુખ્ય કરી તેથી એનો અધિક ફેલાવો થયો એમ કહે છે....આવાં બધાં જૂઠા પ્રતિપાદન એ સાક્ષરતા ને?

### પરલોક લઇ જવાની ચીજ દિલ :–

વાત એવી હતી કે લોક–વાહવાહની આકાંક્ષાના ભાવથી જૈન શાસ્ત્રો પણ વાંચવાની ક્રિયા કરે તો ગોવિંદાચાર્ય જેવાને હૃદય પલટો ભાવપરિવર્તન થાય; એ દાખલો અપવાદ; બાકી તો માનાકાંક્ષાનો ભાવ પુષ્ટ થતો જાય છે, એટલે ક્રિયા નકામી જતી નથી. છતાં એનો સરવાળો ભાવમાં યાને દિલમાં આવીને ઊભો રહે છે. પરલોકમાં લઇ જવાની ચીજ આ સરવાળારૂપ દિલ છે, યાને અહીં મજબૂત

કરેલા ભાવ છે, કેમકે એવું દિલ એવા ભાવ પરલોકમાં સહેજે પ્રગટ થઈ જાય છે.

હવે જો ધર્મ કરતાં પણ ઇંદ્રિય-વિષયોની ને કીર્તિ સત્તા-સન્માનની-તૃષ્ણાના ભાવ રાખ્યા તો એ પૂંઠે લાગી સમજો! ધર્મનું ફળ પુણ્ય ભોગવતાં એ તૃષ્ણા જોરદાર પ્રવર્તતી રહેવાની! અને કહે છે ને કે 'ઘણાવાળાને ઘણી માયા-તૃષ્ણા' એનું દુઃખદ પરિણામ સમજી શકો છો. રુકમી સાધ્વીના જીવે ચક્રવર્તીપણાનું પુણ્ય ઉપાર્જતાં કરેલ ધર્મ આવી કોઈ તૃષ્ણા-આશંસા વિનાનો અર્થાત્ નિરાશંસભાવનો હતો. તેથી ચક્રવર્તીની મહાસમૃદ્ધિ પ્રાપ્ત થઇ છતાં એમાં એવી આસક્તિ, તૃષ્ણા, મમતા માયા નથી.

## રુકમી-જીવ ચક્રવર્તી દીક્ષા લે છે

એક અવસર એવો આવી લાગ્યો કે આ ચક્રવર્તી સંસારના કામભોગોથી અત્યંત નિર્વેદ-ઉદ્વેગ પામી ગયો. અંતરમાં કંઈક અંશે પણ જાગતા માણસને કે વિવેક ધરનારને એવું કાંઈક નિમિત્ત મળતાં વિવેકનો વિચાર સ્ફુરે છે, અને એ એમાં આખા સંસારનો અને સમગ્ર જીવનનો ક્યાસ કાઢી લે છે. 'સંસાર કેવો? ઉપાદેય કે ત્યાજ્ય? સાર કે અસાર? જીવનમાં અંતે શું? આત્માને લઈ જવાની સુસંસ્કાર-સમૃદ્ધિ? કે કુસંસ્કારનો ઢેર? ગુણવભવ કે દોષપુંજ?' આનો વિવેક કરી યથાર્થ તારવણી કાઢીને અસત્ ત્યજી સત્‌ને વળગે છે.

## ચક્રવર્તીની સમૃદ્ધિ :-

ચક્રવર્તીએ એવા કોઈ અવસરે સંસારથી ઉદ્વિગ્ન બની મોટી ચક્રવર્તીપણાની ઠકુરાઈ મૂકી ! હવે રુક્મીના જીવનો ઉત્થાન–પુરુષાર્થ શરૂ થઇ ગયો છે, એટલે દ્રવ્યવી ગમે તેવી પ્રલોભક સામગ્રી પણ મૂકતાં શી વાર ? જેને આત્માની જ લગની લાગી, સ્વનીજ જે લગન લાગી, એને તદ્દન પર એવા જડની શી પરવા ? એ ત્યજી દેતાં શો હૃદયને આંચકો ? ચક્રવર્તીએ ચૌદ રત્ન મૂકયા !

**આ ચૌદ રત્ન એટલે** સ્ત્રીરત્ન, દંડરત્ન, વગેરે શ્રેષ્ઠ કોટિની વસ્તુઓ. એમાં જડ, ચેતન બંને હોય. સ્ત્રીરત્નનું રૂપ, લાવણ્ય, યુવાની, સુકોમળતાદિ જગતભરની સ્ત્રીઓમાં રૂપાદિ કરતાં કંઈગુણા શ્રેષ્ઠ ! દંડરત્ન એટલે દા. ત. જોજનો સુધીની ખાઈ એ પળવારમાં ખોદી નાખે ! ચક્રરત્ન એટલે ગમે તેવા દુશ્મનનું પળવારમાં માથું છેદી નાખે ! ચર્મરત્ન એટલે દા. ત. મૂશળધાર વરસાદ વખતે જો એ પાથરી મૂકયું તો બાર જોજનની જમીન ઢાંકી દે ! અને એના પર ચક્રીની આખી સેના અને પરિવાર બેસી જાય ! એના પર છત્રરત્નથી એવું ઢાંકણ થઇ જાય કે પછી ઉપરથી કે નીચેથી એક બિંદુએ ભીંજાવાની વાત નહિ ! સેનાપતિરત્ન એવું કે ભલભલા દુશ્મન રાજાને મહાત કરી આવે ! આવા ચૌદ રત્ન ! ઉપરાંત નવ નિધિ અને છ ખંડ એટલે ૩૨૦૦૦ દેશ અને ૯૬ ક્રોડ ગામ પર સમ્રાટ રાજેસરીપણું ! આ જ પ્રમાણે અતિ વિશાળ

લશ્કર! ૮૪ લાખ તો ગજદળ, ૮૪ લાખ અશ્વદળ, ૮૪ લાખ, રથદળ, ૯૬ ક્રોડનું પાયદળ! એમ પરિવારમાં એક લાખ ૯૨ હજાર સ્ત્રીઓનું અંતઃપુર! એ પ્રમાણેના સગા-વહાલા અને દાસદાસીઓ લાખોની સંખ્યામાં! બહુ પુણ્યે મળેલી એક મોટા ઇંદ્રના જેવી આ બધી ભવ્ય રાજ્ય-સમૃદ્ધિ અને એના ભોગવિલાસ આ ચક્રવર્તીએ કાચી સેકન્ડમાં એક તણખલાની જેમ છોડી દઈ ચારિત્ર લીધું, મુનિદીક્ષા લીધી!

**જવાબ આપો :-**

કહો જો, તમને આ અપેક્ષાએ શું મળ્યું છે અને કેવું કેટલું મળ્યું છે કે એને જોવામાંથી અને ભોગવવા—સાચ-વવામાંથી ઊંચા જ નથી આવતા?

આખી ય જિંદગી એમાં જ વહી જાય અને જિંદગીના અંત સુધી પાપ મૂકાય નહિ, એનો હૈયે રંજ પણ નથી?

અરે! અડધા—ચોથા ભાગના પણ પાપો મૂકવાની હોંશ થતી નથી?

સેવવા પડતાં પાપ માટે હૈયે રુદન અને મનમાં વિપાક ચિંતા ય નહિ?

મનને શું વિચાર જ ન આવે કે ક્યાં એ ચક્રવર્તીના વૈભવ તથા ભોગ સાધનો! અને ક્યાં મારા? એના સોમા, હજારમાં, લાખમા ભાગે ય નહિ! છતાં એ પળ-વારમાં સમસ્ત છોડી દઇ નિષ્પાપ અહિંસક જીવન તરફ

ઢળે, અને હું પાપભર્યું જીવન પકડીને બેસી રહું ? સર્વ ચારિત્ર ન આવે ત્યાં સુધી બને તેટલા સામાયિક ન કરું ?

પ્ર૦–ચક્રવર્તીએ તો ઘણું ભોગવી લીધું એટલે મન ધરાઈ જાય ને ?

ઉ૦–ત્યારે એનો અર્થ તો એ કે તમારે એના કરતાં ઓછી સામગ્રીમાં જીવનના છેડા સુધી ધરાશો જ નહિ ! તો પછી એ અ–ધરપત અ–તૃપ્તિ લઈને જેમાં જશો ત્યાં કઇ દુર્દશા ? અને અહીં ઠેઠ સુધી અ–ધરામણના હિસાબે ત્યાં–ત્યાગનું ય સ્વપ્નું દેખવાનું નહિ ને ? કઈ બુદ્ધિએ આ ગણિત માંડો છો કે ઘણું ભોગવી લઈએ એટલે મન ધરાઈ જાય ? એમ જો ધરાતું હોત તો તો દેવલોકમાં આ જીવે ક્યાં ઓછું ભોગવ્યું છે ? અહીં ચક્રવર્તીને તો શું આયુષ્ય છે અને કઇ સ્ત્રીઓ છે ? દેવપણામાં કોટાકોટી પલ્યોપમોના આયુષ્યના એક જ દેવ ભવમાં લાખો ક્રોડ દેવાંગનાઓના ભોગ મળ્યા છતાં ત્યાંથી આવી અહીં તૃપ્તિનો અનુભવ છે ? ના, ઉલ્ટું ત્યાં જેની સુગ હતી એવા અહીં ગલિચ ભોગ–સાધનોમાં રસ આવે છે ? માટે,

આ ગણિત જ ખોટું છે કે ઘણું ભોગવ્યાથી તૃપ્તિ થાય, તૃપ્તિ તો ત્યાગ કરવાથી થાય. તપસ્યા કરવાથી થાય. ખાવાના અભખરા ઓછા થાય છે, પણ ખા–ખા કરવાથી નહિ. એવું બીજા ત્યાગમાં એટલે,

**'ત્યાગથી જ ધરપત'**

**એ ગણિત પર મોટા ચક્રવર્તી પણ દીક્ષા લઈ શકે છે.**

**ચક્રવર્તી મુનિની ભવ્ય સાધના.**

એ 'ત્યાગથી જ ધરપત થવા'ના ગણિત પર રુકમી જીવ ચક્રવર્તીએ સમસ્ત સમૃદ્ધિ છોડી! સંસાર ત્યજી સાધુમુનિ અણગાર બન્યા, સહેજ પણ હૃદયને આંચકો ન આવ્યો. સાધુપણું એટલે કંચન નહિ, કામિની નહિ, ઘરબાર નહિ, સગાં નહિ, વાહન નહિ, ઉઘાડે માથે, ઉઘાડે પગે વિહરવાનું! નિર્દોષ ભિક્ષા માગી એના પર જ નભાવવાનું! એમાંય કેટકેટલી તપસ્યાઓ, રસત્યાગાદિ, વળી ક્ષુધાદિપરીષહો સહવાના! દિન-રાત શાસ્ત્ર-સ્વાધ્યાય, ગુરુ-સેવામાં મગ્ન રહેવાનું! ચક્રવર્તીના ઠાઠ-ઠઠારા, માન-મર્તબા, સગવડ-સાહ્યબી, ભોગવિલાસ વગેરે છોડી આ ચારિત્રજીવન પ્રસન્ન હૃદયે સ્વીકારી લીધું! અને વધતા ઉલ્લાસે પાળવા લાગ્યા!

હવે તો આત્મોત્થાન જ કરવા છે, એટલે એના માટે જ્ઞાનીઓએ જે જે કઠિન-કપરી પણ-સાધનાઓ બતાવી છે, એ કરવામાં શી સુંવાળાશ? શો સંકોચ? કઈ પાછીપાની કરવાની હોય?

# ચક્રી મુનિની ભવ્ય સાધના

ત્રિભુવનપતિ ત્રિશલાનંદન શ્રી મહાવીર પરમાત્મા એમની સાધનાનું વર્ણન કરતાં કહે છેઃ–

**નિઃસંગતા :–**

'હે ગૌતમ! એ ચક્રવર્તી શ્રમણે બાહ્ય સંગ છોડયો એટલું જ નહિ પણ આભ્યન્તર રાગ–દ્વેષ–મમતા આસક્તિ વગેરેના ય સંગ છોડી એ નિઃસંગ બની ગયા! છોડયું તે છોડી જાણ્યું.

'રાગ–દ્વેષાદિ જેની ખાતર થાય છે એ જ મૂકી દીધું. મનથી ય મૂકી દીધું, પછી શી જરૂર રાગ–દ્વેષાદિ કરવાની ? પોતાની કાયા પર પણ મમત્વ નથી, એને ય તદ્દન પારકી ગણે છે, એટલે એની ખાતરે ય શું કામ રાગાદિ કરે ?

**ત્યાગ–તપ :–**

'ઉલ્ટું એમણે તો તનતોડ મહાત્યાગ અને મહા તપસ્યાઓ આદરી દીધી! એમાં વળી પારણાં ઉગ્ર અભિગ્રહ–નિયમવાળી નિર્દોષ ભિક્ષાથી કરવાનાં!

**શ્રુતસાધના : પરીસહ સહનની સાધના :—**

'હે ગૌતમ! એમણે માત્ર આ ત્યાગ–તપસ્યા કરીને બેસી રહેવાનું રાખ્યું નહિ, કિન્તુ દિન–રાત શ્રુતજ્ઞાનની અથાગ મહેનત ચાલુ રાખી! એની સાથે ઘોર પરીસહ–

ઉપસર્ગને સારી રીતે સહન કરવાનો અભ્યાસ પણ સહર્ષ કર્યે જવાનું કાર્ય એમનું અનુમોદનીય હતું !

**આચાર્ય બની ગચ્છપાલન :—**

'હે ગૌતમ ! થોડા વખતમાં તો એ સકલ ગુણ-સમુદાયને ધરનારા મહાતપસ્વી અને શ્રુતધર થયેલા જાણી, સદ્‌ગુરુએ એમને ગચ્છના અધિપતિ આચાર્ય બનાવ્યા ! ત્યારે એ પણ ગચ્છના સારણા–વારણાદિ કરવા દ્વારા આગમાનુસાર માર્ગે એનું સારી રીતે પાલન કરવું, ગચ્છ-નું સંયમ વધે, શ્રુતસંપત્તિ વધે, અને સમ્યગ્દર્શન અધિ-કાધિક નિર્મળ થતું આવે એની અહર્નિશ ચિંતા રાખી એ માટેના પ્રયત્નમાં રહેતા.

**સ્વાત્મચિંતા :-**

"હે ગૌતમ ! આ માત્ર પરોપકારની જ ચિંતા અને પ્રવૃત્તિમાં લીનતાની વાત નહિ; પણ પોતાના આત્મહિતમાં, સ્વાત્મશુદ્ધિ–ગુણવૃદ્ધિ અને જાગૃતિમાં એ એટલા જ દત્તચિત્ત રહેતા ! ઉગ્ર પરીસહો, ક્ષુધા–પિપાસા, ઠંડી–ગરમી, ડાંસ–મચ્છર, આક્રોશ–અપમાન વગેરેને સુંદર સમા-ધિપૂર્વક સહન કરવામાં સતત આત્મવીર્યને ફોરવતા. સાધ્વી વર્ગનું પણ એક મોટા ગચ્છાધિપતિ તરીકે પરિપાલન કરતાં છતાં એની કોઇ પણ વસ્તુનો પરિભોગ નહિ ! એમ મનુષ્ય–તિર્યંચ–દેવતાઈ કોઈ પણ જાતનું મૈથુન વિચાર-માં પણ નહિ ! તેમ, આહારપાણી સંબંધી ૪૭ દોષમાં-થી એક પણ દોષનું સેવન ન કરવા સાથે રસત્યાગ અને

દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવના અભિગ્રહો ધારણ કરવામાં સદા જાગરૂક !...'

પ્રભુના શ્રીમુખે વર્ણવાતી આ ચક્રવર્તી મુનિ અને આચાર્યની સાધના ખૂબ લક્ષમાં લેવા જેવી છે. આટલી ઊંચી સાધના, કેમ જાણે રુકમી સાધ્વીના ભવે કરેલી સાધનાનો સામે જવાબ ન હોય ! ત્યાં ભૂલી હતી એના ફળરૂપે તો લાખ ભવના ત્રાસ ભોગવવા પડ્યા, પરંતુ સાધ્યું હતું એ કેમ જાણે ઊંડાણમાં કંઈક સંસ્કારરૂપે પડેલું તે હવે પ્રકટ થઈને ફાલતુ ફુલતું ન હોય ! પરંતુ આ તો ઉત્પ્રેક્ષા ! નિશ્ચિત હકીકત ન કહી શકીએ. સંભવ છે શલ્યથી પૂર્વનું રદ પણ થઇ ગયું હોય.

ભૂલો આપણી ય ઘણી થતી હશે, પરંતુ 'હાય ! આનાં કટુ ફળ તો ભોગવવા જ પડશે, તેથી બીજી સાધના કરેલી શા કામની ? એમ કરી સાધનાની માંડવાળ કરીને પાપમય જીવન ચલાવ્યે રાખવા જેવું નથી. અલબત્ત ભૂલની પાછળ માયા–કપટ અને સશલ્યતા સેવાય તો એના રૂકમી જેવા કે એથી ય ભયંકર દારુણ વિપાક કેવા નીપજે એ ભૂલવા જેવું નથી. માટે જ,–

ગુરુ પાસે એની શુદ્ધ આલોચના–પ્રગટીકરણ અને પ્રાયશ્ચિત્ત –ગ્રહણ તો કરવું જ જોઈએ. નહિતર એ બીજી સાધનાઓને ફોક કરવા સમર્થ છે. રુકમી સાધ્વીને આચાર્યે એજ કહેલું કે આટઆટલી તમારી કઠોર સાધનાઓને આ એક માયાશલ્યથી નષ્ટ કાં કરી દો ? નષ્ટ એટલે બધી

ગઈ રદ બાતલ! કર્મ જાણે કહે છે–હવે શલ્યના દીર્ઘાતિદીર્ઘ કાળ સુધી ભવોના ભવો ત્રાસ–વિટંબણા ભોગવ. એ ભોગવ્યા પછી નવે નામે એકડે એકથી સાધના શરૂ કરજે. એમાં વળી ધર્મસાધના મૂકી જો પાપચકચૂરતા રાખી, તો તો દુઃખોમાં એથી ય વિશેષ રઝળપાટ કરવાનો!

ખાંડાની ધાર જેવું છે. 'શલ્ય છૂટતા નથી માટે બીજી સાધનાઓનાં કષ્ટ ભોગવ્યા નકામા; એટલે પડો પાપમાં.–' એમ જો કર્યું તોય બાર વાગે છે! અને ના, સાધના તો ચાલુ રાખો, ભલે શલ્ય હૈયામાં પડ્યા રહ્યા,' તો એ સાધનાઓ દંભભરી બને છે. માયાકલુષિત બની રહે છે. અને માયા તો ધાન્યની ધૂળ કરે છે.

**શલ્ય તો સાધનાને નિસ્સાર જ શું, બલ્કે ઉન્માદ વર્ધક બનાવે છે!**

પાપમાં રસ એટલે પછી સાધના કર્યાનો કોઈ અર્થ રહેતો નથી. ત્યારે શું કરવું? પડે તો ય બાર વાગે છે! ને માયાભરી સાધના કરે તોય પછી પાપના ઉન્માદે બાર વાગે છે.

**પાપથી કદાપિ મુક્તિ નહિં.**

પરંતુ આ મુંઝવણ કરવાની જરૂર નથી. કેમકે એ વાત તો નક્કી છે ને કે આત્મહિતની સાધના વિના તો જીવ ઊંચો આવી શકે એમ જ નથી? કાંઈ આંખ મીંચીને એકલી દુનિયાદારી ચલાવ્યે જવામાં અને આહાર–વિષય–આરંભ–પરિગ્રહ–પરિવારનાં રકમબંધ પાપો સેવ્યે જવામાં જીવ ઉન્નતિ પામે અને ક્રમશઃ ભવ પાર કરી

જાય એ વાત તો ત્રણે કાળમાં બનવા જોગ જ નથી. નહિ-તર તો અનંતાનંત કાળ વહી ગયો એટલામાં સંસારના સર્વ જીવો ભવ પાર કરી મુક્ત થઈ ગયા હોત! જ્યારે ને ત્યારે એ પાપો મૂકચે જ છૂટકો છે. હવે એ મૂકીને ધર્મસાધના કરતાં છતાં પણ ભવમાં ભટકાવે એવા પાપ-શલ્યને તુચ્છ માન ખાતર મચક નહિ આપવી જોઇએ.

## સાધના કરીએ તે શા માટે ?

તુચ્છ માન પામીએ એ માટે ધર્મ સાધના? તુચ્છ માન કેટલો કાળ ટકવાનું? આત્માને જો ઊંચે લાવવા સારુ સાધનામાં જોડાઇએ છીએ, માનવભવની અમૂલ્ય શક્તિ અને સંયમ-સામગ્રી ખરચીએ છીએ, તો સમજી જ રાખવાનું કે,-

સાધનાનાં ઊંચા મીઠાં ફળ તુચ્છ માન વગેરે કષા-યોને પગભર રાખીને નહિ મળે; એમ ઊંચા નહિ અવાય. એ તો કષાયોને દાબી-કચરીને જ ઊંચા અવાય, ઊંચા ફળ મળે.

બાહુબળજીને ઘણુંય કેવળજ્ઞાન જોઇતું હતું પરંતુ કેવળજ્ઞાની નાના ભાઇ મુનિઓને વંદના કેમ કરૂં એ વાતમાં અટકી રહ્યા ત્યાંસુધી ભલે ૧૨-૧૨ મહિના સુધી એક જ સ્થાને કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા રહ્યા, ન આહાર! ન પાણી! ન સુવાનું કે ન બેસવાનું! ન વાત કે ન ચીત! ઘોર પરીષહ વેઠયા! છતાં કેવળજ્ઞાન ન મળ્યું. એ તો જ્યારે માન મૂકી નક્કી કર્યું અને તૈયાર થઈ

ગયા કે 'હવે તો જાઉં અને ભાઇઓનાં ચરણે ઝૂકી પડું, તો જ લેશ પણ માનકષાય રહેવા ન પામે,' ત્યારે જ પગ ઉપાડતાં ભાવના વધી અને અનાસક્ત બનીને સમતાયોગમાં ચડી કેવળજ્ઞાન પામ્યા.

## માનકષાયથી સાધના કેમ રદ બાતલ ? :-

પ્ર૦–આ માનકષાય કેવળજ્ઞાન તો અટકાવે જ છે, પરંતુ બીજાં પણ શલ્યને ગુરુ આગળ પ્રકટ કરવાનું ને પ્રાયશ્ચિત્ત-શુદ્ધિ કરવાનું અટકાવી બીજી સાધનાની ભારે જહેમતનેય રદબાતલ કરી દુઃખદ દુર્ગતિઓમાં જીવને આ માનકષાય કેમ ભટકતો કરવાનું કરી દે છે ?

ઉ૦–આનું કારણ એ છે કે :—

માનને મહત્ત્વ આપ્યું એટલે પાપશલ્યના ઉદ્ધારને મહત્ત્વ ન આપ્યું. એનો અર્થ એ છે કે એ શલ્યના પાપ ઉપર તેવો તિરસ્કારભાવ ન રહ્યો, તેવો અણગમો ન રહ્યો, જેવો પેલી માનહાનિ પર રહ્યો ! ત્યારે સેવેલાં પાપનો એટલો અણગમો કે ભય નહિ બલ્કે 'એ તો ચાલે એટલામાં શું બગડી ગયું ?,' આવો ભાવ રહ્યો; પછી સહજ છે કે એ પાપની નિર્ભયતાના ને પાપના સંસ્કાર મજબૂત થાય. એ હવે અજ્ઞાન ભવોમાં કેમ ફાલેફૂલે નહિ ? હા, એનો શલ્યોદ્ધાર કરવા દ્વારા ભારે ભય સાથે તીવ્ર તિરસ્કાર–અણગમો કર્યો હોય તો એના કુસંસ્કાર જામે નહિ, એની પુનરાવૃત્તિ અને વૃદ્ધિ પછીના જન્મોમાં થાય નહિ.

સારાંશ, ધર્મસાધના તો કર્યે જ જવાની. ને સાથે પાપશલ્યોની ગુરુસાખે શુદ્ધિ પણ કરતા રહેવાનું. બંને-માંથી એકની પણ અગત્ય ઓછી નથી.

**શલ્યોદ્ધાર તો કરે, પણ તન-મન-ધનને ઘસારો પડે એવી સાધના કરવાની તૈયારી ન હોય તોય કાંઇ ઊંચા અવાય નહિ.**

પાપ ચલાવ્યે રાખવાથી ઊંચા અવાય એવું સમજતા જ નહિ. પાપ છોડી ધર્મસાધનાના પુરુષાર્થ કરવા જ પડશે. રુકમી સાધ્વીના જીવે ભવોના ભવો ભટક્યા પછી પણ જયારે એ કરવાનું કર્યું, ત્યારે જ ક્રમશ : ઊંચે આવ્યો; અને હવે ચક્રવર્તીના વૈભવ અને સુકુમારતા છોડી કડક તપ-સંયમનાં કષ્ટ ઊઠાવે છે !

ચક્રવર્તીનો ભવવૈરાગ્ય કેટલો જ્વલંત ઝળહળી ઊઠયો હશે કે મોટી છ ખંડની ઠકુરાઈ પણ તુચ્છ લાગી ! અકારી લાગી ! ઉપરાંત એ છોડયા પછી પણ મહા સુકોમળ કાયા અને સુંવાળા મન પર જુલ્મ ગુજારવા લાગ્યા ! વૈરાગ્ય વિના મોટા શું, નાના પણ વૈભવનો સાચો ત્યાગ થાય નહિ; અને ત્યાગ કર્યા પછી પણ વૈરાગ્ય ધીખતો રહ્યા વિના તન-મન પાસે કઠોર સાધના કરાવવાનું બને નહિ. ધ્યાનમાં રહે,—

વૈરાગ્ય એટલે વૈરાગ્ય. કાયા અને ઇન્દ્રિયો તથા મનની અનુકૂળતા પર પણ ઝળહળતો વૈરાગ્ય જોઇએ. તોજ ચારિત્ર લીધા પછી પણ એ અકારી લાગી એનો ત્યાગ

અને માનાદિ–કષાયનિગ્રહ માટે જોરદાર પુરુષાર્થ કર્યે જવાનું બને. સુંવાળા સફેદ કપડા–કામળીઓ અને સંસારી જેવા નિરંતર રસભર્યા આહાર, જરા જરામાં માનકષાયનું સેવન અને પરીસહ–ત્યાગ તથા આરામી એ તો ચારિત્ર સાધનાને કૂચા જેવી બનાવે છે.

**ચક્રવર્તી મુનિની કઠોર સાધનાઓ :–**

રુકમી સાધ્વીના ચક્રવર્તી મુનિએ ચારિત્ર લીધા પછી વૈરાગ્ય વધુ તેજસ્વી કરી કઠોર કષ્ટમય સાધનાઓ ઉપાડી ! (૧) સુકોમળ કાયાએ પણ ઘોર પરીસહોને આવકાર્યા ! (૨) પૂર્વના મહારસભર્યા ભોજન ભુલી સુક્કા લુખ્ખા નીરસ આહાર સેવવાનું રાખ્યું ! (૩) મોટી ઉંમરે મહા-પ્રખર પરિશ્રમ શાસ્ત્રસ્વાધ્યાયનો કરવાનો રાખ્યો : (૪) મન–વચન–કાયાની ગુપ્તિ માટે અથાગ જાગૃતિ સેવ્યે રાખી ! (૫) સાધ્વીઓ સાથે પણ કોઈ છૂટછાટ નહિ ! પછી ભક્તાણી શ્રાવિકાઓ સાથેના પરિચયની તો વાતે ય શી ? ગચ્છપતિ થઇને સ્ત્રીપરિચય કરવા એ જાતને તો અધો-ગતિમાં ઉતારવાનું થાય જ, કિન્તુ અન્ય મુનિઓને પણ અધઃપતન કરાવવાનું બને, અને શાસનને ચાળણીએ ચળા-વવાનું થાય.

**શું આચાર્ય કે શું મુનિ, પણ સાધુ અને બેનોનો સંપર્ક એ બેહુંદુ છે !**

સદાચારી ગૃહસ્થ કરતાં પણ નીચે પાટલે બેસવા જેવું છે ! શાસ્ત્રે આલોચના–વિધિમાં એકલા આચાર્ય પાસે

એકલી સાધ્વીને આલોચના કરવાની મનાઈ કરી છે.

જિનની આજ્ઞા માથે ધરીને ચાલવું હોય તો સાધ્વી કે શ્રાવિકાઓના પણ પરિચયમાં સાધુએ નહિ આવવું જોઈએ, જોયું નહિ ભગવાને આ ચક્રવર્તી આચાર્ય માટે શું કહ્યું? એ જ કે સાધ્વીની કોઈ વસ્તુનો પરિભોગ નહિ. એની વહોરેલી એક પણ ચીજ લેવાની નહીં. એની પાસે કશું પોતાનું કામ કરાવવાનું નહિ. જિનાજ્ઞાનો માથે ભારે ભાર હોય અને અનાયતન–સેવનથી ઊભા થતા અનર્થનો મોટો ભય હોય, તો જ આ મર્યાદા મજબૂત પકડી રખાય. જિનાજ્ઞાનું ઉલાળિયું કરાય અને લપસણાનાં નિમિત્ત સેવતાં 'એમાં શો વાંધો? એમાં શું થઈ ગયું?' એમ બેપરવાઈ કરાય, એને તો પછી 'જેણે મૂકી લાજ, એને નાનું સરખું રાજ' એ ન્યાયે મર્યાદા બહારના આચરણ કરવામાં કોઈ સંકોચ નહિ.

**માથે જિનાજ્ઞાના ભારે ભાર જ બચાવે :—**

કાળ પડતો છે. આહાર તામસી બની ગયા છે. સ્ત્રીઓની મર્યાદાઓ ઘસારે પડવા માંડી છે. જ્યાં ને ત્યાં ભોગ–વિલાસની જ ધૂન મચી રહી છે....આવા વર્તમાન વાતાવરણ વચ્ચે શીલ–સદાચાર–બ્રહ્મચર્ય અણીશુદ્ધ પાળવા હશે તો (૧) જિનાજ્ઞાના ભારે ભાર મસ્તકે ધારણ કરવા જોઈશે, અને (૨) કડક સંયમથી મર્યાદાબદ્ધ જ જીવન જીવવું પડશે.

**મોટા મુનિઓ પણ મર્યાદાબદ્ધ :-**

પ્રખર ઇન્દ્રિયનિગ્રહ કરનારા પૂર્વ મહર્ષિ મુનિઓ

અને આચાર્યોએ પણ સાધ્વી અને સ્ત્રીઓ સંબંધમાં કેટકેટલી કડકમાં કડક જિનાજ્ઞાવિહિત મર્યાદાઓનાં પાલન કર્યાં છે! એ તો મહાસાત્ત્વિક, રસત્યાગી, અને વિશાળ જનોપકાર કરનારા હતા! છતાં સ્વાત્માની ચિંતા-જાગૃતિ-રક્ષામાં એને જિનોક્ત મર્યાદાના પાલનમાં પ્રતિપળ કટીબદ્ધ હતા, માટે જ એ સાધ્વી અને ગૃહસ્થ બાઈઓથી તદ્દન અલિપ્ત-અપરિચિત રહેતા! તો પછી આજના અલ્પસત્ત્વ, રસસેવન અને પરચિંતા-વ્યગ્રતાવાળા કાળમાં તો નિર્મળ બ્રહ્મચર્યને પાળવા માટે પૂર્વ કરતાં પણ કેટલી બધી વિશેષ કડક મર્યાદાઓનાં પાલન જોઈએ? પૂર્વ મહર્ષિઓનું એ કડક મર્યાદાપાલનનું પ્રતિબિંબ આજે પણ ગુરુમહારાજ મોટા આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજમાં જોવા મળે છે ને? તો આપણા માટે એ જરૂરી કેટલું?

**ચક્રવર્તી મુનિને શો ભય?**

**પ્ર૦-એમ પૂછો કે :—**

ચક્રવર્તીમુનિએ ચક્રવર્તીપણામાં કેવાં રૂપ-લાવણ્ય-કાન્તિથી ભરેલી ૬૪૦૦૦ સ્ત્રીઓ જોયેલી? એની અપેક્ષાએ અહીં મુનિપણામાં તે વળી કઈ અધિક કે સમાન સુંદર સાધ્વીઓ મળવાની હતી કે એનો પરિચય થાય તો મન લોભાઈ જાય? ચક્રવર્તી મુનિ તો તરત હિસાબ માંડી શકે કે 'આ તે શું રૂપ છે? એથી કંઈગુણાં રૂપ મેં જોઈ નાખ્યા છે, એટલે આના પરિચયમાં મન કયું લોભાઈ જવાનું હતું?

**ઉ૦-પણ ના, સાધુમર્યાદા શી?**

જિનાજ્ઞા શું કહે છે?

એમને એજ એક વાત. સ્ત્રીજાતનો મુદ્દલ પરિચય નહિં જોઇએ. એ માટે એની કોઇ ચીજનો પરિભોગ પણ નહિ. ચક્રવર્તી મુનિને આ, તો આપણે?

"સાધ્વી કદાચ વિનંતી કરે, 'સાહેબ! અમને લાભ આપો, અમે આપની બીજી શી ભક્તિ કરવાના હતા?' એટલે શું સાધુએ જિનાજ્ઞા નેવે મૂકી એની વિનંતિમાં લપસી પડવું? જરાય નહિ, માર્ગ તે માર્ગ, એની વસ્તુનો પરિભોગ પણ નહિ, અને એની સાથે કોઇ સંબંધ પણ નહિ વ્યાખ્યાનમાં આવે ત્યાં વંદના કરી જાય; કે જોગ કરતાં યા પક્ખી-ક્ષમાપના પ્રસંગે વંદના કરે એટલું જ બાકી ઘેલી ઘેલી થઇ સાધુની વસતિમાં વારે વારે વંદન કરવા અને કામ માગવા આવે અને ભલા ભોળા થઈ સાધુ એ વિનંતિ અપનાવી લે, એ જિનશાસનની મર્યાદા નહિ, જિનાજ્ઞાથી પ્રમાણિત નહિ. સાધ્વી માટે આમ, તો પછી ગૃહસ્થ બાઇઓ માટે તો પૂછવું જ શું?

**સ્ત્રી અંગે શાસ્ત્રમર્યાદાઓ :-**

કલ્પસૂત્ર સામાચારીમાં આવે છે કે માર્ગે આવતાં વરસાદ પડયો તો વૃક્ષ નીચે એક સાધુ એક સાધ્વીને તો શું, પણ બે સાધુ બે સાધ્વીને પણ ઊભા રહેવાની મનાઈ છે. કદાચ પરસ્પર વહેંચણી કરી લે તો? માટે તો પાંચમું કોઇ જોઈએ.

મંદિરમાં શ્રાવિકાને ઊંચી અંજલિ કરી લલાટે

લગાડી પ્રણામ કરવાની મનાઈ છે, પ્રભુને દેખતાં પુરુષ લલાટે અંજલિ લગાડી પ્રણામ ન કરે તો ગુનો ! ને સ્ત્રી એમ કરી કરે તો ગુનો !

બ્રહ્મચારીએ ક્ષણવાર પણ સ્ત્રી તરફ એક મીંટ માંડી જોવાની મનાઇ છે. પચ્ચક્ખાણ કે ધર્મલાભ આપવો હોય તો નીચી નજરે કે આડું મોઢું કરીને આપે.

આ મનાઇઓ શું સૂચવે છે ? વંદન ઝીલવાના કે વ્યાખ્યાન કરવાના પ્રસંગે બાઈઓ કે સાધ્વીઓ સામે જોવાય ? વ્યવહાર સૂત્ર વગેરેમાં ભારેમાં ભારે કડક અંકુશો બતાવ્યા છે. જ્યાં એનો ભંગ થાય છે એવા સાધુને પાપશ્રમણ અને એવા ગચ્છને પાપગચ્છ કહે છે, ને ત્યાં પછી ભવાડા કે ગુપ્ત અનર્થો ઘુસે એમાં નવાઈ નથી.

## કન્યાઓ–સ્ત્રીઓને શિખામણ :–

તમારે તમારી પત્ની–બેન–દીકરીઓને આ શાસ્ત્ર-મર્યાદા શિખવવા જેવી છે. તો એ સ્વ–પરના અનર્થથી બચી શકશે. એમને કહેવા જેવું છે કે ‘ સાધુ સાથે લેશ માત્ર પણ લપડાવેડા ન કરો. હસી–ખીલીને વાત ન કરો વહોરાવતી વખતે ઉદારતા જરૂર દેખાડો પણ ગંભીર મુખ-મુદ્રા અને અલ્પ ગંભીર શબ્દોથી. નહિતર જો કોઇ ખોટી વાસનાથી તો નહિ, પણ ભોળે ભાવે ય લપડાવેડા કર્યા, તો સાધુના સંયમની ઘાતક બનશો, જાતે તો સંયમ લઈ શકતી નથી, બીજાને ય સંયમમાં ચઢાવી શકતી નથી, પણ

ઉપરથી સંયમીના સંયમના ઘાતક નિમિત્તને આપવું એ કેટલું ભયંકર ? એક તો ભારે પાપરાશિના વિપાકરૂપે સ્ત્રીપણું ભોગવી રહી છો, એમાં વળી શું સંયમીના સંયમના ઘાતક નિમિત્ત સર્જવાનું ભયંકર પાપ કરવું ? શું સામાને ઘોર પાપની લાણી કરવી ?'

**આજની સ્ત્રીઓના ફતવા :-**

જો આ જાતનું શિક્ષણ-સલાહ આપતા રહો તો આજે ચાલુ પડેલા કેટલાક ફતવા બંધ થઇ જાય. સાધુની વસતિમાં સાધુની સામે જુવાન સ્ત્રીઓ ઉઘાડા માથે આવે ઊભી રહે, એ ફતવો નથી તો બીજું શું છે ? કદાચ અડધું માથુ ઢાંકયું હોય તો સીફતથી માથેથી કપડું પાડી નાખે ને વળી પાછી હાથ ઊંચા કરી સીફતપૂર્વક ઓઢે કે જે એક જાતની કામચેષ્ટા છે, તે ફતવો નહિ તો બીજું શું ? સાધુ સામે કટાક્ષ ફેંકે, આંખનું નખરૂં કરે, મોઢાનો ખાસ મરોડ કરે, એ બધું ફતવો જ કે બીજું કાંઈ ?

એને એવું બધું કરતાં લાજ આવે ? ના, આજનો કાળ નિર્લજ્જતા શીખવે છે, નિર્લજ્જતાને પસંદ કરે છે, પોષે છે ! માને એવી દીકરી ગમે છે ! સાસુને એવી વહુ ગમે છે ! જે અંગ પતિની જ આગળ ખુલ્લાં કરાય તે આજે જાહેરમાં ખુલ્લાં કરે, શા માટે ? બીજા પુરુષો દેખી શકે એટલા જ માટે ને ? ત્યારે સહેજે પ્રશ્ન ઊઠે કે આજની આવી સ્ત્રીઓએ પતિ કેટલા કરવાના ?

ખેર ! બહાર ગમે તે કરતા હો એ કમભાગ્ય તમે જાણો, પણ કમમાં કમ મંદિરે–ઉપાશ્રયે અને સાધુ સામે મર્યાદા જળવાય, ઢાંકયા માથે જ રહેવાય, એ ઈચ્છનીય છે, ખાસ જરૂરી છે. તે કમમાં કમ બાળ જીવોની દયા ખાતર તો કરો. કેમકે એ બિચારા મંદિર–ઉપાશ્રયે શુભ ભાવ કમાવવા આવે છે, એ જો મર્યાદાહીન સ્ત્રીઓનાં અંગ જોવા મળતાં. ધર્મસ્થાનકમાં ઊભા ઊભા મલિન ભાવ કરે તો એની કેવી દુર્દશા? કેવી કત્લ? અન્ય સ્થાનમાં કરેલાં પાપ ધર્મસ્થાનમાં છૂટે; પણ ધર્મસ્થાનમાં જ પાપ કર્યા એ કયાં છૂટવાના ?

## ચક્રવર્તી આચાર્યની સાવધાની :–

મહાવીર પરમાત્મા ફરમાવે છે, 'હે ગૌતમ! એ ચક્રવર્તી આચાર્ય દિવ્ય–ઔદારિક શરીરના વિષય સંબંધી વિકલ્પથી પણ દૂર રહેતા, વળી એ હનન–પચન ક્રયણ (ખરીદી) સંબંધી એક પણ આરંભ–સમારંભમાં અનુમતિ સરખીથી ય દૂર રહેતા. ન એવો આહાર, ન એવા વસ્ત્રપાત્ર–ઉપકરણ, ન એવી વસતિ–મુકામ કે ન ગૃહસ્થને કોઇ એવું કામ બતાવવાનું.

'એમ એ આ–લોક પરલોક સંબંધી કોઈ પણ જાતની આશંસા મુદ્દલ સેવતા નહોતા. નિયાણું કે માયા શલ્ય, એને એમના હૃદયમાં સ્થાન જ નહોતું.'

## પૌદ્ગલિક આશંસા કેમ ભયંકર :–

શું કામ એને સ્થાન આપે? અહીંના કે પરલોક-

નાં પૌદ્ગલિક સુખની યા કીર્તિ-વાહવાહની આશંસા-અપેક્ષા રાખવામાં ધર્મસાધનાનું મુખ્ય ઉચ્ચ ફળ જે શુભ ભાવની કમાઈ તથા ભાવ-વિશુદ્ધિ, તે ગુમાવવાનું થાય, અને ઉપરથી જડનો અશુભ ભાવ વધારે દૃઢ કરવાનું થાય! પછી આગળ આત્મોન્નતિ ક્યાંથી થાય? ભવના ફેરા ઘટે કે વધે? મોક્ષ માટે અનિવાર્ય અતિ જરૂરી જે શુભ ભાવ, તે પાળવાનું કેટલું બધું દૂર ફેંકાઈ જાય? માટે થોડી ય આશંસા નહિ કરવાની. ત્યારે નિયાણું તો વળી એથી ય ચઢે, અને માયાશલ્યમાં તો પૂછવું જ શું? સાધ્વીના ભારે તપ-સંયમના પુરુષાર્થ પણ ફોક થઈ લાખ ભવનાં નીપજેલાં ભ્રમણ દ્વારા કેવી ભયંકરતા થઈ? એ શું સૂચવી રહેલ છે?

પ્રભુ કહે છે, 'હે ગૌતમ! એ મહર્ષિ મુનિદીક્ષાથી માંડીને લેશ પણ દોષ પ્રગટ યા ગુપ્ત સેવાયાની ગુરુ આગળ યથાસ્થિત આલોચના-નિંદા-ગર્હા કરતા, એના કડક પણ પ્રાયશ્ચિત્તને વહન કરતા! અને પાછા નિરતિચાર સાધના કરવામાં રાતદિવસ ખડે પગે રહેતા! સર્વ પ્રકારના પ્રમાદના આલંબનથી દૂર રહેતા.'

**પ્રમાદના આલંભન ક્યાં ક્યાં? :—**

રુકમીના ભવે ભૂલ્યા, હવે શાના ભૂલે? પૂર્વે ભુલા પડ્યા તો પતન પામ્યા; હવે સાવધાન છે તો ઉત્થાન થઇ રહ્યું છે. સાવધાની એવી કે સર્વ પ્રમાદાલંબનથી રહિત!

ધ્યાન રાખજો, જરા હસવું આવે એ ય પ્રમાદ છે; અને એનું આલંબન તેવાં દશ્ય, શબ્દ કે સ્મરણ બને છે. એ આલંબનનું દર્શન શ્રવણ યા ચિંતન કરો એટલે હાસ્ય સસ્તું. માટે હાસ્ય પ્રમાદનો ખપ ન હોય તો એવાં આલંબનથી જ દૂર રહેવું. સામે આવી જ ગયું હોય તો એ વખતે મનને તરત બીજા વિચારમાં જોડી દેવું. એમ, જરા ઇન્દ્રિયવિષયની અનુકૂળતા પર રતિ થઇ, હરખ થયો, અને પ્રતિકૂળતા ઉપર અરતિ–ઉદ્વેગ થયો, એ પણ પ્રમાદ. એનું આલંબન શું ? અનુકૂળ–પ્રતિકૂળ ઇષ્ટ–અનિષ્ટની કલ્પના એને જ કાઢી નાખો તો પત્યું; રતિ–અરતિ પ્રમાદને જાગવાનો અવકાશ જ નહિ.

## રતિ–અરતિ કેવી ભયંકર : કેમ ટળે ?

પ્રતિકૂળ એ પરીષહરૂપે કર્મનિર્જરામાં સહાયક છે, એમ માની ઇષ્ટ કરવામાં આવે, અને અનુકૂળ ને રાગાદિવર્ધક છે, એમ માની અનિષ્ટ લેખવામાં આવે, તો પ્રમાદરૂપ રતિ–અરતિથી બચી જવાય.

**ઇષ્ટ અનિષ્ટની કલ્પના જ મારે છે :—**

મોટી નડતર જ આ છે કે નાદાન જીવે લોભવશ અતિ તુચ્છ વસ્તુથી માંડીને મોટી કિંમતી વસ્તુમાં ઇષ્ટ –અનિષ્ટની કલ્પના સ્થાપિત કરી દીધી છે. બસ, એના પર પછી વસ્તુસંયોગ થતાં, ‘ આ ઠીક, ને આ ઠીક નહિ’ એવું ઝટ મનને થાય છે. એમાં ઠીક પડ્યું, તો જીવને હરખ હરખ ! ક્ષણભર કેમ જાણે જીવનાં બધાં દુઃખ–

ભય અને ભવની ભીડ ભાંગી ગઈ!' એવી હાશ થાય છે! વાતમાં કશો માલ ન હોય, દાંતમાં કણુ ખૂંચતું હતું, તણુખલાની પોચી ૨-૩ સળીથી ખોતરવા છતાં નહોતું નીકળતું, સળી ભાંગી જતી. એમાં જરા એવી મજબૂત ન ભાંગી જાય એવી સળેકડી મળી ને એનાથી સહેજ ખોતરતાં કણું નીકળી ગયું, ત્યાં 'આ સળી ઠીક મળી!' એવો તણુખલા પર ચિત્તને હર્ષ, રતિ, આનંદ થાય છે! ઇષ્ટ-અનિષ્ટની કલ્પના ક્યાં જઈ બેઠી? મજબૂત અને પોચી તુચ્છ તણુખલાની સળી ઉપર!

પ્ર૦-પણુ અવસરે એનીય જરૂર તો પડે છે ને?

ઉ૦-એટલે શું ઇષ્ટ-અનિષ્ટની કલ્પના ન કરાય તો એ કામ ન આવે? કણું નીકળી જવા પાછળ હરખ ન અનુભવાય તો શું કણું પાછું દાંતમાં પેસી જાય? જરૂરિયાત વસ્તુ જુદી છે અને એમાં રાચવું જુદું છે. અવસરે અવસરે વસ્તુનો ઉપયોગ થાય પણુ એમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પનાથી રાજી રાજી કે વિહ્વળ થવાની વસ્તુ તો મફતિયા છે. તુચ્છમાં રાજી-નારાજીથી તો અનંત શક્તિના ધણી આત્માની એક તુચ્છ જડ વસ્તુ આગળ નિઃસત્વતા પોષાય છે?

**સત્ત્વ શીલતા સાત્ત્વિકતા એ, કે ઉદાસીન ભાવે સ્વસ્થ ચિત્તે આવ્યું નભાવી લેવું.**

**ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કેમ મટે? આમ, કે બધું બરાબર છે કરીને જ ચાલવાનું.**

નહિતર તુચ્છ જડ વસ્તુ જીવને હરખ-વિહ્વળતામાં નચાવ્યા કરશે. કામ નથી થતું, મોળું થાય છે એ પણ બરાબર? હા, એવોજ કર્મસંજોગ હશે, તે એટલો કર્મ કચરો દૂર થાય છે, અને જીવને એમાં વિહ્વળ ન થવાનો અને ખડતલ બનવાનો અભ્યાસ મળે છે, સત્ત્વ કેળવાય છે. નહિતર આ જીવનમાં જે સત્ત્વનો વિકાસ કરવાની ખરેખર મહાન તક છે, એ તક ગુમાવતાં સત્ત્વ ખીલવવાનો અભ્યાસ બીજી શી રીતે થવાનો હતો?

**એ તો સત્ત્વનો વિકાસ આજ રીતે, કે-**

(૧) અનિષ્ટ લાગતા સંયોગમાં અને મળતી નિષ્ફળતામાં જરાય વિહ્વળ ન થતાં ચિત્તને સ્વસ્થ-શાંત-બેપરવા રાખીએ.

(૨) મનગમતા ઈષ્ટ સંયોગમાં અને ધારી સફળતામાં હરખાઈ ન ઊઠીએ; કિન્તુ એમાં ય ચિત્ત એની બહુ પરવા કર્યા વિના, શાંત સમતોલ રાખીએ.

**તુચ્છમાં ન હરખાવા મનને આવા આવા હિસાબ હોય કે :—**

(i) જે ઉચ્ચ આત્મહિત સિદ્ધ કરવા માટેનો જ આ ભવ છે. એ ઉચ્ચ આત્મહિતના આગળ આ વળી કઇ મહત્વની ચીજ છે તે હરખાઇ ઉઠું?'

(ii) 'આનાથી જન્મ-જરા મરણના કયા, ભો ભાગ્યા? કઈ સદ્ગતિ નક્કી થઇ?,

(iii) કયા મોટા પુણ્યાનુબંધી પુણ્યની કમાઈ

થઈ ગઈ ?'

(iv) કેટલા ભવ ઓછા થયા ?

(v) કયું પરમાત્માની નિકટ અવાયું ?' તેમ,

**કદાચ માનેલા ઇષ્ટને બદલે અનિષ્ટ આવ્યું તોય,**

એણે શા એવા જન્મ-મરણ દુર્ગતિ અને ભવની પરંપરા વધારી દીધી ?

(vi) કે કયું મોટું પુણ્યોપાર્જન લુંટી લીધું ?

જીવ નાહકનો હાથે કરીને શા માટે મરતો હશે ?

જો આપણે સન્માર્ગ પર અખંડ ધારાએ ચાલ્યે જઈએ તો ભલે અનિષ્ટ સંયોગ પણ આવે. તો ય 'બધું બરાબર છે' કરીને વિહ્વળતા અટકાવી શકીએ છીએ. જાણો છો ને પેલા શેઠનો પ્રસંગ કે ડેલીનું બારણું ભાંગ્યું તોય 'જે થાય ચે સારા માટે' 'માંહી માંદલી ભેંસ ઘુસી જઈને મરી તોય તે સારા માટે !'

## જે થાય તે સારા માટે શાથી ?

પાછી અંધારે ચોર ઘુસ્યા, ભેંસના મડદા પર પડી ગભરાઈને પાછળ કોટવાળના ભયથી થેલીઓ મૂકી ભાગ્યા ! તે સવારે શેઠને એ માલ મળ્યો ! એથી સારા માટે નહિ પરંતુ પશુના ભવ કરતાં સારો ઉચ્ચ માનવ ભવ મળ્યો છે તે 'જે થાય તે સારા માટે' કરવાથી યાને 'બધું બરાબર' કરવાથી (૧) ચિત્તના સંક્લેશમય વિકલ્પો ટાળી શકાય છે, (૨) એ ટાળવા દ્વારા જીવન સફળ થાય છે માટે, અને (૩) સત્ત્વ ખીલતું જાય છે માટે, 'જે થાય તે સારા માટે' એ સૂત્ર કામનું છે. એમ જ સત્ત્વ ખીલવતાં ખીલવતાં

અને સમાધિ–સ્વસ્થતા વધારતાં વધારતાં એક દિ મહા સત્વ પ્રગટ થઈ અપૂર્વકરણ ગુણસ્થાનકની મહા સમાધિ પ્રાપ્ત થશે! શ્રેણિ માંડી ઘોર ઘનઘાતી કર્મોનો ક્ષય થઈ કેવળજ્ઞાન મળશે!

સત્ત્વની કેળવણી વિના તો મોટા પરીષહના પ્રસંગમાં સ્વસ્થતા સમાધિ ડૂલ! ત્યાં તો ભારે વિહ્વળતા! અને પછી વિહ્વળતામાં જાણો છો ખરા કે કેવા કષાય ઊઠે છે? કેવી લેશ્યા બગડે છે? હૈયાના ભાવ કેવા કલુષિત થાય છે? અરતિ વિહ્વળતા ઉદ્વેગ કરવામાં તો જીવ કદાચ રૌદ્ર ધ્યાન પર ચઢી જઈ નરકનાં ય ભાતાં ભેગાં કરે છે! માટે દુર્ધ્યાનની પરિસ્થિતિ ન ઊભી થાય એ સારુ નીચા પગથિયેથી જ મામુલી મામુલી બાબતમાં 'બધું બરાબર છે' કરી અરતિને અટકાવવા સત્ત્વ ખીલવવું જોઈએ.

**રતિ કેમ ખરાબ?:-**

પ્ર૦–અરતિ–ઉદ્વેગમાં તો સમજાય છે કે ચિત્ત બગડીને રૌદ્ર ધ્યાન અને કાળી લેશ્યા પર પણ ચડી જવા સંભવ છે; કિન્તુ રતિ–હરખમાં શો એવો અનર્થ છે?

ઉ૦–**રતિ આનંદ, હરખ એ વળી જીવને એવો જડાસક્ત અને જડમાં અંધ બનાવે છે કે ત્યાં વળી ઇષ્ટ જડસંયોગને જ બહુ માનતો થઈ જવાથી આત્મહિતકારી વસ્તુ પર રુચિ નહિ જમાવી શકે.**

કદાચ પેલી જડાસક્તિમાં ખરાબી થાય છે એ માનવાનું ય ભુલી જશે! અને તેથી તત્ત્વશ્રદ્ધા–સમ્યક્ત્વ

જ ગુમાવશે.

મન ગમતું મળી જવામાં હરખ હરખ છે એટલે એ મેળવી આપનારા બહુ વહાલા અને એમાં આડે આવનાર દુશ્મન જેવા લાગશે. પેલા વહાલા એવા લાગશે કે જેવા દેવ-ગુરુ નહિ લાગે.

(૪) જુઓ છો ને પાંચ પૈસા રળાવી આપનાર શેઠ કેવા વહાલા લાગે છે! પછી એ જો સાધુઓની સંઘની અને ધર્મની નિંદા કરતા હશે, તો એમાં ટાપલી પુરશે કે 'હા શેઠ! માળું એવું જ છે!' શું છે આ? માનેલા ઇષ્ટની પ્રાપ્તિના બહુ હરખનું પરિણામ. દેવ-ગુરુ સંઘ-ધર્મની નિંદામાં અનુમોદના.

(૫) એક સારી પત્ની કે દીકરો આવી મળ્યો એના પર જો રાજી રાજી થવાતું હોય છે તો વૈરાગ્યના કેવા ફાંફા હોય છે?

(૬) એના કહેવા મુજબ દાનાદિ ધર્મ કેવો બાજુએ મૂકાય છે?

(૭) ગુરુની ધોધમાર સંવેગભરી દેશના પણ હૈયે ન અડવા દેવાની કેવી કઠોરતા-નઠોરતા હોય છે?

જરાક કોકે ચાહનો પ્યાલો ધર્યો ને ખુશી થયા તો સમજી રાખો કે પછી પેલો જે નિંદા-પ્રકરણ કાઢે એમાં મત્તુ માર્યું જ છે! અને આજે નિંદાની કયાં દુર્લભતા છે? સૌને બીજાનું ઘસાતું બોલવા જોઇએ છે. જરાક

નવરા પડચા ને કોઈ સાંભળનાર મળી ગયો એટલે નિંદાનો ખખાળો નીકળ્યો જ છે! એવા વાતાવરણમાં રતિમાં તણાનારો કેમ નહિ ઘસડાય?

(૮) અરે! કોઈ એક ભગવાનની મૂર્તિ કરતાં બીજા ભગવાનની મૂર્તિ મળવા ઉપર ખોટી રતિ કરી તો ત્યાંય મોટો ખતરો છે. કેમકે 'પેલા પ્રતિમાજી બરાબર નહિ; આ સરસ પૂજવા મળ્યા!' એમ જો હરખાયા, તો સંભવ છે કે જો પછી ત્યાં કોઈ વાચાલ એવો મળી ગયો કે જે બોલતો હોય કે જુઓને પેલા પ્રતિમાજી છે એમાં કાંઈ માલ? કેવા કોઈ અણઘડ કારીગરે ઘડચા હશે? ઘડનારો શિલ્પી હશે કે હજામ? અને એવા પ્રતિમાજીની અંજન શલાકા, પ્રતિષ્ઠા કરનાર આચાર્ય પણ કેવા?........ ચાલ્યું, તો એ નિંદાનું મત્તુ મારવાનું થશે. કહો, ક્યાં પહોંચ્યો? આચાર્યની નિંદા પર! વીતરાગની સામે ઊભો છતાં બિચારો રાગ-દ્વેષની આંધીમાં સપડાયો! ગુરુની નિંદા અને પ્રતિમાજી પર અરુચિ પર પહોંચ્યો! શાથી? એ પ્રતિમાજીની તુલના કરી, એકની ઉપર અરતિ અને બીજી પર ખોટી રતિમાં પડચો માટે.

## પ્રતિમા પર શું વિચારવું? શિલ્પ કે વીતરાગતા?

વિચારવું તો એ જોઈતું હતું કે 'ભલા રે જીવ? શિલ્પની શું માંડે છે? પ્રતિમા બંને વીતરાગની છે, પ્રતિમા પર વીતરાગ ભગવાનની સ્થાપનાને જ જો; શિલ્પના ટકા માંડવા રહેવા દે. જોવાનું એટલું જ કે 'જિણપડિમા

જિણસારખી, એ ન્યાયે આ તો ખરેખર દેવાધિદેવ વીતરાગ ભગવાન છે. એમના અંગ અંગ પર કેવી સરસ વીતરાગતા શોભી રહી છે! કેવા ઉત્તમ આ પ્રભુના આત્મપરાક્રમ કે દેવતાઈ સન્માન–સેવા મળવા છતાં પણ જરાય રાગ ન કર્યો! રતિ ન કરી! રાગદ્વેષ ફગાવી વીતરાગ બન્યા! શાતા પૂછનાર ઇન્દ્ર પર રાજીપો નહિ, ને ભયંકર જુલ્મ કરનાર સંગમ પર અરૂચિ નહિ!' આ બધું જોવાને બદલે શા માટે પ્રતિમાના ઘાટ પર અટકી જવું? એની પાછળ જે વીતરાગની સ્થાપના છે એમની વીતરાગતા, એમના એ પ્રાપ્ત કરવાના ભગીરથ પુરુષાર્થ અને એ વીતરાગના અનંત ઉપકાર જ મનમાં ન લાવીએ? પછી શિલ્પની ખોટી તુલના અને સુઘડ શિલ્પ પર રાજીપો કરવા દ્વારા બીજા ઓછી કારીગરીવાળા પ્રતિમાજી પર અરુચિ કરવાનું પાપ તો ન બને.

## પ્રમાદ કયા કયા?–

વાત આ ચાલે છે કે રતિ–અરતિ એ પણ પ્રમાદ છે. એને ટાળો એમ, જીવની અજતના–અરક્ષા, હિંસા, સહસા પણ જૂઠ, જરાક શી પણ અનીતિ–અપ્રામાણિકતા સહેજ પણ સ્ત્રી પ્રત્યે રાગભરી દૃષ્ટિ, કે તણખલાનો પણ પરિગ્રહ, એ બધાય પ્રમાદ છે. નિંદા, વિકથા, કુથલી, આળ, ચાડી, એવું જ એકે એક ઇન્દ્રિયના દરેકે દરેક વિષયની આસક્તિ આકર્ષણ અને એ–વાળો વિચાર પણ પ્રમાદ. એમ લેશ પણ ક્રોધ, અભિમાન, માયા, લોભ–મમતા અને તૃષ્ણા એ પણ પ્રમાદ, એનું સેવન ટાળવાનું.

# રુક્મી છેલ્લે ગોવિંદપત્ની બ્રાહ્મણી

ચક્રવર્તી આચાર્ય આ એકે એક પ્રમાદના ત્યાગમાં સજાગ હતા. ઝીણામાં ઝીણા પાપની પણ શુદ્ધિ કરી અંતકાળે સમાધિપૂર્વક આરાધના સાથે આયુષ્ય પૂર્ણ કરી પહેલા સૌધર્મ દેવલોકમાં ઇન્દ્રની અગ્ર પટ્ટરાણી ઇન્દ્રાણી બન્યા. ત્યાંથી કાળ કરી અહીં મનુષ્ય અવતારે બ્રાહ્મણી તરીકે જન્મ્યા; અને ક્રમશઃ એક ગોવિંદ નામના બ્રાહ્મણ સાથે એમનું લગ્ન થયું.

## સ્ત્રીનો અવતાર કેમ ?

અહીં ગૌતમ મહારાજ મહાવીર ભગવાનને પૂછે છે હે ભગવન્! પૂર્વે એવી સુંદર આરાધના કરવા છતાં દેવલોકમાં ય સ્ત્રીનો અવતાર અને અહી પણ સ્ત્રીનો અવતાર કેમ પામ્યા ?

ભગવાન કહે છે. 'ગૌતમ ! આ સ્ત્રીપણું એ પૂર્વે રુક્મી સાધ્વીના ભવે માયાશલ્યના પ્રતાપે જે ઉત્કૃષ્ટ સ્થિતિનું સ્ત્રીવેદ–કર્મ બાંધેલું તેના અવશેષનું ફળ હતું.

છતાં હવે જુઓ કે આ ભવમાં જ એ કેવી રીતે મોક્ષ પામે છે. આનો અધિકાર બતાવતાં ભગવાન એના સંપર્કમાં આવતી એક બ્રાહ્મણ–કન્યાનો આ રીતે અધિકાર બતાવે છે.

## સૂર્ય શિવ બ્રાહ્મણ : પુત્રી સૂર્ય શ્રી

આ ભારતવર્ષમાં અવન્તિ નામનો દેશ; એમાં

સંબુક્ક નામના ગામમાં સૂર્યશિવ નામનો એક દરિદ્ર બ્રાહ્મણ રહેતો હતો. દરિદ્રતા અશુભ કર્મના ઉદયે આવે છે. એ અશુભ કર્મ એણે બિચારાએ એવા મલિન અધ્યવસાયથી બાંધેલા, કે જેના યોગે દરિદ્રતા ઉપરાંત નિર્દયતા–નિર્ઘૃણતા, કૃપણતા, અતિક્રૂરતા, રૌદ્રતા મર્યાદાહીનતા વગેરે દુર્ગુણો પણ એને સહગામી બનેલા! એ હોય ત્યાં મિથ્યા દૃષ્ટિનું શું પૂછવું? તે પણ આભિગ્રહિક મિથ્યાત્વ! એટલે કે પોતાની મિથ્યા માન્યતા માટેની દુરાગ્રહભરી પકડ એને હતી.

## મલિન અધ્યવસાય મલિન વિચારસરણી શું કામ કરે છે?

દુઃખના પોટલા તો ખેંચી લાવે જ પણ સાથે દુર્ગુણોના ય ઢેર લાવે છે! એવા અશુભ ભાવ કરતી વખતે આપણને ક્યાં ભાન રહે છે કે આનો કેવો ખતરનાક નતીજો ઊભો થવાનો? સુખમાંથી તો ભ્રષ્ટ ખરા જ, પણ સદ્ગુણ સદ્બુદ્ધિમાંથી ભ્રષ્ટ! પછી અહીં કલ્પનામાં ન આવે એવા અતિ અધમ પાપાચરણ થવાના!

## પુત્રીને જન્મતાં માતૃવિયોગ કેમ? :–

સૂર્યશિવ બ્રાહ્મણ બિચારો બે રીતે દરિદ્ર હતો; એક બાજુ પૈસે દરિદ્ર–નિર્ધન અને બીજી બાજુ સદ્વિચારણા–સદ્ગુણોએ દરિદ્ર દુર્ગુણી હતો. એને અનુપમ રૂપ લાવણ્ય–કાન્તિએ શોભતી સૂર્યશ્રી નામે પુત્રી હતી. એ પૂર્વ જન્મે રાણી, પણ એણે બીજી પોતાની શોકય

રાણીનો પુત્ર રાજ્યગાદી ન પામે અને પોતાનો પુત્ર રાજ્ય પામે એટલા માટે એવું ચિંતવેલું કે 'આ શોકયરાણી મરે તો સારું! જેથી એનો દીકરો મારે વશ રહી એવી મારી બેદરકાર સંભાળથી માંડ જીવતો રહે કે એને રાજ્ય ન મળતાં સશક્ત એવા મારા પુત્રને રાજ્યગાદી મળી જાય.' એ ચિંતવનમાત્રના પાપે એને અહીં જન્મતાં જ એની માતાનો દેહાંત થયો.

## દુઃખદ કુદરત કોણ સર્જે છે ?:-

માણસની કોઈ એક પણ સાંસારિક લાલસાનું જોર એવું કુટિલ વાંકું હોય છે કે માણસને એ ભયંકર પાપી વિચારમાં ધકેલી દે છે. આ તો પોતાના પુત્રને રાજ્યગાદી મળે એ લાલસાએ શોકયરાણીના વગર-ગુને એનું મોત ચિંતવ્યું. તો એનું દુઃખદ ફળ અંકિત થઈ ગયું. જન્મતાં જ માતાનો વિયોગ! આ કુદરત કોણ સર્જે છે? એને કોણ હટાવી શકે છે? આત્મા પોતે જ મૂર્ખ બની એને ઊભી કરે છે, ને પછી હટાવવાનું એના હાથમાં નથી હોતું. હા, પહેલેથી ચેતીને ચાલે અને એ લાલસા કુવિચારથી બચે, તો એવી કુદરત સર્જાતી અટકે. સમજ આ જોઈએ કે-

## મેલી લાલસા-કુવિચારથી બચવા માટે સમજ :

'મારા કુવિચારની ઘેરી અસર મારા પોતાના પર એવી પડે જ છે કે જેના દુઃખદ ફળ માટે મારે તૈયાર રહેવું જ પડશે. **કુવિચાર તો ક્ષણનો અને સરળતાથી**

**થઇ જાય એવો. પરંતુ એનું ફળ દીર્ઘકાળનું અને નક્કર દુઃખ દે એવું !!** તો શા સારુ એવી મૂઢતા કરી કુવિચાર મારે જાતે જ ઉભો કરવો ? એવા કુવિચાર કરાવનારી જડની લાલસાને શા માટે જ પોષવી ? જડ પદાર્થો તો વિનશ્વર હોઈ કાંઈ લાંબા ટકતા નથી. પરંતુ એની ઘેલી લાલસાની પાછળના કુવિચારમાત્રના ય પાપ દીર્ઘકાળનાં દુઃખ ઉભા કરે છે, તે મારે જ વેઠવા પડે છે. જવા દે એ લત, એ લપ. મારા આત્માને એવી લાલસા અને કુવિચારોથી ખરડવાની જરૂર નથી. લાલસા કરવી છે તો ઉચ્ચ આત્મગુણો અને ત્યાગ તપ આદિની આત્મસંપત્તિની જ કાં ન કરું ? વિચાર જ કરવા છે તો જિન-ચરણમાં જિનાજ્ઞાપાલનમાં જ લીન થઈ જવાના કાં ન કરું ?

આ સમજ હોય ને એવી કૂડી-લાલસા વિચારણાથી બચે તો દુઃખદ કુદરત સર્જાતી અટકે. સૂર્યશ્રી બચી નથી, તેથી અહીં એના પાપના ઉદયે જન્મતા એની માતા મૃત્યુ પામી. હવે એનો પિતા સૂર્યશિવ બીજી તાજી પ્રસૂતિ પામેલી સ્ત્રીઓ પાસે કરગરીને એને સ્તનપાન કરાવી કરાવી મહાક્લેશથી ઉછેરી રહ્યો છે. એમ કરતાં કરતાં એનો બાળભાવ પસાર થઈ ગયો.

**મહાદુકાળ :-** એટલામાં એવું બને છે કે ત્યાં બારવરસનો ભયંકર દુકાળ પડે છે ! લોક કકડે કકડે એ દેશ છોડી ચાલતા થાય છે, બીજા વિના તો નભાવે પણ

અન્ન વિના શે નભે ? છતાં આ સૂર્યશિવ હજી આ દેશ-માં જ આડું–અવળું કરી દહાડા ખેંચ્યે રાખે છે, મનને ભય છે કે 'હવે આ છોકરી લઈને ક્યાં જાઉં ? આશામાં તણાયો ચાલે છે કે 'હવે આ સાલ વરસાદ પડશે, આ સાલ પડશે....પરંતુ અહીં તો વરસ પર વરસ વીતે છે ને વરસાદનું ટીપું ય જોવા નથી. પાછો આઠ મહિના ખેંચે ને આશા રાખે કે હવે વરસાદ પડવો જોઈએ. અસાડ ખાલી જાય, શ્રાવણમાં વરસાદ આવશે, એમ કરી બેસી રહે, શ્રાવણ જાય, ભાદરવામાં વરસાદ આવશે પણ એય ખાલી....ચાલ્યું એમ કરી કરી ત્યાં બેસી રહેવામાં એવો અવસર આવી લાગ્યો કે પાસે ધાન્ય પણ ખૂટ્યું ને પૈસા ય ખૂટ્યા ! હવે તો ભૂખમરો સહન થતો નથી. શું કરે ! એમાં વળી એ પોતે પ્રકૃતિએ નિર્દય-નિષ્ઠુર તો હતો જ તેથી અત્યંત ભૂખની પીડામાં એને એવો દુષ્ટ વિચાર આવે છે કે 'આ છોકરીને મારીને ખાઇ જાઉં ? અથવા એનું માંસ વેચી પૈસા આવે એનાથી વાણિયા પાસેથી અનાજ ખરીદી પેટ ભરૂં ? હવે તો જીવન ટકાવવા બીજો કોઈ ઉપાય દેખાતો નથી,' કેટલો ભયંકર વિચાર ?

**આશાની મમતામાં ખુવારી:**–ભયંકર દુકાળ છતાં આશામાં ને આશામાં ત્યાં જ બેસી રહેવું અને દેશપલટો ન કરવો એ સંસારનું વિકટ સ્વરૂપ બતાવે છે કે આશા કેવી ખતરનાક છે ! આશા જીવની સદ્દ ઉપાયમાં લાગી જવા-ની છતી શક્તિને પણ જાણે કુંઠિત કરી દે છે ! નિષ્ક્રિય

કરી દે છે ; બહુ આશામાં જીવો મરે છે, ખોટી આશા પડતી મૂકી શકય સુખદાયી ઉપાયમાં લાગે તો ઠેકાણે પડે. પણ એ મૂઢજીવને સુઝે તો ને ? કેટલાય સટોડિયા એમ જ પાયમાલ થઈ ગયા, અડધી મૂડી ગયા પછી પણ જો મનને સીધું સુઝીને કોઈ નક્કર માલના વેપારમાં બાકીની અડધી મૂડી લગાડી દે તો, સટ્ટાના ખતરનાક પરિણામથી બચે પણ સુઝે તો ને ? સુર્યશિવ બ્રાહ્મણ, જુઓ, આશામાં તણાયો મમત કરી ત્યાં બેસી રહેવામાં અત્યારે કેવી ભયંકર દુષ્ટ ભાવના સુધી પહોંચ્યો ?

**અનુકંપાનો મહાન લાભ** :–કારમી ભૂખ શું નથી કરાવતી ? અગ્નિશર્માને ત્રણ માસખમણનાં પારણાં ચૂકાયાં ભૂખનો દાવાનળ ભભૂકી ઊઠયો, એની અસહ્ય પીડામાં ભાન ભૂલ્યો. લાખો પૂર્વોનાં માસખમણોની સુવાસ ખોઈ ! સમરાદિત્ય મહર્ષિના જીવ રાજા ગુણસેન પર ભયંકર ગુસ્સે થઈ ભવોભવ મારવાનું નિયાણું કર્યું ! એ ભૂખ ચીજ એવી છે કે ભયંકર સમાધિ ઊભી કરીને ન કરવાનું કરાવે ! ન વિચારવાનું વિચારમાં લાવે ! માટે જ સમજાશે કે એ અસમાધિનું, જો ભૂખ્યાની ભુખ શાંત કરી નિવારણ કરવામાં આવે તો એના પર કેટલો મોટો ઉપકાર થાય ? આવું અનુકંપાદાનનું એક મહાન પ્રયોજન આ છે કે સામાની અસમાધિ ટાળાય અને તેથી થતાં ભયંકર કર્મ-બંધનને અટકાવી દેવાનું બને. એ સુંદર પ્રયોજનને લીધે પોતાનું દિલ પણ કુણું કોમળ રહે. અને દાનનાં ફળ રૂપે કીર્તિ વાહવાહ વગેરેની આશંસા ન રહે પેલા પ્રયોજનના

લાભ આગળ કીર્તિ શી વિસાતમાં છે?

કુમતીઓ ભૂખ્યા જીવને અનુકંપા મળવા દ્વારા આ અસમાધિ અને તજ્જન્ય દુઃખ કર્મબંધથી બચાવાના મહાન લાભને સમજતા નથી, એટલે અનુકંપાનો વિરોધ કરે છે.

## ભારે કષ્ટમાં યં સદ્બુદ્ધિ માટે પૂર્વ તૈયારી શી?

સૂર્યશિવ બ્રાહ્મણ ભૂખનો માર્યો પોતાની પુત્રીને મારીને ખાઈ જવાની યા એનું માંસ વેચવાની ભયંકર દુષ્ટ બુદ્ધિ સુધી પહોંચી ગયો. ભૂખ શું કે બીજું ભારે કષ્ટ કે પીડા શું, માણસની એ ભયંકર દુષ્ટતા કરે છે! જાલિમ દુષ્ટ બુદ્ધિ પેદા કરે છે! આ વસ્તુ ખૂબ લક્ષ્યમાં રાખી એવા કોઈ પ્રસંગે બુદ્ધિ ન બગડે એ માટે વિચારો કે પહેલેથી સદ્‌વિચારો કરી કરી બુદ્ધિને કેટકેટલી ઘડવાની જરૂર છે? એની જગ્યાએ સહેજ સહેજ વાતમાં પિત્તો ખસી જાય, રીસ ચડી જાય, અભિમાન આવે, જરાકમાં માયા પ્રપંચ સૂઝે, લોભ આસક્તિ જાગે, મામુલી વાતમાં ઇર્ષ્યા અસહિષ્ણુતા થાય, તો એની ઉપર કરેલા કુવિચારો અને અશુભ ભાવના વિગેરેથી બુદ્ધિ કેવી દુષ્ટ ઘડાવાની? એવી ઘડાયેલી બુદ્ધિ પછી તેવા કોઈ ભારે ભૂખરોગ અકસ્માત આદિના કષ્ટ વખતે કેટલી જાલિમ દુષ્ટ બને?

## દુષ્ટ બુદ્ધિના દારુણ વિપાક :—

એમાં જાણો છો ને કે રૌદ્રધ્યાન અને કાળી લેશ્યા સ્ફુરવાથી કેવાં નરકગતિના ભાતાં પણ ભેગા થઇ જાય ? કેવો પરલોક બગડી જાય ? જિંદગીમાં બીજી ધર્મસાધના કરી હોય એનું પુણ્ય એક બાજુ ઊભું રહે અને આ દુષ્ટ બુદ્ધિ કાળી લેશ્યા વિચારણામાં બાંધેલું દુર્ગતિનું આયુષ્ય દુર્ગતિમાં તાણી જાય ! અગર આયુષ્ય કદાચ કોઈ શુભ ભાવ વખતે સદ્ગતિનું બાંધ્યું હોય તો ય આ દુષ્ટ બુદ્ધિના બાંધેલા જાલિમ પાપ ભયંકર રીતે નડે. શ્રીપાલ, હરિશ્ચંદ્ર, નળ, રામ–સીતા વગેરેને પૂર્વના પાપ નડયાં ને ? મોટા તીર્થંકર પાર્શ્વપ્રભુને મનુષ્યપણાના ભવે ભવે તે કોઈ પૂર્વના પાપ અંતકાળે ઘોર રીતે કેવા નડયા ! એ તો જાગ્રત હતા, સદ્-બુદ્ધિ ઘડેલી હતી એટલે દુષ્ટતા ન આવવા દીધી પણ જુના પાપના ઉદયે એમને મરણાંત કષ્ટ આપ્યાને ? માટે જ આ તૈયારી આજથી જ કરવા માંડો કે **નથી ને ક્યારેક કોઇ તેવા ભૂખ રોગ અકસ્માત વિગેરેનું કારમું કષ્ટ ઊભું થાય તો તે વખતે બુદ્ધિ બગડે નહિ તે માટે અત્યારથી જ બુદ્ધિને સતત શુભ વિચારણા, શુભભાવના અને ભલી લાગણીઓ-થી ઘડયે જઇએ.** બુદ્ધિ ઘડયા વિના સદ્ધર નહિ બને. મલિન તુચ્છ વિચારોથી ઘડાયેલી બુદ્ધિ તેવી જ મેલી તુચ્છ તરીકે સદ્ધર રહેવાની. પછી અવસરે એવું જ પોત પ્રકાશવાની.

## બુદ્ધિ સારી શાનાથી ઘડવી ?

એટલે બુદ્ધિ સારી ઘડવા માટે, (૧) જીવો પ્રત્યે નીતરતી કરુણા અને મૈત્રી, (૨) ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે નફરત નિર્વેદ (૩) જગતના બનાવો પ્રત્યે ઉદાસીન ભાવ (૪) આત્મચિંતા (૫) દેવગુરુભક્તિ (૬) ધર્મ-પ્રીતિ (૭) કૃતજ્ઞતા (૮) સેવા-પરોપકાર (૯) સહનવૃત્તિ (૧૦) નિરભિમાન (૧૧) નિખાલસતા; વગેરે લાગણીઓ અને એને મળતા વિચારો ચિત્તમાં વારંવાર ઊભા કરવા જોઈએ, અને ખાસ પ્રસંગે દૃઢ મનથી એ વિચાર પકડી રાખવા જોઈએ.

આત્મનિરીક્ષણ રાખશો તો દેખાશે કે આ શુભ લાગણીને બદલે દ્વેષ, ઇર્ષ્યા, નિર્દયતા-વેરવિરોધ-અંટસ, ને રાગ, મમતા, તૃષ્ણા કેવા કેવા ઊઠી આવે છે! આપણને લાગે વળગે નહિ તેવા જગતના બનાવોમાં રસ લેવાથી કોઈને કોઈ અશુભ ભાવ કેવા ઝળકી જાય છે! એની સામે જાગ્રત અને મજબૂત મનથી પેલી કરુણા-મૈત્રી નિર્વેદ ઉદાસીનતા વગેરે શુભ ભાવનો ભરચક અભ્યાસ સતત રાખવો અત્યંત આવશ્યક છે. તેથી બુદ્ધિ તેવી સારી ઘડાય છે, તેવી પાકટ થાય છે.

### ધર્મસાધનાનું ફળ શામાં ? :—

ધર્મક્રિયાઓ અને વ્રત-નિયમ તપ-જપ વગેરે કરીએ એનું ફળ પણ આ લાવવું જોઇએ કે એની શુભ વાસના દિલમાં ટકીને સારા સારા વિચાર અને સારી સારી

લાગણીઓ ચલાવ્યા કરે એ જો ચાલુ રહે તો સમજો કે ધર્મસાધના સુંદર સાર્થકતા પામી. ધર્મશ્રવણ–વાંચનનું પણ આ ફળ ઊભું કરવું જોઇએ. દેવદર્શન, ગુરુ–સત્સંગ પણ આ વસ્તુ કરનારા બનવા જોઇએ. એ લક્ષપૂર્વક ધર્મસાધનાથી નિરંતર સેવેલા શુભ વિચાર એક મહાન મૂડી–નિધાન બની જાય. એના ઉપર હવે શુભ અધ્યવસાયો અને સુકૃતોનો ધૂમધામ વેપાર ચાલવાનો. એમાં પછી કદાચ કોઈ પીડા ઊભી થઈ, તો પણ પહેલી સદ્ધર મૂડીને લીધે સદ્વિચાર ટકી રહેશે, અને દુષ્ટબુદ્ધિ–દુષ્ટવિચારથી બચી જવાનો અવકાશ રહેશે.

### દુષ્ટ વિચારની ભયાનકતા :—

ત્યારે પીડા–આપત્તિ વખતે દુષ્ટ વિચાર અટકે એ કેટલો મોટો લાભ! કેમ કે દુષ્ટ વિચાર તો જીવની બાહ્ય ધર્મસાધનાની શરમ રાખ્યા વિના ચીકણા પાપકર્મથી આત્માને જકડે છે. અને કદાચ એ જ વખતે જો આયુષ્ય કર્મ બંધાયું તો તો બાર વાગ્યા! ભયંકર દુર્ગતિનું જ આયુષ્ય ભાતું બંધાવી દે! જેથી પછી દુર્ગતિમાં ગયા એટલે ધર્મને તાળું દેવાઇ ગયું અને પાપવૃત્તિના દ્વાર ખૂલ્લા થઈ ગયા. એનું વળી આગળ પરિણામ કેવું? ભવ કેવા મળે? ચંડકોશિયા નાગે પૂર્વે સાધુભવમાં દુષ્ટ ભાવને વધાર્યો, તો એ ચંડકોશિક નાગના ભવમાં કેટલી હદબહારની દુષ્ટતાએ પહોંચ્યો? અને ત્યાં જો પરમદયાળુ મહાજ્ઞાની, મહાવીર પ્રભુ ન મળ્યા હોત,

તો શું એની મજાલ હતી કે ઊંચો આવી શકત ? કેવી કેવી અધમાધમ નરક સુધીની યોનીઓમાં ભટકી મરત ? માટે સદ્‍બુદ્ધિ અને સદવિચારને ખૂબ કેળવવા–ટકાવવાનું કરો.

## સૂર્ય શિવને દીકરીના નાણા કરવા છે :–

સૂર્યશિવ બ્રાહ્મણને એ આવડતું નથી, તે દુષ્ટવિચાર-માં ઠેઠ પુત્રીને મારી નાખવાની દુષ્ટભાવના સુધી પહોંચ્યો પરંતુ પુત્રીનું સદ્‍ભાગ્ય કાંક જાગતું હતું તે પાછો આને વળી વિચાર થયો કે 'હા ! હા ! આ મેં શું ચિંતવ્યું ? ના, મારે નાણાં જોઈએ છે ને ? તે તો હું આને જીવતી વેચીને મેળવી શકીશ. એમ વિચાર કરી એ પુત્રીને લઇને ઊપડયો વેચી નાખવા માટે.

**સુકૃત કેમ ખૂબ કરવા ?** જુઓ છોકરીનું અલ્પ પણ પુણ્ય કેવું પિતાની પાપની દુષ્ટકાર્યવાહીની આડે આવે છે. મન, વચન, કાયા, ધન અને ઇન્દ્રિયોથી સુકૃત કરતા રહેવામાં આ પણ એક મહાન લાભ છે કે એનું પુણ્ય અવસરે બીજાની આપણી પ્રત્યેની દુષ્ટકાર્યવાહીને અટકાવે છે. અગર એનું આપણા પર માઠું ફળ બેસવા દેતાં નથી. શ્રીપાળને મારી નાખવા મહેલ પર ચઢતો ધવળ શેઠ ખંજર સાથે નીચે પડયો, મર્યો અને શ્રીપાળ બચી ગયા, પૂર્વના સુકૃતનો આ પ્રભાવ. માટે સુકૃત ખૂબ કરતા રહો.

# વિષયોમાં સુખ કેમ નહિ ?

સૂર્યશિવ ઘર શોધતો શોધતો પહેલા ગોવિંદ બ્રાહ્મણના ઘરે આવી પહોંચ્યો કે જ્યાં રુકમીનો જીવ પૂર્વે ચક્રવર્તી પણું છોડી સંયમ પાળીને દેવલોકમાં જઇને અહીં ગોવિંદની પત્ની તરીકે બનેલ છે. ગોવિંદ બ્રાહ્મણ પણ ચૌદ વિદ્યાગણનો ભણેલો છે, સ્વભાવે ભદ્રક છે, અને નિકટમાં ઉદય પામવાવાળો છે. સૂર્યશિવે પોતાની કરુણ કથની કહી આ છોકરીને ખરીદી લેવા કહ્યું.

## ગોવિંદ બ્રાહ્મણની વિવેકી દૃષ્ટિ :-

બ્રાહ્મણે જોયું કે છોકરીની મુખાકૃતિ ગુણોને કહી રહી છે. કદાચ એમ જ આને પૈસાનું દાન જ કરી દઉ, તો પાછો એ પૈસા ખૂટયે વળી કયાંક આ છોકરીને વેચી નાખશે. ત્યાં કોણ જાણે આ બિચારી કેવાના પનારે પડે ? એના કરતાં આને રાખી જ લેવા દે ! કેવી સરસ વિવેકભરી એની દૃષ્ટિ ! એ જુએ છે કે પોતાના જ સંતાનનો સોદો કરવા નીકળેલ બાપને દાન કરી, એ સંતાન એની દુષ્ટતાનો શિકાર બન્યું રાખવા કરતાં કિંમત આપીને એને એમાંથી છોડાવવું સારું.'

## ઉદારતામાં ય વિવેક :-

દાનની ઉદારતામાં ય વિવેક જોઈએ છે. દાનની જ

શું, વાણીથી કે કાયાથી સેવાતી ઉદારતામાં ય વિવેકની પહેલી જરૂર છે. માબાપ દીકરાને નાનપણથી લાડકોડમાં ‘કિશોરભાઈ ! તમે આમ કરો, તેમ કરો, આ તમારે ન કરવું જોઈએ....’ વગેરે બહુવચનના માનભર્યા સંબોધનથી વાત કરે તો એ છોકરો કેવો પાકે ? ભૂલ કરે તો ય એને લાડકોડમાં ઉદારતાથી ઠપકો ન આપે પણ ભૂલ ખાઈ જાય, યા નરમાશથી જ કહે કે ‘કિશોરભાઈ ! તમારે આમ ન કરવું જોઇએ,’ તો એનું પરિણામ શું ? છોકરો અભિમાની ને ઉદ્ધત જ થાય કે બીજું કાંઈ ? વાણીની એવી અવિવેકભરી ઉદારતા શા કામની ?

### છોકરા હરામી કેમ થાય છે ? :—

એમ, માબાપ છોકારાને સેવાકારી સેવાપ્રિય ઘડવાને માટે એની પાસે કરાવવા જોગાં કામ કરાવવાનું ન રાખે અને ઉદારતાથી પોતે જ એ કરી લે. તો છોકરો કેવો હરામ હાડકાનો થાય ? કેવો સ્વાર્થી નીપજે ? ને જો માબાપ સામે એમ, તો પછી બીજા પ્રત્યે તો કેવો ય હરામી બેઠાખાઉ અને સ્વાર્થી નીવડે ? આજે ઘેર ઘેર જુઓ, જ્યાં છોકરા મોટા થયા અને સગા માબાપ પ્રત્યે પણ હરામહાડકાના અને સ્વાર્થી દેખાય છે, ત્યાં મૂળમાં આ હશે કે નાનો હતા ત્યારે માબાપે એની પાસે કરાવવા જોગાં કામ નહિ કરાવ્યા હોય, અને પોતે જ ઉદાર મને

કરી લીધાં હશે. ત્યારે આ ઉદારતા, પરિણામ જોતાં, અવિવેકભરી હોવાનું કહેવું જ પડશે. એ સૂચવે છે કે ઉદારતામાં વિવેક અવશ્ય જોઇએ.

ગોવિંદ બ્રાહ્મણે ઉદારતામાં આ વિવેક કર્યો, છોકરીને રાખી લઇ, એના બાપને ગરજુ છે માટે નીચોવી લો એમ નહિ, પણ, એને ધરપત થાય એટલા પૈસા આપ્યા.

**એક દુષ્કૃત્યનો ચેપ :—**

સૂર્યશિવ પૈસા લઇ રવાના તો થયો; પણ લોકોને આ ખબર પડતાં એને ચૂંટી ખાધો ! પોતાની સગી દીકરીના વેચનાર તરીકે એને બહુ ફિટ્કાર આપ્યો. લોકના ફિટ્કારને એ સહન ન કરવાથી દેશ મૂકી ભાગી ગયો બીજા નગરે, પણ છોકરી વેચવાથી પૈસા મળ્યા એનો એને હવસ–ચડસ લાગ્યો. ચેપી રોગ! એક દુષ્કૃત્યનો ચેપ જીવનમાં ફેલાયો ! તે હવે ત્યાં ખાનગી કોઈ કોઇ કન્યાને ઉપાડી જઈ બીજે ઠેકાણે વેચી નાખવાનો ધંધો માંડયો ! એક સંતાનવિક્રય પાપમાંથી મનુષ્યહરણ જેવું મોટી ચોરીનું પાપ પેઠું ! અને મનુષ્યવિક્રયનું પાપ ફાલ્યું ફૂલ્યું ! આ જોતાં એક પણ નવું દુષ્કૃત્ય, નવું વ્યસન ઘાલતાં બહુ વિચાર કરવા જેવો છે.

**સાતે વ્યસન કેમ વિકસ્યા :–**

આવે છે ને કે એક સજ્જને માછીમારને પૂછયું 'અલ્યા ભલા આદમી! માછલાં પકડે છે ?'

પેલો કહે છે, 'ના, એનું માંસ પણ ખાઉં છું.'

'અરે! માંસ ખાય ?'

'ના, એકલું નહિ, દારૂ સાથે.'

'હેં માંસ-મદિરા ઉડાવે?'

'ના, એકલો નહિ, વેશ્યાની સાથે.'

'અરેરે! આ તું શું બોલે? વેશ્યાગમન?'

'એમ તો પરસ્ત્રીઓ સાથે પણ ખરૂં'

'આ તું શું કહે છે?'

'એમાં કહેવાનું શું? એ તો જૂગાર ખેલી પૈસા કમાઈએ એટલે ક્યાં નાખવા? વળી એમની સોબતે એ પણ કરવું પડે ને?'

'અરે! જુગાર પણ ખેલે?

'જુગાર જ નહિ, એમાં પૈસા જાય એટલે ચોરી કરીને લાવવાના ય ખરા.'

બોલો સાત વ્યસનમાં શું બાકી રહ્યું? જુગાર-શિકાર, માંસાહાર-મદિરાપાન, ચોરી, પરસ્ત્રી-વેશ્યા; સાતે ય આવી ગયા ને? એનું મૂળ અંતે ક્યાંથી શરૂ થયું? જુગારમાંથી. એક વાર જુગારના વ્યસને અનેક વારનું એ ભૂત પેસાડયું! ઉપરાંત બીજાં છએ વ્યસન લાગુ થઇ ગયાં! માટે એક પણ વ્યસનને એક વાર પણ પેસવા ન દો.

## સૂર્યશિવ કેવો દુષ્ટ બન્યો? —

સૂર્ય શિવ પોતાના નીચ નિર્દય સ્વભાવ મુજબ દુષ્કૃત્યો કરી કરી અહીંય ભયભીત સ્થિતિને અને પરલોક

માટે ય ભયંકર દુઃખમય દુર્ગતિના ભવોની પરંપરાને સર્જનારો બન્યો રહ્યો! આજે ય સાંભળવા મળે છે ને કે કેટલાય છોકરાઓમાં પહેલાં હોટલની ચાહનું વ્યસન, પછી ઇંડા, આમ્લેટ, મચ્છી વગેરેનું ભક્ષણ ચાલુ થઈ ગયું છે! આ ગાડું ક્યાં જઇ અટકવાનું? એમ કેટલી ય કોલેજિયન કન્યાઓમાં પહેલાં છોકરા સાથે ભણવાનું, પછી સાથે ચાહ પીવાનું, પછી ફરવા જવાનું, સાથે સિનેમા જોવા જવાનું, પછી અંધારે ભટકવાનું....! ક્યાં જઈ અટકશે? માટે જ સંતાનોમાં પ્રાથમિક આચાર-ભંગથી બચાવી લેવાનું અત્યંત આવશ્યક છે.

## ગોવિંદ વિપ્રને ત્યાં દુકાળની અસર :—

હવે, પેલા ગોવિંદ બ્રાહ્મણને ત્યાં પેલી બ્રાહ્મણપુત્રી સૂર્યશ્રી ઊછરી રહી છે. એમાં દુકાળને આઠ વરસ ઉપર થઈ ગયા, અને ગોવિંદ બ્રાહ્મણનો વૈભવ ખૂટવા આવ્યો. દુકાળની ભયંકર મોંઘવારીમાં પૈસાના વ્યયનું પૂછવું શું? એમાં એક દિવસ મહિયારી દહીં-ઘી વગેરેની ભરેલી ચાર મટકીઓ લઇને આવી. ને કહે છે 'આ લઇને બદ-લામાં મને એક કૂંડી ચોખા આપો.' ધાન્ય કેટલું બધું મોંઘું? અસહ્ય મોંઘવારી! ગોવિંદ બ્રાહ્મણની આગળ પેલી મટકીઓ મૂકી ચોખા માટે બાજુએ ઊભી રહી છે; ત્યાં તો છોકરાં ભૂખ્યા ડાંસ જેવા, તે એમાંનો બધો ખાદ્ય માલ ઝાપટી ગયા! ગોવિંદ બ્રાહ્મણ બિચારો ઉદ્વેગમાં હતો કે 'આ વિકટ પરિસ્થિતિમાં કુટુંબ સીદાઈ

રહ્યું છે, એ મારાથી જોયું જતું નથી. શું કરવું ?' એટલે છોકરા પેલું ખાઇ જઈ ગોળીઓ સાફ કરી જાય છે એને શું રોકે ?

પેલી મહિયારી ખોટી થઇ રહી છે; તે બૂમ મારે છે, 'ભટ્ટીદારિકા ! અમને જલ્દી ચોખા અપાવી દો, જેથી અમે ગોકુળ ભેગા થઈ જઇએ. અમારે મોડું થાય છે.'

ગોવિંદ બ્રાહ્મણની પત્ની સૂર્યશ્રીને બોલાવીને કહે છે. 'અલી જો ને, પેલું રાજાને ત્યાંથી આવેલું અનાજ છે, એમાંથી ચોખાની કુંડી લઈ આ મહિયારીને દઈ દે. જલ્દી શોધી લાવ જો. આમને ઘરે પહોંચવાનું મોડું થાય છે.'

## દુર્લભ મળેલ ચોખા જડતા નથી :–

સૂર્યશ્રી આજ્ઞા તહત્તિ કરી અંદર જઈ ગોખલા વગેરેમાં શોધે છે; પણ કુંડી મળી નહિ. તેથી બહાર આવી કહે છે 'કુંડી મળતી નથી.' બ્રાહ્મણીએ ફરીથી અમુક જગાએ તપાસ કરવાનું કહેવાથી સૂર્યશ્રી ત્યાં જઇ શોધી રહી છે. એમાં વાર લાગી એટલે બ્રાહ્મણી પોતે ઊઠી અંદર જઇ શોધે છે. એને ય ન મળી.

ચીજ જ્યાં નથી ત્યાં લાખ વાર શોધે તો ય શાની મળે ? સર્પના મુખમાં કોઈ અમૃતની ભારે ખોજ કરે તો ત્યાં શું એ મળે ? એમ જ્ઞાનીઓ કહે છે 'શબ્દાદિ વિષયોમાં સાચું કાયમી સુખ નથી, પછી ત્યાં એની ગમે તેટલી ગડમથલ કરવામાં આવે તેથી શું ?'

## વિષયોમાં સુખનો અનુભવ કેમ ખોટો? :-

પ્ર૦-પણ અમને વિષયોમાં સુખનો અનુભવ થાય છે ને?

ઉ૦-વાત ઠીક, કિન્તુ શું કદી એ તપાસ્યું છે કે આ તે સુખ છે કે માત્ર ખરજવાની ખણુજનો પ્રતિકાર છે? પહેલાં તો આ તપાસવા જેવું છે કે દુનિયાના જે જે વિષયના સંયોગથી સુખ થવાનું લાગે છે તે તે વિષયના સંયોગ થતા પહેલાં જીવમાં કોઈ ઝંખના, આતુરતા, ચળ-વિચળતા ઊભી થઇ છે કે નહિ? એ થઇ હશે તો જ પછી તે તે વિષયસંયોગથી સુખ લાગવાનું; અને એ જો શાંત થઈ ગઈ તો પછી ગમે તેટલો સારો સંયોગ કાયમ છતાં, નહિ લાગે સુખનો અનુભવ! પકૂવાન્નના ભોજનથી મજા આવે લાગ્યું ત્યાં જરૂર એની ઝંખના, એની ચળ, એની વ્યાકુળતા ઊભી થઈ જ છે. એટલે જ એ ખાતાં ખાતાં સુખનો અનુભવ થાય છે. પણ જ્યાં પેટ પૂર્ણ ભરાઈ ગયું, હવે મોઢું જ ના પાડે છે, વધારે ખાવાથી ઊલટી થવા જેવું લાગે છે, ત્યારે એની આતુરતા-ચળ-ઝંખના શાંત થઈ ગઇ ગણાય. હવે 'લાવ જરા બે ઢેફા ખાઉં, મજા આવશે,' એમ નથી લાગતું. કેમ એમ? ચળ-ઝંખના-ભૂખ હતી ત્યાં સુધી જ વિષયસુખનો અનુભવ; એ મટ્યા પછી સુખાનુભવ નહિ, એ સ્થિતિ છે માટે. પેટ ભરાઈ ગયા પછી ભૂખ-ચળ મટી ગયે **એના એ જ પકૂવાન્નથી સુખ નથી લાગતું.**

એમ, સટ્ટાના વેપારથી સુખ માનતા હતા, પણ ત્યાં બે ને ચાર લપડાક પડી, ભારે ખોટમાં ઊતરવું પડ્યું, ત્યાં પછી જો એની ચળ-ઝંખના ઓછી થઈ શાંત પડી જાય છે અને એમ લાગે છે કે આ સટ્ટો ખોટો, માલનો વેપાર સારો, એટલે કે સટ્ટાના વેપારની જો ચળ ગઈ, તો પછી એનાથી સુખ નહિ લાગે, આવું જીવનનાં બધા ક્ષેત્રમાં સમજી લેવાનું.

સમરાદિત્ય રાજકુમાર પૂર્વ ભવોની ત્યાગની સાધના એવી વધારતા આવ્યા છે કે હવે આ ભવમાં એમને વિષય-સંયોગની ચળ-ઝંખના-આતુરતા નથી. તેથી એમને 'આ બધી મોટી રાજ્યસમૃદ્ધિથી સુખ' એવું નથી લાગતું. મા બાપ જાણે કે 'આને હીરામાણેકના અલંકાર પહેરાવો. વૈભવી શિબિકાઓમાં ફરવાનું આપો, મેવા પક્વાન્ન પીરસો, એટલે એને મજા આવશે,' પણ અહીં તો મૂળમાં પહેલી એ સંયોગોની ખણજ-આતુરતા હોય તો ને! ચળ બધી શાંત કરીને અહીં આવ્યા છે. એટલે એમને કશું જ સુખ માટે નથી બનતું.

પૃથ્વીચંદ્ર રાજકુમારની પણ એજ દશા હતી. એટલે તો માતાપિતા એમને મજા મણાવવા માટે ઊંચા ગીત નૃત્ય અલંકાર અને રંગરાગનાં સાધન ગોઠવાવી આપે છે. ત્યારે આ એનાથી સુખનો મજાક-આનંદનો અનુભવ કરવાને બદલે,

ગીત વિલાપને સમ ગણે,

નાટક કાયકલેશ; મેરે લાલ,

આભૂષણ તનુભાર છે.

ભોગને રોગ ગણેશ, મેરે લાલ....

અર્થાત્, એ ગીતને વિલાપ સમ, નાટક-નૃત્યને એક કાયકલેશ, આભૂષણને બોજ, અને ભોગને રોગની સમાન ગણે છે, કહો ક્યાં સુખ લાગવાનું રહ્યું? એટલે વાત આ છે કે પહેલાં ચળ-ઝંખના-આતુરતા હોય, તો વિષય સંપર્કથી એનો પ્રતિકાર કરી સુખ મનાય છે. આ ચળ-આકુળતા વગેરે એક પ્રકારનું દુઃખ છે એને નિવારવાનું કરાય એમાં મૂઢ જીવ બહુ મજા અને સુખ માને છે. મજૂર એક ખભેથી ભાર બીજા ખભે લઈ માને કે 'હાશ! ફોરો થયો,' ગધેડાના શરીર પર ત્રણ મણ ભાર ભર્યો, એના પર પાછો કુંભાર ચડી બેઠો, થોડે ગયા પછી કુંભાર ઊતરી જતાં ગધેડો માને કે 'હાશ! સુખી થયો,' ત્યાં શું ખરેખર સુખ મળ્યું કે માત્ર એટલું દુઃખ ક્ષણ-ભર ટળ્યું? ખરજવાની ખણુજ ઉપડી. સારી પેઠે ખણ્યું, સુખ લાગ્યું, ત્યાં શું ખરેખર સુખ મળ્યું? કે ક્ષણભર ખણુજનું દુઃખ ટળ્યું? જો ત્યાં ખરજવું એ ખરેખર એ સુખનું સાધન લાગતું હોત તો ખરજવું મટાડવાની દવા જ ન કરત. સુખનું સાધન મિટાવવા કોણ ચાહે?

**વિષય-સંપર્કની ચળ મટે તો જ સાચું સુખ મળે :—**

એટલે વાત આ છે કે દુનિયાના વિષયોમાં ખરેખર

સુખ નથી, એના સંપર્કથી સુખ નહિ, પણ ક્ષણભર દુઃખનો પ્રતિકાર માત્ર છે. પાછી ચળ ઉપડે છે ને એને તૃપ્ત કરવા જધામણ કરવી પડે છે! એના બદલે જો મૂળમાંથી જ આ ચળ શાંત કરી દેવાય, તો જ પછી ખરજવું મટયે સુખની જેમ સાચા સુખને અવકાશ રહે. એટલે તાત્પર્ય, જે વિષયોમાં સુખ નથી ત્યાં સુખની શોધ કરવી એ મૂર્ખતા છે, વાહિયાત પ્રયત્ન છે. સુખ હોય જ નહિ ત્યાં સુખ કયાંથી મળે?

## ગોવિંદબ્રાહ્મણનો દીકરો વેશ્યા સાથેઃ-

પેલી બ્રાહ્મણી ધારેલી જગાએ ચોખાની કુંડી શોધે છે. પણ હોય જ નહિ તો કયાંથી મળે? ન મળવાથી આશ્ચર્ય થયું કે 'વાહ! આ શું? અહીં મૂકયાની ધારણા છે છતાં અહીં એ મળતી નથી!' મહીયારીને ચોખા આપવાની અત્યંત આવશ્યકતા છે, તેથી હવે તો આસપાસમાં ચોકસાઈથી શોધે છે. એમાં વિશાળ ઘરના એક એકાંત ભાગમાં એણે જે દૃશ્ય જોયું તેથી એ હેબતાઇ ગઈ! એ રુકમીનો જીવ છે, અને હવે તો એણે આત્માનું ભવ્ય ઉત્થાન પૂર્વભવથી કરવા માંડેલું છે, તેથી અજુગતું દૃશ્ય એ કેમ સહન કરી શકે? શું જોયું એણે?

બ્રાહ્મણીએ જોયું કે 'એનો પુત્ર એક ગણિકાની સાથે ભાત ખાઇ રહ્યો છે. છોકરે પણ જોયું કે મા આવી રહી છે. જોઇને વિચારે છે કે 'આ દુષ્ટા પ્રાયઃ અમારા ભાત ઝૂંટવી લેવાની ઇચ્છાથી નીકળી લાગે છે! એટલે જો એ

નજીક આવશે તો હું એને મારી નાખીશ! એ શું સમજે છે એના મનમાં?'

જુઓ આ, પેટે સપુત ધાર્યો કે ભોરિંગ? દુકાળના વખતમાં જ્યાં કુટુંબને અનાજની અછત છે ત્યાં આ મોટો દીકરો ઘરમાંથી ચોરીને એકાંતમાં ખાવા બેસી ગયો છે, અને તે પણ ગણિકા–વેશ્યા સાથે રાખીને! સ્વાર્થાંધતા, ચોરી, કુટુંબીઓ પ્રત્યે નિર્દયતા, દુરાચાર,....કેટકેટલા પાપો ફાલ્યાફુલ્યા કે હવે જનેતાને મારી નાખવા સુધીની કુબુદ્ધિ સુધી પહોંચી ગયો!

### આજના ખૂન–ચોરી વગેરેનું મૂળ :—

ખાવાની કારમી લાલસા અને વિષયભોગની ભયાનક લંપટતા માણસ જેવા માણસને ક્યાં સુધી દુષ્ટ બુદ્ધિના ગર્તામાં નીચો ઊતારી દે છે! એ લાલસા–લંપટતાના પાપે જ દુનિયામાં દુષ્ટતાનાં તાંડવ ખેલાઈ રહ્યા છે. પ્રજામાં ખુનરેજી, બદમાસી, ચોરીઓ, ઝગડા, જૂઠ–અનીતિ –માયાચાર અને ઇર્ષ્યા–વેરઝેર વગેરે ચાલી રહ્યાના મૂળમાં આ આહાર–વિષય–પરિગ્રહની અતિ લાલસા–લંપટતા કારણભૂત છે. એ મૂળ કારણ ઓછું કરાવવાને બદલે એક બાજુ ઉલ્ટું એને પોષવાનું કરાય, અને બીજી બાજુ પછી કાયદા–કાનૂન અને કોરટ–પોલીસ વગેરેની યોજના કરાય, તેથી શું એ પાપો ઓછા થાય? રોગનું મૂળ કારણ કુપથ્યસેવન ચાલુ રખાય, પછી દવાના ફાકડા મારે, તેથી શું રોગ જાય? કદાચ ક્ષણભર રોગ ઓછો

થયો લાગે, પણ ખરેખર તો એ શરીરની અંદર ઊતરી ગયો હોય. આજે ડાકટરો એમ તાવ દબાવે છે એની પાછળની માઠી અસરો દરદી અનુભવે છે ને? એવું? કાયદા અને સજાના જોરે ક્યાંક અનીતિ દાબી દેવાય, પણ પેલી લાલસા–લંપટતા જો બેઠી છે, તો શું ખરેખર અનીતિ ગઈ? ના, જરા ય નહિં; માટે તો હવે એ ફરી વાર એવું શોધે છે કે કેમ સીફતથી અનીતિ કરીએ, અને કાયદા કે પોલિસની ચુંગાલમાં ન ફસાઈએ, કદાચ ફસાયા તો કેમ લાંચરુશ્વત કે ભેજાબાજ વકિલના સહારે એમાંથી છૂટી જઈએ.' આ શોધાતું હોય, ત્યાં ગુના શે' ઓછા થાય? સમજે છે કે અનીતિની સજા નથી, પણ કાયદામાં પૂરવાર થાય એની સજા છે, માટે અનીતિ તો કર્યે રાખો પણ સપડાવાની બારી ન રાખો.'

વિદ્યાર્થીઓને આજે મોટા નાગરિક શાસ્ત્ર અને સમાજ શાસ્ત્ર ભણાવાય છે, પણ એ જ વિદ્યાર્થી–આલમમાં પણ ગુનાઓ હદ પાર વધી ગયા છે! શું કારણ? આ જ, કે મૂળ કારણભૂત આહાર–વિષય–પરિગ્રહની લાલસા લંપટતાને ઓછી કરાવવાનો સરકારનો કોઈ પ્રયત્ન નથી. બલ્કે એ વધે એવી યોજનાઓ ખુલ્લી છે!

પેલો બ્રાહ્મણીનો પુત્ર આહારલંપટ અને વિષયલંપટ બન્યો છે એટલે વેશ્યાને પણ રાજી કરવા ઘરમાંથી અનાજ ચોરી એની સાથે ખૂણે બેસીને ખાઈ રહ્યો છે; અને એમાં સગી મા પણ જો આડે આવતી દેખાય, તો એને

મારી નાખવાની ઘોર દુષ્ટ બુદ્ધિ સુધી પહોંચી જાય છે.

## બીજાનું મોત ઇચ્છાય એ ભયંકર :-

બહુ સાવધ રહેવા જેવું છે ! સ્વાર્થની લંપટતામાં કદાચ આટલો બધો ક્રૂર નહિ તો પણ 'સામો મરે તો સારૂં' એવો વિચાર આવી જવો સંભવિત છે. ડોશી પાસે બહુ પૈસા હોય એ જીવતાં એ મળે એમ ન હોય, પછી જો એની બહુ આવશ્યકતા માની તીવ્ર અભિલાષા કરી; તો ક્યારેક ભાનભૂલ્યા થઈ 'આ ડોશી મરે તો સારું' એવો વિચાર શું ન જ આવે એવું નક્કી છે? ત્યારે કોઈ પણ જીવનું મોત ઈચ્છવું એ કેટલું બધું ભયાનક છે!

અરે! ઘોર પીડામાં સબડતો હોય તો ય એનું મોત ન ઇચ્છાય કે 'આ મરે તો સારું જેથી બિચારો આ પીડામાંથી છૂટે.' આવું ઇચ્છવા યોગ્ય નથી, કેમકે મર્યા પછી આથી પણ ભયંકર પીડાવાળા તિર્યંચ-નરકના અવતારમાં નહિ જ મૂકાય એની ચોક્કસ ખબર ક્યાં છે? અને જો ત્યાં મૂકાયો તો એની કઈ દુર્દશા-વિટંબણા થાય? શું એવી સ્થિતિમાં એને વહેલો જવાનું આપણાથી ન ઇચ્છાય? પણ એમ કહો કે એની રીબામણ જોઇ જતી નથી, તેથી પોતે એવા દર્શનથી બચવાની લંપટતામાં એનું મોત ઇચ્છી રહ્યો છે! ખરી રીતે એવું ઇચ્છવાને બદલે એમ ઇચ્છી શકાય કે 'આ બિચારો પીડાથી જલ્દી મૂકાય તો સારું, અને

કદાચ એવી કોઈ નિર્ધારિત પીડા લાગતી હોય તો એમ ઈચ્છાય કે 'આને ચિત્તની સમાધિ મળો, આને સમાધિ રહે તો સારૂં' 'આપણે કેવું કમકમી ભર્યું જોવું પડે છે' અગર કેટલી સેવા કરવી પડે છે, એનો કંટાળો ન હોય, અને શુદ્ધ દયા જ હોય, તો 'એના દુઃખ અને અસમાધિ દૂર થાઓ' એવી પ્રાર્થના શુભેચ્છા કરી શકીએ છીએ. પણ 'ભગવાન બિચારાનો છૂટકારો કરે તો સારું,' એવી ઘેલી ભાવના કરવા જેવી નથી. એ ક્રૂર કરુણા છે. મિથ્યા દયા છે; અવિવેક છે; જ્યારે 'એ મરો' એવું ન ઇચ્છાય તો પછી 'હું મારી નાખું' એવું તો ઇચ્છાય જ કેમ? પણ બ્રાહ્મણીનો છોકરો આવું ઇચ્છી રહ્યો છે!

પેલી બ્રાહ્મણી જ્યાં આગળ વધવા જાય કે, તરત છોકરો સામેથી બરાડી ઊઠે છે કે 'મા, ત્યાં જ અટકજે. જો આગળ વધી છે તો પછી કહેતી નહિ કે મને કહ્યું નહોતું, હું તને જાનથી મારી નાખીશ,' દિકરે પોત પ્રકાશ્યું, આવું બોલતાં જરાય શરમ–સંકોચ કે ભય લાગ્યો નહિ.

## ભાગ્યની શિરજોરી સામે શું કરવું? :–

સુકોમળ ગુલાબમાં કાંટા ય ઊગે છે ને? પવિત્ર બ્રાહ્મણ–બ્રાહ્મણીના ઘરે આવા કુપુત્રનો યોગ હોય, એ પણ બનવા જોગ છે. ભાગ્યની વિચિત્ર દશા છે. માણસ એની આગળ ખાંડ ખાય છે. માનતો હોય કે 'આવું ન

થવા દઉં' પણ એના હાથ હેઠા પડે છે. કમભાગ્યની કેવી શિરજોરી ? અહીં જોવા જેવું છે કે આ ન ધાર્યા દુઃખદ સંયોગમાં બ્રાહ્મણો શું કરે છે ? બખાળા કાઢે છે ? ના, કેમકે એને વિવેક પ્રગટ્યો છે,

## અનિચ્છનીય સંજોગમાં બે વિવેક

કમભાગ્યની સામે વ્યર્થ બાથોડિયાં મારવાને બદલે-

(૧) એક તો સુકૃત અને પુણ્ય વધારવાની જરૂર છે, અને

(૨) બીજું આપણા આત્માના જ હિતની ચિંતા કરવા જેવી છે.

**સુકૃત અને પુણ્ય વધારવું નથી ને બખાળા કાઢવા છે ?**

(૧) માણસ ઘણી વાર ભૂલો પડે છે, અને બખાળા કાઢ્યા કરે છે, કે 'આ ફલાણા કેવું ખરાબ કરે છે ! કેમ આવું ચાલવું જોઇએ ? આ શ્રીમંતો લોભિયા થઈ ગયા છે. ટ્રસ્ટીઓ જહાંગીરશાહી ચલાવે છે ! અમલદારોની નાદીરશાહી ચાલે છે ! આ સરકારે ય શું કરવા બેઠી છે ! લોકો ય કેવા સ્વાર્થી અને પ્રપંચી બની ગયા છે ! ક્યાંય સારું જોવા જ મળતું નથી.... શો લાભ આ બખાળાથી ? અલ્યા ભાઈ તું એ જો ને કે સારું જોવા મળવાનું તારૂં ભાગ્ય નથી. કમ ભાગ્ય છે, એટલે તને સારું જોવા મળતું નથી. તો તારૂં ભાગ્ય સુધરે એવું કાંક કર ને ? એ માટે મન-વચન-કાયાના સુકૃત વધાર ને ? સારા સારા કરુણાના, દેવગુરુ પર શ્રદ્ધાના, પરોપકારના, વગેરે

વિચારો કર, સારી સારી ભાવના કર, એવી જ વાણી ઉચ્ચાર, સારાં દાન દે, દેવ-ગુરુ-સાધર્મિકની ભક્તિ કર, સેવા આપ, ઇંદ્રિયોને અને મનને અંકુશમાં રાખ...ઈત્યાદિ સુકૃતો વધાર તો કાંક પુણ્યસંચય થવાથી તને સારૂં જોવા મળે, ના, એવું તો કાઇ કરવું નથી. બખાળા કાઢવા છે. શું વળશે ? જિંદગીભર બરાડયા કરશે, ગુસ્સા અને દ્વેષ ઠાલવ્યા કરશે, છતાં કશું સારૂં જોવા નહિ પામે, ને જિંદગીના અંતે એમ જ પહોંચી જશે !

આજે આવું ઘણું ચાલી પડયું છે. બાપ દીકરાઓ માટે, ગુરૂ શિષ્યો અને ભક્તો માટે, શિક્ષકો વિદ્યાર્થીઓ અંગે, પ્રજા અમલદારો અને સરકાર સામે બખાળા કાઢયા જ કરે છે, પણ પોતાને સારૂં જોવા મળે એવું ભાગ્ય વધારવા તરફ દૃષ્ટિ જ નથી જતી ! પછી સામાની સારી વસ્તુ તરફ દૃષ્ટિ નાખવાની કે એની ભાવદયા ભાવવાની વાત જ કયાં ?

છાપાવાળાનીય એ દશા છે. ગૌરવ લે છે કે અમે આટલા વરસોથી સમાજ સેવા કરતા આવ્યા છીએ. પણ એને પૂછો કે સેવામાં શું કર્યું ? આ જ કે વર્ષોથી એવા બખાળા કાઢયા કર્યા ! શું કદી એની સામે પ્રજાને એ સૂઝાડયું ખરૂં કે 'પરિસ્થિતિ દુઃસાધ્ય જેવી છે, માટે સારું વાતાવરણ ને સારા કર્તવ્યપાલન જોવા મળે એ માટે આપણું પુણ્ય વધારો ?' ના, આ શિખવાડતાં આવડતું નથી. આવડે છે માત્ર, બખાળા કાઢવાનું. નિંદા

હલકાઇ-બદબોઈ કરવાનું, ને હલકા પાડવાનું. બખાળા કાઢતા વર્ષોનાં વહાણાં વહી ગયાં કાંઈ સુધર્યું ખરુ ? શાનું સુધરે ? નિંદા, તિરસ્કાર, અને ઊતારી પાડવાનું, દ્વેષ, અપમાન અને અવગણના વગેરેથી તો ઉલ્ટુ પાપ વધે, એ પછી સારું જોવાનું ક્યાંથી મેળવી આપે ?

### બખાળાના બદલે શું કરવું ?

માટે, એક કાર્ય તો આ કરવા જેવું છે, કે તમે બાપ હો, ગુરુ હો, શિક્ષક હો, આગેવાન હો, કે પત્રકાર યા લેખક કે વક્તા હો, પહેલાં તમારૂં શુભ ભાગ્ય વધારો. એ માટે પહેલું તો સામા પર દ્વેષ અને એની હલકાઇ કરવાને બદલે હૃદયમાં વાત્સલ્યભરી ભારોભાર કરુણા વહેવડાવો. એના સદ્ભૂત ગુણોની ઉપબૃંહણા-પ્રશંસા-સમર્થન કરો. તેમજ જીવનમાં બીજી પણ વાણી વિચાર-વર્તાવના અનેકાનેક સુકૃત વધારો. પૂછશો,-

### આપણા શુભ ભાવ અને સુકૃતથી બીજા સુધરે ? :-

પ્ર૦-બધા આ રીતે કરશે, તો પછી પેલાને સુધારવાનું કોણ કરશે ?

ઉ૦-પાછા ભૂલ્યા. જો બધા આ રીતે સુકૃત, દયા અને ગુણકીર્તન કરશે, તો એનું એટલું બધું પુણ્ય વધી જશે કે એની ગેબી છાયા પેલા પર પડવાથી એને સુધરવાની બુદ્ધિ જાગશે. બીજાના સારા માટેની પ્રાર્થના જે

ફળે છે, એની પાછળ આ જ રહસ્ય છે. આજે પરદેશમાં આવું ચાલે છે. લોકો દેવળમાં જઇ તેવા કોઈ સંકટમાં પડેલા ભાઈ કે બાઈ માટે ઈશ્વરને પ્રાર્થના કરે છે, અને પેલાનું સંકટ ટળે છે.

## પાદરીની પ્રાર્થનાથી સુધારો :-

એક પાદરી પાસે એક માણસ રઘવાયો રઘવાયો આવી કહે છે, 'બસ! જોઈ લીધી દુનિયા, મહાસ્વાર્થી કોઇને બીજાની પડી નથી. હું કેટલે ઠેકાણે ભટક્યો, કોઇ સહારો નહિ, બસ હવે મારે એક આપઘાત જ કરવાનો બાકી છે.'

પાદરી કહે, ધીરા પડો, શાંત થાઓ. એવું કાંઈ નથી લ્યો જરા કોફી પીશો ? મંગાવું ' 'પી મૂકયા છે. મરી તો રહ્યો છું.' પાદરી કહે 'વાત સાચી, તમારું દુઃખ મોટું, તો ભલે કોફી ન પીવી હોય તો કાંઇ નહી. તમે એમ કરો. તમારું દુઃખ ટળે એ માટે તમે ઇશ્વરને પ્રાર્થના કરો.'

પેલો કહે, 'હું ઇશ્વર-બીશ્વરમાં માનતો જ નથી, પછી પ્રાર્થનાથી શું વળે ?'

પાદરીએ સમજાવ્યો પણ સમજે જ નહિ. તેથી પાદરીને બહુ દયા આવી ગઇ. એ એને કહે છે, 'ઠીક ત્યારે, જરા બેસ, હું કોન્ફરન્સ કરી આપું.'

પાદરી અંદરના ઓરડામાં જઈ, ઘુંટણીએ પડીને હાથ જોડી ઈશ્વરને પ્રાર્થના કરે છે, જુઓ એની પ્રાર્થના

પણ કેટલી સાત્ત્વિક છે! કેવી વિવેકભરી છે! એ મોંઢેથી બોલે છે, —

## પ્રાર્થનાનો પ્રકાર અને પ્રભાવ

"પ્રભુ! આ દુખિયારાનું દુઃખ હું જોઈ શકતો નથી. કેમ તું મને એવી શક્તિ આપતો નથી કે હું આનું દુઃખ મિટાવી શકું? એને સદ્બુદ્ધિના રાહ ઉપર લાવી શકું? શું મારામાં એટલી તાકાત નથી કે હું આને બિચારાને ઉપયોગી થાઉં? એને સહાય કરૂં? નાથ! નાથ! એ બિચારો બહુ દુઃખી! તારો અચિંત્ય પ્રભાવ છે, તારા પ્રભાવે મારામાં જરૂર એ સામર્થ્ય આવવું જ જોઈએ કે 'હું આને મદદગાર થાઉં, અને તેનું દુઃખ મીટે,' જરૂર એ સામર્થ્ય આવશે."

પાદરીએ દિલથી ગદ્‌ગદ સ્વરે પ્રાર્થના કરી. દસ મિનિટમાં એનો ચમત્કાર દેખ્યો! એવો ભાસ થયો કે જાણે ભગવાન કહે છે 'જા, સારૂં થશે.' પાદરી ઉઠીને બહાર આવ્યો. પેલાની સામે ખુરસી પર બેસી એને કહે છે, 'લ્યો, પહેલાં જરા કોફી લેશો?'

પેલો પ્રાર્થના પહેલાં ના કહેતો હતો કે 'ના, મારે કશું લેવું નથી. દુનિયામાં કોઈ મારૂં રહ્યું નથી. બસ હવે તો એક મરવાનું બાકી છે.' એમ કહેનારો હવે પાદરીની એના માટેની શુભેચ્છા પૂર્વકની દિલની પ્રાર્થનાથી ઠંડો પડી ગયો. કહે છે, 'ઠીક.'

**પાદરીની સલાહ ;—**

પાદરીએ કોફી મંગાવી બંનેએ પીધી. પછી પેલાને એ કહે છે, 'જુઓ, તમે બધા ઉપાય તો કરી લીધા છે ને? હવે જ્યારે તમારી પાસે કોઈ જ ઉપાય નથી, તો હું તમને મારા ઢગલાબંધ અનુભવોથી કહું છું કે ઈશ્વરની પ્રાર્થનામાં અદ્ભુત બળ છે, અને તમે અહીં જ થોડીક વાર આંખ મીંચીને પ્રાર્થના કરો કે 'પ્રભુ! તું સર્વનું ભલું કરે છે. તારી શક્તિ અપરંપાર છે. તારી દયા પાર વિનાની છે. મને અટલ વિશ્વાસ છે કે તારા અચિંત્ય પ્રભાવથી મારૂં સારૂં થશે જ. બસ પ્રભુ! તારી દયાથી મારૂં સ્વચ્છ થઈ જાઓ, અને બીજાનો સારો સદ્ભાવ-સહકાર મને મળો.'

પેલાએ એ પ્રમાણે આંખ મીંચીને પ્રાર્થના કરી. ચમત્કાર થયો. થોડી વારમાં આંખ ખોલીને કહે છે 'મેં૦ સાહેબ! આપે મારા પર ગજબ ઉપકાર કર્યો છે. મારૂં મન સ્વસ્થ-સ્વચ્છ થઈ ગયું છે. હવે મને હિંમત આવી ગઈ છે.'

પાદરી કહે છે, 'તો તમે રોજ એક ચોક્કસ કરેલા નિયત સમયે આ પ્રમાણે પ્રાર્થના કરજો.'

કહેવાની જરૂર નથી કે એથી એ ઉત્તરોત્તર સુખી થતો ગયો અને પાદરીને આવીને આભાર માનવા સાથે પોતાની ઉન્નતિ એણે કહી, હવે પૂછો,-

**પ્ર૦–પાદરીની પ્રાર્થનાની અસર કેમ પેલા પર પડી ?**

ઉ૦–કહો, પાદરીની એ પ્રાર્થનાએ પાદરીનું પુણ્ય એવું ઊભું કર્યું કે અણગમતું દૃશ્ય જોવાનું ટળે અને સારૂં દૃશ્ય મળે. એ પુણ્યનો પ્રભાવ પેલા પર પડ્યો. શંકા ખાતા નહિ કે આવું કેમ બને ? યશનામકર્મ નામના પુણ્યનો ઉદય થાય છે ત્યારે એના પ્રભાવે લોક પર અસર પડે છે ને ? પહેલાં નહિ વખાણનારા લોકોના દિલ પર હવે આ યશપુણ્યના ઉદયે એવી કોઈ અસર થઈ જાય છે કે જેથી હવે એ વખાણવા લાગે છે. આ અસર કોણે ઉભી કરી ? સામાના યશનામકર્મપુણ્યના ઉદયે. એમ આદેય–નામકર્મનો ઉદય હોય અને એ શબ્દ કહેવાય તો સામા પર અસર પડે છે ! એવી રીતે માણસ કોઈ ચિંતામાં ઉદ્વિગ્ન જેવો બેઠો હોય, પણ સૌભાગ્યનામકર્મવાળો કોઈ આવી ચડે, તો ઝટ એ પ્રસન્નતાની અસર અનુભવી એને સહર્ષ આવકાર આપે છે ! કર્મ ચીજ એવી છે; **પુણ્ય–પાપ કર્મના ઉદય બહારના જડ ચેતન પર અસર પાડે છે, કેમકે એ એનું ફળ છે.**

**પ્રાર્થનાથી સામાને અસર પર શાસ્ત્રીય પ્રમાણ :—**

પ્રાર્થનાથી એવું શુભ કર્મ ઊભું થાય છે કે જે સામા પર અસર કરે છે. ‘ વેયાવચ્ચગરાણં ’ સૂત્રની વ્યાખ્યામાં શાસ્ત્રે આ ખુલાસો કર્યો છે કે ‘ સમ્યગ્દૃષ્ટિ આત્માઓ કે જે વૈયાવચ્ચ કરે છે, શાંતિ કરે છે, સમાધિ કરે છે, એમના

નિમિત્તે કાયોત્સર્ગ કરનારને એવું શુભ ઊભું થાય છે કે પેલા વૈયાવચ્ચ આદિ કરનાર આત્માઓ પર અસર પાડે છે.' આજ ન્યાયથી પ્રાર્થના કરનાર માટે સમજવાનું છે. પ્રાર્થના એમ ફળે છે.

## અનુચિત પ્રાર્થના કેમ ન ફળે ?

પ્ર૦–એમ તો કોઈ અસત્ અનુચિત પ્રાર્થના કરે, દા. ત. 'હે પ્રભુ ! મારા દુશ્મન મરી જાઓ' એવી પ્રાર્થના કરે તો ય શું એ ય ફળે ?

ઉ૦–ભૂલ્યા, પ્રાર્થનાથી જ્યારે એવું શુભ કર્મ ઊભું થાય છે ત્યારે એ ગર્ભિત જ છે કે એ પ્રાર્થનામાં શુભ ભાવ છે, શુભ અધ્યવસાય છે. પણ જો મૂળમાં જ અશુભ ભાવથી પ્રાર્થના કરાતી હોય. તો એવું શુભ કર્મ ઊભું થવાને અવકાશ જ નથી, પછી ફળવાની વાત જ ક્યાં ?

પ્ર૦–તો પછી નિયાણું કેમ ફળે છે ?

ઉ૦–એ ફળવાનું આશંસામાત્રને લીધે નથી, કિન્તુ એની પાછળ રહેલ તપ–સંયમના લીધે છે. માટે તો જો એવું કોઈ તપ–સંયમનું બળ હોય નહિ ને માત્ર આશંસા કરે કે મને ચક્રવર્તિનાં સુખ મળો', તો કાંઈ એ મળતાં નથી.

## અનુચિત નિયાણું કેમ ફળે છે ?

પ્ર૦–ઠીક છે, તો પણ અગ્નિશર્મા જેવાની ગુણસેન

રાજાના જીવને ભવોભવ મારવાની આકાંક્ષા–આશંસાનિયાણું, એ તો મહા અશુભ ભાવ છે, એ કેમ ફળે છે?

ઉ૦–પ્રશ્ન સરસ છે. અહીં સમજવાનું છે કે આ નિયાણામાં એણે તો શું કર્યું, કે પોતાના આત્મામાં દ્વેષ વૈર કષાયનાં ઊંડા બીજ નાખ્યા. છતાં પ્રશ્ન થાય કે પણ પેલા ગુણિયલ આત્મા પર એ કેમ ફળવું જોઈએ? એના ઉત્તર એ છે કે ત્યાં એ સમજવું જોઈએ કે એ શુભ સંપન્ન આત્માને પોતાને એવાં અશુભ કર્મ બાકી છે કે જે કર્મને એવાં દ્રવ્યાદિનાં નિમિત્ત મળે ત્યારે એ ઉદયમાં આવે. શાસ્ત્ર કહે છે કે તેવાં તેવાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ભાવનાં નિમિત્ત પામીને કર્મ ઉદય પણ પામે છે, તેમ ક્ષયોપશમ પણ પામે છે. વધારે મરચું ખવાઈ જાય તો મોં બળે; એ મોં બાળવાની અશાતાનું કર્મ મરચાં દ્રવ્યને લઈને ઉદયમાં આવ્યું કહેવાય. એમ અહીં ગુણસેન રાજા કે પાર્શ્વ પ્રભુના જીવને એવાં કર્મ ખરાં કે એ કર્મ તેવા વિરોધી શત્રુભૂત જીવદ્રવ્યનો સંયોગ પામીને ઉદયમાં આવે. માટે જ જ્યારે એવાં કર્મ ખત્મ થઈ ગયાં, ત્યારે દુશ્મન એનો એ દુષ્ટતા કરતો ઊભો છતાં, એમને એવી અશાતા અને મૃત્યુ આવ્યાં નહિ. જો માત્ર પેલાની અશુભ આશંસા પર જ આમને ભોગવવું પડતું હોત તો તો છુટકારો ક્યારે થાય? પરંતુ એવું નથી. પોતાનાં તેવાં અશુભ કર્મ હોય ત્યાં સુધી જ નિમિત્ત પામી વેઠવું પડે છે પણ પછી નહિ. અસ્તુ.

વાત એ હતી કે બીજા જીવોનાં તેવા અનિષ્ટ આચ-

રણ પર એકલાં બખાળાં કાઢ્યા કરવામાં અને એની નિંદા—બૂરાઈ—હલકાઈ ગાયા કરવામાં તો સામામાં સારું કશું ફળ આવતું નથી, ઉલ્ટું પોતાનો જ આત્મા દ્વેષ—કષાયના સંસ્કાર અને અશુભ કર્મથી બંધાય છે, ને દ્વેષવશ કદાચ સામાના મૃત્યુની કે મારી નાખવાની ઈચ્છા સુધી પહોંચાય છે! માટે કરવું તો એ જોઈએ કે પોતાના દિલમાં એવી સદ્ભાવના ઊભી કરવી કે 'સામાને સદ્બુદ્ધિ મળો, એ પાપથી પાછો હટો.' પ્રભુને એવી પ્રાર્થના પણ કરત; અને સંભવ છે ઉત્કૃષ્ટ કરુણાભરી પ્રાર્થનાથી સામાને અસર કરે એવું શુભ કર્મ ઊભુંય થાય. સામો એવા નિકાચિત મોહનીય કર્મ ભોગવતો હોય તો અસર ન પણ થાય એવુંય બને. એટલે અસર થાય જ એવો નિયમ નહિ; છતાં પણ આપણને તો આપણી શુભેચ્છા—સદ્ભાવના કરુણાયુક્ત પ્રાર્થનાનું શુભ ફળ મળે જ. આમ પ્રાર્થના નિષ્ફળ જતી જ નથી, સામાને નહિ, તો આપણને એ ફળે છે. જ્યારે બખાળામાં માત્ર દ્વેષ પાપ પોષાય છે.

એટલે પહેલી વાત આ થઈ કે—

**બખાળાં કાઢયા કરવા કરતાં શુભ ભાવનું જ આલંબન પકડવું.**

અહીં જોવા મળશે કે ગોવિંદપત્ની બ્રાહ્મણી દીકરાની ઉદ્ધતાઈ પર શું કરે છે. પણ પહેલાં એક બીજી વાત જરા સમજી લઈએ.

બીજી વાત એ છે કે હાલતાં ને ચાલતાં બીજાનું હલકું જોઈ એના બખાળાં કાઢવાનું અને બળતરા કર્યા કરવાનું કરીએ છીએ, પરંતુ પોતાના આત્માનો વિચાર આવે છે ખરો ? 'પોતાનાં શુભ કર્તવ્યો બરાબર બજાવાઈ રહ્યા છે કે નહિ ? પોતે અહિત આચરણ કે વિચારણા છોડી હિત પ્રવૃત્તિ અને હિત વૃત્તિ રાખી રહ્યો છે કે નહિ ?' એનો વિચાર કેટલો ? ને વિચાર કેટલા પ્રમાણમાં રહે છે ? મંદિરમાં ગયો, ત્યાં એવા સંતાપ સૂઝે છે–'આ કારભારીઓ કેવા ? પૂજારી કેવા છે ? છે કાંઈ સગવડ–સુઘડતા ?' પણ એ વિચાર નથી આવતો કે,—

'ગમે તેવી અગવડમાં પણ અહીં દર્શન–વંદનાદિ અર્થે મુખ્ય વસ્તુ પરમ કિંમતી ભગવાન તો વીતરાગ મળ્યા જ છે; તો એ મહત્ત્વનું કે પેલી સગવડ ? માનો સરાગી દેવના મંદિરમાં બધી સગવડ હોય તો ય લાભ કેટલો ? અથવા માનો કે અહીં કારભારીનો વાંક છે, પણ એથી ય વધુ મારો વાંક નથી ?' આવા લોકોત્તર નાથ મળવા છતાં,—

(૧) શું હું પોતે દર્શન–વંદન કે પૂજન વિધિસર કરી રહ્યો છું ?

(૨) એમાં હું દિન–પ્રતિદિન ઊંચા ઊંચા શુભ ભાવ જગાવી રહ્યો છું ?

(૩) શું મારા અશુભ ભાવોને ઘટાડવાનું ચાલુ છે ?

(૪) મંદિરમાં આડા–અવળા વિચાર કે બહારના વિચારમાં શું હું નથી કરતો ને?

(૫) દર્શન ખાલી હાથે કરવા નથી આવતો ને?

(૬) પૂજાનાં દ્રવ્ય મારાં પોતાનાં વાપરૂં છું ખરો?

(૭) દર્શન–પૂજાનો સાચો ઉદ્દેશ,–"જે ભવ–વૈરાગ્યની વૃદ્ધિ અને સર્વવિરતિની તમન્ના, તે શું હું એ કરી રહ્યો છું ખરો?"

આવું પોતાના આત્માનું હિત તથા પોતાનો વાંક વિચારવાનું કેટલું? અને કારભારી, પૂજારી, દર્શન–પૂજા કરનારા, વગેરે અંગે બખાળા કાઢવાનું અને બળતરા કરવાનું કેટલું? જો જો,

**બીજાના અંગે બખાળા–બળતરામાં રમનારને પોતાના આત્માનો વિચાર જ પ્રાયઃ નહિ રહેતો હોય.**

આપણી પોતાની જ તપાસ કરોને, દેખાશે એમાં, કે

બીજાની બૂરાઈઓ પર બળતરા કર્યા કરવામાં આપણી જાતનું જ વિચારવાનું ભૂલી જઈએ છીએ.

એથી જ ભલે આપણે કોઈ ધર્મક્રિયા કે વ્રત–તપ–જપ કરતા હોઈએ, પરંતુ એ તેવા પ્રબળ શુભ ભાવભર્યા થતા નથી.

એથી તેવા બળવાન અંતરાયક્ષય અને પુણ્યોપાર્જન નીપજતા નથી કે જેની શુભ અસર બીજા પર પણ પડે.

એવી સ્થિતિમાં આપણે ગમે તેટલા બખાળા કાઢીએ પણ સામા પર એ વચનની અસર નથી પડતી.

**આદેય નામકર્મ અને અંતરાયક્ષયથી હિત-શિક્ષાની સામા પર અસરઃ—**

મૂળમાં આપણું આદેય નામકર્મનું પુણ્ય બળવાન જોઇએ; તેમજ આપણને સારૂં જોવા મળવાની આડે નડતા અંતરાય કર્મનો ક્ષય નીપજવો જોઇએ. તો જ આપણે બીજાને કહેલાં હિતવચનની એના પર અસર થાય. બાકી આપણાં જ તેવાં પુણ્યનાં અને અંતરાયક્ષયનાં ઠેકાણાં હોય નહિ. એ ઊભા કરવા ભરપૂર સ્વાત્મહિતચિંતા ને ભરપૂર હિતપ્રવૃત્તિ હોય નહિ, પછી બીજાના અંગે ગમે તેટલા બખાળા કાઢીએ, એ શું સારૂં પરિણામ લાવી શકે?

**એટલે પહેલી વાત સામાને અંગે પ્રાર્થના-કરુણા કરવાની હતી.**

**હવે બીજી વાત આ છે કે, બીજાના અંગે તેવા વિચારો અને ઉદ્‌ગાર કાઢયા કર્યા કરવાને બદલે આપણાં આત્માના અકર્તવ્ય-ત્યાગ અને કર્તવ્યપાલન પર જ પ્રધાન લક્ષ રાખી, એનો પહેલો પ્રયત્ન રાખ્યા કરવો.**

એથી અંતરાયક્ષય અને પુણ્યવૃદ્ધિ થઈ બધું સારૂં બની આવશે.

## અસદ્ બોલ પર બ્રાહ્મણીને આઘાત

જુઓ અહીં પેલો રુક્મીનો જીવ ગોવિંદપત્ની બ્રાહ્મણી હવે આત્માનું ઉત્થાન કરતી કરતી ક્યાં સુધી આવી પહોંચી છે કે પેટના દીકરાના 'આગળ વધી તો તને જાનથી મારી નાખીશ.' એવા ભયંકર બોલ પર એ કેટલા સુંદર પરિણામ પર જાય છે! પહેલાં તો દીકરાના વજ્રઘાતસમા અણધાર્યા અતિ અનિષ્ટ ઉદ્ગાર સાંભળી એના પ્રેમભર્યા કોમળ દિલને એવો આઘાત લાગ્યો કે એ ત્યાં જ મૂર્ચ્છા ખાઈ પડી જમીન પર! પ્રેમથી પેટમાં પાળ્યા, પ્રેમથી પછી સારા ઉછેર્યા, હવે આ પરિણામ દેખી હૈયું કેમ ન હણાય? 'અરે! આ સારા ઉછેરેલામાં આ?' એવો આઘાત કેમ ન લાગે?

**માતાને સાચું દુઃખ :—**

**સાચી માતાનો છોકરો બુદ્ધિશાળી–ચાલાક–રળતો–કમાતો ઓછો હોવાનું જે દુઃખ નહિ, તે એનામાં અવિનય–ઉદ્ધતાઇ–નિર્દયતા વગેરે દૂષણ હોવાનું હોય.** કેમકે એથી છોકરાનો પરલોક ખરાબખસ્ત થઈ જવાનું દેખાતું હોય છે; એના ભવની પરંપરા બગડી જવાનું નજરે ચઢે છે! અને એ વસ્તુ આર્ય માતા માટે અસહ્ય વસ્તુ છે, આશ્ચર્ય છે કે આજે શ્રાવક માતા-પિતા છોકરાને પાઠશાળામાં ધાર્મિક શિક્ષણ મેળવવાની વાત આવે ત્યારે કહે છે, 'એને નિશાળે ભણવાનું બહુ હોય છે તેથી સમય નથી!' જુલ્મ છે ને આ? સંતાનના આત્મહિતની કશી પડી છે? ધાર્મિક સંસ્કાર વિના એનામાં અવિનયાદિ

કેટલા ય દુર્ગુણો ઘુસે એની ભયંકરતા લાગે છે ખરી? સંતાન તમારા ઘરમાં આવ્યા પછી પણ ખરાબખસ્ત થાય, વિષય–કષાયાંધતા વધીને એની ભવપરંપરા વધી જાય, એનું દુઃખ એનો આઘાત થાય ખરો? ના, તો પછી ઢેડ–ભંગી–વસવાયાના ઘર અને તમારા ઘરમાં શો ફરક?

બ્રાહ્મણીને તો એનો એટલો બધો આઘાત લાગ્યો અને એથી ય વિશેષ આઘાત તો પોતે આવા તકલેદી અસાર કુટુંબના મોહમાં ફસી રહ્યાનો લાગ્યો કે 'અરે! હું આવા કુટુંબના મોહમાં ફસી?' આ આઘાતથી એ બ્રાહ્મણી ત્યાં મૂર્છા ખાઈ ગઈ.

અહીં પેલી મહિયારી બિચારી બહાર રાહ જોતી ઊભી છે; તે હવે થાકીને સૂર્યશ્રીને કહે છે, 'અરે બેન! અમારે બહુ સમય થયો. માટે તારી માને કહે કે જલ્દી આવીને ચોખા આપી દો; અને કદાચ એ ન જડતા હોય તો મગ આપી દો.'

સૂર્યશ્રી આમે ય પડવાનો અવાજ સાંભળી 'આ શું? આ શું?' એમ કરતીક અંદર જવાની તૈયારીમાં છે, એમાં વળી ભરવાડણે કહ્યું એટલે તો તરત અંદર જઈ જુએ છે તો બ્રાહ્મણી જમીન પર મૂર્છામાં પડેલી દેખાઈ! એટલે એણે તો 'કોઈ આવો આવો' એમ બૂમરાણ મચાવી મૂકી. એ સાંભળી ગોવિંદ બ્રાહ્મણ અને બીજાઓ દોડતા અંદર આવ્યા! જોઈ સ્તબ્ધ બન્યા! પાણી છાંટીને અને પવન નાખીને બ્રાહ્મણીની મૂર્છા દૂર કરી પૂછે છે—

'ભટ્ટીદારિકા ! કેમ શું થયું ?'

બ્રાહ્મણી મૂર્ચ્છા ઊતરવાથી હવે સ્વસ્થ બની છે. પરંતુ એ જાતે અનુભવેલો મહા અનિષ્ટ પ્રસંગ રજૂ કરવા ઈચ્છતી નથી; કેમકે સમજે છે કે 'એમ કરવામાં શું સારું પરિણામ આવે ? ભેગા થઈ ગયેલા બધા માણસો કષાયમાં ચઢે અને પેલા મોટા દીકરાને કદાચ કૂટાવાની સ્થિતિમાં મૂકાવું પડે ! અને મને કષાય અને કોઈ જીવને દુઃખ થાય એવું બોલવામાં શો ફાયદો ?'

**બોલ કેવા બોલવા ?**

બ્રાહ્મણીનો વિવેક જોવા જેવો છે.

માણસે બોલ એવા કાઢવા જોઈએ કે જેથી (૧) સાંભળનારના રાગદ્વેષાદિ કષાય વધે નહિ, પણ શાંત થાય; તેમ (૨) કોઈ જીવ પર દુઃખ ઊભું ન થાય.

આપણે ઉદ્‌ગાર કાઢતાં શું આ ધ્યાનમાં રાખીએ છીએ ખરા ? કે એ કશું જોયા વિના દિલના ઊઠેલા આવેશ-બફારા ઠાલવવાની જ વાત ? ભલે પછી સામો કષાયમાં ચઢી બીજા જીવ પર આક્રમણ લઈ જાય અને એને દુઃખ પમાડે. પોતાના દિલનો કષાયનો આવેશ બહુ ભૂંડી ચીજ છે કેમકે એની પાછળ એ બીજામાં કષાય-વૃદ્ધિ અને હિંસા-પ્રવર્તનની બેપરવાઈ કરાવે છે.

**વિષયાવેશથી વ્યર્થ પાપ :—**

બજારમાં કોઈ નવું સારું શાક કે ફળ જોઈને

ખરીદીને આવ્યા, રસ્તે આવતાં અને ઘરે આવ્યા પછી આડોશ પાડોશમાં કેટલાયને કહેવાનું બને છે ખરૂં કે "જાઓ, જાઓ, બહુ મજેનું શાક આવ્યું છે! કેરી શકરટેટી આવી છે?' કોણ બોલાવે છે આ? પોતાના દિલનો વિષયાવેશ; રાગના–રતિનો આવેશ. એ જીવને અંધ બનાવે છે. જોવા નથી દેતો કે આની પાછળ સાંભળનારાઓને કેવો રાગ–લોભ–તૃષ્ણા જગાવશે? અને પેલા વનસ્પતિ જીવો પર કઈ આપત્તિ આવશે?

## કષાયાવેશથી કષાયોદીરણા :—

એમ માર્ગમાં બે જણની લડાઈ જોઈ આવ્યા, એમાં એક ન્યાયી બીજો અન્યાયી લાગ્યો, તો એ જોયેલું પછી બીજા આગળ એવી રીતે રજુ કરવાનું બને છે ખરૂં કે જેથી સાંભળનારને અન્યાયી માણસ પર ગુસ્સો ચઢે? ભાઈ! શી જરૂર હતી આ સાંભળનાર ત્રાહિતને એવા ક્રોધકષાયમાં ચડાવવાની? કદાચ મારવાની ય બુદ્ધિ જગાવવાની યા પેલાએ માર ખાધેલામાં રાજીપો કરાવવાની શી જરૂર? પણ આપણી અંદરનો કષાય–આવેશ આ તોફાન કરાવે છે, સભામાં કષાય અને હિંસાવર્ધક બોલ કઢાવે છે. માટે આવેશ ભૂંડી ચીજ છે; એથી બીજામાં કષાયવૃદ્ધિ અને કોઈને દુઃખ ઊભું થવામાં નિમિત્ત થવું, એ ખરાબી નીપજે છે.

બ્રાહ્મણીને મોટા દીકરાએ સંભળાવેલું, તેમજ એના જીવનની ખરાબી એ બે વસ્તુનો વિચાર આવેશ ન કરાવતાં

તત્ત્વદૃષ્ટિ પર લઈ જાય છે. એટલે જુઓ એ કેવો ઉદ્ગાર કાઢે છે! અને એથી સાંભળનાર કેવા શુભ ભાવમાં આકર્ષાઈ આવે છે!

**બોલ એનું નામ કે જે પ્રશાન્ત દિલમાંથી ઊઠે અને બીજાને પણ કષાયના ઉપશમ તરફ ખેંચે.**

મહાવીર ભગવાન ફરમાવે છે, 'હે ગૌતમ! જો પેલી બ્રાહ્મણી કહે છે....

**સગાં પોતાનાં છે?**

'હે વહાલાઓ! દરમાં રહેલા ઝેરી સાપથી જાતને ડસાવાનું ન થવા દેશો. પાણી વિનાની નદી આગળ પાણીની આશાએ ઊભા ન રહેતા. વગર દોરીના ફાંસા-બંધનસમા સગાઓને માટે મોહ અને અજ્ઞાનવશ એમ માનતા નહિ કે 'આ મારો પુત્ર! આ મારી દીકરી! આ મારો પોતરો! આ પુત્રવધુ! આ જમાઈ! આ મા! આ બાપા! આ પત્ની! આ મારા મનગમતા પ્રેમાળ રૂપાળા વહાલા સગા-સ્નેહીઓ-પરિવાર!' આવું માનતા નહિ; કેમકે અહીં પ્રત્યક્ષમાં એ બધું જૂઠું નીવડતું દેખાય છે; એક વખતના મારા વહાલા-વહાલા કરેલા પણ દુશ્મન બની બેસે છે! એ બધી ય સગાઈ મિથ્યા છે, જુઠી છે. બધા જ સગાં-સ્નેહી સ્વાર્થી છે; પોતાનું કાર્ય સરતું હોય ત્યાં સુધી જ સગાઈ-મહોબત રાખે છે. પોતાનું કાર્ય સરી ગયું, હવે સામો પોતાને કોઈ કામમાં આવતો લાગતો નથી, પછી વહાલા કરવાનું ગયું.'

'એટલે પરમાર્થથી જોતાં કોઈ જ સગું નથી, સ્નેહી નથી. પોતાનું કામ સરતું હોય ત્યાં સુધી 'આ મારી મા', 'આ મારા પિતા', 'આ મારો દીકરો', 'આ મારી સાસુ', 'આ મારો જમાઈ', 'આ મારા મનગમતા પ્રિય વહાલા સ્નેહી' પણ સ્વાર્થ પતી ગયે કોઈ કોઈનું સગું ય નહિ ને વહાલું ય નહિ; 'મારા શેઠ' ને 'મારો પરિવાર' કોઈ કરે નહિં.

**સરવાળે શું?**

'ભલે ને માતાએ પુત્રને નવ નવ મહિના પેટમાં પાળ્યો, ગર્ભમાં પાળવા માટે કેટલાય રંગરાગ–ભોગ છોડ્યા, પ્રસૂતિનાં મહા કષ્ટ વેઠી એને જન્મ આપ્યો, ઊછેર્યો, ગરમ-ગરમ રસદાર ભોજનો કરાવ્યાં, મળમૂત્ર ઉસેડયાં, અશુદ્ધિ સાફ કરી, સ્નાન કરાવ્યાં, મંદવાડમાં કાળા ઉજાગરા કર્યા. અને ગમે તેટલા મનોરથો સેવ્યા કે 'આ દીકરો મોટો થઈ પરણીને સારૂં રળતો કમાતો થશે. એટલે મારી બધી આશા એ બધા સ્નેહીજનોથી પૂરાશે. અને હું સુખપૂર્વક કાળ પસાર કરીશ,' પરંતુ સરવાળે શું? એમ પુત્રે મા માટે ને પિતા માટે, પત્નીએ પતિ માટે, પતિએ પત્ની માટે, એમ....એક બીજાએ પોતાના માનેલા સગા માટે ગમે તેટલી આશાઓ અને મનોરથો સેવ્યા હોય, પરંતુ સરવાળે શું? બધાના અંતે આ જ હકીકત છે કે પોત–પોતાનું કાર્ય સરી ગયા પછી, સ્વાર્થ પૂરો થઈ ગયા પછી, કોઈ કોઈનું સગું સ્નેહી કે પરિવાર રહેતું નથી."

## હાંડલીના દાણા પર સંસારની ઓળખ :—

બ્રાહ્મણીએ મોટા દીકરાના વર્તન અને બોલ ઉપરથી આખા સંસારની તારવણી કાઢી છે. હાંડલીમાંથી ચમચા પર ખીચડીના ચાર દાણા કાઢી તપાસ્યા, કાચા લાગ્યા, એટલે સમજી જ લેવાય છે કે હજી ખીચડી પાકી નથી. ત્યાં કાંઈ બધા દાણા કાઢી તપાસવાની જરૂર નથી રહેતી. એમ અહીં સંસારની હાંડલીમાં મોહભર્યા બધા સંબંધોને તપાસવાની જરૂર નહિ, એક બે સંબંધ-સંયોગમાં મિથ્યાપણું દેખાઈ ગયું, એટલે વિવેકી આત્મા બધા ય સંબંધ-સંયોગને મિથ્યા-જુઠ્ઠા-દ્રોહકારક સમજી લે છે. એવું ન સમજી. 'આ એક સંબંધ ફજુલ નીવડ્યો, પણ બીજો એવો નહિ નીવડે' એમ ભરોસે રહી જે બીજા સંબંધમાં ફસાય છે. એ અંતે લાત ખાય છે. બ્રાહ્મણી વિવેકી છે. એટલે એ તો એક દીકરાની દશા દેખી સમગ્ર સંસારનું માપ કાઢી લે છે. માટે જ ત્યાં ભેગા થયેલા બધાને સાંસારિક સંબંધોની સાચી ઓળખ કરાવે છે. બધી ઓળખનો સાર શો બતાવ્યો? આ જ કે સૌ સ્વાર્થમાં રમે છે. સ્વાર્થ સરે ત્યાં સુધી સગું ને પોતાનું; સ્વાર્થ પતી ગયા પછી લેવા દેવા નહિ!

## પુત્રની નિષ્ઠુરતાનું કરુણ ચિત્ર :—

જુઓ છો ને દુનિયામાં કે માતા પિતાએ પરણાવી આપ્યા, ધંધે લગાડી દીધા, પછી છોકરાને ફિકર કોની? પત્ની-પુત્રોની કે માબાપ-ભાઈઓની? શું કામ માબાપની

ફિકર સેવે ? હવે એ શા કામમાં આવવાના છે? કદાચ ભેગું રહેવું પડતું હોય તો ય મા-બાપને આશાએશ–આરામી આપવાની ખરી? કે એમની પાસે ય વૈતરૂં કરાવવાનું ?

મા પોતાના બીજા નાના દીકરાનું સમાલે અને જો મોટા દીકરાના દીકરાની કદાચ ખબર ન લે, તો એ દીકરા અને એની વહુની મા પર આંખો કેવી થાય ? લાલ કે ધોળી ? ૨૦–૨૦ વરસ સુધી મોટા દીકરાનું સંભાળ્યું છે તે ઓછું પડે છે, હજી એની વહુ અને એના દીકરાઓનું ય સંભાળવા જોઈએ છે ! એમાં જરા ઉણપ દેખાય ત્યાં મા સ્વાર્થી લાગે ! મા દુશ્મન લાગે ! કેમ જાણે હવે વહાલી મા, મા મટી ગઈ ! હવે તો 'વેરણ ડોકરી' થઈ ! કેવો જમાનો ? કેવો સંસાર ?

માને ૧૦૨ ડીગ્રી તાવ હોય તો કાંઈ નહિ, પણ પોતાને ૧૦૦ ડીગ્રી તાવ હોય તો માએ એને સુવાડી રાખી સેવા કરવી જોઈએ ! કેમ જાણે પૂર્વ ભવેથી મા ઉપર ભારી લેણું લઈને આવ્યો છે, તે માએ એ મરતાં સુધી ચુકવવું જોઈએ ! કેવી નિષ્ઠુરતા ? નિર્લજ્જતા ? છે ક્યાંય આમાં માતાપિતાના અનહદ ઉપકારને નજર સામે તરવરતો રાખી પૂરી કૃતજ્ઞતા બજાવવાની વાત ? સ્વાર્થ સર્યા પછી ઉપકાર યાદ જ કોને કરવો છે ? પછી બદલો વાળવાની વાતે ય શી ?

કૂતરીનું ભોટિયું મોટું થયા પછી એ જો મા–કૂતરીનો ઉપકાર યાદ કરે તો આ નરાધમ માણસ પોતાની માતાનો

ઉપકાર યાદ કરે ! ઉત્તમ જીવો તો જિંદગીભર ઉપકાર ન ભૂલે, સેવા અને વિનય બરાબર સાચવે. જૈન કુળમાં આજે ય ઉત્તમ જીવો છે, પણ 'સંસર્ગ-જન્યા દોષાઃ' કુસંસર્ગથી છોકરા બગડે છે. છતાં જો એને પ્રેમ-કુશળતાથી સમજાવવામાં આવે તો ફરી ઉત્તમતા પ્રગટે છે.

## ધાર્મિક શિક્ષણ–સંસ્કરણનો પ્રભાવ

**અનુભૂત પ્રયોગ :—**

મે વેકેશનની ધાર્મિક શિક્ષણ–શિબિરમાં એકવાર માર્ગાનુસારીના ગુણોની વાચના વખતે 'માતા–પિતાની પૂજા'ના ગુણનું વર્ણન ચાલ્યું. માતાપિતા બચ્ચાની ગર્ભ–અવસ્થાથી માંડી વરસો સુધી કેટ–કેટલી ચાકરી કરે છે, કેવો સ્વાર્થનો ભોગ આપીને ઊછેરે છે, એનું એવું રોમાંચક વર્ણન બની આવ્યું કે પછી વિદ્યાર્થીઓને એમ પૂછવામાં આવ્યું કે, 'શું આવા ઉપકારી માતાપિતાની સામા ઉદ્ધત બોલ બોલાય? કે ન બોલવાની દૃઢ પ્રતિજ્ઞા જોઈએ?' બસ, ત્યાં જ સંખ્યાબંધ વિદ્યાર્થી ઊભા થઈ ગયા અને પ્રતિજ્ઞા લીધી કે, 'માતા–પિતા કદાચ ગુસ્સે થઈને ય બોલે, તો પણ એમની સામે ઉદ્ધત શબ્દ નહિ કાઢવો.' નવી પ્રજાને સારૂં પાવું હોય તો શું ન પાઈ શકાય? જૈન કુળમાં આવેલા એ બાળરત્નો કોઈ વિશિષ્ટ પુણ્યાઈ અને યોગ્યતા લઈને આવેલા છે. પણ પછી માબાપ એનામાં સુસંસ્કરણ ન કરે, અને છોકરાંને ખુદ બાપ જ પોતાના બાપની સામે ઉદ્ધત બોલ કાઢતો દેખાય, એટલે એનામાં

શી સારી આશા રખાય? ગુણવૃદ્ધિ ક્યાંથી દેખાય? જીવોની પૂર્વ ભવથી લઈ આવેલી ઉત્તમતાને પોષવા નવપલ્લવિત કરવા માટેય યોગ્ય શિક્ષણ-વાતાવરણ જોઈએ છે. એના અભાવે પાણી વિના બગીચાના છોડવાની જેમ એ સુકાઈ જાય. એની ઉત્તમતાને સંસ્કરણ-શિક્ષણ દ્વારા પોષી હોય તો એ માત-પિતાના જીવનભરના પાકા ભક્ત થઈને રહે. તો જ એ કૂતરા-ગધેડા કરતાં વિશિષ્ટ મનુષ્યપણું જીવનારા બને. અસ્તુ.

## પુત્રવધુ પાસેથી માતા-પિતા-પુત્ર ત્રણનો સ્વાર્થ :—

વાત એ હતી કે દુન્યવી સંબંધો સ્વાર્થ માયાથી ઘેરાયેલા હોઈ અંતે મિથ્યા પુરવાર થાય છે. એમ માનતા નહિ કે દીકરા જ સ્વાર્થ રમે છે, માતપિતા નહિ. એમને ય સ્વાર્થની માયા વળગી હોય છે. આજના ઘરમાં તપાસો કે દીકરાની વહુ ઘરમાં આવી પછી એના તરફથી મા, બાપ અને છોકરો શી આશા રાખે છે? માનો કે વહુ સાસુનું કહ્યું બરાબર માનતી હોય, સાસુનો વિનય-સેવા સારી કરતી હોય, અને સસરાને ઠીક જવાબ ન દેતી હોય, તો સસરાને શું લાગે? 'ભલે મારા તરફ ગમે તેમ પણ એની સાસુનું સાચવે છે એ સરસ છે,' એમ લાગે? કે ઝટ ઠપકો દે કે 'કાંઈ વિનયાદિ આવડતા નથી?' અને આ ઠપકા પર વહુની સાસુ ધણીને શું કહે? 'એ નાદાન છે, એને હું બરાબર સમજાવીશ.' એમ કહે? કે 'આ તમે જ એવા છો. વહુ તો મારી બહુ ડાહી છે, પણ તમારા બોલ પત્થર

જેવા છે, તમારો સ્વભાવ જ એવો છે તે વહુ સારી નથી લાગતી.' આવું કહે ? શું કહે ? એથી ઉલટું વહુ સસરાનો પાકો વિનય અને સેવા કરતી હોય અને સાસુનો નહિ, તો સસરો એની પત્નીને શું કહે ? ત્યારે એ તો જુઓ જ છો કે વહુ એના પતિની સરભરા બરાબર કરતી હોય અને સાસુ-સસરાની નહિ, તો બંને શું કહે ? એમ કહો, મા, બાપ અને દીકરો, દરેકને પોતાનો સ્વાર્થ-સન્માન-સરભરા સાચવનારી વહુ જોઈએ છે. એ જો સલામત, તો પછી વહુ તરફથી બીજાનાં અપમાન-અવગણના થતી હોય એની પરવા નથી !

**નાના બાળે મા-બાપની બુદ્ધિ ઠેકાણે આણી:—**

એક ડોસાને પત્ની મરી ગયા પછી છોકરાની વહુ બરાબર સંભાળતી નહોતી. ડોસાએ દીકરાને ફરીયાદ કરી. દીકરો કહે 'હું તપાસ કરીશ.' કેમ જાણે બાપ કદાચ જૂઠું બોલતા હોય તો ?' એટલે છોકરે ન્યાયાધીશ બની બાપે નોંધાવેલ કેસની તપાસ કરવાની ! ખેર, પણ વહુ એ સાંભળી ગઈ. એ એવી ચતુર કે જોયું કે પતિ તપાસ કરશે, તેથી વર્તાવ એકદમ ફેરવી નાખ્યો. બહારથી અચાનક આવી તપાસ કરે છે તો વહુની બરાબર પિતૃસરભરા દેખી. પછી ખાનગીમાં વહુને પૂછે છે.

'બાપુજી કેમ આવી ફરિયાદ કરતા હતા ?'

વહુ કહે છે, 'એ તમે જાણો, કચકચ કરવાની ટેવ પડી હોય એ ફરિયાદ વિના બીજું શું કરે ?'

'સારૂં, સારૂં સમજી ગયો. હવે મારે એમનું સાંભળવાની જરૂર નથી. આવા સારા માણસમાં ય એ ઉંધું જુએ છે? જોવા દો.'

પત્યું? હવે તો ડોસાનું બિચારાનું આવી બન્યું, તે એવું કે સૂવા સારૂં ગાદલું ય નહિ, ને જમવા સારી થાળી ય નહિ. વહુએ ડોસા માટે જૂનું ગાંઠિયું ગાદલું અને એક ભંગાર થાળી રાખી. એમા ટાઢું ગોતા જેવું જમવા આપે. ક્યારેક એના પતિએ આ જોયું હશે તો ય એના મનમાં બાપ તરફ એવી નફરત ઊભી થયેલી કે એને લાગતું કે 'બધું બરાબર છે.'

પરંતુ હવે વાત એવી બને છે કે ડોસાના પૌત્ર યાને છોકરાનો છોકરો કોઈ પૂર્વના તેવા સુસંસ્કારવાળો તે એને આ ખટકતું; પણ શું કરે? માને ક્યારેક કહે તો એ કહેતી 'એમને તો ચાલે', ત્યારે ક્યારેક વળી છોકરાને ધમકાવી નાખતી. નાનો છોકરો, એનું ગજું શું? પણ એકાંતમાં દાદાજીને આશ્વાસન આપી આવતો કે 'ભા! મને મોટો થવા દો ને, પછી હું તમારી બરાબર સેવા ચાકરી કરીશ.'

આમ છતાં છોકરાનું કોમળ હૃદય આ સહન કરી શકતું નહિ તે એને થયું કે 'હું ક્યારે ય મોટો થઈશ, પણ ત્યાં સુધી આ દાદાજીને કેટલું સહન કરવાનું?' એક દિવસે એણે અક્કલ વાપરી, પેલી ભંગાર થાળી માળીયા પર સંતાડી દીધી. હવે જમવાના વખતે મા થાળી ખોળે છે પણ જડતી નથી. એટલે બૂમ મારે છે થાળી ક્યાં ગઈ?

નોકર કહે 'ભાભી સાહેબ! હું જાણતો નથી.'

'તે તારા વિના બીજું કોણ જાણે? જા શોધી લાવ.'

નોકરે બધે શોધાશોધ કરતાં માળિયા પરથી થાળી મળી આવી, તે લાવીને આપી.

આ બાઈ પૂછે છે 'અલ્યા! ત્યાં કોણ મૂકી આવ્યું?'

નોકર કહે, 'એ મને ખબર નથી.'

બાઈ છોકરાને ધમકાવે છે, 'અલ્યા બાબુડા! તું મૂકી આવ્યો હતો?'

છોકરો હિંમત રાખી કહે છે 'હા, મા!'

તાકડે પતિ ઘરમાં છે એને આ વહુ ફરિયાદ કરે છે 'જુઓ આ તમારો બાબુડિયો ડોસાની થાળી લઈ જઈ માળિયે સંતાડી આવ્યો હતો. કહો કાંઈ એ તોફાન.

બાપ છોકરાને પૂછે છે, 'અલ્યા કેમ એમ કર્યું હતું?'

છોકરો કહે છે, 'જુઓ બા–બાપુજી! આ તો મેં એટલા માટે મૂકેલી કે થાળી ઘસાઈ ન જાય. કેમકે તમે પાછા ઘરડા થશો તે તમારા માટે મારે થાળી જોઈશે ને? એટલે મેં કોરાણે સાચવી રાખેલી. એમ તો દાદાજીનું ફાટલું ગોદડું, જાડાં કપડાં, બધું જ મારે સાચવી રાખવાનું છે. પછી તમારા માટે એ ઉપયોગી થાય.'

શું બાપનું જીગર હતું કે આ સાંભળીને એનો મર્મ સમજી મોં ઊંચું કરી શકે? એના મનને ભય લાગ્યો કે આ છોકરો, નથી ને, બદલારૂપે અમારી આ બાપ કરતાંય

ભારે દુર્દશા કરે તો અમારું શું થાય? એ દુર્દશા જો અમને ન ગમે, તો પછી આ મારા બાપુજીને અમારાં આ વર્તન કેમ ગમે?'

બૈરીને કહે છે, 'જો, જો, જરા વિચાર કર, આ મોટો થયા પછી એની અને એની વહુની પાસેથી તું શી આશા રાખે છે? જો સારી આશા, તો પછી આ બાપુજી આપણા તરફથી કેવી આશા રાખે? આપણે તો ભાનભૂલા બન્યા, પણ આ નાનો બાળ ડાહ્યો કે એણે ભાન કરાવ્યું.'

છોકરાને બાપ પૂછે છે, 'ભાઈ! તેં ખરૂં કહ્યું, બાપુજીને આટલું કષ્ટ કે બીજું કાંઈ ખરૂં?'

હવે તો છોકરામાં વધુ હિંમત આવી છે, એથી પોતાના મા અને નોકર તરફથી દાદાને કેટકેટલી વાતની અગવડો ઊભી થતી, અપમાન મળતા, એનું કરુણાજનક વર્ણન કર્યું! રોતો જાય અને કહેતો જાય!

એ સાંભળી બાપાની આંખમાંથી દડદડ પાણી પડે છે. રોતાં કહે છે,' અરેરે? તીર્થ જેવા બાપની મેં કેવી આશાતના–અવગણના કરી, અને નભાવી?' એ ધ્રુસ્કે રડી પડ્યો. બાઈ પણ હવે પીગળી ગઈ તે એ ય ચોધાર આંસુએ રડતી કહે છે, 'તમારો શો વાંક? પાપિણી હું છું તે મેં એમને સંતાપ્યા!'

આ રડારોળ સાંભળી ડોસા ઉપર આવી પૂછે છે, 'શું છે?'

પુત્ર અને પુત્રવધુ એમના પગમાં પડી કહે છે, ' બાપુ ! બાપુ ! ક્ષમા કરો, ક્ષમા કરો. આ અમે તમને બહુ રંજાડ્યા છે. ભલું થજો, આ નાના બાળનું કે એણે અમારું ભાન ઠેકાણે આણ્યું.' બસ, ત્યારપછી તો ડોસાની પરિસ્થિતિ અવ્વલ બની ગઈ.

સારાંશ, પત્ની પતિનું બરાબર સાચવતી હતી એટલે એ પતિના બાપનું ન સાચવે, અવગણના કરે એની એ પતિને પરવા નહોતી.

ત્યારે ક્યાંક એવું પણ બને ને કે છોકરો જરાક ઉદાર હોય અને એની પત્ની અને પિતા કરકસરિયા હોય, એટલે બાપ થોડું ઘણું વહુને સાચવવા આપે અને વહુ સસરાની બરાબર સરભરા કરતી હોય, તો પછી એ સસરો દીકરા પ્રત્યે વહુથી થતી અવગણનાને બહુ ન ગણે ! આવું બને ને ? વાત આ જ છે કે દરેકને પોતાનો સ્વાર્થ સરે છે ત્યાં પછી એ સ્વાર્થસારક વ્યક્તિ તરફથી થતી બીજાની અગવડ–અવગણનાની પરવા નથી.

કેવો સંસાર લઈ બેઠા છો ? આસુરી વૃત્તિવાળા લોકોનો ? કે દૈવી ઉદાર વૃત્તિવાળા લોકોનો ?

## કેવો સંસાર ?

નરકાગારની વિટંબણાથી ખદબદતો ? કે સ્વર્ગપુરીના સુખદ વર્તાવથી મઘમઘતો ?

જ્ઞાની ભગવંતો સંસારને અસાર કહે છે તે શું સમજ્યા વિના જ? કે સંસારીઓની આસુરી વૃત્તિથી અને વિડંબકતાથી ખરેખર ખદબદતો સમજી ને?

સ્વાર્થવૃત્તિનો આવેશ એ આસુરી વૃત્તિ છે. એમાંથી જરૂર પડયે બીજાને વિડંબવાનું ચાલે છે. જગતમાં આ વ્યાપક દેખાય છે. કોઈ અતિ વિરલ જીવ એમાંથી બચે છે. અને સ્વાર્થ ગૌણ કરી બીજાને દુઃખ ન થાય, એનું હિત ન ઘવાય, એવી દૈવી વૃત્તિમાં ઝીલે છે. પણ આવા સોભાગી જીવનો સુયોગ કેટલાને મળે? **લગભગ તો સ્વાર્થમસ્ગુલ જીવોનો જ સંબંધ પ્રાપ્ત થાય છે; અને એના તરફથી સરવાળે રોવાનું જ મળે છે.**

**જીવન આખું ય આવા સ્વાર્થી જીવોના પાછળ ઘુમ્યા રહેવામાં શો સાર નીકળે?**

જગદ્ગુરૂ મહાવીર પરમાત્મા ફરમાવે છે કે "હે ગૌતમ! તે બ્રાહ્મણી કહી રહી છે કે જ્યારે આ સંસારના સગાં, વહાલા, સ્નેહી, મિત્ર–પરિવાર સ્વાર્થ–પરાયણ હોઈ, સ્વ કાર્ય સર્યે ઊડી જનારા છે, તો પછી એમની ઉપર ક્ષણ વાર પણ લેશ પણ મમત્વ ન કરો કે 'આ મારાં સગાં છે. મારા વહાલા સ્નેહી છે....' વગેરે ઘરોઘર જે સગાં વગેરે પૂર્વે થયા, અત્યારે છે, ને ભવિષ્યમાં થશે, એ બધા સંસારના સ્વભાવે જ સ્વકાર્યલુબ્ધ ઘડાયેલા હોય છે, અને અલ્પ જ કાળ એ સગારૂપે, વહાલા રૂપે ઈત્યાદિ રૂપે રહેનારા હોય છે, એમાં દુઃખ તો

આ છે કે કૃત્રિમ સગાં એટલા કાળમાં અખંડપણે મમત્વ કરાવી કરાવીને જીવને 'મારે એમનાથી સુખ છે, મારે એમનું પ્રયોજન છે, એમનાથી મારૂં કામ થાય છે,' એમ ભુલાવામાં પાડે છે. ભુલાવામાં પાડી એ સગાં અનંત સંસાર અને ઘોર દુઃખમાં ઘસડનારા બને છે."

બ્રાહ્મણીનો વિવેક જ્વલંત બન્યો છે, એટલે જાતે જગતનું સચોટ સ્વરૂપદર્શન કરી બીજાઓને એ કરાવી રહી છે. વિવેક–દીપકના લીધે જ પુત્રનાં દુષ્ટ વર્તન અંગેના દ્વેષના અંધકારમાં ન અટવાતાં, એ ઝાકઝમાળ વિશ્વદર્શન અને વૈરાગ્યનાં પ્રકાશમાં વિહરી રહી છે. દુન્યવી સગા સ્નેહી માત્ર આજના જ સ્વાર્થલુબ્ધ નહિ, માત્ર પોતાના જ ઘરના સગાં–સ્નેહી એવા નહિ, પરંતુ અનંતા ભૂતકાળ અને અનંતા ભવિષ્યકાળ માટેની આ સ્થિતિવાળા છે. ઘરોઘરના સગાં–સ્નેહીની એ દશા છે. એટલે કે સંસારી તરીકેનો જન્મ સ્વાર્થલુબ્ધતાનો જ ઘડાયેલો હોય છે. કોઈ કોલેજમાં એનું શિક્ષણ લેવા નથી જવું પડતું કે જન્મદાતાને એ શિખવવું પડતું નથી. માતાના ગર્ભમાં હોય ત્યાંથી જ એ સ્વાર્થલુબ્ધ છે જ.

## સ્વાર્થનું પરિણામ ખતરનાક!

### ગર્ભમાં ય સ્વાર્થ–રસનું દૃષ્ટાન્ત :—

એક ગર્ભિણી બાઈને અચાનક ગાય દોડતી આવી

એનું શિંગડું પેટમાં લાગી ગયું. શિંગડાની અણીથી પેટમાં ગર્ભ સુધી કાણું પડી જતાં ગર્ભના બાળકની આંગળી બહાર નીકળી પડી ! ડૉકટરો હવે કેમ એ આંગળી પાછી ઘાલી ટેભા મારી દેવા એની મુંઝવણમાં પડ્યા ! છેવટે એક અનુભવી અક્કલબાજે આગળ આવી ડૉકટરને કહ્યું 'તમે એકદમ ટેભા મારવાનું સાધન લઈ સજાગ ઊભા રહો. હું આંગળી અંદર ઘલાવી દઉં કે તરત ટેભા મારી દેજો.'

ડૉકટર તો વિચારમાં જ પડ્યા કે 'એ શી રીતે આંગળી અંદર પેસાડશે ?' પરંતુ પેલાએ તો સીધી દિવા-સળી સળગાવી બચ્ચાની એ આંગળી પાસે જ્યાં લઈ ગયો કે તરત બચ્ચાએ આંગળી અંદર ખેંચી લીધી ! ડૉકટરે ત્યાં તરત જ ટેભા લઈ લીધા.

### સ્વાર્થલુબ્ધતા દાબવા શું કરવું :—

આ શું ? ગર્ભના જીવને નહિ દાઝવાના સ્વાર્થની લુબ્ધતા હતી. માતાને દુઃખનો એને વિચાર નહોતો, પરંતુ પોતાને દુઃખ આવ્યું કે ઝટ સાવધાન ! જીવ ગર્ભથી માંડીને સ્વાર્થલુબ્ધ તરીકે ઘડાયેલો છે. ત્યારે વિચારવા જેવું છે કે જાતની આવી સહજ સિદ્ધ જેવી સ્વાર્થલુબ્ધતાને દબાવવા માટે કેટકેટલી જાગૃતિ અને પુરુષાર્થ જોઈએ ? એની સામે સ્વાર્થપ્રિય મનને મારવાનું કેટલું બધું કરાય તો એ સ્વાર્થ તરફ ખેંચાઈ ન જાય ? **સ્વાર્થના પ્રલો-ભનની સામે મનને માર્યા વિના કાર્ય સહેલું નથી કે સ્વાર્થલંપટતા ઓછી થાય.** મનને મારવા માટે પણ

જબરદસ્ત વિવેક પ્રગટાવવો પડે કે 'દુન્યવી સ્વાર્થની માયા–લંપટતા જ જીવને સારૂં ભૂલાવે છે, ઠેઠ દેવાધિદેવ સુધીનાને બાજુએ રખાવે છે; માટે અસાર છે, તુચ્છ છે, અનર્થકારી છે. તેથી એ માયા, એ લંપટતા ન જોઇએ.'

## સ્વાર્થલંપટતા કેમ ભયાનક?

સ્વાર્થ–લંપટતામાં પરમાત્મા ભૂલાય, ગુરુ ભૂલાય, ધર્મ ભૂલાય, સંઘ–સાધર્મિક–ધર્મક્ષેત્ર ભૂલાય, એ ઓછું નુકશાન છે? પીઠ–મહાપીઠ મહામુનિઓ સ્વાર્થ–' સ્વ-પ્રશંસા 'ના લુબ્ધ બન્યા તો ગુરુને ભૂલ્યા, અર્થાત્ ગુરુએ બાહુ–સુબાહુના વૈયાવચ્ચ–ગુણની પ્રશંસા કરી એ સહન ન કરી શક્યા. નહિતર એ જોવું જોઈતું હતું કે 'પ્રશંસા કોણ કરે છે? ગુરુ મહારાજ! બસ ખલાસ, એ આપણે વધાવી જ લેવી જોઇએ. 'ગુરુ તે ગુરુ.' આ કોણે ન જોવા દીધું? સ્વાર્થ અને માયાએ. પરિણામ? અનુત્તર વિમાનમાં લઈ જનાર ઉચ્ચ ચારિત્રને પાળવા છતાં અને અનુત્તર વિમાનમાં જવા છતાં ય પછી એમને બ્રાહ્મી–સુંદરી સ્ત્રીપણે અવતરવું પડ્યું!

આપણને વિચારવાને બુદ્ધિ હોય તો આ સ્વાર્થ–માયાની ભયાનકતા ખ્યાલમાં આવે, અને ચોંકામણ થાય કે 'મારા તરણતારણ ગુરુ મહારાજની જે આવી મારી નજીવી સ્વાર્થ લગની અવગણના કરાવે, એ સ્વાર્થલગની કેટલી ખતરનાક!' સ્વાર્થલગની ભયંકર લાગે.

જમાલી કેમ ભૂલ્યો? ખુદ મહાવીર પરમાત્માની

અવગણના કરનારો કેમ બન્યો? પોતાને ઠીક લાગતો સિદ્ધાંત જ ગમ્યો, 'મને પ્રત્યક્ષ આમ દેખાય છે ને ભગવાન એથી વિરૂદ્ધ કેમ કહે?' એમ અહંત્વરૂપી સ્વાર્થની માયા જોર કરી ગઈ, તેથી ભગવાન સર્વજ્ઞ હોવાનું જાણવા છતાં એમની અવગણના કરી! એમણે એ ન જોયું કે 'પોતાનું ચર્મ-ચક્ષુથી થતું પ્રત્યક્ષ પણ જ્ઞાન કેટલી હદ સુધીનું? કેટલા પર્યાયને વિષય કરનારૂં?' અહંત્વરક્ષાની સ્વાર્થ-લપંટતા આ નહિ જોવા દે.

## સ્વાર્થમાં ધર્મ કેવો ભૂલાય?

ત્યારે સ્વાર્થ-લંપટતા ધર્મ કેવો ભૂલાવે છે એ વસ્તુ તો તમારા રોજના જીવનમાં જ અનુભવાય છે ને? જાતને પાશેર અડધો શેર દૂધ જોઈએ છે એ લંપટતામાં જિન ભક્તિમાં નવટાંક પણ દૂધ લઈ જવાની વાત ક્યાં છે? જાતને સુંવાળા રોજ ધોયેલા બાસ્તા જેવા કપડાની સ્વાર્થ-લગનીમાં તેવા અંગ લૂછણનો એક ટુકડો પણ ધરવાનો ધર્મ ક્યાં આચરાય છે? કુટુંબને પોષવાના વાર્ષિક હજાર-બે હજાર રૂપિયા ખર્ચની સામે એના દસમા ભાગનો ય ધર્મ-ખર્ચ ખરો? જાતને જ યશ પમાડવાની લંપટતા છે, તો વડિલને, ઉપકારીને, ગુરુને જશ અપાવવાની પરવા ક્યાં છે? બહાર ફરવાની કે ઓટલે ગપ્પા મારવાની યા આરામીની સ્વાર્થલંપટતામાં શાસ્ત્ર-વાંચન, નવકારવાળી, સામાયિક વગેરે ધર્મની કેવી સરાસર ઉપેક્ષા થાય છે? ધર્મની પરવા હોય તો એ સ્વાર્થલંપટતા શું બાજુએ ન મૂકાય?

વિચાર આ જોઈએ કે 'આવા સુંદર ભવમાં મળેલ દેવ-ગુરુ-ધર્મની અવગણના કરાવે એવી ગોઝારી સ્વાર્થ-લંપટતાને શા માટે પોષું? મન મારીને પણ એને દબાવીશ. અતિ અસાર ખાતર મહાસારભૂતને નહિ વિસારું.'

અસ્તુ. આ તો જાતની સ્વાર્થલંપટતા દબાવવાની વાત થઈ. પણ સગાં-સ્નેહીની લંપટતા અંગે શું વિચારવાનું? આ,-'એમના પર મમત્વ કરવું ખોટું છે. સ્વાર્થ સર્યે એ ખસી જવાના છે, અને એમની મમતામાં ખેંચાઈને હું જો દેવ-ગુરુ-ધર્મને ભૂલ્યો તો એ માથે પડી જશે!'

સ્વાર્થી સગાં સ્નેહી પર મમતા કેમ થાય છે? મનને લાગે છે કે 'આ મારે કામ આવે છે,' એવી ઘેલછા મમત્વ કરાવે છે. ત્યાં એ નથી જોવાતું કે એ બધું કેટલો કાળ? કેટલા કાળનાં સુખ આપે? કેટલો કાળ કામ લાગે? બહુ તો આ જીવનકાળ સુધી જ ને? પણ જીવને માત્ર આ જીવનનો કાળ થોડો જ? એને તો ભાવી અનંતો કાળ ઊભો છે. શું એ બધા કાળમાં કામ લાગે? સુખ આપે? એથી ઊલટું અહીં એની મમતામાં તણાયા જે અઢાર પાપસ્થાનક ભરપૂર સેવ્યે ગયા, સેવ્યે જ ગયા, એ ભાવી અનંતા કાળને દુઃખદ બનાવી દે! જીવ એકલો હોત તો કેટલાં પાપ, કેટલા રાગ-દ્વેષ અને કેટલા આરંભ સમા-રંભ-પરિગ્રહાદિ આચરત? કેટલો ધર્મ ભૂલત? ત્યારે સગા-સ્નેહીની મૂર્છા-મમતા કેટલું જંગી પાપાચરણ આચરાવે છે? તરણતારણ દેવ-ગુરુપર નહિ એવો રાગ,

એવી સેવા, એવી સહનવૃત્તિ આ સગા પર થાય છે ને? વજ્રકુમાર પર માતાને જે રાગ ઊછળ્યો એવો ગુરુ આચાર્ય પર નહિ. માટે તો એમની સામે લડવા કોરટે ચઢી! એ તો સારૂં હતું કે નાના વજ્રકુમાર એવા માતૃરાગમાં ન તણાયા, ગુરુ અને જિનશાસન પર રાગવાળા બન્યા, ને જાતને ઊગારી લીધી, તો માતાનો પણ ઉદ્ધાર થયો. બાકી માતાના મમત્વમાં પોતાનું મમત્વ ભેળવ્યું હોત તો શી દશા થાત? જિનશાસનની હીલના અને બન્નેનું ભવસાગરમાં ડૂબવું એજ કે બીજું કાંઈ?

યશોધર ચરિત્રમાં આવે છે ને કે એમનો જીવ એક વખત રાજા સુરેન્દ્રદત્ત માતાના મમત્વમાં તણાઈ એના આગ્રહ ખાતર એક માત્ર લોટનો કૂકડો મારનારો બન્યો, તો ય એનાં કેવાં મહા કટુ ફળ ભવોભવ ભોગવ્યાં! એટલે જ પેલી બ્રાહ્મણી કહે છે, 'સગાસ્નેહી પર લેશ પણ મમત્વ ક્ષણ વારે ય ન કરો.'

## બ્રાહ્મણીનું ઉદ્બોધક વક્તવ્ય

મહાવીર પરમાત્મા ફરમાવે છે, 'હે ગૌતમ! રુક્મીનો જીવ એ ગોવિંદ–પત્ની બ્રાહ્મણી કહી રહી છે,—

'જ્યારે, હે ભવીજનો! અલ્પકાળના સગાં સ્નેહી મમત્વ કરાવી અનંત દુઃખદ ભવનાં સર્જક બને છે, તો પછી સમજી લો કે એ સાચા સગાં જ નથી, વહાલા જ નથી, માટે એમનું મમત્વ મૂકી રાત ને દિવસ ક્ષણે ક્ષણે

સુવિશુદ્ધ મોક્ષની આશાએ ધર્મનું જ અવલંબન કરો. કેમ-કે ધર્મ જ ઈષ્ટ-મિષ્ટ-પ્રિય-મનોહર છે, પરમાર્થથી સગો સ્નેહીજન છે, મિત્ર-બંધુ પરિવાર છે. ધર્મ જ ઉત્સાહ આપનારો છે, સાચી દૃષ્ટિ દેનારો ને પુષ્ટિ કરનારો છે. ધર્મ બળદાતા છે, નિર્મળ યશ-કીર્તિ ફેલાવનારો અને મહિમા જગાવનારો છે. ધર્મ જ સારી રીતે સુખ-પરંપરાને દેનારો છે.

'માટે હે ભવ્યાત્માઓ! ધર્મ જ એક સેવવા યોગ્ય છે. એ જ આરાધવા યોગ્ય છે. એજ પાળવા-પોષવા-આચરવા યોગ્ય છે. ધર્મનો જ ઉદ્યમ કરવા જેવો છે. એનાં જ અનુષ્ઠાન કરવા લાયક છે. એટલું જ નહિ પણ બીજાને ય ધર્મનો જ ઉપદેશ દેવા જેવો છે, ધર્મ જ કહેવા-બતાવવા લાયક છે. પ્રરૂપણા ધર્મની જ કરવી જોઈએ. બીજાને પણ ધર્મની જ પ્રેરણા આપી એની પાસે ધર્મનું જ સેવન કરાવવા જેવું.

"હે બુદ્ધિમાનો! ધર્મને સામાન્ય વસ્તુ સમજતા નહિ. ધર્મ ધ્રુવ છે, શાશ્વત-સનાતન છે, અક્ષય-અવ્યય અને સમસ્ત સુખોનો નિધિ-ખજાનો ધર્મ છે. માટે એ લજ્જાસ્પદ નથી. ઉલ્ટો, સાચા અતુલ બળ-વીર્ય પરાક્રમ-સત્ત્વનો વિષય છે. કેમકે એ ઈષ્ટ મિષ્ટ-પ્રિય મનોહર અને શ્રેષ્ઠ અતિશ્રેષ્ઠ છે. ધર્મ જ સકલ સંતાપ, ઉદ્વેગ, અપયશ-અસદ્ આરોપ, સકલ દુઃખ દારિદ્રય....યાવત્ જન્મ-જરા મરણાદિ ભયનો વિધ્વંસ કરનારો છે. વધુ શું કહીએ?

ધર્મ જેવો કોઈ સહાયક નથી. એ જ એકલો અનન્ય સહાયક છે, ત્રણે લોકના જીવોનો નાથ છે, સ્વામી છે."

બ્રાહ્મણીની કેવી વાગ્ધારા ચાલી રહી છે! એ નગ્ન સત્ય ઉચ્ચારી રહી છે, વિશ્વની હકીકત કહી રહી છે! સગાંસ્નેહીનું મમત્વ અંતે ફજુલ નીવડે છે, એ હકીકત છે. ત્યારે, 'જેનું છેવટ સારૂં એ સારૂં; જેનું છેવટ ખોટું એ ખોટું.'–એ ન્યાયે આ મમત્વ કરવું ખોટું છે, એમાં ઘેલા થઈ ધર્મ ભૂલવો એ મહામૂર્ખતા છે; કેમકે–

## ધર્મ કેવી કેવી રીતે સગો સ્નેહી વગેરે?

ધર્મ જ સગો છે, સ્નેહી છે, ઈષ્ટ–મિષ્ટ–પ્રિય–મનોહર છે; કેવી રીતે એ જુઓ,—

ધર્મ સાચું સુખ આપે છે, અને પુણ્યદ્વારા ધર્મ જ કામ લાગે છે માટે એ સગો,

જીવને દુઃખ–આપત્તિમાં બચાવનાર ધર્મ છે તેથી એ સ્નેહી,

જીવને ઈષ્ટ સુખ–સગવડ ધર્મથી જ મળે માટે ધર્મ જ ઈષ્ટ કહેવાય.

ધર્મ પર મમત્વવાળો જ મજા અનુભવી શકે, એટલે ધર્મ મિષ્ટ બન્યો.

ખરૂં વાત્સલ્ય ધર્મ દાખવે છે; તેથી એ જ સાચો પ્રિય છે.

એમ, ધર્મ જ મનોહર છે, સુંદર છે, કેમકે એનામાં કદીય સગા સ્નેહીના જેવી રીસ, રોષ, સ્વાર્થ-સાધુતા, અકાળે તરછોડવાપણું, વગેરે અસુંદરતા આવતી નથી.

આવો સાચો સગો-સ્નેહી-ઇષ્ટ-મિષ્ટ વગેરે સ્વરૂપનો ધર્મ જ મમત્વ કરવા લાયક? કે બનાવટી સગા-સ્નેહી એ મમત્વ કરવા લાયક?

વળી જુઓ, ધર્મ ઉત્સાહકર, દૃષ્ટિકર, તુષ્ટિકર, પુષ્ટિ-કર અને બળરૂપ છે.

## ધર્મ પરમ શાંતિ-તુષ્ટિ-પુષ્ટિકર

### ધર્મ ઉત્સાહકર કેમ?:—

મહાન આપત્તિ-નિરાશામાં ઉત્સાહ કોણ આપે છે? ધર્મ જો દિલમાં છે તો એ સમજાવે છે કે " આ આપત્તિ એ કોઈ તારી મોટી વિટંબણા નથી. વિટંબણા તો કર્મની છે. પણ તે વિડંબક કર્મ તો તારા સત્પથગમન અને દેવ-ગુરુ-શરણથી નષ્ટ થઈ રહ્યા છે! પછી ફિકર શાની? એમાં જ આગળ ધપ્યે જા, અંતે તારો વિજય છે, પાસા પોબાર છે.' આવું આશ્વાસન આપનાર ધર્મ છે, માટે એ ઉત્સાહકર છે.

### ધર્મ જ દૃષ્ટિ દેનારો:—

વળી ધર્મ દૃષ્ટિકર-દૃષ્ટિ આપનારો છે, જીવન જીવ-વાની દૃષ્ટિ, દુન્યવી પદાર્થો-પ્રસંગોને સાચી રીતે જોવાની

દૃષ્ટિ ધર્મ શીખવે છે; અર્થાત્ કેવી રીતે એને નવાજવા કે જેથી આત્માના લાભમાં જ ઊતરે એ બતાવે છે; એના પર કેવા કેવા શુભ ભાવને કરનારી દૃષ્ટિ રાખવી એ દર્શાવે છે. દા. ત. અમુક પૈસા ગુમાવ્યા, ત્યાં ધર્મ બતાવે છે કે 'સમજ આથી થોડા વધુ ગુમાવ્યા હોય તો ય સહન તો કરત જ ને? માટે એટલા ન ગુમાવ્યાનો પરમાર્થ કર; તો આ ખોટનું નિમિત્ત પામી દાન-સુકૃતનો આત્મલાભ થશે. અથવા એમ વિચાર કે પૈસા જવાથી આત્માનું શું ગયું? એટલું પાપ ભોગવાયું, એ ગયું. એટલો મદ ઓછો થશે. માટે આ પૈસા ખોવાવાને જીવનમાંથી પાપ અને મદ ઓછા થવાનું દેખ. માટીના કૂકા વધ્યા અને ઓછા થયા, એના હિસાબ મગજમાં રાખીને શો ફાયદો?' ધર્મ આવી આવી તો કેટલીય દૃષ્ટિ બતાવે છે, જેથી જીવ સંતાપ, ઉન્માદ, અશુભ કર્મબંધ વગેરેથી બચે.

**ધર્મ તુષ્ટિકર :—**

ધર્મ તુષ્ટિકર છે, તુષ્ટિ, આનંદ, ઈષ્ટસિદ્ધિ કરી આપનારો છે. પૂર્વનો ધર્મ પુણ્ય દ્વારા આ કરે છે, અને વર્તમાન ધર્મ ચિત્તને વિવેકી બનાવી આ કરે છે. વિવેક પ્રગટ થવાથી બાહ્ય અલ્પ પ્રાપ્તિમાં પણ ઘણું દેખાય છે. બાહ્ય મૂલ્યાંકન કરતાં સ્વાત્મા અને સ્વાત્મ-હિતના તથા દેવ-ગુરુ શાસન વગેરેનાં મૂલ્યાંકન રહેવાથી એ સ્વહસ્તગત થવાનો ભારે આનંદ રહે, ને ચિત્ત સમાધિ, ચિત્ત-સ્વાસ્થ્ય રહે, એમાં નવાઈ નથી. એમાં જ સાચો આનંદ છે.

## જીવ દુ:ખી કેમ થાય છે ?

**પોતાના આત્મા અને આત્મહિતનાં સાધનો કરતાં બહારની બહુ કિંમત આંકે છે, તેથી.**

હમણાં જો બાહ્યને આત્મહિતો આગળ માલ વિનાનાં લેખે તો પછી એ બાહ્યની ઓછાશ–વાંકાશમાં વ્યાકુળ થાય જ નહિ. મુખ્ય જોવાનું એક જ રાખ્યું કે ‘ મારા આત્માનું કેમ છે ? એ શુભ ભાવમાં છે ને ? શાસ્ત્ર એક ક્ષણભર પણ કરેલા શુભ ભાવનું કષાયોપશમનું ઊંચુ ફળ બતાવે છે, પછી વારંવાર એના અભ્યાસ ચાલુ હોય તો શુભ ફળમાં શી કમીના રહેવાની ? ગોશાળો ઠેઠ અંતે કંઈક ઉપશમ પામ્યો, ને બારમા દેવલોકે ગયો ! નહિતર એનું તો જીવન કેવું ? ઘોર પાપભર્યું. એને બારમા દેવલોકે શાનું જવાનું હોય ? એટલે વાત આ છે કે ધર્મ આવા ઉપશમ વગેરે આત્મહિતનાં ઊંચાં મૂલ્ય બતાવે છે. એની કિંમત સમજીને ચાલે–વર્તે, રાગાદિ ઓછા કરે, એને મસ્તી હોય, આનંદ હોય, તુષ્ટિ હોય.

**ધર્મ પુષ્ટિકર છે.** ધર્મ પુણ્યની વૃદ્ધિ–પુષ્ટિ–કરે છે, તેમજ ગુણો તથા ધર્મનું પોષણ કરે છે. જેમ જેમ ધર્મ સાધો, તેમ તેમ પુણ્ય વધે. અરે ! માત્ર સુકૃતની અનુમોદના જેવો વગર–ખર્ચનો ધર્મ, વગર–શ્રમનો ધર્મ સાધો, તો ય તે પુણ્ય વધારતું જ જાય છે. એમ ધર્મસેવનથી ગુણોનો અભ્યાસ વધી શકે; તેમ જ ધર્મ–વૃદ્ધિ કરવાનો રસ ઉત્સાહ જાગે છે.

**ધર્મ બળરૂપ છે.** ગુસ્સાની સામે ગુસ્સો એ સાચું બળ નહિ, કેમકે એમાં તે કદાચ સામેથી જોરદાર આવી ય પડે! અગર બીજું નુકસાને ય ઊભું થાય! દા. ત. વૈર–વિરોધ–દુર્ભાવ ઊભો થાય. એ પછી ભારે પડી જાય છે. ત્યાં જીવ ઢીલો ઘેંસ બની જાય છે. બળ ક્યાં રહ્યું? ત્યારે ગુસ્સાની સામે ક્ષમાધર્મ એ સાચું બળ છે. એમાં પસ્તાવાનું રહેતું નથી. જો સમજી–કરીને ક્ષમાધર્મ સેવીએ છીએ, તો પછી આપણી શાંતિથી કદાચ સામો વધુ જોર મારે, તો ય આપણું સત્ત્વ આપણી ખામોશ, એને કોઈ આંચ નથી. એમ વીતરાગની ભક્તિ, સાધુસેવા, અનિત્ય આદિ ભાવના, આ બધો ધર્મ અર્થાત્ દાન–શીલ–તપ વગેરે ધર્મ એ એવું એક અદ્ભુત સામર્થ્ય તૈયાર કરે છે કે એના પર આત્માને મહાત્ કરનારા આંતરિક દોષો–દુશ્મનો ઢીલા ઘેંસ પડી જાય છે. અનુભવે આ સમજાય એવું છે. અનુભવ કરી જુઓ, તો જરૂર બળનું સંવેદન થશે.

## ધર્મબળ જેવું જગતમાં કોઇ બળ નથી.

મોટા સમ્રાટ રાજાઓની જહાંગીર એની આગળ તુચ્છ છે, મોટા દેવતાઈ બળ અકિંચિત્કર છે. માટે તો 'દેવા વિ તં નમંસંતિ....જેનું ધર્મમાં જ મન છે, એને દેવતાઓ પણ નમસ્કાર કરે છે:'

સુદર્શન શ્રાવકને જોઈ અર્જુનમાલીના શરીરમાં પેઠેલો યક્ષ ભાગી ગયો.

રોજ એને છ પુરુષ અને એક સ્ત્રીનો ઘાત કરવા જોઈતો હતો, એટલો એ દુષ્ટ બન્યો હતો. લોક એના ભયથી રોજ સાતનો ઘાત સાંભળ્યા પહેલાં બહાર ફરકતું નહોતું. એવા નિર્જન કાળે સુદર્શન શ્રાવક, મહાવીર પ્રભુ પધારેલા, એમને વંદન કરવા નીકળી પડચો. પેલો માળી યક્ષબળે આકાશમાં મોટી મોઘર ઉલાળતો ઉલાળતો આવી રહ્યો છે. આ સુદર્શન કોઈ મંત્ર નહિ, વિદ્યા નહિ, માત્ર પ્રભુનું શરણ કરી ધ્યાનમાં ઊભો રહી ગયો. શું વાપર્યું એણે દેવને અટકાવવા સાધન? કશું નહિ. પરંતુ એના ધર્મ-બળનું ઓજશ જોઈ યક્ષ અંજાઈને ભાગી ગયો. અર્જુનમાલી નીચે પછડાયો, અને બુઝયો. એણે સુદર્શનની સાથે જઈ પ્રભુ પાસે ચારિત્ર લીધુ! ધર્મનું બળ અલૌકિક! ધર્મ નિર્મલ યશકીર્તિકારક છે, મહિમાજનક છે, સારી રીતે સુખ પરંપરાનો દાયક છે.

ધર્મથી જે યશવાદ ગવાય છે, જે કીર્તિ પ્રસરે છે, એવું બીજા શેનાથી થાય છે? મોટા ઇંદ્રોની જે યશ-કીર્તિ નથી ગવાતી એવી તીર્થંકર ભગવાન-ગણધર ભગવાનની ગવાય છે. એનું કારણ શું? આ જ, કે ભગવાન પાસે ધર્મ છે.

સત્ય વચનનો ધર્મ પાળનારની કીર્તિ ફેલાય? કે એ વિનાના અસત્યવાદિની? એમ દયાળુનો યશ ગવાય કે નિર્દયનો? નીતિમાનની પ્રશંસા થાય કે અનીતિખોરની? ક્ષમા ધર્મવાળાની કે ક્રોધીની? દાન ધર્મ-શીલ-ધર્મવાળો

પંકાય, કે કૃપણુ દુરાચારી? ચારિત્રી મુનિનો-આચાર્યનો યશ મોટો કે શ્રીમંત ગૃહસ્થનો? સ્પષ્ટ દેખાય છે કે ધર્મ જે નિર્મળ જશ-કીર્તિ આપે છે, તે ઠકુરાઈ કે શ્રીમંતાઈ નથી આપતા. શ્રીમંતની કીર્તિ કેવી અને કેટલી? અને એ જ માણસ ચારિત્ર ધર્મ લે પછી એની કીર્તિ કેવી અને કેટલી? અથવા લાખ રૂપિયા પાસે રાખી મૂકે કે એનાથી મોટા વેપાર યા રંગ-રાગ ખેલે એની કીર્તિ કેટલી? અને એ ખર્ચ સંઘયાત્રા લઈ જવાનો ધર્મ કરે એની કીર્તિ કેટલી? માણુસ પોતાનું બળ દુશ્મનને દબાવવામાં ખર્ચે એ એને કેટલો યશ અપાવે? ત્યારે મહાવીર પ્રભુએ, ગોવાળિયે કાનમાં ખીલા ઠોકતાં, બળનો ઉપયોગ ક્ષમા ધર્મ-સમતાધર્મ સાધવામાં કર્યો, એ ધર્મે એમને કેટકેટલો યશ અપાવ્યો? ધર્મ જ જીવને જગતમાં નિર્મળ યશ-કીર્તિ અપાવે છે.

ધર્મ મહિમા-જનક છે, માણુસનો પ્રભાવ પાડે છે, માહત્મ્ય વધારે છે. જુઓ એક નવકાર મંત્રની સચોટ આરાધનાનો ધર્મ કેવો પ્રભાવ પાડે છે કે એ બીજાના સર્પદંશનાય ઝેર ઉતારી નાખે છે ને?

## નવકાર સ્મરણુનો મહિમા : મિયાનું દૃષ્ટાંત

આસામમાં એક મિયાંને કોઈ કલ્યાણુમિત્રના યોગે નવકાર મંત્ર મળી ગયો. પરમેષ્ઠીનું સ્વરૂપ સમજાયું તે એને એના પર એવી સજ્જડ શ્રદ્ધા થઈ ગઈ કે આખો

દિવસ નવકાર રટ્યા કરે! બીજા મુસલમાન એને ધૂતકારે કે 'એ મૂર્ખ! ક્યા રટતા હૈ? કાફર હો ગયા ક્યા?' પણ આને તો નવકારની સાથે નવકારનો ભાવ શમ–દમ ક્ષમા–સમતા પણ ચિત્તમાં ઉતરી ગયેલા, તે કાંઈ ગુસ્સો ન કરે, દ્વેષ ન કરે; એ તો આ વેઠવા પડતા ધિક્કાર–તિરસ્કારનીય દવા નવકાર જ માને, તે વધુ હોંશથી એ રટ્યે રાખે!

એમાં એક વાર એક મિંયાભાઈને ખુનસ ચડી આવ્યું તે કરંડિયામાં સર્પ લઈ આવી રાત પડતાં ચૂપકીથી કરંડિયો આ નવકારસાધક મિંયાના સુવાના ખાટલા નીચે મૂકી આવ્યો. હવે આ બહારથી આવી જેવો ખાટલા પર ચડવા જાય છે કે એણે એના પર સાપ બેઠેલો જોયો! આ જરાય ગભરાયો નહિ, કેમકે એને તો આમેય નવકારની રટના હતી જ, ને કંઈક વિષમ બાબત બનતાં તો એને સીધું પહેલાં નવકાર જ સાંભરે, એટલી બધી નમસ્કાર મંત્ર પર અટલ શ્રદ્ધા હતી; તેથી મનમાં નવકાર મંત્ર ગણતો ઊભો. પેલો સાપ ચૂપકીથી બીજી બાજુથી ઊતરી બહાર ચાલી ગયો. કેવો પ્રભાવ નવકાર–સ્મરણરૂપી ધર્મનો?

પાછું આ ભાઈને તો 'નવકારથી કાંઈ ભય–આપત્તિ ન આવે,' એવી નવકારની પાકી શ્રદ્ધા, એટલે વિના–ગભરામણે ત્યાં જ ખાટલા પર સૂતા. થોડી વાર થઈ ન થઈ, ને ત્યાં પેલો સર્પ મૂકનાર મિંયો દોડતો આવ્યો અને આની આગળ પગે પડી કહે છે 'અરે યાર! માફ કરના, મૈંને યહાં સાપ રખ્ખા થા.'

આ કહે 'અરે ભાઈ! તેંને કૈસે? વો તો સહજ રૂપસે આયા હોગા.'

પેલો ખાટલા નીચેથી કરંડિયો તાણી બતાવી કહે છે 'દેખ ઈસિમેં મૈંને લાકર રખ્ખા થા. મુઝે માફ કરના.'

'તેંને રખ્ખા હોગા. જાને દે, મેરે મનમેં કુછ નહિ હૈ.'

'અરે યાર! જરૂર માફ કરના, મેરી બડી ગલતી હુઈ, મૈંને તુઝે ગાલિયાં ભી દી થી, સાપ ભી રખ્ખા, માફ કરના મુઝે!'

આ કહે 'હાં ભૈયા! હાં જા, માફ હૈ માફ.'

'નહીં ભાઈ! મૈંને ભયંકર ગલતી કી હૈ, મુઝે ક્ષમા દે.'

'ક્ષમા તો દેહી દી, અબ ક્યા હૈ? જા સો જા.'

'અરે યાર' ઈતના નહીં મેરે લડકે કો સાપ કાટા હૈ, જહર ઊતાર દે ને, તેરે પાસ મંતર હૈ; નહિતર વો મરેગા.'

ખૂબી કેવી? અહીં પોતાને મારી નાખવા પેલો સાપ રાખી ગયો હતો એ નક્કી થવા છતાં આના મનને એમ નથી થતું કે કહેતાં નથી કે કયું? મુઝે સાપ કટવા કર ખત્મ કરનેકી કોશીશ કરને વાલા તૂં? તેરે બચ્ચે કો બચાઉં? ઊઠ ઊઠ, ચલા જા યહાં સે.' આમ ન કહેવાનું

કારણ એના દિલમાં નવકારનો ભાવ, દયા, ક્ષમા, સમતા વગેરે–વહેતી હતી.

એ તો ઝટ ઊઠયો, પેલાને લઈ ચાલ્યો અને એના ઘેર જઈ તરત હાથમાં પાણી લઈ નવકાર ગણી ત્રણ વાર છોકરા પર છાંટયું; છોકરો નિર્વિષ થઈ બેઠો થઈ ગયો! નવકાર–સ્મરણના ધર્મનો કેવો પ્રભાવ! કેવો મહિમા!

**છઠ્ઠાવ્રતનું દૃષ્ટાંત :–**

શ્રાવકના છઠ્ઠા વ્રતના દૃષ્ટાન્તમાં આવે છે ને કે એક ભાઈના છોકરાને સાપ કરડેલો, તે કોઇ જાણકાર કહે છે; 'અહિંથી ૧૧૦ યોજન પર એક જંગલમાં અમુક વનસ્પતિ મળે છે, તે લાવો તો એનાથી ઝેર ઊતારી દઉં.'

આ પર એનો બાપ છોકરાને કહે છે, 'તારી પાસે ગગન–ગામિની વિદ્યા છે, તો તું જઈને એ લઈ આવ.'

છોકરો કહે છે, 'મારાથી ન જવાય. મારે ૧૦૦ જોજન સુધીનું જ વ્રત છે.'

'અરે પણ આ મરી જશે!'

'તે શું પોતરાના મોહમાં મારું વ્રત ભંગાવવા માગો છો? મારાથી નહિ બને એ.'

એના વ્રતની દૃઢતા પર શાસન દેવતા હાજર થઈ ડોસાને કહે છે, 'ફાંફા શું મારો? આ તમારો દીકરો એક મહાન ધર્માત્મા છે. એના ધર્મનો અજબ પ્રભાવ છે,

તમે એના હાથમાં પાણી આપી પોતરા પર છંટાવો. બસ, ઝેર ઊતરી જશે!'

કેટલી વાર? ડોસો ઊઠ્યો તરત, લાવીને પાણી આપ્યું છોકરાના હાથમાં, ને છોકરો એના દીકરા પર પાણી છાંટતાં જ ઝેર ઊતરી ગયું!

## ધર્મનો કેવો પ્રભાવ? એ શું પેદા કરે છે?

જંબૂકુમાર રાતના નવી પત્નીઓને લઈ વાસ–ભુવનમાં બેઠો છે. ત્યાં ચોરી કરવા આવેલ પ્રભવ બધા ઉપર વિદ્યાના બળે અવસ્વાપિની નિદ્રા મૂકે છે. પરંતુ જંબૂના ધર્મ–તેજના પ્રભાવે એના પોતાના ઉપર પ્રભવની વિદ્યા ચાલતી નથી.

પ્રભવ ચોંકે છે 'આ શું?' જંબૂકુમાર અને એની સ્ત્રીઓ નિદ્રિત થવાને બદલે ઉલટું એ પ્રભવ અને એના સાગ્રીતો થંભી જાય છે! ત્યારે એ કહે છે, 'જંબૂ! તું મને તારી થંભિણી વિદ્યા આપ, તો હું તને મારી અવસ્વાપિની અને તાલોદ્ઘાટિની વિદ્યાઓ આપું.'

જંબૂ કહે છે. કાલ સવારે એક તણખલાની જેમ આ ક્રોડ સોનૈયાની સંપત્તિ હું છોડી દેવાનો છું! મારે તારી વિદ્યાઓને શું કરવી છે!'

પ્રભવ પ્રતિબોધ પામી જાય છે, જંબૂની સાથે દીક્ષા લેવા તૈયાર થઈ જાય છે. ધર્મનો કેવો પ્રભાવ! વિદ્યાને મહાત કરે! અને વિદ્યાવાળા ચોરનેય દીક્ષા માટે તૈયાર કરી દે!

શ્રીપાળની નવપદની આરાધનાના ધર્મના પ્રભાવે જુઓ, કેટકેટલું થયું ? વિદ્યાધરને વિદ્યા યાદ કરાવી આપી ! સુવર્ણરસ–સાધકોને રસસિદ્ધિ સધાવી દીધી ! ધવલનાં વહાણ ચલાવી આપ્યા ! રત્નદ્વીપ પર મંદિરનાં બંધ થયેલા દ્વાર ખોલી દીધાં ! ધવળે શ્રીપાળને સમુદ્રમાં પાડતાં મગર-મચ્છની નાવડી બનાવી આપી !....કેટલું ! ધર્મ કેવો મહિમા જગાવી દે છે ! આવા મહિમાકારી ધર્મ પર શું શ્રદ્ધા વધારવાનું અને એની જોરદાર સાધના કરવાનું નથી સૂઝતું ? ને ભળતી વસ્તુની જોરદાર શ્રદ્ધા અને સાધના કરવાનું મન થાય છે ?

**ધર્મ સુખ–પરંપરાનો સર્જક છે.** સિદ્ધ હકીકત છે કે જગતમાં ધર્મી થોડા અને સુખી પણ થોડા, એટલે કે એ થોડા લોકો સુખ પામેલા તે ધર્મથી જ પામેલા. માટે કહો, સુખ ધર્મથી જ મળે.

**'सुखं धर्माद् दुःखं पापात्, सर्वशास्त्रेसु संस्थितिः ।**

બધા જ શાસ્ત્રોમાં આ વ્યવસ્થા છે કે સુખ ધર્મથી અને દુઃખ પાપથી મળે છે.

સુખ સારી ચીજ લાગે છે તો તે સારી કરણી અને સારા ભાવથી મળે ? કે ખરાબ ભાવથી ? કહેવું જ પડે કે સારાથી જ નીપજે; ધર્મથી સુખ નીપજે. હવે એમાં જો ધર્મ પણ શુદ્ધ ભાવે કર્યો હોય તો એ પણ સંસ્કાર ભવાંતરે પુણ્યની સાથે જાય. ત્યાં એ જાગ્રત થતાં વળી

ધર્મ સૂઝે. અથી આગામી સુખ ઊભાં થાય. આમ ધર્મથી સુખ–પરંપરા ચાલે.

ધર્મ વિના બીજી કોઈ સામગ્રી સુખ આપનાર નથી. બહારની સાધન–સામગ્રીથી સુખ મળવાનો ભાસ થાય; પરંતુ ખરેખર તો એની પૂંઠે પૂર્વનો ધર્મ કામ કરતો હોય છે. આમ એટલા માટે કહેવાય છે કે બાહ્ય સાધન–સામગ્રી હયાત છતાં કેટલા ય માણુસો દુઃખની પોક મૂકે છે. એ સૂચવે છે કે બાહ્ય સાધન સામગ્રી સુખનું કારણ નથી; નહિતર એ છતે સુખ શાનું જાય? દુઃખની પોક શાની પડે? દુઃખની પોક શાથી મૂકે છે? સુખનું મૂળ કારણભૂત ધર્મ ઘટે છે માટે. ધર્મ જ સુખદાયક છે. સુખ-પરંપરાદાયક યાવત્ મોક્ષના શાશ્વતા અનંત સુખનો દાતાર છે.

પેલી બ્રાહ્મણી કહે છે,—

'હે ભાગ્યવાનો! ધર્મ જ યશકીર્તિ–મહિમા–સુખ-પરંપરાનો કરનારો છે માટે ધર્મ જ સાધવા જેવો છે, આચરવા જેવો છે, અમલમાં મૂકવા યોગ્ય છે, એનો જ ઉપદેશ કરવા જેવો, એ જ કહેવા જેવો, એ જ બોલવા જેવો, સમજાવવા અને કરાવવા જેવો છે.'

દીકરાના ભારેં અનિચ્છનીય વર્તાવ પર સંસારના સમસ્ત સ્વાર્થરસિક સગા–સ્નેહીનો કયાસ કાઢી, 'એમના પર કરાતું મમત્વ અને એમાં હોમાતું જીવન કેવું વ્યર્થ અને જીવના ભવ ભારે કરનારૂં નીવડે છે!'—એ આ

બ્રાહ્મણીની નજર સામે તરવરે છે અને એની સામે ધર્મ કેટલો બધો કલ્યાણકર છે; તેમજ એજ સાચો સ્નેહી-સગો છે, એ સચોટ ભાસે છે. એટલે એ વસ્તુ ત્યાં એકત્રિત થયેલાને સમજાવી, હવે કહે છે કે 'માટે જ ધર્મ એકલો જ સેવવા યોગ્ય છે. ફાંફાં શું મારીએ? આ જીવનમાં પ્રાપ્ત અતિ દુર્લભ અવસર એળે ક્યાં ગાળીએ? પુરુષાર્થ શક્તિને વ્યર્થ કાં બરબાદ કરીએ? અરે! આગળ વધીને એ શક્તિને અનર્થકારીમાં શી વિણસાડી નાખીએ? એ તો એક માત્ર ધર્મમાં જ એનો વિનિયોગ-ઉપયોગ કરી એને સુંદર ફલવતી કરવી જોઈએ. સેવો, સેવો ધર્મ જ સેવો, ધર્મને જ ભજો, ધર્મના જ શરણે જાઓ. મન વારેવારે ધર્મમાં જ લઈ જાઓ, નિરંતર ધર્મમાં જ રાખો, અને ધર્મની જ આરાધના-ઉપાસના કરો. ધર્મનું જ પોષણ કરો, વૃદ્ધિ કરો.'

## આરાધનાનું મૂળ સમર્પિતભાવ :—

### શરણ પૂર્વક જ આરાધના :—

ધ્યાનમાં રહે ધર્મની આરાધના અને વૃદ્ધિ, ધર્મનું શરણું સ્વીકારીને કરવાની છે. અર્હદ્ભક્તિ, તપસ્યા, ત્યાગ, અનુષ્ઠાન વગેરે કરાય તો ખરા, પણ 'મારે આ જ એક શરણભૂત છે,' આવી બરાબર જાગૃતિ રાખ્યા વિના ય કરાય. પરંતુ એ જાગૃતિ રાખ્યા વિના એ બધું કરાશે તો આત્મા એમાં એવો ઓતપ્રોત અને વિનમ્ર સેવક નહિ બની શકે.

એ તો એવી સભાન દશા રહેવી જોઈએ કે "આ ધર્મ હું આરાધું છું તે કોઈ થોડા-બહુ પુણ્ય આંચકી લેવા માટે નહિ કે માત્ર શબેતા મુજબ કર્યે જવા માટે નહિ; કિન્તુ 'આ જ ત્રાણ છે, શરણ છે,' માટે." આ સમજ હોય તો હૃદયથી નિરાશંસ ભાવે આરાધના થાય.

**આપ્ત પુરુષ પરની શ્રદ્ધા મોંઘી થઈ છે:—**

માણસ વર્તમાનમાં લોકમાં ધર્મ માટે ચાલી રહેલ કુતર્ક-કુશંકાના વાતાવરણથી કેટલીક વાર મુંઝવણમાં પડી જાય છે કે 'આ બધો ધર્મ આરાધીએ એનું ફળ મળશે કે કેમ? કે આ બધી મહેનત નકામી જશે?' આમ કુશંકા થવાનું કારણ, વર્તમાન વાતાવરણે પૂર્વના આપ્ત પૂજ્ય શાસ્ત્રકારો પરના આદર અને શ્રદ્ધાબળ તોડી અગર ઘટાડી નાખ્યા છે એ છે. આજે છોકરાઓને આપમતિ ઉપર જે ઈતબાર છે, જે શ્રદ્ધા છે, એ માબાપ પર નથી, એટલે પછી એમનાં વચનને આદર અને શ્રદ્ધાથી વધાવી લેતા નથી, કુશંકા કરે છે. ઉપેક્ષા પણ કરી નાખે છે. એવું દરદીને વૈદ્ય-ડોકટરની સલાહ પ્રત્યે થાય છે. વિદ્યાર્થીને શિક્ષકની શિખામણ સલાહ-સૂચન ઉપર તેવી આસ્થા થતી નથી. એમ શિષ્યને ગુરુ-વચન અંગે બને છે. મૂળમાં તે તે આપ્ત-વિશ્વસનીય પુરૂષો ઉપર એવો ઉછળતો આદરભાવ-બહુમાન-આસ્થા નહિ પછી એમનાં વચન પર આદરભાવ-બહુમાન-આસ્થા ક્યાંથી થાય? પુરૂષ-વિશ્વાસે વચન વિશ્વાસ. ત્યારે ઉપદેશક નિઃસ્વાર્થ અને ભવભીરુ પુરુષો પર જો વિશ્વાસ નહિ તો ભારે ઉલ્લાસ સાથે એમના

વચનને ઝટપટ અમલમાં ઉતારવાનું શે બને? સ્વતંત્રતાનો યુગ કહેવાય છે ને? સ્વતંત્રતા છે કે સ્વછંદતા, આપમતિ અને અભિમાન? બોરનું બીટું ક્યાં છે એની જેને ગમ નથી, અનુભવ નથી, એને મહા અનુભવીઓ હિતૈષીઓ અને પરોપકારવૃત્તિથી છલોછલ ભરેલા જ્ઞાની પર ભરોસો નહિ! એમનાં વચન પર મદાર નહિ! એ આજના વિચાર–સ્વછંદતાના યુગની બલિહારી છે!

## ધર્મનું સ્વરૂપ જોવાથી શ્રદ્ધા થાય :—

આવા કાળમાં રહ્યા પણ બચવા કોઈ ઉપાય? શ્રેષ્ઠ આપ્ત પુરુષ તીર્થંકર ભગવાને કહેલા ધર્મના ફળ પર શંકા–કુશંકા ધર્યા વિના હોંશે હોંશે ઉલ્લાસથી એ ધર્મ સધાયે જાય એનો કોઈ રસ્તો? હા, આ છે રસ્તો કે ફળની ભાંજઘડ બાજુએ મૂકો, ભગવાને ધર્મ કહ્યો છે એના પર ય મન એકદમ નહિ જાય; કેમકે જો 'હૈયાનો ઢાળ જેવો સગા–સ્નેહી પર નહિ એવો ભગવાન પર,'–આ સ્થિતિ નહિ હોય, તો પછી આ ધર્મ ભગવાને કહ્યો છે માટે કરૂં જ,'–એવો ઉમળકો અને નિર્ધાર ક્યાંથી થવાનો? તો ભલે એ રીતે નહિ. પણ આટલો જ વિચાર કરો કે—

'આ ધર્મનું સ્વરૂપ કેવું છે? મેલું, મૂર્ખતાભર્યું અને બીજાને દુઃખ લગાડે એવું? કે પવિત્ર, બુદ્ધિમત્તાભર્યું અને બીજાને ય શાંતિ આપે એવું? તે તે ધર્મથી વર્તમાન જીવનમાંની વિહ્વળતાઓ, અશાંતિ, સંતાપો ઓછા થવાને અવકાશ છે કે નહિ?' આ તપાસો. જરૂર દેખાશે કે ધર્મ

પવિત્ર છે, સ્વસ્થ–શાંત–ચિંતામુક્ત કરનારો છે, સદ્‌બુદ્ધિને પોષનારો છે, અને બીજાને પણ ઠારે એવો છે; મનથી વિહ્‌વળતા–અને કુવિચારણા પર કાપ મૂકે એવો છે.' જોઈ લો. દાન–શીલ–તપ–ભાવના, જિનભક્તિ–વ્રતનિયમ–સામાયિક, વગેરે એકેક ધર્મમાં આ તપાસી લો. તો દેખાશે કે એમાં હૈયું પવિત્ર બને છે, વિહ્‌વળતાઓ–કુવિચારણા–સંતાપ વગેરે ઓછા થઈ એટલા પ્રમાણમાં શાંતિ–સ્વસ્થતા–સદ્‌વિચારણા આવે છે. બીજાને પણ આપણા તરફથી એ જ ગમતું હોય છે.

**બીજા આપણા તરફ ધર્મથી વર્તે એવું દરેક ઇચ્છે છે :—**

કોઈના પૈસા તમે લઈ ન લો. ઉપરથી એને આપો, તમે કોઈની સ્ત્રી સામે જુઓ નહિ. આંખ નીચી ઢાળેલી રાખો, કોઈને ત્યાં ઝટ ચા–પાણી ન માગો, ઉપરથી એ ધરે અને તમે કહો મારે ત્યાગ છે, તપ છે....વગેરે વગેરે-તો એ બધું શું છે? ધર્મ, તમારો એ ધર્મ બીજાનું પણ દિલ પ્રસન્ન કરશે. તમારાજ પૈસા, પત્ની, અને માલ માટે શું ઇચ્છો છો? સામો માણુસ એના પર નજર ન નાખતાં એનાથી પરાઙ્‌મુખ રહે તો તે તમને ગમે છે, તમે એને સારો પવિત્ર ગણો છો. સારો એટલે ધર્માત્મા. એથી ઉલ્ટો વર્તનારને પાપી લેખો છો, મૂર્ખ મેલો અને ભૂખારવો માનો છો.

એ જ સૂચવે છે કે ધર્મ પવિત્ર છે, બુદ્ધિમાનનું સારા માણસનું કાર્ય છે, સ્વસ્થતા-શાંતિ અર્પનારો છે, જો આવું ન હોત તો શા માટે બુદ્ધિમાન ઇન્દ્રભૂતિ વગેરે વિદ્વાન બ્રાહ્મણો હિંસા-અજ્ઞાન-મતિભ્રમ ભર્યા યજ્ઞ-હોમ અને પાંડિત્ય-પ્રદર્શન પડતાં મૂકી મહાવીર પ્રભુના ચરણે ચારિત્ર જીવન સ્વીકારી લેત?

## ઈંદ્રનાગ તાપસ અને વીરપ્રભુ

**ઈંદ્રનાગ તાપસ અને વીરપ્રભુ :—**

ભગવાન સપરિવાર વિચરતા એક નગરમાં પધાર્યા છે. ત્યાં ગોચરી માટે નીકળતા મુનિઓને પ્રભુ 'હમણાં નગરમાં અનેષણીય-અકલ્પ્ય આહાર હોઈ થોભો' એમ કહીને અટકાવે છે. પ્રભુ ગણધર ઈંદ્રભૂતિ ગૌતમને કહે છે, 'હમણાં આ નગરમાં ઈંદ્રનાગ તાપસના પારણા અર્થે ઘેર ઘેર દાનની તૈયારી છે, તે એનું પારણું થયેથી લોકોની સ્થાપનાની કલ્પના ફરી જશે, પછી ગોચરી શુદ્ધ મળશે.' માટે સાધુ હમણાં ગોચરી ન જાય. પણ તમે જાઓ અને એ તાપસને કહો કે 'ભો અણેગપિંડિઆ ! એક પિંડિઓ તં દટ્ઠુમિચ્છઈ.' ('હે અનેકપિંડિક ! એકપિંડિક તને જોવા ઇચ્છે છે,')

ગૌતમ મહારાજને તો ગુરુનો આદેશ એટલે જાણે શી વાત ! ઊપડચા, અને જઈને કહ્યું. પેલો પણ આવ્યો પ્રભુ પાસે. પ્રભુને પૂછે છે, 'હું અનેકપિંડિક શી રીતે ? હું

તો માત્ર એક જ ઘરે જઈ આહાર કરૂં છું. અનેક પિંડિક તો તમારા સાધુઓ છે કે જે અનેક ઘરોમાંથી આહાર ગ્રહણ કરે છે.'

ભગવાન કહે છે, 'હે સૌમ્ય! તું ભલે એક જ ઘરે પારણું કરતો હો, પણ અનેક ઘરોમાં તારા માટે તૈયારી રહે છે, એટલે તારા નિમિત્તે બધે દોષ ઊભો થવાથી તું અનેકપિંડિક છે. મુનિઓ પોતાના માટે જ્યાં જ્યાં દોષની કલ્પના ન હોય એવા ઘરમાંથી લે છે અને તે પણ થોડું થોડું જ લે છે, જેથી પાછળથી પણ દોષ ઊભો ન થાય. આવો એકલો નિર્દોષ પિંડ લેતા હોવાથી મુનિઓ એક-પિંડિક છે, એક માત્ર નિર્દોષ-પિંડિક છે.'

ઈંદ્રનાગ તાપસ તરત સમજી ગયો. પોતાની ચર્યામાં અનેક જીવ-સંહારનો અધર્મ જોઈ એ ત્યજીને પ્રભુનો ત્રિકોટિપરિશુદ્ધ પવિત્ર કુશળ ચારિત્રધર્મ એણે ત્યાં જ સ્વીકારી લીધો.

મોટા ચક્રવર્તી અને શાલિભદ્ર વગેરે શ્રીમંતો પણ ધર્મનું પવિત્ર કુશળ સ્વરૂપ જોઈ એમાં લાગી પડનારા બન્યા છે. એમણે સંસાર વગર સમજે નથી છોડ્યા. સંસારનું સ્વરૂપ મલિન-સંતાપકારી-અશાંતિપ્રદ-અજ્ઞાનતા ભર્યું જોયું માટે એવા મહાશ્રીમંતોએ પણ સંસાર છોડ્યો.

### દુન્યવી સમૃદ્ધિનાં દુઃખદ સ્વરૂપ :-

બ્રાહ્મણી કહી રહી છે કે "જ્યારે ધર્મ એ અનન્ય

સહાયક છે, વિશ્વના જીવોનો તારણહાર છે, તો પછી સગા સ્નેહી-પરિવાર-ગણનાં મમત્વથી સર્યું, ધન-ધાન્ય, સુવર્ણ -મણિ-માણેકનાં નિધાન-ખજાનાથી સર્યું, એના સંચય-સંરક્ષણથી સર્યું.

" એ બધી ઋદ્ધિ-સમૃદ્ધિ અને પરિવાર તો ઇંદ્ર ધનુષ્ય અને વિજળીના ઝબુકા જેવા ચંચળ છે; સ્વપ્ન અને ઈન્દ્ર-જાળ જેવા ક્ષણ-દૃષ્ટનષ્ટ છે. નાશવંત અધ્રુવ, અશાશ્વત અને સંસાર-વૃદ્ધિને કરનારા છે. એનાથી જ જીવ પર ઘોર નરકાદિ અપકાર વરસે છે અને સદ્ગતિના માર્ગ રુંધાય છે, તેમજ અનંત સંસાર સર્જાય છે!"

ગોવિંદ બ્રાહ્મણ ઘણો વિદ્વાન હતો, પણ આ જાતની વિશ્વગવેષણા એણે કરેલી નહિ, તે આજે પત્નીના મુખેથી સાંભળતાં થીજી જાય છે! ધ્રુજી ઊઠે છે કે આ શું કહી રહી છે! વિશ્વનું કેવુંક યથાસ્થિત તત્ત્વ કહી રહી છે! અને અમે એની ઉપેક્ષામાં રહી કેવા અવળા ચાલી રહ્યા છીએ! એના મનમાં હવે જોરદાર ગડમથલ ચાલી છે, એના મનને થાય છે કે,

'આ બાઈ શું ખોટું કહે છે? જ્યારે ધર્મ જ એક તારણહાર છે, આત્માનો સાચો સગો અને સાચી સંપત્તિ છે, તો પછી દુનિયાની બનાવટી સગા-સ્નેહી અને નામની સંપત્તિને વળગ્યા રહેવાનું શું કામ છે? **દુન્યવી સગાં-સંપત્તિને વળગેલા રહેવામાં તો સાચા સગારૂપ**

**અને સાચી સંપત્તિરૂપ ધર્મને હસ્તગત કરવાનું ગુમાવાય છે.** આ જીવનની રમતનો કાળ તો અલ્પ છે, અને તેય પાણીના રેલાની જેમ ચાલ્યો જાય છે! તે જોત-જોતામાં આ જીવનકાળ પૂરો થઈ જશે! એ પહેલાં જો ધર્મને પોતાનો ન કરી લીધો તો દીર્ઘ પરલોકમાં બીજું કોણ ઓથ આપવાનું? ઓથ વિના ત્યાં કેવી દુર્દશા!

સગા-સ્નેહી અને સંપત્તિ અહીંના અહીં રહે છે, અને જીવને એકલા જ જવું પડે છે એ વાસ્તવિક હકીકત છે, મરતા માણસોમાં એ સ્પષ્ટ નજરે દેખાય છે. તેમ જીવંત રહેલાઓમાં પણ જોવા મળે છે કે સગા-સ્નેહી પોતાનો સ્વાર્થભંગ જોતાં વિમુખ થઈ વિરોધી બની જાય છે; તેમ પુણ્યનો સૂરજ અસ્ત થતાં સંપત્તિ-સમૃદ્ધિ ચાલવા માંડે છે.

દુનિયામાં દેખાય છે ને કે હજી હમણાં તો લગ્ન-સંબંધ બાંધ્યા અને ૪-૬ માસમાં જ પતિને લાગે છે કે આનો સ્વભાવ, આનું રૂપ, આનો વાણી-વ્યવહાર પોતાને મનપસંદ નથી, તો પરણતાં દીધેલા બધા કોલ ફોક! એને જ હવે દુશ્મન દેખે છે! એમ,

દીકરાને હજી હમણાં તો ઊછેરી મોટો કર્યો પરણાવ્યો, પણ પછી પત્નીઘેલો બનતાં માબાપને શત્રુ સમજે છે!

કોઈની સાથે વેપારમાં ભાગીદારી કરી પણ હવે એને નકામો ભાગ દેવાનું લાગતાં એને છૂટો કરી દેવા ફાંફાં મરાય છે! સગા-સ્નેહી કેટલા કાળના?

ત્યારે સંપત્તિમાંય શું છે? ક્ષણ-દૃષ્ટનષ્ટ, હમણાં જોઈ ન જોઈ, ને ડુલ! અડગ વિશ્વાસે રહેલા છતાં કલ્પના બહાર એ કકડભૂસ થાય છે! વિલાયતનો આઠમો એડવર્ડ રાજા બ્રિટિશ-સમ્રાટપણું ગુમાવી બેઠો ને? હિટલર-નેપોલિયનના મનોરથ હવાઈ કિલ્લા બન્યા ને? આજે કોઈ ક્રોડપતિ-લાખપતિઓ ભિખારી બની ગયા છે કે નહિ? અહીં ગોવિંદ બ્રાહ્મણ વિચારે છે કે,—

બ્રાહ્મણી સાચું જ કહે છે, સગા-સ્નેહી અને સંપત્તિ સમૃદ્ધિ ચંચળ છે, અશાશ્વત છે; તેય થોડું રહીને ય પાછા જીવનું ભલું કરનારા ય નહિ, પણ એના મૂઢ રાગમાં જીવને ધર્મ ભૂલાવી પાપ માર્ગમાં ચકચૂર રાખનારા! રાગની ગાંઠ મજબૂત કરી અનંત સંસાર ભ્રમણને સંભવિત કરનારા છે! માટે સર્યું એ બધાથી.'

પરમ દયાળુ પ્રભુ મહાવીર દેવ ફરમાવી રહ્યા છે કે 'હે ગૌતમ! એ બ્રાહ્મણી ત્યાં આવેલા બધાને કહે છે.'

'ભાગ્યવાનો! ધર્મની જ સેવા-આરાધના, ધર્મનું જ શરણ-ઉપાસના, ધર્મનું જ પાલન-પોષણ, વગેરે કરવાનું એટલા માટે કહેવાય છે કે-

ધર્મ ધ્રુવ છે, શાશ્વત છે, અક્ષય-અવ્યય અને સકલ સુખનું નિધાન છે, એક માત્ર ધર્મના સેવનમાં કોઈ લાજ પામવાં જેવું નથી; કિન્તુ અતુલ બળ-વીર્ય, શૌર્ય-સત્ત્વ અને પરાક્રમ ફોરવવા યોગ્ય છે; કેમકે,

ધર્મ ચીજ પ્રવર છે, ઉત્તમ છે, ઈષ્ટ–પ્રિય–રમણીય છે, સમસ્ત શોક–ઉદ્વેગ સંતાપ, સકલ દારિદ્ર–અપયશ–આળ-અભ્યાખ્યાન યાવત્ જન્મ-જરા-મૃત્યુ અને સઘળાય ભયનો અંત લાવનારો ધર્મ જ છે. ધર્મ જેવો સહાયક કોઈ પદાર્થ નથી. ત્રિલોકનો તારણહાર એકમાત્ર ધર્મ જ છે.

## ધર્મ શાશ્વત – સનાતન અને ધ્રુવ

**ધર્મ જ આદરણીય :—**

રુક્‌મીનો જીવ બ્રાહ્મણી હવે પૂર્વ ભવથી એવું ઉત્થાન પામતી આવી છે કે એના આત્માના રોમે રોમમાં અને રગ રગમાં ધર્મની લગની જ્વલંત જોરદાર બની ગઈ છે. બસ ધર્મ જ ધર્મ એકમાત્ર સેવવા આરાધવા યોગ્ય લાગે છે; એનું જ શરણું લેવા યોગ્ય ભાસે છે. 'બોલવા આચરવા જેવો તો શું, પણ વિચારવા યોગ્ય પણ એક માત્ર ધર્મ જ છે.'–એમ એને હૈયે સજ્જડ વસી ગયું છે, ઠસી ગયું છે. એને ધર્મ સિવાય બીજી કોઈ વાતનો એક વિચાર, તરંગ કે વિકલ્પ સરખોય કરવા જેવો લાગતો નથી. સમસ્ત શ્રેય અને પ્રેય હોય તો તે ધર્મ. આવી ધર્મમય બની ગયેલ એની ચિત્તપરિણતિ સકારણ છે, અને એ એના મોઢે બોલાવી રહી છે કે :—

'હે મહાનુભાવો ! આપણી બધી જ આરાધનામાં વિચાર–વાણી–વર્તાવમાં ધર્મ એકલો જ ઓતપ્રોત કરવા જેવો છે તે સહેતુક છે. હેતુ એ છે કે ધર્મ ધ્રુવ છે, શાશ્વત

છે, સનાતન છે, ધર્મ સિવાયની બધી ય મન-વચન-કાયાની દોડધામ, ઇન્દ્રિયોની અને વૃત્તિઓની ગમે તેટલી દોડધામ એ વિનશ્વર છે, સરવાળે જીવનના અંતે શૂન્યમાં ઊતરનારી અને નવા જીવનમાં ફેર નવી ધમાચકડી ઊભી કરનારી છે. જીવની એમાં જીત નથી, જીવને હારવાનું છે, પસ્તાવાનું છે. જીવનભર અહીં કરેલી એ બધી ધાંધલ જ્યારે મૃત્યુકાળે ધૂળમાં મળી જતી દેખાય ત્યારે શું ખેદ સંતાપ ઓછો થાય છે? શા સારૂ આવી ફજુલ સનેપાતિયા અને ભૂતાવેશથી થવા જેવી દોડધામ-ધમાચકડીમાં માનવ-ભવનો અતિ અમૂલ્ય કાળ અને શક્તિઓ વેડફી નાખવી?

**ધર્મ શાશ્વત કેમ?:—**

'કરો તો ધર્મ જ કરો, બોલો તો ધર્મમય જ બોલો, કાંઈ પણ વિચારો તો ધર્મવાસિત જ વિચારો પાળો, પોષો, સિંચો, વધારો, તો એક માત્ર ધર્મ જ.' શરણે જાઓ, સહારો લો, આધાર રાખો તો તે એકલા ધર્મનો જ. કેમકે ધર્મ જ શાશ્વત છે, આત્મામાં તન્મય કરેલો એ, જીવન પૂરૂં થાય છતાં આગળ સાથે ચાલે છે, વિકાસ પામે છે, પરાકાષ્ઠાએ પહોંચી કાયમી સંગમાં આવી જાય છે, માટે શાશ્વત.

હે ભવ્યાત્માઓ! ધર્મ એકલો જ પ્રવર છે, ઉત્તમ છે, સુંદર છે. એની તોલે તો શું, પણ એના લાખમા ભાગે પણ સંસારની કઈ વસ્તુ ઉત્તમ, સુંદર અને સુખદાયી છે?

શુદ્ધ સુખ અને અનંત આનંદ પમાડનાર હોય તો તે એકમાત્ર ધર્મ જ.

**શોભા ધર્મથી :—**

માટે પ્રાણાતિપાત, જીવ-હિંસાદિ પાપસ્થાનકનો ત્યાગ કરી આ ધર્મ જ સેવવા યોગ્ય છે. પાપસ્થાનકમાં કોઈ ઉત્તમતા નથી, સુંદરતા નથી, શોભાસ્પદતા-શોભાકારિતા નથી. દુનિયામાં દેખાય છે કે ગુસ્સો કરીને મારામારી કરનાર શોભા નથી પામતો, ત્યારે ક્ષમા અને દયા કરનારો શોભા પામે છે. જૂઠ હાંકનાર બીજાનો પ્રેમ-વિશ્વાસ નથી મેળવી શકતો, અને સત્યવાદી એ મેળવી શકે છે. જો અલ્પાંશે એ ધર્મને પકડી રાખનારો શોભે છે તો સર્વાંશે ધર્મ-સેવીનું પૂછવું જ શું? વાત સાચી છે કે,

પાપ-સેવનના ભાર ઓછા કર્યા વિના ધર્મ-સાધના ય મુશ્કેલ અને પાપ વિચાર ઓછા કર્યા વિના ધર્મ સાથે સગાઈ પણ થવી મુશ્કેલ, કમમાં કમ પાપમય જીવન માટે હૃદયમાં ઉદ્વેગ રહેતો હોય, ભલે એમાં લાખો રૂપિયાના વૈભવ અને ભપકાદાર વિલાસસુખ અનુભવવા મળ્યા હોય, તો પણ પાપસ્થાનકોના જમેલા બદલ હૃદય ખિન્ન રહેતું હોય, તો ત્યાં પાપનો ભાર મન પરથી કંઈક ઓછો કર્યો ગણાય. તેથી છેવટ શ્રદ્ધા રૂપે ધર્મને સ્થાન મળે. પણ ના, એવું કાંઈ નથી. વૈભવ-વિલાસ હૈયાને સારા રુચે છે, માટે જ એની આગળ પાછળ અને સાથે કેટકેટલાં પાપસ્થાનક સેવવાનું બને છે, એનો કોઈ વિચાર નથી, સંતાપ નથી,

તો પછી જીવ પાપસ્થાનકોમાં ભારે લીન–તન્મય ઓતપ્રોત જ રહ્યો ગણાય ને ? ત્યાં મદ–અહંકાર ઈર્ષ્યા અસહિષ્ણુતા સ્વાર્થસાધુતા, પારકાની નિંદા, જાતની બડાઈ, બીજાને ઉતારી પાડવાનું....આવી બધી દુષ્ટ વૃત્તિઓ ઘર કરી ગઈ હોય, ત્યાં ધર્મ શ્રદ્ધામાંય ક્યાંથી આવી શકે ?

ધર્મનું આચરણ તો પછી, ધર્મની શ્રદ્ધા ય ચીજ એવી છે કે એ મદ–ઈર્ષ્યાદિ દુષ્ટ વૃત્તિઓના હૃદયબંધ તોડી નાખે છે. ધર્મ રુચ્યો એ તો ત્યારે ગણાય કે એ આત્માને સુધારનાર તરીકે દિલને ભાવ્યો હોય, ગમ્યો હોય, અને એવું જો બન્યું હોય તો આત્માના જાલિમ બિગાડરૂપ મદ–ઇર્ષ્યા–નિંદા, અને વિષયાસક્તિના આવેશ વગેરે શાના ખુશમિશાલ મ્હાલી શકે ?

પાપ રોગ છે અને ધર્મ તો આરોગ્ય છે. આરોગ્યનું ઔષધ છે. એવા ધર્મની રુચિ, શ્રદ્ધામાત્ર પણ પાપરોગ પ્રત્યે નફરત–ખેદ–ઉદ્વેગ વિના જાગવી સંભવિત નથી.

## પાપ અહિં નહિં વોસિરાવાય તો પછી ક્યાં ?:–

પેલી ગોવિંદપત્ની બ્રાહ્મણી તો ત્યાં સુધી કહે છે કે પાપસેવનને બિલકુલ સ્થાન જ આપવા જેવું નથી; તો જ ધર્મનો સાંગોપાંગ પ્રવેશ જીવનમાં થાય. પાપ આવા ઉત્તમ માનવ ભવમાં નહિ વોસિરાવાય, તો બીજા કયા ભવમાં એ બનવાનું હતું ? બીજે તો ઉલ્ટું અહીં સેવ્યે રાખેલ પાપ વિચાર–વાણી–વર્તાવના ઘેરા સંસ્કારને લીધે અને પાછી અજ્ઞાન દશા હોવાથી, પાપની ચકચૂરતા જ રહેવાની ! માટે

વિના વાયદાએ અહીં જ પાપત્યાગ અને ધર્મસેવન આત્મસાત્ કરો.

## ધર્મનો અવસર અતીવ દુર્લભ

### બ્રાહ્મણીનો નવો ઉપદેશ —

સુરાસુર–નરેન્દ્રપૂજિત જગદ્દયાળુ ભગવાન મહાવીર પરમાત્મા બ્રાહ્મણીનો ઉપદેશ રજુ કરતાં ફરમાવી રહ્યા છે કે હે ગૌતમ તે ગોવિંદ બ્રાહ્મણીની પત્ની કહી રહી છે,–

'હે ઉત્તમ જીવો ! જે સ્નેહી–સ્વજન–સમૃદ્ધિના મમત્વ જીવને નરકાદિ દુઃખભર્યા સંસારમાં ભટકાવી રહ્યા છે, તે વિજળીના ઝબૂકા જેવા ઈંદ્રજાળિયા ક્ષણ–દષ્ટ–નષ્ટ સ્વજન–સમૃદ્ધિ બાજુએ મૂકી ધર્મને જ સેવો. કેમકે ધર્મ જ સર્વ દુઃખનાશક અને અતુલ સુખશાન્તિદાયક છે; માટે જ એક માત્ર ધર્મ આરાધવા યોગ્ય છે.'

### જીવનકાળના ખંડખંડ નાશ —

'હે મહાનુભાવો ! સમજી રાખો કે ધર્મનો આ અવસર અતીવ દુર્લભ છે, જ્યાં ત્યાં ને જ્યારે ને ત્યારે એ મળે નહિ, ધર્મની સાધક સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધક સામગ્રી મળવી ઘણી ઘણી દુષ્કર છે. જુઓ છો ખરા કે આ સામગ્રી પ્રાપ્ત થયાનો અહીં મળેલો અતિ દુર્લભ કાળ કેવો રાત–દિવસ ધારાબદ્ધ સમયના વહેણથી કપાઈ રહ્યો છે ! કેવા પ્રમાદલગ્ન જીવોની વયહાનિ અને જરારૂપી ઘોર–નિષ્ઠુર–પ્રચંડ વજ્રઘાતથી એ કાળના ખંડ–ખંડ

તૂટી રહ્યા છે! વજ્રથી ચૂરેચૂરા થતા ભાંડાની જેમ કેવો એ દિનપ્રતિદિન અકિંચિત્કર નિષ્ફળ જઈ રહ્યો છે! પ્રભાતના ઝાકળના વૃક્ષપત્ર પર લાગેલા જળબિંદુની જેમ એકાએક જાણે આંખના પલકારામાં જીવન–સમય કેવો ઊડી જાય છે! આ સ્થિતિમાં પરલોકનાં ભાતાની કમાઈ વિના પસાર કરેલ માનવ–જન્મ સરાસર કેવો નિષ્ફળ જાય છે! માટે હે સજ્જનો! લેશમાત્ર અતિ સૂક્ષ્મ પણ પ્રમાદ કરવા જેવો નથી."

બ્રાહ્મણી પૂર્વ જીવનમાં ચક્રવર્તીના પણ વૈભવ છોડી ચારિત્ર–ધર્મની આરાધના કરીને આવી છે, છતાં અહીં પૂર્વ કર્મની વિચિત્રતાએ જન્મથી શુદ્ધ ધર્મનાં દર્શન પામી નથી. એ તો વળી જાતિસ્મરણ જ્ઞાન થવાથી પૂર્વનું યાદ આવી ગયું એ અહોભાગ્ય! એટલે એ સ્વાનુભવ પરથી ઠીક જ કહી રહી છે કે 'ધર્મની પ્રાપ્તિ કેટલી બધી મોઘી છે! ધર્મનો અવસર કેટકેટલો દુર્લભ છે!' તમને જનમથી કુળધર્મ તરીકે વીતરાગ પ્રભુનો ધર્મ મળી ગયો છે એટલે આ મળવાનો અવસર દુર્લભ તરીકે મનમાં આવતો નથી. નહિતર મળેલા મહાદુર્લભ ધર્મ–અવસરની ભારેમાં ભારે કદર કરી એને સફળ કરવાની નિરંતર ચીવટ ન રહે? ધગશ ન રહે કે પળે પળને હું ધર્મમય બનાવું?

જો એ સમજ છે કે 'છોકરાને નાની ઉંમર એ ભણવાનો કિંમતી અવસર છે,' તો એને લેખે લગાડવા કેવા સાવધાન બની છોકરાને ભણાવવામાં જોડો છો? ખર્ચ પણ કેટલું કરો છો? એનું ભણવાનું ન બગડે માટે કેટલાંય

કામ જાતે પતાવી એને ભણવાની સગવડ કરો છો ! બસ, એમ જો સમજતા હોત કે માનવજીવન એ કિંમતી ધર્મ–અવસર છે, તો છોકરાને ધર્મમાં જોડવા અને એની ધર્મ-સાધના ન બગડે એવું કરવા કેટકેટલી ચીવટ અને ખર્ચ રાખ્યા હોત !

પાઠશાળા મફત ધર્મશિક્ષણ આપે છે છતાં દુઃખની વાત છે કે એમાં છોકરાંને મોકલવાની દરકાર કેટલાય મા-બાપોને નથી ! કહીએ તો ઉપરથી બહાનું કાઢે છે કે 'છોકરાને નિશાળનું ભણવાનું બહુ છે, એમાંથી ઊંચો આવે તો ધર્મનું ભણવા જાય ને ?' જરાક થોભીને વિચાર તો કરો કે,

### કેળવણીના ચોકડામાં :—

આર્ય દેશની ધર્મ–સંસ્કૃતિને નાબૂદ કરવા યોજાયેલી પાશ્ચાત્ય કેળવણીની રીતરસમને વેચાણ બનેલા આજના કેળવણી–ઘડવૈયાઓ અને માસ્તરો આર્યભૂમિના જ સંતાનો છતાં કેટલો ભયંકર દ્રોહ કરી રહ્યા છે ! આર્ય છતાં પણ આર્ય સંસ્કૃતિનો દ્રોહ, આર્ય મહર્ષિઓનો, આર્ય શાસ્ત્રનો, પૂર્વજોનો અને નવી પ્રજાનો કેટલો કારમો વિશ્વાસઘાત કરી રહ્યા છે ! સમજુ નેતાઓ કે માસ્તરો પણ ઘેટાં–બકરાંની જેમ નીચી મુંડીએ સંસ્કૃતિનાશક કેળવણી–પદ્ધતિના ચોકડામાં પૂરાઈ ચાલી રહ્યા છે ને ? ભેગા તમે પણ એના દલાલ બની ગભરુ બાળકોને એ ચોકડામાં જકડી રહ્યા છો ? 'માનવ જીવન એ મહા કિંમતી ધર્મ અવસર

છે. અને એમાંય ધર્મ સંસ્કારોનો ખરેખરો કાળ બાલ્યકાળ છે, ત્યાંથી જ જો સારા ધર્મસંસ્કાર પડી ગયા અને પછી પોષાતા ગયા, તો એનું જીવન આખુંય ધર્મસાધનાથી મઘમઘતું રહે, '–આ જે સમજતા નથી, એમને એમના કિંમતી ધર્મ–અવસરને લેખે લગાડવાનું પહેલું કર્તવ્ય બજાવવાનું સૂઝતું નથી! શા સારુ આંધળિયા કરો? શા સારૂ કૂણી ધર્મવયની ગરદન પર છરી ફેરવો?

**મયણાસુંદરી** ઇતિહાસમાં અમર થઈ જાય એવું જ્વલંત જીવન શી રીતે જીવી શકી? તત્ત્વ–સિદ્ધાન્ત ખાતર ગજબ પરાક્રમ શે કરી શકી? નવપદની પરમ ઉપાસક કેમ બની શકી? માતાએ એને બાળપણમાં ધર્મ અવસરની ભારે કદર કરી ધર્મશિક્ષણ, તત્ત્વ–શિક્ષણ અને ધર્મસંસ્કરણ પમાડ્યું હતું ત્યારે જ ને? નહિતર એ જ બાપની દીકરી સુરસુંદરી કેમ મયણા જેવી ન નીવડી? જેવું શિક્ષણ–સંસ્કરણ પામી હોય એવું જ નીવડે ને?

ખરી વાત આ છે કે જીવનમાં જાતે ધર્મપ્રવૃત્તિ કરવા છતાં મૂળમાં ધર્મ–અવસરની સર્વશ્રેષ્ઠ કિંમત નથી સમજતા એટલે જાતમાં જ જો કેટલીય ધર્મ તક ગુમાવાય છે, તો પછી બચ્ચાને માટે તો ધર્મની અને ધર્મશિક્ષણ–સંસ્કરણની ઉપેક્ષાનું પૂછવું જ શું?

### ધર્મસામગ્રી મોંઘી :—

બ્રાહ્મણી કહે છે–' ધર્મ–અવસર અતિ દુર્લભ છે. અને ઉપરાંત જ્ઞાન-દર્શન–ચારિત્રધર્મની સામગ્રી એથી

વિશેષ દુર્લભ છે.' અવસરની કિંમત સમજાઈ અને સાધના કરવા મન પણ કર્યું, છતાં ધર્મના નામે, કેવી ભળતી વાતો કરનારા મળે છે! સમ્યગ્દર્શનની પુષ્ટિ થાય એના બદલે જડવાદ અને મિથ્યાત્વની પુષ્ટિ થાય એવા ઉપદેશ–લખાણ–સલાહ–સૂચન કેટલા બધા સુલભ થઈ ગયા છે! શું આ? દર્શન–ધર્મની સામગ્રી મોંઘી થઈ ગઈ! જ્યાં ગામડાઓમાં સુંદર જિનમંદિર છે, એ છોડીને ધંધા માટે એવા મંદિર–વિહોણા અને મુનિસંપર્ક વિનાના ક્ષેત્રમાં રહેવું પડે છે, એ પણ ધર્મસામગ્રીની દુર્લભતા સૂચવે છે.

ત્યારે આજે સમ્યક્ શાસ્ત્રજ્ઞાનની સામગ્રી પણ દુનિયામાં કેટલા માણસોને મળી છે? ભારતમાં પણ કેટલે સ્થાને એ સુલભ છે? ધર્મઅવસરરૂપી માનવજીવન મળવા છતાં ધર્મસામગ્રી ન મળવાથી કેટલાય જીવન એળે ગાળી રહ્યા છે! પાપ સામગ્રીની આજે ભારે બહુલતા થઈ ગઈ! તેથી પાપાચરણના અવસર સુલભ થઈ ગયા! એમાં, માનસિક વિચારસરણી-લાગણી મનોરથો વગેરેમાં તો પાપે ભારે પગપેસારો કરી દીધો છે, એ આ યુગની ભારે ભયાનકતા છે.

આ બધાનો ખૂબ વિચાર કરો, દુર્લભ પણ સુલભ થયેલ ધર્મ–અવસર અને ધર્મસામગ્રીનાં ઊંચા મૂલ્ય આંકી, વિચાર–વાણી–વર્તાવમાં ધર્મને ઓતપ્રોત કરી દેવા હર સમય કાળજી રાખો. બ્રાહ્મણી કહે છે તે મુજબ,

કાળનો વહી જતો પ્રવાહ આ કિંમતી જીવનને

કાતરતો જાય છે. પ્રતિસમય દુર્લભ ધર્મ અવસરમાંથી કતરામણ ચાલુ છે, એમાં કંઈ રાહ જોવાતી નથી. ઘડીયાળને પાછી કરો, બંધ રાખો, તેથી કાંઈ કાળનું વહેણ અને જીવનની કતરામણ અટકતી નથી. એ તો જુઓ કે ચાલુ ઘડીયાળમાં સેકંડ પર સેકંડ સતત ધારાબદ્ધ પસાર થયે જવાનું ચાલુ, અને એટલું જીવન કપાતું જ ચાલ્યું છે ને ?

મળેલો ધર્મ અવસર જો લેખે લગાડાતો નથી તો સમજી લો કે દંડના પ્રહારથી માટીનું ભાંડું ચૂરેચૂરા થઈ જાય એની જેમ સમયના વહેણથી આ જીવનના ખંડખંડ ચૂરેચૂરા થઇ રહ્યા છે. ત્યાં પ્રમાદ કર્યે કેમ ચાલે? એના ખંડના ચૂરેચૂરા થવા પહેલાં જ સાવધાન રહી જ્ઞાન-દર્શન-ચારિત્ર ધર્મમાં એને જોડી દેવાની તત્પરતા જોઇએ. મોટા રાજા મહારાજા અને શેઠ શાહુકારો કાળપ્રવાહથી આ જીવન-ખંડનો નાશ થતો જોઇને જ ચમકયા! અને ધર્મ-સાધનામાં ઓતપ્રોત થઈ ગયા. વિષય-કષાયના પ્રમાદ બાજુએ મૂકયા વિના આ કયાંથી બનવાનું ?

## આત્માનો અનન્ય દુશ્મન પ્રમાદ

### પ્રમાદ એટલે ? :—

વિષય કષાયની પરિણતિ એ ભારે પ્રમાદ છે. પ્રમાદ એટલે શું ? આત્માના ઉપશાંત ભાવ અને શુદ્ધ જ્ઞાનરમણતાના સ્વભાવમાંથી ચૂકવું.' એ પ્રમાદ કહેવાય. ઇન્દ્રિયોના વિષયો

અને ક્રોધાદિ કષાયો જીવને ઉપશમભાવ અને જ્ઞાનરમણતામાંથી ચૂકાવે છે, માટે એને પ્રમાદ કહેવાય, એ વિષય-કષાયો આ કિંમતી માનવ ધર્મ-અવસરના ખંડશઃ ચૂરેચૂરા કરે છે, અને જીવને દીર્ઘ દુર્ગતિના ભયંકર દુઃખમાં પાડી દે છે, માટે આત્માના એ અનન્ય દુશ્મન છે. બહારના દુશ્મન કે સગા-સ્નેહી મિત્ર બિચારા શું કરી શકે? આત્માના સુખની ઘોર ખોદનારી તો એ વિષય-કષાયની લગનીરૂપી પ્રમાદ જ છે. માટે એનો જ નિગ્રહ કરવો જોઈએ.

### કીર્તિધરની રાણીઃ—

રઘુવંશમાં રાજા કીર્તિધરે એ જોયું કે 'આ પ્રમાદમાં ઉત્તમ માનવકાળ જર્જરિત થઈ એળે જઈ રહ્યો છે!' એટલે, જો કે પુત્ર સુકોશલ માત્ર બે વરસનો છે છતાં, અને પત્ની તથા મંત્રી આદિ પરિવારનો રોકાઈ જવા ભારે આગ્રહ છે છતાં, એ રાજ્યપાટ છોડી ચારિત્રધર્મમાં અહિંસા-સંયમ-તપના માર્ગે લાગી ગયા! હવે જુઓ રાણીના વિષય-કષાય શું કામ કરે છે!

રાણી એ વિચારે છે કે 'આ પતિ મુનિ ફરતા ફરતા જો અહીં આવશે તો પાછો આ છોકરો એમના સમાગમે ભ્રમિત થઈ ચારિત્રની વાત કરશે. માટે એમને અહીં પેસવા જ ન દેવા.' આ શી રીતે બને? એટલે એણે નગરમાં કોઈ પણ બાવા-જોગી-સાધુસંન્યાસી ન પેસે એવો પાકો બંદોબસ્ત કર્યો. હવે તો એ રાજ્ય ચલાવનારી છે એટલે એને આમ કરતાં કોણ અટકાવે? સરહદમાં ચારે કોર

સિપાઈઓ તકેદારી રાખી કોઈ પણ સાધુ–સંન્યાસીને પેસવા દેતા નથી.

## પુત્ર સુકોશલે શું દેખ્યું?

એક વાર રાજર્ષિ કીર્તિધર જ વિહાર કરતાં અહીં આવી ચડયા છે, અને સિપાઈઓને ખબર પડતાં જ એમને બાવડે પકડીને નગરની બહાર ખેંચી જવાનું કરી રહ્યા છે, પુત્ર સુકોશલ હવે મોટો થઈ ગયેલો, એને પરણાવવામાં પણ આવેલો. તે મહેલના ઝરૂખે બેઠેલો, દૂર આ દૃશ્ય જોઈ રહેલો. એને વિચાર આવ્યો કે 'આ શું થઈ રહ્યું છે?' તે પાસે રહેલી ધાવમાતાને પૂછે છે.

ધાવમાતા આંખમાં આંસુ લાવી કહે છે કે 'તમને શું કહું? તમારા પિતા ચારિત્ર લઈ મુનિ બનેલા છે. 'તે અહીં જો આવે તો કદાચ તમે પણ એમની પાસે ચારિત્ર લઈ લો!'–એ ભયથી તમારી માતાએ આ નગરમાં બંદોબસ્ત રાખ્યો છે કે કોઈ પણ સાધુ–સંન્યાસી આવે નહિ. હમણાં આ તમારા પિતા મુનિ જ આવેલા છે, એમને સિપાઈઓ બહાર કાઢી રહ્યા છે! એક વખતના આ રાજ્યના રાજાની અહીં જ પોતાની પત્નીના તરફથી કેવી દુર્દશા!'

## સુકોશલની ચિંતા:—

સુકોશલ તો આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો! એના મનને વિચાર આવ્યો કે 'અહો! આ સંસાર કેવો અધમ સ્વાર્થભર્યો છે! જગતના વિષયો સંસારી જીવને કેટલા

અધમ કૃત્યમાં ઘસડી રહ્યા છે? આ માતા પોતાના પતિની આ દુર્દશા કરે છે! સાધુ સંતને જ નગરમાંથી દૂર રખાવીને કેટલાય જીવોનું કલ્યાણ રુંધી રહી છે! તેમ કેવા ઘોર પાપમાં પડી રહી છે! પરંતુ વિષય-કષાયની લગની ચીજ એવી છે કે જીવનું પોતાનું સત્યાનાશ કાઢે! એના સિવાય જીવનો બીજો દુશ્મન પણ કોણ છે? માતાની આ મૂઢતામાં નિમિત્ત હું છું. મારા પરના રાગને લીધે આમ એ કરી રહી છે. તો આવા કષાય-વિષયાસક્તિના પોષક સંસારથી મારે સર્યું!'

**માતા વાઘણ બની પતિ પુત્ર પર :—**

બસ, સુકોશલ તરત ઊઠીને પહોંચ્યો નગર બહાર પિતા મુનિને ભેગો થઈ ગયો! પાછળ માતા, પત્ની, મંત્રીઓ આવી ઘણું ઘણું વિનવે છે. છતાં જ્વલંત વિરાગી સુકોશલે તો ચારિત્ર લઈ પિતા મુનિ સાથે સિધાવ્યું! માતા શોક અને દ્વેષમાં મરી જંગલમાં વાઘણ થઈ; તે એકવાર વનમાંથી પસાર થતા આ બે મુનિ પર ત્રાટકી!

વિષય-કષાયરૂપી પ્રમાદ જીવને કેવો હેવાન બનાવે છે! કેવાં અધમ કૃત્ય કરાવી ભયંકર દુર્દશા કરે છે! એને વશ બની રહ્યે ચૂરો થતો જીવનકાળ પરલોક કમાઈમાં ક્યાંથી વપરાય?

## શુદ્ધ ધર્મની સમજુતિ

**બ્રાહ્મણીનો નવો ઉપદેશ :—**

બ્રાહ્મણીએ માનવ-જન્મના ધર્મઅવસરની અતિ-

દુર્લભતા અને ચંચળતા બતાવી અતિ સૂક્ષ્મ પણ પ્રમાદ ગફલત–વિષયમૂઢતા છોડવાનું કહ્યું તો પ્રશ્ન થાય કે એ ટાળી શું કરવું? એના ઉત્તરમાં બ્રાહ્મણી પૂર્વજન્મનાં સ્મરણ–બળે માર્ગ જોઈને કહી રહી છે,–

**પ્રમાદ ટાળી ક્યાં કર્તવ્ય?**

હે પરાક્રમી જીવો! પ્રમાદ ટાળી આપણા આત્માને સમ–શત્રુમિત્ર,–કોઈ આપણો દુશ્મન નથી, કોઈ સગાં–સ્નેહી નથી,–એ ભાવ ઊભો કરીને અપ્રમત્તપણે પાંચ મહાવ્રત સ્વીકારી લેવા જરૂરી છે. તે આ રીતે કે,–

(૧) સર્વ પ્રકારની જીવહિંસાથી વિરામ પામવું નિવૃત્ત થવું;

(૨) અસત્ય બોલવું જ નહિ;

(૩) માલિકે નહિ દીધેલ કાંઈ પણ એક દાંત ખોતરવાની સળી પણ ન લેવી;

(૪) મન–વચન–કાયાની પ્રવૃત્તિથી સદા અખંડિત–અવિરાધિત નવ વાડના પાલન સાથે દુર્ધર વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવું;

(૫) લેશમાત્ર પરિગ્રહ ન રાખવો, એક કાણી કોડીનો પણ પરિગ્રહ નહિ, યાવત્ સંયમોપકરણ વસ્ત્રપાત્રને વિષે પણ તદ્દન નિર્મમત્વ ધરવું;

(૬) અશન–પાન–ખાદિમ–સ્વાદિમ ચારે પ્રકારનાં રાત્રિભોજનનો સદા ત્યાગ કરવો,

(૭) આહારગ્રહણમાં પણ ઉદ્દગમ–ઉત્પાદન–એષણા-દિમા સુવિશુદ્ધ આહાર પાણી લઈ એ સંયોજનાદિ પાંચ દોષ ટાળી પરિમિત ને એ સ્વાધ્યાય કરી વાપરવાં.

(૮) પાંચ સમિતિની વિશુદ્ધિ રાખવી. ત્રણ ગુપ્તિથી ગુપ્ત રહેવું. ઈર્યા સમિતિ આદિની ભાવનાઓ જીવનમાં ઊતારવી.

(૯) અનશનાદિ તપ–શાસ્રસ્વાધ્યાય–ધ્યાનાદિ અને સૂત્રયોગોદ્વહન આચરવાં. માસ આદિ ભિક્ષુપ્રતિમા અને વિચિત્ર દ્રવ્યાદિ અભિગ્રહ ધારણ કરવા. ભૂમિશયન, કેશ-લોચ અને શરીર સંસ્કાર ત્યાગ આચરવા.

(૧૦) સર્વ કાળે ગુરુના આદેશનો અમલ કરવો.

(૧૧) ક્ષુધા–પિપાસા પરીસહ સહવાનો ખૂબ અભ્યાસ રાખવો. દેવતાઈ વગેરે ઉપસર્ગ સહવા. આહારાદિ આવશ્યક સામગ્રી અંગે 'લબ્ધાલબ્ધવૃત્તિક' અર્થાત્ 'મળી તો ઠીક, ન મળી તો ય ઠીક' એવા ભાવથી રહેવું.

વિશેષ શું કહેવું ? હે ભાગ્યવાનો ! આ વહન કરવું અત્યંત મુશ્કેલ પણ વહવું. મહાપુરુષોએ વહન કરેલ એ અઢાર હજાર શીલાંગનો ભાર અવિશ્રાન્તપણે લેશ પણ થાક્યા –કંટાળ્યા વિના વહન કરવો !'

બ્રાહ્મણીએ અત્યાર સુધી તો અનેક આર્ય–દર્શનો બતાવે એવી સગા સ્નેહી–ધનમાલ–વિષયો વગેરેની વૈરાગ્ય તથા ત્યાગની અને ધર્મની જ કર્તવ્યતાની વાત કરી હતી.

પણ હવે શુદ્ધ ધર્મનું સ્વરૂપ શું એ જૈન દર્શનની વાત બતાવે છે. વિદ્વાન ગોવિંદ બ્રાહ્મણ અને બીજાઓ તો આ સાંભળીને ચોંકી ઊઠે છે! કેમકે મિથ્યા મતમાં રહેલા એમને આવા શુદ્ધ ધર્મનાં સ્વરૂપની ગંધ પણ નહોતી. તે આજે પોતાના જ મતમાં રહેલી આ બ્રાહ્મણીના મુખે સાંભળવા મળે છે! બ્રાહ્મણીએ પણ ટૂંકમાં ૧૧ મુદ્દાથી શુદ્ધ ધર્મનો એવો સરસ ખ્યાલ આપ્યો છે કે હવે એના પર કોઈ શંકા ય ન રહે અને એટલો સચોટ ધર્મ લાગે કે એથી વિરુદ્ધ વાતો બનાવટી ધર્મ તરીકે લાગે.

## કર્તવ્ય ૧૧ મુદ્દામાં ૫ + ૨ + ૪ :—

શુદ્ધ ધર્મના મુદ્દા સ્પષ્ટ છે. પાંચ મુદ્દા તો પાંચ ૫ મહાવ્રતોના; એ પછી

૨ રાત્રિભોજન ત્યાગ અને આહાર વિધિના; એ પછી

૪ સમિતિ, તપ, ગુર્વાજ્ઞા અને પરિસહસહનના ચાર મુદ્દા!

એમ કુલ અગિયાર. હવે આના પર જરા વિચાર કરી જુઓ કે આમાં અમાન્ય થાય એવી કઈ ચીજ છે? અને આના વિના કલ્યાણ પણ શી રીતે થાય?

પહેલા અહિંસાવ્રતમાં પૃથ્વીકાય–અપ્કાય–અગ્નિકાય વાયુકાય અને વનસ્પતિકાય જેવા પણ જીવો ઉપર ભારોભાર દયા લાવી એની ય હિંસાથી ત્રિવિધ ત્રિવિધે દૂર

રહેવાનું છે. એમાં અજુગતું શું છે? છતાં કેટલાક ઘેલાઓ પૂછે છે,–

પ્ર૦–બધા જ જો એવા મુનિ થઈ એવી અહિંસા પાળે તો પછી રસોઈ કોણ કરે અને એ બધાને વહોરાવે કોણ?

ઉ૦–એવો જો સોનાનો સૂરજ ઊગે તો તો બધાને અનશન કરવાની તાકાત આવી જવાથી આહારની જરૂર જ નહિ રહે, અને વહેલો મોક્ષ થઈ જશે. મોક્ષ માટે જ દીક્ષા ને?

પ્ર૦–શું બધાની અનશનની તાકાત હોય?

ઉ૦–તો શું બધાય એવો સર્વ–અહિંસાનો મુનિ માર્ગ લઈ શકે ખરા? જો એ અનશન શક્ય નહિ, તો આ સર્વેય સૂક્ષ્મ–અહિંસા પાળે એ પણ શક્ય નથી. બધાના એવા મોહ ઊતારવાનું બને શેનું? અહિંસા સારી લાગતી પણ હોય છતાં ખાનપાન, માલ–મિલ્કત–વૈભવ, કાયા કુટુંબ–કીર્તિ, માન–સન્માન, વગેરેના મોહ ઊતારવા ક્યાં સહેલા છે કે એના મમત્વ મૂકી સર્વત્યાગનો અહિંસક ચારિત્ર માર્ગ લેવાય? ત્યારે કેટલાકને એ મોહ ઊતરી જાય છે, તો પણ પૃથ્વીકાયાદિ જીવોની ઓળખ કરાવનારા વર્સજ્ઞ વચન પર શ્રદ્ધા નથી, જિનશાસન પર શ્રદ્ધા નથી, એટલે સંસાર છોડી તાપસ–સંન્યાસી બનવા છતાં બિચારા સ્થાવરકાય જીવોની અહિંસા પાળતા નથી. 'માટે બધા દીક્ષા

લઈ લેશે તો....' એવી ખોટી સર્વ ચિંતા કરી જાતને બચાવી લેવાનું કાં ચૂકો?

ખરી વાત એ કહો કે હજી એ બધો મોહ ઊતરતો નથી, એ બધું સપનાની સુખલડી જેવું સ્વપ્નની રાજ્ય-સંપત્તિ જેવું લાગતું નથી, એટલે અહિંસા માર્ગ લેવાતો નથી, અથવા એ પૃથ્વીકાયાદિ અસંખ્ય અનંતા જીવો પર દયાભાવ ઊછળી એની હિંસામાં હૈયે કાળો કકળાટ થતો નથી. તેથી સર્વથા અહિંસક ચારિત્ર લેવાનો ઉલ્લાસ થવો તો દૂર રહ્યો, પણ ઉપરથી 'બધા સાધુ થશે તો વહોરાવશે કોણ?' એવાં મજાક મશ્કરીનાં વચન બોલવાનું કરાય છે! પણ એ એના જેવું છે કે કસાઈની નાતમાંથી એક જણ કસાઇનો ધંધો મૂકી દે, બીજો મૂકી દે, તો જેમ ત્રીજો કહે છે કે 'અલ્યા! બધા જ જો આ ધંધો મૂકી દેશો તો માંસાહારીનું શું થશે?' ખરી રીતે આ ચિંતા જ ખોટી છે. માંસાહારીઓ મરી નહિ જાય. એ અન્નાહારી થઈ જશે. ત્યારે વળી પૂછે છે,–

પ્ર૦–પણ પછી અનાજ ખૂટી પડે એનું શું?

ઉ૦–ખૂટે શું કામ? પછી તો અનાજ ઉગાડવા પાછળ વધારે મહેનત થવાની. આજેય અમેરિકા રશિયા જેવા દેશમાં ધૂમ માંસાહાર પાછળ મહેનત છતાં અનાજ એટલું બધું પાકે છે કે એ પરદેશ મોકલે છે. ક્યાં ખૂટ્યું? જ્યાં ખૂટતું દેખાય છે ત્યાં સરકારી આંકડાની ભ્રમજાળ ચાલે છે. બાકી તો કેટલુંય અનાજ નાશ પામી જાય છે. તેમજ

ગણિત મૂકો તો માલુમ પડે કે જેટલી જમીનમાં પોષાયેલ જનાવરના માંસ ઉપર જેટલા લોકોનું નભે છે, એટલી જ જમીનના અનાજ ઉપર એથી સારા વધારે લોકોનું પોષણ થાય એવું છે. હુંડિયામણ વગેરેની ઊભી કરેલી બનાવટી સાઠમારીમાં લોકો અનાજને બદલે બીજું વાવેતર કરે છે, તેથી અનાજ ઓછું પાકતું દેખાય છે, એ પણ હકીકત છે. બાકી સીધા વ્યવહારમાં માંસાહાર છૂટી જવા પર કોઈ ભૂખે મરી જાય એમ નથી. અસ્તુ. પણ આ કસાઈપણું છોડવા સામેની દલીલ જ ખોટી છે. પોતાને પોતાની જાત માટે હિંસા ખટકતી હોય તો સહેજે કસાઈપણું મૂકી દેવાય. એમ અહીં પણ જાણે સ્થાવરકાય અસંખ્ય જીવોની હિંસા ખટકતી હોય, ન ગમતી હોય, તો ઝટ એ છોડી દેવાય. એ જીવો પરની ભારોભાર દયાથી બને. જો આ દયા છે નાહ, તેથી હિંસા ખટકતી નથી, તો 'બધા દીક્ષા લેશે તો વહોરાવશે કોણ?' આ કુતર્ક કરવાનો કોઈ અર્થ નથી.

વાત આ છે કે સર્વ જીવોની હિંસાનો ત્યાગ એ શ્રેષ્ઠ ધર્મ છે એમાં કોઈ જ વાંધો ન ઊઠાવી શકે. એમ જૂઠ–ચોરી–અબ્રહ્મ–પરિગ્રહનો સર્વથા ત્યાગ, કંચન–કામિની સાથે કોઈ જ સંબંધ નહિ, એ આત્માને પહેલાં શુદ્ધ–પવિત્ર કરવા માટે અતિ આવશ્યક મહાન ધર્મ છે. પછી એના પર બીજા જ્ઞાન–ધ્યાનાદિ ધર્મના રંગ ચડી શકે. અસત્ય વગેરે પાપોથી મેલા આત્માની ઉપર તપ–જ્ઞાન–ધ્યાનાદિ ધર્મના એવા રંગ ક્યાંથી ચડી શકે?

એટલું ધ્યાનમાં રાખજો કે આ અહિંસા વગેરે ધર્મ પાળવા માત્રથી આત્મા પવિત્ર બની જાય એવું નહિ, પણ સાથે સાથે 'એ હિંસા-જૂઠ આદિના પાપ મન-વચન-કાયાથી કરૂં નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ.' એવી ત્રિવિધ ત્રિવિધ પાપ-ત્યાગની પ્રતિજ્ઞા કરાય તો જ અશુદ્ધિ જાય. 'ના, પ્રતિજ્ઞા કરવી નથી,' એનો અર્થ તો એ, કે અંતરમાં ઊંડે ઊંડે પાપની અપેક્ષા બેઠી છે. સર્વજ્ઞ-કથિત ધર્મની આ સૂક્ષ્મતા છે કે અંતરના ખૂણામાં ય અજાણ્યે પણ લેશમાત્ર અશુદ્ધિ ન રહેવા દે.

બ્રાહ્મણી આ કહી રહી છે કે 'મહાનુભાવો! આ પાંચ મહાવ્રતના ધર્મમાં આવી જાઓ. સાથે સર્વથા રાત્રિ-ભોજનત્યાગનું વ્રત પણ સ્વીકારી લો. સર્વજ્ઞ ભગવાને રાત્રિભોજનમાં ઘણા દોષ જોયા છે. રાત્રે ઊડતા ફરતા જંતુઓનો નાશ, જીવની દહાડે-રાત્રે ખાવાની નિરંકુશ સંજ્ઞા, રાગવૃદ્ધિ, કામવૃદ્ધિ, વગેરે કેટલાંય પાપો રાત્રિભોજનમાં પોષાય છે! જીવની સાત્ત્વિકને બદલે તામસવૃત્તિ વધે છે. માટે અવિવેકી પશુભાવ છોડી આ વિવેકી મનુષ્યપણું મળવા પર એનો ખાસ ત્યાગ જોઈએ.

આ છ વ્રતની સાથે નિર્વિકાર શુદ્ધ આહાર-સમિતિ, તપ, ગુર્વાજ્ઞા અને પરીસહસહન એ પાંચ સાધનાઓનો મહાધર્મ બતાવ્યો. કોઈને લાગે કે,

પ્ર૦-તત્ત્વ ચિંતન-ધ્યાન-સમાધિની ખેવના કરવી, બાકી બીજી આહારશુદ્ધિ-સમિતિ વગેરેની ખટપટથી શું?

૭૦–પરંતુ એ સમજી રાખવા જેવું છે કે એ સાચાં સચોટ–તત્ત્વચિંતનાદિ એમ જ આવી જવા સહેલાં નથી. એના માટે આંતરિક શરીર–શુદ્ધિ, વિકારશમન, ઇન્દ્રિય-નિગ્રહ, મનની પ્રશાન્તતા, જ્ઞાનની પૂર્ણ પરતંત્રતા, ખડતલપણું, સહિષ્ણુતા વગેરે વગેરે ઘણું ઘણું જરૂરી છે. એ હોય તો જ સ્થિર તન્મય તત્ત્વચિંતન–ધ્યાન સમાધિને અવકાશ રહે. કેમકે એને જ જીવનનો એક માત્ર વ્યવસાય બનાવવો હોય તો આત્માના બીજા ત્રીજા વિકારો, જડની ગુલામી, નિરંકુશ બોલવું–ચાલવું, સુખ–શીલતા, સ્વચ્છંદતા, વગેરે તો દૂર ભાગી જ જવા જોઈએ. નહિતર એ બધા એવી દખલ અને વ્યગ્રતા–વ્યાકુળતા કરે કે એ ઠરીને તત્ત્વચિંતન કરવા જ ન દે. પછી એકાગ્ર શુભ ધ્યાન તો લાગે જ શેનું? જીવનનો અનુભવ જુઓને, કે એ વિકાર, એ નિર્બળતા, ને એ કાયાદિની ગુલામી હોય તો તત્ત્વ–ચિંતનમાંથી મન કેવું ખસી જઈ બહાર દોડાદોડ કરે છે!

માટે જ આ અત્યંત જરૂરી છે કે ૪૨ દોષ રહિત શુદ્ધ આહાર જ લેવો. તે પણ અંત–પ્રાંત, લુખ્ખો સુખ્ખો રસ વિનાનો જ લેવો, અને તે ય રાગ–દ્વેષાદિ દોષ ટાળીને જ વાપરવો. એમાં ય દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવના અભિગ્રહ રાખવા.

વળી ચાલવામાં ઈર્યાસમિતિ, બોલવામાં ભાષાસમિતિ, આહાર–વસ્ત્ર–પાત્ર–વસતિ માટે એષણાસમિતિ, વસ્તુ લેવા–મૂકવામાં આદાન–નિક્ષેપણાસમિતિ, મળ–મૂત્રાદિ ત્યાગમાં

પારિષ્ઠાપનિકાસમિતિ સાચવવી. સમિતિ એટલે જીવ-હિંસાદિ દોષ ન લાગવાની પાકી સાવધાની.

તપમાં બાહ્ય અભ્યન્તર ૧૨ પ્રકારનો તપ સેવવો. અનશન–ઊનોદરિકા–દ્રવ્યસંક્ષેપ–રસત્યાગ–કાયકષ્ટ અને સંલીનતા એ ૬ બાહ્ય, તથા પ્રાયશ્ચિત-વિનય–વૈયાવચ્ચ, શાસ્ત્રસ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ એ ૬ આભ્યન્તર.

એવી રીતે સદા ગુર્વાજ્ઞા શિરસાવંદ્ય કરવી; જેથી ક્યાંય સ્વછંદતા–ઉચ્છૃંખલતા પોષાય નહિ.

એમ ક્ષુધા–પિપાસા, ઠંડી–ગરમી, ડાંસ–મચ્છર આક્રોશ–સત્કાર વગેરે પરીસહો સહર્ષ સહેવા.

સાધુ જીવનના કર્તવ્યનો સાર આ ૧૧ મુદ્દામાં બતાવી દીધો. આમાં સમિતિગુપ્તિ, ગુર્વાજ્ઞાપાલન અને પરીસહ-સહન પર ખાસ ધ્યાન દેવા જેવું છે, ગુરુને બરાબર બંધાયેલાં હોઈએ તો મહાવ્રત–પાલન સુંદર થઇ શકે. એમાં વળી સમિતિગુપ્તિનું પાલન આત્માને સજાગ બનાવી દે છે. નીચે જોયા વિના ચાલવાનું નહિ, સાવદ્ય ભાષા બોલવાની નહિ, ગોચરીમાં દોષ ન લાગવા દેવો. વસ્તુ લેવા–મૂકવામાં પૂંજવું–પ્રમાર્જવું, મળમૂત્રાદિ વિસર્જનમાં જીવજંતુ ન મરે, લોક અધર્મ ન પામે, વગેરે ખ્યાલ રાખવાનો. (૧) કાયગુપ્તિમાં કાયા અને ઇન્દ્રિયોની લેશ પણ પાપ વિનાની સમ્યક્ પ્રવૃત્તિ, (૨) વચન ગુપ્તિમાં પ્રિય–પથ્ય–સત્ય એવું પ્રશસ્ત જ ઉચ્ચારણ, અને (૩) મનોગુપ્તિમાં આડાઅવળા ફજુલ કે પાપરૂપ કાંઈ જ વિચારો નહિ, કાષાયિક ચિંતા –ભાવના નહિ, શુભ જ અને સંયમ તથા યોગોને અનુકૂળ

વિચાર, ચિંતન, ભાવના સેવવાના. આની સાથે ગુરુને પાકા બંધાયેલા રહેવાનું હોય, તથા બારે પ્રકારના તપમાં ઉદ્યમ જો શક્તિ બધી લગાવીને થતો હોય, તો જીવની ઉન્નતિમાં શી વાર લાગે ? અહંત્વ, પ્રમાદ, ઈન્દ્રિયોની ગુલામી, વગેરે તો બિચારા ક્યાંય ભાગી જાય.

આ બધાની સાથે પરીસહ સહર્ષ સેવવાના, એથી અનાદિની સુખશીલ વૃત્તિ, દેહાધ્યાસ-શરીરમમત્વ; સુંવાળા-પણું, વગેરે પર જબરદસ્ત કાપ પડે છે, આત્મા ખડતલ બને છે. કર્મના વિચિત્ર ઉદય આવા જીવને વિકૃત યાને ઊંચો નીચો નથી કરતા. સાધનામાં ચિત્ત બરાબર લાગે છે, આત્મ-પરમાત્માનો વિચાર ભૂલાતો નથી. પણ આ બધું સહન કરવાની સ્વતઃ ઈચ્છા હોય તો જ બની શકે. જગત-માં જુઓ કે થોડું પણ સહી લેવાનું માણસને કેવો આગળ લાવે છે! અને જશ અપાવે છે!

## વાચાળતાના રોગનું ઔષધ

**બેન બોલકણીનું દૃષ્ટાન્ત :—**

એક નગરમાં એક શેઠના બે સંતાન-એક પુત્ર ને એક પુત્રી. એમાં દીકરીને બીજે ગામ પરણાવેલી. બાપને ઘેર જરા લાડમાં ઊછરેલી, તેથી અભિમાન અને વાતવાતમાં તોછડાઈ-તિરસ્કારના બોલ બોલવાની બહુ આદત! સાસરૂં સુશીલ શિષ્ટ માણસોનું, તે એ તો બધા આના હલકટ

બોલ કરવા પર કંટાળી ગયા. તેના ભાઈને કહેવરાવ્યું કે આ કારણે તમે બેનને અહીંથી લઈ જાઓ.'

ભાઈના દિલને પહેલેથી ડગમગ તો હતું જ કે 'આ સાસરિયે કેમ નભાવશે? હવે જો એને ઘેર લઈ આવું તો પછી પેલા લોકો જિંદગી સુધી આ બલાને પાછી બોલાવે જ શાના? અને પેલા ખાનદાન, સુખી અને આબરૂવાળા એટલે એમને કન્યા તો બીજી મળી રહે. એટલે બેનને તો જીવતા ધણીએ વિધવા જેવું અને પાછું કલંકિત જીવન! માટે લાવવી તો નહિ.'

ભાઈ એક ઉપાય ગોઠવીને ગયો બેનને ત્યાં, ખાનગીમાં બેનને બેસાડી કહે છે, 'જો હવે મારે બહુ જીવવાનું નથી. છ મહિના ભયંકર આફતના છે, એમાં બચવાનું મુશ્કેલ છે. મહાત્માની આ ચેતવણી છે.'

બેનને ભાઈપર પ્રેમ બહુ તે ગભરાઈ ગઈ, રોવા જેવી થઈ ગઈ, કહે છે, 'કોઈ ઉપાય નથી?'

'ઉપાય છે, પણ અશકય જેવો.'

'શો ઉપાય છે?'

'ઉપાયમાં મહાત્માએ આ ગોળી મંત્રી આપી છે. કોઈ નિકટનું સગું આ નાની પત્થર ગોળી જાગતું હોય ત્યાં સુધી, મોંમાં રાખી મૂકે તો ગ્રહની આફત ટળે. પણ એ કોણ રાખે? તારી ભાભીને તો તું જાણે છે ને?'

બેન કહે 'એમાં શું? હું મોંમાં રાખી મૂકીશ.'

'પણ તારેય બોલવા તો જોઈએ ને?'

'ના રે ના, છ મહિના નહિ બોલું. મારો વહાલો ભાઈ મોતથી બચી જતો હોય તો એમાં શું છે? લાવ એ.'

ભાઈએ નાની પત્થરની ગોળી ખીસામાંથી કાઢીને આપી કહ્યું, 'જો જે હોં બહુ જોખમ છે. પણ મારો બચાવ થઈ જશે.'

બેને ગોળી મોંમાં મૂકી દીધી. હવે જેમ તેમ બોલવાનું બંધ! ભાઈ ચાર દહાડા સાસરિયાને સમજાવીને રહ્યો કે 'મેં એને સમજાવી દીધી છે.' પેલાઓએ પણ બાઈનો મૌન જેવો વ્યવહાર જોયો, ભરોસો બેઠો. ભાઈ ગયો પછી તો બોલવું હોય તો બહુ થોડું અને ધીરેથી બોલે, રખેને ગોળી બહાર નીકળી પડે તો? એમાં છોકરા, નોકર, કાંઈ કામ બગાડે-કરે, તોય ઉકળવાની વાત નહિ! બાઈનો હવે બીજા કરતાંય જશ વધી ગયો છે! છ માસ પછી તો ભાઈએ ગોળી લઈ લીધી, અને બેનને શાંત સહિષ્ણુ સ્વભાવ પડી ગયો. કહો જો, આટલું સહન કરવામાં કેવી ઉન્નતિ થઈ! તો પછી અનેક વાતે પરીસહ સહવાના કેટલા લાભ?

**બ્રાહ્મણીનો આગળ ઉપદેશ : મહાવ્રતપાલન કેવું દુષ્કર?:—**

ગોવિંદ બ્રાહ્મણની પત્ની કહી રહી છે, 'આ મહાવ્રતાદિ અઢાર હજાર શીલાંગપાલનનો ભાર વહેવો એ એવો

અતિ મુશ્કેલ છે કે જાણે સમુદ્રને હાથેથી તરવો ! અતિ તીક્ષ્ણ દારુણ તલવારની ધાર પર અટક્યા વિના ચાલ્યા જવું ! સારી રીતે ભડભડ સળગતી અગ્નિની જ્વાળાઓ પી જવી ! સૂક્ષ્મ પવનથી કોથળો ભરવો ! મોટી ગંગા-નદીના ઘોડા પૂરમાં સામા પ્રવાહે જવું ! હજારોના તોલ-માપથી મોટા મેરુને તોળવો ! અત્યંત દુર્જય વિશાળ ચતુરંગ સેનાને એકલે હાથે ધીરતાથી જીતી લેવી ! પરસ્પર વિપરીત દિશામાં ફરતા આઠ ચક્રોની વચમાંથી રાધાપુતળીની ડાબી આંખ વીંધવી ! જાણે સમસ્ત ત્રિભુવન પર વિજય મેળવી નિર્મળ યશકીર્તિ જય–પતાકા પ્રાપ્ત કરવી ! માટે હે ભવ્ય લોકો ! આ મહાવ્રતાદિ ધર્મના સેવનથી વધીને બીજું કશું અત્યંત દુષ્કર નથી. બીજા ભાર તો વહન કરાય છે, કેમકે તે વહવાનું તો વિશ્રામ કરીને થઈ શકે છે. પણ અતિ ભારે શીલ–મહાવ્રતનો ભાર તો જીવનભર વગર–વીસામે વહન કરવાનો હોય છે.'

**મહાવ્રતોનો ભારે ભાર :—**

બ્રાહ્મણીની નજર સામે પાપના ઘેરાવાવાળા આ વિશ્વમાં જીવની કેટકેટલી કંગાળ દશા છે એનો તાદૃશ ચિતાર ખડો છે. એમાંથી બચી શુદ્ધ પવિત્ર ધર્મમય જીવનમાં આવવું, એ કેટલું કઠિન છે ! એને એ સારી રીતે સમજે છે. જેમ દુનિયામાં મોટા સાહસિક કામ કરવા માટે કેટકેટલા ભાર ઉઠાવવા પડે છે, એમ અહીં તો નિષ્પાપ ધર્મમય જીવન બનાવવું છે, તો એ સારુ એથી ય વિશેષ ભાર ઊચકવાની જરૂર છે.'

કોઈ માની લે કે 'એમાં શું? મહાવ્રત પાલન અને આહારશુદ્ધિ–સમિતિ–તપ–ગુર્વાજ્ઞા વગેરે બરાબર આરાધવાનું કાર્ય અતિ દુષ્કર છે; કેમકે એમાં અનાદિના પાપરસિક, પાપમાં ટેવાયેલા, અને ઉચ્છૃંખલ મનને અત્યંત કાબુમાં લેવું પડે છે. ગમે તેવા કષ્ટ–તકલીફ વિઘ્ન આવે એની લેશ પણ દરકાર કરવાની નહિ; અને આરાધનાના માર્ગે એકસરખા ઝડપી પ્રયાણને ચાલુ જ રાખવાનું, અસ્ખલિત ગતિએ આગળ ધપ્યે જ જવાનું. આમાં પાંચેય મહાવ્રત, ક્ષમા–નમ્રતાદિ ચાર ગુણો સંયમ–તપ વગેરે, ને પૃથ્વીકાયાદિ સમસ્ત જીવોની રક્ષા સાચવીને, તેમજ અજીવના પણ સગવડભર્યા પરિકર્મ યાને સંસ્કરણ-ઘાટ–ગોઠવણ ટાળીને, આહારાદિ યોગ પર નિગ્રહ મૂકીને, ઈત્યાદિ પ્રકારે પાળવાના. એ અઢાર હજાર શીલાંગનું પાલન મહા દુષ્કર છે. જાણે ભુજાના બળે જ સમુદ્ર તરી જવાનો! પવનને કોથળામાં તોલવાનો! નદીની વેળુના કોળિયા ચાવવાના!...વગેરે!

સાધના આટલી દુષ્કર છે માટે જ એના સારૂ મહાસત્ત્વ વિકસાવવાનું! મહાન બળ–શક્તિ––વીર્ય ખરચવાનું! મનની બધી ય સુંવાળાશ–સુખશીલતા–સગવડપ્રિયતા કોરાણે મૂકવાની, કાયાને સારી રીતે ગદરવાનો સંકલ્પ રાખવાનો. વિચારમાં પણ લેશમાત્ર સ્ખલનાનો વિકલ્પ જ નહિ ઊઠવા દેવાનો.

જુઓ મહાવીર પ્રભુએ કેટલી કેવી પ્રચંડ સાધના

કરી! સનત્કુમાર ચક્રવર્તીએ ભયંકર રોગોથી ગ્રસ્ત શરીરે કેવી કઠોર તપ-સંયમની સાધના કરી! સીતાજીએ ચારિત્ર લઈ કેવું કઠોર આરાધ્યું! ત્યારે શું એ વિના જ સુંવાળા રહીને ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી હશે? ધન્ના અણગારે અને ધન્ય-શાલિભદ્ર મહામુનિઓએ કેટકેટલી પ્રખર સાધના કરી! દૃઢ નિર્ધારવાળું મન બનાવ્યા વિના એ શક્ય નથી.

**અનુસંધાન :—**

વિશ્વહિતકારી વિશ્વવંદ્ય પ્રભુ મહાવીર પરમાત્માએ રુક્મી રાજાનું દીક્ષા બાદ અંતે શલ્ય રાખવાથી પતન અને એનાં દુઃખદ પરિણામનો અધિકાર બતાવ્યો; તે પછી ઉત્થાનનો અધિકાર બતાવતાં મનુષ્યભવે મુનિપણામાં એક વચનદોષના પ્રતીકારરૂપે જીવનભર મૌન અને પૃથ્વી-પાણી-અગ્નિ જીવની કડક રક્ષા-સંયમ તથા કડક બ્રહ્મચર્યનું પાલન બતાવ્યું; પરિણામે ચક્રવર્તીભવે ભવ્ય ચારિત્ર-સાધના અને ગચ્છપાલન બતાવીને હવે છેલ્લો બ્રાહ્મણીનો ભવ વર્ણવી રહ્યા છે. ગોવિંદ બ્રાહ્મણની એ પત્ની બ્રાહ્મણી દીકરાના અતિ અનુચિત વર્તાવ પર મૂર્ચ્છા અને જાતિસ્મરણ પામી જાય છે. ભાન આવતાં પતિ વગેરે બધા ત્યાં એકત્રિત થઈ ગયેલાના પૂછવા પર કહી રહી છે કે સ્વાર્થમાં જ લુબ્ધ સગાં સ્નેહી-પરિવારના ભરોસે રહો નહિ, અને એકમાત્ર ધર્મની સાધના કરી લો. એ ધર્મ પણ સામાન્ય નહિ, કિન્તુ મહાવ્રતાદિ ચારિત્ર-ધર્મ કે જે પાળવો અતિ દુષ્કર છે, જાણે ભુજાબળે જ મહાસમુદ્રને તરી જવો વગેરે. એનું

જ પાલન જીવને સ્વજનમોહાદિથી નીપજતા દુઃખમય અનંત સંસારભ્રમણના અંત લાવી....અનંત સુખમય મોક્ષમાં શાશ્વત વાસ કરી આપે છે.

## બ્રાહ્મણીનો અંતિમ ઉપદેશ

હવે જગદ્ગુરુ ફરમાવે છે કે 'હે ગૌતમ !' તે બ્રાહ્મણી લોકોને કહી રહી છે કે,–

**ता उज्झिउण पेम्मं घरसार–पुत्त–दविणमाईणं ।**
**णीसंगा अविसाई पयरह सव्वुत्तमं धम्मं ॥ १ ॥**
**नो धम्मस्स भडक्काउक्कंचणवंचणाय ववहारो ।**
**णिद्दम्भो तो धम्मो मायादिसल्लरहिओ उ ॥ २ ॥**

અર્થાત્ (૧) ઘર–માલ–પુત્ર–દ્રવ્ય આદિનો પ્રેમ છોડીને નિઃસંગ બની (૨) કંટાળ્યા વિના સર્વોત્તમ ધર્મની સાધના કરો. (૩) ધર્મમાં જડની માયા–મૂઢતા વંચનાથી વ્યવહાર હોય નહિ. માટે ધર્મ તો માયાદિ શલ્યથી રહિત નિષ્કપટ જ હોય.'

બ્રાહ્મણીનું એમ કહેવું છે કે જ્યારે સગાં–સ્નેહી–પરિવાર અને ધન–માલ–ઘરબાર બધું જ ચંચળ વિજળીના ઝબુકા જેવું છે, જીવને ભુલાવામાં પાડી દઈ એમાં જ રચ્યા પચ્યા રાખી તરણતારણ ધર્મથી વંચિત રાખનારૂં છે, તો પછી પરલોકના દીર્ઘકાળના હિતનો અર્થી કોઈપણ માણસ એ ચંચળ સ્વજન–સંપત્તિ પર રાગ કરીને એમાં રચ્યો

પચ્ચો રહે નહિ. એ તો દિલના રાગબંધનો છોડી નાખી શુદ્ધ ધર્મમાં જ લાગી જાય. અનંતા આત્માઓએ આ સ્વજનાદિની અસારતા દેખીને એ છોડી સારભૂત ધર્મનું જ જીવન બનાવી સ્વાત્માની કચરામણ અટકાવી છે. જાગ્યા ત્યારથી સવાર! કોઇએ બાળવયમાં. કોઈ મધ્યમ, તો કોઇએ વૃદ્ધ ઉંમરે, કોઇએ પરણ્યા પહેલાં તો કોઇએ પરણીને તરત, કોઇએ યુદ્ધમાં હારી જઈને તો કોઈએ વિજય મેળવીને; કોઈએ રોગ આવતા પહેલાં તો બીજાએ વળી રોગી બન્યા પછી, એમ ભિન્ન ભિન્ન સ્થિતિમાં જાગ્યા ત્યારથી સવાર ગણી નિજના અવિનાશી મોક્ષના પંથે પ્રયાણ આદર્યાં છે. માટે આપણે પણ જો જાગ્યા છીએ તો ગમે તે સંયોગ–પરિસ્થિતિને ધર્મમાં અનુકૂળ માની સ્વાત્મહિતના પ્રયાણ આદરી દેવાં જોઈએ.

એટલું છે કે ધર્મની સાધના લેશ પણ કંટાળો લાવ્યા વિના સહેજ પણ શલ્ય રાખ્યા સિવાય થવી જોઇએ. કંટાળો શા માટે લાવવો? એ તો ફળ કેવળજ્ઞાન ન આવે ત્યાં સુધી જંપીને બેસવાનું નહિ. અખંડ ઉત્સાહ સાથે ચાલ્યા જવાનું. એમ પવિત્ર ધર્મ આરાધવો છે તો તે પાપશલ્યના કચરા કાયમ રહી અપવિત્ર રહેલા હૃદયે શી રીતે આરાધાય? કોઈ માયા, કોઈ નિદાન–આશંસા કે કોઈ મિથ્યામતિની પકડ ઊભી હોય ત્યાં હૈયું સ્વચ્છ નથી, અને ધર્મ તો સ્વચ્છ હૃદયની વસ્તુ છે, માટે એ શલ્યના ઉદ્ધાર કરી દેવા જોઈએ.

ધ્યાનમાં રહે કે આ તો મહાદુર્લભ યોગ વર્તમાન કાળમાં જ શક્ય છે. દુર્લભ યોગ ગુમાવ્યે પછી એ યોગ પ્રાપ્ત થવો ક્યાં સહેલો છે? કેમકે

भूएसु जंगमत्तं तेसु वि पंचेंदियत्तमुक्कोसा ।
तेसु वि अ माणुयत्तं मणुयत्ते आरिओ देसो ॥ ३ ॥
देसे कुलं पहाणं कुले पहाणे य जाइमुक्कोसा ।
तीए रूवसमिद्धी रूवे य बलं पहाणयरं ॥ ४ ॥
होइ बले चिय जीयं जीए य पहाणयं तु विन्नाणं ।
विन्नाणे सम्मत्तं सम्मत्ते सीलसंपत्ती ॥ ५ ॥
सीले खाइयभावो खाइयभावे य केवलं नाणं ।
केवलिए पडिपुन्ने पत्ते अयरामरो मोक्खो ॥ ६ ॥

બ્રાહ્મણી કહે છે,–

**આર્યદેશની પ્રાપ્તિ દુર્લભ :—**

અર્થાત્—જગતના જીવ તરીકે પૃથ્વીકાયાદિ સ્થાવર-પણું ભોગવતાં ત્રસપણું પામવું મુશ્કેલ છે. એમાં ય પાછું પંચેન્દ્રિયમાંય મનુષ્યપણું પામવું તો વળી કેટલું ય દુષ્કર છે! કેમકે જગતની અન્યાન્ય જીવરાશિ વચ્ચે મનુષ્યની અત્યંત અલ્પ સંખ્યા એ સૂચવી રહી છે. અરે! કદાચ એ ય સુલભ બની ગયું, તો ય એમાં આર્ય દેશમાં જન્મ પામવો વળી એથી ય વિશેષ મુશ્કેલ છે. જગતમાં અનાર્ય દેશના મોટા પથારા આગળ આર્ય દેશ તો થોડા જ છે. એમાં જન્મ મળવો કેટલો કઠિન!

## કુળ-જ્ઞાતિ-બળ દુર્લભ :—

આર્ય દેશમાં ય હલકા કુળવાળા ઘણા; તે છોડી સારૂં કુળ પામવું, કુળમાં ય સારી જ્ઞાતિ મળવી, એમાં ય રૂપ-સમૃદ્ધિ અર્થાત્ પાંચે ઇન્દ્રિય પરિપૂર્ણ મળવી, અને એમાં ય આરોગ્યબળ-સંઘયણબળ મળવું એ ઉત્તરોત્તર કઠિન-કઠિન છે.

## તત્ત્વશ્રદ્ધા અતિ દુર્લભ :—

અરે ! એ બળ પણ મળ્યું તો દીર્ઘ આયુષ્ય અને સારા આચાર મળવા ક્યાં સહેલા છે ? અને એ પણ કદાચ મળે તો ય તે ગતાનુગતિક ચાલે છે. ત્યારે તત્ત્વબોધ મળવો અને એમાં ય તત્ત્વશ્રદ્ધા જામવી એ તો વળી કેટલું ય દુષ્કર છે. જગતમાં દેખાય છે કે ધર્મ તત્ત્વની જાણકારી હોવા છતાં ય દિલની રુચિ ઘર-દુકાન-પૈસા પરિવાર-પ્રતિષ્ઠા તરફ જે ઝૂકે છે તે ધર્મ તત્ત્વ તરફ નહિ ! પછી ભલેને મંદિર-ઉપાશ્રયે જવાનો, સુપાત્રદાન દેવાનો, પોતાના ઈષ્ટ દેવ-ગુરુ તરીકે અરિહંતદેવ અને નિર્ગ્રંથ મુનિઓને માનવા વગેરેનો આચાર મળતો ય હોય, અને એમના સત્સંગે ધર્મબોધ પણ મળ્યો હોય ! આચાર અને બોધ ઊભા રહેશે બાજુએ, અને હૈયાની રુચિ સંસાર-સુખસગવડ તરફ ખેંચાઈ રહેશે ! માટે જ તત્ત્વરુચિ થવી ઘણી દોહિલી ! ખેર ! કદાચ તત્ત્વરુચિ પણ થઈ, તો ય હવે વિષયસંગ છોડી શીલ-સંયમ ચારિત્ર મહાવ્રતો પામવા ઘણા ઘણા મુશ્કેલ છે. કેમકે શ્રદ્ધા થઈ છતાં જીવની રાગદશા અને

નિઃસત્ત્વતા ટળવા સહેલા નથી; ને એ ટળ્યા વિના શીલ-સંયમ-ચારિત્ર મળે નહિ.

## ચારિત્ર ઉપરની કક્ષાઓ મહા દુર્લભ :—

એ ઊંચી ચારિત્ર સંપત્તિ પામવા છતાં એનું નિરતિચાર પાલન થઈ મોહનીય કર્મનો સર્વનાશ થવા પૂર્વક ક્ષાયિક ભાવ, વીતરાગ દશા, કેવળજ્ઞાન અને અજરામર મોક્ષ પામવો તો અતિ અતિ મુશ્કેલ છે. ચારિત્ર મળી જવા છતાં ય જીવની સુખશીલતા અને અહંત્વ જીવંત જાગ્રત રહે છે. જે એને અતિચાર સેવન અને ગુરુ પ્રત્યે નિરપેક્ષભાવ તથા આપમતિની પ્રવૃત્તિમાં ડૂબાડૂબ રાખે છે. ત્યાં પછી સર્વેસર્વા ગુરુને સમર્પણ અને સિંહની જેમ તદ્દન નિર્મળ કઠોર ચારિત્ર-પરાક્રમમાં આગળ વધ્યે જ જવાનું. વધ્યે જ જવાનું ક્યાંથી થાય? તે નહિ તો ચારિત્રાવરણનો ક્ષાયિક ભાવ અર્થાત્ મોહનીયક્ષયપૂર્વકની વીતરાગ દશા ક્યાંથી પ્રગટે? એ વિના કેવળજ્ઞાન તો આવે જ શેનું?

બ્રાહ્મણી એ બતાવી રહી છે કે ત્રસપણાથી માંડીને ઉત્તરોત્તર ઠેઠ ક્ષાયિક ભાવ સુધીના યોગ કેટકેટલા દુર્લભ છે! કેટકેટલા મુશ્કેલ છે! એમાં જો ઠેઠ ધર્મતત્ત્વની સમજ અને શ્રદ્ધા સુધીના યોગ સુધી આવી જવાયું છે, તો હવે પશુ-સુલભ વિષયસંગ છોડી ચારિત્ર-જીવન અપનાવી લેવામાં વિલંબ શા સારૂ કરાય?

બ્રાહ્મણી ઘરબાર-પુત્રપરિવાર-પૈસાદિનું મમત્વ છોડી

નિઃશલ્ય પાપરહિત ધર્મનું સેવન કરવાનું બતાવી ઠેઠ સ્થાવરપણાથી ચડતાં ચડતાં મોક્ષ સુધીની પ્રાપ્તિ ઉત્કૃષ્ટ તરીકે બતાવી આવી. હવે એ કહે છે કે આવા મોક્ષનું સેવન શા માટે? તો કે,

**न य संसारंमि सुहं जाइ–जरा–मरणदुक्खगहियस्स ।**
**जीवस्स अत्थि जम्हा तम्हा मोक्खो उवाएओ ॥ ७ ॥**

**आहिंडिऊण सुइरं अणंतहुत्ते हु जोणिलक्खेसुं ।**
**तस्साहणसामग्गी पत्ता भो भो बहु इण्हिं ॥ ८ ॥**

**तो एत्थ जं ण पत्तं, तदत्थ भो उज्जमं कुणह तुरियं ।**
**विबुहजणणिंदियमिणं उज्झह संसार–अणुबंधं ॥ ९ ॥**

### સંસારના દુઃખ :—

અર્થાત્–સંસારમાં વારંવાર જન્મ–જરા–મૃત્યુના મોટા દુઃખદ ચકાવાની પકડમાં પકડાયેલા જીવને કાંઈ જ સુખ નથી; કેમકે જનમવા ઉપર જ અનેક પ્રકારના રોગ–શોક–ઈષ્ટવિયોગ–અનિષ્ટસંયોગ વગેરે દુઃખોના પોટલાં ઊભા થાય છે. માટે જ જન્મ–મરણરહિત મોક્ષ જ આદરણીય છે. વળી

### અતિ દુર્લભ મોક્ષ સામગ્રી અહીં જ :—

ભૂલવાનું નથી કે જન્મ–મરણભરી ચોરાસી લાખ યોનિઓમાં અનંતી વાર દીર્ઘ કાળથી ભટકવા છતાં એમાં મોક્ષની સાધન–સામગ્રી જ પ્રાપ્ત થઈ નહોતી, તે હવે અહીં, હે મહાનુભાવો! બહુ પ્રાપ્ત થઈ છે. વિષયસામગ્રી

તો ઘણી ય મળ્યા કરી હતી. નહોતી મળી મોક્ષ–સાધનની સામગ્રી. તે અત્રે મળી ગઈ છે. માટે પૂર્વ અનંતા કાળમાં ય નહિ મળેલ જે અહીં મળી તેના પર જલદી ઉદ્યમ કરો. અને ડાહ્યા પુરુષોએ વખોડેલ આ સંસાર–પરંપરા છોડો. સંસારની પરંપરા ચલાવનારા પાપાનુબંધોને તોડો.

**વિષય સુખના યત્ન નકામા :—**

બ્રાહ્મણીએ સાર બતાવી દીધો કે જન્મજરા–મૃત્યુથી વ્યાપ્ત દુઃખમય અનાદિ સંસારમાં મળેલી મોક્ષ સાધન-સામગ્રી મળવા પર મોક્ષાર્થ જ ઉદ્યમ ઝટપટ કરી લો.' વિષય–સુખ માટેના પ્રયત્ન બધા ય નકામા. કેમકે મોટા સારા વિષય મળે છતાં એ મૃત્યુના એક ઝપાટે છીનવાઈ જવાના છે, અને એના પર પાછી જનમ–મરણની જંજાળ જ ચાલવાની છે. તો એમાં સુખ શું ? માટે ખરી રીતે એ જંજાળ ચાલુ રાખનાર વિષયસંગ આદરવા જેવા નહિ. પણ જનમ–મરણની ઉપાધિનો અંત લાવનાર મોક્ષ જ એક આદરવા યોગ્ય છે.

વાત પણ સાચી છે કે જો બહુ વહાલા કરેલા સ્વજન-સમૃદ્ધિ અને વિષયોથી મૃત્યુકાળે તરછોડાઈ જ જવાનું છે તો એની પાછળ શું મરી ખૂટવું ? બહુ હોંશથી સેવા આપતા બળદને અપંગ–અશક્ત થતાં જો માલિક તરછોડી દઈ કસાઈને વેચતો હોય, તો એ વખતે બળદને કેટલું કારમું દુઃખ થાય ? એમ બહુ હોંશથી સેવેલા સ્વજન સમૃદ્ધિ જીવને મૃત્યુકાળે જો છોડી દેતા હોય તો કેટલું

ભયંકર દુઃખ ? માણસને મૃત્યુની પીડાનું તો જાલિમ દુઃખ છે જ, પણ એથી ય વિશેષ દુઃખ તો આ બધાને છોડી જવું પડે છે એનું થાય છે !

મૃત્યુની અશાતા-વેદનીય પીડે એના કરતાં જડ-ચેતન વિષયોનો રાગ વધારે પીડે છે. એ જ મૃત્યુનો ભય લગાડે છે, નરકના જીવને કોઈ અનુકૂળ રાગપાત્ર જડ-ચેતનનો યોગ નથી, તો એ મૃત્યુને તો ઝંખે છે. આ સૂચવે છે કે રાગ-મમત્વની મોટી મોંકાણ છે.

**રાગ ઓછાના લાભ :—**

જેટલા પ્રમાણમાં રાગ ઓછા રાખો, એટલા પ્રમાણમાં.

(૧) દુઃખ ઓછું થવાનું.

(૨) પાપ ઓછા થવાનાં.

(૩) જન્મ પરંપરાનાં બીજ ઓછા પડવાનાં.

(૪) નવો જન્મ વૈરાગ્યવાળો મળવાનો.

(૫) એમાંય રાગ રોકાયો એટલે વળી ઊંચે ચડવાના.

અનાદિ કાળથી અખંડ ધારાએ ચાલી આવતા સંસાર અને જન્મ-મરણની ઘટમાળનો આમ અંત લાવી શકાય છે.

**પુરુષાર્થની વિટંબણા વિષયોમાં :—**

વાત આટલી છે કે આ રાગ-મમત્વ ઓછા કરવા માટે સત્ય મોક્ષમાર્ગ બતાવનારા જિનશાસને ફરમાવેલ આચાર-જ્ઞાન-ક્રિયા-સમ્યક્ત્વ અને વ્રતનિયમાદિ સમ્યક્

શીલસંપત્તિ જરૂરી છે. એને સાધવાની સામગ્રીરૂપે માનવ-ભવ, ઇન્દ્રિયપટુતા, આયુષ્ય, બળ, વગેરે મળ્યું છે. એટલે બ્રાહ્મણી કહે છે તેમ આ સામગ્રીના ઉપયોગમાં જ ઝટપટ કામે લાગી જવા જેવું છે. સંસારની સાધનાના વિષયોમાં ને સ્વજન-સમૃદ્ધિમાં શું મુંઝાવું ? એમાં પુરુષાર્થને શો વિડંબવો ? એ તો બહુ વાર મળ્યા, ને બહુ વાર એમાં મુંડાવ્યું; મોક્ષની સાધન-સામગ્રી જે નહોતી મળી તે મળી છે તો પુરુષાર્થને જશ અપાવવો જોઈએ.

બ્રાહ્મણી આગળ વધતાં કહે છે.

–હે ભાગ્યવાનો ! ધર્મશ્રવણ તો અનેક લાખો ક્રોડો ભવમાં પણ પ્રાપ્ત કરવું કઠિન છે. તે જો અહીં મળી ગયું તો હવે એ સાંભળેલા ધર્મને જો બરાબર આચરણમાં નહિ ઉતારો તો ફરીથી પણ એ ધર્મ દુર્લભ થઈ જશે. એનું કારણ આ છે કે—

**ફરીથી પણ ધર્મ પ્રાપ્ત થાય એ માટે પુણ્ય અને સુસંસ્કારનાં નાણાં જોઈએ છે. એ અહીં પ્રાપ્ત ધર્મનાં સેવનથી જ ઊભાં થાય.**

પરંતુ જે વર્તમાન કાળે મળેલ ધર્મને સેવતો નથી અને 'ભવિષ્યમાં ધર્મ મળો' એમ પ્રાર્થના કરે છે એ કયા મૂલ્ય ઉપર ભવિષ્ય કાળે એ ધર્મ મેળવવાનો અધિકાર રાખે ?

**શાહુકાર કે મફત પડાઉ:—**

એક નગરમાં વેપાર અર્થે બે શાહુકાર આવ્યા. ક્યાં વેપાર કરવો એની તપાસ કરે છે, પણ હજી કોઈ એવા વેપારમાં દિલ બેસતું નથી. એવામાં ત્યાં એક મોટી મિલ હતી એના કેટલાક મજૂરો કામદારને લઈને આ શાહુકાર પાસે આવ્યા. બંનેને જુદા જુદા મળવાનું બને છે.

એમાં પહેલાં એકની પાસે કામદાર એવી માગણી મૂકે છે કે 'આ મજુરોને થોડાં નાણાં ધીરો. વ્યાજ સાથે પાછા અપાવવાની જવાબદારી મારા માથે.' શાહુકાર ના પાડે છે, કેમકે એને બીજા વેપારમાં ઝટપટ પૈસા રોકવાની ગણતરી છે.

પેલા અહીંથી ઊઠી ગયા બીજા શાહુકાર પાસે. એણે જોયું કે હમણાં તો વ્યાજની આવક ચાલુ કરી દેવા દે. એટલે એ તો ધીરવા તૈયાર થઈ ગયો, અને બરાબર દસ્કત કરાવી લઈ મજુરોને નાણા ધીર્યાં.

હવે સમય આવ્યો ત્યારે પગારના દિવસે કામદાર શાહુકારને બોલાવી મિલના દરવાજા બહાર બેસાડે છે, અને પેલા મજુર પણ એણે પાથરેલા ચોફાળમાં પગારમાંથી ઉછીના લીધેલાં નાણા નાખે છે, અહીં પેલો પહેલો શાહુકાર પણ આ જોઈને નાણાં લેવાની આશાએ બાજુમાં ચોફાળ પાથરી બેઠો. કિન્તુ કોઈ એના પાથરણમાં એક રાતી પાઈ પણ નાખતું નથી. ત્યાં એને કામદાર પૂછે છે.

'કેમ ભાઈ! આ ચોફાળ શાની પાથરી છે?'

પેલો કહે 'કેમ વળી શું? મારા સાથીદારની જેમ આમાં પૈસા લેવા માટે પાથર્યું છે.'

હવે બોલો, કામદાર એને કહે કે નહિ, કે 'અલ્યા પણ તારા સાથીદારે તો પહેલાં નાણાં ધીર્યાં છે, એટલે લેવાને એ અધિકારી છે; કિન્તુ તેં તો રાતુ ફદિયું ય દીધું નથી, પછી અહીં લેવાનો તને અધિકાર શો છે?' આમ કહે ને?

એમ અહીં જ્ઞાની ભગવંતો આપણને કહે કે નહિ, કે જો અહિં મળેલ ધર્મની આરાધના નથી કરવી તો ભવિષ્યમાં ધર્મ માગવાનો તમને અધિકાર શો છે? ને એમ જ માગ્યાં કરો કે 'મને ભવાંતરે બોધિ મળો બોધિ મળો,' તો તેથી ક્યાં નાણાં ઉપર ત્યાં બોધિ મળવાની?

## ધર્મની શ્રદ્ધામાત્રથી ભવાંતરે ધર્મ મળે?:—

અહીં કદાચ તમને પૂછવાનું મન થતું હશે કે (૧) પણ અમે ધર્મની શ્રદ્ધા રાખીએ પછી ભલે અમે ધર્મ આરાધી ન શકતા હોઈએ તો ય એ ધર્મશ્રદ્ધાનાં મૂલ્યથી ભવાંતરે ધર્મ મળે ને? (૨) એ માટે બોધિની પ્રાર્થના થાય ને? (૩) શ્રેણિક કૃષ્ણ મહારાજ જેવાને ધર્મ શ્રદ્ધાનું જ બળ હતું ને? એ અવિરતિના યોગે ક્યાં ધર્મ આરાધી શકતા હતા?'

**શ્રેણિકની હરોળમાં બેસાય ? દાંતસળીથી પરીક્ષા :—**

પરંતુ આ પૂછતાં પહેલાં જરા એટલું વિચારજો કે એક તો તમે કોની હરોળમાં બેસવા માગો છો ? ક્ષાયિક સમકિતના ધણી અને પ્રભુએ સિક્કો મારેલી જ્વલંત ધર્મ-શ્રદ્ધાવાળા અને તીર્થંકરના જીવ શ્રેણિક-કૃષ્ણ મહારાજની હરોળમાં બેસી વાત કરો છો ? તમારા દેદાર તો તપાસો કે તમારૂં હૈયું કેવું છે અને એ ઉચ્ચ આત્માઓનું કેવું ? તમારૂં હૃદય કોના પક્ષમાં ઢળે છે, સંસારના ? કે જિન-ભક્તિ-જિનવચનના પક્ષમાં ? શું જિનશાસન મળ્યા પર જગતની મોટી સમૃદ્ધિ-પરિવાર અસાર તુચ્છ લાગે છે ખરાં ? કે નાનકડી દાંત ખોતરવાની સારી સળી પણ સારભૂત લાગે છે ? એની ખાતર પણ જરૂર પડયે ગુસ્સો કરવા, વિહ્વળ થવા, અને મનમાં એજ રમાડ્યા કરવા તૈયાર ખરા ? સાર-ભૂત શું અને અસારભૂત શું લાગે છે ? કયું ગુમાવતાં હૈયું દુભાય છે ? શાસનનું કે સંસારનું ? આત્મહિતનું કે કાયાહિતનું ?

**શ્રેણિકમાં ધર્મશ્રદ્ધા : ઉપરાંત કેટકેટલું ? :**

બીજું એ તપાસો કે શ્રેણિક કૃષ્ણ મહારાજ વ્રત-પચ્ચક્ખાણરૂપી ધર્મ-આરાધન નહોતા કરી શકતા, પરંતુ બીજી બાજુ ધર્મ-આરાધના કેવી કેવી કરતા હતા ? એની ખાતર કેવો ભોગ દેતા હતા ? શું એ વિના જ એ કોરી એકલી ધર્મશ્રદ્ધા રાખી બેઠા હતા ?

શ્રેણિક મહારાજને જિનભક્તિમાં રોજ નવા ઘડેલા સોનાના જવનો સાથિયો કરવા જોઈતો હતો. રોજ મહાવીર પ્રભુની સુખશાતાના સમાચાર જોઈતા હતા અને એ સમાચાર પણ મફત મેળવી મફત પચાવી ખાવાના નહિ! સમાચાર લાવનારને પહેરામણી–વધામણીદાનથી નવરાવી દેતા! રાણી માટે સવા લાખની એક રત્નકંબળ ખરીદવા તૈયારી નહોતી, પ્રભુના કુશળ સમાચાર લાવનારને સોનાથી નવરાવી દેવાનું હોંશે હોંશે કરતા. કુટડા અને હોંશિયાર વિનયી કનૈયા કુંવરો મેઘકુમાર, નંદીષેણ વગેરેને હોંશે હોંશે ચારિત્ર માર્ગે જવા દીધા! મગધ જેવા મોટા દેશનું સુકાન સંભાળવા અને પોતાને શાંતિ આપવા સમર્થ પાટવી કુંવર અભયકુમારની પણ રાજ્ય ગાદીને બદલે ચારિત્ર લેવાની ભાવના થઈ, તો એને ય ચારિત્રે વળાવ્યો! પછી કોણિકના હાથે પોતાને જેલમાં પૂરાવું પડ્યું! કોરડા ખાવા પડતા, છતાં સંતાપ ન કર્યો કે 'હાય! આ મોટો દીકરો અભય મને રખડતો મૂકી ગયો તે આ દહાડા જોવાના આવ્યા!' ના, એવો કોઈ શોક નહિ, ગાળ નહિ, ઉલ્ટુ અનુમોદના અને આત્મગર્હા કે 'ધન્ય છે તે પુત્રોને કે એ પ્રભુનું શરણું લઈ સંસાર–દાવાનળમાંથી બહાર નીકળી ગયા? હું નિર્ભાગી આ ઝાળમાં પડી રહ્યો!'

શું આ બધું ધર્મ–આરાધના નથી? વળી એ પ્રભુની વાણી ને ગણધર મહારાજની વાણી સાંભળવા ખડે પગે તૈયાર! હૃદયને એનાથી મથી નાખવામાં સાવધાન! શું આ કોરી ધર્મશ્રદ્ધા જ છે? કે એ ઉપરાંત ધર્મઆરાધના છે?

એમ કૃષ્ણ મહારાજ પણ જિનવાણીની મોરલી પર ડોલતા હતા! છેવટે મૌન એકાદશી આરાધવા જોઈતી હતી! કદી કોઈની નિંદા અને હલકા ઉપાયનું યુદ્ધ ખપતું નહોતું! કુમારો પોતાના હાથમાં નહિ, પણ કુમારિકા કન્યાઓ તો પોતાના હાથમાં; તે એને ચારિત્ર માર્ગે ચડાવવાનું જોઈતું હતું! પોતાની વહાલી રાણીઓએ ચારિત્ર માગ્યું તો એમને ખુશમિશાલ ચારિત્રે ચડાવી દેતા! સાધર્મિક ભક્તિ પણ સારી કરવાની! શું આ બધું ધર્મ-આરાધના નથી?

તપાસો, તપાસો, તમારા જીવન, તમારા દેદાર, કઈ ધર્મ આરાધના અને શ્રદ્ધાનું બળ છે? કયા નાણાં પર ભવાંતરે ધર્મની આશા?

## રુક્મી-બ્રાહ્મણીની દીક્ષા અને મોક્ષ

સુરાસરેન્દ્રપૂજિત ત્રિભુવનગુરુ મહાવીર પરમાત્મા ગોવિંદ-પત્ની બ્રાહ્મણીને ઉપદેશ વર્ણવ્યા પછી શું બને છે તે ફરમાવતા કહે છે,

'હે ગૌતમ! જ્યાં એ બ્રાહ્મણી જાતિસ્મરણ-જ્ઞાનના બળે આટલું કહી રહી છે, એટલામાં તો એનો સઘળોય સ્વજન વર્ગ અને ઘણા નગરવાસી માણસો પ્રતિબોધ પામી ગયા!'

પ્રતિબોધ કેમ ન પામે? બ્રાહ્મણીનો ઉપદેશ એટલો બધો સચોટ, રોચક અને રોમાંચક હતો, એટલો બધો

એ સંસાર, આત્મા અને ધર્મના યથાસ્થિત સ્વરૂપને દર્શાવનારો હતો, કે જે મન પર લેતાં હૃદય પીગળી જાય! મનમાંથી આવો ઉપદેશ સાંભળતાં, ક્ષણભર બીજા બધા ય આપમતિના હિસાબ બાજુએ મૂકાય, અને ઉપદેશ ને ઉપદેશની વસ્તુને મનની અંદરના ઉંડાણમાં ઊતારાય, તો ભવી જીવને એ કેમ જડબાતોડ અસર ન કરે?

## ઉપદેશની અસર કેમ નથી થતી?:—

આ પરથી એ સમજી શકાશે કે તમે જો ફરિયાદ કરતા હો કે 'ત્યારે અમને કેમ અસર નથી થતી? અમે પણ પેલા લોકોની જેમ બ્રાહ્મણીનો ઉપદેશ તો સાંભળ્યો છતાં કેમ અમને પ્રતિબોધ નથી થતો? જો આ ફરિયાદ હોય, તો એનું કારણ સ્પષ્ટ છે કે–

પહેલા મનમાંથી બીજા બધા આપમતિના હિસાબ કે, 'આ સ્વજન-ધનમાલ મારા છે, સારા છે, મારે ઉપયોગી અને સુખદાયક છે. ધર્મ તો કાંઈ એવો તત્કાલ ઉપયોગ અને સુખ-મઝા દેખાડતો નથી,'–આ હિસાબ દૂર મૂકવા નથી; અને–

(૨) ઉપદેશનાં ધર્મને મનના ઉંડાણમાં ઉતારાતો નથી; તથા–

(૩) સાંભળી સાંભળીને આગળ ચલાય છે, પણ જીવન સાથે એને જોડાતો નથી;

એટલે પછી ઉપદેશની ભારે અસર ક્યાંથી થાય?

તેલીના તેલિયા કપડાની ચિકાશ દૂર કર્યા વિના એને ગમે તેટલું સુંદર રંગના કૂંડામાં ઝબોળો, પણ રંગ એને ક્યાંથી ચૂમે ચૂમે ચોંટે?

આપમતિના હિસાબ કોરાણે મૂકી જ્ઞાનીના હિસાબ અંતરમાં ઊતારો. જ્ઞાનીના ઉપદેશ પર અથાગ બહુમાન હોય તેથી એના કહેલા ધર્મમાર્ગ ઉપર ભારોભાર બહુમાન થાય. તો જ પોતાના હિસાબ તુચ્છ લાગે, અને એ લાગવાથી એને બાજુએ મૂકી જ્ઞાનીનાં વચન મન પર લેવાય. માટે તો શાસ્ત્ર કહે છે કે,–

વીતરાગની વાણીનાં શ્રવણના અધિકારી તે છે કે જેને એના પર બહુમાન છે. જો એ બહુમાન છે તો એની સામે આપમતિ પર અવમાન–અબહુમાન થાય. એ આપમતિ તુચ્છ લાગે. જો આવું ન લાગવાનો પાયાનો વાંધો હોય તો પછી ગમે તેવા ઉપદેશ પણ નિરર્થક જાય, દિલને જરાય ચમકાવી ઊભા ન કરી શકે. એમાં નવાઈ નથી.

## ઉપદેશ પર બહુમાન શાને કહેવાય?:—

અલબત્ આથી એમ નથી કહેવું કે 'જેટલો ઉપદેશ સંભળાય એટલો બધો અમલમાં આવવો જ જોઈએ;' ના, ન ય આવે, પણ દિલ તો જરૂર ચમકાવે. આત્માને ભડક તો ઊભી થવી જ જોઇએ, અને એનું પરિણામ એ, કે–

(૧) જ્ઞાનીના ઉપદેશની સામે પોતાની આપમતિ ન મૂકાય અને એના ખોટા હિસાબ પર ખેદ થાય;

(૨) માત્ર પોતાને જ નહિ પણ પોતાના આશ્રિતને માટે ય આ જ લાગે, અને પોતાનું ચાલે ત્યાં સુધી એ આશ્રિતને ખોટા હિસાબમાં ન તણાવા દે; તેમજ એને જ્ઞાનીઓએ કહેલા હિસાબ પર આત્મોત્થાનના માર્ગે જોડવાનો જ પૂરો પ્રયત્ન કરે.

જાતના અમલનું તો નહિ, પણ આશ્રિતનું ય જો આ ન બને, ન બનવાનો ખેદસરખો ય થાય નહિ, ઉપરથી એને ય આપમતિના ભ્રાન્ત હિસાબમાં મહાલતો દેખી ખુશી થવાય, મહલાવવાનો પ્રયત્ન થાય, તો પછી જ્ઞાનીના ઉપદેશ પર દિલ ચમકવા–ભડકવાનું કયાં રહ્યું ?

વાત આ છે કે આપમતિના હિસાબ–ધોરણ અતિ તુચ્છ ગણી બાજુએ મૂકો, અને જ્ઞાનીનાં કહેલાં તત્ત્વ હૃદયનાં ઊંડાણમાં ઊતારો, તો કમમાં કમ એવી ભડક લાગશે કે જેથી આશ્રિતને સંસારના કૂવામાં ઊતારવાનું હવે હોંશે હોંશે નહિ કરાય; તેમજ પોતાની જાતના ભવ-પતન માટે પારાવાર ખેદ રહ્યા કરશે, બને એટલું એને અટકાવવાનો પુરુષાર્થ થશે, તથા બીજાની આગળ ભવ-પતનકારી વાતોનાં ટાયલા નહિ કૂટાય કે એમાં ટાપસી નહિ પૂરાય.

સારૂં જાણવા–સાંભળવા મળે એના પર અસર કેમ નથી થતી ? અહીં બ્રાહ્મણે બ્રાહ્મણી પાસેથી સાંભળ્યું એજ તમે પણ સાંભળ્યું ને ? હવે તપાસો જે અસર એ વિદ્વાન ગોવિંદ બ્રાહ્મણને થઈ એ તમને થઈ કે કેમ ? જો ન થઈ

તો શાથી? તમને લાગશે કે 'બે સમાન દરદી એક જ જાતની દવા પીએ. તો જેમ બંનેને સરખી અસર થાય, એમ અહીં કેમ ન બને?' પણ ત્યાંય એવો નિયમ નથી. એનું કારણ દરદ તો ઉપરથી સમાન દેખાય છે, તાવ છે, કે માથું દુઃખે છે. પરંતુ અંદરના કારણભૂત વાત–પિત્ત–કફની વિષમ વિચિત્રતારૂપ દરદની પરિસ્થિતિ જુદી હોય ત્યાં દવાથી સરખી અસર શી રીતે થાય? તો અહીં પણ એજ તપાસવાનું છે કે સત્ શ્રવણની દવા કેવા વાંધાને લીધે અસર નથી કરતી?

## સત્ શ્રવણની અસર ન થવાનાં કારણો :—

(૧) એક તો આ, કે ચિત્ત બીજે હોય, તો સાંભળેલું ગ્રહણ જ ન થાય, પછી એની અસર શી રીતે થાય?

(૨) બીજું આ, કે ચિત્ત તો સાંભળવા પર રાખ્યું પરંતુ એટલું જ કે એમાં કથાભાગ શો આવ્યો? સચોટ તર્ક–દલીલ શી આવી? અલંકારિક ભાષા કેવી આવી? મહારાજે એમાં કોની ખબર લઈ નાખી? ઇત્યાદિ પર જ ધ્યાન હોય તો કહેવાયેલ મુખ્ય જે ઉપદેશ–અંશ, એનું લક્ષ ન રહેવાથી અસર શી થાય?

(૩) વળી, માનો ને કે ઉપદેશની વસ્તુ પર ધ્યાન રહ્યું પણ ખરૂં, કિન્તુ પહેલેથી નક્કી કરીને જ બેઠા હતા કે આપણે જ્યાં છીએ એનાથી આગળ વધાય એમ જ નથી, પછી ભલે ને લાખ સારૂં સાંભળવા મળે; એની અસર હોવાની વાત જ ક્યાં રહે?

(૪) ત્યારે એ પણ છે કે એવું કાંઈ નક્કી તો નહોતું કરી રાખ્યું, પરંતુ મન વિષયોમાં અતિ મૂઢ અને લુબ્ધ છે, કુટુંબ-પૈસા-પ્રતિષ્ઠાદિમાં ભારે મૂઢતાથી ચોંટી ગયેલું છે, તો ય રુડું સાંભળવાની અસર ન થાય. પેલા મથુરાના ચોબાઓએ હોડીનું નાંગરૂં ઉપાડ્યા વિના હોડી ચલાવવા હલેસાં તો ઘણા માર્યાં પણ હોડી શાની જરાય આગળ વધે? એમ વિષયોમાંથી મનની ગાંઠ છોડી નાખ્યા વિના એ મન ગમે તેટલું ય સારૂં સાંભળેલાના માર્ગે શી રીતે આગળ ધપે? માત્ર ગાંઠ છોડવાની વાત છે હોં! એટલે?

મનની ગાંઠ આ નિર્ધારવાળી ગણતરી જ કે 'આ મળેલા કે મળવાની આશાવાળા દુન્યવી વિષયો સારા જ છે, મેળવવા-રાખવા ભોગવવા લાયક જ છે, એમાં કાંઈ ખોટું નથી, એ છોડશે જ નહિ. એના ત્યાગની વળી મૂર્ખાઈ શા માટે કરવી? અથવા ત્યાગની મારી શક્તિ જ નથી,' આવી આવી ફિક્સ નક્કી કરી રાખેલી ગણતરી એ મનની ગાંઠ છે. 'મહારાજ તો વિષયોને ખોટા કહે, એમનો એજ કહેવાનો ધરમ છે, પણ આપણે તો આપણો ધરમ સંભાળવાનો. ને એમ તો મેં ઘણા ય મહારાજોને સાંભળી કાઢ્યા, પણ તેથી કાંઈ લહેવાઈ જવાય? આંધળિયા કરાય? ના, સંયોગ જોવા જોઈએ ને? રાબેતા મુજબ ચાલે છે તે ઠીક છે,' બોલો જો, આ ગાંઠ બાંધી રાખી હોય, પછી સાંભળવાની શી અસર થાય?

(૫) ત્યારે એ પણ વસ્તુ છે કે મન જો અતિશય

કષાયગ્રસ્ત હોય, દા. ત. ક્યાંકથી લડીને આવ્યો હોય અને ક્રોધથી મન ધમધમતું હોય, અગર વક્તા મહારાજ પ્રત્યે જ કોઈ તેવા પ્રકારનો દ્વેષ હૈયામાં સળગતો હોય, તો સાંભળેલા પર ધ્યાન હોવા છતાં એની અસર તો ન થાય, પણ કદાચ ઉલ્ટી જ અસર થાય! ખતવણી જ ઉંધી કરતો જાય! મનને એમ લાગે કે 'બસ, આ મને ઉતારી પાડવા માટે જ કહી રહ્યા છે! અગર પાટ પર બેસી મોટી મોટી વાતો કરવી સહેલી છે.' અથવા 'આજની દુનિયામાં આ વાતો તો ચોથા આરાની વાતો કહેવાય, એ આજે ન ચાલે.'

(૬) એમ જો માનકષાય બહુ નડતો હોય તો જાતને સારી ઊંચી જ માનશે; એટલે પછી સાંભળેલાની ખતવણી બીજાના જ ચોપડે કરવાનો! 'બાપ કેવા જોઈએ.' એ વાત આવી, એને પોતાના પિતા પર લાગુ પાડશે! અને 'પુત્ર કેવો જોઇએ.' એ વસ્તુ પોતાના દીકરા પર લઈ જશે! પોતે તો જાણે કોઇનો બાપે ય નથી કે કોઇનો પુત્ર પણ નથી! એટલે પોતાને કશું લાગુ પાડવાનું નહિ! આમાં શ્રવણ પોતે શી અસર પામી શકે?

અથવા માનકષાયવશ પોતાની જાતને બધું સમજેલી માની બેઠો હોય, એટલે વ્યાખ્યાન સંભળાવા પર એમ જ માન્યા કરશે કે 'આ તો હું જાણું છું....આ મને ખબર છે....આમાં કાંઈ નવું નથી....આ બરાબર, એમ જ હોય છે....' થયું, પોતાને લેવાનું કશું રહેતું જ નથી!

અગર માન-કષાય એવો નડતો હોય કે એને 'ભાઈ ભાઈ,' 'શેઠ શેઠ,' કહી ફુલણજીને ફુલાવો, એની પ્રશંસા કરો, તો સાંભળવું ગમે, એ કડવું માન છોડવાનું સાંભળવા પર એની સારી અસર કેમ લઈ શકે?

(૭) એવી રીતે માયાકષાયનું જોર હોય તો સાંભળતાં દેખાવ જાણે એક ભક્ત-શ્રોતાનો કરશે, મહારાજ પાસેથી જશ લેશે, પણ હૈયામાં ઉતારવા કરવાની વાત નહિ; અથવા માયાવશ મનમાં લોચા બીજા જ વાળશે, સાંભળેલાની ખતવણી જ અંદરખાને જુદી કરશે! ત્યાં સાંભળેલાની શી અસર પામે?

(૮) લોભ કષાયનું જો જોર હશે, તો પોતાના ધન-માલ-કુટુંબ-માનપાન ઉપરની ગાઢ મૂર્છા કે અધિક મેળવવાની તૃષ્ણામાં તણાઈ ગયેલો એ સાંભળી સાંભળીને કાન તળે કાઢવાનો, અથવા સાંભળેલામાંથી જેટલું બીજા વિરોધી વગેરે માટે કહેવાયું લાગતું હશે, એ તો ખુશીથી સાંભળશે, પણ જાત પર લાગુ પડે એ સાંભળવા રાજી નહિ.

(૯) ત્યારે પૂર્વગ્રહ રાખી સાંભળવા બેસે તો ગમે તેટલું સારૂં સાંભળવા મળે પણ એ તો મનમાં નક્કી કરી રાખ્યું છે કે 'આ વક્તા તો આપણા વિરોધી જ છે, અમુક મતવાળા છે. બીજાની ટીકાટિપ્પણ જ કરનારા છે, લોકને ભોળવનારા છે, મારા પર દ્વેષવાળા છે....' એટલે પછી સાંભળેલાની શી અસર લે?

(૧૦) અરે! માનો કે આવું કશું નથી છતાં જો ચિત્ત બાહ્ય ભાવમાં જ લયલીન છે, બહારનામાં જ રખડતું-રમતું રહે છે, તો સાંભળવા પર જાતના અંતર આત્માને માટે વિચારવાનું કશું રહેશે જ નહિ. બાહ્યનો અઢળક રસ આભ્યન્તર તરફ બેપરવાઈ કરાવે છે. માત્ર બીજાના જ લાભ-નુકશાનનો વિચાર હોય પછી જાતનો વિચાર શાનો આવે? 'સંઘમાં આમ બગડી ગયું છે. ગામમાં આમ બગડી ગયું છે. ફલાણાને આ દોષ છે. પેલા બીજાને બીજી ખામી છે.....આનું આમ કરવું જોઈએ, આ સુધારા થવા જોઈએ....' બસ, બીજાની જ ચિંતા હોય, જાતને કોઈ ખામી, કોઈ દોષ, કોઈ સુધારવા જેવું, કાંઈ જ લાગતું ન હોય, બાહ્યના ને બીજાના જ વિચારો ભરચક રહેતા હોય, પછી સાંભળેલાની જાત માટે શી અસર લે? ત્યારે આ બધું સૂચવે છે કે,

## સાંભળેલાની અસર લેવી હોય તો,

(૧) સાંભળતી વખતે કહેવાની વાત પર બરાબર ધ્યાન રાખો,

(૨) બધું મારા પર કહેવાય છે એમ માની એ જાત પર લગાડતા ચાલો.

(૩) ઉપદેશ અને તત્ત્વની વસ્તુના પાકા ખપી બનો.

(૪) એમાંથી લઈ જવાની વસ્તુ લઈને જ જાઓ, કોઈ પ્રતિજ્ઞારૂપે, તો કોઈ નિષેધરૂપે,

(૫) મનની વિષયો–ધન–માલ અને કાયા–માયા સાથેની ગાંઠ છોડીને સાંભળો.

(૬) કોઇ પણ કષાય, ક્રોધ, દ્વેષ, અભિમાન, માનાકાંક્ષા, આપ બડાઇ, માયા, લોભ, હાસ્યાદિની અસરથી મુક્ત રહીને સાંભળો.

(૭) પૂર્વગ્રહ રાખ્યા વિના સાંભળો.

(૮) બહારનો ભાર ઓછો કરી જાતના આત્માનું જ લક્ષ રાખી સાંભળો.

(૯) સાંભળેલું પછી વારંવાર ભાવનામાં મમરાવો.

તો સાંભળેલાની જરૂર અસર પડશે.

પેલી બ્રાહ્મણીના ઉપદેશને સ્વજન વર્ગ અને બીજા શ્રોતાજનોએ એ રીતે સાંભળીને મનમાં ઊતાર્યો અને પ્રતિબોધ પામી ગયા ! ત્યાં એનો પતિ ગોવિંદ બ્રાહ્મણ કે જે વેદવિદ્યામાં પારંગત છે, જન્મે જૈન નહિ, જૈન ધર્મનો જ્ઞાતા નહિ, પરિચયવાળો નહિ. એને કેવી અસર થઈને એ શું કરે છે એ બતાવતાં ત્રિલોકતારક શ્રી મહાવીર પ્રભુ ફરમાવે છે,–

**ગોવિંદ બ્રાહ્મણને અસરઃ તીવ્ર પશ્ચાત્તાપ :–**

'હે ગૌતમ ! તે પત્નીનો ઉપદેશ સાંભળી ગોવિંદ બ્રાહ્મણ પત્નીના ઉપદેશ પર સદ્‌ગતિના ચોક્કસ માર્ગનો સારો જ્ઞાતા બન્યો. એના દિલમાં એ ઉપદેશ આરપાર ઊતરી ગયો. એનાથી આવર્જાયેલો, એ ગદ્‌ગદ્ થઈ કહે છે, 'અરે !

ધિક્કાર ધિક્કાર છે અમને કે અમે આટલો કાળ ઠગાયા! કેમકે અમે મૂઢ રહ્યા!

અહો! અજ્ઞાન કેટલું બધું દુઃખદ છે, કે જગત પર તાત્ત્વિક ધર્મ હયાત છતાં અજ્ઞાનતા-મૂઢતાવશ એનો પ્રભાવ ન જાણતાં મહા આત્મબંધનોના માર્ગે ભૂલા ભટકાય છે!

ખરેખર! અભાગિયા ક્ષુદ્ર જીવો પરલોકનાં ઘોર ઉગ્ર અનર્થોને નહિ દેખતાં, અતત્ત્વ અને અતાત્ત્વિક ભ્રાન્ત ધર્મમાં વિશ્વાસ સ્થાપિત કરી દઈને આ પત્નીએ કહ્યું તેમ મોહથી મનને વ્યાપ્ત કર્યું રાખી, રાગ-દ્વેષથી પોતાની બુદ્ધિને હણી નાખે છે!

પછી એમના માટે શ્રેષ્ઠ તત્ત્વ-ધર્મ કેમ અત્યંત દુર્લભ ન હોય? ક્યાંથી એ સરળતાથી સમજી શકે? અમે આવા જ ક્ષુદ્ર, અભાગિયા, અતત્ત્વ-ધર્મમૂઢ, અસાર-સ્વજન-સંપત્તિનો મોહગ્રસ્ત અને રાગ-દ્વેષથી નષ્ટ બુદ્ધિવાળા તે તત્ત્વ-ધર્મને આજ સુધી સમજી ન શક્યા! હા! હા! અમે તો અમારા આત્માથી જ ચોરાયા?"

બ્રાહ્મણીનું કહેલું બધું જ સરળમતિથી પોતાના આત્મામાં ઉતારી દે છે, એટલે વિદ્વાન ગોવિંદ બ્રાહ્મણ પહેલા તો પોતાનાં વેદાદિ શાસ્ત્રોમાંથી નહિ મળેલો નવો જ અલૌકિક પ્રકાશ પામવા પર એને દિલમાં એટલો સચોટ વસાવી દે છે કે એ એને બરાબર યથાર્થ લાગવાથી એ પ્રતિબોધ પામી જઈ સાંભળેલા ઉપદેશ તરફના ઢાળવાળુ બની જાય છે!

## ઈતર દર્શનમાં શું ન મળે ? :—

બ્રાહ્મણીના ઉપદેશની એ સ્વજન–સમૃદ્ધિની વિનશ્વરતાની વાત તો હજી બીજાં દર્શનના શાસ્ત્રોમાં મળે, પણ પછી જે પૃથ્વીકાયાદિ જીવોની પણ હિંસાનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ, ઈર્યાસમિતિ વગેરે પાંચ સમિતિ, ઈત્યાદિની વાત કરી તે અન્ય દર્શનનાં શાસ્ત્રોમાં મળે નહિ ! ટંકશાળી વાતો ! જગતમાં યથાસ્થિત તત્ત્વ એ ! અને આત્માના હિત માટે અત્યંત જરૂરી એ અત્યાર સુધી આનું અજ્ઞાન રહ્યું, સરાસર અંધારૂં રહ્યું, એ વાતો જાણી જ નહિ, પછી ચાહવાની તો વાતો ય શી ?

## ઈતરોમાં મહાવ્રતની સૂક્ષ્મતા ક્યાં ? :—

ગોવિંદ બ્રાહ્મણને એટલી બધી ઊંડી લાગણી થઈ આવી કે એને થયું કે ‘ અરેરે ! આવું વાસ્તવિક અદ્ભૂત તત્ત્વજ્ઞાન પામ્યો નહિ, તો કેટલો બધો મારી જાતને ધિક્કાર છે ! ખરેખર હું કેવો અજ્ઞાન ! કેવો અભાગિયો ! કેવો મોહગ્રસ્ત ! કેવો રાગદ્વેષથી હણાયેલ બુદ્ધિવાળો ! અરે ! મારો આત્મા જાતે જ ઠગાયો કે અતત્ત્વમાં અને અતત્ત્વ-ઉપદેશક શાસ્ત્રોમાં મૂઢ બની અટવાઈ રહ્યો ! જ્યાં પૃથ્વીકાયાદિક જીવોની ઓળખ સરખી નથી, એની હિંસાથી બચવાનાં વિધાન નથી, એમ સંયમની સમિતિનું પ્રતિપાદન પણ છે નહિ, ઉલ્ટું પૃથ્વીકાય–અપ્કાય વગેરે જીવોનાં કુચ્ચરઘાણ નીકળે એવા આચાર–અનુષ્ઠાનને મહાન ધર્મરૂપ બતાવવામાં આવ્યા છે ! કાચી માટી પૃથ્વીથી બાહ્ય શૌચ,

નદીસ્નાન, જાતે રોટી પકવવાનો અગ્નિ-આરંભ, ફળાહાર, વગેરે શું છે? એ જ, જીવહિંસામય ધર્મ. ત્યારે, અદત્તા-દાન-પરિગ્રહનાં પણ જ્યાં સૂક્ષ્મ ત્યાગનાં વિધાન નથી. એટલે વનનાં ફળફળાદિ કોઈના આપ્યા વિના જાતે જ લેવાય છે, ને ઝૂંપડી વગેરે પરિગ્રહ સેવાય છે, એને હું તત્ત્વ માની બેઠો? વિદ્વાન ગોવિંદ બ્રાહ્મણ આ બધું જાણે છે. હવે એને આવા પૃથ્વીકાયાદિ હિંસાનો ત્યાગ, અસત્ય ત્યાગ વગેરે પાંચ મહાવ્રત, અને રાત્રિભોજન ત્યાગનું વ્રત, ઈત્યાદિ કર્તવ્યોની અહીં જાણ થાય છે. એટલે સહેજે એને વિચાર આવે કે 'અહો સાચો ધર્મ કેવો હોઈ શકે? મિથ્યા શાસ્ત્રોએ ધર્મના નામ પર કેવાં કેવાં અજ્ઞાનતા ભર્યાં પાપનાં પ્રતિપાદન કર્યાં છે!' એને ખ્યાલ આવ્યો એટલું જ નહિ, પોતે અજ્ઞાનતાવશ મૂઢ બન્યો રહ્યો એવા પોતાના આત્મા પર એને ભારોભાર ધિક્કાર છૂટે છે! એને એમ પણ લાગે છે કે,

## રાગ-દ્વેષથી હણાયેલ બુદ્ધિ :—

આ સૂક્ષ્મ અહિંસાદિ ધર્મનાં પાલન નહિ, અરે! જ્ઞાન પણ નહિ, બલ્કે ધર્મરૂપે હિંસાદિનાં સેવન હોય તો કેવા મહાન અનર્થ સરજાય? પણ એનું ય ભાન નહિ એ તો ખરેખર જાતની ક્ષુદ્ર પામર નિર્ભાગી દશા સૂચવે છે. રાગદ્વેષથી હણાયેલી બુદ્ધિનો એ અવળો નાચ છે. અતત્ત્વ, અસાર, અને આત્માનું કશું નહિ અજવાળનારા જડ પદાર્થો અને અતાત્ત્વિક ધર્મ અર્થાત્ ધર્મના નામ

હેઠળ ચલાવેલ હિંસા–અદત્ત–પરિગ્રહ વગેરે પાપોમાં લય-લીન બનવામાં આત્માની શી ગંભીરતા? કઈ વિદ્વત્તા ગણાય? સૌભાગીપણું ભાગ્યવંતાપણું લેખાય? ત્યાં કયી રાગદ્વેષથી પર સ્થિતિ હોય? જીવને ઇન્દ્રિયના વિષયો તો અનંતાનંત કાળથી ગમતા આવ્યા છે, અને અજ્ઞાનતા, મૂઢતા પણ સહજ જેવી ચાલી આવે છે, એ પોષનારા અતત્ત્વ અને અને અતાત્ત્વિક ધર્મમાં ઘસડાયા રહેવું, એ બુદ્ધિ રાગદ્વેષથી હણાઈ જવાને લીધે સહજ છે.

**મુડદાલ બુદ્ધિ તત્ત્વ ધર્મમાં જવા અશક્ત:—**

સર્વજ્ઞ ભગવાને કહેલા મહાન ધર્મ–આચાર–વિચારો અને અનુષ્ઠાનોમાં જીવ ઉત્સાહિત બનીને કેમ રચ્યો પચ્યો નથી રહેતો? કારણ આ જ, કે જ્યાં સુધી બુદ્ધિ અસાર તુચ્છ અને વિનશ્વર પદાર્થોને ઈષ્ટ માને છે, અને એના રાગમાં અને અનિષ્ટના દ્વેષમાં તણાયેલી હોય છે, ત્યાં સુધી એ મુડદાલ રહે છે. એવી મુડદાલ બુદ્ધિમાં સારભૂત તત્ત્વ અને તાત્ત્વિક ધર્મ પર ચડવા માટે કૌવત જ નથી. સશક્ત બુદ્ધિ જ એમાં ચડી શકે; અને સશક્તતા તો જ આવે કે પેલા રાગદ્વેષનો તાવ જાય. તાવથી નખાઈ ગયેલા શરીરે ક્યાં દોડધામ વગેરે પરાક્રમો થઈ શકે છે? એવી રાગાદિના તાવમાં બુદ્ધિની દશા છે.

**રાગદ્વેષ દબાવી સંયમ, તપ-સંયમથી બાકીનાનો નિકાલ :—**

આના પર ગંભીર વિચાર કરીને જ મોટા તવંગર

શું, કે રાજા મહારાજા શું? એ મોટા વૈભવ અને ઠકુરાઈને ય કોડીની કિંમતના ગણી, નિજના રાગ-દ્વેષના જોરને બન્યા એટલા દબાવી, ત્યાગી સંયમી સાધુ બની ગયા! અને બાકીના રાગદ્વેષાદિનો નિકાલ કરી નાખવા તપ-સંયમની આરાધનામાં ઓતપ્રોત થઈ ગયા! મનુષ્ય જીવનની સાચી લ્હાણ તરફ જ મીટ માંડી દોડચા! પૂછો,

પ્ર૦ અમારે કેમ એવા ઉલ્લાસ નથી જાગતા?

ઉ૦ કારણ આ છે કે અનાદિ કાળથી ચલાવ્યે રાખેલું હજી પણ ચલાવવામાં પોતાનો આત્મા જાતે જ ઠગાઈ રહ્યો છે, એનું ભાન નથી. જાત ઠગાઈ સમજી જવાય, તો તો હવે 'બસ' કરાય. ગોવિંદ બ્રાહ્મણ ગમે તેટલો વિદ્વાન, પણ સમજી ગયો કે 'આ હું કોઈનાથી નહિ, પણ મારી જાતથી જ ઠગાઈ રહ્યો છું! નહિતર પોતાની જ બુદ્ધિને પોતે જ નભાવેલા રાગદ્વેષથી હણવાનું શાનું બને? પણ હવે પત્ની તત્ત્વ ઓળખાવનારી મળી ગયા પછી શું કામ ઠગાવું?'

## ગોવિંદ બ્રાહ્મણનો પુત્રોને ઉપદેશ:—

વિશ્વવંદ્ય મહાવીર પરમાત્મા બતાવી રહ્યા છે કે,

હે ગૌતમ! એ વિદ્વાન ગોવિંદ બ્રાહ્મણ પત્નીના ઉપદેશથી ચમત્કાર સાથે સંવેગ પામી ગયેલો કહે છે કે અરે! આ તે અમે અમારી જાતે જ કેવા ઠગાયા કે આ મહાન બ્રાહ્મણીને ઓળખી નહિ? શું આ મારા ઘરે કોઈ

પરમાત્મા જ પત્નીરૂપે થઈને આવી ગયા? મોક્ષમાર્ગ બતાવવા કોઈ સર્વજ્ઞરૂપી સૂર્ય જ જાતે પ્રગટ થઈ ગયો જે સંશયરૂપી અંધકાર દૂર કરી વિશ્વના પ્રકાશ કરે છે! અહો! આ મારી પત્નીના બોલ તો મહા અતિશયવાળા પદાર્થના સાધક છે! અરે દીકરા યજ્ઞદત્ત! વિષ્ણુદત્ત! હે વિશ્વામિત્ર, સુમિત્ર વગેરે! આ તમારી માતા તો દેવ–અસુર સહિત આખા વિશ્વને વંદનીય છે, વિનય કરવા યોગ્ય છે! આ એક મહા ઉપાધ્યાય છે! એનાં વચનો મોટા ઈન્દ્રાદિ જેવાથી પણ ખંડિત થાય એવા નથી! હે દીકરાઓ! એ આખા જગતને આનંદકારી અને સમસ્ત પાપને બાળી નાખનારાં વચન પર વિચાર કરો. તમે તો ગુરુની આરાધનામાત્રના રસવાળા, તે આજ તો તમારા ઉપર ગુરુ તૂઠ્યા સમજો! યજ્ઞ કરવા–કરાવવા, અધ્યયન કરવું–કરાવવું વગેરે તથા ષટ્કર્મ કરવા વગેરેના પ્રસંગ તો સાધ્યા, હવે તમારૂં શ્રેષ્ઠ આત્મબળ પ્રગટ કરો. પાંચે ઇન્દ્રિયો પર વિજય મેળવો. ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરો. આ શરીરને મળમૂત્રાદિ ગંદા કીચડથી પૂર્ણ ભરેલું અપવિત્ર સમજો. એ શરીર વિષય–પ્રાપ્ત થયું એટલે વિષ પ્રાપ્ત થયું માનો.'

### સ્ત્રી જાત પર તુચ્છકાર નહિ :—

ગોવિંદ બ્રાહ્મણને હરખ અને આશ્ચર્ય માતા નથી. ધર્મ આરાધનાનાં મહાન સૂક્ષ્મ તત્ત્વ બતાવનારી પોતાની પત્ની જાણે ઈશ્વરનો અવતાર લાગે છે! લોકોત્તર સૂર્યરૂપ

ભાસે છે! ભાસે જ ને? જન્મથી ન જોયાનું જોવા મળ્યું! ન જાણ્યાનું જાણવા મળ્યું! ન સાંભળ્યાનું સાંભળવા મળ્યું! એ તત્ત્વ-વસ્તુની કદર કરનારો છે એટલે એવો તુચ્છકાર નથી થતો કે 'આ પત્ની તો એક સ્ત્રી જાત, અબુઝ, ભોળી અને અનપઢ! સ્ત્રીમાં વળી શી એવી વિશેષતા માનવી હતી?' ના, જાતના પુરુષપણાનું અને વિદ્વત્તાનું અભિમાન નથી કે સ્ત્રીને તુચ્છકારી કાઢે, ને એમ વસ્તુ-તત્ત્વનાં અવમૂલ્યાંકન નથી, પણ ઉલ્ટું બહુ મૂલ્ય સમજે છે, એટલે તત્ત્વ પ્રકાશ કરનારી પત્ની પર ઓવારી જાય છે!

**તત્ત્વ સ્વીકારવાનું પહેલું પગથીયું આ છે કે તત્ત્વ પ્રકાશક વ્યક્તિ ઉપર અત્યંત બહુમાન થાય,** હૈયું એના પર ઓવારી જાય! તીર્થંકર ભગવાનનાં વચન પર શ્રદ્ધા કરવી છે, તો ખુદ એ ભગવાન ઉપર અથાગ બહુમાન ઊભરાવું જોઈએ. એમ લાગે કે 'અહો! આ મને કેવા અનન્ય આપ્ત હિતૈષી અને મારા આત્માનો ઉદ્ધાર કરનારા મળ્યા!' એ અતિશય બહુમાન જાગવા પર એમની આગળ બીજા કોઈ પણ અજ્ઞાન-મોહમૂઢ માણસ વિસાતમાં ન લાગે. એમનો પ્રેમ એટલો બધો ઉભરાય, કે એવો પ્રેમ બીજે કયાંય ન રહે! નિકટના સગા-સ્નેહી શું કે લાખો-કરોડોનું ઝવેરાત શું, જે પ્રેમ-પ્રીતિ અને આદર-બહુમાન એના પર નહિ, એવી ઊછળતી પ્રેમ-પ્રીતિ અને ઊછળતું આદર-બહુમાન તીર્થંકર ભગવાન પર જીવતું જાગતું રહે; અને આ જો હોય, તો પછી એમની સેવા-ઉપાસના પાછળ તન-મન-ધનના કેવા ભોગ અપાય?

### તન-મન-ધન ક્યાં તૂટી પડે ?:—

ત્યારે જો કાયાને એ પ્રભુના ઠરીને ત્રિકાળ-દર્શન-પૂજન કરવાનું પાલવતું ન હોય, મનને એમના સુંદર વિચારો કરી ઓવારી જવાની ફુરસદ કે પરવા ન હોય, અને 'ધન તો મારૂં મારા બાપનું' કરીને એમની ભક્તિમાં ધનનો ભોગ આપવાનું દિલ જ ન ઊછળતું હોય, તો એમના પર પ્રેમ શો રહ્યો? બહુમાન ક્યાં રહ્યું? કહો જ્યાં સંસાર પર બહુમાન છે ત્યાં આત્મતારક પર બહુમાનના વાંધા.

ગૌતમ ઇંદ્રભૂતિ બ્રાહ્મણને મહાવીર પરમાત્મા મળ્યા, ઓળખાયા, એટલે ધનમાલ છોડી આખી ય તન-મન અને જીવનની સંપત્તિ પ્રભુચરણે અર્પિત કરી દીધી! તો સુલસા શ્રાવિકાને મહાવીર પ્રભુ ઉપર એટલો અઢળક પ્રેમ, કે એ અંબડ પરિવ્રાજકે વિકુર્વેલા બ્રહ્મા-વિષ્ણુ-મહેશ અને ૨૫ મા તીર્થંકરને જોવા સરખી ય ન ગઈ.

અહીં ગોવિંદ બ્રાહ્મણને એવા બહુમાનથી પત્ની જાણે પરમાત્માના અવતાર જેવી ઊતરી આવેલી લાગી! એટલે એના પર ઓવારી જઈને સાવધાન બની જાય છે, અને પોતાના પુત્રોને પણ કહે છે 'હે દીકરાઓ જુઓ જુઓ, આ તમારી માતા કોઈ સામાન્ય મનુષ્ય નહિ. એ તો પરમાત્માનો અવતાર સમજો. કેવા એના ગંભીર તત્ત્વ-પ્રકાશક બોલ! આ વચનોનું તો મોટા ઇંદ્ર જેવા ય ખંડન ન કરી શકે એટલા એ ટંકશાળી વચન છે!'

બ્રાહ્મણનું હૃદય સૂક્ષ્મ અહિંસાદિથી વ્યાપ્ત ક્ષમાદિ દશ પ્રકારના ધર્મની વાસ્તવિકતાને જુએ છે કે જેનો ઈન્કાર ઈન્દ્ર જેવાથી ન થઈ શકે, છોકરાઓને એ કહે છે ' આ તમારી માતા તો વિશ્વવંદ્ય છે, એક મહાન ઉપાધ્યાય છે. એનું મહત્ત્વ જરાય ઓછું ન સમજતા. એણે જે ભવ્ય પ્રકાશ આપ્યો એ વચનો સર્વને હિતકારી અને સમસ્ત પાપોનો નાશ કરનારાં છે. એ મળ્યાં એથી તો સમજો કે ગુરુ તૂઠ્યા ! યજ્ઞ ફળ્યા ! વિદ્યાભ્યાસ લેખે લાગ્યા ! એટલે હવે તો આત્મબળ પ્રગટ કરવાની ઊંચી સામગ્રી બની આવી ! માટે એ આત્મબળ પ્રગટ કરો.'

વાત પણ સાચી છે કે માર્ગ જ હાથ ન લાગ્યો હોય તો આત્મબળને ક્યાં ઉપયોગી બનાવવાનું ? તે ય માનવ-જન્મ હાથમાં છે ત્યાં સુધી જ શક્ય. જુઓ માર્ગ લીધા પછી ઠેઠ મોક્ષે પહોંચવા માટે આત્મબળ પ્રગટ કરનાર મહાત્માને પણ ક્ષપકશ્રેણિને બદલે જો ઉપશમશ્રેણિ લાગી જઈને ત્યાં જ આયુષ્ય પૂરું થઈ ગયું તો અનુત્તર વિમાનમાં જઈને અટકવું પડે છે ! કેમકે માનવભવ તૂટ્યો ! આત્મબળ પ્રગટાવવાની, સફળ કરવાની, ચારિત્રમાર્ગ લાધ-વાની, સામગ્રી ગઈ ! હવે ફરીથી સામગ્રી પામો ત્યારે વાત, આવજો !

**માટે માનવભવે પહેલું તો જિનવચનથી માર્ગ પામો. એ માટે જિન વચનની કદર કરો, અને આત્મબળ જિનવચન કથિત માર્ગમાં જ જોડો.**

ગણધરો દ્વાદશાંગીની રચના કરવા સમર્થ હોય છે, પરંતુ ક્યારે? ભગવાન પાસેથી ત્રિપદીનાં વચન મળે ત્યારે ને? એટલે તીર્થંકર વચન મળવાં બહુ અગત્યનાં છે. હરિભદ્રસૂરિજી મહારાજ વગેરે પૂર્વે બ્રાહ્મણપણે હતા ત્યારે સમર્થ તો હતા જ, પણ અદ્‌ભુત શાસ્ત્રો ક્યારે રચી શક્યા? મહાન વાદીઓને પરાસ્ત કરી જિનશાસનનો જયડંકો ક્યારે બજાવી શક્યા? તીર્થંકર વચન મળ્યા પછી ને? માટે જ એ વચન–સામગ્રી મળ્યાની ખૂબ કદર કરો.

## સર્વજ્ઞ–વચનની કદર માટે શું કરવું?:—

સર્વજ્ઞવચન–પ્રાપ્તિની કદર આ, કે એને અનુસારે આત્મબળ પ્રગટ કરવું. એ પણ બહુ અગત્યનું છે. મહાપુરુષોએ એ પ્રગટ કર્યું તો જ સંયમ સ્વીકારી મહાન શાસ્ત્રરચના અને શાસન–પ્રભાવના કરી શક્યા! મરીચિ આત્મબળ પ્રગટ રાખવામાં ચૂકયા તો પડચા નીચે! આજે હજારો માણસ જિનેન્દ્રવચન મળવા છતાં આત્મબળ અજમાવવાની ખામીએ ઊંચે ચડી શકતા નથી; એ સ્પષ્ટ દેખાય છે.

## આત્મબળ પ્રગટાવી ૩ વસ્તુ કરવાની:—

ગોવિંદ બ્રાહ્મણ છોકરાઓને આત્મબળ પ્રગટાવી મુખ્ય ત્રણ વાત કરવાની કહે છે—

(૧) દુષ્ટ ઇન્દ્રિયો પર પાકો અંકુશ મૂકી, એના ગુલામ નહિ, પણ વિજેતા બનો. એ વિષયોમાં ઇન્દ્રિયો

તાણે તેમ તણાવાનું નહિ, પણ આપણે એને રોકવાની, અને કદાચ એ વિષયમાં ગઈ, તો ત્યાં વિષયને જરાય મહત્ત્વ નહિ આપવાનું, રાગદ્વેષ નહિ કરવાના. આ વિષય-ત્યાગ વિષયવિરાગ માટે જ્વલંત આત્મબળ પ્રગટ રાખવાનું.

(૨) વાતવાતમાં ક્રોધાદિ કષાયોની સહાય લઈ લઈ જીવવાનું રાખ્યું છે, તે હવે એને ક્ષમાદિની સહાય લઈ લઈ અટકાવવાના. અહીં પણ પ્રખર આત્મવીર્ય વાપરવાનું.

(૩) શરીર મળ-મૂત્રાદિ મહાગંદકીનો ગાડવો સમજી એના પર લેશ પણ મમત્વ-રાગ-પાલીસ-માલીસ ન કરાય એ ધ્યાન રાખવાનું, તેમજ એ શરીર વિષયોને પ્રાપ્ત થાય ત્યાં વિષને પ્રાપ્ત થયું સમજવાનું. જેથી એના ભોગમાં રાચે નહિ, પણ શક્ય શ્રેષ્ઠ ત્યાગ, તપ અને ખડતલ-સહિષ્ણુતામાં પરોવાય. ગંદાની સરભરા શી ? વિષપ્રાપ્તિથી ખીલવાનું શું ?

**વિષય-લુબ્ધ ઇન્દ્રિયો જ વિશ્વભ્રમણ કરાવે છે.**

**કષાયો જ કારમી કત્લ છે.**

**સુખશીલિયું શરીર જ સર્વજ્ઞ-વચનથી આડું ચાલે છે.**

બ્રાહ્મણ એ ત્રણેયના સંયમને અર્થે આત્મબળ પ્રગટ કરવા કહે છે.

**લોકોનો બ્રાહ્મણીના વચન પર ઉલ્લાસ :—**

**વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા મહાવીર પ્રભુ કહી રહ્યા છે,—**

'હે ગૌતમ ! એ ચૌદ વિદ્યાસ્થાનના પારગામી ગોવિંદ-બ્રાહ્મણનાં વૈરાગ્યજનક અનેક સુભાષિત સાંભળી જન્મ-જરા-મરણથી બીનેલા ઘણા સત્પુરુષો ત્યાં સર્વોત્તમ ધર્મનો વિચાર કરવા લાગી ગયા ! એમાં કેટલાક કહે છે કે 'આ બ્રાહ્મણીએ કહેલ શ્રેષ્ઠ છે.' બીજા પણ કહે છે કે 'હા, આ ધર્મ ઉત્તમ છે,'....એમ કરતાં સર્વે જનોએ તે બ્રાહ્મણીને પ્રમાણ કરી અને એણે વર્ણવેલ અહિંસાદિ મહાવ્રતયુક્ત ક્ષમાદિ દશ પ્રકારનો શ્રમણધર્મ દૃષ્ટાન્ત-હેતુ દ્વારા એ લોકોને હૈયે બરાબર જચી ગયો. ત્યારબાદ એમણે એ બ્રાહ્મણીને સર્વજ્ઞ માનીને હસ્તકમલની અંજલી જોડી એને પ્રણામ કર્યો.'

### અશુભ નિમિત્તમાંથી શુભ પરિણામ :—

કેવો ચમત્કાર ! બ્રાહ્મણીનો મોટો દીકરો વાંકો નીકળવાનું નિમિત્ત મળવા પર બ્રાહ્મણીને શુભ ભાવના જાગી, પૂર્વભવે ચક્રવર્તી મુનિપણે કરેલી સાધનાનો પ્રભાવ અહીં વિકસી ઊઠયો ! આવાં નિમિત્તને શું વખોડવું ? કહે છે ને ? જેનું છેવટ સારૂં તે સારૂં અણગમતા નિમિત્તની વગોવણી કરવા કરતાં પરિણામનો વિચાર કરવા જેવો છે. બ્રાહ્મણી મૂર્છા ખાઈ ગઈ. જાતિસ્મરણ જ્ઞાન પામી ગઈ, અને જિનશાસનનાં અલૌકિક સત્યો તથા આત્મહિતના અનુપમ માર્ગનો ખ્યાલ આવી જવાથી ઉપદેશ કર્યો ! કુટુંબ અને આજુબાજુના એકત્રિત થયેલા બધા લોકો પ્રભાવિત થઈ ગયા ! એકી અવાજે બ્રાહ્મણીએ કહેલ શુદ્ધ ધર્મને

શ્રેષ્ઠ ઉત્તમ પોકારી ઊઠ્યા ! તેમના મનને સચોટ નક્કી બેસી ગયું કે આ અહિંસાદિ મહાવ્રતોયુક્ત ક્ષમાદિ સાધુધર્મ અને તપ-સ્વાધ્યાય ગુરુસેવા-પરીસહ-સહન, એ જ સાચો આત્મહિતકર ધર્મ છે.

એમણે તો ન જોયાનું જોયું એટલે ચમત્કાર પામી જાય છે ! એનું બહુમૂલ્ય આંકે છે ! અને ઉપદેશક બ્રાહ્મણીને સર્વજ્ઞતુલ્ય ગણે છે ! ઊઠીને બધા જ એને પ્રણામ કરવા લાગી જાય છે ! એટલું જ નહિ પણ એ વચન હવે એમને સંસારમાં ઠરવા દે એમ નથી.

## જન્મસિદ્ધ જિનવચનપ્રાપ્તિ પર બહુમાન કેમ ઊછળે ? :—

ત્યારે વિચારજો તમને કાંઈ આવા અનુભવ ન થતા હોય તો શું કારણ છે ? આ જ ને કે ન જોયાનું જોવા મળ્યું નથી, પણ જૈન કુળમાં જન્મી ગયા તેથી જન્મથી એનું એ મળ્યું છે. પરંતુ તેથી કાંઈ એવો નિયમ નથી કે આવાં બહુમાન વીતરાગ સર્વજ્ઞ અરિહંત ભગવાન ઉપર ન જ થાય. જગતને મળેલાં કરતાં આપણને મળેલ સર્વજ્ઞ-તત્ત્વ અને અરિહંત-તત્ત્વ કેટલું ઊંચું છે, એ લક્ષમાં લેવાય તો શું કામ બહુમાન ન ઊછળે ? આપણને મળેલ બીજી ત્રીજી વસ્તુ કે સગાસ્નેહી કરતાં સર્વજ્ઞ ભગવાન કેવા અલૌકિક મળ્યા છે એ જોઈએ તો પણ આમની ભારે કદર થાય.

**મનની ગાંઠ છૂટે, વિષય મળ્યા વિષ મળ્યું લાગે :—**

વાત આ છે કે વિષયો સાથે બંધાયેલ મનની ગાંઠ છોડવી નથી, એટલે પછી બિચારૂં મન ભગવાન તરફ ક્યાંથી દોડે? નહીં તો બ્રાહ્મણીએ કરાવેલ તત્ત્વ-દર્શન પર વિદ્વાન પણ ગોવિંદ બ્રાહ્મણે ક્યાંથી ઝુકાવ્યું હોત? એણે છેવટે એ ઓળખ કરાવી દીધી કે—

**'આ માનવદેહને વિષયો મળ્યા એ વિષ મળ્યું સમજો.'**

ભલે અત્યાર સુધી મનગમતા ઇન્દ્રિય-વિષયો અમૃત જેવા મીઠા લાગતા હતા, પરંતુ એ જીવની અજ્ઞાન દશા હતી, મૂઢતા હતી. ખરેખર તો એ હળાહળ ઝેર જેવા જ છે,'—એ રીતની એના તરફ દૃષ્ટિ બાંધવા જેવી છે. વિદ્વાન બ્રાહ્મણની આ ઓળખ કરાવવા ઉપર જ્યાં મનની વિષયો સાથેની ગાંઠ છૂટી ગઈ એટલે લોકોને બ્રાહ્મણી માટે ઊંચો ખ્યાલ અને એણે બતાવેલ શુદ્ધ હિતમાર્ગ ઉપર ભારે આકર્ષણ ઊભું થઈ ગયું. સૌ ઊઠીને બ્રાહ્મણીના ચરણે નમસ્કાર કરે છે.

ભગવાન કહે છે, 'હે ગૌતમ! પછી તો તે ગોવિંદ બ્રાહ્મણ આદિ અનેક પુરુષો અને સ્ત્રીઓના સમૂહ અલ્પ કાળ જ ટકવાવાળા સ્વજન-મિત્ર-સ્નેહી-પરિવાર તથા ઘરબાર અને વૈભવ-સંપત્તિના સુખનો ત્યાગ કરી શાશ્વત શિવ-

સુખની અભિલાષાથી અત્યંત નિશ્ચિત મનવાળા બનીને, એ બ્રાહ્મણીની સાથે ચૌદપૂર્વધર સકલગુણગણસંપન્ન ચરમશરીરી ગુણધર સ્થવિરની પાસે ચારિત્ર લીધું. સ્વીકૃત ચારિત્રને બરાબર અનુસરી અત્યંત ઘોર–વીર–ઉગ્ર તપ–સંયમ–અનુષ્ઠાન સ્વાધ્યાય ધ્યાનાદિમાં જ એકચિત્ત બની ગયો.

## વિરાગ થતાં જ ચારિત્ર કેમ ? :—

ક્યાં ઘડી પહેલાનું એ જીવોનું વાતાવરણ ? અને ક્યાં ઘડી પછીની સ્થિતિ ? ઈતિરો પણ કહે છે **यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत्** । જે દિવસે જ સંસાર પર વિરાગ જન્મે તે જ દિવસે સંસાર છોડી નીકળી જાય. કેમ એમ ?

## શું સમજીને વૈરાગ્ય થતાં જ ત્યાગ કરી દેવાનું કહ્યું હશે ?

આ સમજીને કે

(૧) અનંતાનંત કાળથી રાગવાસના ઘેર્યું મન વિરક્ત થવા છતાં વિષયોના સંગમાં પડયું રહે તો સંભવ છે કે વિષયોની અનુકૂળતા પાછું એને મુંઝવી નાખે, રાગ–પરવશ કરી નાખે ! પણ જો એના સંગથી દૂર જઈ બેઠા તો હવે મન બીજી જ દિશામાં કામે લાગી જવાનું અને એમાં પલોટાઈ જવાનું.

(૨) બીજું એ છે કે આયુષ્યનો ભરોસો નથી કે ક્યારે તૂટે. વૈરાગ્ય થવા છતાં વિષયસંગમાં બેસી રહે, ને કદાચ આયુષ્ય ખૂટયું તો ત્યાગના લહાવા લીધા વિના

એમજ ઊઠીને ચાલવું પડે; ને ખરૂં જીવનકર્તવ્ય રહી જાય. એમ નહિ કહેતા,–

પ્ર૦—રહી જાય તો આવતા ભવે થાય ને?

ઉ૦—એટલે વિષયત્યાગ તો વાયદે નાખવાની વસ્તુ, અને વિષયસંગનો હાજરનો સોદો! એમ જ ને? ભૂલભૂલમાં ત્યાગ ન લેવાઈ જાય એની પાકી વિચારણા-જાગૃતિ, અને સંગ તો ભૂલમાંય થઈ જાય તો વાંધો નહિ, એમ ને? પરંતુ એટલું તો વિચારો કે વૈરાગ્ય થવા છતાં ધરાસર વિષયોને પકડી રાખ્યા, તો એ વિષયોની મમતા ભવાંતરે કેમ ઝટ છૂટશે? ત્યાગ શાનો આવવા દેશે? **અહીં વાયદે ઠેલેલું શું પરલોકમાં રોકડું થઇ જશે? કે અહીં રોકડું કરેલું ત્યાં વિશેષ રોકડું થાય?** માટે જ આયુષ્યનો અણભરોસો સમજી વૈરાગ્ય પર ત્યાગ રોકડો કરવાનો રહ્યો.

(૩) વળી કદાચ આયુષ્ય લાંબું પણ પહોંચતું હોય છતાં અણધારી કુટુંબ-તકલીફ, કે પોતાને તેવી વ્યાધિ અકસ્માત્ નહિ જ થાય એની ખાતરી શી? વૈરાગ્ય થયા પછી વિલંબ કરવા રહ્યા એમાં આવું કાંઈક થાય તો અટકી જ જવાય ને? ત્યારે પૂછો,–

**પ્ર૦-રોગ-ઘડપણ આદિ મુનિજીવનમાં આવે તો?** ત્યાગમાર્ગ લીધા પછી આવું જાગે એના કરતાં સંસારમાં જ રહ્યે જાગે એ તો સારૂં ને?

ઉ૦—શું સારૂં ? સારૂં તો ત્યાગ સ્વીકારવામાં; કેમકે ત્યાગમય મુનિજીવનમાં શાસ્ત્ર–વ્યાસંગ, ગુર્વાદિકનો યોગ, અને ચોવીસે કલાક ધર્મમય જ વાતાવરણથી આત્મામાં જે ઉચ્ચ અધ્યવસાય, ઉચ્ચ વિચારસરણી, ઉચ્ચ ભાવનાઓ જામે છે, એમાં પછી ઘડપણ આવતાં એક ગૃહસ્થ વૃદ્ધ ઉંમરવાળા કરતાં કેટલીય ઊંચી આત્મપરિણતિ અને જીવન–સરણી રહે છે. ત્યારે, ત્યાગમય મુનિજીવન ગાળવામાં વ્યાધિ અને અકસ્માત્‌ને અવકાશ ઘણો ઓછો રહે છે. પણ તેવા જ કોઈ કર્મના યોગે વ્યાધિ આવી જાય તો સેવા કરનારમાં મુનિઓ અને સંઘ મળે એ તો જુદું, પણ વિશેષ તો આ કે ચિત્તની પરિણતિ એક ઘરવાસી કરતાં જુદી ધર્મમય સુંદર કોટિની રહેવાની. ભૂલતા નહિ,—

આખા ય શુભાશુભ કર્મબંધનો આધાર ચિત્તની પરિણતિ ઉપર છે. એમાં ય ચિત્તપરિણતિ જેટલી ઊંચી કક્ષાની સારી, એટલો શુભ બંધ ઊંચો; તેમ સકામ નિર્જરા ઊંચી, કેઈ કર્મના ઝુંડ સાફ કરી નાખે ! જીવને રોગમાં સહવાનું તો ઘરમાં બેઠે કે ત્યાગી બન્યે લગભગ સમાન; પણ આ ચિત્તપરિણતિ અને એનાં ફળમાં મોટો તફાવત, એ જોતાં કદાચ એનાં મુનિપણામાં આરંભ–સમારંભની સગવડ ઓછી ભોગવી તેથી સહેજ વધુ સહવું પડ્યું પણ એથી શું ? ત્યાગી જીવનમાં પરલોક સાથે ચાલે એવું શુભ ચિત્તપરિણતિનું ઘડતર મળે, વળી શુભ પુણ્યના થોક અને અશુભ કર્મની ભારોભાર નિર્જરાનો લાભ મળે એ લાભ

કેટલો બધો મસ્ત? આના પર બરાબર ઊંડાણુથી વિચાર કરી માયકાંગલી વિચારસરણી ફગાવી દેવા જેવી છે. પરિણુતિ ઉચ્ચ કોટિની ઘડાય એનાથી તો ભાવી દીર્ઘકાળ ઉજ્જવળ થઇ જાય! પરલોકનાં જીવન જ અનેરાં મળે છે!

જુઓ સંપ્રતિ રાજાના જીવ ભિખારીએ માત્ર અડધા દિવસનું ચારિત્ર પાળ્યું, એમાં વ્યાધિ તો ભલે આવી અને આયુષ્ય પણ પૂરૂં થઈ ગયું, પરંતુ જે ચારિત્રજીવનના પ્રતાપે સુંદર ચિત્તપરિણુતિ ઘડી, એણે બીજા ભવે સમ્રાટ સંપ્રતિનું જીવન કેવું દેદીપ્યમાન અલૌકિક ઉજ્જવળ બનાવ્યું? ઠામ ઠામ જિન મંદિરો, જીર્ણોદ્ધાર, ભવ્ય જિન મૂર્તિઓ, દાનશાળાઓ, ધર્મશાળાઓ, સવાલાખ મંદિર અને સવાક્રોડ જિનબિંબ! આ બધાની, જો ભિખારી ઘરબારીપણે એ જ વ્યાધિ અને આયુષ્ય-ક્ષય ભોગવી લેનારો બન્યો હોત, તો પરભવે શી સારાની આશા? તાત્પર્ય, જે દિવસે વૈરાગ્ય થયો તે જ દિવસે ત્યાગ માર્ગ લેવામાં આ એક સમજ છે કે વિલંબ કરતાં ઘડપણ યા વ્યાધિ કે અકસ્માત્ વશ અટકી ન જાઉં.

(૪) બીજી પણ આ વિચારણા કે વૈરાગ્ય નહોતો જાગ્યો ત્યારે તો ભોગ અને આરંભ-મૂર્ચ્છાનાં જીવનમાં સાધવાનું ઘણું ઘણું ગુમાવેલું, પણ હવે વૈરાગ્ય જાગી ગયો છે તો શા માટે એક ક્ષણ પણ એમ ગુમાવું? **વૈરાગ્ય થયા પછી ત્યાગની ઉપેક્ષા કરવામાં તો હૃદય ઉલ્ટું ધિટ્ઠું બનવા જાય છે.**

**સૌની દીક્ષા :—**

અસ્તુ, પેલી ગોવિંદની પત્ની બ્રાહ્મણીએ પતિ અને ત્યાં રહેલ બધાઓએ વિનશ્વર એવા સ્વજન-સમૃદ્ધિ આદિ છોડી તરત જ ચારિત્ર લઇ લીધું ! અને સૌ ઘોર-વીર-ઉગ્ર કષ્ટમય અહિંસા-સંયમ-તપની સાધનામાં લાગી ગયા! હવે શું કામ બાકી રાખે? સાધનાનો માર્ગ હાથ લાગી ગયા પછી કોણ સુજ્ઞ સહૃદય માણસ પ્રમાદ ઊભો રાખે? કોણ સુખશીલ બન્યો રહે? સાધવું એટલે સાધવું, સર્વ પુરુષાર્થ-શક્તિ કામે લગાડીને અને નિઃસત્ત્વતા ફગાવી દઈને, સાધવાનું.

**સૌએ મોક્ષ સાધ્યો :—**

જગતદયાળુ જિનેન્દ્ર ભગવાન શ્રી મહાવીર દેવ ફરમાવે છે કે,-'હે ગૌતમ! એ બ્રાહ્મણીની સાથે દીક્ષિત થયેલ એના પતિ ગોવિંદ બ્રાહ્મણ વગેરે કેટલોય સ્ત્રી-પુરુષનો સમૂહ ઘોર-વીર તપ સંયમાદિની સાધના કરી, એ બ્રાહ્મણીની હારોહાર સમસ્ત કર્મમળ દૂર કરી મોક્ષ પામ્યો! સિદ્ધ થયો. અનંત જ્ઞાન દર્શનમય અનંત અવ્યાબાધ સુખપૂર્ણ નિર્વાણપદમાં આરૂઢ થયો.

આમ આ બ્રાહ્મણીએ પૂર્વના ચક્રવર્તીના ભવમાં મુનિપણું લઇ, (૧) જીવનભરનાં સમસ્ત પાપો-દોષોની વિશુદ્ધભાવે નિઃશલ્યપણે ગુરુ આગળ આલોચના કરીને આવેલ પ્રાયશ્ચિત્તનું વહન કરેલું, તથા (૨) ઉગ્ર તપ-સંયમ-અભિગ્રહાદિ સેવવા સાથે (૩) ઘોર પરીસહ-ઉપસર્ગ

સહન કરીને ચક્રવર્તી શરીરે કઠોર સાધના કરેલી, અને (૪) ગચ્છાધિપતિપણું સ્વસાધનાની ચુસ્તતા સાથે યથાસ્થિત બજાવેલું, એના પ્રતાપે અહીં આ સુગૃહિતનામધેય બ્રાહ્મણી સુલભ બોધિ બની અને સદ્ધર્મ દેશના દ્વારા એટલા બધા ભવ્ય જીવોને એકી સાથે પ્રતિબોધ કરી અનંત દુઃખમય સંસારમાંથી એમનો ઉદ્ધાર કરનારી અને શાશ્વત સુખ પમાડનારી થઈ! તેમ જાતે પણ મોક્ષ પામી!

**સ્ત્રી આકર્ષણ શક્તિથી શું કરી શકે? તારે મારે :-**

એક સ્ત્રી માણસ કેટલું કરી શકે? એ આના પરથી વિચારવા જેવું છે. સ્ત્રીપણું મળ્યું એનો એ અર્થ નથી કે બીજાને રાગ અને મોહની લ્હાણી કરવી અથવા બીજાના ભોગપાત્ર બન્યા રહેવું.

સ્ત્રી એ શક્તિ છે; એ તારે ખરી અને મારે પણ ખરી!

(૧) જાતે જાગ્રત્ હોય તો પોતાની આકર્ષણ શક્તિના પ્રભાવે બીજાને હાથ પકડી ઊંચે લાવે. મદનરેખા મહાસતીએ મરવા પડેલા અને ભયંકર કષાય અને કૃષ્ણ-લેશ્યાથી નરક તરફ મીંટ માંડી રહેલા પતિને જબરદસ્ત નિર્યામણા કરાવીને ઉપશાન્ત કરી પાંચમા દેવલોકે ચડાવી દીધો! પછી સાધ્વી બનીને બંને પુત્રનો ઉદ્ધાર કર્યો! અને બીજા કેટલાય જીવો પર પણ ભારે ભાવ-ઉપકાર કર્યો!

એવું ચંદનબાળા, મૃગાવતી, સુલસા, બ્રાહ્મી, સુંદરી અંજના, દમયંતી, સીતા, રતિસુંદરી, સુભદ્રા, રાજીમતિ અરણિક–માતા, પુષ્પચૂલા, વિમળશાપત્ની વગેરે કેટલીય સ્ત્રીઓએ જાતે જાગ્રત્ હોઈ કેટલાયના ઉદ્ધાર કર્યા.

(૨) ત્યારે સ્ત્રી સ્વયં મોહમૂઢ હોય, વિષયાંધ હોય, કષાયગ્રસ્ત હોય, તો જાતનું અને બીજાનું નિકંદન પણ એવું કાઢે! યશોધર ચરિત્રમાં આવે છે ને કે યશોધરા માતા અને નયનાવલી પત્નીએ સુરેન્દ્રદત્તને કેવા કારમા દુઃખદ ભવોમાં ભટકતો કર્યો! સૂર્યકાન્તા રાણીએ પ્રદેશી રાજાને કેવો આકર્ષી રાખ્યો હતો! કુરુમતીએ પતિ બ્રહ્મદત્ત ચક્રવર્ત્તિને કેવો મોહ લગાડી દીધો કે એ સાતમી નરકે પહોંચ્યો ત્યાં પણ એના નામનો જાપ કરે! પાર્શ્વનાથ ભગવાનના જીવ મરુભૂતિની પત્નીએ મરુભૂતિના ભાઈ કમઠને કેવો ધક્કે ચડાવી દીધો કે એ પતિનો ભયંકર દુશ્મન બની ગયો! તે ઠેઠ પ્રભુના છેલ્લા ભવ સુધી દુશ્મન!

આજે પણ દેખાય છે ને કે મોહમૂઢ સ્ત્રીના કારણે કેટલાય જીવો પાપ અને મોહમાં સડી રહ્યા છે! ત્યારે એવી થોડી પણ સ્ત્રીઓ જો જાતે જાગ્રત્ છે તો પતિને અને પુત્રોને મહાન ધર્મમાર્ગે દોરી રહી છે! સ્ત્રી એ શક્તિ છે. બ્રાહ્મણી એવી એક જબરદસ્ત તારક શક્તિ બની ગઈ!

રુક્મીનાં પતન અને ઉત્થાન વિસ્તારથી વિચાર્યા;

એમાં એમાં વચ્ચેના પ્રસંગમાં આવેલ બ્રહ્મચારી રાજ-કુમારનાં શીલ-શુભ અધ્યવસાયના પ્રભાવનો પણ વિચાર આવ્યો, પ્રસંગવશ જીવનોપયોગી કેટલી ય વાતો વિચારી. એ બધા પર ખૂબ મનન કરી આત્મપરિણતિને અત્યંત નિર્મળ બનાવો એજ એક શુભેચ્છા. નિરૂપણ કરતાં વીત-રાગ પરમાત્માની આજ્ઞાથી વિરુદ્ધ કહેવાયું હોય તો તેનો મિચ્છામિ દુક્કડં.

સમાપ્ત

## પ્રેરક-બોધક-રોચક શૈલીમાં
## આધ્યાત્મિક જીવનનો પ્રકાશ કરતું

# સાપ્તાહિક અને સાહિત્ય

તમારે ધર્મનું બળ વધારવું છે? આત્માનું ઓજસ ખીલવવું છે? તત્ત્વજ્ઞાનને જીવનસ્પર્શી બનાવવું છે? અંતરના સુખના ઉપાયો જાણવા છે? તો પ. પૂ. પ્રભાવક પ્રવચનકાર જ્ઞાનદિવાકર આચાર્ય **શ્રી વિજયભુવનભાનુ-સૂરીશ્વરજી મ.**ના બોધક પ્રેરક પ્રવચનોને દર અઠવાડિયે પ્રગટ કરતું '**દિવ્યદર્શન**' સાપ્તાહિક પત્રનો ઘેર બેઠા સ્વાધ્યાય કરો.

સંસારના સંતાપથી આકુળવ્યાકુળ બનેલાને સ્વસ્થ બનાવવાના અદ્ભુત ઉપાયો આ પત્રમાં જાણવા મળે છે. વિષય કષાયની પકડમાંથી છૂટવાની સચોટ પ્રેરણા પ્રાપ્ત થાય છે. ઇન્દ્રિયો અને મન ઉપર સંયમન મેળવી શકાય તેવા રોચક-મનનીય કથાનકો તથા હૃદયસ્પર્શી નવનવા અગ્રલેખો-પ્રવચનો પ્રગટ થાય છે. મનને સુધારવા માટે હજારો રૂપિયાની દવાઓ જે કામ કરતી નથી તે માત્ર રૂા. ૯ ના લવાજમથી ઘેરબેઠા જેના વાંચન-મનનથી ચિત્તની સમાધિનો અપૂર્વ લાભ મળે છે. તથા તત્ત્વસભર સાહિત્ય માટે, મળો :—

**દિવ્યદર્શન કાર્યાલય : ૮૬૮, કાળુશીની પોળ,**
**કાલુપુર, અમદાવાદ.**

## પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનું મનનીય સાહિત્ય

| | | |
|---|---|---|
| ૧ | ગંગા પ્રવાહ | ૧–૫૦ |
| ૨ | યોગદૃષ્ટિ સમુચ્ચય (પિઠિકા) | ૨–૦૦ |
| ૩ | સિંહ અને આનંદ (સમરાદિત્ય ભવ–૨) | ૪–૦૦ |
| ૪ | રુક્મી રાજાનું પતન અને ઉત્થાન ભાગ ૧ | ૩–૦૦ |
| ૫ | રુક્મી રાજાનું પતન અને ઉત્થાન ભાગ ૨ | ૫–૦૦ |
| ૬ | ધ્યાન અને જીવન ભાગ ૧ (દ્વિતીય આવૃત્તિ) | ૫–૦૦ |
| ૭ | ધ્યાન અને જીવન ભાગ ૨ | ૫–૦૦ |
| ૮ | મદનરેખા (હિન્દી) | ૨–૦૦ |
| ૯ | જૈન ધર્મનો સરળ પરિચય ભાગ ૧ (આવૃત્તિ–૩) | ૧–૫૦ |
| ૧૦ | જૈન ધર્મકા સંક્ષિપ્ત પરિચય (હિન્દી) ભાગ ૧ (આવૃત્તિ–૨) | ૨–૫૦ |
| ૧૧ | ગણધરવાદ (હિન્દી) | ૧–૫૦ |
| ૧૨ | ઉચ્ચ પ્રકાશના પંથે–પંચ સૂત્ર વિવેચન (આવૃત્તિ–૩) | ૪–૦૦ |
| ૧૩ | પરમતેજ ભાગ–૧ : લલિત–વિસ્તરા વિવેચન | ૬–૦૦ |
| ૧૪ | પરમતેજ ભાગ–૨ : ,, ,, ,, | ૧૦–૦૦ |
| ૧૫ | પ્રતિક્રમણસૂત્ર ચિત્રાવલી ગુજરાતી આલ્બમ (૪ રંગમા) | ૧૨–૦૦ |
| ૧૬ | પ્રતિક્રમણસૂત્ર ચિત્રાવલી હિન્દી આલ્બમ (૪ રંગમાં) | ૧૨–૦૦ |
| ૧૭ | લલિતવિસ્તરા સંસ્કૃત પંજિકા સહિત | ૫–૦૦ |
| ૧૮ | સીતાજીના પગલે પગલે ભાગ ૧ (પ્રેસમાં) | ૫–૦૦ |
| ૧૯ | દેવસિકા | ૧–૦૦ |

**પ્રાપ્તિસ્થાન :**

## દિવ્ય દર્શન કાર્યાલય

**૬૬૮, કાળુશીની પોળ,**

**કાલુપુર, અમદાવાદ–૧.**


આવરણ-મુદ્રણ : નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ : અમદાવાદ